રણજીતકૃતિ સંગ્રહ

સાહેબરામ–

આદિ કૃત્યાનો સંગ્રહ.

લેખક

સ્વ૦ રણજીતરામ વાવાભાઈ મહેતા.

રણજિત કૃતિ સંગ્રહ.

સાહેબરામ-આદિ કૃત્યાનો સંગ્રહ.

કર્તા:

સ્વ. રણજિતરામ વાવાભાઇ મહેતા.

પ્રકાશક:

ગુજરાતી સાહિત્ય ભંડોળ કમિટી તરફથી

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર,

પૂના.

ઈ. સ. ૧૯૨૧. પ્રત ૧૧૫૦

સોલ એજન્ટ-

જીવનલાલ અમરશી મહેતા.

પીરમશા રોડ-અમદાવાદ.

મૂલ્ય રૂ. ૨-૪-૦ (સવાબે)

આ પુસ્તક ધી 'ગુજરાત' પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું છે. પાંચકુવા-અમદાવાદ.

પ્રસ્તાવના.

આ ચોપડી બહાર પાડવામાં રા. રા. મોતીલાલ વાવાભાઇએ દરેક સરળતા કરી આપી છે, છાપખાનાના કામકાજની દેખરેખ રા. રા. હીરાલાલ ત્રીભોવનદાસ પારેખે રાખી છે અને ચરિત્રાત્મક ઉપોદ્‌ઘાત રા. રા. કનૈયાલાલ મુનશીએ લખ્યો છે. એ સર્વે ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમીટી ઉપર એ ભાઇઓનો મોટો ઉપકાર થયો છે.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર.

મંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમીટી.

ઉપોદ્ઘાત.

૧.

કેટલાકનાં જીવન સાગર સમાં ઉછળ્યા કરે છે; કેટલાકનાં નદીના પ્રવાહની પેઠે ક્વચિત્ તોફાની, ક્વચિત્ શાન્ત, ઘડીમાં એક દિશામાં, ઘડીમાં બીજી દિશામાં વહે છે; અને કેટલાકનાં જીવન નહેરો સમાં સખ્ત અને સીધી મર્યાદામાં શાન્ત રીતે વહ્યા જાય છે. સદ્ગત ભાઇ રણજીતરામનું જીવન આ ત્રીજા પ્રકારનું હતું. કદીએ તેમાં સ્વચ્છંદી તરંગો આવતા નહિં, કદીએ તેનો પટ બદલાતો નહિં; કદીએ તેની સરલતામાં ભંગ પડતો નહિં. આવી જીંદગીમાં ધ્યાન ખેંચે એવા ખાસ બનાવો ઘણા થોડા હોય એમાં શું નવાઇ?

રણજીતરામના પિતા વાવાભાઇ ન્યાતે સુરતના કાયસ્થ હતા અને સરકારી રેવેન્યુ ખાતામાં નોકરી કરતા હતા. એમનાં માનું નામ કમળાબ્હેન (તુળજાબ્હેન) છે. વિ. સં. ૧૯૩૮ ના કાર્તિક સુદી ૨ બીજને દિને પ્રાતઃકાળમાં રણજીતરામનો જન્મ સુરતમાં એમની માના મોસાળમાં થયો હતો. તેમનાં ભાંડુમાં હાલ તેમનાથી ન્હાનાં એક ભાઇ અને બ્હેન હયાત છે.

નોકરીને અંગે વાવાભાઇને ભરૂચ ને સુરત જીલ્લાના ગામોમાં ફરવાનું થતું અને તેની સાથે રણજીતરામને પણ ગામડામાં બાળપણ ગાળવાનો લાભ મળ્યો. તેનું શરીર પહેલેથી ઘણું નબળું હતું

અને પાછળથી નબળાઇ દૂર થઈ હતી છતાં છેલ્લે સુધી તે એકવડી કાઠીના અને નાજુક રહ્યા.

રણજીતરામે પાટીપર ધૂળ સુરતના નારણ મહેતાની ગામઠી શાળામાં નાંખી; અને પછી અભ્યાસ માટે પોતાના પિતા સાથે અમદાવાદમાં રહ્યા. તેણે ગુજરાતી અભ્યાસ ત્યાંની પ્રેકટીસીંગ સ્કુલમાં અને અંગ્રેજી મિશન હાઈ સ્કુલમાં કર્યો. ઇ. સ. ૧૮૯૯ માં મેટ્રીક પસાર કરી ગુજરાત કોલેજમાં ગયા. ઇ. સ. ૧૯૦૩ માં બી. એ. થયા અને એક વર્ષ કોલેજમાં ફેલોશીપ ભોગવી. બી. એ. થયા અગાઉ એક વરસે એટલે ઇ. સ. ૧૯૦૨ માં વિ. સ. સં. ૧૯૫૮ ના માહા સુદી પૂર્ણિમાને દિવસે તેમનાં સુરતમાં રા. રા. મહાસુખરામ માણેકરામ વકીલનાં પુત્રી અ. સૌ. શાન્તીગૌરી સાથે લગ્ન થયાં હતાં.

ઇ. સ. ૧૯૦૫ ના એપ્રિલમાં તેમણે ઉમરેઠની હાઇસ્કુલના હેડ માસ્તરની નોકરી લીધી અને તેજ વર્ષના નવેમ્બર માસમાં સદ્‌ગત પ્રો. ગજ્જરના ખાનગી કારભારીની નોકરી સ્વીકારી. મહત્વાકાંક્ષા લલચાય એવી, મન લોભાય એવી ઘણી તકો તેમને મળી હતી; પણ જે નોકરીમાં સંસ્કારી અને સીધું કામ હોય, જ્યાં સાહિત્યનો શોખ કેળવી શકાય એવા પ્રસંગો અને ફુરસદ મળતી હોય તેવીજ નોકરી કરવી એ એમનો જે દૃઢ સંકલ્પ હતો તેનાથી તે ડગ્યા નહિં. ઇ. સ. ૧૯૦૮ માં તેણે સર પ્રભાશંકર પટણીના ખાનગી કારભારીની નોકરી લીધી અને ઇ. સ. ૧૯૧૬ માં ત્યાંથી શેઠ નરોત્તમ મોરારજીને ત્યાં તેજ જગ્યાએ રહ્યા. ઇ. સ. ૧૯૧૭ ની શરૂઆતમાં શેઠ ગોકળદાસ તેજપાલ બોર્ડીંગના સુપરીન્ટેન્ડન્ટની નોકરી મેળવવા તેમને અભિલાષા

થઇ; પણ શેઠ નરોત્તમના આગ્રહથી તે વિચાર માંડી વાળ્યો. તે વર્ષના મે મહિનામાં શેઠ નરોત્તમના પુત્ર સાથે જુહુમાં તે રહેવા ગયા અને તા. ૪ થી જુન સં. ૧૯૭૩ ના જેઠ સુદી ૧૪ ને સોમવારે ત્યાંના દરીયામાં ન્હાવા પડતાં તે ડુબી ગયા. જે સવારે તેઓ ન્હાવા ગયા અને આમ અકસ્માત પાછા ન ફર્યા તેજ સવારે તેઓએ યુનિવર્સિટીના લાયબ્રેરીયનની જગા માટેની અરજી સર્ટીફીકેટો સાથે તૈયાર કરી ટેબલ ઉપરજ રાખેલી હતી. એમના મિત્રો અને હિતેચ્છુઓ એમને માટે અનેક જગાઓ ખોળી તેની ભાળ એમને આપતા અને પ્રયત્નો કરવા ઉશ્કેરતા, તેમાંની ઘણી ખરીને માટે એ લલચાતાજ નહિ. એમનો છેવટ પ્રયત્ન પણ આવી શાન્ત અને અનેક દિશામાં અભ્યાસ વધારી શકાય એવી નોકરીને માટેજ હતો. ૩૫ પાંત્રીસ વર્ષની વયે આ પ્રમાણે તે અકાળ મૃત્યુને વશ થયા. તેમના મરણ પછી વરસ સવા વરસે તેમનાં વિધવા ગં. સ્વ. શાન્તિબ્હેન પણ એક પુત્ર અને બે પુત્રી મુકીને સ્વધામ ગયાં.

રણજીતરામ સ્વભાવે શાંત, સરલ અને મીઠા હતા; બોલવે સદાય હસમુખા ને સ્નેહાળ હતા; રહેણી કરણીએ મર્યાદાશીલ અને મીલનસાર હતા.

મિત્ર તરીકે તે અપૂર્વ હતા. તે ધાઇને ભેટતા નહિં; વધારે પડતો સ્નેહસંબંધ બાંધતા નહિં કે બીજા પાસે તેવી આશા રાખતા નહિં; અને છતાં, જ્યારે જોઇએ ત્યારે સ્નેહભર્યો હાસ્ય, સહાનુભૂતિથી ને સલાહથી–બનતી મદદથી–મિત્રની વારે ધાવા તત્પર રહેતા. કદી એવું બનતું નહિં કે એને મળતાં કોઇને કચવાટ થતો કે તેમને કચવાટ થાય છે એવો ભાસ થતો.

મિત્રો સાથેના એના વ્યવહારમાં બે ખુબીઓ અદ્‌ભુત હતીઃ એક તો વિશ્વાસ આકર્ષવાની અને બીજી વ્યવહારને માનસિક સહજીવનની ભૂમિકાપર લઇ જવાની.

તે પોતે પોતાનો અભિપ્રાય એકદમ દર્શાવતા નહિં—તેને જોરથી બહાર પાડતા નહિં અને વાતમાં વિરોધનો સ્પર્ષ માત્ર પણ આવવા દેતા નહિં. સામા માણસને તેને જોતાંજ પોતાના અભિપ્રાય દર્શાવવાની, અંતરની ઉલટો બહાર પાડવાનું મન થતું અને રણજીતરામ ધીમેથી હસીને, ગમે તેવાને ઉત્તેજતા, તે ન જાણે તેમ નવા વિચારોના અંકુર મુકતા અને અવનવાં દષ્ટિબિન્દુઓ સૂચવતા. એ બધાની વાત સદાયે ધ્યાનથી ધીરજથી સાંભળતા. એની આગળ અપરિચિત છટાથી બધાને પોતાના મનોરથો વર્ણવવાનું મન થતું; કારણ કે તેને મળતાંજ કાંઇ અજબ જેવો વિશ્વાસ પ્રકટ થતો.

એની જોડેના સંબંધમાં, ઉછળતી સ્નેહોર્મિઓને માટે સ્થાન રહેતું નહિં; તે દરેક મિત્રની માનસિક જરૂરીયાતો જાણતા અને તે પૂરી પાડવા કે તેને સંતોષવા જોઇતું વાતાવરણ પેદા કરવા મથન કરતા. થોડા પ્રસંગ પછી ઘણાને રણજીતરામને મળવું એ થાક પછી ઠંડા, વિશાળ, વહેતાં પાણીના સ્નાન સમો, આલ્હાદ અને ઉત્સાહપ્રેરક લ્હાવો થઇ પડતો. અને આ લ્હાવો લેનાર દરેક જણ પોતાના કાર્યમાં વધારે ઉત્તેજીત થઇને જતો; અને ઘણી વખત તેને ભાન પણ નહિં રહેતું કે આ પરિણામ થોડાબોલા રણજીતરામના મીઠા વ્યક્તિત્વનું છે. આવા પ્રસંગ ઉપરાંત એ ઘણા મિત્રો જોડે સતત પત્રવ્યવહાર ચલાવતા અને તેમાં સામાને ગમતાં પુસ્તકો, સંસ્થાઓ ને ચાલુ બનાવો વિષે

વિચારો દર્શાવી માર્ગદર્શક સૂચનાઓ કરતા. ઘણી વખત આવી પ્રેરણા કરીને તે વિરમતા નહિં પણ શ્રમ વેઠી મિત્રને જોઇતી, વિચારની સામગ્રીઓ એકઠી કરી તેને પૂરી પાડવામાં આનંદ લેતા.

આવો અસ્મિતા વિનાનો, નિસ્વાર્થી, મિત્ર અને પ્રેરક દરેકને અમૂલ્ય થઇ પડે એ સ્વાભાવિક છે. પુરૂષો જે કદી એક વિચારના થતા નહિં, જે સ્વભાવ અને દ્રષ્ટિબિન્દુની ભિન્નતાથી કદી એક આરે પાણી પી શકતા નહિં તે એની મૈત્રીથી રાચતા, એની સલાહની મોટી કિંમત આંકતા અને એની પ્રેરકશક્તિની મદદ લેતા. એ ગુજરી ગયા ત્યારે જુદા જુદા ગામના, જુદી ભાવના ને ભૂમિકાવાળા તેના મિત્રોએ જે દિલગીરી જાહેર કરી હતી એજ તેની મિત્ર તરીકે કિંમત શી હતી તેનો કાંઇક ખ્યાલ આપે એમ હતુ.

તેના ઘરસંસારમાં પણ તેના મીઠા વ્યક્તિત્વની છાપ પડી રહેતી અને શાંત છતાં મમતાથી ઉભરાતો સ્નેહ જે એ તેમનાં બાળકો તરફ દર્શાવતા એ તેના હ્રદયના ગુણોની સાખ પૂરતો.

૨.

રણજીતરામના ચારિત્ર્યનું પ્રથમ લક્ષણ સંસ્કારીતા હતું. તેની વાતમાં શબ્દે શબ્દે સંસ્કાર નીગળતો, તેના સાદાને સરલ જીવન પર સંસ્કારની છાયા સદાય દેખાતી. અભ્યાસથી તે સંસ્કારને તે ઉચ્ચ અને શુદ્ધ કરવા મથતા એટલુંજ નહિં પણ ગુજરાતનું જીવન સંસ્કારી કેમ બને તે તરફ લક્ષ રાખી તે હંમેશા વિચાર કરતા અને પ્રવૃત્તિઓ યોજતા.

બંગાલના ભાગલા વખતે નવિન બંગાલમાં જે રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટી તેને લીધે તે પ્રાંતના જીવનમાં અનેક પ્રકારની ભાવના પેદા થઇ; બંગાલ એક અને અભેદ્ય છે, તેની સંસ્કૃતિ નિરાળી છે, તેનો ઇતિહાસ ને જીવન મહાન છે—એવી અનેક ભાવનાઓ ઉદ્ભવી. આ ભાવનાઓ વ્યક્ત કરવાનું કામ અનેક ઉત્સાહી બંગાળી યુવકે ઉપાડી લીધું.

આવી ભાવનાઓ આછે રૂપે કેટલાક બીજા પ્રાન્તોમાં પણ પ્રગટી પણ ગુજરાતમાં તેની ઝાઝી અસર થઇ નહિં. આપણા યુવકોમાં થોડાનેજ ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતાનાં સ્વપ્નાં આવ્યાં: આવા થોડામાં રણજીતરામનું સ્થાન હતું.

ઇતિહાસ અને સાહિત્યનો તેનો શોખ આ સ્વપ્નાં સિદ્ધ કરવા વળ્યો અને તેના વિચારો આ સ્વપ્નોથી રંગાઇ આદર્શરૂપે મૂર્તિમાન થયા. તેનો સ્વભાવ એટલો શાન્ત હતો, તેની દ્રષ્ટિનાં લક્ષ્યો એટલાંતો વિવિધ હતાં અને તેના હૃદયનો વેગ એટલો માપસર હતો કે આ આદર્શો રાજકીય ક્ષેત્રમાં સિદ્ધ કરવા તે પ્રેરાયા નહિં, પણ તે સિવાય જીવનનાં અન્ય ક્ષેત્રોમાં પ્રગટાવવાનો પ્રયત્ન કરવા તરફ તે દોરાયા. તેણે ગુજરાત—રાષ્ટ્રની પોતાની ભાવના પોષવા માંડી. ગુજરાતનો ઇતિહાસ રાષ્ટ્રીય દ્રષ્ટિ બિન્દુથી લખાય, તેની ભાષા અને સાહિત્ય નવિન સંસ્કાર પામી સમૃદ્ધિવાન બને, તેની કેલવણી માતૃભાષા દ્વારા ઉત્સાહ પ્રેરક થાય, તેની સંસ્થાઓમાં અને ન્યાતોમાં નવું ચેતન અને ઐક્ય આવે—એવી એવી અનેક પ્રવૃત્તિઓ તેણે આરંભવા માંડી; તેમાં ખાસ કરી આ પ્રવૃત્તિઓએ ત્રણ સ્વરૂપ લીધાં. તેણે લેખો લખવા માંડયા, યોગ્ય લાગે તેવી સંસ્થાઓ ઉભી કરવા કે મજબુત કરવામાં મદદ

કરવા માંડી અને જેટલા બન્યા તેટલા ગુજરાતી લેખકોના સંસર્ગમાં આવી મદદ રૂપે, સૂચના રૂપે અને સલાહરૂપે પોતાનું દ્રષ્ટિબિન્દુ સર્વમાન્ય કરવા મહેનત કરી.

એની લેખન પ્રવૃત્તિએ લોકગીત, વિવેચન, ઇતિહાસ, સમાજ શાસ્ત્ર, નવલકથા, નાટક એવા અનેક સાહિત્યના વિભાગો સ્પર્શ્યા. એના લેખોની યાદી આ સાથે પરિશિષ્ટમાં આપવામાં આવી છે. આ તપસીલ પરથી જુદાં જુદાં ચોપાનીયાં સાથેનો એમનો સંબંધ પણ જણાશે.

કોલેજમાં તે ભણતા ત્યારે એમનો ઉત્સાહ "ધી સોશ્યલ એન્ડ લીટરરી" સભા ચલાવવામાં દોરાયો. પછીથી અમદાવાદમાં સ્થપાયેલ "સંસાર સુધારા સમાજ" માં તે જોડાયા અને "ગુર્જર સાક્ષર જયન્તિ" ની યોજના કરવામાં ગુંથાયા. ઇ. સ. ૧૯૦૪ માં આ સભા "ગુજરાત સાહિત્ય સભા" ને નામે પુનર્જન્મ પામી અને તેના એક અગ્રગણ્ય સભાસદ તરીકે સાહિત્ય પરિષદની યોજના ઉભી કરવામાં રણજીતરામે મોટો ભાગ લીધો.

સાહિત્ય પરિષદ્ સ્થપાઇ ત્યારથી તે રણજીતરામ ગુજરી ગયા ત્યાં સુધીનો એમનો એ સંસ્થા જોડેનો નિકટ સંબંધ જગજાહેર છે. છતાં ઘણાને એ ભાગ્યેજ ખબર હશે કે કેટલેક અંશે તે તે સંસ્થાના આત્માની ગરજ સારતા હતા. એ સંસ્થાવિષે માહિતી પ્રસારવી, નવા નવા પુરૂષોને એમાં રસ લેતા કરવા, જુદા જુદા મત ધરાવતા સાક્ષરોનો વિરોધ ભાંગી તેમને એકઠા રાખવા, પરિષદ્ શોભી નીકળે એવી સામગ્રીઓ એકઠી કરવી અને જ્યાં તે ભરાવાની હોય ત્યાં જઇ તેની બેઠક સફળ થાય

તેની બધી તૈયારી કરવી–આ બધાને પોતાનાં જીવનની આવ પ્રવૃત્તિ તેણે કરી રાખી હતી. સુરતની પરિષદ્‌ને એમની સંસ્કારી, ઉદ્યોગી, અનેક વિધ સ્વયંસેવાનો લાભ મળેલો; અમદાવાદની પરિષદ્ એમના અકાલ મૃત્યુથી એ લાભ મેળવવા ન પામી–એજ એ બે પરિષદો વચ્ચેના ભેદનો મોટો અને પૂરતો ખુલાસો છે.

"ગુજરાત કેળવણી પરિષદ્" સ્થાપવાની પ્રથમ યોજના રચવામાં પણ તેમનો અગત્યનો હિસ્સો હતો. અને મુંબઈમાં રહ્યા પછી ગુર્જરસભા તેમજ જ્ઞાતિપત્ર તંત્રીઓના સંમેલનમાં પણ તે આગળ પડતો ભાગ લેતા.

ગુજરાતી સાહિત્યને શોભારૂપ અથવા તેને સમૃદ્ધિવાન કરવાને ઉત્સુક એવો ભાગ્યેજ કોઇ હશે કે જેની મૈત્રી રણજીતરામે કેળવી નહિં હોય, કે જેની લેખન પ્રવૃત્તિમાં તેણે રસ નહિં લીધો હોય. સુધારવા કે સૂચના મેળવવા માટે અનેક લેખોની વૃષ્ટિ એના પર થતી; સલાહ અને સમાલોચના માટે સતત પત્રવ્યવહાર ચાલતા; અને તે બધાને ખંતથી તે બનતી મદદ દેતા.

અહિંયાં એની જોડેના મારા સંબંધ વિષે બે બોલ મારે કહેવા જોઇએ. એ મુંબઇમાં આવી મારી પાડોશમાં રહ્યા ત્યારથી એમની મૈત્રીનો લાભ મેળવવા હું ભાગ્યશાળી થયો. તે વખતે રા. ઇન્દુલાલ યાજ્ઞિક પણ અમારી પાસેજ રહેતા. અને નવરા પડતાં અમે ત્રણે જણા ભેગા મળી અનેક વાતની ચર્ચા કરતા, એક એકના લેખોનું પારાયણ કરી રસ લેતા ને જે કાંઈ નવું દ્રષ્ટિ બિન્દુ કોઇને સૂઝયું હોય તે બધા આગળ મૂકતા. આ અરસાનું માનસિક સાહચર્ય હું વિસરી શકું એમ નથી.

મારી "પાટણની પ્રભુતા" બહાર પડી ત્યારથી મારી સાહિત્ય પ્રવૃત્તિમાં તેણે રસ લેવા માંડયો; અને જયારે તેના પછીનો ભાગ લખવા માટે હું ઐતિહાસિક સાધનો ખોળી રહ્યો હતો ત્યારે એની સૂચનાઓ મને અમૂલ્ય થઇ પડી. જયારે જયારે પણ મને આ સાધનોમાંથી મળેલી હકીકતો વિષે કાંઈ મુશ્કેલી નડતી ત્યારે એમની મદદ મને મળતી. જયારે "ગુજરાતનો નાથ" મેં લખવા માંડયો ત્યારે પહેલા એક બે ભાગ "વિસમી સદી" માં પ્રગટ થતાં તેને પોતાના અભિપ્રાયનો લાભ આપી મને બનતું ઉત્તેજન આપી જતા.

ગુર્જરસભાના એક સહમન્ત્રી તરીકે અને જ્ઞાતિપત્ર માસિકના સહતન્ત્રી તરીકે પણ મને ઘણી વખત એમની સાથે અનેક કાર્યોમાં જોડાવાની તક મળી અને એમ કહેવુંજ જોઇએ કે એવો સમજુ અને ઉત્સાહ પ્રેરક સહયોગી મળવો ખરેખર કઠણ છે.

પ્રશંસનીય તો એ છે કે આવા સદ્‌વિચારો અને શુદ્ધ આશયો પોતે બીજી રીતે સામાન્ય હતા છતાં સાચવી શકયા; કારણકે એમ કહેવું તો જોઇએજ કે નવા કે વિશાળ વિચાર ઉપજાવવાની શક્તિ તેનામાં નહોતી. પ્રતાપી, નવિન ભાવનાઓ ઉભી કરવાની કે મોહક વ્યૂહો સર્જવાની કલ્પનાશક્તિ તેનામાં નહોતી; જે અગ્નિ કેટલાકના હૃદયમાં તપે છે અને જેના વડે તેઓ સંસ્થાઓ અને પ્રશંસકોને ગાળી તેમને નવાં સ્વરૂપે નિર્મે છે, તેમને નવોજ અવતાર આપી શકે છે—એ જવલંત અગ્નિ પણ તેનામાં નહોતો. તેનામાં નહોતી પ્રબલ ઇચ્છાશક્તિ કે નહોતો એકાગ્ર ઉત્સાહ પણ બધાને એવી મહત્તા કયાંથી મળે? રણજીતરામની મહત્તા રહી હતી એમના

જીવનમાં, કે જે તેણે આકરી પરિસ્થિતિ છતાં શુદ્ધ અને સંસ્કારી બનાવ્યું હતું; અને એમની પ્રવૃત્તિઓમાં, કે જે પ્રભાવશાળી શક્તિઓની મદદ વિના તેણે ઉચ્ચગામી અને આદર્શશીલ બનાવી હતી; અને એમના મંત્રમાં, કે જે જૂનો હતો છતાં ગુજરાતમાં અને ગુજરાતીઓને માટે નવો ઉચ્ચારાતો હતો.

૩.

જ્યાં સુધી એમના બધા લેખો પ્રકટ થયા નથી ત્યાં સુધી કલાવિધાયક તરીકે રણજીરામની કિંમત આંકવી એ ઘણું મુશ્કેલ કામ છે; અને ત્યારે પણ એ કામ થઇ શકશે કે કેમ એ સવાલ છે; કારણ કે જે બે મોટી વસ્તુઓ એણે આરંભી હતી તે બન્ને માત્ર આરંભની દશામાંજ અપૂર્ણ પડી છે. આનાં મુખ્ય કારણો રણજીતરામનો સંપૂર્ણતાનો શોખ અને નિશ્ચયાત્મક બુદ્ધિનો અભાવ હતાં. તે જે કાંઇ પણ લખતા તેથી તેને સંતોષ થતો નહિ. જ્યાં સુધી પૂરેપૂરી સંતોષકારક તૈયારી થાય નહિં ત્યાં સુધી ભગીરથ કામમાં ઝંપલાવવું નહિ એ એમનો સ્વભાવ હતો. વળી જેમ જેમ નવાં દ્રષ્ટિ બિન્દુઓ તેમને જડતાં તેમ તેમ તે બધામાં ખરૂં કયું તેનો નિર્ણય ન થાય ત્યાં સુધી લખવા ન માંડવુ એમ એ માનતા. આ એમની શરતો એવી હતી કે તે સર્વમાન્ય થાય તો ભાગ્યેજ સાહિત્ય જન્મ પામે; અને પરિણામ એજ આવ્યું. આટલા વર્ષની સાહિત્ય સેવા પછી પણ જીવ મૂકીને તે એકે મોટો લેખ લખી શકયા નહિં.

લખવા ધારેલો ગુજરાતનો ઇતિહાસ તે શરૂ પણ કરી શકયા નહિં; માત્ર તેણે ભેગી કરેલી સામગ્રી—શીલા લેખ ને સીક્કાઓ

વગેરેની નકલનો સંગ્રહ–જે તેણે અથાગ મહેનતથી ભેગી કરી હતી તે, અને કેટલાક છુટા છવાયા ઐતિહાસીક લેખો તેજ માત્ર આ અભિલાષાની સાક્ષી પૂરે છે. તે ઇતિહાસ કેવો લખી શકત એનો નમૂનો તેના લેખોમાંથી મળવો મુશ્કેલ છે.

રણજીતરામે ઘણા વિષય ઉપર ઘણા નિબંધો લખ્યા છે અને ગુજરાતના જીવનનું એકીકરણ કરવાના કે ઐક્ય વ્યક્ત કરવાના હેતુથી તેમાંનો મોટો ભાગ પ્રેરાયેલો છે. આ સંગ્રહ જયારે બહાર પડશે ત્યારે ઘણો કિંમતી નીવડશે.

રણજીતરામનું વાંચન ઘણુંજ વિશાળ હતું. જયારે તે કોઇ મોહક યૂરોપિય વિદ્વાનનું પુસ્તક વાંચતા ત્યારે તેના વિચારો ગુજરાતીમાં પ્રગટ કરવા આતુર થતા; અથવા કોઈક વખત એક દ્રષ્ટિબિન્દુ જણાતું તો તેને સ્થાયી રૂપ આપવા માગતા. આથી આવા વિચારો અને દ્રષ્ટિબિન્દુને પોતાના વિચારો અને ભાવનામાં ઓગાળ્યા વિના તે બહાર પાડતા. આમ પણ કેટલાક નિબંધો લખાયા છે.

નિબંધકારની કલા બે વસ્તુમાં સમાયલી હોય છે–એક તો મોહક શૈલીમાં અને બીજી પોતાના દ્રષ્ટિબિન્દુમાં. માત્ર શુષ્ક હકીકત, વિગતવાર તપસીલ કે ગુણ અવગુણના પ્રથક્કરણમાંજ નિબંધનો હેતુ આવી જતો નથી. જયારે વિષયમાં નિબંધકાર સર્જકતા દાખલ કરી પોતાનાં જીવન કે કળાની ભાવના લેખમાં પ્રકટ કરે તોજ તે નિબંધ કહી શકાય. રણજીતરામની સર્જકશક્તિ ઘણી સાધારણ હતી એતો ઉપર કહેવાયુંજ છે, ગુજરાતના ઐક્યની ભાવના ઘુંટી તેણે તેને સર્વગ્રાહી બનાવી નહોતી, અને તેની શૈલી શુદ્ધ અને સંસ્કારી હતી છતાં તેમાં પ્રભાવ કે મોહ-

કતા નહોતાં આથી તેમના ઘણા નિબંધો મીસીસ શેલીની વાત Frenkestein માં વિજ્ઞાન શાસ્ત્રીએ તૈયાર કરેલા મનુષ્ય શરીરના જેવા લાગે છે. શરીરની બધી સામગ્રી ત્યાં છે., તેની ગુંથણી પણ મજબુત છે, અંગોની સબલતા પણ છે–ખોળીયું આબેહુબ છે, પણ ઘણી વખત લાગે છે કે જે જવાલા એ શરીરને સજીવ કરે તેની ખોટ રહી ગયેલી છે. કારીગરમાં એટલીજ ખામી દેખાય છે.

આ સંગ્રહમાં મારા ધારવા પ્રમાણે બધા કાલ્પનિક લેખો આવી જાય છે. રણજીતરામે માત્ર એકજ મોટી નવલકથા 'સાહેબરામ' આરમ્ભેલી; પણ થોડાં પ્રકરણ લખાયા પછી તે અધુરી રહી તે રહીજ. 'સહીયરો' નામની વાત પણ આગળ લંબાવાનો વિચાર હોય એમ જણાય છે. આ કાલ્પનિક લેખોની શૈલી કેટલીક રીતે વિષય ન સહે એવા ભારથી ભરેલી છે; એટલુંજ નહિ પણ રણજીતરામનો વિગત ભેગી કરવાનો શોખ અને અંગ્રેજી શબ્દોનો શુદ્ધ તરજુમો કરવાની ટેવથી બનેલી ભરછક શૈલીમાં પ્રયત્ન એવો સ્પષ્ટ દેખાય છે કે વસ્તુની ખૂબી અદ્રષ્ટ થઈ જાય છે. ઘણીવાર વાતચિત માતૃભાષામાં બોલતાં પાત્રોની ન હોય પણ અંગ્રેજીમાં કરેલી વાતચિતનો તરજુમો હોય એમ લાગે છે. જ્યારે "માસ્તર નંદનપ્રસાદ" કે "ખવાસણ"નું આત્મકથન શરૂ કરે છે અથવા "હીરાં" જેવી કાઠીયાવાડી વાત કે "તોળલ" જેવી કથા કહેવા બેસે છે ત્યારે વિષયની મહત્તાનો ભાર લેખક કાંઇક વિસરી જાય છે; સ્વાભાવિક શૈલીમાં લખવા માંડે છે અને જો કે તેમાં જોઇએ તેવું પ્રાબલ્ય કે વૈવિધ્ય નથી દેખાતું છતાં પ્રભાવશાળી ગદ્યનું કાંઇક ભાન થાય છે.

યોજેલી બન્ને નવલકથામાં action (કાર્ય) ઘણુંજ મંદ અને એકાગ્રતા વિનાનું લાગે છે; પાત્રોનું વ્યક્તિત્વ જેવું સ્પષ્ટ ને નિરાળું પડવું જોઇએ એવું પડતું નથી. વળી જે કલ્પનાબળની ઇન્દ્રજાલથી નવલકથાકાર વાતોની આસપાસ જીવતી જાગતી દુનિયાનું જે વાતાવરણ પ્રસારે છે તેની ખોટ માલુમ પડે છે. એટલુંજ નહિં પણ રણજીતરામ ઘણીખરી કાલ્પનિક વાતોમાં કાંતો ન ખરૂં, ન બને એવું વાતાવરણ પેદા કરે છે કે કાંતો વાર્તા લખતાં સામાજીક સુધારણાનો ઉત્સાહ ન દબાવી શકાતાં પાદરીનો પહેરવેશ પહેરી લે છે. આ બન્નેને લીધે વાર્તામાંથી તાદાત્મ્ય (Reality) ઓછું થઇ જાય છે, અને વાંચતી વખત વાંચક વાર્તાના વાતાવરણને પોતાની આસપાસ લપેટી લઈ તેમાં સર્જેલી દુનિયામાંજ જઇ રહે એવા જાદુનો અનુભવ કરી શકતો શકતો નથી.

સાહેબરામનો દાખલો લેતાં તેમાં હાલની દુનિયાનો ચિતાર નથી પણ ભવિષ્યના ગુજરાતનું જીવન કેવું થશે તેનું ચિત્ર દોરવાનો પ્રયત્ન કર્યો છે; પણ એ પ્રયત્ન જોઇએ તેવો સફલ થયો નથી. સેના ને ભાસ્વતી હાલની ગુજરાતણો તો નથીજ; ભાવી ગુજરાતી સંસારની પણ નથી લાગતી; લગભગ કેમ્બ્રીજ કે ઓક્સફર્ડમાંથી ઉતરી આવેલી છે. સંજીવની હાલના જમાનાની પણ કેળવાયલી ગુજરાતણ નથી અને ધીરજરામ આજથી વીસ વરસ પહેલાંનો સ્ત્રીસન્માનવિહોણો યુવક છે. જે સમયમાં ને સંસારમાં સેના સાહેબરામ સાથે એકલી એક બોટમાં જઇ શકે અને ભાસ્વતી ક્રીકેટ મેચમાં ઉતરી શીલ્ડ લઇ આવે તેમાં સંજીવની અને તેની માના કાથાકબલા ભેળવામાં આવે; એક પડ કેમ્બ્રીજનું, બીજું મુંબઇનું અને ત્રીજું પંદર વર્ષ પૂર્વેના અમદાવાદનું—

એમ ત્રણુ પડ ભેગાં કરવાનો પ્રયત્ન થાય તો એક વાતાવરણ કેમ પ્રગટી શકે?

રણુજીતરામની ટુંકી વાતો વધારે સરસ ને કલાવિધાનમાં ચઢીયાતી લાગે છે. તેમાં પણુ કલ્પનાશક્તિની ખોટ લાગે છે, વસ્તુમાં વૈવિધ્યનો અભાવ, Action (કાર્ય) માં મંદતા ને વ્યક્તિત્વના આલેખમાં કચાશ સ્પષ્ટ માલૂમ પડે છે. તેથી જ્યાં દંતકથાઓ લેખક કહે છે અથવા તેને નવું સ્વરૂપ આપે છે ત્યાં એની લેખીનીનો પ્રભાવ પડે છે. આમાં "હીરા" બધાથી ચઢીયાતી છે એમ મને લાગે છે અને જો રણુજીતરામ વધારે જીવ્યા હોત તો તેના કલાવિધાનમાં ઘણો ફેરફાર પડત-તે સરસ અને શુદ્ધ થાત એમ આ કથા ઉપરથી સ્પષ્ટ લાગે છે.

આ બધી ખામીઓ છતાં એમના લેખો ગુજરાતી ગદ્યનાં ઘણું ઉપયોગી સ્થાન લેશે એમ મારૂં માનવું છે. શોચનીય વાત એ છે કે આપણા ગદ્યનો ઇતિહાસ, તેનું વલણુ, તેમાં થતા ફેરફાર અને તેની વધતી સમૃદ્ધિની શાસ્ત્રીય ને અતિહાસિક ચર્ચા કરવા કોઇએ પ્રયત્ન કર્યો નથી. નર્મદાશંકર, મનસુખરામ, મણીલાલ, ગોવર્ધનરામ, ઇચ્છારામ, નરસિંહરાવ આનંદશંકર, ગાંધીજી ઠાકોર, રમણભાઇ, રણુજીતરામ, ચન્દ્રશંકર વગેરે લેખકોના ગદ્યમાં કયાં કયાં લક્ષણો છે તેનો અભ્યાસ આપણા સાહિત્યને ઘણો જરૂરનો છે, કારણુ કે નર્મદાશંકરના સાદા સરલ ગદ્યનો, આનંદશંકરના સંસ્કારીને સમૃદ્ધિવાન ગદ્ય કે ગાંધીજીના સચોટને પ્રભાવશાલી ગદ્યમાં જે વિકાસ થયો છે એ આપણા સાહિત્યની પ્રગતીની સાક્ષી પુરે છે, એટલુંજ નહિ પણુ આપણા જીવનની જરૂરીયાતો ને ભાવનાઓ પણ કેમ બદલાતી જાય છે તેનું માપ કાઢવાનું સાધન પૂરૂં પાડે છે.

રણુજીતરામનો શબ્દકોષ ઘણોજ વિશાળ ને લગભગ સર્વ ગ્રાહી છે. અસલી ગુજરાતી, કાઠીઆવાડી, કચ્છી, ગામઠી ગુજરાતી, ફારસી, સંસ્કૃત, ને અંગ્રેજી તે બધી ભાષામાંથી ગુજરાતી બનેલા શબ્દોના ભંડાર એના લેખમાં નજરે ચડે છે. સ્વાભાવિક રીતે સંસ્કૃતને પ્રાધાન્ય આપ્યા વગર એને છૂટકો થયો નથી છતાં બન્યું ત્યાં સુધી એમનો નિષ્પક્ષપાત એ જાળવી રહ્યા છે.

એમની ભાષામાં સચોટતા કે પ્રભાવ ઓછાં નથી; છતાં વૈવિધ્ય સ્પષ્ટ દેખાય છે. ગુજરાતી ભાષામાં સ્હેલાઈથી ન દર્શાવી શકાય એવા ભાવો અને વિચારોને અંગ્રેજી શબ્દના તરજુમા દ્વારા દર્શાવવાનો જરા કૃત્રિમ છતાં સફલ પ્રયત્ન કર્યો છે. ગુજરાતી ભાષા નવા જમાનાના અટપટા ભાવો દર્શાવે એવી સમૃદ્ધિવાન કરવામાં રણુજીતરામની શૈલી એક પ્રયોગ લેખે ઘણી ઉપયોગી થઈ પડશે એમ હું ધારૂં છું.

૪.

રણુજીતરામનાં જીવન અને લેખોની કિંમતનો ખ્યાલ આપવાનો મ્હેં અલ્પ પ્રયત્ન કર્યો છે અને આ આંકણીમાં ઘણી ભૂલો રહી ગઇ હશે એમ હું ધારૂં છું. પણ મને એટલીતો ખાત્રી છે કે જો વાચક વર્ગ કે સમાલોચકો જૂદીજ કિંમત આંકે અને મેં જે દોષો ધાર્યા છે તે ખૂબીઓ નીકળે તો જેટલો મને આનંદ થશે તેટલો ભાગ્યેજ કોઈ બીજાને થશે. આખરે, જ્યારે રણુજીતરામ ગુજરી ગયા ત્યારે એમને વિષે વીસમી સદીમાં એક લેખ લખ્યો હતો તેમાંથી એક ફકરો ઉતારી હું આ ઉપોદ્ઘાત પૂરો કરીશ.

"રણજીતરામ માણસ નહોતા—એક ભાવના હતા. ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતા (Self Consciousness) ના એ અવતાર હતા. ત્હેનેજ માટે તે જીવતા ત્હેનેજ માટે ત્હેણે ત્યાગવૃત્તિ ધારી, ત્હેનેજ માટે તે નવનવા માણસોના સંસર્ગમાં આવવા ઝંખતા ત્હેનેજ માટે ગમે તે વેઠી એ બધાને એ ભાવનાએ પ્રેરવા મથતા. ત્હેના હૃદયમાં એકજ વિચાર હતો. બંગાળની માફક આપણું સાહિત્ય ક્યારે સમૃદ્ધિવાન થાય—આપણી કળા ક્યારે વ્યક્તિત્વ પામે—આપણો ઇતિહાસ ક્યારે સજીવન થાય—આપણી રાષ્ટ્રીય અને સામાજીક સાનૂકુળતા ક્યારે સંધાય—આપણી સંસ્કૃતિ ક્યારે વિજય પામે અને આ બધાને પરિણામે નવિન ગુજરાત ક્યારે અવતરે. એમની નજર આગળ નવિન ગુજરાત સ્વપ્નું નહોતું—જીવન્ત વ્યક્તિ હતી. એ બધાને પ્રેરતા તો એક લક્ષ તરફ—ગુજરાતનાં ગૌરવ, એકતાનતા, અસ્મિતા. વિવિધતાથી ભરપૂર ગામેગામના લેખકોના, એ—આ ભાવનાના અવતાર—કેન્દ્રસ્થાન હતા. આ ભાવના પ્રસારવી એજ એનો જીવનમંત્ર હતો."

કનૈયાલાલ માણેકલાલ મુનશી.

અનુક્રમણિકા.

નાટક.

પરિશિષ્ટ અ.

૨૫. રણજીતરામભાઇના લેખોની યાદી.

[તેમની ડાયરી ઉપરથી]

૧ સાહિત્ય (ચન્દ્ર)

કાવ્ય માધુર્યનું અવલોકન.
નાની વાતો.
મદારી.
હીરા.
નવલકથા.
ભવભૂતી-અપૂર્ણ.
દેશ ભક્તિનાં કાવ્યોનું અવલોકન.
ન્હાનાલાલની કવિતા-અપૂર્ણ.
વિદ્યાપતિ.
નોંધો.

૨ જ્યોતી.

કાળી ઘાટપર.

૩ સાહિત્ય (વડોદરા.)

અજમેરના ચોહાણ.

૪ બુદ્ધિપ્રકાશ.

વિક્રમના પંદરમા શતકનું ગુજરાત.
મનઃસુખરામ
ઇસુનું વર્ષ ૧૯૦૮
વ્યાકરણ અને કોષ વિષે કંઈક
નંદ બત્રીસી.
વિક્રમ ચરિત્ર.
ઐતિહાસિક રાસડો.
ગુજરાતના ઇતિહાસનાં સાધનો ૧, ૨, ૩.

ભિનમાલના ગુર્જરો	વાગ્ભટ્ટાલંકાર અને ગુજરાતનો ઇતિહાસ.
ભાષા સપ્ત શતીનો સમ-સાયપીક સંસાર.	બેલસરે.
	અમરુ શતક.

૫ વસંત.

ગુજરાત સાહિત્ય સભા.	ચર્ચાપત્ર (હિંદુસ્તાનનો ઇતિહાસ)
ગોવર્ધનરામ	,, (સંસાર સુધારો)
ફારસી સ્ત્રી કવિઓ.	બંગાળી સ્ત્રી કવિઓ.
સંસ્કૃત સ્ત્રી કવિઓ,	ચર્ચાપત્ર (રંગભૂમિ)

૬ ડાહ્યાભાઇ ધોળશાજી (છૂટું)

૭ સુન્દરી સુબોધ.

ભિખ્ખુણીઓ.	મઝા.
ખાસ અંક માટે સૂચન.	સ્ત્રીઓ માટે વાંચવા લાયક પુસ્તકો.
સમીસાંજની સહેલગાહ	સ્ત્રીઓ અને ચાંદ
ત્રણ પ્રકારની સ્ત્રીઓ.	મોજીલાલનાં ભાષણો [ભાષાન્તર]
બાળ વિનોદ.	હિંદની પ્રાચીન દાનેશ્વરી સ્ત્રીઓ
અભ્યાસ.	સ્ત્રી કેળવણી.

૮. સમાલોચક.

ગોવર્ધનરામ (સ્મારક અંક માટે)	રાજ્યતંત્રના સિદ્ધાંત.
તેજસિંહ	સાહિત્ય પરિષદ્
ગુજરાતમાં ચૈતન્ય.	રાજ્ય શાસ્ત્ર
ગુજરાતની એકતા.	મત.
ગ્રંથાવલોકનો.	ગુજરાત કેળવણી પરિષદ્
ખવાસણ (એમના અવસાન પછી છપાયો).	

૯ નવજીવન.

સુરત સાહિત્ય પરિષદ્નું પ્રદર્શન.	આર્ય પરિષદ
સુપણી.	નંદનપ્રસાદ.
ધર્મજમાં આપેલ ભાષણ.	આપણાં દેશી રાજ્યો.
રાજા (નાટક—અપૂર્ણ.)	ગ્રંથાવલોકનો.
કેળવણી વિષે ટિપ્પણો.	નોંધો.

૧૦ વીસમી સદી.

આમદ અને રૂપાંદે.

વીજી અને કમો. શાહમીર અને પરીચય.	આ બે અને એની પછી છપાયેલ થોડી વાર્તાઓ રા, હરગોવિંદ કવિની નોંધ ઉપરથી સ્વ૦ રણજીતરામે તૈયાર કરેલ.

૧૧ આર્યધર્મ પ્રકાશ.

મુદ્રા રાક્ષસનું અવલોકન.

૧૨ વાક્ સૌન્દર્ય.
કાર્યપ્રદેશ.
૧૩ જૈન કોન્ફરન્સ હેરલ્ડ.
જૈન સંસ્કૃતિ. — જૈનો અને ગુજરાતનું નવજીવન
૧૪ જ્ઞાતિપત્ર વાર્ષિક.
દોલત. — નાતો અને ગુજરાત.
૧૫ વાલ્મિક કાયસ્થ.
ચર્ચાપત્રો. — કવિ સોફૂલ.
૧૬ ગુજરાતી પંચ.
તોળલ અથવા તોળી રાણી.
૧૭ ગુજરાતી.
ગાથા સપ્તશતી. — ગુજરાતનો ઇતિહાસ અને ગુજરાતી.
સાહિત્ય. — ચર્ચાપત્રો.
સાહિત્ય પરિષદો વિષેની હકીકતો.
૧૮ હિંદુસ્થાન.
સુરતની સાહિત્ય પરિષદ્ અને ગુજરાતનું નવજીવન.
રિપુ (નાટક—ભાષાન્તર.)
૧૯ સાંજ વર્ત્તમાન.
શુદ્ધ ગુજરાતી સામે પારસીઓની ફરીયાદની તપાસ.
૨૦ ગુલશન.
પારસીઓ અને ગુજરાતી.

સાહેબરામ.

પ્રકરણ ૧ લું.

" એ ગવર્નર આવ્યો " કોલેજના કમ્પાઉંડના આગલા છેડે ઉભેલા વિદ્યાર્થીઓમાંથી હાકલ ઉઠી અને ભરતીની માફક કોલેજના વરંડા લગી ફરી વળી. હાકલ સાંભળતાંજ જાદુઇ અસરથી પ્રેર્યા સર્વે રસળતા કે શરમાતા વિદ્યાર્થીઓ રસ્તાપર પડતી વાડ ભણી દોડયા. ગવર્નરના દર્શનની ઉત્કંઠાને મર્યાદામાં રાખવી પડતી હોવા છતાં પોતાની સહજ મંદગતિમાં સહેજ વેગભરી વિદ્યાર્થીનીઓ વરંડાની રસ્તાપર પડતી બારીએથી ગવર્નરને પોતાની અનુપમ સૌંદર્ય લક્ષ્મીથી વધાવવા ચાલી. પણ ઉત્કંઠાનો હર્ષ વિજળીના ઝબકારા જેમ અદ્રશ્ય થઇ ગયો. સૌંદર્યનો ઝગઝગ થતો પ્રકાશ હતાશાના વિષાદથી શામળો પડી ગયો. કચવાટના ગુસ્સાથી મુગ્ધ આંખોમાં આગ સળગી રહી. આખા શરીરમાં અંતરાય નાંખતા ઢીચકારાપણાને ભસ્મ કરવાનું સત ચડયું હોય એવું ચેતન સળગી રહ્યું અને વસ્ત્રોના ફરફરાટથી આવિર્ભાવ પામ્યું. તેમના મનોગગનમાં એક ક્ષણમાં અબળ સબળ અનેક સ્ફુરણો ઉભરાયાં અને શરીરની રગમાં વહેતા લોહીનો વેગ હળવો ઉતાવળો કરી નાંખ્યો.

ઉડતી ધુળથી અને ઘોડાના ડાબલાના અવાજથી ગવર્નર છેક નજીક આવ્યાનું જણાતાં સુન્દરીઓ ઉભી હતી ત્યાંજ રહી હૃદયના ઉમળકામાં રોષની આહુતી આપી દેશપતિની ઝાંખીથી કૃતકૃત્ય થઇ. કૃતકૃત્યતાના ઉલ્લાસમાં અને દર્શનોત્તર વિસર્જનની ધમા-

લમાં સુન્દરીઓ પોતાનો પરાભવ વિસરી ગઇ તેમ એમને હેરાન કરનારાઓનો ક્ષુદ્ર આહ્‌લાદ પણ શમી ગયો. હૉકી રમવા જતાં એક સુન્દરીએ તિરસ્કાર અને ધિક્કારનું નજરબાણ બારીને અઢીંગી વિચારમાં ડૂબેલા સહાધ્યાયીને માર્યું. બાણની ચોટ બરાબર લાગી. ધિક્કારની નજર ખમી ન શકતો હોય, મહાપાતકની વેદનાથી ઝળતો હોય તેવો તેને કોઇ જોનાર હોત તો જોઈ શકત.

ગવર્નર જોવા મળેલી મેદની વેરાઇ ગઇ. ઘણા ખરા વિદ્યાર્થીઓ ઘરને રસ્તે પડયા; કેટલાક ગ્રંથાલયમાં વર્તમાન પત્રો વાંચવા બેઠા તો કેટલાક શોખ પ્રમાણે ક્રીકેટ, ફુટબોલ કે ટેનીસ રમવામાં પ્રવૃત્ત થયા. સૂર્યનો તડકો પણ આસ્તે આસ્તે મોળો પડવા લાગ્યો અને કોલેજના મકાનપર થઇને પાછળ સરી પડવા લાગ્યો.

દરવાજા આગળ ગાડી આવતી જોતાંજ અમરનાથ ખુરશીપરથી ઉઠયો. છાપું હાથમાંથી મૂકી દીધું છત્રી અને પુસ્તકો લઇ ગાડીમાં બેસવા પગથીયાં તરફ ગયો ત્યાં વરંડાને સામે છેડે સાહેબરામ સૂનમૂન ઉભેલો દેખાયો. આસપાસ ટેનીસ અને ક્રીકેટના ખેલાડીના ગોકીરાથી જરા પણ રમતમાં ભાગ લેવા કે રમતનો બ્હાર નિહાળવા ખેંચાયા વિના—બધાર ફરતી વૃત્તિઓને સંકેલી લઇ અંતરમાં નિમગ્ન થયેલો હોય એવો એ જડભરત ઉભો હતો.

“ કેમ, સાહેબ, ઘેર આવવું છેને ? ” એમ બોલતો અમરનાથ પગથીઆપર ન ઉતરતાં તેની પાસે ગયો. “ કેમ તબીયત તો ઠીક છેને ? તાવ આવ્યો હોય કે માથું દુઃખતું હોય એવો ચહેરો લાગે છે. આવોછો ને સાથે ગાડીમાં ? ”

નમેલી પાંપણ ઉંચી કરી, નિશ્ચલ ડોળાને ચંચળ કરી સાહેબરામ શરીરપર બેઠેલા ઓથારને ખંખેરી અનુતાપની ગ્લાનિને લ્હેરમાં ફેરવવાનો પ્રયત્ન કરતો ઉભો હતો ત્યાંથી ખસ્યો. “અમરનાથ, કોણ

જાણે અસુખ જેવું લાગે છે. અહીં કેટલીવાર થઇ તેનુ ભાન રહ્યું નથી. અહો સાંઝ પણ પડી ગઇને! પણ તમે કેમ હજુ ગયા નથી!"

" ગાડી ન્હોતી આવી એટલે 'આફ્રીક'ના ચિત્રો જોતો હતો. ચાલો જઇશું ? "

" હા. ચાલો. "

આમ વાત કરતાં પગથીઆં ઉતરી બન્ને ગાડીમાં બેસવા ગયા. બારણું ઉઘાડો ગાડીવાન ઉભો હતો.

" કેમ આજે ગાડી લાવતાં અસૂરૂં થયું કંઇ ગોવિંદ ? શેઠ સાહેબ તો ગવર્નરની પાર્ટીમાં ગયા છે નહિ ? "

" જી નાળબંદ મોડો આવ્યો અને ઘોડી તોફાને ચડી એટલે વાર થઈ ગઇ. શેઠ સાહેબ, જી, બારણે પધાર્યા છે મોટરમાં. "

" અમરનાથ, જરા થોભશો ? " ગાડીના પેગડાપર પગ મૂકતાં સાંભર્યું હોય તેમ પગ પાછો લઇ લેતાં સાહેબરામ બોલ્યો. " કાલે રવિવાર સ્હવારે તમારે બંગલે ટેનીસ ટૂર્નમેંટ છે તે અત્તર ઘડીજ યાદ આવ્યું. " મ્હોઢું, ફેરવી ટેનીસના દડા આપનાર છોક-રાને પોતાનું રેકેટ લાવવા યથાસ્થિત સૂચના આપી મોકલ્યો; દરમિ-યાન બન્ને સહાધ્યાયીઓ રમત નિહાળવા લાગ્યા.

" યુરોપીયન જીમખાનામાં ટૂર્નમેંટમાં તમને ઇનામ મળેલું તેજ આ રેકેટ ને ? " ગાડી દરવાજો વટાવી સડકે સડસડાટ ચાલવા લાગી ત્યારે શાંતિનો ભંગ અમરનાથે કર્યો.

" હા, એજ કાલ ટૂર્નમેંટ છે અને છતાં અત્યારે પ્રેકટીસ કરવી રહી ગઈ. " એમ સ્પષ્ટ અર્ધ સ્પષ્ટ શબ્દો બોલતાં કોઇક ઓળો મનશ્ચક્ષુ સમીપ આવ્યો હોય અને તેથી ત્રાસતો હોય એવો સાહેબરામ કંપ્યો.

" સાહેબરામ, ઓણુ હોડીની સરતમાં કોલેજ તરફથી તમે

ઉતરવાના છો કે ?" નદી કાંઠે ગાડી આવતાં અમરનાથે પૂછ્યું. "જુઓ બોટ કલબવાળાઓ હલેસાં લઇ મંડી પડયા છે."

"અલબત્ત ઉતરવું છેજ. થોડા દિવસ પછી "રિગેટા" છે. તમે કેમ કલબમાં ભાગ નથી લેતા? સેના બ્હેન અને શેઠ સાહેબને રમતગમતનો ભારે શોખ છે. તમારે સાધનોની કયાં ખોટ છે? મ્હને તો જેટલી મોજ લેસન કરવામાં પડે છે તેટલીજ રમવામાં પડે છે. "સબમેં હમેરા લગતા હૈ" એવી અમારી પાસે તો વાત. તબીયત એવી સરસ રહે છે અને મનની પ્રસન્નતાની તો વાતજ શી ? હજુ લગી કોઇ દિવસ મ્હને તાવ આવ્યો નથી કે માથું દુઃખ્યું નથી. માનશો ?"

"ભાઇ ત્હમે પૂરા ભાગ્યશાળી. હું તો સોમ સાજો અને મંગળ માંદો. શેઠ સાહેબ કહે કે તરવાનું શીખો, ન છૂટકે બંગલાના હોજમાં પડયો. રાતે શરદી ઉધરસ અને તાવ આવ્યાં ને પંદર દિવસ મેમાન રહ્યાં. ચાર દહાડા થયાં માંડ તબીયત ઠેકાણે આવી છે. પવને ઝાંપો વસાયલો હોય એવું તકલાદી શરીર એકે કસરત જીરવી શકતું નથી. પણ ભલા, તમારી તબીયત આટલી બધી તંદુરસ્ત છે ત્યારે અત્યારે શું થઇ ગયું હતું ? સૂનમૂન કેમ બારી પાસે ખોડાઇ રહ્યા હતા ? હસતાં હસતાં અમરે પૂછયું.

સાહેબરામ વાતચિતમાં, આસપાસના દેખાવો જોવામાં, દીલમથી નાંખતા પ્રસંગને ફેંકી દેવા મથતો હતો, પણ તે એને છોડે એમ નહોતું. અમરનાથે તે પ્રસંગ પાછો જગાડયો. મનની મુંઝવણો ચિત્તને ઇતર વ્યાપારમાં રોકવાથી તેટલો વખત વિસારે પડે છે; અથવા કોઇ ઉત્સાહક કે પાવક પ્રસંગમાં પડવાથી તેનાં ઉન્નત વાતાવરણમાં મુંઝવણના વિષાદનું બાષ્પીભવન (Sublimation) થાય છે; યાતો મુંઝવણ સહૃદય સંમુખ નિવેદન કરવાથી–સહૃદય મળો યા ન મળો, બલ્કે ચેતનહીન પદાર્થ ભલે હો ને, પણ તે

સમક્ષ મુંઝવણ કહી નાંખી શકાય તો પણ સ્વાસ્થ્ય મળે છે. સીધો સવાલ થયો એટલે છેલ્લો ઉપાય મુંઝવણનો ભાર હલકો કરવા લેવો એ બ્હેતર છે. ઉડાવનાર જવાબથી એક પાતકમાં બીજું ઉમેરવું પડશે. અમરનાથ મ્હારી સ્થિતિ સમજવાનો તો નથી પણ બિચારો ધ્યાન દઇને સાંભળશે તો ખરો, માટે લાવ કહી નાંખું—આવો નિશ્ચય કરી સાહેબરામ બોલ્યો; " ભાઇ બહુ મોટી વાત નથી. "

" મોટી વાત નથી ત્યારે વિચારમાં કેમ પડી ગયા હતા ? ધીરજરામ હમણાં સાઇકલપર ગયો ને સલામ કરી તે પણ પાછી વાળી નહિં એવા શેમાં ગુલતાન થયા હતા ?" " ધીરજરામ ! હમણાંજ અહીંથી ગયો ?" આવો ઉદ્‌ગાર કહાડતાં અંતરમાં જવાળા ભભુકીઃ " હરામખોરનાં કારસ્તાને મ્હને ભૂલવ્યો ! પણ જવા દો એનું નામ."—મનના વિચારોને મનમાં શમાવી બોલ્યો. " આજે કોલેજ આગળથી ગવર્નર જવાનો હતો. તે જોવા આપણે સૌ રોકાયા હતા; ત્હમે કયાં રહીને જોયો ?"

" મ્હેં તો વાડ આગળથી. ત્હમે તો વરંડાની બારીએ ઉભા હતા નહિં ?"

" હા. ધીરજરામ અને એના સોબતીઓ બારી પાસે ઉભા હતા. હું મેડેથી ઉતરી વાડ તરફ જતો હતો ત્યાં એણે મ્હને બોલાવ્યો. હું ગયો અને અમે ઠઠ્ઠામજાકમાં પડયા. અમારેથી થોડી દૂર લેડી સ્ટુડન્ટસ ઉભાં હતાં. ગવર્નરના આવવાની ખબર થઇ કે બારી તરફ સુન્દરીઓ વળી. અમે પણ વાડ આગળ જતા હતા એટલે એમની સગવડ મોકળી થતે. ત્યાં સેતાન અમારામાં આવ્યો અને તેમને ખાસ હેરાન કરવા અમે ખસ્યા નહિં. તે બિચારીઓને પાછા ફરવું પડયું. એ દેખાવ. "

" સાહેબ, આપનું મકાન આવ્યું " ગોવિંદ ગાડીવાળે વાતમાં ભંગ પાડયો.

"ચાલો, અમરનાથ, સાહેબજી, હવે તો કાલે સ્હવારે ટૂર્નમેંટમાં વખતે મળશું."

"કેમ કાલે સ્હવારે? આજે રાત્રે પ્રાર્થનાસમાજમાં કીર્તન સાંભળવા નથી આવવાના? શેઠસાહેબે પોતાની સાથે મ્હને જવાનું કાલનું કહી રાખ્યું છે."

"હા! હા! ઠીક સંભાર્યું. ચાલો ત્યારે good bye નહિં પણ au revoir રાતે જરૂર મળશું."

× × × × × ×

વ્યથિત સાહેબરામ પોતાના નિવાસમાં ચડયો. ગાડીના ખખડાટથી પત્નીને પોતાના આવ્યાના ખબર પડયા હશે એમ ધારી તેની રાહ જોવા લાગ્યો. હીંચકા ખાતાં ખાતાં વારે વારે તે બારણાં ભણી આંખ વાળતો. પગલાં સંભળાયાં. થાકેલી આંખોમાં કંઇ એવું તેજ આવ્યું કે આંધી મટી ગઈ ન હોયને. રાત્રીનો અંધકાર સરતાં પ્રભાતનું જેવું સૌમ્ય ઉત્સાહક તેજ પ્રગટે છે તેવું તેજ આંખોમાંથી મ્હોપર પ્રસરવા લાગ્યું. પત્નીને બદલે નોકરને ખાવાનું લઇ આવતો જોતાંજ તેનું તમામ તેજ ઉડી ગયું. લાગણીઓ ખંડિત થવાથી આંધી વિશેષ વધી. નોકરને પૂછતાં માલૂમ પડયું કે પત્ની પોતાની પડોસણને રૂચે એવું રાંધી આરોગાવવામાં ગુંથાયલી છે. પડોસી પ્રત્યેનો અતિથિ ધર્મ અત્યારે એને પતિ પ્રત્યેના અતિથિ ધર્મથી વધારે ઉંચો લાગ્યો હતો. સહચરીના વ્હાલપમાં અંતરમાં સળગતી આગ હોલવવાની સાહેબરામની ઉમેદ ધ્વસ્ત થઇ. પડોસણપર સ્હેજ ખીજવાયો. જનસેવા અને પાતિવ્રત્યમાં કયું ચડીયાતું એવા કૂટ પ્રશ્નની મીમાંસા પણ તેને સુઝી નહિં; સાહેબરામને સમભાવી-હૃદય જોઇતું હતું; જે હૃદયમાં પોતાનું હૃદય શમાવી શાંતિ મેળવાય.

ઘરકામમાંથી પરવારી સંજીવની ઉપર આવી શકી નહિં; એકલાં પડી રહેવાથી સાહેરામનો પરિતાપ સ્હેજ પણ હોલવાયો નહિં.

પ્રકરણ ૨ જું.

"સાહેબજી, હજુ કીર્તન શરૂ નથી થયું ? ત્હમે કાંઇ બહાર ટેલો છો ? "

"મહેરબાન, સાહેબરામ ! તમે કાંઇ આજ આટલા મોડા ! કલેકટર અને ગુલાબદાસની કીર્તન રાહ જુવે છે.

જુઓ તો ખરા ચાંદની કેવી ખીલી છે ! ઝાડોની ઘટાની પાર ધારની હારપર અને ખીણોમાં કેવો પ્રકાશ પથરાઇ રહ્યો છે ! મ્હને તો મીઠી શીતલ ચાંદનીમાં ટેલવું બહુ ગમે છે."

"આજની ચાંદની પણ ઓર છે. સ્વર્ગમાં એ આવી જ્યોત્સ્ના નથી એવું ચાર દિવસપર ભાગવતના પારાયણમાં સાંભળ્યું હતું. પ્રકાશમાં શૈત્ય છે, માધુર્ય છે, ઉત્સાહ છે, મદ છે, અયેશમોઝ છે લેકીન ભક્તિ પણ છે."

"અક્કલના ખાં ! આજ તો દેવી સીનીવાલી સોહાગણ છે."

"આઇએ અક્કલના દુશ્મન માતાદીન સા'બ ! આપ દવે કે તરવાડી છો ? સોહાગણ રાણીએ દાનદક્ષિણામાં શાલપામરી આપી છે તે કેમ ઓઢી નથી લાવ્યા ?

"બફારો લાગવાથી બ્હાર થંડકમાં આવ્યો અને ત્હાડથી ધ્રૂજતો તુ આવે ત્યારે ગરમાવો આણુવા, ધીરજરામે ત્હારી જગ્યા રાખી છે ત્યાં શાલપામરી મૂકતો આવ્યો છું.

"સાહેબરામ ! હાજર જવાબમાં તમે માતાદીનને પહોંચી વળો એમ નથી. ચાલો હવે અંદર જઇએ. ભાસ્વતીએ સીતાર બજાવવી શરૂ કરી." બાલકરામે નર્મ આલાપ પતાવરાવ્યો.

"હા ! ભાસ્વતી ! પાછી ભાસ્વતી ! ત્હારા સામે આ પાપી અધમ મુખ શી રીતે જોઇ શકશે ?" આવું વિમાસતો તે ભાનવ-

ગઇ માતાદીનની પાછળ પાછળ જઇ ધીરજરામની સાથે બેઠો; બેઠો ત્યાં અમરનાથે ઇશારતથી બોલાવ્યો, એટલે શુધ આવી કે ક્યાં પાછો નરકમાં જઇ ફસાયો ! ન છૂટકે બેઠો અને ક્યારે ભાગી જવાની રાહ જોવા લાગ્યો.

સંગીત શરૂ થયું. કીર્તનની નાંદિ થઇ. દેખાવમાં શ્રોતાઓ શાંત પડયા હતા, પણ ધીમી ધીમી ટીકાઓ ગુસપુસ ગુસપુસ થયા કરતી હતી. ધીરજરામ અને માતાદીનનો ટોળી મજાકખોર સ્વભાવ પૂરવેગમાં જામ્યો હતો. તેમની ક્ષુદ્ર કેટલીકવાર બીભત્સ મશ્કરીથી સાહેબરામનાં રૂંવેરૂવાં ઉભાં થતાં. બ્હાનું કાઢી ઘેર ન્હાસી જવાની વૃત્તિ ઉદ્ભવતી હતી. એવામાં અદ્‌ભુત દર્શન થયું. એની કલ્પના યોગ્ય ઈંધન મળતાં સળગી ઉઠી; એ મનમાં ને મનમાં ગણગણવા લાગ્યો.

“ભાસ્વતી ! પ્રકાશમાં સંગીત અને ભક્તિથી ત્હારી આનનથી અલૌકિક થઇ ગઇ છે, ત્હારી આંખોમાં આટલાં બધાં સૂર્ય ચન્દ્રનાં કિરણો કે દી સંઘરી રાખ્યાં હતાં ? ત્હારૂં પ્રતાપબીનું ઓજસ વિજળીની રોશનીને પણ ઝાંખી કરી નાંખે છે. કેટલી બધી પવિત્રતા આનનના અવયવે અવયવમાંથી ફુટી નીકળે છે ! તું ભારતની તિરસ્કૃત સુન્દરી છે કે ફેરસ્તા સાથે સરી આવેલી સિદ્ધાંગના છે ? ત્હારો કંઠ પણ આજ અજબ કોળ્યો છે. ભાવ અને સૂરનું કાંઇ એવું અવર્ણ્ય અકલિત ઐકાત્મ્ય થઇ ગયું છે કે મ્હારા હૃદયસાગરમાં લાગણીઓનું તોફાન ઉછાળા મારી ઉઠયું છે. ગજબ છે ત્હારા સિતારને ! ત્હારા સૌંદર્ય, સૌષ્ઠવ અને સ્વરની પ્રભાવી પવિત્રતા ચંદ્રના કિરણ જેવી ત્હારી આંગળીઓમાં યોગનું સામર્થ્ય બતાવી રહી છે. તું ક્યાં છે ? જગતના ચોકની વચ્ચે ત્હને ફીટકારતાં ટોળાથી વીંટળાએલી તું ઉભી છે. પણ ભક્તિની ધૂનમાં ક્યાં છે ત્હને દરકાર એમની અવહેલનાની ? પવન પણ થંભી ગયો છે

ખંડમાં. ત્હને જોવા કે સાંભળવા! સમાધિ ત્હારા હૃદયમાં કેવા સૂક્ષ્મ ધબકારા મારે છે! પગમાં કેવો આછો કંપ લાવે છે! ત્હારો પહેરવેશ, ત્હારા અલંકાર, ત્હારૂં પ્રસાધન રોજ ઉછાંછળાં લાગતાં-અત્યારે મ્હારામાં રહેલા કલિને વરૂણપાશથી બાંધી લે છે; ને મ્હારી સદ્વૃત્તિઓને બ્રહ્માના કમંડળનું જળ છાંટી પ્રફુલ્લ કરી દે છે. દેવી! ઇશ્વરી! માયા! ત્હારૂં અને ત્હારી સહીયરોનું મ્હેં આજે અપમાન કર્યું! હાય! નરાધમ! હજુ પણ ત્હારી ગર્હણા કાનમાં પ્રવેશતી અટકાવી શકતો નથી. બહુ થયું! બહુ થયું! નથી ખમાતું! કયાં આવી ભરાયો આ રાક્ષસકુલમાં? બ્હાનું."

"સાંભળ્યું, સાહેબરામ! પ્રાર્થના સમાજના ઇશ્વરને હાથ, મ્હોં, પેટ નથી હોતાં પણ એકલા ટાંટીઆ હોય છે." ધીરજરામની અક્કલે સાહેબરામની વિચારમાળા તોડી નાંખી.

"એતો અંધ હસ્તિ ન્યાયથી બિચારા કહે છે કે અમે ચરણ સ્પર્શનો અધિકાર મેળવ્યો છે. દૂંટીમાંથી ઉગેલા કમળપર બેઠેલા બ્રહ્માને વિષ્ણુનું પુરૂં દર્શન ન થયું તો આ બિચારાઓ શી બિસાતમાં?"

"પારાયણ ઠીક સહુ લાગ્યું છે ભાઇને! મુકુંદરામે ટકોર કરી.

"ધીરૂ, સાહેબો દુધ અને દહીંમાં પગ રાખે છે. મંદિરે દર્શન કરવા જાય છે અને રવિવારે આંહી પણ આવે છે. ને મીયાં-ભાઇ પરવાનગી આપે તો જુમાની નિમાજ પઢવા મસીદમાં પણ જાય એવો છે." માતાદીને સાહેબરામને ઉંચકવા તજવીજ કરી, મજાકનો નવો ભોગ પકડવા જાળ નાંખી.

"દુધ અને દહીંમાં પગ રહેતા હોત તો બાદશાહી હતીજ ને. આ તરસ લાગી છે, તે ફટ દઇને પી લેતને? બ્હાર ઉડીને સોડા લેમન પીવા તો ન જવું પડત. ચાલો તમારે કોઇને આવવું છે?" જોઇતો લાગ હાથ આવ્યો સાધી માતાદીનના ટાંટીઆ તેનાજ ગળામાં

ભેરવી અપ્રિય સોબતમાંથી સાહેબરામ સટકી બ્હાર ચાલ્યો ગયો.

ચક્ધરને ઝોકું આવવાથી તેની પાઘડી પડી તેની હસાહસમાં ધીરજરામની મહેફીલ વીખરાયા વિના બેસી રહી અને સાહેબરામના નિષ્ક્રમણ માટે બેદરકાર રહી. મંદિરના આંગણામાં પૂર્વોત્તર કોણમાં સોડાવાળાનું હાટ હતું. કંઠનો શોષ છીપાવવા ત્યાં જતાં ઉત્તરસ્થ દ્વારના ઉંબર ઉપર ઉભેલી સુન્દરીએ સાહેબરામને બોલાવ્યો. "કોણ સાહેબરામ ભાઇ!"

"જી, હા! કેમ શો હુકમ છે, સેના બ્હેન! તરસ લાગી છે?"

"હા, ભાઇ, આઇસક્રીમ સોડા અને બરફ મંગાવી દ્યો તો મહેરબાની. ગળું સૂકાઇ જાય છે."

"ત્હમારેજ એકલાને માટે? શેઠ સાહેબ અને અમરનાથને પણ તરસ નહિં લાગી હોય?"

"ત્યારે ત્રણ ગ્લાસ મોકલાવો. પછી તમે અંદર જઇ શેઠ સાહેબને બ્હાર મોકલજો."

હાટમાં જઇ ત્રણ ગ્લાસ તૈયાર કરાવી સેનાની કને મોકલાવ્યા અને પોતાનું સૂકું ગળું ભીનું કરી મંદિરમાં ગયો. શેઠ ભૈરવનાથ અને અમરનાથને સેનાનો સંદેશો પ્હોંચાડ્યો.

"સાહેબરામ, અમારી જગ્યા પર બેસો. મ્હારે ત્હમારૂં કામ છે. અમરનાથ સાંકડે મોકળે બેસશું. અથવા ધામ થતો હોય તો જરા વાડીમાં આંટો મારજો." એવી આજ્ઞા ફરમાવી શેઠ પુત્રી પાસે ગયા.

કેવું ધન્યભાગ્ય! ભાસ્વતી, સંકલ્પ કિશોરી, કુન્દલતા, અને મેધાનાં આ માંસમેદનાં સ્થૂલ શરીર છે? લક્ષ્મી, પાર્વતી, સરસ્વતી વગેરે ઇશ્વરીઓની સિદ્ધિ શક્તિઓ ઝાંખી પાડી નાંખે એવો ઓજસ્વી પ્રભાવ એક એકથી ચડતો આ પ્રભુની આત્મજાઓનો છે. મીરાંને લક્ષ્મીનું સ્થાન રણછોડજીએ આપ્યું હોય તો અજા-

પણ જેવું શું ? અત્યારે આ દેવીઓ વરદાન માગવાનું કહે તો પ્રહ્‌લાદની માફક એટલુંજ માગું.

अहं त्वकामस्त्वद् भक्तस्त्वं च स्वाम्यनपाश्रयः।
यदि रासीश मे कामान्वरांस्त्वं वरदर्षभ ॥
कामानां हृद्यसंरोहं भवतस्तु वृणे वरम् ॥
विमुंचति यदा कामान् मानवो मनसि स्थितान् ।
तर्ह्येव पुंडरीकाक्ष भगवत्त्वाय कल्पते. ॥ '

"સાહેબરામ, આજ ઉલટા ધ્યાનમાં ક્યાં ગબડયા ?" ભાગવતના શ્લોક સ્હેજ ઓઠ બ્હાર સાહેબરામથી કહડાઈ ગયા તે બ્હારથી આવતાં ભૈરવનાથે સાંભળ્યા. "આપણે કામનાઓથી છૂટી મોક્ષ મેળવવાનો નથી. કામનાઓ પવિત્ર કરી સેવા એમનાથી સાધવાની છે.

"જી, એ સાલુ ન રહ્યું. આજ કામનાથી ભડકું છું. ભાગવતકારનો વૈરાગ્ય આજ રંજાળાવે છે."

"રસ્તામાં આવતાં અમરનાથે કૉલેજમાં બનેલો વૃત્તાંત કહ્યો હતો. સેનાને અને મ્હને લાગ્યું કે ત્હમે અસ્વસ્થ અને ઉદ્વિગ્ન આજ કીર્તનમાં આવશો તો વધારે મુંઝાશો. પણ તમને પ્રવેશતાંજ તમારી બિરાદરીમાં જઇ એમનાં જોયા ત્યારે અજાયબી થઇ—નિરાંત પણ થઇ."

"કસૂર તો મોટી થઇ છે. પણ એકદમ વિચ્છેદ પાડી શકતો નથી."

ત્હમારા સુશીલ સૌજન્યથી એ બની શકે એમ નથી. આપણું અપરાંતિક આટોપીએ. સંકલ્પ કિશોરીએ પ્રહ્‌લાદની સ્તુતિ ગાવા માંડી છે. શી એની શિરીન હલક છે. અને અભિનય તો કમાલ."

"...हृदि निर्वृतो हृष्यत्तनुः क्लिन्नहृदश्रुलोचनः કિશોરીની અવસ્થા લાગે છે. ભક્તિમાં ગળી ગઇ છે. મ્હોં પર કેવું તેજ પથરાઇ રહ્યું છે! મીરાંની રગે પણ ઇશ્વરસ્તુતિ કરવા હર્ષથી કેવી કુદે છે!",

સાહેબરામ, આત્મનિવેદનનો ભાવ અને માનવશક્તિની મર્યાદાનો અનુભવ શબ્દો કરતાં ધ્વનિ અને ધ્વનિ કરતાં એની આંખોની નિમિષ ઘડીક, તો ઘડિક અનિમિષ ઉંડી ઉંડી ગંભીરતાથી કેવી સચોટ લાગણી જણાવે છે ?" ભૈરવનાથ ગાનારી સામું જોઇ શેનું શેનું પાન નહિં કરતો હોય ?

"પ્રભુના સ્વરૂપ સામર્થ્યના વિનીત વર્ણનથી ચડી જાય એવી ભક્તિની પરાકાષ્ટા આવી." સાહેબરામના હોઠ હાલ્યા અને સંસ્કૃત સ્તોત્ર સ્ફુટ અસ્ફુટ ઉચ્ચારવા લાગ્યો.

एवं जनं निपतितं भववैतरण्यामन्योऽन्यजन्ममरणाशनभीतभीतम्।
पश्यन् जनं स्वपरविग्रहवैरमैत्रं हन्तेति पारचर पीपृहि मूढमद्य ॥
कोन्वत्र तेऽखिलगुरो भगवन् प्रयास उत्तारणेऽस्य भवसंभवलोपहेतोः
मूढेषु वै महदनुग्रह आर्तबंधो किं तेन ते प्रियजनाननुसेवतां नः॥
नैवोद्विजे परदुरत्ययवैतरण्यास्त्वद्वीर्यगायनमहामृतमग्नचित्तः।
शोचे ततो विमुखचेतस इंद्रियार्थमायासुखाय भरमुद्वहतो विमूढान्
प्रायेण देवमुनयः स्वविमुक्तिकामा मौनं चरंति विजने न परार्थनिष्ठाः
नैतान् विहाय कृपणान् विमुमुक्ष एको नान्यं त्वदस्य शरणं भ्रमतो-
नु पश्ये

"ત્હમારી યાદદાસ્ત સારી છે. હવે ઠેકાણે આવ્યા. ભક્તિ વિના મોક્ષ નહિં. માટે દાસ્યનોજ અનુગ્રહ જોઇએ છીએને તમારે ?"

"નકરા દાસ્યનો અનુગ્રહ અધુરો છે. સ્વામિત્વનો વર પણ મ્હારે જોઇએ છીએ. મ્હને તો પ્રાચીન દર્શને સંતોષ આપતું નથી. પ્રાર્થના સમાજ જેવા નવા પંથમાં ઉણપ એટલી બધી છે કે સંતોષની આશા શી ?"

"સૂર કેવો સ્પષ્ટ ! કેવો મીઠો ! કેવો સંપૂર્ણ ! કેવો સમર્થ છે. ઘાડીમાં ખ્હાર કેવો મંદ પડતો જાય છે !"

" સંકલ્પ કિશોરીના ગાયનમાં લીન થયેલાની નજરે સિતાર બજાવતી ભાસ્વતીની આંખો–ઉંડી, ગેબી, ઝળકતી, રસમાં નિમગ્ન ક્યાં પડે છે ? જોતો ખરો કેવી તીક્ષ્ણ, કેવી સ્પષ્ટ, કેવી ભાવદર્શી (vivid) કેવી કંપતી, કેવી સુકુમાર, કેવી પ્રજ્વળતી, કેવી તરલ, કેવી ભેદક, કેવી શાંત, કેવી ઉન્માદક, કેવી અસ્વસ્થ, કેવી તુફાની, કેવી સ્નેહાળ—"

" બાણોચ્છિષ્ટ જગતમાં ત્હારો શબ્દકોષ પણ ખુટવાનો, એ આંખોનું કે એ હલકનું આબેહુબ વર્ણન કરવું પ્રતિમાને પણ મુશ્કેલ છે. આંખનું સૌંદર્ય તો બીજી કોઇવાર પણ નિહાળી શકાશે. પરંતુ આવો સંગાટનો બ્હાર ખીલશે પાછો ? ઓછી ચિરંજીવ માટે મધુર પણ વધારે."

પાછળ સ્હેજ આગે થતી વાતચિતે સાહેબરામ અને ભૈરવનાથનું ધ્યાન ખેંચ્યું બન્ને અચાનકજ બોલતા બંધ પડ્યા, અને એક ચિત્તે ચિત્તાહ્લાદક ગુફ્તેગો સાંભળવા લાગ્યા.

" પ્રણયરાજ અને દીનવલ્લભ ઉપર કેવી જાદુઇ અસર થાય છે કે ક્યાં છે અને શું બોલે છે તેનું એમને ભાન નહીં હોય ! તો આટલે ઉંચે સ્વરે ઉદ્‍ગાર કહાડે નહિ " આવો વિચાર સાહેબરામને આવ્યો.

" સાહેબરામ મુદ્દાની વાત તો કહેવી વિસરી ગયો. આજે ગવર્નર સાહેબે મુલાકાત આપી અને દોઢ કલાક લગી વાત કરી. સ્હવારે તમે આવશો ત્યારે સારાંશ કહીશ. સ્હવારે આવવાના છોને ? અત્યારનો ઉજાગરો છે તોયે કાલે આપણે બહુ કામ છે."

" જી કાલે સ્હવારે તો આવવાનોજ છું. ટેનીસ ટૂર્નામેંટ છેને."

" સેનાએ ત્યારે તમને ખબર નથી કહ્યા ? કાલે સાંઝે ગવર્નર અને લેડી શેલી આપણે બંગલે પધારનાર છે. ટૂર્નામેંટ હાલ મુલ્તવી રાખ્યું છે."

" મેમાનગિરિની તૈયારી બહુ ટુંક વખતમાં કરવી પડશે."

" હા, માટેજ સેનાને તમારો ખપ છે. તમારી આવડત, તમારી હુશીઆરી, તમારી ઉત્સાહશક્તિ, તમારી માહિતી અને રસજ્ઞતા પડી પડી કટાણી હશે. કાલે દાખવો એમની સમૃદ્ધિ."

આરતિનો જય જય નાદ શરૂ થયો અને સર્વે મંડળી ઉભી થઇ ગાવા પ્રલાગી. કીર્તનનું ભરતવાક્ય ઉચ્ચારાયું. સૌ પોતપોતાને સ્થાનેથી ખેસી ઓળખીતા પાળખીતાની સાથે ફાવે તેમ સલામ કરવા, વાતો કરવા લાગ્યા. નિયમનથી વછૂટેલા જયાં ત્યાં ગમ્મત હહેર કરવા લાગ્યા કીર્તન થયુંજ નહિં હોય,-મેળામાં મેદની મળી હોય તેમ વાતોચિતો થવા લાગી કીર્તનમાં કથ એની કથામાં ઉઠેલા ફૂટ પ્રશ્નોની ચર્ચા કરવા કરતાં ગામગપાટા હાંકવા મંડયા. ગુલાબદાસ અને ભૈરવનાથ ગવર્નર વિશે વાતો કરવા લાગ્યા. ભાસ્વતી, સંકલ્પકિશોરી વગેરેને સેના ધન્યવાદ આપતી હતી ત્યાં પ્રણયરાજ સાથે વાત પતાવી સાહેબરામને છૂટો થતો આવ્યો. " સારૂં ફુરસદે વૈદ્યરાજની દુકાને મળવા આવીશ જય જય."

" સાહેબરામભાઇ! તમારૂં કામ છે. મળ્યા વિના કાં ભાગો છો?"

" શેઠ સાહેબે કામની સુપ્રત કરી છે. સ્હવારે આઠે હાજર થઇશ. આવતાં માર્ગમાં કાંઇ કરવાનું હોય તો માંગો અત્યારે."

" ઉંઘરટા ન થયા હો તો ગાડીમાં ચાલો અમારી સાથે. બંગલા લગી મસલત કરીશું. સંજીવની ભાભીને કેમ તેડી ન લાવ્યા?"

" કેમ, સેના, તારી અને સાહેબરામની મસલત પૂરી થઇ? ઘોડા ઘેર જવા હણહણે છે.

' ચાલો, બાપુ ગાડીમાં સાહેબરામભાઇ બંગલા લગી આવે છે. ગાડી પાછી વળી એમને ઘેર મૂકી આવશે.

" બ્હેનો, રજા છે? અને સાંજે પધારવા મહેરબાની કરજો.

વ્હેલાં અવાય તો આવજો."

ભાસ્વતી, સંકલ્પકિશોરી, કુન્દલતા અને મેધા સુન્દરીથી છૂટી પડી સેના ગાડીમાં ચડી બેઠી. ઉભેલી સુન્દરીઓને પ્રિય સત્વના અંતર્ધાનથી વિયોગની યંત્રણા લાગતી હોય એવી જોનાં સાહેબરામ મનમાં પળભર ગોહર કરવા લાગ્યો. 'કેવો પ્રભાવ છે સેનાનો? જ્યાં જાય ત્યાં સરદાર. શો એનો રાજવણુ રૂઆબ છે? કોણુ ચડે? સેના, સંકલ્પકિશોરી? કે ભાસ્વતી? ભાસ્વતી? હા ભાસ્વતી! તારી હાડછેડ કરવાથી થયેલા પશ્ચાત્તાપના અગ્નિમાં દ્રૌપદીની પેઠે અતીત જીવન બાળી ભવિષ્યત્ જીવન પવિત્ર બનાવી શકીશ?"

"કોચમીન, ગાડી જરા આસ્તે આસ્તે નદી કાંઠેથી લ્યો." સેનાએ હુકમ આપ્યો અને ગાડી ચાલી.

પ્રકરણ ૩ જું.

"આજે આખો દિવસ શેઠ ભૈરવનાથને બંગલે કામ છે. જમીશ પણ ત્યાંજ. ચારને સુમારે સેના બ્હેનની ગાડી તમને તેડવા આવશે."

" ને આજ શું છે?"

મુંબાઇના ગવર્નર અને તેની મડમ શેઠ સાહેબને ત્યાં આવવાનાં છે. સેનાબેન આજે 'એટહોમ' છે. તમે તો રોજ 'એટ હોમ' હો છો, નહિં? સાંઝે તમારી કચેરી હમ્મેશ ભરાવાનીજ."

" કરો મજાક! અમારે ક્યાંથી હોય શેઠાણીઓનો છાક ને ભપકો! પરમેશ્વરે આપ્યાં હોત તો તમે શું કામ બ્હારને બ્હાર રહેત? ન છૂટકે રાતે ઘેર આવવું. સવારે તો બાલકરામને ત્યાં વાંચવા જવું છે. બપોરે તો કોલેજ. સાંઝે પરભારાજ ક્રીકેટ કે ટેનીસ રમવા ઉપડવું વળી આજે ભાષણુ તો કાલે કીર્તન તો પરમ

દિવસે મેળાવડા હોવાનો અને તમારે જવાનું. તે ન હોય તો ભૈરવ-નાથ શેઠ કે સેના શેઠાણીનાં કરવાનાં કામ ક્યાં ઓછાં છે ! "

" છે તો એવુંજ. ફૈજામીઆંને ફુરસદ ન્હોતી મળતી તેમ ઘરમાં રહેવાની મનેએ નથી મળતી. તમારા જેવાં સાથે પાનું પડયું છે તે સંસાર નભ્યો જાય છે. તમે એવાં નિપુણ છો કે બધો કાર-ભાર ઘરનો એકલે હાથે ચલાવો છો. મારે રજપણ ચિંતા રાખવી પડતી નથી. અને એથીજ હું મારો અભ્યાસ કરી શકું છું. સાથે સાથે લોક સેવાનાં કર્તવ્યો બજાવવાની તાલીમ લઇ શકું છું." વખતે કંકાસ સવારમાં માંડી ન બેસે માટે ઉમળકાથી પત્નીની પ્રશંસા સાહેબરામે કરવા માંડી. " ચાલો આજે કઈ સાડી પ્હેરશો ? હાથે શું પ્હેરશો ? કાને ? ગળામાં ? "

" મ્હારી બા આજ બપોરે આવવાનાં છે. અમે બન્ને પસંદ કરી ગમશે તે પ્હેરીને આવીશ."

" તમારાં બા આવવાનાં છે તે વાત તો કરીજ નહિ ! ચાલો. સોનાથી પીળું શું ? હવે બરાબર બની ઠણીને આવજો " " અહો ! પોણુઆઠ ! " ગજવામાંથી ઘડીઆળ કહાડી જોતાં બોલ્યો.

" ચાલો ત્યારે જાઉં છું. " એવું બોલી મીઠી સ્નેહભરી દ્રષ્ટિ પત્નીના મુખપર પાથરી તે ઉભી હતી ત્યાં તેના શરીરના સ્પર્શની વારૂણી પી ઘર બ્હાર નીકળ્યો. બારીએ ઉભેલી પત્ની સાહેબરામની અદ્રશ્ય થતી બાઇસીકલ પર નજર નંખાઇ ત્યાં લગી નાંખી રહી.

× × × × ×

" સેના બ્હેન, હવે જરા આરામ લ્યો. બધી વ્યવસ્થા થઈ ગઇ. આ લ્યો, બાલકરામ સંકલ્પકિશોરીને તેડી આવ્યા. તમે ત્રણે સંલાપનો વિનોદ માણો દરમીયાન હું ઘેર જઇ સજ્જ થઇ આવું. હજુ કલાકેકની વાર છે."

" સંજીવની ભાભીને તેડવા ગાડી ગઇ કે નહિ ?"

" મ્હારે જવાનું હોવાથી મ્હેં ગાડી રોકી છે. હમણાંજ પલંગારામાં જઇને આવું છું. કિશોરી ભાભી ! રજા છે ને? માફ કરજો તમે આવ્યાં ને હું જાઉં છું."

"ભલે જાઓ, ભાઇ. અમારાથી વધારે નિકટ સોબત લઇ આવવાના છો તે ખુશીથી જાઓ." સંકલ્પકિશોરીના હોઠપર શબ્દો હાસ્યમાં માયાવી રૂપાન્તર પામી ગયા.

આ હાસ્યનું દર્શન કરતાં સેનાએ અંતરમાંથી સૂક્ષ્મતમ નિઃશ્વાસ મૂકયો- જતાં જતાં સાહેબરામને તેની ઝાંખી થઇ અને તેનો પ્રફુલ્લ સ્વભાવ લગીર મ્લાન થઇ ગયો. સેના સાહેબરામની પાછળ અનિમિષ દ્રષ્ટિ નાંખી રહી અને તેની ગાડી આઘે આઘે વૃક્ષવીથિકામાં થઇ બિંદુમય બની છેવટે અદ્રશ્ય થઇ—અદ્રશ્ય ખરેખર થઇ ન હોય તેમ ઘણી વાર દ્રષ્ટિ પાછી વાળતાં ખચકાઇ. છેવટે નિરૂપાયે દ્રષ્ટિ અંતરમાં વાળી લીધી. પણ ત્યાં અગન્યારૂ વાગ્યું હોય—કોઇ ઉંડી વેદના દીપક રાગથી વ્યક્ત બની હોય એવું લાગતાં દ્રષ્ટિને બંગલા, બગીચા અને અતિથિના સ્વાગતના પ્રસાધનપર ભ્રમર વૃત્તિથી ફેરવી રહી. સાવધ સેના રખેને અસાવધ પળમાં પોતાનું રહસ્ય પારકાં આગળ ચાસન થઇ જાય એવી દહેશતથી બાલકરામ અને તેની વધૂ સાથે યંત્રની પેઠે વાત કરી રહી. ચિત્તને અન્ય વ્યાપારમાં રોકવા અને આગામી મુલાકાત માટે સ્વસ્થ અને પ્રસન્ન થવા દંપતીને સર્વે વ્યવસ્થા નિરીક્ષવા આમંત્ર્યાં.

" બ્હેન, તમે સવારનાં પગ માંડી બેઠાં નહિં હો; તમે બેસી રહો. અમે એકલાં ફરીશું."

" અને તમારી નિષ્ણાત રસવૃત્તિનો મૂર્તિમાન આવિર્ભાવ નિહાળી સાથે ઉલ્લાસ પામશું." પત્નીના વિવેકમાં બાલકરામે સૌજન્ય ઉમેર્યું.

"કેમ સેના ! કેટલીવાર છે ? હજૂ તેં કપડાં કેમ પહેર્યાં નથી ? પહેરવાં છે કે નહિં ? તારૂં શરીર તો જો ? નાહી કે નાહવાનું બાકી છે ? સંકલ્પકિશોરી ! સેના બહુ વાતોડીઅણ છે. વધુ એને રોકો મા."

"ભારવતી ! ઠીક વખતસર આવી. એવી થાકી ગઈ છું કે અલંકૃત થવાની સ્મૃતિજ જતી રહી. બાલકરામ અને સંકલ્પાકશોરી તો હમણાંજ ચાલ્યાં આવે છે. એમને નાહક ઠપકો દેમાં.

બાલકરામ ! પ્રણામ ! સેનાને ધમકાવવામાં સૌજન્ય ભાગી ગયું."

"સહીઅરપણાના લ્હાવા અનુભવ વગર સમજાતા નથી. ચાલો આપણે ત્રણ જણ જરા આમ તેમ લટાર મારીએ અને આજની અભિરામ રચનાનું પાન કરીએ. સેના બ્હેન ! વગર સંકોચે શણગાર સજી આવો."

"માફ કરજો. હમણાં સપાટામાં આવું છું ગેરહાજરીમાં કોઇ આવે તો આગતા સ્વાગતા કરજો." વિનય અને આસ્થાનો પરિમલ, ફુવારો ફુટે તેમ ઉડાવી હરણની ફાળે બંગલામાં સેના જતી રહી.

"ભારવતી બ્હેન ! સેનાની રસિકતાએ કાંઇ અવનવુંજ રૂપ આજે લીધું છે."

"ભૈરવનાથ શેઠના શિક્ષણને આજે સેનાએ કૃતાર્થ કર્યું છે. વર્ષોની ભાવનાઓ ભાવનાઓજ ન રહેતાં આચારમાં આવિર્ભાવ પામવા લાગી છે." બે બેનપણીની વાતમાં બાલકરામે ઉમેર્યું.

"મને તો ભૈરવનાથનો કે સેનાનો શોખ બહુ ઉંચો નથી લાગતો. મુંબાઇના ધનાઢ્ય આવાસમાં જે સુંદર, સુઘટિત અને આકર્ષક વ્યવસ્થા હોય છે તેવી આંહિ નથી. આંહિનો ફાંટો જૂના જરીપુરાણા દેવને પૂજનારો છે." ભારવતીએ બેધડક પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"તમને સુધારાવાળાને યુરોપીયન બાબતો રૂચે છે. અંગ્રેજો સ્વર્ગના દેવ હોય તેમ એઓ જે સારૂં અને સુંદર ગણે તેજ સારૂં

અને સુંદર. હિંદુસ્તાન જેવા કંગાળ દેશમાં રસિકતા ક્યાંથી હોય ? અરે હતીજ ક્યાં ખરૂં ને ?"

"સંકલ્પ બ્હેન! સાંભળો તમારા વરનો પાછો સુધારાવાળા પરનો પ્રહાર. પોતે જાણે સુધારાવાળા નહિં હોય તેમ લાગ આવે ઝાટકણીજ કહાડે છે."

"એ તો કહે છે કે મ્હેં એમની સુધારાવાળામાં ગણત્રી કરાવવા માંડી છે. અને વાતે સાચી છે. પણ એમનું કહેવું તદ્દન ખોટું નથી. ચોક્કસ દરજ્જે વાજબી છે."

"શું વાજબી છે ? પણ જમણો હાથ મ્હો ભણીજ વળે. સગપણ તે સગપણ. કાંઇ દોસ્તીને ગણકારે ખરૂં ?"

"જરા શાંત પડો. ચાલો બગીચામાં અને બંગલામાં ફરીએ અને દરેક વસ્તુનું પ્રયોજન તમારા ભાઇ પાસેથી સમજીએ. મ્હને પણ પ્હેલાં ત્હમારા જેવોજ મોહ હતો. પરંતુ ધીમે ધીમે એમણે વાસ્તવિક સ્થિતિ સમજાવી."

"ત્હારી અને બાલકરામભાઇની વાતમાં મઝા પડશે, બાકી શુક્રવાર વળે એવું નથી. મ્હેં લાંબો વિચાર કરી અભિપ્રાય બાંધ્યો છે."

"ત્હમારા પ્રાર્થના મંદિરમાં સ્ત્રીસમાજ હવે મળે અને તમે વેદિપર બેસો ત્યારે 'સત્ય ન જાણવાની બેપરવા—હઠ—દુરાગ્રહ' વિગે ઉપદેશ આપવા તમને મ્હારી ભલામણ છે." બાલકરામે ટકોર મારી."

"દુરાગ્રહ બીલકુલ નથી સત્ય સિવાયનું બીજું સર્વ અસત્ય નથી હતું."

"ઢાલને બે બાજુ હોય છે. બન્ને પાસાં જોયા વિના દુરાગ્રહજ થાય છે. હાથીને જોનારા આંધળાની લડવાડ જેવી સત્યને માટે ની તકરાર છે થોડાંજ સત્ય નિરપેક્ષ-દેશકાલથી અતીત છે. બાકી લગભગ એવાં બાબતો સર્વ સત્યો ચોક્કસ દરજ્જેજ સાચાં

હોય છે. સમુદ્રમાં અનેક નદીઓ વહે છે, તેમ સત્યે પ્હોંચવાના અનેક માર્ગો છે. તો એકજ માર્ગે જનાર બીજે માર્ગેથી આવતા મુસાફરને માટે એવુંજ કલ્પી લે કે તેનાથી સત્ય કદી પમાવાનું નથી એ તમને ધૃષ્ટતાની-અજ્ઞાનની પરિસીમા નથી લાગતી ? કુદરતમાં રંગની, સૌરભની, આકૃતિની, કુમાશની તરેહ તરેહની વિવિધતા હોય છે ને ? તો સત્યનાં સ્વરૂપ પણ ભિન્ન ભિન્ન ન હોઇ શકે ? ઉપરથી લાગતા ભેદથી અંદરના ગર્ભની અવગણના કરવી એ સંસ્કારી બુદ્ધિને શોભાસ્પદ છે ? સત્ય કૃપણ નથી પણ માતબર છે. જુજવાં રૂપો લેવા તે સમર્થ છે. ત્હમને કહેવું પડે ખરૂં કે આખરે સત્ય તે વ્યક્તિનો આત્મનિષ્ઠ અનુભવજ ને ?"

"રામ ! ત્હમે ભાસ્વતીને મુંઝવી દેશો. એનાં માબાપ સુધારાવાળાં હોવાથી એ સુધારાવાળી છે. એ સુધારો નર્યો બુદ્ધિનિષ્ઠ છે; દેશોન્નતિ અને રાષ્ટ્રત્વથી પ્રેરાયેલી બુદ્ધિએ ઘડેલું પરિવર્તન નથી."

"સંકલ્પા ! અત્યારે ત્હારા આક્ષેપોનો પરિહાર કરવા ઝઘડો નહિ કરૂં. બાલકરામ ! જુદા દ્રષ્ટિબિંદુનો આદર સત્કાર સ્વીકારૂં છું. ચાલો ત્યારે ફરીએ, ભૈરવનાથ અને એનાં શાગિર્દો (સાગરીદો)ની ફીલસુફી સમજાવો."

"મ્હારી મીઠી ભાસ્વતી ! ત્હારાં ઓવારણાં લઉં. ત્હારી શાણી સમજને લીધે ત્હારાપર વ્હાલ ઉભરાઇ જાય છે. રામ ! અમને ગાંડા ન લેખશો. અથવા તમ પુરૂષોને આ દર્શનનો અધિકાર નથી માટે અંતર્ધાન પામો અને મ્હારા ઉમળકાને પોતાનો કળશ ભાસ્વતી પર રેડવા દો."

"કિશોરી ! અધિકાર આગળ સર ઝુકાવું છું. ત્હારી હેતાળ દોસ્તી જોઇ મ્હને ઓછો આલ્હાદ નથી થતો. ધન્યભાગ્ય હોય તોજ આવી રૂચિર મમતા જોવાય છે. મ્હારી ભાવ ભરી દિલાસા આ ભાવને

અપવિત્ર લાગતી હોય તો આ ચાલ્યો પેલા ફુવારા કને. પરવારો ત્યારે આવજો ત્યાં; અને ભાસ્વતી બ્હેન ! સેના બ્હેનની રાષ્ટ્રીય રસિકતાનું પ્રથમ નિદર્શન નીરખજો."

"ગાંડી ! ગાંડો ! રે ગાંડી ! સંકલ્પા ! ત્હારા સંકલ્પો પણ ઉત્કટ ને ઉન્મત્ત. ચાલ ! વ્હેલી. સૌ આવવા માંડશે તો બધું જોવાનો આવો મજાનો લાગ છટકી જશે." આવી બુદ્ધિરસિક વાત કરતાં તેઓ સૌ ફુવારા પાસે ગયાં. ફુવારામાંથી ધારા ઉંચે ઉડતી હતી. પાછી નીચી પડતી ધારા પાત્રોમાં ઝીલાતી અને હાથીની સૂંઢમાં થઇ તળે ચશ્માામાં પડતી એક સ્થળે સૂંઢમાં કમળ પકડેલું હતું. તેની પાખડીએ પાંખડીમાંથી પાણીની ધારા સરતી હતી. બીજે સૂંઢમાં વાંસળી હતી અને તેના છેદમાંથી પાણી નીસરતું ત્યારે ઝીણો કલધ્વનિ નીકળતો. જ્યાંથી ધારા ફુટતી ત્યાં મહાદેવની સુઘટિત યોગનિષ્ઠ મૂર્તિ હતી અને જટામાંથી ગંગાજીની સેરો ફુટે તેમ જલધારા ઉંચે ઉડતી. જલમાં સૂર્યપ્રકાશથી રચાતાં મેઘ ધનુષ્યમાં સ્ફટિકની મૂર્તિ એવી તો અદ્દભુત સુંદર લાગતી હતી કે ત્રણે જણાં સ્તબ્ધ જોતાંજ ઉભાં રહ્યાં હોજમાં આસ્માની અને લાલ કમળ ખીલેલાં હતાં જલધારામાં થઇ વહેતો સમીર શીત અને શીકરમય થતો થતો અને જોડે જોડે કમલનાં સૌરભને શીકરના ગર્ભમાં લેતો લેતો વાડીમાંના વનસ્પતિને, પક્ષીને અને મનુષ્યને રોમાંચિત કરતો હતો. ધારાપાત્રમાં સૂડા અને હેલાને પોતપોતાની પ્રિયતમા સાથે ન્હાવાની મઝા પડતી હતી. હોજના ધોરાપર ફરતાં વિલાયતી ફુલોનાં કુંડાં ગોઠવ્યાં હતાં. રંગ અને આકૃતિ અને ફુમાશની રહી જતી ખોટ લાગતી નહિં. એકજ ઇંદ્રિયને નહિં પણ ચાર ઇંદ્રિયને ફુવારો ઉલ્લાસિત કરતો હતો.

"કર્ણાવતંસ અને લીલાવંજરીની ફેશન વળી બાઇ છતાં ક્યો

આ કમળકલિકા" ઘોરાની નજીક પાણામાંથી તોડી બાલકરામે બન્ને સુંદરીને એકેકી આપી.

"ફેશન કાલસ્રોતમાં વિલીન થઇ છે પણ તેનું સહોદર દાક્ષિણ્ય સનકાદિકની પેઠે વૃદ્ધ છતાં શાશ્વતકુમાર છે. કેમ, ભાસ્વતી! કળી હાથમાં રાખીશ કે વેણીમાં ભેરવીશ?"

"ટાંકણી આપે તો બાંયપર ભેરવવી છે. સફેદ કપડાપર આસમાની ઝાંય સારી લાગશે. સુગંધ એવી મનોહર છે કે જ્યાં હરીશ ફરીશ ત્યાં કસ્તુરી મૃગની જેમ છૂપી મ્હને નહિં રહેવા દે પણ સંકલ્પા! વગર પરવાનગીએ ફુલ તોડવાં એ શિષ્ટાચાર ખરો કે?"

"ભૈરવનાથનો નિવાસ જલાશય જેવો છે ત્યાંથી કોઇ નરસ્યું જતું નથી અને આગ્રહથી પ્રાપ્ત અધિકારને આંહિ વિહરવાની સદર પરવાનગી છે. આ ફુવારો એજ સૂચવે છે. સદાશિવની જટામાંથી વ્હેતી ગંગાનું જળ સર્વને માટે છે." બાલકરામે આરોપનું નિરસન કર્યું.

"બંગલો નદીને કાંઠે છે એટલે હશે એવી પરવાનગી."

"ફુવારાની આસપાસ હરીઆળીનું શાદ્વલ એની રમણીયતા વિશેષ દીપાવે છે. અંદર કેવી ભિન્ન ભિન્ન આકૃતિઓ ફુલોથી ઝુલી રહી છે અને રંગનાં હેલીઆં ઉડાવી રહી છે!"

"કાલીદાસની અલકામાં જેમ સર્વે ફુલો ઉગતાં હતાં તેમ આંહિ છે. દ્રૌપદીના અક્ષયપાત્ર જેવી સેનાની ફુલવાડી છે." બાલકરામે રસપાંડિત્ય દાખવ્યું.

"બધાંજ વિલાયતી ફુલો રંગનો ભંડાર ભભુકાવી રહ્યાં છે. કેમ, તમારી રાષ્ટ્રિય સંસ્કારિતાએ એનો બહિષ્કાર નથી કર્યો?"

"દાવ આવે સોગઠી ઠીક મારી લે છે!"

"જીજ્ઞાસાનો અવળો અર્થ મા કર, સંકલ્પા!"

"બારીકાઇથી તપાસશો તો જોઇ શકશો કે રંગીન ફુલોમાં ઘણાં દેશી છે ને તે પણ આપણા ગુજરાતમાં ઉગતાં. ભાસ્વતી બ્હેન! ત્હમે આ વાડીમાં જરાએ હર્યા ફર્યા નથી. હજૂ તો આ ઉપવન રચાતું જાય છે. ધ્યાનમાં છે ને ઉપવનનો આકાર ?" બાલકરામે પૂછ્યું.

"કાંઇક વાંકચુંકો છે. શેને મળતો છે, સંકલ્પા ?"

"હૃદયનો જેવો આકાર છે તેવો."

"જરા વિચાર્યું હોત તો જણાત કે હૃદય અને હિંદુસ્તાનની આકૃતિ સરખી છે." બાલકરામે સૂચના કરી.

"શું કહો છો ? હૃદયમાં વસેલી મૂર્તિનું રૂપ વણીકાને આપ્યું છે સેનાએ !" આશ્ચર્ય, આનંદ અને પૂજ્યભાવમાં ડૂબતી ભાસ્વતીએ ઉદ્‍ગાર કહાડયા.

"ઉપવનના ખંડ પાડયા છે. તેમાં બંગવાટિકા અને ગુર્જરારામ સમૃદ્ધિથી ઝુકે છે. બીજા ખંડ હજુ તૈયાર થતા જાય છે. અત્યારે વખત નથી. પણ અવકાશ મેળવી ફરશો તો ફરવા જેવું છે. આ બે દેશમાં ખાસ થતાં ફળફુલ ત્યાં વાવવામાં આવ્યાં છે. ભૂતલની ઘટના પણ તે તે દેશને મળતી રાખવા બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એવી વ્યવસ્થા છે કે એકે ઋતુ ફળફૂલ વિના રહેતી નથી. એ વનસ્પતિના મંદિરોમાં પ્રત્યેક દેશનાં મધુરકંઠી અથવા શોભનપિચ્છ પંખીઓ લાવી વસાવવામાં આવ્યાં છે. લતાગૃહો ઠેર ઠેર આરામ, વિનોદ અને ઉત્કર્ષને માટે બાંધવામાં આવ્યાં છે. તેમાં ત્હમે દેશની નરવિભૂતિનાં દર્શન કરતાં કલ્યાણ સાધવાનાંજ."

"ગુજરાતના ખંડમાં કોની કોની મૂર્તિઓ છે, ભાઇ ?"

"શ્રી કૃષ્ણ, નેમિનાથ, વનરાજ, સિદ્ધરાજ, હેમાચાર્ય,

વિમળશાહ, નરસિંહ મહેતા, પ્રેમાનંદ, દયાનંદ સરસ્વતી, ગોવર્ધનરામ, રણછોડલાલ છોટાલાલ, પ્રેમચંદ રાયચંદ, સર જમસેદજી જીજીભાઇ, જમસેદજી ટાટા, દાદાભાઇ નવરોજજી, મોહનદાસ ગાંધી, સર સયાજીરાવ ગાયકવાડ વગેરે ઘણાની મૂર્તિ છે. જાવા બેટમાં ગુજરાતીઓનું સૈન્ય લઇ જનાર રાજકુમારની, સિદ્ધરાજ કુમારપાળના વખતમાં ગુજરાતની આણ અજમેરથી કોકણ લગી ફેરવનાર ગુર્જર સેનાપતીઓની, બગદાદના ખલીફાના મહેલો લૂંટી આવનાર ગુજરાતી વહાણવટીઓની, વગેરે વગેરેની નામ વગરની મૂર્તિઓનો પણ સુમાર નથી."

"પણ એ મૂર્તિઓ ગ્રીક કે ઇટાલીઅન જેવી સુષ્ઠુ અંગવાળી નહિં હોય ! વિલાયતથી તૈયાર કરાવી મંગાવી હશે તો અમેરિકામાં મનુની મૂર્તિ અંગ્રેજ જેવી છે તેવી બધી હશે અને અહિંના સલાટો પાસે કરાવી હશે તો માલ વગરની હશે. ભાસ્વતીએ સૂર્યના ડાઘા બતાવવા પ્રયાસ કર્યો.

"બ્હેન ! નજરે જોયા વિના કુતર્ક ઉડાવવા માટે બુદ્ધિ મળી નથી." સંકલ્પકિશોરીએ ઠપકો કહ્યું.

"જે મૂર્તિવિધાયકે ગુજરાતની મૂર્તિઓ ઘડી છે તેણે ગુર્જર સુંદરીની જે અનુપમ પ્રતિમા સ્રજી છે તે ચાલો જોવા. અને પછી જે મત બાંધવો હોય તે બાંધજો." બાલકરામે રસ્તો કહાડ્યો.

"ત્યારે શું, બંગાળાની મૂર્તિઓ એણે નથી ઘડી ?"

"ના, સઘળી મૂર્તિઓ બંગાળામાંથી ઘડાઇ આવી છે. ત્યાં ચિત્ર અને મૂર્તિવિધાનનું અભિનવ ચરણ પ્રકટ્યું છે તેની તો તમને ખબર હશેજ. એ ચરણના પ્રમુખ કલાવીરની દેખરેખ નીચે કામ થયું છે." આમ વાતો કરતાં તેઓ ગુર્જર સુન્દરીની પ્રતિમા પાસે પહોંચ્યાં. દૂરથી જોતાંજ ભાસ્વતી ચકિત થઇ ગઇ.

"શું આ કોઇ ગુજરાતીનું નિર્માણ ?"

"હા, ત્હારા જેવીનો ગર્વ ઉતારવા ફીડીઆસ ગુજરાતમાં અવતર્યો છે." સંકલ્પકિશોરીએ ભાસ્વતીને બનાવી તેમ ચડાવી.

"આખરે ફીડીઆસને જ આણવો પડયો ને ?" ટકોરની સામે ટકોર ભાસ્વતીએ કરી.

"અરે ! પાઇથેગોરાસ જેમ શિષ્ય થઇ આપણા ગુરૂકુળમાં ભણી ગયો હતો તેમ ઉર્વશી જેવું સૌન્દર્ય સૃજનાર નારાયણમુનિ જેવાની સેવા ફિડીઆસે યુગોના યુગો કરી ત્યારે ગુજરાતની પુણ્ય ભૂમિમાં એનો અવતાર થયો."

"હવે ! બન્ને બેનપણીઓ, રમુજની ઝપાઝપી ઓછી કરો. મ્હેમાનો ભરાવા માંડયા છે ને વખત થવા આવ્યો છે."

"બરાબર છે. આ પ્રતિમાનું વિધાન એવું અદ્વિતીય છે કે તેનું આબેહુબ વર્ણન કરવા શક્તિજ નથી મ્હારામાં. કોઇ કવિ અત્યારે હાજર હોત તો કેવું ભાગ્ય !"

"પ્રણયરાજ બ્હારગામ ગયો છે આજે, નહિંતર પકડત એને તમારે માટે ભાસ્વતી બ્હેન ! વિવેચકની વાણી સાંભળવી હોય તો સંભળાવવા સેવક તૈયાર છે." બાલકરામે કહ્યું.

"ભાસ્વતી ! ગીત ઉપાડીશ હું. બાકીનું ભલે એ પૂરૂં કરે."

"એ તમારે અંદર અંદર સમજવાનું છે. મ્હારે તો સાંભળવું છે. જેને સંભળાવવું હોય તે સંભળાવે."

"ગુજરાતની અખિલ સૌન્દર્ય વિભૂતિ આ મૂર્તિમાં ભરી છે." સંકલ્પકિશોરીએ ગીતનો રાહ આલાપ્યો.

"ગુજરાતમાં સુંદરમાં સુંદર સ્ત્રીઓ કોણ છે ?" બાલકરામે ઝીલ લીધી.

"નાગરાણીની કે ખાતરાણીની તોલે કોની ખુબસુરતી છે ?"

"નાગરાણીઓ દેખાવડી હોય છે કબુલ, પણ પોતાની જાત ખુબસુરત હોવાની શેખી કરતાં ક્યારનું શીખી" સંકલ્પકિશોરીએ લીધી ઝપટમાં ભાસ્વતીને.

"તમે પવનની લ્હેરે લ્હેરે લડો એવાં છો. ભાસ્વતી બ્હેનનું કહેવું સાવ ખોટું નથી પણ અધુરૂં છે. ભાટીઆણી, ગરાસણી, શ્રાવિકા, ખોજણ, પારસણ વગેરે નાગરાણીઓથી કે ખત્રાણીઓથી ઓછી કુટડી નથી હતી."

"ભૂલી. સખ્ત ભૂલ ખાધી. આ બધાંની આગળ મ્હારા આદર્શ સાવ ઝાંખા પડશેજ."

"સલાટે બધી સુંદરતાના સુંદરતમ અંશ લઇને એવું સુગઠન કર્યું છે કે જુદાપણું ઓળખાતું નથી; ઓર એકતાનું ભવ્ય અને ઉન્નત-રૂપ એવું આણ્યું છે કે ક્ષણે ક્ષણે નવતા પામતી રમણીયતા મૂર્તિ-મંત થઇ આવી હોય એવો અનુભવ નથી થતો? જુઓ પાસે જઇ, જુઓ આઘે જઇ, જુઓ સામે ઉભા રહી, જુઓ ખુણેથી, જુઓ બાજુપરથી, અંગે અંગની ઉન્નતાવનત રેખા ઉત્કીર્ણ થઇ છે તે? તમારી ગ્રીક ભાવનાને સંતોષ શું પણ ગૌરવ આપે એવું વિધાન નથી?"

"ખરેજ! સલાટના ટાંકણાએ ગ્રીસની કલા ગુજરાતમાં ઉત્પન્ન કરી છે. આફરીન છું એની શક્તિ પર. કેવાં કેવાં રત્નો છે આપણા દેશમાં!" ભાસ્વતી બોલી.

"હવે સ્વસ્થ થઇ ધ્યાન પૂર્વક નિહાળો. મૂર્તિપરનો ભાવ પાશ્ચાત્ય કળામાં નથી હતો એવો કંઇક લાગે છે?"

"એટલે?"

"મુદ્રા યોગનિષ્ઠ લાગે છે? સમગ્ર દેહ પ્રકૃતિનું પ્રતિબિંબ હોવા કરતાં પ્રકૃતિથી પર કશાનું સૂચન કરે છે? ગુજરાજતાના દેહ કરતાં

આત્માનું આરસમાં વિધાન કરવામાં સલાટે સફળતા મેળવી નથી ?"

"પ્રતિમા નરી પ્રતિકૃતિ તો નથીજ. અખિલ દર્શન કલ્પનાની એવી પેગામી સૃષ્ટિ પરંપરા ઉપજાવે છે કે અનંત, સનાતન, વિશ્વનિષ્ઠ તત્વને સાંત, નશ્વર, વિશિષ્ટ કર્યાં છતાં પણ અનંત, સનાતન, વિશ્વનિષ્ઠનો સચોટ અનુભવ થાય છે." ભાસ્વતી વિચાર કરતી હોય એમ બોલી.

"પાશ્ચાત્ય કલાનો ઉદ્દેશ અનુકરણ છે. ભિન્ન ભિન્ન સ્થળે જે ઉત્તમોત્તમ હોય તે પસંદ કરી તેનું સુશ્લિષ્ટ સંયોજન કરવામાં એની કુશળતા સમાયલી છે. અંગસૌષ્ઠવ જેમ રમણીય વિશેષ તેમ ઇશ્વરી અંશ પણ વિશેષ. ગ્રીક કલાએ ઘડેલી ઉત્કૃષ્ટ પ્રતિમા મલ્લના દેહપરથી અને રોમન કલાએ ઘડેલી ઉત્કૃષ્ટ પ્રતિમા રાજ્ય પુરૂષ (Senator) ના દેહપરથી ઘડાઇ છે."

"ખરી વાત છે."

"અનુકરણ કે પસંદગી કરતાં કલાનો ઉદ્દેશ ઉંચો છે એવું આપણા પ્રાચીન કલાવીરોનું માનવું હતું, સ્થૂલ દેહ કરતાં સૂક્ષ્મ દેહ—અંગના લાવણ્ય કરતાં આત્માની વિભૂતિ પૂરેપૂરી સ્રજવી અશક્ય છે છતાં પણ જેટલી સૂચવી શકાય–કાવ્યમાં જેવો ધ્વનિ નીકળે છે એવો ધ્વનિ નિશ્ચેતન પત્થરમાંથી નીકળે તેમાંજ હિંદુ કલાવીરની કલા છે. ઇન્દ્રિયો કરતાં કલ્પનાને એ વિધાન નિરખવાનું છે. અપાર્થિવ, અધ્યાત્મ, અમૂર્તવસ્તુ (abstraction) ને વાસ્તવ કરવાનું છે." વિચાર કરતો કરતો, ઉંડા ધ્યાનમાં ઉતરતો ઉતરતો બાલકરામ બોલતો હતો. હિંદુ પ્રતિમાનો આદર્શ યોગી છે. નથી મલ્લ કે રાજ પુરૂષ. આખી પ્રજાનું અંતિમ લક્ષ્ય વૈરાગ્ય હતું. બ્રાહ્મણ સંન્યાસી થતો, રાજા પુત્રને ગાદી સોંપી વનવાસ લેતો, વૈશ્ય વેપારમાંથી નીકળી સાધુ થતો ત્યાં યોગી એજ આદર્શ

મૂર્તિ હોય ને ? સમગ્ર પ્રજાની જે ભાવના તેનેજ કલા મૂર્તિમંત કરે છે. આપણા દેશની સર્વોત્કૃષ્ટ પ્રતિમા બુદ્ધ દેવની ગણાય છે અને એ પ્રતિમામાં ત્હમે યોગીનું સુંદર અધ્યાત્મ સ્વરૂપ જોઇ શકશો."

"આ વાડીમાંજ બુદ્ધદેવની મૂર્તિ છે. એક પ્રાચીન કલાશ્રેષ્ઠ મૂર્તિપરથી ઘડવામાં આવી છે એવું સેના બ્હેન કહેતાં હતાં. સંકલ્પ-કિશોરીએ ગંભીર વાતચિતમાં માહિતિ ઉમેરી.

"યોગીનું વિધાન કરવામાં કદી પણ એના સ્થૂલ દેહની આબેહુબ નકલ કરવામાં નથી આવતી. પણ યોગથી એના આંતર જીવનમાં થયેલા પરિવર્તનને બાહ્ય સામગ્રીથી જેટલું પ્રકટ કરી શકાય તેટલું કરવા પ્રયત્ન કરવામાં આવે છે શુદ્ધ સાત્વિક આ-ત્માને લાયક દેહ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ગુર્જર સુન્દ-રીની પ્રતિમામાં પૂર્વ પશ્ચિમનો સમન્વય કરવાનો સલાટે પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. અંગ સૌષ્ઠવ ઉત્કીર્ણ કરવામાં સ્હેજ પણ ઓછપ નથી રાખી તેમ આત્માનો વૈભવ આવિર્ભૂત કરવામાં અજબ શક્તિ વાપરી છે."

"આજે ઘણો નવો પ્રકાશ પડયો. ધ્યાનથી પ્રતિમા નિહા-ળવી પડશે." ભાસ્વતી બોલી.

"આ પ્રતિમામાં પૂર્વ પશ્ચિમની શ્રેષ્ઠ કલાનો સમન્વય છે એટલુંજ નહિ પણ અભિનવ ગુજરાતનો દેહ એવો ઉભો કર્યો છે કે કોમળ ચામડીમાંથી લોહીની ગતિ નિરખાય તેમ જોવાની આંખ હોય તો એ દેહમાં વસતા આત્માનાં દર્શન થશે. કેવી રીતે? ફ્રાન્સ ના જગપ્રસિદ્ધ સલાટ રોડિને ખ્રિસ્તી સંત જોહુ-જેને વિશ્વાસીઓ યોહાન કહે છે તેની જે મૂર્તિ ઘડી છે, તેમાં જે અભિનવતા છે, અશ્રાંત ઉત્સાહ શકિત છે, પૃચ્છક ચહેરો છે, સમર્થ વ્યકિત વિ-શિષ્ઠતા છે અને અદ્દભુત તાદ્રશ ગઠન છે તે પાશ્ચાત્ય જીવન અને

કલાવિષયક વિચારણાનો આત્મા જેવી મનોહર રીતે બતાવે છે તેવું જ મનોહર દર્શન આ પ્રતિમા કરાવે છે; શાંતિ છે, સ્વસ્થતા છે, સાથે સાથે ઉત્સાહ પ્રવૃત્તિનો વેગ છે; સ્થૂલ સંસારના સ્વામી થઇ તે સંસારની સર્વ સમૃદ્ધિ તેનાં ઉદ્ધાર પ્રગતિને અર્થે વાપરી તેમાંથી વિરકત થતી વૃત્તિ છે. આખા વિશ્વનું પોષણ કરનાર, ક્ષણે ક્ષણે ભકતની વ્હારે ધાનાર, વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષશય્યાપર સૂતા હોય અને એમને દરકાર નહિં છતાં લક્ષ્મી અને બ્રહ્મા એમનાં સેવા સ્તવન કરતાં હોય એવું લાગે છે ને?

" એટલે? નાથ? ત્હમારૂં રૂપક મ્હારાથી સમજાતું નથી. સંકલ્પકિશોરીની બુદ્ધિ મુંઝાઇ ગઇ.

" અનંત ક્ષીરસાગર, મણિમય શેષનાગ, લક્ષ્મી અને સૃષ્ટિ વિધાયક બ્રહ્માના સ્વામી છતાં ઉપભોગમાં વૃત્તિ નહિં પણ પરહિત-માંજ વ્યાસંગ, ભાવિ ગુજરાતનો એ આદર્શ છે. વેપારથી, કલાથી પરોપકારથી ગુજરાત સમૃદ્ધ હતું અને થશે. "

" બાલકરામભાઇ! કૉલેજમાં તો આનું શિક્ષણ મળતું નથી છતાં કયાંથી આવી સંસ્કારી રસિકતા?"

" ભૈરવનાથ શેઠનો એ સઘ પ્રતાપ. મ્હારા સુપ્ત સંસ્કાર એમણે જાગૃત કર્યા છે અને કેળવ્યા છે. આવતા વર્ષે આપણા નગરમાં કલાભવનની સ્થાપના એમના દ્વારા થવાની છે અને ગ્રેજ્યુએટ થયા પછી હું એ ભવનમાં કલા શીખવાનો છું; એટલે આ વિષય મ્હેં ખાસ વિચાર્યો છે. " પ્રશંસાના પડના ઝબકારામાં બાલકરામનું ભવિષ્ય પ્રસિદ્ધ થઇ ગયું.

" બેંડ વાગવા માંડયું. ચાલો મેમાનો આવ્યાં હશે. "

" હા! હા! સંકલ્પા બ્હેન! મ્હારી તો દ્રષ્ટિજ ફરી ગઇ. કેવી દુરાગ્રહી હું! જો તો ખરી ધ્વજાપતાકા પણ ધ્યાનપૂર્વક

આપણે જોઇ ન્હોતી. ' યુનીઅન જેક ' ઉપરાંત હિન્દુસ્તાનના નકશાવાળી પતાકા છે. આ તોરણ આગળ તો ઘણી સરસ ખૂબી છે. રાજેંદ્ર અને હિંદમાતાની તસ્વીર જોડે ગોઠવી છે. અને બાજુએ Loyalty (રાજ્યનિષ્ઠા) Patriotism (દેશવાત્સલ્ય) ના મુદ્રાલેખ છે. ન્હાની ન્હાની વસ્તુઓમાં પણ કેવો ધ્વનિ ભર્યો છે. ધન્ય છે કરનારની બુદ્ધિને !" ભાસ્વતીએ હૃદયનો ઉમળકો કહાડયો.

" અવનીંદ્રનાથ ઠાકુરે ચીતરેલી હિન્દ માતાની તસ્વીર તમે લાવ્યા હતા તેવી આ છબી તો નથી, સેના બ્હેને નવી ચીતરાવી છે ?" સંકલ્પ કિશોરીએ પૂછ્યું.

" તમારી ઠીક નજર ગઇ. એ છબી નવીજ ચીતરાઇ છે. શેઠ સાહેબ સામેથી આવે છે. ચાલો આપણે પણ જઇ પ્રણામ કરીએ." બાલકરામે કહ્યું.

પ્રકરણ ૪ થું.

" આવો બ્હેનો ! સેનાને મળ્યાં ? બાલકરામ ! સાહેબરામને દીઠો ક્યાંય ? શેઠે ત્રણેના પ્રણામ સ્વીકારતાં જયજય કરી પૂછ્યું.

" અમે આવ્યાં ત્યારે સાહેબરામ ઘેર ગયા અને સેના બ્હેન સજ્જ થવા બંગલામાં ગયાં હતાં." બાલકરામે સર્વેની વતી ઉત્તર આપ્યો.

" ત્હમે સૌ ત્યારે એકલાંજ ફરતાં હતાં અને જાતેજ મળે તેવું આતિથ્ય સ્વીકારતાં હતાં ?"

" હું તો આજેજ આપની વાડીમાં થોડુંક ફરી અને તેની રચનામાં જે જે ભાવો મૂર્તિમંત કરવામાં આવ્યા છે તે વિશે બાલ-

કરામભાઇ પાસેથી વર્ણન સાંભળી અજાયબજ થઇ ગઇ છું. આપની વાડી મેમાનોનું સ્વાગત એવું મજાનું કરે છે કે ખોટજ નથી પડતી. આપણા નગરની શોભામાં આથી વધારો થયો છે. સારો દિવસ એમાં ફર્યા કરીએ તો પણ દિલ તલસ્યાંજ કરે ફરવાને." ભાસ્વતીએ કહ્યું.

" ભાસ્વતી બ્હેન ! ત્હમારી પ્રશંસા માટે પાડ માનું છું. આ નગરમાં જીવન હવે મ્હારે વ્યતીત કરવાનું હોવાથી લોકોદ્ધારક અનેક કર્તવ્યો મ્હારે કરવાનાં છે. સુશિક્ષિત નાગરિકો તેની કદર કરે તો પોરસ વિશેષ ચડે છે. હજુ બગીચો પૂરેપૂરો તૈયાર નથી થયો. થશે એટલે સાર્વજનિક કરવા મ્હારો વિચાર છે." આમ બોલતાં બોલતાં ભૈરવનાથ અને બાલકરામ અને બે સુન્દરીઓ બંગલા નજીક ગયાં ત્યાં સેના વસ્ત્રાલંકારથી પ્રસાધિત થઇ તેમની સંમુખ સરી આવી.

" બ્હેનો ! જરાક મોડું થઇ ગયું. ચાલો હવે મ્હારી સાથે. અભ્યાગત સુન્દરીઓની સરભરા કરવા."

" બ્હેન ! શાસ્ત્રી મહારાજ પધાર્યાં. અહો ! સાહેબરામ ત્હમે પણ આવી પહોંચ્યા." ભૈરવનાથ બોલ્યા. સર્વેએ શાસ્ત્રી મહારાજને નમસ્કાર કર્યા. ભાસ્વતીએ ઈંગ્લીશ પદ્ધતિ પ્રમાણે ડોક સ્હેજ નમાવી. શાસ્ત્રીજીએ સૌને આશિર્વાદ આપ્યા. " શેઠજી ! મધુપર્કની સર્વે સામગ્રી તૈયાર છેને ? મ્હને સોંપી દેશો ? લાટ સાહેબ પધારશે હવે થોડી વારમાં."

" આ સ્હામે આપનું આસન છે. ત્યાં થોડીક વસ્તુઓ હાજર છે, બાકીની બંગલામાં જઈ નોકર સાથે મોકલાવું છું." સેના બંગલામાં ગઇ. ભાસ્વતી અને સંકલ્પકિશોરી અભ્યાગત સન્નારીઓમાં ભળી ઓળખીતી સાથે કલ્લોલ કરવા લાગી. બાલકરામ અને સાહે-

બરામ કોલેજની બાતમીઓનો વિનિમય કરવા લાગ્યા. શાસ્ત્રીજી શેઠને સંસ્કૃત શ્લોક સંભળાવવા લાગ્યા.

" સાહેબરામ ! મધુપર્કના છાપેલા મન્ત્રો અને ભાષાન્તર શાસ્ત્રીજીને બતાવ્યાં ?" એકદમ યાદ આવ્યું હોય એમ શેઠ બોલ્યા.

" જી, અબઘડી બંગલામાંથી લઈ આવું છું."

" ચાલો, શાસ્ત્રીજી, બાલકરામ ચાલો. ગુલાબદાસ, પ્રહ્લાદજી આવે છે." સૌ મેમાન તરફ વળ્યા અને પદવી પ્રમાણે અન્યોન્યનો ઘટિત સંસ્કાર કર્યો. " અમરનાથ ! આજ ત્હમે ઠીક ઘુમો છો." હસતાં હસતાં બાલકરામે અભ્યાગતનું સ્વાગત કરતા અમરનાથને સાબાશી આપી. એવામાં ધીરજરામ, માનાદીન, મુકુંદરામ. ડૉ. છન્નુલાલ, મુગટલાલ વગેરે ગમ્મતી દોસ્તો આવી પહોંચ્યા. અમરનાથ અને બાલકરામ સાથે વાતે વળગી ગયા.

" ઇશ્વરદાસ બેલીફનો આજ અહિં શો ખપ હતો ?" માનાદીને ઉદ્‌ગાર કાઢયો. સર્વેનું ધ્યાન તેના તરફ વળ્યું અને શેઠ ભરતનાથ અને ઇશ્વરદાસને વાતો કરતા સૌએ જોયા.

" આજે અહિં 'એટહોમ' છે એવી ખબર પડી કે શેઠ પાસે આવી આમંત્રણ માગી લીધું. બાકી કોઇના પર વારંટ બજાવવા નથી આવ્યો એ." હસતાં હસતાં અમરનાથે સૌને વાકેફ કર્યા.

ભરતીની વખતે ન્હાનું મોજું આવે, પાછળ મ્હોટું આવે તેની પાછળ મ્હોટું આવે એમ આમંત્રિત સ્ત્રી પુરૂષોની ભરતી થવા માંડી અને સૌજન્યનું લ્હાણું થવા માંડયું. લોકપત્રીસી નાનાવિધની સારી નરસી વાતો કરવા લાગી. કોઇ મેળાવડાની પ્રશંસા કરવા લાગ્યા, શેઠની દીર્ઘદ્રષ્ટિ, રાજનિષ્ઠાની તારીફ કરવા લાગ્યા; કોઇ ગવર્નરની તારીફ કરવા લાગ્યા; ત્યાં ધીરજરામ ધીમેથી પોતાના મંડળમાં બોલ્યો. " સ્વાર્થ વગર કોઇ કાંઇ કરતું નથી. શેઠને

ખિતાબ જોઇએ છીએ અને સરકારમાં મ્હારી પ્રતિષ્ઠા છે એવું બતાવી એને એની મીત્રોના ડીએન્ચર લોકોમાં ખપાવવા છે. કેમ, ઇશ્વરદાસ, ત્હમારો શો મત છે ? અંહિના શેઠીઆનાં કામ ત્હમારે રોજ કરવાનાં એટલે ત્હમને વધારે ખબર હોય "

"ધીરૂ ! ત્હારી નિંદા સામે સખ્તમાં સખ્ત અણગમો બતાવું છું. ત્હારી નજર દુર્યોધન જેવી છે. શેઠ ભૈરવનાથ આપણા નગરમાં આગેવાન થવા પ્રયત્ન કરે છે. રાજા અને પ્રજાની મધ્યમાં રહી બન્નેના વિશ્વાસપાત્ર થઇ બન્નેનું શ્રેય સાધવું એ એમનો અભિપ્રાય છે. કોલેજમાં કાલેજ મ્હારે અને સાહેબરામને આ બાબત વાત થઇ હતી." માતાદીનનો મીજાજ જતાં નિંદાનો નિષેધ કરી ખરી હકીકત સૌ સમુખ તેણે રજુ કરી.

"સાહેબરામ ! એને ધુળની ખબર છે ! વાંચવામાંથી, ભાષણો કરવામાંથી, રમવામાંથી એ કયે દહાડે નવરો થાય છે કે દુનીઆના વ્યવહારની એને આંટી ઘુંટી સમજાય. એ પૃથ્વી પર ફરતો નથીજ. ભાવનામાંજ રમણ છે એનું. માટે એની વાતોમાં લવલેશ પણ વિશ્વાસ રાખીશ નહિ." ધીરજરામે પોતાના મનથી ધાર્યું કે સાહેબરામની ઠીક ખંખેરણી કરી. પાછું યાદ આવ્યું હોય તેમ સ્હેજ અટકેલો બોલવા માંડયો. "હમણાં એનું ચિત્ત ક્યાં ઠેકાણે છે ? ભાવના વાળાઓનો ભરોસોજ નહિ. અભિમાનની વાતો કરે પણ અંદર દાનત જુદીજ. પેલી ભારવતી પર ભાઇનું ચિત્ત સળક્યું છે. અમરનાથ સાવધ નહિ રહે તો એને પણ પસ્તાવાનો વખત આવવાનો છે."

આ સાંભળી સર્વે ખડખડ હસી પડયા. **शांतं पापम् शांतं पापम्** શું માંડયું છે તેં ધીરૂ ! સાહેબરામનું ઉજ્વળ શીલ ત્હારી ધુળથી ઝાંખું નથી થવાનું. જરા તો વિચાર કર. તું ક્યાં બેઠો છે.

હોઠે આવ્યું એટલું બોલતાંજ શીખ્યો છે. કોઇનું સારૂં ત્હારાથી ખમાતુંજ નથી." માતાદીનનો પિત્તો ઉકળ્યો અને લાલચોળ થઇ ગયો.

"મહારાજ, બી. એ. થઇ શેઠની લાગવગથી સારે ઠેકાણે પડવું છે એટલે કરો ખુશામત સાહેબરામની. હું બધું જાણું છું. સાચી વાત કહેતાં હું કદી ડરતો નથી." ધીરજરામે માતાદીનને તડકાવી કાઢયો.

"ધીરૂ ! આપણે જુના દોસ્તો ન હોત અને આજે મેળાવડામાં ટપાટપી ન થઇ હોત તો માતાદીનને પંજે ત્હને ધૂળ ચાટતો કર્યો હોત. હરામખોર ! તું બહુ ફાટયો છે. પણ ચાખીશ કડવાં ફળ એક દિવસ ત્હારી કુબુદ્ધિનાં. હવેથી ત્હારે ને આપણે લેવા દેવા નહિં." એમ ક્રોધથી બોલી માતાદીન ચાલ્યો ગયો અને ધીરજરામની મેહફીલે હાહાહીહીથી આખોપ્રસંગ ગંભીરજ નહોય એમ ગણી કાઢયો.

સેના મધુપર્કની સામગ્રી લેવા બંગલામાં ગઇ હતી ત્યાં સાહે- રામ છાપેલા કાગળ લેવા આવ્યો. "કેમ, સંજીવની ભાભી આવ્યાં?" "અવાય એવું નથી. મ્હને તેમજ એમને બહુ ખેદ થયો. ત્હને પણ થશેજ." સેના કારણ કળી ગઇ. "આવ્યાં હોત તો એમને લ્હેર પડત." વાતચિત કામ પૂરૂં થવાથી ટુંકામાં પતી ગઇ.

બંગલાના પ્રમુખદ્વારમાંથી તેમને નીમરતાં બાલકરામે નીહાળ્યાં. તપોવ્રત યોગીને અકસ્માત દિવ્ય જ્યોતિના પ્રકાશમાં અનુભવેલ પ્રતીતિ થાય તેવું દર્શન તેને થયું. દર્શને ઉદ્દ્ભવ આવેલ વિચારથી ભડકયો અને કોઇ આસુરી માયામાં ઝપટાયો હોય તેમ ક્ષણ અધક્ષણ મુંઝાયો. "આથમતા સૂર્યના પ્રકાશમાં બન્નેની મુખશ્રી કેવી ચળકે

છે. આનનનાં અંગેઅંગ કેવાં સુઘડ અને સુંદર છે ! આંખ અને હોઠની કમાનો કેવી ઘાટિલી છે ! ઘાટ કેવો મનોહર છે ! હોઠ પર સ્મિત કેવું સુરખી રહ્યું છે ! આંખમાંથી કેવાં તેજનાં કિરણ ફુટી નીકળ્યાં છે ! કપાળ પણ કેવું ઝગઝગાર મારે છે ! તંદુરસ્તીના માંસલ ઘાટ અને તેજ કેવાં રમણીય છે ? બન્નેની મુખશ્રીમાં પ્રતાપ, ગૌરવ, સ્નેહ, સાત્વિકતા, કેવાં પ્રકાશે છે ! છતાં જાતિ (Sex) નો ભેદ સામ્યમાં કેવું લાવણ્યમય વૈષમ્ય ઝીણું ઝીણું પાડે છે. વિષ્ણુ અને તેની શક્તિ હારે નહિ આવતાં હોય ! પુરૂષ ગમે તેટલો સુંદર હોય પણ સ્ત્રીની સુંદરતાની સુકુમારતા આગળ એનું સૌંદર્ય નિસ્તેજ પડી જાય છે. કેવું યુગ્મ છે ! દેહમાં તેમજ આત્મામાં પણ અન્યોન્ય ને માટે નિર્માણ થએલું—અરે ! નિર્માણ ! નિર્માણ તો જૂદુંજ થયું છે. પણ આવો વિચાર હોય મ્હારે ! સાહેબરામના સ્વપ્નામાં પણ બ્હેનભાવ સરી જાય એમ નથી. હું આવો વિચાર કરૂં છું એવું જાણે તો એની પવિત્રતા કંપી ઉઠે અને ઘોરમાં ઘોર પ્રાયશ્ચિત્ત કરવા મંડી જાય. સેનાનો ભાવ ખબર નથી. અમરનાથથી એને સંતોષ નથીજ. અને હોય પણ ક્યાંથી ! ગર્દભને માટે ગુલાબ હોય ખરૂં ! પણ નાતોનાં કુંડાળાં જે નકરે તે ઓછું. પણ ભૈરનાથની આત્મજા અપવિત્ર વાંછના કરે એવી નથી. પડ્યું પાનું નીભાવી લે એવી છે. અમરનાથમાં સેનાના નાથ થવાની યોગ્યતા આવે માટે તો શેઠે સાહેબરામને એની કેળવણી સોંપી છે. સાહેબરામ માટે પિતાપુત્રીને અત્યંત સન્માન અને સંપૂર્ણ વિશ્વાસ છે અને એ છે પણ એ સર્વને યોગ્ય." આવા વિચારો સપાટાબંધ બાલકરામના મનમાં ઉઠયા.

"કેમ બાલકરામ, આજનો સમારંભ અવનવોજ હશે. પૂર્વ પશ્ચિમ સંલય પામી અભિનવ સ્થિતિ પ્રાપ્ત કરશે. શેઠની રસશક્તિ

અને દેશવત્સલતા અપૂર્વ છે." પ્રો. અંબેદરાજે વિદ્યાર્થી સમક્ષ હૃદયનો ભાવ વ્યક્ત કર્યો.

"જી, હા. આમંત્રણની પસંદગીમાં, અભ્યાગતની સરભરામાં, સત્કારની વ્યવસ્થામાં–સર્વ વ્યવહારમાં જણાઇ આવે છે કે શેઠની અગ્રણી ભાવના કેવી છે."

અમે કૉલેજમાં સાથે ભણતા ત્યારની એને લોકનાયક થવાની હોંશ હતી. પણ હૃદયનાથ શેઠના આગ્રહથી એને સરકારી નોકરી લેવી પડી. એક રીતે જે થયું તે ઠીક થયું. દશ વર્ષની નોકરીના અનુભવથી લોકસેવા અને રાજસેવા વધારે ઉપયોગી થઇ શકશે; અને અનુભવની પ્રતિષ્ઠા જુદીજ છે. ત્હમે, સાહેબરામ વગેરે શેઠના સામંતો પણ અનુભવ મેળવી સાર્વજનિક કર્તવ્યો આદરશો તો સરળતાથી સફળ થશો. અલબત્ત શેઠ જેવા અનુભવીની તાલીમ અને દેખરેખમાં ત્હમે ઓછા નિપુણ નહિ થાઓ."

"જી, આપનું કહેવું વાજબી છે; પણ વિદ્યાર્થી ઘણીવાર અનુભવની ગરજ નથી સરતી?"

"સરે છે. વેલિંગ્ટનનું વચન છે. 'ઇટનની ક્રીડાભૂમિપર વૉટરલુનું યુદ્ધ જીતાયું હતું.' તેમ રાજ્ય વહિવટમાં પડયા વિના પણ તેનો વિગતવાર અનુભવ મળી શકે છે. આપણા દેશમાં ગોખલેનો દાખલો મશહૂર છે."

"સાહેબરામે તો વહીવટી લક્ષણો કૉલેજની રમત ગમતોમાં, વિદ્યાવર્ધક મંડળીઓમાં અને નગરની અનેક હીલચાલના નિર્વાહમાં એવાં બતાવ્યાં છે કે સરકારી અમલદારો તાજુબ્બ થઇ ગયા છે."

"અંબેદરાજ, ત્હમે આવ્યા તેથી હું ઘણોજ ખુશ થયો છું. આજનું પ્રસાધન કેવું લાગે છે? સાહેબરામ, સેનાને બાલકરામની કૃતિના વિચાર અને નિર્વાહ કેવા લાગે છે?" ભૈરવનાથે આવી

પ્રોફેસર સાથે હાથ હલાવ્યો.

પ્રોફેસર સાહેબ જવાબ આપવા જાય છે ત્યાં પટાવાળો દોડતો આવ્યો કે ગવર્નર સાહેબ પધારે છે.

એકદમ ભૈરવનાથ અને આગેવાન નાગરિકો દરવાજે ગયા. દરવાજાપર ભવ્ય તોરણ, વેલ, પાંદડાં, ફુલ અને ધ્વજાપતાકાનું રચવામાં આવ્યું હતું. પિતળ અને તાંબાના કુંભની માણ ગોઠવી તોરણના સ્તંભ રચવામાં આવ્યા હતા. દરવાજા આગળ ગાડી આવી એટલે ગવર્નર, લેડી શેલી, કમીશનર અને લશ્કરી એ. ડી સી. ઉતર્યા અને ભૈરવનાથ સાથે હસ્તધૂનન કર્યું. સેનાએ ગવર્નર અને લેડી શેલીનાં મીઠડાં લઇ માથાપરથી લૂણ ઉતાર્યું અને કેવડાજળના અભિષેકથી દેશપતિ અને તેની વધૂની આતિથ્યાર્ચના કરી. પાછલી ગાડીમાંથી પ્રાઇવેટ સેક્રેટરી, કલેકટર, કમીશનર પત્ની અને કલેકટર પત્ની ઉતરી આવ્યાં અને યજમાન તથા યજમાન દુહિતાના વિવેકી સૌજન્યનું પાન કરતાં બગીચામાં સર્વની ભેગાં આવ્યાં. બંગલા નજીક આસનો ગોઠવવામાં આવ્યાં હતાં. ખુરશી અને કોચના ઘાટમાં દેશી વિદેશી નમૂનાનું વિલક્ષણ મેળવણ કરવામાં આવ્યું હતું. કોતર કામ ઝીણી વેલબુટ્ટિનું હતું તેમ જાનવરોના અંગોનું પણ હતું. ગાદી દેશી કીનખાબ, રેશમી કાપડ કે પરદેશી મલમલની હતી. સુગંધ અને રંગના બ્હાર બહૂલાવતાં પુષ્પ પાત્રો અને આકૃતિ, રંગ, રૂપની વિવિધતાથી આકર્ષતાં ફળ પાનરોપનાં કુંડાં આસપાસ ગોઠવવામાં આવ્યાં હતાં દેશપતિ અને તેમન વધૂ આસનસ્થ થયાં એટલે શાસ્ત્રીજી અને તેમની શિષ્ય મંડળીએ સામવેદના ગાનથી આતિથ્યના સત્કાર અર્થે કરવામાં આવતો મધુપર્ક વિધિ કર્યો. પશુહિંસા મધુપર્કમાંથી હવે નીકળી ગઇ છે, એટલે અહિં હોવાનો સંભવજ ન્હોતો. લોર્ડ અને લેડી શેલીએ પ્રસન્ન ઉલ્લાસથી હિંદુ વિધિઓના ઉપચાર

સ્વીકાર્યો. ભૈરવનાથ શેઠે ત્યાર પછી નગરના આગેવાન વિદ્વાનો, શ્રીમંતો, વકીલ દાકતરો, વેપારીઓ, અમલદારો, સાધુ સંન્યાસીઓ, શાસ્ત્રીઓ, વિદ્યાર્થીઓ વગેરેનો તેમને પરિચય કરાવ્યો. ગવર્નર મુલાકાત ઓળખતામાં રોકાયા હતા ત્યારે લેડી શેલી સેના સાથે હરવા ફરવા લાગ્યાં અને મળેલી સન્નારીઓ સાથે ભાંગી તુટી ગુજરાતીમાં વાત કરવા લાગ્યાં. એમની મીઠી નજર પડવા માટે હરેક સન્નારી કૃતાર્થ થતી તેમ પોતાની રૈયતને મળવાથી લેડી શેલી પણ કૃતાર્થ થતાં હોય એવો ચ્હેરો પ્રકાશ મારતો હતો. સુન્દરીઓના પહેરવેશ, પ્રસાધન, અલંકાર, અંગસૌષ્ઠવ, આનન ભાવોની ભાતભર કે કૃપણ વિવિધતાનું પાન કરતાં લેડી શેલીને આહ્લાદની સાથે અધિકારની જવાબદારી કેટલી ગંભીર અને વિશાળ છે તે સમજાયું. પાંચ વર્ષ માટે પોતાના પતિને જે પ્રદેશ પ્રવૃદ્ધિપથે લઇ જવા સુપ્રત થયો હતો ત્યાં પતિના અમલદારી ઉપાયો કેટલા બધા પત્નીના સહચાર, સહકારિતા અને સહાનુભૂતિ વિના ન્યૂનતા ભરેલા અને અકસીર નીવડયા વિના રહેવાના ? પાંચ વર્ષની ટુંકી મુદતમાં શું થઇ શકશે ? અમલ સિદ્ધાર્થ થાઓ કે ન થાઓ પણ હિંદી સ્ત્રીજાતિની ઉન્નતિ અર્થે પોતાથી થઈ શકે એવી દીર્ઘાયુ હીલચાલ આરંભવાનો અને ઉદ્દેશની સરળ અને સફળ સિદ્ધિ અર્થે ત્હેમનામાં હળી મળી ત્હેમની સ્થિતિ, રીવાજ, શક્તિ, હાજત વગેરેની ખરેખરી માહિતી મેળવવાનો તેણીનો સંકલ્પ હતો. પ્રભુ પ્રીત્યર્થે મનુષ્ય સેવાનો ઉત્તમ પ્રસંગ પ્રાપ્ત થવાથી ત્હેનું ખ્રિસ્તી હૃદય ઉપકારનત બની સંકલ્પના નિર્વાહ માટે ઘણીવાર પ્રભુ પ્રાર્થના કરતું હતું. આવા મેળાવડાઓમાં સર્વે સુંદરીઓ સાથે સંલાપ કરતાં કો હિન્દી સુન્દરીઓનાં બુદ્ધિ, હૃદય, સંસ્કારિતા એવાં અપૂર્વ અને હૃદયંગમ લાગતાં કે વિલાયતમાં અનુભવની ગેરહાજરીમાં બાંધેલા ખોટા ખ્યાલો માટે

તેને પરતાવો થતો. આવી સંસ્કારી સુંદરીઓનો સમાગમ થવાથી તેનો ઉત્સાહ વધતો અને જનોદ્ધારનું કર્તવ્ય વિશેષ ઉજવળતાથી થઇ શકશે એવી નિરાંત થતી.

શાકયસિંહ રાજમહેલમાંથી નીકળી કુપિલ વસ્તુની નગરચર્યા કરવા નીકળ્યા ત્યારે નાગરિકો જેવા પ્રસન્ન, સ્વસ્થ, ઉલ્લસિત, આરોગ્ય, યુવાન, શ્રીમંત અને રાજભક્ત–શોક, ચિંતા, ઉદ્વેગ, રોગ, જેરી, ગરીબાઇ જુલ્મ તદ્દન વીસરી–ગયા હતા અને તેમની વચમાંથી જતા શાકયસિંહને વિશ્વનાં સંકટોથી અનભિજ્ઞ રાખવા શુદ્ધાદન રાજા તરફથી જેવી મહેનત લેવામાં આવી હતી તેવીજ મહેનત, દરકાર અને ખબરદારી ગવર્નરની નગરચર્યા વખતે કુલેકટર અને કમીશનર લે છે અને પોતે પહેરાવેલા ચશ્માથી જેનું નિરીક્ષણ કરવા દેવું હોય તેનું કરવા દે છે. આ રવૈયો ફેરવવાની આકાંક્ષા ભૈરવનાથને વર્ષોથી હતી. ગઇ કાલે શહેરના એક આગેવાન તરીકે ગવર્નરની મુલાકાત કરવાનો શુભ અપેક્ષિત પ્રસંગ મળ્યો ત્યારે પોતાનાં બુદ્ધિ વૈભવ અને અનુભવ સામર્થ્યથી ગવર્નર પર પ્રતાપી પ્રભાવ પાડયો અને પોતાના નગર અને પ્રાંતની જરૂરીયાતોની વિગતો કરતાં મૂળતત્વો સમજાવ્યાં અને રૈયતના સાચા પરિચયમાં લાવી જરૂરીયાતોની વિવિધતા અને તેમને પહોંચી વળવાના ઉપાયો બતાવવા પોતાને બંગલે પધારવા નિમંત્રણ આપ્યું અને અંગ્રેજ અમલદારોને ગમતી વાત ન હોવા છતાં તે તેમના સંમતિથી સ્વીકારાવ્યું. દરેક મેમાન સાથે ગવર્નરને ઓળખાણ કરાવ્યું અને લેવ્હીમાં કુરસનમાંજ સમાપ્ત થતા ઓળખાણ પેઠે ન કરતાં મેમાનોના જીવન વ્યવહારની ટુંકી પણ મર્મલ હકીકત વર્ણવીને વ્યવહારના પ્રશ્નોથી ગવર્નરને વાકેફ કર્યો. ગવર્નરને થાક તથા કંટાળો ન લાગે માટે બગીચામાં ફરતા ફરતા વનસ્પતિ, મૂર્તિવિધાન કળા, પ્રસાધન, સંગીત,

સૃષ્ટિસૌંદર્યની મઝા માણતાં માણતાં કુનેહથી અને આવડતથી હેતુ પાર પાડયો. સરકારમાં ' સ્ટેટયુટરી સીવીલીઅન ' તરીકે અને પ્હેલા વર્ગના શિ[illegible]ય । એડમી[illegible] તરીકે મળેલા [illegible] અનુભવમાં વેપાર ઉદ્યોગના તાલીમ અને અનુભવનો સંસ્કાર ભળેલો હોવાથી તેમજ વ્યુ[illegible] વિદ્વત્તા તથા અભિજાત સંસ્કારિતાને લીધે ગવર્નરને પોતાપર એવો આફ્રીન કરી નાંખ્યો કે કલેકટર અને કમીશનર તો જોઇજ રહ્યા.

બુદ્ધિ માટે પ્રસાદનું લ્હાણું થતું હતું તેમ ઇન્દ્રીયો—સર્વે ઇન્દ્રીયોની તૃપ્તિ અર્થે ભિન્ન ભિન્ન તરેહની પણ લ્હાણી થતી હતી. બગીચામાં ઠેર ઠેર ન્હાનાં ટેબલો અને ફરતી ત્રણ ત્રણ ખુરસીઓ ગોઠવ્યાં હતાં. સ્વચ્છ ધોએલાં વસ્ત્રો પહેરેલા બ્રાહ્મણના છોકરાઓ હિન્દુઓને ઉપહાર જોઇએ તેમ તેમ પીરસતા હતા. યુરોપીઅન અને મુસલમાનો માટે લાંબા ટેબલપર ફીરંગીઓએ ઉપહાર પીરસ્યો હતો. ઉપહારમાં યુરોપીઅન વાનીઓ ઉપરાંત અનેક દેશી વાનીઓ પણ પીરસવામાં આવી હતી. એ વાનીઓ યુરોપીઅન મેમાનોની પસંદગી પામી યજમાનને ધન્યવાદ અપાવતી હતી. દરવાજા પાસે લશ્કરી બેંડ વાગતું હતું અને એક ફુવારા નજીક દેશી વાજીંત્રો અકબરખાનની ઉસ્તાદીથી બેંડના જેવો સંવાદ ઉપજાવતાં હતાં. મનુષ્ય સમાગમથી અધિક કુતુહલપોષક કે રસોત્પાદક કે વિનોદપ્રદ કાંઇ હોઇજ શકે નહિ એવું માની ભૈરવનાથે મેમાનોની મોઝ ખાતર બીજો કાંઇ પણ બંદોબસ્ત ન્હોતો કર્યો. સંધ્યા પડતાં રોશની જાદુઇ ઝડપથી પ્રગટી નીકળી અને નૈસર્ગિક સૌંદર્યનો ભપકો પૂર મધ્યાન્હમાં કરી દીધો.

સ્હાડાસાત આઠને સુમારે સંતોષ, આનંદ અને આભારથી ઉભરાતાં હૈયે ગવર્નર, લેડી શેલી, અને બીજા મેમાનો સૌ સૌને નિવાસે

પધાર્યાં. છેવટે આમ હતાં તે રહ્યાં.

"હુરકોર શેઠાણી! આજ બહુ કૃપા કરી! બાળકો પર ઓછી મહેરબાની નથી કરી! આપનો પાડ કદી ન્હમ વાળીયું." શેઠે આભારના ઉભળાતા શબ્દો.

"ભાઈ, ત્હમારા મમતા અને સેનાનું હેત એવાં છે કે અર્ધી રાતે બોલાવો તો હાજર થાઉં. તેમાં આજે તો લાટસાહેબના મડમની સરભરા કરવાની હતી આપણે એમના રૈયત છીએ પછી આવ્યા વિના ચાલે? પડ ત્હમારો માનવ નો કે મ્હારે. નહિ તો કયાંથી મડમને મળત હું. બહુજ ભલી અને અશરાફ છે બાઇ. હું આવી પ્રૌઢ વયની છું છતાં એમને મળતાંજ માનું હેત સાંભરી આવ્યું. સાક્ષાત્ જગદંબા પૃથ્વીપર અવતર્યાં હોય અને પોતાની દીકરીઓને બાખમાં લેવા ફરતાં હોય એવો ભાવ થયો, ભાઇ, માનશો? કેવું હેત! કેવો વિવેક! કેવી સુશીલતા! કેવું સૌજન્ય! ન હોય તો અમીરાઇ કહે છે કોને? ખાનદાન તે ખાનદાન. ઉમ્મરે છે ન્હાની પણ અક્કલે છે મોટી. માતાજી એનું કલ્યાણ કરો અને અખંડ સૌભાગ્ય રાખો અને સો દીકરાની મા બનાવો.' ડોસીમાનું, ઉમળાકાના ટાયલા ભર્યું ભાષણ સાંભળી ભૈરવનાથે તેની સરભરા કરવા માંડી "શેઠાણી! આપે ઉપાહાર લાવોને? અથવા ચાલોને આપણે સાથે બેસીએ. કાં! ગઇ સેના?

"બીજે મેળાવડામાં ઉપાહાર લેતી નથી પણ આંહિ તો ચોખ્ખી બામણીઆ રસોઇ હતી એટલે પેટપૂર મ્હેં તો ખાધું છે. માટે હવે તો રજાજ દ્યો. સેનાને ભાસ્વતી ત્હણે ખાનગી ગુસપુસ કરે છે."

શેઠે સેના, ભાસ્વતી, સંકલ્પકિશોરી, કુન્દલતા, અમરનાથ, સાહેબરામ, બાલકરામ, માતાદીન, શાસ્ત્રીજી વગેરે હાજર રહેલાને ભેગા કરી હુરકોર શેઠાણીની હુકમાં રૂચી પ્રમાણે સૌને ભોજન

કરાવ્યું. વાતાવિનોદ કરતાં સૌ છૂટા પડયા. સેના ભાસ્વતીને વળાવતાં વળાવતાં કાનમાં કહેવા લાગી. "પશ્ચાત્તાપ જાણ્યા પછી રોષ રાખીશમાં." તેણે પ્રત્યુત્તર દીધો "હું ખાતરી આપી એટલે થયું. બાકી એની પાસે આવી રીતભાતની આશા ન્હોતી રાખી." સહીઅરો ગાડીમાં બેસવા જતી હતી પણ બાલકરામ માતાદીન સાથે વાતમાંથી નવરો ન્હોતો પડયો તે કુન્દલતાએ બુમ મારી બોલાવ્યો. પાછાં વળતાં સેનાને કાને માતાદીનના શબ્દો અથડાયા. "સાહેબરામ ભાસ્વતીને ચાહે છે." હરકાર શેઠાણીને વળાવવા પિતાએ બોલાવવાથી ઝડપથી ચાલવા જતાં પછીના શબ્દો ન સંભળાયા. શાસ્ત્રીજીની સાથે સાહેબરામે પિતાપુત્રીની રજા લીધી. શાસ્ત્રીજીના સંસ્કૃત પઠનના રસમાં સેનાનું ઉતરી ગયેલું મ્હોં તેણે જોયું નહિ તેમ બેઠેલો સાદ વિચિત્ર લાગ્યો નહિ.

પ્રકરણ ૫ મું.

" 'સાહેબરામ ભાસ્વતીને ચાહે છે.' સંજીવનીનો નાથ પવિત્ર સાહેબરામ પરકીયા ભાસ્વતીને ચાહ્ય એ અસંભવિત છે. સૂર્ય રાતે ઉગે તો પણ સંભવિત નથી. સ્નેહનો કળશ ઢળી ગયો છે. ત્યારે માતાદીન શું કહેતો હતો ? પણ કયાં માતાદીન અને સાહેબરામ વયસ્ય છે કે આવી વાતો અન્યોન્યને જણાવી શકે ? માતાદીન કરતાં તો બાલકરામ સાથે સાહેબરામને ગાઢ દોસ્તી છે. હશે ટીખળ પેલા ધીરજરામનું અને માતાદીન મારફત બાલકરામને આવી આવી અફવાઓ જણાવી હલકા પાડવો હશે સાહેબરામને. હા ! સમજાયું. હવે કોલેજમાં ભાસ્વતી અને એની સહાધ્યાયીનીઓને

ગવર્નર જોવા જતાં સાહેબરામ, ધીરજરામ વગેરે અંતરાય થઇ પડયા અને તેથી ભાસ્વતી ખાસ કરી સાહેબરામ પર ચ્હીડવાઇ અને સાહેબરામને ગફલત માટે પસ્તાવો થયો વગેરે બાબતોને મળવી જોઇએ તેથી વધારે પ્રસિદ્ધિ મળી છે. કાલે રાત્રે કીર્તનમાં પણ પશ્ચાત્તાપને લીધે સાહેબરામ ભાસ્વતીની સ્હામે વારે વારે જોઇ બળતા હતા. તેનો આ નિંદાખોરોએ અવળો અર્થ કર્યો હશે. પણ સાહેબરામપર તો ધીરજરામ આફરીન છે, સાહેબરામને માટે એને માન અને સ્નેહ છે. સાહેબરામની અપકીર્તિ ફેલાવે એવો એ નથી. પણ અપકીર્તિ ફેલાવવાનો દોષ શા માટે દઉં છું ? સાચી વાત હોય તો અસાવધ સાહેબરામની ચેષ્ટા પરથી ધીરજરામ જેવો દુનીઆનો પીધેલ વસ્તુસ્થિતિ કળી કેમ ન ગયો હોય. પણ તું આ શું કરે છે ? સાહેબરામને તું નથી ઓળખતી ? એ પારદર્શક જીવનમાં કહિ તેં મલિનતા જોઇ છે ? સંજીવની પરની એની પ્રીતિનો ત્હને કયાં અનુભવ નથી ? સાહેબરામ પતિવ્રતમાંથી ચળે એવો નથી. વખતે આમ નહિ હોય ? બિચારી ભાસ્વતી પાછળ આખું ગામ આદુ ખાઇ પડયું છે. ઉંચી કેળવણી લેવામાં જાણે મ્હોટો ગુન્હો ન કરતી હોય તેમ લોકો એને બેજાર અને હેરાન હેરાન કરી નાખે છે. સાહેબરામ કરતાં એની બેઆબરૂ કરવાનો એના દુશ્મનોએ આ દાવ નાખ્યો નહિં હોય ? સંભવિત લાગે છે. એમનું શાસ્ત્ર પુરૂષોને સ્ત્રી કરતાં અધિક છૂટ આપે છે. સ્ત્રીની ન્હાની સરખી ભૂલ મહાપાતક સમાન લેખે છે. માટે આ કિંવદંતી સાહેબરામ સ્હામે નહિં પણ ભાસ્વતી સ્હામેજ લાગે છે. ભાસ્વતી પર મ્હને દયા આવે છે. એને આવામાંથી બચાવવી જોઇએ. કાલે સાહેબરામ મળે કે તરતજ આ વાત કહી ભાસ્વતીને ઈન્સાફ અપાવીશ, અને એની પવિત્રતા જગમાં જાહેર કરાવીશ. પણ સાહેબરામ ત્હારી યોજના

અમલમાં મૂકશે ? અલબત્ત મૂકશેજ. મ્હારો બોલ પડયો રહેવા દીધો નથી અને મ્હારી ઇચ્છાઓ આણા પેઠે અમલમાં મૂકી છે. આજેજ ખીજવાયેલી ભાસ્વતાંને શાંત પાડી સાહેબરામ પરનો રોષ દૂર કરાવ્યો. હવે આ અપવાદ એને કાને જાય તો પછી એ નાગણ કેવી છંછેડાશે ? ને છંછેડાય તેમાં એનો શો વાંક ? દુનીઆએ પજવી પજવી એને જનતાદ્વેષી (misanthrope) બનાવી દીધી છે. ભાસ્વતી અને હું સાથે અલક દલક રમતાં. "મારી મૈત્રી થોડી· આમાંથી છે. સાહેબરામ મ્હારા પિતાના અત્યંત વ્હાલા સામંત છે. ભાઇ વગરની સેનાના ભાઇ છે—સગા ભાઇથી પણ વધારે સગા ભાઇ છે. ભાઇ અને બ્હેનપણી વચ્ચે વૈમનસ્ય અને તે પણ કાંઇ પણ આધાર વગર થાય તે કેમ સાંખ્યું જાય મ્હારાથી ? બનતું કરી એખલાસ કરાવીશ બન્ને વચ્ચે અને નિંદાખોરોના કાળાં મ્હો શામગીંજ રહે એવી યુક્તિ કરીશ." રાત્રે સુતા પછી આવા વિચારો સેનાને આવ્યા અને એની ધૂનમાં છેક મોડી રાતે ઉંઘી સારા દિવસનો થાક પણ આ વ્યગ્રતામાં કયાં જતો રહ્યો તે જણાયું નહિ.

શ્રાવણ કૃષ્ણપક્ષનો આરંભ હતો. સુભાગ્યે દિવસે વરસાદે ભૈરવનાથપર મહુરબાની કરી એમનો મેળાવડો પલાળ્યો નહોતો. પણ મધ્ય રાત્રી થતાં વાતાવરણનું ઔષ્ણ્યમાન (temperature) ઉતરી ગયું અને એકદમ થંડક થઈ ગઇ. ભયંકર રાક્ષસી વાદળીઓ ક્ષિતિજમાંથી નીકળી આવ્યાં અને ચંદ્રમા તથા નક્ષત્રોને ગળી રાહુ અને કેતુના ગ્રહણથી પણ વધારે ગમગીની ફેલાવા લાગ્યાં. ચંદ્રે પણ વાદળી સાથે ખેલ ખેલવા માંડયા. સ્થાને રહી, આવે તેની સાથે ભાત ભાતની વિનોદમોઝ માણવા માંડી. કોઈ વાદળીના અંતરમાં સાવ સંતાઇ જતો તો કોઇ વાદળીમાંથી છુપો છુપો ઝાંખો થઇ ગયેલો દેખાતો. કોઇ વાદળીપર ખુશ થતો તો તેને આખી રૂપેરી બનાવતો તો કોઇના કોરછેડા રૂપેરી પ્રકાશથી ચળકતા કરતો. ભેજ·

વાળી હવામાં તરતો તરતો પોતાની આસપાસ પ્રકાશનું કુંડાળું કરી જાણે એવી આગાહી આપતો હતો કે વરસાદ ખેંચી અહિં એકઠો કરવામાં આવ્યો છે અને હમણાંજ મ્હારાં બાણ છોડું છું કે તરત વરસાદ તૂટી પડવાનો છે. અને થયું પણ તેમજ. ફરફર શરૂ થઇ ન થઇ ત્યાં તો કાળી વાદળીઓ ધોધબંધ વરસવા મંડી. સર્વત્ર જળ અને પૃથ્વીના મેળાપથી ગીતનો નિનાદ ગાજી રહ્યો હતો તેમાં ગર્જના સાતા કડાકા અને વીજળીઓના ઝબકારા થવા લાગ્યાં. નિમિષમાં વાદળાંઓના ઉદરને ચીરતી વીજળીની વાંકીચુંકી લતા ઝબકી અપૂર્વ દર્શન કરાવતી. જ્યારે વિદ્યુલ્લતાને બદલે વીજળીનો ચંદરવો દુનિયાપર પથરાતો ત્યારે અંધકારમાં સંતાઇ રહેલી જડચેતનની સંસ્થિતિનું જેને દર્શન થતું તે એ દર્શનની ભવ્યતા અને અપૂર્વ સુંદરતા જોઈ આશ્ચર્ય ચકિત થતું.

કામથી થાકેલી, છતાં મેળાવડાની વિજયસિદ્ધિથી ઉલ્લાસ પામેલી, કિંવદંતીથી ગભરાયેલી છતાં સ્નેહીઓનાં શીલપરના વિશ્વાસથી શાંત થયેલી સેના સ્વપ્નથી વિચારશૂન્ય થઇ હોય તેમ સફાળી ઉઠી પલંગપર બેસી રહી અને સ્હામે બારીના કાચમાંથી જલધારા પડતી અને ચંદ્ર પ્રકાશ તથા વિદ્યુત્પ્રકાશને સાઠમારી રમતાં જોઇ રહી. એની ઇંદ્રીયો બ્હેર મારી ગઇ હોય તેમ સૂનમુન બેસીજ રહી. કુદરતની સહચરી સેનાને આજે તેના સહવાસમાં ઉર્મિ ઉઠી નહિ. હાથે આંખો ચોળી જાગૃત કે નિદ્રામાં છું તેની ખાતરી કરતી હતી ! પણ ત્યારે હાથે મ્હોં ઢાંકી મગજમાંથી કાંઇ ખંખેરતી હોય તેમ ડોકું શા માટે આમ તેમ હલાવતી હતી ? આખરે જડ દેહમાં ચેતન આવ્યું. પલંગમાંથી ઉભી થઇ ખુરસી પરથી શાલ લઈ ઓઢી શયનખંડમાં ફરવા લાગી. ફરતાં ફરતાં ચિત્તની વ્યગ્રતા સ્પષ્ટ જણાતી હતી. બ્હાવરાપણું સંકેલી સ્વસ્થતા લાવવા બારી ઉઘાડી મેઘ સૌંદર્ય નિહાળવા લાગી. પણ આજે ઇંદ્રીયો કોઇ અંતર્વ્યાપારમાં

એવી ગુંથાયેલી હતી કે બાહ્યવ્યાપારમાં તદ્દન બેપરવાજ નીવડી. આખરે મનના અને શરીરના થાકથી થાકી પડી ખુરસીપર. ઘડીઆળમાં બે ટકોરા થયા. કાલદંડે જાણે એની આંધિ જાદુની ફુંકથી ઉશડી હોય તેમ આરામથી ખુરશીપર સુતી સુતી પોતાના વિચાર–શકલો સંકલિત કરી સ્વપ્ન સંભારવા લાગી. રફતે રફતે સ્વપ્નની વીગતે વીગત સ્મૃતિએ ઘાટવાર રૂપમાં ગોઠવી. ગોઠવાયલા રૂપનું સમગ્ર વિમર્શન સેના કરતા લાગી.

" આજ મ્હારી વાડીની શોભા કેટલી બધી દીલપઝીર છે ! પણ એ શોભા દર્શનમાં શી વ્યથા આ ! સેના ત્હારામાં સ્નેહ છે ? કેવો વિચિત્ર સવાલ ! મ્હારામાં સ્નેહ નથી ? પૂછો મ્હારા પિતાને. માડીની ખોટ પડવા દીધી છે મ્હેં એમને ? ગાંડી ! પ્રવંચના જવા દે. પિતા પુત્રીના સ્નેહનો પ્રશ્ન નથી. સ્ત્રીપુરૂષના જાતિગત (sexual) પ્રણય સ્નેહ વિશે સવાલ છે. સમજી. પણ–હિન્દુ સ્ત્રીના જીવનમાં આવો સવાલ સંભવે ખરો ? પાછી પ્રતારણા. ચાલ સીધો જવાબ પૂછું. પાંશરે પાંશરો ઉત્તર આપજે. અમરનાથને તું ચાહે છે ? અમરનાથ સાથે હું પરણી છું. ત્હમને બન્નેને મંગળફેરા ફરતાં દુનીયાં આખીએ જોયા હતા એટલે એ કાંઇ ગુપ્ત વાત નથી કે તું પ્રકટ કરે છે. દાંપત્યજીવન ગાળ્યા અગાઉ હિન્દુ રમણીને સ્નેહની શી ખબર પડે ? સેના ! તું સાધારણ હિન્દુ રમણી છે ? જરા પ્રમાણિકપણે ત્હારૂં દિલ ખોજ. ત્હારા દાદાના અવસાન પછી રાજ્યની નોકરીમાંથી ત્હારા પિતાએ આવી અહિં નિવાસ કર્યો ત્યારથી અમરનાથ ઘણુંખરૂં ત્હારે ત્યાંજ રહે છે ને ? હા. રહે છે. અને મ્હારા પિતાના હાથ નીચે તાલીમ લે છે. એ તાલીમમાં ત્હારો સ્વાર્થ છે કે ત્હારા પિતાનો એકલાનો છે ? સ્વાર્થ ? અલબત્ત છેજ. પતિ દૈવતની સંસ્કારિતા હિંદુરમણીના સૌભાગ્યને ઉજ્જવળ નથી કરતી ? બડી બડી બાત રહેવા દે. ઝીણા સવાલ પૂછવાજ

પડશે. ત્હારા જેવી સુશિક્ષિત સંસ્કારી કન્યાને સ્નેહના સ્વરૂપની પીછાનજ નથી એવું કેમ મનાય ? કબૂલ; અનુભવ નહિં હોય. પણ ત્હારૂં જીવન સાધારણ હિન્દુ રમણી જેવું નથી. જ્યારે તેના હૃદયમાં સ્નેહનો આવિર્ભાવ થાય છે ત્યારે તેનું પાત્ર થનાર હાજર હોય છે. લગ્નથી સંબંધી થયેલા પતિપર ત્હેનો સ્નેહ આસક્ત થાય છે. મ્હારો સ્નેહ જાગશે ત્યારે તે પણ તેનું કુદરતી પાત્ર શોધશે. શું ખરૂં કહે છે કે જાગ્યોજ નથી ? ત્યારે શું ખોટું બોલું છું ? ત્હને ત્હારા પિતાથી ભિન્ન કોઇનો સહવાસ અતિ પ્રિય છે ? ત્હેના આગમનથી પ્રભાતના સૂર્યોદયથી જેવી પૃથ્વી પ્રસન્નોત્સાહી થાય તેવી તું નથી થતી ? ઘણીવાર આગમનની રાહ જોતી ઝંખતી નથી ? જીંદગીની પળેપળ વિષયે વિષયમાં ત્હેનું સ્મરણ નથી થતું ? થતું હશે પણ તેનું છે શું ? અમરનાથ માટે ત્હને આવું થાય છે ? હજુ અમારો સમાગમ ઓછો છે. મ્હારા વ્રતના પાલન માટે મ્હને એટલો બધો આગ્રહ છે કે હાલ હું સમાગમ વધારતી નથી. રખેને નબળાઇથી વ્રતભંગ થાય તો ? હિન્દુ રમણીનો ઇષ્ટ દેવતા પતિ છે અને વ્રતસ્થ સ્ત્રી પતિથી દૂર ભાગે એ આજે સાંભળ્યું. શું ? ત્હમે આવી વાતો કરનાર છો કોણ ? ભાગો આંહિથી નથી વાત કરવી તમારી સાથે મ્હારે.'—આમ વચકાઇ હોય તેમ શાલમાં મ્હો ઢાંકી દીધું પણ વિચારો ધકેલ્યા ધકેલાય એમ ન્હોતું. અનિચ્છા છતાં તેમનો વેગ ચાલુજ હતો. લાચારીથી તેમને વશ થઇ ભાગ્યપરાયણ પરિણામની રાહ જોવા લાગી. 'મુંઝાઓ મા. સેના બ્હેન ! કોનો અવાજ ? સાહેબ—ના પણ અર્ધી રાતે મ્હારા શયન ખંડમાં ક્યાંથી એ ? સેના ? પકડાઇ તું. ત્હારૂં રહસ્ય ખુલ્લું થઇ ગયું. ત્હારૂં દિલ કોનું રટન કરે છે ? દિલને દગો ન દે. બસ, હવે કહેવાનું છે ? કેવો ઠીચકારો આરોપ ? ન્હાનપણથી પિતાની

હું સહચરી છું. ત્હેના ઉચ્ચ-ગ્રાહો, અભિલાષો, વાંછનાઓની જે-ટલી હું વાકેફગાર છું તેટલું કોઇ નથી. એ સર્વને પોષે અને મૂર્ત કરે એવી શક્તિ સાહેબરામમાં પિતાએ જોઇ અને તેને પોતાના નિકટ સંબંધમાં લાધો. હવે સ્વાભાવિક રીતે મ્હારા પિતાના સાથમાં અમે પણ પરિચયમાં આવાએજ. અમારા પિતાપુત્રી જેવોજ એને ને મારે ભાઇ બ્હેનનો સંબંધ જામતો જાય છે. વર્ષ પછી એ વિલાયત જશે અને હું પણ વ્રત સમાપ્ત થયે સંસારમાં પડીશ અને પતિ તથા અપત્યમાં સ્નેહ જાગશે ત્યારે ત્હેની લ્હાણી કરીશ. મ્હારા પતિની ઇચ્છા હશે તો લોકસેવામાં ઉદ્યક્ત થઇશ અને થઇશ તોજ અમારો સમાગમ રહેશે. બાકી બન્નેના માર્ગ નિરાળા છે. હું પર-ણેલી છું અને ભૈરવનાથની દીકરી છું. તે પણ પરણેલો છે અને પત્નીનો વ્હાલો નાથ છે. માટે આવા પાપી વિચારોને પાપનું ક્રંદન કરનાર અંતઃકરણ ! તું ક્યારનું સ્થાન આપતાં શીખ્યું ? હું શી-ખ્યું નથી. કસોટી કાઢવા મ્હારે સેતાનની સાથે પણ મહોબત રાખવી પડે છે. ઠીક. પણ તેથી અકળાવીશ મા મ્હને ?”

ખુરશી પરથી એકદમ કુદી પાસેના ખંડમાં જઇ મ્હો ધોયું અને વસ્ત્રાં ઠીકઠાક કર્યાં. શયન ખંડના ગાલીચાપર બેસી ગઇ અને ધ્યાનનિષ્ઠ થઈ સ્તોત્ર ગણગણવા માંડી. વરસાદ પણ મોળો પડ્યો હતો. કર્કશતા કોમળ મધુરતામાં ફેરવાઇ ગઇ હતી. નિનાદને સ્થાને મીઠા મંદ સુર થતા હતા. સ્તોત્ર પઠનમાંથી સેના પ્રાર્થના કરવા લાગી. ધ્યાનમાં એકતાર થઇ ગઇ.

“હાશ ! હવે સ્વસ્થ થઇ. મન પણ દુશ્મન જેવું છે. એક અપવાદ નિર્મૂલ કરવા તત્પર થઇ છું ત્યાં બીજો ઉભો કર્યો. પ્રભુએ શક્તિ આપી છે હવે મનની પણ સામે થવામાં. પ્રભુનું સહાય છે પછી જખ મારે છે સેતાન. અહો ચાર વાગશે ? કલાક પછી તો

ઉઠવાનો વખત. હવે સુઇને શું કરૂં ? ઉંઘ આવે તો સુઇ જઉં અને વખત થયે જાગીશ. ઉજાગરાથી તબીયત બગડશે." નિશ્ચયપર આવતાંજ પથારી બરાબર કરી સુતી. સુતી ત્યાંજ નિદ્રા આવી અને એવી ગાઢ આવી કે પાંચના ટકોરા પણ સંભળાયા નહિ. 'સ્હાડા પાંચ થવા પણ સેના કેમ ન આવી હજુ ?' કાલનો થાક લાગ્યો હશે તેથી સુઇ રહી હશે. થાક લાગો કે ન લાગો પણ સેનાનું નિયમિત જીવન નિયમભંગ કરતું નથી. તબીયત તો નહિં બગડી હોય ?' ચિંતા થતાંજ ભૈરવનાથ ગ્રન્થાલયમાંથી ઉઠયા અને પુત્રીના શયનખંડ ભણી ગયા. ત્યાં સર્વ શમશમાકાર હતું. ધીમે રહી બારણું ઉઘાડી અંદર પ્રવેશ કર્યો તો સેના શાંત નિદ્રામાં પોઢેલી હતી. નિદ્રાની શાંત પ્રસન્નતાને બદલે મ્હોપર વ્યગ્રતા હતી. સંતોષ ને અભિમાનથી પોતાની પ્રતિકૃતિ નિહાળતો પિતા ઉભો છે ત્યાં સેનાના હોઠ હાલ્યા "સાહેબરામ"

"સેનાને ઉઠાડવી જોઇશે. આજે અત્યારે સાહેબરામ અને એ બન્ને હોડીમાં જવાનાં છે. ભલું ઉંઘમાં એને યાદ રહ્યું છે. બ્હેન ! સેના ! ઉઠો. પોણાછ થવા આવ્યા."

"કોણ પિતાજી ! પ્રણામ છે. આજે વેળાસર ઉઠાયું નહિં. રાતે ઉંઘ ઉડી ગઈ હતી."

"રાતે વરસાદનું તોફાન જેવું તેવું ન્હોતું. ઉંઘમાં ખલેલ પડે એવુંજ હતું. તબીયત સારી છે ને ?

"જી હા ! પધારો આપ. હું નાહી ધોઇ સજ્જ થઇ આવું છું અબઘડી."

"દાસી પાણી પણ ઉન્હું મૂકી ગઇ છે, તૈયાર થઇને આવ. સ્હાડા છએ સાહેબરામ આવવાનો છે ?

"સાહેબરામ આવશે ત્યાં તો હું આવી પ્હોંચું છું." સેનાએ

પિતાને વિદાય કર્યા.

" છે શું ? જ્યાં ત્યાં સાહેબરામનીજ વાત ? પાછી ભૂલ કરીને ? સાહેબરામ પર પિતાજીની એટલી બધી પ્રીતિ વધતી જાય છે કે એના રટન વગર એમની એક ક્ષણ પણ જતી હોય. પણ સેના ! ત્હારા પિતાનું સ્નેહદ્રવ્ય લઇ લેનાર સાહેબરામ પર ત્હને અદેખાઇ નથી આવતી ? અદેખાઇ ! "

ભૈરવનાથના કુટુંબમાં તેનો વસવાટજ નથી. સ્નેહની લ્હાણીમાં જેવી મઝા છે તેવી ઇજારામાં નથી.' આ અને એવા બીજા વિચાર કરતી સેના ન્હાઈ ધોઇ પરવારી. વસ્ત્રો પહેરવાના ખંડમાં ગઇ. ' આજે શું પ્હેરૂં ? થંડક છે. ગરમ કપડાં પ્હેરવાં પડશે. અરે વીસરીજ ગઇ. ' રીગેટા માટે આજે અમારે 'પ્રેકટીસ' કરવાની છે ને ? તેમાંજ પિતાજીએ કહ્યું કે સાહેબરામ હમણાં આવશે. જોઉં કેટલા વાગ્યા છે ? સ્હાડા છ થયા. આવી ગયા હશે,' ઉતાવળથી કપડાં પહેર્યાં; અને દાસી પાસે પ્રસાધન ન કરાવતાં હાથેજ કરી લીધું. બ્હાર જવા બરાબર સજ્જ થઇ નીચે ઉતરી ગ્રંથાલયની બાજુના ભોજનખંડમાં ગઇ તો પિતા પતી અને સાહેબરામની રાહ જોતા બેઠા છે.

અમરનાથ અને સાહેબરામને સાથે જોતાંજ રાતનાં ભૂત ઉભરાયાં. ઘણુંએ ચિત્ત ગમ્મતમાં રોકવા પ્રયત્ન કર્યો પણ અનાયાસે બન્નેનો મુકાબલો થવા લાગ્યો. દરેક સરખામણી સાહેબરામના લાભમાં ઉતરવા લાગી.

"કેમ ! અમરનાથ ! આવો છો જલની સહેલગાહે ?" સાહેબરામે પૂછ્યું.

" ના, ભાઇ ! આજની થંડી મ્હારાથી સ્હેવાશે નહિં. થંડા પવનમાં હોડીમાં ફરવા આવું તો માંદો પડીશ પાછો.

અચિંતવ્યું સેનાને હસવું આવ્યું પણ ચતુરાઇથી ખાળી રાખ્યું. સાહેબરામની તીક્ષ્ણ નજરેજ તે ભાળી ગઇ.

" ત્હમે આજ કયાં લગી જવાના છો ? " શેઠે પ્રશ્ન કર્યો.

" જી, આપણા ઘાટ પરથી નીકળી ફોર્બ્સ ઘાટ જઇશું અને ત્યાંથી બાલકરામને લઇ લેશું. અને શાસ્ત્રીજી તથા હરકોર શેઠાણી આવી શકશે તો તેમને પણ સાથે લેવા વિચાર છે. અમરનાથ આવશે તો મઝા વધારે પડશે. " સાહેબરામે ઉત્તર વાળ્યો.

" જાઓ, ફત્તેહ કરો. અમરનાથની તબીયત હમણાંજ કાંઇ ઠેકાણે આવી છે. એટલે આવવાની ના પાડે છે તે વાજબી છે. અમરનાથ ! બરાબર સુવાણ થયે તમે આ કસરત કરશો તો શરીરને સારો ફાયદો થશે.

" વૈદ્યરાજ, જી, કહેતા હતા કે બ્હારની હવા શરીરને સદતી નથી માટે ઘરમાં ' સેન્ડો 'ની સ્હેલી કસરતથી શરૂઆત કરવી અને વધારે ખોરાક ખાવાની રૂચી થાય એવી દવા આપી છે. આજથી એ પ્રમાણે કરીશ. તરવામાં, હોડી ફેરવવામાં વળી જીવનું જોખમ રહ્યું છે. "

અમરનાથનું બ્હીકણપણું જોઇ શેઠને ખેદ થયો છતાં શરીર સુધારવાની તેની કાળજી માટે ધન્યવાદ આપી તેની યોજનાને પોતાની સંમતિ બનાવી. સસરા જમાઇ વાતે વળગ્યા તે દરમ્યાન સેના અને સાહેબરામ સૌને નમન કરી બંગલા બ્હાર નીકળી ઘાટ પરથી ઉતરી નદી કાંઠે ડક્કા પર ગયાં.

પ્રકરણ ૬ ઠું.

બે કાંઠાની મધ્યમાં નદીનો પ્રવાહ વહ્યો જતો હતો. કાંઠા પરનાં મકાનો અને વૃક્ષોની છાયા જલહૃદય પર પડી હતી અને પવનથી હાલતા પાણીની સાથે હાલતી હતી. સૂર્યોદય થઇ જવાથી જલ પર પ્રકાશ પથરાઇ રહ્યો હતો. પ્રભાતનો ઉત્સાહ જડચેતન સૃષ્ટિમાં તનમનાટ ફેલાવી રહ્યો હતો.

હલેસાં લઇ બન્ને સુહૃદ હોડીમાં બેઠાં. અશન ખંડમાંથી નીકળી ડકકા પર આવ્યાં ત્યાં લગી દરેક જણ વિચાર નિમગ્ન હોય તેમ મૂગાં મૂગાં ચાલ્યાં. હલેસાંની પસંદગી વખતે વાણીનો વિનિમય થયો. શા વિચારમાં બન્ને લીન થયાં હતાં ?

અમરનાથે સહેલગાહે આવવાની ના પાડી તેથી સેના હસી તે સાહેબરામને રૂચ્યું નહિં. સાહેબરામ કયા જમાનાનો હતો ? સ્ત્રીને મન પતિ નિરંતર દેવજ રહેવો જોઇએ ? મનુષ્ય નજ થવો જોઇએ ? હાસ્યોત્પાદક અસંગતિના અનુભવ કાલે હાસ્યને બાળીજ રાખવું જોઇએ ? પુજયના ઉપહાસને વિનયપરાયણ જીવનમાં સ્થાન નથી. પણ સેનાનો સ્વભાવ હસમુખો અને ખુશમીજાજ નથી ? અમરનાથને ઠેકાણે ભૈરવનાથ હોય તોયે હસ્યા વિના તે ન રહેત. ત્યારે દોષ શા માટે દઉં છું ! સેના જેવી વિદુષા, વિદગ્ધ, સંસ્કારી મહેચ્છુ, શક્તિમતી પત્નીનો દેવ થવાની યોગ્યતા અમરનાથમાં નથી તેથી સેના તેના તરફ બેદરકાર રહે છે. અલબત્ત તદન ઉપેક્ષા તેની કરતી નથી એટલે તેનાથી છૂટવાનો-વિદ્રોહ જન્મવાનો-સમય દૂર છે. ભૈરવનાથની કેળવણીએ એ દૂર રાખવોજ જોઇએ. પણ સેના જેવી સંપન્ન સુંદરી પોતાની સ્થિતિ ઉલટાવી નાખે અને અ-

મરનાથને સ્થાને પોતાને મૂકે ને પોતાને સ્થાને તેને મૂકે—પછી અ-યોગ્ય પત્ની સાથે સંસાર માંડતા પતિની કલ્પના કરી લે તો ? ત્યારેજ એની આંખ ઉઘડે અને અત્યારે વિષમ લાગતું જીવન કેવી રીતે શાંતીથી ગાળવું તેની સમજ આવે. અરે ! ભૂલી કેમ જાય છે સ્ત્રી અને પુરૂષના જાતિગત જીવનના ભેદમાં. વિષમ વિષમ છે. એ પડીશ તો કર્તવ્ય થશે નહિં અને સાથે આવેલી સેના ચિત્તભ્રમ ધારશે. આમ અવાક્ આવવાનું અદાક્ષિણ્ય આજેજ આચરાયું.

પણ સેનાને આજે સાથીનું મૌન્ય સાલ્યું ન્હોતું. સાહેબરામ અને અમરનાથને સાથે જોતાંજ રાત સાંભરી આવી. જાતજાતના વિચારોમાં તે ગુંચવાતી જતી હતી. હું પરણેલી છું. મ્હારા પતિ સાથે મ્હારે મ્હારી જીવનયાત્રા ગાળવાની છે. કાળજીથી પિતાએ મ્હને ભણાવી ગણાવી સંસ્કારી બનાવી છે. મ્હારા પતિની કેળવણી અમારા જેવી અશિક્ષિત નાતમાં સાધારણ હોય એમાં નવાઇ નથી. પણ પિતાશ્રી એમને સંસ્કારી બનાવવા નાના પ્રકારના ઉપાય યોજે છે. ઉપાયોથી વવાયલાં બીજ મ્હારા સહવાસમાં પાંગરશે. પણ અત્યારથીજ કેમ તું ધ્યાન નથી આપતી ? ત્હારા પતિથી તું અસં-તુષ્ટ છે એવો અપવાદ લોકોમાં કેમ ફેલાવા દીધો છે ? ખરેજ ! હું બહુ બેદરકાર રહી છું. પિતાએ આજ લગી આપેલા સહવાસે એવા સહવાસની રસીયણ બનાવી છે અને તેના વિના જરાએ ગોઠતું નથી વળી પિતાની ઇચ્છા છે કે સ્વર્ગસ્થ માતાનું સ્થાન મ્હારે પૂરવાનું છે. એમની મેહફીલમાં આવતાં સ્ત્રીપુરૂષોનું વ્યાવ-હારિકજ નહિં પણ બુદ્ધિગત આતિથ્ય મ્હારે કરવાનું છે. ગુજરાતના ઉત્તમ જનોને આકર્ષવાનાં છે અને તેમના બુદ્ધિહૃદયમાં રહેલી સંપત્તિનો વિકાસ કરાવી ગુજરાતની પ્રગતિ ધપાવવાની છે. પત્ની કરતાં પુત્રીના ધર્મો બજાવવાના છે મ્હારે. વળી પતિના અધિક

સહવાસમાં આવતાં વ્રતભંગ થવાની દહેશત છે. મ્હારી સંસ્કારી વાઞ્છનાઓ પિતાના શાગિર્દો (સાગરીતો) તરફથી જેવી સંતોષાય છે તેવી પતિ તરફથી સંતોષાતી નથી. સાહેબરામનો મ્હારાપર અત્યંત પક્ષપાત છે. અને મ્હારો સંસાર સુખી નિવડે માટે તે ઘણો આતુર છે. પતિને હમેશાં મ્હારા સહવાસમાં લાવવા અને મ્હારી સંસ્કાર વાંછના અને કર્તવ્ય દિશાનાં સ્વરૂપ સમજાવવા તે એક તક એળે જવા દેતો નથી. પણ કોણ જાણે ! પતિ દૂરના દૂર રહે છે. શરમાતા હશે ? અમારા બેના મધ્યસ્થ સખા હોયતો સાહેબરામ છે. પણ મ્હારી મુંઝવણો પુરૂષો સમજી શકશે ? સંજીવની મારફત સાહેબરામને એ સમજાવું તો ? સંજીવની મ્હારા સસરાની પડોસમાં ઉછરેલી છે એટલે એમના કુટુમ્બના પરિચયથી મ્હને કાંઇ રસ્તો પણ બતાવશે.

સેનાના જીવનના મહા પ્રશ્નની મીમાંસા હોડી પાસે આવતાં અને ખલાસી પાસેથી હલેસાં લેવાના વખત આવતાં અટકી. કોઇ અકલિત યોજનાથી એ મીમાંસા અમુક નિર્ણયપર આવવાથી સંક્ષોભ રહ્યો ન્હોતો. પૂર ઉલ્લાસથી બન્ને હોડીમાં બેઠાં અને જળયાત્રા કરવા લાગ્યાં.

સામસામાં બેસી હોડી ચલાવતાં એકએકનાં શરીર સૌન્દર્યની છાપ અન્યોન્યપર પડતી. ખીલતાં ફુલ જેવી કુમારીકાનું યૌવન પ્રભાતના સૂર્ય પેઠે અંગેઅંગમાં પ્રકાશતું હતું. સાહેબરામ પણ જુવાનીના આંગણામાં હતો. બન્નેની ઉમ્મરમાં બે ત્રણ મહિનાનોજ ફરક હતો. વીશીમાં કોઇએ પગ ન્હોતો મૂક્યો છતાં વાન વળી ઘાટદાર માંસલ અને તાકતદાર થયાં હતાં. સરખી ઉમ્મર, સરખી કેળવણી અને સરખા ઉદ્દેશોને લીધે સરખા વ્યવસાયમાં બન્નેને એવી મઝા પડતી ! દેવનાં દર્શન કરવાથી સંસારની આધિવ્યાધિ સરી

જાય તેમ સ્હામાં સ્હામાં દર્શનથી બન્નેના તર્ક વિતર્કશીલ સંક્ષોભો પણ શાંત થઇ ગયા. પ્રભાતના પાવક વાતાવરણમાં પુનિત થઇ અવનવો સાત્વિક ભાવ અનુભવવા લાગ્યાં. હોઠ બંધ હતા પણ આંખ ઉંડી ઉંડી વાતો કરતી હતી. છેવટે સાહેબરામનું દાક્ષિણ્ય પ્રકટયું અને પક્ષીઓનાં કલરવમાં મનુષ્યનો મધુર સ્વર ઉમેરાયો.

"સેના બ્હેન! સાડમારીને માટે આપણી સંખ્યા નક્કી છે ને?"

"હા. નક્કી છે. પરમ દિવસે બધાં હાજર રહેવાનાં છે અને સાથે પ્રયોગ અજમાવી જોવાનો છે." "બાલકરામ અત્યારે આવ્યો હોત તો સારૂં. એનામાં સ્હેજ કચાશ છે તે હમ્મેશ પ્રેક્ટીસ કર્યા વિના જવાની નથી. પણ આજ આવ્યો કેમ નહિં?"

"સંકલ્પકિશોરીને હોડીનું જોખમ વ્હોરવું ગમતું નથી એટલે બ્હાનું કાઢી આજ એને આવવા નથી દીધો. પણ ત્હમે જરા વિશેષ આગ્રહ કરશો તો રજા આપશે."

"જોખમથી ડરતો હોય તો નકામો છે. શા માટે સંકલ્પકિશોરીને પણ ત્હમે આ રમતમાં નાંખતાં નથી?"

"હું એ વિચારમાં છું. અમારૂં સ્ત્રીમંડળ બરાબર જામે એટલે નવી પન્હાઇ મંગાવી અમારી નોંખી ટોળી કરવી છે. પણ બાલકરામ નહિં આવે તો શું કરશો?"

"પ્રણયરાજને ત્હમે ઓળખતાં હશોજ. એની કવિતાથી આજે કોલેજીઅનો મુગ્ધ છે."

"હા, શા માટે નહિં? આપણે સાથેજ વાંચી હતી તે દિવસે? એમને વળી હલેસું પકડતાં આવડે છે? એમની સરસ્વતીને સત્યવતી સાથે માયા મહોબત છે કે શું?"

"અરે બડો ઉસ્તાદ વહાણવટી છે. આપણી નદીમાંથી અને ખાડીમાંથી વિશાળ સમુદ્રમાં પોતાની પન્હાઇનું શઢ ચઢાવી સહેલ-

ગાહે એ નીકળી પડતો. શેઠ સાહેબ સાથે એની મુલાકાત કરાવવી છે. મુંબઇથી કાલે રહવારે આવવાનો છે.

" ફારબસ ઘાટ પણ આવી પહોંચ્યો. શેઠાણી અને શાસ્ત્રીજી વાટ જોતાં ઉભાં છે ને ? સાથે નાલકરામ પણ છે ને ?"

"સંકલ્પ ભાભીએ પરવાનગી આપી લાગે છે. લ્યો હોડી કિનારા કને."

"હોડીમાં બન્નેને જોતાંજ કિનારાપરવાળાએ જયજય કર્યો જેનો હોડીમાં યોગ્ય પ્રતિધ્વનિ થયો. શાસ્ત્રીજીને ઝટાકો લાગ્યો હોય તેમ બોલ્યાઃ 'શેઠાણી ! બે સ્ત્રીપુરૂષો અને તે પણ જુવાન સ્ત્રી પુરૂષોને આમ સાથે હરવા ફરવા શેઠ સાહેબ દે છે તે શાસ્ત્ર વિરૂદ્ધ છે, અનુભવ વિરૂદ્ધ છે. પ્રભુ કરે ને પરિણામ સારૂંજ રહે."

" શાસ્ત્રીજી ! આપનો ભય સાચો છે પણ શેઠ બધી બાબતનો વિચાર કર્યા પછીજ પગલું લે છે. એમણે અનેક ઘાટનાં પાણી પીધાં છે તેથી સો ગળણે ગાળ્યા વિના કાંઇ કરતા નથી. પુત્રીને ન્હાનપણથી એવી કેળવી છે કે પુણ્યના પંથેથી ફંટાઇ જવાનું પ્રલોભન એને વશજ ન કરી શકે. સાહેબરામ પરણેલો છે, કુલીન છે, વિદ્વાન છે, સંસ્કારી છે, આબરૂદાર છે.

" સાથે સાથે ફાંકડો અને રસિક છે. સુન્દરીઓનાં ચિત્ત પિગળાવે એવો પણ છે." શાસ્ત્રીએ સાહેબરામની ગુણગણના પૂરી કરી.

" હશે. પણ ધર્મપરાયણ, વિનયી, સંયમશીલ, નીતિનિષ્ઠ પણ એટલોજ છે. હજુ છે તો ન્હાનો પણ એના ગુણોની કીર્તિ સારા શહેરમાં પ્રસરી રહી છે. શેઠે એને નાણી જોયો છે. શુદ્ધ કંચન માલૂમ પડયું ત્યારેજ પોતાની દીકરીનો સાથી બનાવ્યો છે. પુત્રહીન શેઠના પુત્ર જેવો એ છે. ભાઇ અને બ્હેન છૂટથી હરી ફરી ન શકે તો કોણ હરશે ફરશે ?"

"આ શેઠાણીના પોતાના વિચાર હશે કે શેઠ સાહેબના વિચારોના પડઘા હશે." બાજુમાં દૂર ઉભેલા બાલકરામને સંશય ઉઠયો.

આરેઅગમ અને સેના બ્હેન જેવાં પવિત્ર અને આસ્તિક મળવાં મુશ્કેલ છે. છતાં આપણાં શાસ્ત્રો ઘી અને અગ્નિને નિકટ વસવાની મના કરે છે. આજકાલ આવલું પાશ્ચાત્ય શાસ્ત્ર મના નથી કરતું પણ અમારા પ્રાચીન મહર્ષિઓના અનુભવ અમારાથી ઉવેખાતા નથી." એટલામાં તો હોડી પાસે આવી પ્હોંચી. સાહેરામે ઉભાં થઇ કિનારા પાસે સ્થિર રાખી બેનારૂઓને હાથ આપી અંદર લીધાં. બાલકરામે સેના પાસેથી હલેસું લઈ તેનું સ્થાન લીધું. સેના અને શેઠાણી સાથે બેઠાં પણ સાંભર્યું હોય તેમ ઉઠી સેના સુકાન આગળ જઇ બેઠી. અને શાસ્ત્રી તથા શેઠાણી હોડીનાં વચગાળામાં રહ્યાં. હોડી પાછી નદીની મધ્યમાં ચાલી. શેઠની ખબર અંતરો પૂછાઈ.

"શાસ્ત્રીજી ! મ્હારા જેવી ડોસી આવી સહેલ અમથી નથી કરતી. સેના એકલી પુરૂષોના સહવાસમાં ન ફરે માટે એની પુરંધ્રી સંભાળ રાખવા હું બધે આવજા કરૂં છું. શેઠે મ્હારા માથે એ કામ નાખ્યું છે." એક પારથી બીજે પાર હાડીઆને લઈ જતી હોડો સાથે પોતાની હોડી અથડાય નહિ તેની ગરબડમાં હલેસાંહારો અને સુકાનદાર પડયાં હતાં ત્યારે ધીમે અવાજે શેઠાણીએ ખુલાસો કર્યો અને શાસ્ત્રીને સ્વસ્થ કરવા પ્રયત્ન કર્યો.

"શાસ્ત્રીજી, આવા નૌકા વિહારની હ્હેજત આપણા દેશમાં પૂર્વે મણાતી કે ? બાલકરામે પૂછ્યું." "મણાતી હશે પણ સર્વ સાધારણ તો ન્હોતીજ. શ્રીમંતો અને રાજવંશીઓ એવી મોજ ચાંદનામાં લેતા હશે પણ કસરત ખાતર હાલ તમે ગમ્મત ક્યો છો તેમ તો નહોતુંજ."

" તેમ કુલીન કન્યાઓ કે સ્ત્રીઓ એકલી કે પુરૂષના સહવાસમાં નહિંજ આવો વિહાર કરી શકતી હશે ? " બાલકરામે શાસ્ત્રીને બીજો પ્રશ્ન પૂછયો.

" અલબત્ત નહિંજ " ઘરમાં સ્ત્રીનું રાજ્ય છે. ત્યાં મ્હાલવા અને મઝા માણવા તેને પૂર્ણ છૂટ છે. કુટુમ્બનું સંરક્ષણ અને પોષણ તેનાથી છે અને કુટુમ્બ સમગ્ર પ્રજાનું બીજ જેવું અંગ છે. માટે વિલાસની તે અધિકારી નથી. કુટુમ્બ સેવામાં આત્મવિલોપન કરવાનું છે અને વિલાસાહુતી આપવાની છે. પતિ કુટુમ્બનો અંગભૂત હોવાથી દરેક અંગના જેટલીજ એની સેવા કરવાની છે. ધર્મ સાહચર્ય સિવાય ઇતર સાહચર્યને અવકાશ નથી. વત્સલ માતા તરીકે એટલી બધી ફરજો બજાવવાની છે કે આવા વિહારો તેને આકર્ષી શકતા નથી. "

" શાસ્ત્રી મહારાજ ! અમુક પરિસ્થિતિમાં એવું જીવન ધર્મ્ય હતું પણ અત્યારે એનો હ્રાસ નથી થયો ? દેશમાં પ્રવેશતી નવી પરિસ્થિતિમાં કુટુમ્બ જીવન પણ પલટાતું નથી ? પરિણામે સ્ત્રી જીવનના આદર્શ પણ ફરવા નથી ઘટતા ? સેનાએ ગંભીરતાથી પૂછ્યું. "

" સંયુક્ત કુટુમ્બો વિભક્ત થવા લાગ્યાં, નગરોમાં વસવાટ વધવા લાગ્યો, સાયન્સથી વશ થયેલી કુદરતની શક્તિઓ મનુષ્યની સેવામાં હાજર રહેવા લાગી છે. અંગ્રેજી કેળવણીને લીધે કુટુમ્બ જીવનની ભાવના બદલાઇ છે. રહેણીનું ધોરણ સાદું મટી વિશેષ રસિક, વિલાસી, એશઆરામી થતું જાય છે. ખર્ચો મોંઘવારી અને રહેણીની પદ્ધતિ ફેરવવાથી વધ્યા છે. સ્ત્રીઓ કુટુમ્બ જંજાળમાંથી એક રીતે મોકળી થઇ છે, અને બીજી રીતે પોતાનાં બાળકોનાં યોગ્ય ઉછેર શિક્ષણની જોખમદારી તેને શીર આવતી જાય છે. કેળ-

વર્ણીના વધતા જતા વેગની સાથે સ્ત્રીઓ રહી શકી નથી. નવરાશ, પદવિ, લક્ષ્મી આદિનો જમાના મુજબ કરવો જોઇતો ઉપયોગ કરતાં તેમને આવડતું નથી. કુટુમ્બ કે નાત કરતાં વિશાળ અને ગંભીર દેશજીવનના પ્રશ્નો કુટુમ્બમાં હવે ઉકેલવાના છે. પુરૂષોની સંસ્કાર વાંછના ઉન્નત થતી જાય છે. જમાનાની અગવડ સગવડની વ્યવસ્થા કરવાની છે, વગેરે વગેરે તરફ જોતાં પ્રચલિત જીવન વ્યવહાર બદલાવો જોઇએ, બદલાતો જાય છે. ફક્ત આપણે તેને યોગ્ય રીતે બદલીશું તો આપણે અને દેશ સુખી થઇશું." સાહેબરામે હલ્લેસાં મારતાં સેનાના પ્રશ્નને સમર્થન આપ્યું.

" આ ઉમ્મરે મ્હને તો એવો અનુભવ થયો છે કે જમાનો બદલાયો છે એ બરાબર સમજી આપણે સુખી કેમ થઇએ તેના ઉપાય કેડ બાંધી યોજવા જોઇએ. હતું તે રહેવાનું નથી. રહે તેટલું રાખવું; બાકી નવું જેટલું સારૂં મળે તે લેવું. દેખાદેખી નકલ કરવા કરતાં આવશ્યક કેટલું છે તે વિચારી નાણી સ્વીકારવું." હરકોર શેઠાણીએ પણ ટાપસી પૂરી.

" તમારી સૌની વાત સાચી હશે. યુગતો બદલાયો છે. શાસ્ત્ર હડહડતો કળીયુગ બેસવાનું કહે છે. તમને અંગ્રેજી ભણેલાઓને સત્યયુગ બેસતો લાગે છે, તમારે બધું પાશ્ચિમાત્ય કરવું છે. અમારે અમારા મહર્ષિઓની સનાતન વ્યવસ્થા જાળવવી છે. એને તમે ધોકો નહિં પહોંચાડો ત્યાં લગી આપણી તમને મદદ છે. અલબત્ત શેઠ સાહેબ અને શેઠાણી જેવાના હાથમાં સૂકાન છે ત્યાં લગી અમારા સંસારને બુડવાનો ભય નથી."

" શાસ્ત્રી મહારાજ ! બાપુની પ્રેરણાથી હરકોર શેઠાણી નગરમાં આ મંડળ સ્થાપવાનાં છે. એ મંડળદ્વારા અજ્ઞાન ફેડી જ્ઞાન ફેલાવવું છે. ગૃહવ્યવહાર સારી રીતે અને કસરથી કેમ ચલાવવો,

બાળકો કેમ ઉછેરવાં, કસરત અને વિનોદથી શરીર અને મન તંદુરસ્ત કેમ રાખવાં, નવરાશ કેમ ગાળવી, રોગપરિચર્યા કેવી રીતે કરવી, ગૃહકલાઓનું સુંદર વિધાન કેવી રીતે કરવું, દેશનો ઉદ્ધાર કરે એવા દેશજન કેમ કેળવવા વગેરે વગેરે વિષયોનો અભ્યાસ તેમની પાસે કરાવવાના છે. ગાયનો, ભાષણો, મેળાવડાઓ, કથા, કિર્તન વગેરે મારફત વિષયોનું જ્ઞાન ફેલાવવા ધારણા છે." સેના બોલી."

"હા, શેઠ સાહેબે વાત કરી હતી, કથા કરવાનું મ્હને સુપ્રત પણ કર્યું છે. કથાઓ નવી ઢબપર કરાવવા વિચાર છે. એક દિવસ ત્રણ ચાર કલાક સાથે ગાળી અમે કથાનું સ્વરૂપ નક્કી પણ કરવાના છીએ. શેઠ જેવા આસ્થાવાળા ધર્માત્માના હાથથી જે પુણ્યકામ નહિં થાય તે ઓછાં છે. મ્હારી પાઠશાળાનો પણ અભ્યાસક્રમ ફેરવાવી તેને મોટા પાયાપર મૂકવાનો પણ એમનો વિચાર છે. જ્યાં લગી દેશમાં એમના જેવા નાયક છે ત્યાં લગી–સનાતન ધર્મને લેશ પણ હાનિ નથી પ્હોંચવાની. તમારી યોજના વ્યવહારૂ અને શાસ્ત્ર સંમત છે."

"મ્હેં આખી જીંદગી ઘરમાંજ કહાડી છે. નોકર ચાકરો પુષ્કળ હોવાથી કામકાજ હતુંજ નહિ પણ હૃદયનાથ શેઠના સહવાસે વાંચવાની લત લાગેલી. પછી ભૈરવનાથની બુદ્ધિ જોતાં એના પર માયા થઇ અને અમે ઘણા ગ્રન્થો સાથે વાંચતાં. નોકરીપર જોડાયા પછી પણ કાગળપત્ર અમે લખતાં અને આવી બાબતો ચર્ચતાં. આથી હું વાંચી બાઝું શકી અને અવલોકનની ટેવ પાડી આપણા સંસારના ઘણા રોગ પારખી શકી હવે ભૈરવનાથે મ્હને આપણા નગરમાં હરોળમાં પડી સ્ત્રીઓની ઉન્નતિ અર્થે સેવા કરવાનો આગ્રહ કર્યો એટલે મ્હારી નવરાશ, ભણતર, પૈસો, વગ બધું

મ્હારી બ્હેનોની તહેનાતમાં મૂકવા તૈયાર થઇ છું. ઘડપણમાં હું જુવાન થઇ છું. ઘરની દીવાલો ઓળંગી વિશાળ આકાશ નીચે આવી છું શા માટે ? હડહડતો કળિયુગ ક્યારનો બેસી ગયો છે. તેને દૂર કરી સત્યયુગ લાવવો જોઇએ. જેને પ્રભુએ એ કાર્યમાં નિમિત્ત કર્યાં હશે તેને સેવા સાધવાની છે. માટે લાંબું પાંડિત્ય કરવા કરતાં કામ કરવું એટલું સમજી છું. સનાતન ધર્મ પ્રભુને વહાલો હશે તો મનુષ્યથી તે નાશ પામવાનો નથી. નહિ હોય તો આપણાથી સાચવ્યો સચવાવાનો નથી. " હરકોર શેઠાણીએ આત્મ કથા કહી.

" આઠ વાગવા આવ્યા. હવણે મ્હારૂં ઘર આવે છે ત્યાં હું ઉતરી જઇશ. બાલકરામ તમે સેના બ્હેનને પ્હોંચાડી આવશો ? " સાહેબરામે સાની વાતમાં જૂદોજ સવાલ કર્યો.

" ખુશી સાથે. " બાલકરામે સ્વીકારની લાગણી દર્શાવી.

" ત્હમારૂં ઘર આવ્યું ? ઠીક આટલામાંજ અંગ્રેજ કન્યાઓનું ગુરૂકુળ છે ત્યાં મ્હારે સાડા આઠે જવાનું છે. એટલે હું તમારા ભેગી કિનારે ઉતરીશ. આટલામાં ગાડી મળશે ને ? ન મળે તો ટ્રામમાં જવાય છે ત્યાં ? " શેઠાણીએ પૂછ્યું.

" અહિં ઉતરવાની જરૂર નથી. અમે હોડી થોડેક આગળ લઇશું એટલે એ ગુરૂકુળનો ઘાટ આવશે ત્યાં તમે ઉતરી પડજો. " સાહેબરામે રસ્તો બતાવ્યો.

" સાહેબરામ ! તમારા ઘર પાસે આ સુંદર મકાન શેનું છે ? મસિદ છે કે રોજો ? " સેનાએ પૂછ્યું.

" બ્હેન મસિદ છે ને રોજો પણ છે. મિનારા જોયા ? અમદાવાદમાં રાણી સીપ્રીની મસીદનાં છે તેથી પણ નાજુક અને ઘાટદાર છે. અને મસિદમાં ખુતબો પઢવાના તખ્તપરના મહેરાબની

જાળી ઘણી રીતે અમદાવાદની જગવિખ્યાત જાળીથી જરા પણ ઉતરે એવી નથી." સાહેબરામે પ્રશંસા કરવા માંડી.

"શાસ્ત્રીજી, અત્યારે ક્યાંય જવું ન હોય અને અંગ્રેજોના મકાનમાં જવાથી અભડાતા ન હો તો ચાલોને મ્હારી સાથે !"

"સંધ્યા પૂજા કરી નીકળ્યો છું. ઘેર જઇને ફરી ન્હાવું તો પડશેજ. ચાલો તમે જાઓ છો ત્યાં વાંધો તો નજ હોય. જીભ્યા કરતાં જોયું ભલું." શાસ્ત્રીજીએ શેઠાણીની દરખાસ્ત વધાવી લીધી.

મડમ ઘાટ આવતાં હરકોર શેઠાણી અને શાસ્ત્રી ઉતર્યા અને ગુરૂકુળમાં પ્રવેશ કર્યો. હોડી પાછી ફેરવી સાહેબરામ પોતાના નિવાસ આગળ ઉતર્યો. સેનાએ સંજીવનીને જય જય કહેવડાવ્યા.

"બ્હેન ! ત્હમારે હોડીમાં ન જવું હોય તો ટેલીફોન કરી ગાડી મંગાવું. સાથે ખારવા પણ આવશે." "ના, ના, મ્હને હલેસાં મારવાની મોઝ ઓર પડે છે. વળી બાલકરામભાઇને થોડીક "પ્રેકટીસ" પણ કરવાની છે, એટલે અમે સાથે હંકારી જઇશું. હું હવે કાબેલ થઇ ગઇ છું. ચિંતા રાખશોમાં."

જય જય કરી સ્નેહીઓ છૂટા પડયા. આજે સેનાએ સાહેબરામ પાછળ વળતી દ્રષ્ટિ વાળી લીધી અને નગર શોભા કરતાં જલ લક્ષ્મી જોવામાં ચિત્ત પરોવવા લાગી. સૂર્યના કુમળો પ્રકાશ જલપર સર્વત્ર છવાયો હતો.

"સંકલ્પ કિશોરીને સાથે કેમ ન લાવ્યા ? સ્હવારના પહોરમાં ખુલ્લી હવામાં ફરવાથી શરીરની તાજગી ઉજમાળી થાય છે. આપણી સ્ત્રીઓને હાલ એવી કસરતની જરૂર નથી ?"

"જરૂર છેજ. સંકલ્પાનું શરીર પણ રૂષ્ટ પુષ્ટ નથી કે વ્યાયામની દરકાર ન હોય. પણ ગજા ઉપરાંત કેટલીક વાંછનાઓ હોવાથી વાંછનાઓજ રહે છે."

" ભૂલીજ ગઈ. સ્હવારમાં રાંધવા વગેરે ઘરકામમાંથી છૂટા નજ થઈ શકાય. પણ સ્હાંજે તો નદી કાંઠે કે બાગમાં તો જાઓ છો ને ? "

" સાંઝે નિરંતર જવાનું બની શકતું નથી. કોલેજમાં રમવામાં રોકાઈ જવાથી ઘેર છેક રાતે જવાય પછી બ્હાર ફરવા સાથે ક્યાંથી તેડી જવાય ? અને ઘરથી બાગ કે નદી કાંઈ ઢુકડાં છે ? હજુ આપણી સ્ત્રીઓ એકલી ફરે એવી હિમ્મતવાન ક્યાં થઈ છે ? પણ ઘરમાં નિયમિત કસરત કરી સ્નાયુઓનો વિકાસ કરવાનો રીવાજ રાખ્યો છે. પોળમાં ઘર હોવાથી શુદ્ધ ચોખ્ખી હવાની ખોટ રહે છે. બાકી સ્વચ્છતા, પૌષ્ટિક ખોરાક, નિયમિત જીવન વ્યવહાર વગેરેની કસરત જેટલીજ ઉપયોગી સોઈ સાચવીએ છીએ. આવા ખરચાળ વિનોદ પાલવે એમ નથી. "

" એ બધી અડચણો કંઈક અંશે દૂર થાય માટે પિતાજીને હરકોર શેઠાણીએ પોતાની મોટી હવેલી એ માટે સોંપી છે. ત્યાં નિશાળ, વ્યાયામશાળા, ઔષધાલય, ગ્રંથાલય, વિનોદાલય વગેરેની વ્યવસ્થા કરવાની છે. શેઠાણીથી તમે બહુ દૂર નથી રહેતા, નહિં ? "

" શાખ પડોસી જેવાં છીએ. મ્હેં થોડીક વાત એમની પાસેથી શેઠ સાહેબ પાસેથી અને સાહેબરામ પાસેથી સાંભળી છે. નવરાશના વખતમાં આ સંસ્થાની સેવા કરવાનું સંકલ્પ કિશોરીએ સ્વીકાર્યું છે. "

" એ સાંભળી હું બહુ રાજી થઈ. બીજી પણ યોજના છે. તમારી પડોસમાં માતાનું જીર્ણ મંદિર ને વાડી છે તે પણ તેના માલેક પાસેથી ઉપયોગમાં લેવાનાં છીએ. મંદિર સમરાવી અંદર રમણીય મૂર્તિ સ્થાપવાની છે અને વાડી હાલના બગીચામાં ફેરવી નાખવી છે. એ વાડીમાં ફુરસદે સ્ત્રીઓ અને બાળકો ફરી શકશે.

કોઇ પણ પુરૂષને ત્યાં જવા મના કરવામાં આવશે. વાડી વિશાળ છે તેમ ફુવારાની રચનાથી તથા સ્વચ્છ ઑકિસજન વધારે મળે એવી કૃત્રિમ યોજનાથી ખુલ્લી ચોખ્ખી હવા લેવાની જોગવાઇ થઇ શકશે. ત્યાં હીંચકા બાંધવામાં આવશે તથા બેડમિન્ટન કોર્ટ કરવામાં આવશે. કથા કીર્તન માટે પણ ઓરડા બાંધવામાં આવશે ”

“ શેઠ સાહેબના શહેરમાં આગમનથી શહેરીઓનાં ભાગ્ય ઉઘડયાં છે. પ્રભુ એમના જેવા શ્રીમંતને લોકસેવાના આવા જરૂરી રસ્તાઓ દેખાડે. પણ આમાં લોકોએ પણ આગેવાની લેવી જોઇએ. ”

“ બીજા એક ગીચ લતામાં સરકાર, મ્યુનીસીપાલીટી અને સ્વામીનારાયણના મહારાજની મદદથી એક આવીજ વીશાળ વાડી રચવાની છે. આ બધું કામ જલદીથી અને કાળજી દેખરેખ તળે થાય માટે ભાસ્વતીના વરની બદલી આંહિ કરાવવા પિતાજીને જબરી લાગવગ વાપરવી પડી છે.” સેના જાતપર જઈ વાતોડીયણ થઇ ગઇ.

“ જ્યોતિરિન્દ્ર આંહિ આવશે તો ભાસ્વતીની એમ. એ. કે એલ. એલ. બી. લગી ભણવાની મુરાદ હાંસલ થઇ શકશે. ”

હલ્લેસાં મારતાં મારતાં બીજી વાતને અભાવે અગાઉ થએલી વાત ચાલુ રાખી કાલક્ષેપ કરતાં હતાં ત્યાં ભાસ્વતીના નામોચ્ચારથી ગઇ રાત્રે ભાસ્વતી અને સાહેબરામના સંબંધમાં સાંભળેલી કિંવદંતી વિશે સાચી હકીકત મેળવવા સેનાને કુતુહલ થયું.

“ કોલેજમાં પરમ દિવસ ભાસ્વતી અને બીજી વિદ્યાર્થીનીઓને બારીએથી ગવર્નરનાં દર્શન કરવામાં સાહેબરામ અંતરાય રૂપ થયા તેથી જાણે કેવું પાતક કર્યું હોય તેમ એ ભલા માણસનો જીવ બળયા કરતો હતો. અંતરની વેદના એનાં પ્રમાણિક હૃદયે દીલસોજીની આશામાં જાહેર કરી પણ પરિણામ વિપરીતજ આવ્યું. ”

"ત્યારે તમારે કાને પણ અપવાદ આવ્યો છે? પણ અપકીર્તિ પાપીનાં કલંક ધુવે છે, તો નિષ્કલંકની ઉજવળતા વિશેષ પ્રકાશશે. આવા નજીવા પ્રસંગમાંથી ગંભીર ફલ ન નીપજવાં જોઇએ. સાહેબ-રામપર ભારવતીને હાડેહાડ રોષ વ્યાપ્યો છે એમ સાંભળ્યું છે" સેનાની જાળમાં બાલકરામ સપડાયો અને સાહેબરામ પરના પક્ષ-પાતે તેનાપર આવેલાં વાદળને દૂર કરવા તેના બે સ્નેહી વચ્ચે વાતચીત રૂપી આવેલી તક સાંધી.

"વસ્તુસ્થિતિ સમજાવી મ્હેં એને શાંત પાડી છે. અને પિતા-શ્રીએ પણ સાહેબરામની અનુતમ વિહ્વળતા હોલવી છે એટલે બન્ને વચ્ચે વૈમનસ્ય નાશ પામ્યું છે. જ્યોતિરિન્દ્ર આવશે એટલે સાહેબરામ સાથે એને સારો સ્નેહ જામ્યા વિના રહેવાનો નથી. પણ અપવા-દનો ભડકો બીજે સળગ્યો." હજુ મુદ્દાની વાત પકડાઇ ન્હોતી એટલે બાલકરામના શબ્દોપરથી મભમ ઉદ્ગાર કહાડયો.

"ધીરજરામનું કુદરાન છે. પશ્ચાત્તાપથી બળતા સાહેબરામને એણે સ્નેહથી ઝુરતો કલ્પી લીધો છે અને એની ટેવ પ્રમાણે પોતાના દોસ્તદાર ભાઇબંધોમાં યદ્વાતદ્વા બોલ્યો હતો પણ સાહેબરામની પવિત્રતાનો પ્રતાપ એવો સમર્થ છે કે માતાહીન જેવાનો પિત્તો ઉકળ્યો અને નિંદાનો તરતજ તેણે નિષેધ કર્યો. એ તો ધીરજરામને ઠેકાણે લાવતાં મ્હને આવડે છે. નિંદા ફેલાવતાં તેમ નાબૂદ કરતાં પણ તેને આવડે છે. એ તો આ વખતે શીલ્ડ મેચમાં કેપ્ટન એને થવું હતું પણ બધાએ એકમતે સાહેબરામને કેપ્ટન નીમ્યો તેથી સાહેબરામપર પ્રીતિ હોવા છતાં એની હલકાઇ આમ કોઇ કોઇ વાર બ્હાર નીકળી આવે છે."

આવા માણસ સાથે સાહેબરામને અને તમને ફાવે છે ભલું?"

"ધીરજરામ જેવો ઉસ્તાદ બોલર અને સચોટ તકતા કોલે-

જમાં નથી. તેમ દિલનો ઉદાર, અને સૌનું કામ કરી છૂટે એવો છે. જીભનો બહુ છૂટો છે ને કીર્તિ અપકીર્તિ ફેલાવતાં જરાએ સંકોચાતો નથી. હોઠે આવ્યું તે બોલી નાંખવું. ઉંડી અક્કલ ઓછી છે. દીલમાં છે ભોળો." આમ વાત કરતાં સેનાનું નિવાસસ્થાન આવ્યું. ઉતરી બાલકરામ પણ પોતાને ઘેર ગયો.

પ્રકરણ ૭ મું.

નદીના ઘાટની બરાબર સામે સાહેબરામનું મકાન છે. આસપાસ મંદિર અને સમાધ લીધેલા બાવાની દેવડીઓ જથ્થાબંધ છે. પીપળા, બીલી, ઉમરા, કોઠી, લીંબડા અને આંબા યથેચ્છ મંદિરોના વાડામાં ને દિવાલોમાં ઉગી નીકળ્યાં હોવાથી પક્ષીઓના નિવાસસ્થાન બન્યાં હતાં. કાગડા, કાબર, ચકલાં, સૂડા, હોલાં, ખિસ્કોલીનાં કર્કશ સ્વર અને કુદાકુદથી ઝાડો ગાજી ઉઠતાં તેમ રત પ્રમાણે પરવડીઓમાં દાણાપાણી ચૂગવા આવતાં ભાતભાતનાં પંખેરાંઓ મીઠા સૂરથી અથવા રળીઆમણાં પીછાંથી આસપાસની વસ્તિનું કે નદીએ જતા રાહદારીમાંના રસિકોનું ધ્યાન આકર્ષતાં. સૂર સૂણતાં અનુભવ અવનવોજ થતો. સમળી જેવાં ક્રૂર પંખીના કંઠમાંથી એવો કંપતો પ્રલંબ મીઠો સૂર નીકળતો કે સાંભળનાર એ સૂરના કરનાર ભણી નજર ફેંકતા સમળી જોઇ તાજુબજ થઇ જતા. પંખીઓ ઘણીવાર કદે ચકલાંથી પણ ન્હાનાં આવતાં. અરસિક નાગરીકો તેમનાં જુદાં નામ જાણવાની પણ પરવા રાખતાં નહિં. જરૂર પડે 'એક જાતની ચકલી' કહી કામ ચલાવી લેતા. આવી બેદરકારીમાં પંખીઓનાં જીવન, નિવાસ, ટેવો, સૂર વગેરે વિશે માહિતિ મેળવવાની ઉત્કંઠા

ક્યાંથી હોય ? અટકચાળા છોકરાઓ ગલોલ મારવા જતા તો ન્હાવા જતા ‘દયાળુ’ હિન્દુઓ તેમને ધમકાવતા અને લાગ ફાવે તો મારતા પણ ખરા. મંદિરમાં નાખેલા દાણા બકરાં ચરી જવાથી પૂજારીને ખોટ જતી એટલે બકરાંઓને તે ઝુડતો અથવા પગ પકડી ઓટલેથી ફગાવી દેતો તે પેલા ‘દયાળુઓ’ સાંખી રહેતા અને બકરાંઓએ ગેરકાયદેસર કામ કર્યું હોય એવું દિલથી માનતાં.

બારીએ ઉભેલી સંજીવની લોકોનાં વ્હેતાં વ્હેણને, ગાયો, બકરાં, કૂતરાંને તેમની પાછળ મરજીમાં આવે ત્યારે દોડતાં અથવા ગિલ્લીદંડા કે લખોટાઓ રમતાં છોકરાઓને જોતી હતી; કાબરોની લડાઇની કીકીઆરીમાં મંદિરોના ઘંટનો રવ ઉમેરાતો સાંભળતી હતી ત્યાં પોતાની માને તેની પડોસણો સાથે નદીએથી ન્હાઇને આવતી જોઇ. માદીકરીની આંખેઆંખ મળી એટલે મંદિરોમાં ભટકવાનું પડોસણોને સોંપી નંદન સાહેબરામની પરસાળમાં થઇ મેડીપર ગઇ.

“બ્હેન ! હું તો આજ તારા વરના ઢંગથી ટુંપાઇ ગઇ. એવું થયું કે ધરતી માગ આપે કે નદી પેટમાં સમાવી દે તો સમાઇ જાઉં. આ શું ? સવારના પ્હોરમાં સોનાની સાથે હોડીમાં નીકળ્યા હતા. તે શેઠને દીકરીને સહેલ કરાવવી હોય તો રાખે ખારવાઓ. તું બારીએ હતી તે જોયું હશેજ. તારો વર ને પેલો સુધારાવાળો બાલકરામ હલ્લેસાં મારતા હતા. એ જોઇને ડાહી, અમથી, ઉજી અને પસીએ તો મને પીંખી નાખી–પીંખી નાખી. છે તારે કંઇ ? બીજી હોય તો વરને રાખે કબજામાં. કાલેજ બિચારાં શેઠાણી કલ્પાંત કરતાં હતાં. પૈસાદારની ભણેલી ગણેલી દીકરી લાવ્યા ત્યારે ઘરજ માંડતી નથી તે દીકરાને લાલચ આપી ઘરજમાઇ તરીકે સસરો લઇ ગયો છે. સાસુ સસરાની સેવાની પછી શી પરવા છે છોકરીને ?

હેં અલી ! સાચી વાત છે ? છોકરી તો વઠેલ છે-વંઠેલ છે. સારો દિવસ ભાયડાઓમાં અને ભાયડામાં ભટયા કરે છે. એ ભણેલાઓના છંદ હોય નોખા ! ચેતજે ! નહીંતર સાહેબરામ છે ભોળા તે ફસાઇ ન જાય-અરે ! આ એ ચાલ્યા આવે. ઠીક થયું મળી ગયા તે."

"કેમ, બા, છો તો ઠીકને ? બાપાજી પણ કુશળ છેને ? હમણાં ત્રણ ચાર દિવસ કામમાં રોકાઇ જવાથી એમનાં દર્શને પણ નથી અવાયું." સાહેબરામે ખંડમાં આવતાંજ સાસુનો વિવેકભર્યો સત્કાર કર્યો.

"ઠાકોરજી અને ગંગામાતાજીના આશિર્વાદથી સૌનાં શરીર સારાં છે. એ તમને કાલેજ સંભારતા હતા. પણ મ્હેં કહ્યું કે ગામમાં ગવન્ડર આવેલો છે તે કયાં હમણાં ફુરસદ મળે એમ છે. લોકો તો કહે છે કે ભૈરવનાથને સરકાર તરફથી ગામ ઇનામ મળ્યું તે સાચી વાત કે ?"

"ગામ ગપાટા સાચા માનશો માં. ભૈરવનાથ શેઠે એવું શું કર્યું છે કે ગામ ઇનામ મળે ? અંગ્રેજ સરકાર બહુ થાય તો ખિતાબ આપે. બાકી ગામ ગરાસના દહાડા વહી ગયા." સાહેબરામે ખુલાસો કર્યો.

"હશે. આતો નદીપર વાત થતી હતી. આ પેલી ઉજી આવી. ચાલો જાઉં છું. નવરાશ હોય તો સાંઝે આવજો. અમારો વિચાર પાંચ છ મહિનાની જાતરાએ જવાનો છે. ચારે ધામની કરવી છે. આવી બ્હેન-સંજીવનીને મોકલો તો તેડતાં જવી છે."

"ખુશીથી તેડતાં જજો. જાતરાએ થશે અને દેશ પણ જોવાશે"

"જાઉં છું બ્હેન. ન્હાયા પછી આવી જજે એટલે જવાની તૈયારી કરીશું."

સાસુ સવારમાં આવીને પોતાના સંસારના શાંત સરોવરમાં દારૂગોળાની ખાણ મૂકી ગયાનું સુચન પોતાની પત્નીના મ્હોં પરથી સાહેબરામને થયું. પણ એ ખાણ ફુટવાને બદલે પાણીમાંજ કહોઈ જાય એવા હેતુથી પત્નીને કલાવવા મલકાતે મ્હોડે બોલ્યો. "ચાલો, તમારે લ્હેર થઇ. દેશ દેશ ફરવાની સહેલ મળી. કાલેજ બંધ હોત અને મ્યુનીસપાલીટીનું ઇલેકશન નહોત તો હુંએ આવત. મને નોતરૂં નથી દીધું છતાં આવત."

"હવે ખોટી વાત કરોમાં. વિલાયત જશો ત્યારે તમારાં આ બધાં લફરાંનું શું થશે? પણ તમે વિલાયત જાઓ એવું મને લાગતું નથી."

"કેમ? શા પરથી? બારીસ્ટરની પરીક્ષા હિંદુસ્તાનમાં લેવાવાનું ઠર્યું છે કંઈ?"

"આ તમારી સેના આવડી મોટી થઇ પણ એના ભાયડાનું ઘર કયારે માંડવાની છે?" સંજીવનીએ હૃદયમાં સળગતા અગ્નિનો તણખો જૂજવે રૂપે ઉરાડયો.

"એકવાર મેં ખુલાસો કર્યો હતો છતાં આજે એ સવાલ ફરીથી કંઇ?" અંતરમાં કચવાતાં છતાં મલકાતે હોઠે સાહેબરામે પ્રશ્નના રૂપમાં ઉત્તર આપ્યો. આક્ષેપનો ધ્વનિ સમજાતાં તેનો આત્મા કળકળી ઉઠયો.

"એ તો અમરનાથની મસીઆઇ બેન અત્યારે નદીએ ન્હાવા આવી હતી તે ઘેર જતાં મને બારીએ ઉભેલી જોઈ ઉપર આવી હતી. અમે નાનપણમાં પાચીકા રમેલાં એટલે બેનપણાં જૂનાં છે. મને કહે કે 'બેન! આજ કેટલા દહાડા થયાં મળું મળું કરતી હતી—તારૂં જરૂરનું કામ છે.' મેં કહ્યું કે 'કહેને બેન! એવું તે મારૂં શું કામ પડયું છે!' ત્યારે તે ધીમે રહીને બોલવા લાગી

'બેન ! આ અમારા અમરનાથની વહુ ચાર છોકરાંની મા થાય એવડી મોટી થઇ છે છતાં હજી વરનું ઘર નથી માંડતી તેમ નથી કરતી ઘરડાં સાસુ સસરાની સેવા. તારા વરને અને ભૈરવનાથને નાતો સારો છે તેથી માશી કહેતાં હતાં કે તારી મારફત દાણો ચાંપી જોવાય તો ઠીક. અધુરામાં પૂરૂં છોકરાને પણ લઇ જઇ પોતાને ત્યાં ગોંધી રાખ્યો છે હવે એને ભણીને શું કરવું છે? ભૈરવનાથને કયા બીજી છોકરી કે દીકરો છે? એ નહિં હોય ત્યારે મીલો તો એજ ચલાવવાનો છે ને? છોકરી ઘર નથી માંડતી તે અમને તો કાંઇ એમાં વ્હેમ પડે છે. ભણેલી છોકરીઓના ભવાડા જૂદાજ હોય છે. માશી કહેકે અંદર અંદર સમજાવટ નહિં થાય અને વહુ દીકરો મારે ત્યાં આવી નહિં રહેશે તો દીકરો મારો છે. ને? ખાસડું ખંખેરૂં ત્યાં વહુ હાજર. એનો પૈસો અને એની દીકરી એને ઘેર ભલે સડે. મારૂં ઘર છે કુલીન આંખના પલકારામાં બીજી પરણાવીશ વહુ મારા અમરનાથને. આવું આવું બોલી અને ખસી ગયેલું ચક્કર ગોઠવવાનું તમને સોંપવાનું કહી એ ગઇ નહિં હશે ત્યાંતો મારી બા આવી અને એણે પણ ચંચળ કાકીના કલ્પાંતની વાત કરી. સાસુ બિચારી વહુ વહુ કરે અને વહુના શોખ મડમ-શાઈ. પોતાનો ભાયડો ન ગમતો હોય ત્યારે બીજાંના ભાયડાઓને તહેનાતમાં લેતાં સારૂં આવડે છે એને !"

સંજીવનીના બોલે બોલ ભાલાની પેઠે સાકુંબરામને વીંધતા હતા. સૌજન્ય, વિવેક, ન્યાયવૃત્તિ, સત્યપ્રેમ, ભાવના, વ્રત આદિની નરી ઉપેક્ષાજ નહિં પણ ખૂન થતાં જોઇ, પોતાના સહ-વાસનું પણ સંજીવનીને કેળવવા કરેલા વિવિધ પ્રયાસોનું નિષ્ફળ આવેલા પરિણામ જેવુંજ પરિણામ જોઇ, ભૈરવનાથ અને સેનાની જીવનભાવના ન સમજવાનો દુરાગ્રહ કે ન સમજાતો હોવાથી

અજ્ઞાનથી થતો અન્યાય જોઇ, એ કુટુમ્બ સાથેનો પોતાનો ધાડો સંબંધ સંજીવનીથી છાનો નહોતો, સેના સંજીવની પર અત્યંત મમતા રાખતી અને તેની સહીયર થવાના યત્નોમાં નાશીપાસ થતી છતાં પણ નિરંતર મમતા ગાઢ કરતી એ હકીકત સાંભરી આવતાં, સેનાના જીવનમાં વ્યાપેલી વિષમતા અને શેઠના આદર્શોની સિદ્ધિને જડમૂળથી બાળી નાંખે એવા કલહોનું કલ્પનાથી દર્શન કરતાં, હૃદયની ઉંડામાં ઉંડી ગુહામાં હિંદુ સંસારનાં બંધનોના જુલ્મો અનુભવતાં તેનાં રૂંવેરૂંવાં રોષથી ઉભાં થઇ ગયાં. સંજીવનીને ઠેકાણે કોઈ પુરૂષ હોત પછી તે ગમે તેવું અંતરનું સગું હોત તોપણ તેને એક મુક્કીથી જમીનદોસ્ત કરી નાંખત. પરંતુ ઉગ્ર નરસિંહરૂપ શરીરમાં આવેશતું હતું ત્યાંયે મનોનિગ્રહથી વિષ્ણુની પ્રહસતી મુખમુદ્રા કરી નાંખી અને અજ્ઞાન તથા તેનાં ફરજંદોની ઉપેક્ષા કરી, તેમના ભોગ થઇ પડેલાં પર કરૂણા લાવી, વત્સલ ભાવે સ્મિતનાં ફુલ વેરતો હોય તેમ બોલ્યોઃ—"આવું નિસ્વાર્થ દૂતિપણું કરતાં તમને આવડે છે તે જોઇ તમને ધન્યવાદ આપું છું. જગતનું શ્રેય સાધવાનો પરગજુ સ્વભાવ તમારામાં જોઇ મારી જાતને ભાગ્યશાળી માનું છું કે મારૂં ઘર તમારા જેવાનાં પગલાંથી પાવન થયું.—"

"ચાલો બનાવો અમને. અમે નહિં સમજતાં હઇશું. મુદ્દાની વાત કેવી ઉડાવો છો ?"

"મુદ્દાની વાત જાણવી છે તો સાંભળો. તમે બૈરાંઓ વિધવિધનાં વ્રત લો છો ને ?"

"હા. અગીઆરસ કરવાનું, સોમવાર, મંગળવાર, શનિવાર વગેરે વારે એક ટાણું જમવાનું, ડુંગળી લસણ નહિ ખાવાનું એવાં વ્રત અમે લઇએ છીએ. આ જાતરાએ જઇશ ને ત્યાંથી આવ્યા કેડે મારે કાંઇ વ્રત લેવુંજ પડશે. શેનું લઇશ તે સૂઝતું નથી પણ

બાને પૂછી જોઇશ."

"વ્રત લેવાનો સંકલ્પ સાંભળી રાજી થયો છું. જેવો તમને સૌને વ્રત લેવાનો અધિકાર છે તેવો સેના બ્હેનને ખરો ને ?"

"અલબત્ત ખરોજ ને ? પણ એમનું વ્રત વિચિત્ર છે. એવાં તે વ્રત લેવાતાં હશે ?"

"તેજ દિવસે તમેજ નહોતાં કહેતાં કે સંયમ વિના આજની સ્ત્રીઓનાં શરીર રોગી, કમતાકાત, નિસ્તેજ, વામણાં અને વરવાં થતાં જાય છે, પોતે જાતે હેરાન થાય છે અને જુવાનીમાં ઘડપણ ભોગવી ક્ષયાદિ રોગથી પીલાઇ પીલાઇ દેહ છોડે છે અને નિર્બળ બીનતંદુરસ્ત, ઠીંગણાં બાળકોને અનાથ કરી દે છે. આવી સ્થિતિ સુધારવા સ્ત્રીઓજ સંકલ્પ બળથી ઉપાય નહિં લે તો આપણી પ્રજાની શરીર સંપત્તિ હૃષ્ટપુષ્ટ થવાની નથી એટલું કબુલશો કે નહિં ? પરમાર્થ તો બાજુએ રહ્યો પણ શરીરે સુખી તો સુખી સર્વ વાતેનો સ્વાર્થ તો સિદ્ધ થાય ના ? આપણી ઉપલી અગાસીમાંથી થોડા રોજ ઉપર આપણે પડોસની પાદરીની નિશાળમાં ભણતી અંગ્રેજ કન્યાઓને રમતી જોઇ તમેજ તેમનાં મજબુત, નિરોગી, લોહી ભર્યાં, તેજસ્વી શરીર, તેમની છટા, તેમની વેગભરી ગતિ અને ઉલ્લાસથી હસતા ચહેરા જોઇ, તાજુબ ન્હોતાં થયાં ?" શ્રોતાઓથી ભરાયલા સ્થળમાં લાગણીઓ ઉશ્કેરી પોતાના સાધ્ય માટે સચોટ ઉત્સાહ જગાવવા વાક્પટુત્વ વાપરતો હોય તેમ સાહેબરામ સવિનય વ્યાખ્યાન કરવા મંડી ગયો. જે વસ્તુનું અહોનિશ ચિંતન થતું હોય અને તેની સિદ્ધિ અનેક શ્રમે કે ભોગે કરવી જોઇએ એવો દ્રઢ આગ્રહ હોય ત્યારે જરાતરા ઉલ્લેખ થતાં તે વસ્તુનું નિરૂપણ ગંભીરતા, તન્મયતા, વિવક કે આવેશ અને સચોટતાથી તેમાં રચી પચી ગયેલા કરવા મંડી પડે છે તેવી દશા સાહેબરામની થઇ હતી.

" એ બધી વાત સાચી. પણ જુઓને મારી આ ત્રણ વર્ષની પરણી હતી અને નવ વર્ષથી મારા દાદાના બ્હોળા કુટુમ્બમાં સમાસ કરી રહી છે. તબીયત કેવી હજુ નક્કર છે. આટલી ઉમ્મરે પણ. બારે માહના ટાઢ હોય, તડકો હોય કે મેહ હોય તો પણ સવારમાં નદી ન્હાવા આવ્યા વિના રહેવાની નહિં. તે તમારાં સેના એનનું શરીર તો છે હિડિમ્બા જેવું—માસી પુતનાએ બિચારી ઝાંખી પડે એના શરીર આગળ, મને તો એની ચાલ અને દેહ નર્યા ભાયડા જેવાં લાગે છે. હજુ તે કેટલું કદાવર થવું છે ? જીમૂતમલ્લનાં પૂતળાં નથી ઊભાડાવવાં ને ? બિચારો અમરનાથ માયકાંગલા જેવો છે. જો શરીર મજબુત કરવાનું હોય તો એનું કરવાનું છે. કેવો બિચારો ! વાયે ઉડી જાય એવો છે." સંજીવનીએ પોતાનો સ્વભાવ ખીલવવા માંડયો. પુનરૂક્તિ, મર્મોક્તિ, વક્રોક્તિ, હીનોક્તિ આદિથી પોતાની વાણી અલંકૃત કરી પ્રશાંત, ધીરપ્રકૃતિ, સંયમી પતિને બાળવાની તકનો થાય તેટલો ઉપયોગ કરવા મંડી.

અવળે માર્ગે ચડેલી પત્નીના દ્રષ્ટિબિંદુમાં અને પોતાના દ્રષ્ટિબિંદુમાં એટલું બધું બુદ્ધિનું અંતર લાગ્યું તેમજ સહાનુભૂતિ કે સ્નેહ તે અંતર પૂરી નાંખે એવો દૂર દૂર રહેલો સંભવ પણ ન લાગ્યો એટલે સાહેબરામે ઉંડો નિશ્વાસ મૂકયો. પોતાના સંસારથી થતા અસંતોષને અનેકવાર ભસ્મીભૂત કરવા સબળ પ્રયત્ન કરેલા અને પ્રયત્નના કાળે હેતુ સિદ્ધ થયા જેવું લાગેલુ છતાં આજે ... એ અસંતોષ ભસ્મમાથી સજીવન થઇ જાગ્યો. કેવી કેવી ભાવના, કેવી કેવી વાંછના, કેવા કેવા અભિલાષ, કેવાં કેવાં ઉડ્ડયન, કેવા કેવા ઉચ્ચગ્રાહ, કેવા કેવા ઉત્સાહના થનથનાટથી પોતાનું અખિલ જીવન તરવર તરવર થતું હતું તે એક તરફ રાખતાં અને કુટુમ્બમાં પોતાના દ્વિતીય—હૃદય જેવી અને પોતાની સંતતીની માતા ગૃહિણીના

સહવાસમાં એ જીવન ખીલવાને બદલે કરમાય એથી તેને ઉન્માદક સંતાપ થયો. અસંતોષ-સંતાપના ઉદ્વેગથી ક્ષુબ્ધ તો થયો પણ પોતાની સર્વ વૃત્તિઓને અંકુશમાં રાખવાની કેળવણી લીધેલી હોવાથી અને પોતાની પત્નીને હજુ પણ સંસ્કારી કરવાની આશા રહેલી હોવાથી એકદમ પ્રસન્ન થઈ ઉલ્લાસથી બોલ્યો:-

"તમે પણ વખતે વખતે ઠીક રમુજે ચડો છો. ટોળમજાક આવી સરસ કરતાં આવડે છે એ આવા કોઈ વિરલ પ્રસંગેજ જણાય છે. સેના બેન પણ તમારા વિનોદી સ્વભાવનાં વખાણ કરતાં હતાં. અમરનાથ પણ નિયમિત જીવન ગાળશે, માફકસર કસરત કરશે અને પોળની ઝેરી હવાને બદલે નદી કાંઠાની ખુલ્લી ચોકખી હવામાં રહેશે તેમ તેમ થોડાં વર્ષમાં તમેજ જોશો કે એનું શરીર કેવું માંસલ, લોહીઆળ અને સ્નાયુબદ્ધ થાય છે. તમને હું તો રોજ કહું છું કે પેલી ચોપડીમાં ચિતરેલી કસરતો નિયમિત રીતે કરો તો તમારૂં શરીર જોતજોતામાં મારા જેવું લઠ્ઠ થઈ જશે."

"અમારે હવે લઠ્ઠ થઈને કરવું છે શું? નાજુક બૈરામાં જતાં લાજી મરીએ."

"લાજમાંજ તમારો ભવ બગડ્યો છે. તમારે માથે એવું કોઈ વડીલ નથી કે તમારે લાજમાં ને લાજમાં હું લઉં છું એવી મઝા ન મણાય. તે દહાડે બાઈસીકલ અપાવવા હું તૈયાર થયો ત્યારે કજીઓ આઠ દિવસ લગી કરી જડાવ લવીંગીઆ લેવામાં પૈસા ખરચી નાંખ્યા અને તવંગરપણાનો રૂઆબ પાડવાનું શરીર તંદુરસ્ત કરવા કરતાં પસંદ કીધું. હોડીમાં ફરવા આવવા કેટલીએ વાર કાલાવાલા કર્યા હશે પણ તમે કાંઈને કાંઈ બ્હાનું કાઢી સટકી ગયાં છો. તાકાત વગરના દેહથી કેવી હેરાનગતિ ભોગવવી પડે છે તેનો તમને ક્યાં અનુભવ ઓછો છે! માથું દુખવાનું, પે-

ટમાં દુખવાનું, તાણુ આવવાનું જાણે તમારા નસીબમાં તમે સર્જ્યું હોય એવું માનો છો પણ આ તાલીમબાજ દેહમાં નખમાં પણ રોગ પેઠો જોયો કે સાંભળ્યો છે ?

" તમે સાજા નર્યા રહો એટલે બસ છે. કાળ સૌને માથે ફરે છે. રોગાદિ નિમિત્તથી જેની દોરી તૂટવાની હોય તેની તોડે છે. બધાનાંજ શરીર નિરોગ થાય તો પછી મરવાનું રહેતજ ક્યાં ?– સૌ અમરજ થઇ જાય ને ? પણ તમે લાંબું લાંબું ટાયલું કરો છો તે એટલું પણ સમજતા નથી કે પરણ્યા પછી બાયડી ધણીને પૂરેપૂરી તાબે રહેવી જોઇએ. પતિની આજ્ઞા વિના વ્રત લેવાય નહિં. સેના બેને કુંવારી જીંદગીમાં વ્રત લીધું હોય તો તે ફોક જવાનું. બિચારાં અમરનાથનાં માબાપને આટલી ઉમ્મરે છોકરાને ત્યાં પારણાં ઝૂલતાં જોવાને ઓરીગો ક્યારે વીતશે ? સેના બેનને વીસ વરસ તો પૂરાં થવા આવ્યાં. હવે કાંઇ ન્હાનાં છે ? આપણે તો શી ખબર પણ મારા પીઅરની પોળમાં બધાં બૈરાંએ વાતો કરે છે કે એ તો કોઇક સાહેબ સાથે પરણી છે અને વટલી જવાની છે. વિશ્વાસી થવાની છે. તે સાહેબ વિલાયત ગયો છે. વખતે સામાં વિલાયતે જાય. જો જો તમાસો ને પછી પસ્તાજો." પતિના સંબંધમાં માતાએ કરેલા ઇસારાનું તથ્યાતથ્ય પારખવા એક ગપગોળો સંજીવનીએ છોડયો.

" સંજીવની ! નથી ખમાતું હવે. કણુ પરંપરાએ અથડાતી નરાતર ખોટી કિંવદંતીઓ આજ કેમ મને સંભળાવવા માંડી છે? તમારામાં અક્કલ નથી કે તને સાચી સ્થિતિ જાણુવાના સંયોગો હોવા છતાં પણુ તેનો તું ઉપયોગ નથી કરતી ? અથવા કોઇએ તને ભંભેરી તો નથી ને ? આમ કરીશ તો મારો આત્મા દુણાશે અને આ જીંદગાની ધુળધાણી થઇ જશે. ઘર મારૂં સ્વર્ગ મટી જશે અને સંસારના અરણ્યમાં મારે ભટકવું પડશે. અત્યારે મારે મારો અ·

અભ્યાસ તૈયાર કરવો હતો પણ તેં મારા રોમેરોમમાં એવાં ઝેરી બાણો માર્યાં છે કે ઘડીભર પણ અહિં રહેવાતું નથી. જાઉં છું બ્હાર. ફાવશે ત્યારે આવીશ. દરમ્યાન શુદ્ધિ આવે તો મહેરબાની કરીને હવેથી કોઇની બદબોઇ ન કરવાનું વ્રત લેજે." આખરે બીજાજ ગયો.

"ભલે, જાઓ. એ તો હું જાણતીજ હતી. ક્યાં તમારો પગ ઘરમાં ઠરે છે ? ઘરનું વહીતરૂં કરવા આણી છે મને તે સારો દિ· વસ ઢસરડો કર્યાં કરૂં છું ને પોતે જઇને કરશે હાહા હીહી સેના સાથે ને સેના નહિં મળે તો સંકલ્પકિશોરી અને તે નહિં તો વળી કોઇ ત્રીજી. તમારીએ ગામમાં થોડી વાત થાય છે? સાંભળીને લાજી મરીએ છીએ. હમણાં વળી થોડા દહાડા થયાં કોલેજમાં કોઇ ત્યાં ભણતી બાયડીની પાછળ તમે પડયા છો. ક્યાં તમારાં લક્ષણ હું નથી જાણતી." છંછેડાયલી નાગણ જેવી સંજીવનીએ જરા પણ દબાયા વિના બીજો કારી ડંખ પાતને માર્યો, ને સેના પર પણ તે આસક્ત છે એવું ખાતરીથી માન્યું.

ગુસ્સાથી સાહેબરામ લાલચોળ થઇ ગયો. આંખમાંથી આગ ભભુકવા લાગી. પણ અંકુશનો આચકો મારી ઘરમાંથી બહાર નદીના ઉપકંઠ પરના બગીચામાં ચાલ્યો ગયો.

સંજીવની કપાળ કૂટવા લાગી. "દુનીઆમાં સાચી વાત કહે· તાંજ સૌને મરચાં લાગે છે. કેવી બુરી લત લાગી છે ? મારૂં નસીબ છે કંગાલ. પૈસો છે, સાસુ સસરો ન હોવાથી બધો અખત્યાર છે ત્યારે ભાયડો આવો નીકળ્યો. ઘરમાં બાયડી પાસે બેઠા, ઉઠયા, હસ્યાજ કોઇ દહાડો ? સારો દિવસ પારકી સ્ત્રીઓ પછળ ભટક ભટક કર્યાજ કરવું. ડોળ સાધુનો પાછો. ભાષણો ન આપીએ તો ન ચાલે ? લોકોના પ્રારબ્ધમાં હશે તો સુધરશે. આપણાથી વિધાત્રીનો

આંક ફેરવવાવાનો છે ? કાજીજી કયું દુબળા તો સારા શહેરકી ફીકર. એ પૈસા ડોસા મૂકી ગયા છે. ખાઓ પીઓ ને વાપરોને. ભણીને એ શું કરવું છે ? પાછા વળી મને રોજ ભણવાનું કહ્યા કરે છે. એમને નોકરી કરવા જવું પડે એમ નથી તો મારે વળી થોડીજ કરવાની છે કે હું ભણું. બપોરે જરા આડા પડીએ કે પાડ પડો-સીમાં મળવા જઇએ કે બા બાપાજીની ખબર લેવા જઇએ કે ભ-ણવા બેસીએ ! અંગ્રેજી ભણીને વહી નથી જવું મારે. મારી બાએ તે દહાડે મને એબીસીડી ઘુંટતી જોઇ કેવી ખંખેરી નાખી હતી ? પડી એમને તો ટેવ. જવું હતું બહાર ને બ્હાનું મળ્યું. આવશે પાછા ભૂખ્યા થશે ત્યારે. હુંએ ચાલ જાતરાએથી આવી લઉં સોના જેવું વ્રત પછી જણાશે પોત." આમ બડબડ કરતી પોતાની સા-ડી પર પડી. રસોઇ કરવા આવેલો બ્રાહ્મણ પણ તમાસો જોઇ દિગ્મૂઢ થઇ ગયો અને ઘેર ઘેર માટીના ચુલાની ફીલસુફીથી પાછો પોતાની દુનીઆમાં લીન થઇ ગયો.

મનુષ્ય કેટલીક વાર એવા ચડસે ચડી જાય છે કે ગમે તેવી યંત્રણા ખમવી પડે તો પણ ચડસના કેફમાં તે તેને જણાતીજ નથી અને એ ચડસનો તેને પસ્તાવો પણ નથી થતો.

પ્રકરણ ૮ મું.

બગીચો બહુ વિશાળ ન્હોતો પણ જૂનો હોવાથી ઝાડોની ઘટા સારી હતી. રસિક બાગબાનીથી બગીચાની રચના તદ્દન સપાટ નહિં પણ ચઢતાં ઉતરતાં રમણાંની કરવામાં આવી હતી. દરેક રમણાં પર હોજ હતો અને હોજની ડાબી બાજુએ શીતળ છાયા અને બી-

નાશમાં ઉછરતા છોડો માટેના મંડપો રાખવામાં આવ્યા હતા. આમાં સુરભિ કરતાં થંડક શોખીનોને આરામ માટે વિશેષ લલચાવતી નદી કિનારે વાડરૂપે વાવેલા ગુલાબોની મધુર પીમળ પવન સાથે મંડપમાં કોઇકવાર આવતી તો મઝા અનેરીજ પડતી.

સાહેબરામે આવો એક નિર્જન મંડપ શોધી કાઢયો અને તેમાં આમથી તેમ તે આંટા મારવા લાગ્યો. શરીર આગથી ભભુકતું હતું. વિચારનો પ્રવાહ પણ તુફાની થયો હોય તેમ અફળાતો, ફીણવાળો ને ડહોળાયલો થઇ ગયો હતો. આવી સ્થિતિમાં અર્ધો કલાક ફર્યા પછી કાંઇક સ્વસ્થ થયો. મંડપમાંથી બ્હાર નીકળીને એ ખુચનીરાજિ નીચે શાદ્વલપર જઇ પડયો. ઝાડો તેનાપર ફુલોનો અભિષેક કરવા લાગ્યાં. ક્ષોભ માટે વિચાર નીતરવા લાગ્યો. રોષનો ઉન્માદ શમી જવાથી સાત્વિકતાનું સામ્રાજ્ય સ્થપાયું.

'કેવી મુંઝવણ ! આ સંસાર તે કેમ ચાલશે ? પણ મ્હારોજ વાંક છે એમાં. આખો દિવસ હું ઘર બ્હાર રોકાયલો રહું છું. એને એકલાં ઘેર શી રીતે ગમે ? તેમ પડોસ પણ એવો છે કે એની વાસનાઓ ઉંચી હોય તો નીચી બનાવે. એની અતીત જીંદગીની અને એનાં સગાં વ્હાલાંની અસર એનાપર એટલી બધી છે કે કેમે કરી તેમાંથી તે મોકળીજ નથી થતી. દૂર દેશાવર ચાલ્યો જાઉં, પણ જાતરાએ જવાની છે હમણાં. છે તેથી વધારે વિફરીને આવશે. ના પાડી ચાલે એમ ન્હોતું. સાસુ ધાર્યું કરે એવાં છે. કંકાસ કરીને પણ તેડી જાત. સેના બ્હેન માટે એવો વ્હેમ કાંઇ ભરાઇ ગયો છે કે તેમનાથી આઘીને આઘીજ ન્હાસે છે. હું પણ જરા લાડ વધારે લડાવું છું, છૂટ અને વ્યક્તિસ્વાતંત્ર્યના વિચારમાં આવાં કડવાં ફળ ચાખું છું. ફુંફાડાથી કામ લીધું હોત તો એ અને એનાં પીએરીઆં બધાં અત્યારે મારી મોરલીએ નાચત. આ અંગ્રેજી કેળવણી

અમને એવા દક્ષિણ બનાવે છે કે અમે ગમે તેવી સ્ત્રી હોય પણ તે સ્ત્રી હોવાથી તેના ભણી પૂજ્યભાવ રાખીએ છીએ અને તેમને ઉન્નત કરવાને બદલે અમેજ અવનત થઇએ છીએ.........પણ આ સંસાર આવો કડવો થવાનું કારણ? એની ઇર્ષ્યા અને બુદ્ધિવૈભવના લ્હાવા માટે પ્રકાંક્ષતું મ્હારૂં જીવન. મ્હારા સમગ્ર જીવનને વિહરવાનું એવું અનુકૂળ અને વિશાળક્ષેત્ર ઘર બ્હાર મ્હને મળતું જાય છે કે ઘરમાં વસતું જીવન નરી પશુવૃત્તિ પોષવા સિવાય બીજી દરકાર રાખતુંજ નહિં હોય! દેશસેવાનો મારો અગ્નિહોત્ર એવો દિવસે દિવસે પ્રજ્વળ બળતો જાય છે કે મારી ખરી ફરજો અવગણાય છે. ખંત અને આગ્રહથી એને કેળવવાનો સંકલ્પ કીધો હોત તો અત્યારે તો કેટલી બધી સ્થિતિ ઠારે પડી હોત. અજ્ઞાનના ધ્વંસ વિના અને બુદ્ધિ હૃદયના વિકાસ વિના ઇર્ષ્યા નાશ નથી પામવાની અને મારૂં જીવન-સૂત્ર યથાર્થ સમજી ખરો સહચાર સાધવા એ તત્પર નહિં થાય. સ્નેહ અને સ્વજન ભાવની છાયામાં જીંદગી ગાળવાનો મનસુબો એળે ગયો લાગે છે. પણ સમર્થ પ્રયત્ન કરી રસ્તો કહાડીશજ. ખરચ વિશેષ થશે. ભલે થાય. એને વિલાયત જોડે લઇ જઇશ. વિલાયત જવા ભણવાનું શૂર એને ચ્હડશે અને પડોસની જનાના નિશાળમાં અથવા તો હરકોર શેઠાણીના સ્ત્રીમંડળની નિશાળમાં ઉલટથી એ અભ્યાસ કરશેજ. હજુ બાળક છે, જ્ઞાન અને અનુભવ વિહોણી છે. એટલે બાળપણના સંસ્કારમાંથી શી રીતે છૂટે? કુટુમ્બમાં અમે બન્ને એકલાં હોવાથી જેમ લાભ થાય છે તેમ હાનિ પણ ભોગવવી પડે છે. હજૂ આપણે નવાં કુટુમ્બો જૂના જેવાં ઉપજાવી શક્યા નથી. પુરૂષ મિત્રો જેવા સહચાર સાધે છે તેવા સહચાર તેમનાં અખિલ કુટુમ્બો એક વિશાળ કુટુમ્બ થઇ હજુ સાધી શકતાં નથી. જીંદગીમાં એવા વાણાતાણા વણાય છે કે પરિણામ ખડબચડું આવે છે.........

એ જાતરા જવાની છે તે જવા દેવી. દરમ્યાન એના ઉછેરની વ્યવસ્થા વિચારી કહાડીશ. લગભગ હોળીપર પાછી આવશે. ત્યાર-પછી થોડા દિવસ અહિં બાળી સાથે કોઇ ગિરિગ્રામ ચાલ્યાં જઇશું અને ઉન્હાળો ત્યાં બાળી સાથે રહેતાં બનશે તેટલા સંસ્કાર એના માં આણીશ.........ચાલો નિર્ણય થયો. વિહ્વલતા પ્રસન્નતામાં પલટાઇ ગઇ. અગિઆરના ટકોરા થયા. કોલેજમાં જતાં મોડું થશે જમ્યા વિનાજ ચાલ્યો જાઉં કે વખતસર પહોંચી જવાય." ઘાસ-પરથી ઉઠી વસ્ત્રો ખંખેરી ઠીકઠાક કરી બાગ બહાર નીકળી ટ્રામમાં બેસી કોલેજ ચાલ્યો ગયો. કંકાસથી ભૂખ્યા રહેવાનો આજે પહેલ-વહેલો અનુભવ થયો હતો.

કોલેજના પગથીઆપર ચ્હડતાંજ પટાવાળે વધામણી ખાધી. "આઇ તાર આવી ગયો. આજે સાંઝે શીલ્ડમેચવાળા આવે છે." ખબર સાંભળતાંજ પ્રિન્સિપાલની ઓફીસમાં જઇ તેને મળી મેમાનો માટે કરવાની ગોઠવણુ માટે સંતલસ કરી. રેસિડન્સીમાં જઇ અમુક ખંડ તૈયાર રાખવાની સૂચના સુપરિંટેંડંટને આપી, પ્રેકટીસ માટે સર્વે ખેલાડીને કોલેજ બંધ થયા પછી રમવા જવાનું ધીરજરામ મારફત કહેવડાવ્યું એટલામાં ઘંટ વાગતાં પ્રયોગશાળામાં હમ્મેશના કરવાના પ્રયોગમાં ગુંથાયો.

પ્રયોગશાળા વિશાળ હતી. કાચના છાપરામાંથી અજવાળું પુષ્કળ રેલાતું હતું. એપેરેટસ અને રસાયણિક દ્રવ્યોથી ભરેલાં કબાટો આજુબાજુ ગોઠવેલાં હતાં. વિદ્યાર્થીઓના ટેબલોપર તેમને કરવાના પ્રયોગની સર્વે સામગ્રી તૈયાર હતી. ગ્યાસ ચૂલાઓ ઉપર દ્રવ્યો ઉક-ળતાં હતાં અને પૃથક્કૃત થઇ જૂજવી રીતે સંલય પામતાં હતાં સાહેબરામ પોતાના ટેબલ આગળ નળ ઉઘાડી હાથ ધોતો હતો ત્યાં ભારવતી આવી પોતાના ટેબલ આગળ જઇ પ્રયોગ આરંભતા

આગમચ પોતાની નોટબુક ઉથલાવવા લાગી. ભાસ્વતીને જોતાંજ સાહેબરામે નમસ્કાર કર્યા; તેણે પણ સ્થિત પ્રફુલ્લવદને તે સ્વીકાર્યા મૅચના ખબર અંતર ચર્ચતી હતી એવામાં નોટબુકમાંથી પોતાના સરનામાનું બંધ એન્વેલપ હાથમાં આવ્યું. સ્હેજ થડકતા હૈયે તે ફાડી કાગળ વાંચવા માંડયો. વાંચતાંજ ભવાં ફરી ગયાં. અંગેઅંગમાં ભડકા સળગી ઉઠયા. કાગળ પરથી નજર ઉખેડી સાહેબરામ ભણી ફેંકી જોયું તો તે ટેસ્ટબુકમાં લીન થઇ ગયેલો જણાયો. 'અક્ષર તો એના નથી. એ એવું કરે એવા નથી. તે દિવસે સ્હેજ અંતરાયરૂપ થવાયું તેથી કેટલો બધો પસ્તાવો થયો હતો? આ કૉલેજમાં બહાદૂર થયા સિવાય કોઇ ઝંપવા દેવાનું નથી. લાવ કાગળ એનેજ બતાવું. પાપ હશે તો એની મેળે પ્રગટ થશે. અને નહિં તો પાપીને શાસન કરવાનું એ માથે લેશે. પ્રભુ! અમે તે શાં પાપ કર્યાં છે કે આવી હાડમારી? હિન્દુસ્તાન આટલો બધો અધોગતિ પામ્યો છે તે આવી પામર દુષ્ટતા વિના હોયજ નહિ.'

ક્રોધ અને અફસોસનો નિસાસો નાંખી સાહેબરામના ટેબલ ભણી ગઇ ને કાગળ ખુલ્લો તેની સંમુખ પાથર્યો. ક્રોધથી તેનું આખું શરીર ધડકતું હતું. ટેસ્ટબુક હાથમાંથી મૂકી કાગળ વાંચવા માંડયો. જ્યોતિરિન્દ્રનો કાગળ ખાસ પ્રયોજનસર વાંચવા આપ્યો હશે એમ ધારી સંબોધનથી વ્હેમાયો નહિં; પણ જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ કાગળમાં અક્ષર બદ્ધ થયેલી દુષ્ટ વાસનાઓ, તેની તૃપ્તિ માટે અપાયેલી લાલચો, ધમકીઓ વગેરેથી કાગળ વંચાવવાનું પ્રયોજન કળી ગયો અને ભાસ્વતીને પજવનાર દુષ્ટતાપર રોષ વ્યાપી રહ્યો.

"બ્હેન! તમારી આપદાઓથી તમે જેટલાં નહિં ત્રાસતાં હો તેટલો હું ત્રાસું છું. તમારી પાછળ જે જે હરામખોરો પડયા છે તેમને હું હવે જરૂર પકડી પાડી જાતેજ સજા કરીશ. કયુએલ

(દ્વંદ્વ યુદ્ધ) હિંદુસ્તાન જેવા નિઃશસ્ત્ર દેશમાં ક્યાંથી થાય નહિં તે એ સર્વેને યમદ્વાર મોકલ્યા વિના રહું એવો નથી."

ભાસ્વતીએ ઉપકારની લાગણી દર્શાવી ગવર્નર દર્શનના પ્રસંગથી પોતાથી થયેલા અન્યાય માટે દિલગીરી જણાવી. ટેબલ પાસે જઇ પ્રયોગ કરવા માંડયો પણ ક્ષુબ્ધ અને રુષ્ટ ધ્યાન ચોંટતું ન્હોતું. પાન ચાવતા ચાવતા પ્રોફેસર સાહેબ પ્રયોગશાળામાં આવ્યા એટલે મેંચના મિષથી સાહેબરામ જલદીથી પ્રયોગ આટોપી બ્હાર ચાલ્યો ગયો. ભાસ્વતીને પ્રયોગ ધ્યાનચલિત થવાથી બગડતો જતો હતો. જેમ જેમ વૃત્તિઓને સંયમમાં લાવવા જતી તેમ તેમ તે વિશેષને વિશેષ ઉશ્કેરાતી. આખરે માથું દુખવાનું બ્હાનું કાઢી પોતાના ખંડમાં ચાલી ગઇ.

પ્રયોગશાળાની પાછલી ઓસરીમાં થઇ સાહેબરામ પાણીની ઓરડી આગળ ધીરજરામની ભાળ કહાડવા જતો હતો ત્યાં સ્હામે વાંચનાલયમાંથી માતાદીનને નીકળતાં જોયો. સલામ કરી તે સાહેબરામની પાસે આવ્યો. "નવરા હો તો જરા પ્હણે આવશો? ખાનગી બાતમી આપવી છે." આ શબ્દો સાંભળતાં ગતિથી સંમતિ દર્શાવી કોલેજના બગીચાના એક મંડપમાં બન્ને ગયા.

"સાહેબરામ, ચાડી ખાવાની મ્હને ટેવ નથી પણ નીતિ કે ન્યાયનું ઉલ્લંઘન હું ખમી શકતો નથી. ધીરજરામ અને હું લંગોટીઆ ભાઇબંધ છીએ–તમારી અને ધીરજરામની દોસ્તીથી પણ પુરાણી અમારી દોસ્તી છે. ન્હાનપણમાં છેક આવો ન્હોતો. એનો ટોળી મજાકખોર સ્વભાવ અમને સૌને ગમ્મત આપતો પણ એ નિર્દોષ મજાકમશ્કરીમાંથી હરામખોરી પેદા થવાની મ્હેં કદી વકી ન્હોતી રાખી."

સાહેબરામ અકળાયો. ક્ષણ વિચાર તો ઉઠયો કે મુદ્દાની વાત

વિશે સવાલ કરું પણ થંડા પડી માતાદીનનું આખ્યાન વિક્ષેપ પાડયા વિના સાંભળ્યા કર્યું.

"તે દિવસે જાણીજોઇને ભાસ્વતી તથા બીજી વિદ્યાર્થિનીઓને બારીએથી ગવર્નરનાં દર્શન ન કરવા દીધાં. શેઠ ભૈરવનાથની પારટીમાં વળી એવો ગપગોળો ફેંક્યો કે તમે ભાસ્વતીને ચાહો છો—"

"હેં! માતાદીન શું બોલો છો? કોણ છે એવો નીચ? મ્હને કલંકિત ઠરાવનાર છે ક્યાં?' સાહેબરામ લાલચોળ થઇ ગયો. લોહી જોરથી રગેરગમાં ધડકવા લાગ્યું.

"અરે! એટલા માટે તો મ્હારે ને ધીરજરામને શેઠની વાડીમાં સખ્ત ટપાટપી થઇ. ત્હમારા નિષ્કલંક પારદર્શક જીવનમાં દોષ આરોપાતો હું સાંખી શકયો નહીં તેમજ તે દિવસે ભાષણમાં ત્હમે ન્હોતું કહ્યું કે "સ્ત્રી માત્ર પવિત્ર છે. તેને અપવિત્ર લેખવાનો આપણો અધિકાર નથી" એ વિચારનો રણત્કાર જીવનમાં ગાજતો હોવાથી ભાસ્વતીને પણ પુણ્યાચરણી લેખી મ્હેં ધીરજરામના અપવાદનો સખ્ત નિષેધ કર્યો હતો. પારટી ન હોત તો હું એને ધૂળ ચાટતો કરત."

"ભાઇ! તમારી ઉંચી ન્યાયબુદ્ધિ અને સ્ત્રીબહુમાનવૃત્તિ માટે ત્હમને ધન્યવાદ આપું છું. હવે જો કાંઇ તોફાન કરતો એ પકડાશે તો એને જોઇ લઇશું. ભાસ્વતીની સ્હેજસાજ મજાક કરતો ત્યારે મ્હેં એને અનેકવાર વાર્યો છે છતાં એનો પીછો છોડતો નથી ને? એતો ઠીક છે કે મ્હને વરૂણીમાં લીધો છે. અંતર્દર્શનથી જાણું છું કે મ્હારૂં જીવન શુદ્ધ છે કે મલિન, ભાસ્વતી કે જ્યોતિરિન્દ્ર આવી અફવાઓ સાંભળે તો પરિણામ કેવું ભયંકર આવે?"

"અરે પણ એટલેથી ક્યાં એની હરામખોરી અટકી છે. હમ-

ણુંજ મુકુંદરામ–બિલાડીના પેટમાં ખીર રહેવી બહુ મુશ્કેલ છે.–મુકુંદરામ મ્હારી આગળ અતિશય પાપી બાતમી આપી ગયો. ધીરજરામે ભાસ્વતીપર અધમ પત્ર લખ્યો છે અને પોતાને અનુકૂળ ન થાય તો જોરજુલ્મ વાપરવાની ધમકી આપી છે.”

“ક્યાં છે ધીરજરામ? એની સારી પેઠે ખબર લેવી પડશે. અરે! ધીરજરામ! ધીરજરામ! કેવા ગર્તમાં ગબડી પડ્યો છું ક્યાંથી સેતાનનો સાથ ત્હને લાધ્યો?–પત્ર વાંચતાંજ એનું નામ સુઝયું હતું અને નીકળ્યું પણ તેમજ. દુષ્ટને આજે એવી સજા કરવી છે કે જન્મભરની ખોડ ભૂલી જાય. કોલેજમાં–દેશનું જ્યાં યૌવન આવી વસે છે અને જ્યાં એ યૌવન ઉચ્ચ જીવન કેળવે છે, જ્યાં મનુષ્ય જન્મનાં સાર્થક્ય કે નૈષ્ફલ્યનાં બીજ વવાય છે ત્યાં આવું ક્યાં લગી ચાલવા દેવાય? કન્યાઓ કે વિવાહિતાઓ આવી સ્થિતિમાં ઉંચી કેળવણી શી રીતે લઇ શકે? અને કેળવણી ન લઇ શકે તો દેશનો ઉદ્ધાર કેવી રીતે થશે? લાંબો વિચાર શો કરવો? ચાલો માતાદીન. ક્યાં છે એ દુષ્ટ? “સાહેબરામનાં રૂવેરૂવાં ઉભાં થયાં હતાં અને આંખમાંથી ક્રોધના તણખા ઉડતા લાગતા હતા.

તેનું રૂદ્ર સ્વરૂપ જોતાંજ માતાદીન પણ ગભરાઇ ગયો. ક્યાં આ નાગને છંછેડ્યો! અરે પિશાચ ધીરજરામ એજ લાગનો છે. એવું વિચારી સાહેબરામને મંડપમાં ઉભો રહેવા દઈ પાણીની ઓરડી આગળ મહારાજને બનાવવામાં મશગુલ થએલા ધીરજરામને સાહેબરામના નામથી મંડપમાં બોલાવી લાવ્યો. મેચની તૈયારીઓ ચાલતી હોવાથી કોઇ પણ પ્રકારના વ્હેમ વગર ધીરજરામ ઠંડે કાળજે પોતાના કાળ પાસે ગયો. માંડવામાં પેસતાંજ સાહેબરામની લાલચોળ ક્રુદ્ધ આકૃતિ જોતાંજ વિમાસણમાં પડી ગયો. સાહેબરામની નજર તેના પર પડતાંજ ફાળ મારી ધીરજરામપર કૂદ્યો અને

માંસલ સ્નાયુથી તેની ગલચી પકડી ચાર પાંચ લાત લગાવી દીધી. ધીરજરામ સમજી જ શકયો નહીં કે શા માટે પોતાના મિત્રે હેનો આવો સત્કાર આજે કર્યો.

"ધીરજરામ ! ત્હારા પર એટલો બધો ગુસ્સો ચડયો છે કે મ્હારૂં ચાલે તો ત્હને ચીરી નાંખું. બોલ, આ કંગાલ કાગળ તેં લખ્યો હતો ?"

કાગળ જોતાંજ પુષ્પાંજલિનો હેતુ સમજાયો, મારથી થએલી ગભરામણ ઉલટી વધી અને સાહેબરામના વજ્રપાશમાંથી છૂટવાનો પ્રયત્ન પણ શિથિલ થઇ ગયો. ત્હેના પગમાંથી આય ઉડી ગઇ એટલે ત્હેનું શરીર આધાર નમવાથી નમવા માંડયું પણ સાહેબરામે તેને જોરથી પકડી ટટાર રાખ્યું. ગલચી પકડવાથી બિચારાને શોષ ચડ્યો અને મ્હોં વિકૃત થઈ ગયું. આ જોઇ માતાદીનને દયા આવી. વચ્ચે આવી સાહેબરામની ભીંસ છોડાવી. છૂટો થતાંજ શુર આવ્યું હોય એમ સાહેબરામપર ધસ્યો અને સાહેબરામ સાવધ થાય ત્યાં તો સજ્જડ તમાચો ચોડી કઢાડયો. શરીરમાં સાહેબરામ કદાવર, માંસલ અને સ્નાયુબદ્ધ હતો અને ધીરજરામ પાતળો એકવડી કાઠીનો હતો, ચામડીમાંથી કસાએલાં સ્નાયુને બદલે હાડકાં દર્શન દેતાં છતાં તમાચામાં પોતાનું બધું જોર મૂકવાથી સાહેબરામના ગાલ પર પાંચ આંગળાં ઉઠયાં અને ગાલ લાલ કમળ જેવો થઇ ગયો. તમાચો મારવામાં ફત્તેહ મળવાથી ફુલાતો ધીરજરામ માંડવામાંથી ન્હાસી જવા જતો હતો ત્યાં સાહેબરામે કોટનો કાંઠલો પકડી ઉભો હતો ત્યાંજ એને બોડી દીધો.

સામ, દંડ, ભેદથી કાગળની બધી હકીકત જાણી લીધી. ખુબ ઠપકો આપ્યો, અપાયો તેટલો ઉપદેશ પણ આપ્યો. પ્રિન્સિપાલને

ખબર પડશે તો કોલેજમાંથી બે ત્રણ વર્ષ પર્યંત કહાડી મૂકશે એ-ટલે અભ્યાસ બંધ પડતાં રવડી મરવાની ભયંકર દશાનું ભાન કરાવ્યું. કાગળ પાછો આપી ભવિષ્યમાં આવાં પાપોમાંથી મુક્ત રહેવા ઇશ્વ-રનો અનુગ્રહ મેળવવાનો બોધ કર્યો.

માતાદીનના દેખતાં સાહેબરામે પોતાને માર્યો, ભાસ્વતી સં-બંધી પોતાની બદદાનત હોવાની વાત સાહેબરામને વાકેફ થઇ ગઈ અને હવેથી ભાસ્વતીને એનું હમ્મેશ શરણુ રહેવાથી પોતાના હવશો એમના એમ રહેવાના વગેરે વગેરેને લીધે ધીરજરામનો વૈરાગ્નિ પ્રજવળી ઉઠયો. સાહેબરામનો ઉપદેશ, બોધ, તથા તેણે બતાવેલી દયા આ ભડકામાં ભસ્મ થઇ ગયાં. સાહેબરામ અને માતાદીનના જવા પછી પણ તે મંડપમાં રહ્યો અને જીવ સાથે નાના વિધની ધડભાંગ કરવા લાગ્યો.

હોણુની સાલની ટીમ હુશીયાર અને કાબેલ હોવાથી શીલ્ડ મળવાનો સંભવ સોએ સો વસા હતો. એમાં પોતાની બોલીંગથી સંભવ સત્ય થાય એવી કીર્તિની આશા હતી. છતાં વૈર તૃપ્ત કરવા કીર્તિની આહુતિ આપવા સંકલ્પ કર્યો. ખોટું દાકતરી પ્રમાણપત્ર મેળવી પરમદિવસે સ્હવારે અગીઆર વાગ્યે બરાબર મેચમાં ઉતર-વાની ના પાડવી તેમજ બને તેટલા ખેલાડીને ખેરવી લેઇ સાહેબ-રામની કપ્તાનગિરિને નામોશી અપાવવાથીજ વેર લેવાશે એવો નિ-શ્ચય કર્યો. કાગળ ભવિષ્યમાં ઉપયોગી થશે એમ ધારી પાટલુનના ખિસ્સામાં મૂકી દીધો. માર ખાવાથી હાડકાં દુખતાં હતાં એટલે માંડવામાંથી નીકળી રેસીડન્સીમાં જઇ મુકુંદરામની ઓરડીમાં તેનાં પલંગપર થોડી વાર આડો પડયો. તબીઅત નાદુરસ્ત હોવાની ફરી-આદ કરી સાંજે પ્રેક્ટીસ કરવા ન ગયો તેમ સ્ટેશને પરોણાને

તેડવા પણ ન ગયો. તેની પ્રકૃતિ નરમ હોવાનું સાંભળીને હરીફોને મોહ થયો. રાતે અને બીજે દિવસે પોતાની બધી લાગવગ દોગાઇ, જુઠાણું, આવડત વગેરે વાપરી અગીઆરમાંથી પાંચ સારા ખેલાડીઓને ખેરવી નાંખ્યાં. ખેરવી નાંખ્યા પણ મેચનો પ્રારંભ થાય ત્યાં લગી દગો પ્રકટ ન થાય એવી વેતરણ રાખી પણ ચાલાક સાહેબરામને દગાની ગંધ આવતાંજ ઉસ્તાદ આગેવાનની માફક અણિના પ્રસંગ માટે જોઈતી વ્યવસ્થા કરી લીધી, ત્રણ સારા બોલર, એક સારો હિટર અને એક સારો ફિલ્ડર ધીરજરામની શીખવણીથી કહો કે માયાથી માંદા થઇ ગયા.

મેમાનોની સરભરામાં, પોતાની ટીમની કવાયતમાં અને દગો થાય ત્યારે ઓટને ભરતીમાં ફેરવવાની યોજના કરવામાં સાહેબરામના બે દિવસ વ્યતીત થયા. મેચને દિવસે સ્હવારે નવ વાગે ખબર આવ્યા કે મંદવાડથી, શ્મશાન જવાનું હોવાથી તેમજ પરગામ જવાનું હોવાથી ધીરજરામ સુદ્ધાં છ ખેલાડી જતા રહ્યા. પણ સાહેબરામ ગાંજ્યો જાય એવો નહોતો. ગયા ત્હેમને ર્હેતા મૂકયા. ખુશામત ન કરી. રખેને આવીને ઉલટું બગાડે.

ધીરજરામપર એટલો બધો રોષ ચડયો હતો કે તેની માંદગી સાચી હોય તો ખબર કહાડવાનો મનુષ્ય ધર્મ પણ ન બજાવ્યો તેમ પોતાના નીચ વિકારની સિદ્ધિમાં વિક્ષેપ પડવાથી ધીરજરામે ધાંધલ મચાવી હોય તો કોલેજની પ્રતિષ્ઠા ખાતર એને મનાવવા પણ ન ગયો. પ્રતિષ્ઠા કરતાં સદાચરણને શ્રેષ્ઠ લેખ્યું. પોતાનાજ બાહુબળથી આ સાલ કોલેજને શિલ્ડ અપાવવાનો સંકલ્પ કર્યો.

પ્રકરણ ૯ મું.

વિદ્યાર્થીવિશ્વમાં 'શીલ્ડ મેચ' ઉત્સાહક તહેવાર તરિકે વધાવાતી. શહેરની તમામ ગુજરાતી તથા અંગ્રેજી નિશાળો બંધ કરવામાં આવી હતી. કૉલેજ આગળ મેળો હોય તેમ વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં દશના સુમારમાં ભેગા થવા માંડયાં અને સાહેબરામ, ધીરજરામ, માતાદ્દીન, ફરેદુન અને મુસ્તફાના વખાણ કરતા પોતપોતાના પ્રિય વીરની પ્રશંસા કરવા જતાં વાગ્યુદ્ધો પણ થતાં. ક્રીડાક્ષેત્રની સીમાથી થોડેક આઘે તંબુઓ ઉભા કરવામાં આવ્યા હતા તેમાં કૉલેજના વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને શહેરના સંભાવિત ગૃહસ્થો બેઠા હતા. એક તંબુ ખાસ રમનારાઓ માટેજ હતો. તેમાં બન્ને ટીમના સ્કોરર આગળ બેઠા હતા. અમ્પાયરો ચીરૂટોના ધુમાડા કહાડી સજ થતા હતા. કેટલાક બેટ પકડી સ્નાયુઓ કસતા હતા. કેટલાક ખુરશી પર ઘોડો પલંગી પીડના તકીયા પર ટેકી ટોળ ગમ્મત કરતા હતા.

વિશાળા વડ નીચે ધીરજરામે ઇંદ્રસભા જમાવી હતી. સાહેબરામે મેચમાંથી એને કહાડી નાંખ્યો માટે એને બહુજ લાગ્યું હતું અને વેર લેવાની વૃત્તિ પ્રબળ ઉશ્કેરાઇ હતી. પોતાની કૉલેજ અગીઆર વિકટનો માર ખાવાની છે એવી અપશુકનીઆળ આગાહી તે પોતાના મંડળમાં ચર્ચતો હતો. એની સમજાવટથી ખરી ગએલા અને સાહેબરામે ખુશામત કરી મનાવેલા ન હોવાથી તેમના હુંપદને અપમાન લાગવાથી તેઓ પણ ઉશ્કેરાયલા હતા. શાળાનું અભિમાન સરી પડયું હતું. ખુદ પોતાની લાગણીઓની પરિતૃપ્તિ માટે વાંછના હતી. વિઘ્નસંતોષીઓ તરેહ તરેહનાં ગપ્પાં મારતા હતા અને પ્રતિપક્ષીઓના વખાણ કરતા અને પોતાના હમશરીકોના દોષો-ઝીણી ખોડખાંપણોને મોટું રૂપ આપતા.

સાહેબરામે એવી કુનેહથી કામ લીધું હતું કે ધીરજરામની

ટાળી ખસી જવાનું ખરૂં કારણ પ્રિન્સિપાલ સિવાય કૉલેજમાં પણ પુરેપુરૂં પ્રસિદ્ધ થવા ન્હોતુ પામ્યું તો પ્રતિપક્ષીઓમાં તો ક્યાંથી પ્રસિદ્ધ થયું હોય? તેમણે બનાવેલું મિથ માચ્યું લેખાયું હતું એ ત્હેમને બહુ સાલતું હતું. સાહેબરામને હલકો પાડવા એમણે આકાશ પાતાળ એક કર્યા પણ સાહેબરામની નિષ્પક્ષપાત પ્રમાણિકતા, શાળાનું અભિમાન, નિખાલસ અને મળતાવડો સ્વભાવ, સ્નેહના ઉમળકાથી ઉભરાતું હૈયુ અને રમતોમાં નિષ્ણાતતા, એટલાં બધાં કૉલેજમાં અને શહેરમાં પ્રસિદ્ધ હતાં કે તેની પ્રતિષ્ઠાને આંચ આવે એવું ન્હોતું. ભાસ્વતીથી સંળકેલી પોતાની હરામ દાનત હાંસલ કરવામાં સાહેબરામ વિઘ્નરૂપ નીવડશે એવું ધીરજરામને સ્વતઃ પ્રતીત થએલું હોવાથી ભાસ્વની અને એનાં નામ વિશે કલંકિત ચર્ચા ફેલાવાનો પ્રયત્ન કર્યો હતો પણ માતાદીન જેવાના વિરોધથી એ પાસા અવળા પડયા. કૉલેજ બંધ થવાનો સમય સમીપ આવતો હોવાથી દુષ્ટતા ધીરજ સાંખી શકી નહીં અને આંધળીઆં કરી કૂદી પડી. પુત અને કસમ બન્ને ખોવાં પડયાં. શીલ્ડમેચમાં રમી અમર થવાનો–સચિત્ર વર્તમાનપત્રોમાં છલાકાના કુશળ બોલર તરિકે છબીદ્વારા એને હાલપર નામ કોતરાવવાથી પ્રખ્યાતિ મેળવવાનો પ્રસંગ હાથમાં આવેલો ઝુંટાઇ ગયો મેચની રહવારે પ્રિન્સિપાલ પાસે જઇ સાહેબરામ સ્હામે ચાડી ખાધી અને મેચમાંથી નીકળી જવાનો સર્વ દોષ સાહેબરામને માથે નાંખ્યો. પાછા મેચમાં દાખલ થવાની આડકતરી વૃત્તિ પણ સૂચવી, પરંતુ પ્રિન્સિપાલ સર્વે હકીકતથી વાકેફ હોવાથી ધીરજરામને શી સજા કરવી તેના વિચારમાં હોવાથી એટલોજ જવાબ દીધો. "મેચ પૂરી થયા પછી તમારી ફરીઆદ વિશે તપાસ ચલાવીશ. રમવું હોય તો તમારા કપ્તાનને જઇ મળો. સાહેબરામને મળવા છાતી ચાલતી ન્હોતી એટલે નાસીપાસ થઇ પોતાનું વેર કેવી રીતે લેવાય તેની ખટપટમાં પડયો. વેરની લાગણી

જાગે છે ત્યારે માણસ પાપના એક ખાડામાંથી વધારે ઉંડા ખા-
ડામાં ઉતરી પડે છે. વિવેકબુદ્ધિ હ્રાસ પામે છે. આગ્ન જે હાથ
આવ્યું તે ભક્ષ કરી જાય છે તેમ વૈરવૃત્તિ જે સપાટામાં આવે તેને
હેરાન કરે છે. સાહેબરામપર વેર લેવાયું નહી ત્યારે પોતાની હીન
દશાનું કારણ ભાસ્વતીપર વૈર લેવાનું સૂઝયું સ્ત્રીજાત એટલી બધી
કાવલી છે કે જનસમાજ તેને ભંગુર લેખ્યા વિના રહેતો નથી.
ભાસ્વતી માટે એણે જાતે અને પોતાના દોસ્તો મારફત અનેક લ-
તીફા ફેલાવવા માંડયા. અમરસત્ર નાટકના પિશુન પેઠે, પિશાચી
આવડથી એણે ક્રીડાક્ષેત્રપર નિંદાની માણ વગાડી અને હૃદયે હૃદયમાં
એનો રણત્કાર ધોરાવ્યો. ખુદ ભાસ્વતીની પાછળ બેઠેલા વિદ્યા-
ર્થીઓ ગંધર્વનગર જેવાં કલંકો વિશે હસતા હસતા રસથી વાતો
કરવા લાગ્યા હતા. ભાસ્વતીની પાસે બેઠેલી સેનાએ આ સાંભળ્યું
ત્યારે તેને ભાસ્વતીની ભયંકર સ્થિતિનું અને વિદ્યા પ્રાપ્તિ માટે જે
જે સંકટો અને આધિઓ તે સહેતી હતી તેનું તેને ભાન થયું.
સ્હેના સત માટે પોતાના દિલમાં અભિમાન પ્રગટયું અને પોતાની
બહેનોની આવી સ્થિતિ એકદમ ભગીરથ પ્રયત્ને સુધારવા તેણે સં-
કલ્પ કર્યો, એવામાં ભૈરવનાથ શેઠ આવવાથી સાહેબરામ તેમના
શુભાશિર્વાદ માટે આવ્યો અને તે લઇ સેના અને ભાસ્વતીને લટક
સલામ કરી ક્રીડાક્ષેત્રમાં ગયો. લટક સલામના જવાબમાં બન્નેએ
રક્ષણની જે દ્રષ્ટિ ફેંકી તે ઉતાવળમાં જોઇ શકયો નહિ તો સમજી
તો કયાંથી શકે ? શેઠના આવવાથી તેમજ મેચ શરૂ કરવાની તૈ-
યારી થવાથી નિંદા બંધ પડી અને ખેલાડીઓના ગુણ દોષની ગં-
ભીર તેમ ઉપરચોટી ચર્ચા થવા માંડી. ધીરજરામ, મુકુંદરામ,
ચિંતામણરાવ, મુસ્તફા વગેરે ચુનંદા ખેલાડીઓ રમનાર ન હોવાથી
પ્રતિપક્ષીઓ ઉલ્લાસમાં આવી ગયા હતા. કોલેજીઅનોને સો વસા
ખાતરી હતી ત્યાં હવે સખ્ત ટપાટપીનો સંભવ લાગ્યો–વખતે હાર

ખાવાનો ભય પણ લાગ્યો. કોલેજનો કીર્તિધ્વજ આજ સાહેબરામ કેવો ફરકાવે છે તે જોવા સૌ ઉત્સુક થઇ ગયા હતા.

વખત થતાં બન્ને પક્ષના કપ્તાનો ક્ષેત્રના મધ્યમાં ગયા અને રૂપીઓ ઉછાળી પ્હેલા રમવાનું ભાગ્ય નક્કી કર્યું ભાગ્યદેવીનો કળશ સાહેબરામપર ઢળ્યો. તેણે રમવાનું પસંદ કર્યું એટલે પ્રતિપક્ષીઓ દાવ આપવા ગયા. સૌથી પ્હેલા સાહેબરામ અને ફરેદુન ગયા. તંબુમાથી બેટ લઇ નીકળતા યોદ્ધાઓને હૃદાઓએ તાળીથી વધાવી લીધા. ઝાડોની ડાળીમાં લપાયલા છોકરાઓએ પાંદડા ફેંકી અભિષેક કર્યો. રમત શરૂ થઇ અને બીજાજ બોલને એવી રીતે લગાવ્યો કે સીમા ઉલ્લંઘી તે ગયો અને ૬ રન સાહેબરામને ખાતે ચડયા. જોતજોતામાં ત્રણેક ઓવરમાં રનનો આંકડો ત્રીસપર ચડયો, ભરતીના અવાજની માફક તાળીઓનો અવાજ દિશાઓમાં ઘૂમવા લાગ્યો. જેમ જેમ તાળીઓ પડતી જાય તેમ તેમ ધીરજરામનું મ્હોં વધારે ને વધારે શામળું પડતું જાય. એની માયાથી ખરી પડેલાઓને રમતનું ઘેન ચડવા માંડયું અને પોરસ ચડતાં આવા હાથ બતાવવાના પ્રસંગમાંથી બાતલ થવા માટે ખેદ થવા લાગ્યો. પણ એવામાં ઉલ્લાસની અવધિ આવી પ્હોંચી. ફરેદુનથી ઉતાવળમાં પોતાનું બેટ સ્ટમ્પમાં મારી દેવાયું એટલે આત્મઘાતના આરોપથી એને જંગમાંથી છાવણીમાં પાછા ફરવું પડયું. એનું સ્થાન લેવા દરીઆલાલ આવ્યો. ઘણી મેચોમાં એણે ૯૯ રન કરેલા હોવાથી એને ૯૯ નું બિરૂદ આપવામાં આવ્યું હતું. એને વધાવવા આખું ક્રીડાક્ષેત્ર ગાજી ઉઠયું. પણ અફસોસ ! ગયો તેવોજ તે પાછો આવ્યો. હિટ મારવા જતાં બોલ પકડાઇ ગયો. આથી ખેલાડીઓમાં ઉત્સાહ મંદ પડી ગયો. બે ત્રણ ખેલાડીઓ વારાફરતી ગયા અને સ્કોર પચાસે પહોંચાડયો. એમની રમતમાં જીવ ન્હોતો. સાહેબરામજ રમત

રમતો હતો. રમત પણ મંદ પડી ગઇ હતી. એવામાં એક વાગ્યો એટલે આરામ તથા લંચનો વખત થયો. ખેલ બંધ પડયો. દ્રષ્ટાઓ યથેચ્છ આહાર વિહાર કરવા વરાયા.

ધીરજરામની સભા પણ ઉપાહારના મંડપ તરફ ઉપડી. દરવાજામાં પેસતાંજ અમરનાથ મળ્યો. ધીરજરામે તેને મંડળીમાં સામીલ કર્યો. બધા દોસ્તોએ ભેગા બેસી ગમ્મત અને ઠઠ્ઠા મશ્કરી કરતાં ચહા, ચેવડો અને ગાંઠીઆ ખાધા. જેમને ખપ્યું તેમણે પાઉં બિસ્કીટ ખાધાં. અમરનાથે સૌને ચોકોલેટ ખવડાવ્યાં. વળી બધાએ ચ્હડાવી એની પાસે પૈસા કઢડાવી અચ્છી મીઠાઇ લઇ સૌએ આરોગી. આમ ખાવામાંજ અવકાશ પૂરો થયો. રમત આરંભાતાં તે નિહાળવા સૌ પોતપોતાને સ્થાને દોડયા. જેમની જગ્યા પૂરાઇ ગઇ હતી તેમને બીજી નવી શોધવી પડી.

બરાબર અઢી વાગ્યે પ્રતિપક્ષીના ઉસ્તાદ બોલર ભાવાણીએ પ્હેલો દડો નાંખ્યો. સાહેબરામે જોરથી ફટકો મારી ચાર રન લઇ મંગલાચરણ કર્યું. સાહેબરામે એવો તો હાથ બતાવવા માંડયો કે પાટીઆપર દશક ઝપાટાબંધ વધતા ચાલ્યા. અર્ધા કલાકમાં સંખ્યા પચાસ પરથી નેવુ પર આવી. પ્રતિપક્ષીઓને ત્રણનો બોલર બદલવા પડયા. પણ એવામાં સાવધ સાહેબરામથી અસાવધ ખેલ ખેલાઇ ગયો. પ્રતિપક્ષીના અમ્પાયરે એલ. બી. ડબલ્યુનો ચુકાદો આપ્યો. એટલે સાહેબરામ રણક્ષેત્રમાંથી છાવણીભણી વળ્યો. તેના નામપર પોણોસો રન ચડયા હતા. 'એલ બી ડબલ્યુ' નો ચુકાદો પ્રતિપક્ષીનો અમ્પાયર કુશળ ખેલાડીને માટે આપે ત્યારે સ્વાભાવિક રીતે તે ખેલાડીના દોસ્તોમાં કચવાટ પેદા થાય છે અને નિર્ણય નિષ્પક્ષપાત અને સત્ય હોવા સંબંધી સંશય તેઓ ઉઠાવે છે. વિજયી યોદ્ધાને વધાવવાની તાળીની સાથે આ કચવાટનો પણ મંદ ધ્વનિ

ઉડયો. સાહેબરામે તંબુ પાસે આવી મોટેથી કહ્યું :" અમ્પાયરનો ચુકાદો વાજબી છે. લીટીપર મ્હારો પગ આવી ગયો હતો." આથી કચવાટ શાન્ત પડયો. પ્રિન્સિપાલે એને શાબાશી આપી અને એના ભાઇબંધોએ એની પીઠ થાબડી. ભૈરવનાથ શેઠે એને પોતાની પાસે બોલાવ્યો; પણ આવું છું કહી ખેલાડીઓના તંબુમાં ગયો અને બાકી રહેલા રમનારાઓને પાનો ચડાવા લાગ્યો. કેવા બોલ પડે છે, કેવી રીતે હીટ મારવી તેમજ ફિલ્ડીંગ કયાં કયાં નબળી છે વગેરે માહિતી તેમને આપી; પણ કમનસિબે જે જાય તે બે ત્રણ બોલ રમી પાછા આવવા લાગ્યા. ફક્ત માતાદીન બાર રન કરી આવ્યો. માતાદીન ખેલતો હતો ત્યારે સાહેબરામ શેઠ પાસે ગયો. શેઠે, સેનાએ અને ભાસ્વતીએ હૃદયના સાચા ઉમળકાથી વધાવ્યો. સેનાએ બહુ ઉજ્વળ રીતે એની રમત વર્ણવી વખાણી, અણિને વખતે સારા ખેલાડીઓ ખરી જવા છતાં શાંત રહી પાણી બતાવવા માટે ભાસ્વતીએ ધન્યવાદ આપ્યો અને કોલેજનું નામ રાખવા માટે ગર્વાનંદ દર્શાવ્યો. પણ સાહેબરામે પ્રશંસા અને ધન્યવાદના ખિન્ન મુખે ઉત્તર આપ્યા. " રન બહુ થોડા થયા છે. અઢીસો થવા જોઇતા હતા. ફરીને રમવું પડશે."

અમરનાથને પોતાની મંડળીમાં લઇ જઇ પાનસોપારી ખવડાવી ખુશમીજાજ બનાવી ધીરજરામે સાહેબરામ અને સેનાના સંબંધમાં તેના મનમાં સંશય ઉત્પન્ન કર્યો. એવી કુનેહથી, એવા તટસ્થપણાથી અને એવા રસથી વ્યંગ્ય ધ્વનિ ઉડાવતો ગયો કે અમરનાથ તો વિહ્વળજ થઇ ગયો.

આખરે સાહેબરામની ટીમ એકસોને પંદર રન કરી આઉટ થઇ. સામા પક્ષને પછી દાવ આપવા માંડયો. ધીરજરામ અને મુસ્તફા જેવા ઉસ્તાદ બોલરોની ખોટ લાગવા માંડી એટલુંજ નહીં

પણ ફીલ્ડીંગમાં પણ કચાશ લાગી. સાંઝ પડતા લગીમાં પ્રતિપક્ષીના ત્રણ ખેલાડીઓએ સવાસો રન કરી નાંખ્યા. કોલેજીઅનોના મ્હોં ઉતરી ગયાં. ધીરજરામ અને એના મંડળનું ચડી વાગ્યું. પણ સાહેબરામના મ્હોં પર હતું તેવુંને તેવું નૂર રહ્યું. સૌના વેરાયા પછી એણે પોતાના ખેલાડીઓને બોલાવી શાબાશી આપી અને આવતી કાલે કેવી રમત રમવાની છે તેની સમજણ પાડી તથા પોતાની કોલેજની પ્રતિષ્ઠા જાળવવા તેમને અભિમાનનું ઉદ્બોધન કર્યું.

ધીરજરામ અને સાહેબરામની ધાટી મિત્રતા કોલેજમાં મશહુર હતી એટલે બન્નેને વૈમનસ્ય થવાથી સાહેબરામે ધીરજરામને કહાડી મૂકયો છે એવી વાત કોઇ માની શકયું નહીં. ધીરજરામનું હૃદય નબળું હોવાના સબબે દાકતરે તેને રમવાની મના કરી છે એ બ્હાનાને સૌએ સાચું લેખ્યું અને ધીરજરામથી રમતમાં ભાગ ન લેવાયો, માટે અફસોસ બતાવી તેના સૌ ખબર અંતર પૂછતા. આવા સવાલ ત્હેને ભાલાની પેઠે વીંધી નાંખતા અને ત્હેના વૈરાગ્નિને વધારે ને વધારે પ્રજવળ કરતા.

બીજે દિવસે મેચ શરૂ થઇ. સ્મશાનમાં જવું પડવાથી હરીઆલાલ ન આવ્યો. એને ઠેકાણે કોને લેવો ? ધીરજરામની સાથે ખરી ગએલાઓને મેચમાં દાખલ થવાની સુનેરી તક આવી. તેઓ સાહેબરામની આસપાસ ભરાવા મંડયા પણ તેણે તેમને લક્ષમાંજ લીધા નહિ. માતાદીને ભલામણ કરી ત્યારે રોકડો જવાબ પધરાવ્યો. "એમને લેવાથી કદાચ કોલેજની કીર્તિ જળવાશે. પણ એમણે જે અનીતિ કરી છે તે માટે એઓ ખરેખરા પસ્તાય નહીં અને જે સાબ્વીને હેરાન કરે છે તેની માફ માંગી તેની ભલામણ લાવે નહીં ત્યાં લગી હું એમને રમતમાં લેવાનો નથી. કીર્તિ પ્હેલાં નીતિ આદરણીય છે." આ કરા

દિવ્યની કસોટી પાર ઉતરવા તેઓનું દીલ ઢચુપચુ થતું હતું ત્યાં સેનાએ સાહેબરામને હાક મારી.

" તમારી કાલેજમાં ભણતી હોત તો હું અત્યારે રમવા ઉતરત. પણ અફસોસ છે કે એ લ્હાવો મારા ભાગ્યમાં નથી. પણ ભાસ્વતીબ્હેન રમવા તૈયાર છે. પ્રેક્ટિસ હાલમાં નથીં પણ હોકીમાં કાબેલ થએલા સ્નાયુઓ ક્રીકેટમાં પણ પોતાનું બળ બતાવ્યા વિના નહીં રહે. "

સેનાની ભલામણ પ્હેલી ક્ષણે તો સ્વીકારી લીધી. પણ પાછો અનેક તર્કવિતર્કમાં પડયો. ભૈરવનાથ શેઠે પણ અનુમોદન આપ્યું.

" ભાઇ ! એમ નો ધારતા કે મ્હેં ભાસ્વતીને મારીને મુસલમાન બનાવી છે. ગઇ કાલની એ તો રમતમાં ઉતરવા તલસ્યાં કરે છે. એને શરમ લાગી ત્યારેજ મ્હેં પિતાજીની સંમતિથી ભલામણ કરી છે. "

" સાહેબરામભાઇ ! મુંઝાશો મા. બોલીંગ લેવાની મ્હને ઉત્કંઠા છે. ફીલ્ડીંગમાં એવી દોડીશ કે તમે ખુશી થયા વિના નહીં રહો. " ભાસ્વતીએ પોતાની ઉત્કંઠા મીઠા નર્મ વચનથી કહી.

હજૂ સાહેબરામ નિશ્ચયપર ન્હોતો આવ્યો એવામાં ભૈરવનાથના કહેવાથી પ્રિન્સિપાલ પણ પોતાની સંમતિ બતાવવા આવ્યો અને સાહેબરામના મનમાં ઉઠતા વાંધાઓ કલ્પી તેના રદીઆ આપી ભાસ્વતીને રમતમાં ઉતારી ક્રીડાક્ષેત્રમાં હોહા થઇ રહી. ધીરજરામની ઈંદ્રસભામાં કોલાહલ થઇ રહ્યો. છેલ્લ્રહેલી તક પણ હાથમાં ન આવી. સાહેબરામની લુચ્ચાઈ અને આપખુદ સત્તાપર તેમને બહુ રોષ ચડયો. સખ્તમાં સખ્ત રીતે વૈર લેવાના સૌએ સોગન ખાધા, પ્રતિ પક્ષીઓ પણ આભાજ બની ગયા. કાઠીઆવાડના વાતાવરણમાં જે ન જોયલું, ન સાંભળેલું કે ન કલ્પેલું તે આજે પ્રત્યક્ષ જોયું.

રમત શરૂ થઇ, ભાસ્વતીની ઇચ્છા પ્રમાણે તેને બોલીંગ આપવામાં આવી. સારા બોલ પડવાથી કે ત્હેની સ્હામા રમવાથી મુંઝાઇ જવાથી કે શરમાવાથી કે સ્રી તરફનું મોહાંજન અંજાવાથી પ્રતિપક્ષીના ત્રણ સારા ખેલાડી ઉડી ગયા. આજે સાહેબરામે બોલીંગ લીધી. ગભરાએલા પ્રતિપક્ષીઓની એણે પણ વિકેટ લેવા માંડી, જોતજોતામાં વીસ રનમાં નવ વીકેટ પડી અને રમત પૂરી થતાં સામાવાળાનો સ્કોર એકસોને પીસ્તાલીસ થયો. જે ભાસ્વતીને સૌ ધીટકારતા હતા અને નિન્દાથી કલંકિત અને દૂષિત ઠરાવતા હતા તે સર્વે એના ભક્ત બની જઇ દેવી તરિકે તેની પ્રશંસા કરવા લાગ્યા અને સાહેબરામની હિમ્મતપર આફરીન થઇ ગયા.

સાહેબરામની ટીમ પાછી દાવ લેવા લાગી. પ્હેલા સાહેબરામ અને માતાદીન ગયા. બન્ને એવો સરસ ખેલ ખેલ્યા કે દષ્ટાઓમાં ઉત્સાહ, આનંદ, અભિમાન સર્વત્ર ફેલાઇ રહ્યાં. સાંઝ પડી ત્યારે ત્રણ વિકેટ પડી હતી અને બસેં ત્રણ રન થયા હતા. બીજે દિવસે સાહેબરામ અને ભાસ્વતીએ રમત શરૂ કરી અને કલાકમાં રનનો સરવાળો ત્રણસોનો કરી નાંખ્યો. આટલા બધા રન થવાથી સાહેબરામે પોતાની ટીમનું રમવાનું રાજીનામું દીધું અને પ્રતિપ્રક્ષીઓને દાવ આપવા માંડયો. પાછી આજે સાહેબરામ અને ભાસ્વતીએ બોલીંગ લીધી અને જોતજોતામાં સીતોતેર રન આપી દસ વિકેટ પાડી નાંખી.

કોલેજમાં શીલ્ડ આવવાથી આનંદ આનંદ સર્વત્ર ગાજવા માંડયો. સાહેબરામ અને ભાસ્વતીને સૈનાએ ફુલના હાર પ્હેરાવ્યા. તેમના નામોચ્ચાર મુખે મુખે થવા લાગ્યા અને શાબાશીની દિશાઓ ચીરતા નિનાદથી તેની કીર્તિ ફેલાઇ. ધીરજરામથી આ ખમાતું ન્હોતું. આ ઉત્સવને હલકો પાડવા તેણે સ્હેજ ઉદ્ગાર કહાડયો ત્યાં

એનાજ મળતીઆઓ એના પર તૂટી પડયા અને પાણીથી પાતળો કરી નાંખ્યો; 'ત્હારા વગર કેવું ચાલ્યું ! કેવી શીહડ આવી' એવા મ્હેણાથી એને પીખી નાંખવા લાગ્યા. આખરે બિચારો સતાવણીથી વધારે ને વધારે બળવા એટલો બધો લાગ્યો કે દીપક રાગથી જળતા તાનસેનની માફક મલ્હારની શોધમાં બાઇસીકલ પર બેસી નાસી ગયો.

ભાસ્વતીએ સેનાને અથેતિ બધી વાત સ્હવારે કહી હતી. **સાહેબરામનું** દાક્ષિણ્ય, શૌર્ય, પ્રભાવ, અગ્રણીત્વ, નિપુણત્વનો પ્રત્યક્ષ અનુભવ થતાં તેહનું વ્હાલ સવિશેષ તેહનાપર ઉભરાયું. આવી કટાકટીમાં કોલેજની પ્રતિષ્ઠા જાળવી અને અનીતિને શાસન કર્યું–વિરોધ, મુશ્કેલી, નિંદા, હારથી જરા પણ સંક્ષુબ્ધ કે ખિન્ન થયા વિના પોતાના બાહુબળથી તે ઝુઝયો તેથી સેનાના આહ્‌લાદની અવધિજ ન રહી. હસતાં હસતાં **સાહેબરામને** સવાલ કર્યો "આવા પ્રલયકાળમાં ત્હમે ભલા, વિકારોની શાંતિ જાળવી શકયા અને બુદ્ધિની પ્રખરતા ઉપયોગમાં લઇ શકયા ?" **સાહેબરામે** પણ હસતાં હસતાંજ જવાબ વાળ્યો. "એનો ખુલાસો **માતાદીને** કર્યો છે."

"શો ખુલાસો ?"

"સાંભળવોજ છે ? હિમાલયપર નિરંતર બરફજ રહે છે."

"એટલે ?"

"હિમાલય જેમ ઉંચો પહાડ હોવાથી હિમાચ્છાદિત રહે છે તેમ હું ઉંચો હોવાથી મ્હારૂં મગજ પણ શાંત રહે છે."

આ સાંભળી સૌ ખડખડ હસી પડયા.

ભૈરવનાથે શહેરના આગેવાનો સાથે મળી **સાહેબરામને** એક બેટ અને ભાસ્વતીને હીરા માણેકના જડાવ એરીંગ ઇનામ અપાવ્યાં. પણ **સાહેબરામે** તે બેટ પાછું આપ્યું અને તેની કિમ્મત

પોતાના પક્ષના સર્વે ખેલાડીઓને વ્હેંચી આપવા વિનંતી કરી. આવી ઉદાત્ત વર્તણુકનું ભાસ્વતીએ પણ અનુસરણ કર્યું. સર્વત્ર ધન્યવાદનો વર્ષાદ વરસવા લાગ્યો. કુરબાન થએલા કોલેજીઅનોને તરતજ પોતામાંથી જોઇતી રકમ ભેગી કરી પોતાના વીરશ્રેષ્ઠનો મનોરથ પૂર્યો.

સાહેબરામ, સેના, ભાસ્વતી, બાલકરામ વગેરે એવા ઉલ્લાસમાં આવી ગયાં હતાં કે લળી લળીને વિનોદ કરતાં હતાં. સંશયથી ફરી ગએલી અમરનાથની આંખ આ નિર્દોષ વિનોદમાં અન્ય અર્થ જોવા લાગી.

પ્રકરણ ૧૦ મું.

ભાગ્યો. ધીરજરામ જીવ લઇને ભાગ્યો. આગનો ભડકો પાછળ પડ્યો હોય કે કોઇ હિંસ્ર શ્વાપદે પૂઠ પકડી હોય કે ભૂત પ્રેતે કેડો લીધો હોય ને જીવ બચાવવા ત્રાસતો ન્હાસે તેમ નાઠો. બાઇસીકલમાં પણ ઝનૂન આવી ગયું હોય એમ ગાઝીના જુસ્સાથી વાંધા અંતરાય ન ગણકારતાં તે પવનના વેગને પણ ટપવા લાગી. ધીરજરામ લાગણીઓના સંકુલ તુફાનથી એવો વિહ્વળ થઇ ગયો હતો કે અનુચર દુશ્મનોથી છાયાની માફક ગમે તેટલા વેગથી તે ભાગતો હતો, છતાં કેડો ન મૂકતાં હોય એમ તેને લાગ્યું. પાંદડાના ખખડાટમાં, પવનની સુરકીમાં, બાઇસીકલની સાંકળની કટકટમાં, રાહદારીના ચ્હેરામાં, માર્ગની ધૂળમાં, વાડીના ફુલોમાં, પંખીના કિલકિલાટમાં–સર્વત્ર એ પોતાના દુશ્મનને દેખવા લાગ્યો. વારંવાર બાઇસીકલની સાઠમારી એ રસ્તે થતી હોવાથી રાહદારીને કે માર્ગની બાજુમાં રહેનારાઓને આ ગતિપ્રદર્શનમાં નવાઇ ન લાગી.

ચકરડું ફરતું ફરતું નદી કિનારે પહોંચ્યું. હવા ફરવાથી કે ઘણે દૂર નીકળી આવવાથી ધીરજરામના દેહમાં ઉઠેલી આગ શાંત પડવા લાગી. સડક અને નદીના જળની વચ્ચે લીલી હરિ-આળીથી છવાએલો બેટ નદીએ પાસું બદલવાથી પડ્યો હતો. હજૂ ચોમાસું યૌવનમાં હોવાથી મખમલ જેવી સુંવાળી લીલોતરી બી-છાઈ રહી હતી. નદીના કાંઠા ભરી દેતું જળ પણ વેગ ભર્યું વહેતું હતું.

બાઈસીકલ પરથી ઉતરી પડી પગે ચાલતા જલ કિનારી પાસે ગયો. થંડા જળનો ખોબો ભરી મુખ પ્રક્ષાલન કર્યું અને બાહ્યો-પચારથી અંતરની વેદના શમાવવા મથ્યો. વેદના એટલો બધો સંક્ષોભ અને ત્રાસ આપતી હતી કે તેની અનિમિષ આંખો કુદરતનું ચારૂ સૌંદર્ય જોઈ શકતી ન્હોતી, તેની ઘ્રાણેન્દ્રિય જલની, જલવનસ્પતિની કે જલથી ભીંજાએલી માટીની ખુશબો માણી શકતી ન્હોતી, તેનો શ્રવણ જલના કલકલ નાદથી કે જલપંખીના સૂરથી આહ્‌લાદ પામતો ન્હોતો, નદી કાંઠાનું વાતાવરણ તેના દેહયંત્ર પર અસર કરી શકતું ન્હોતું. ફક્ત તેના પગ ચાલ્યા કરતા હતા અને હાથ બાઈસીકલને સાથે ચલાવતા હતા.

'ધીરજરામ! માણસને તરેહ તરેહના અભિલાપ હોય છે. દ્રવ્ય, સત્તા, કીર્તિ મેળવવાનાં અભિલાપ જેવોજ ઉત્કટ અભિલાષ સ્ત્રીને વશ કરવાનો હોય છે. મોજ માણવાનું સાધન સ્ત્રી કરતાં વધારે સારૂં કયું છે? મગદૂર છે એની કે પુરૂષ ઇચ્છા કરે અને એ સામી થાય. હળવટ કે જળવટથી એને કબજે લઈ સુખ ભોગવવુંજ જોઈએ પછી ભલેને ચુંથાયલી ફૂલપાંદડી પેઠે નકામી થઈ પડે. સારૂં ફુલ ચુંટવા, સુંઘવા કે માથે ચડાવવા કે પગે કચરવાની મનાઈ નહિં; રમણીય દૃશ્ય નિહાળવા આંખને પ્રતિબંધ નહિં;

મધુર ધ્વની સાંભળવા કાનને સદર પરવાનગી તો પછી એ વિવિધ સૌંદર્યના આકર સ્રીને માણવામાં શા માટે અંતરાય? પુરૂષોની ઇર્ષ્યા અને સ્વાર્થ ન હોય તો અંતરાય બંતરાય કેવા? સાહેબ-રામની નસેનસ હું જાણું છું. એની કુભારજા એને ઘેર જંપવા દેતી નથી એટલે કાલા થઇને એણે બીજે હાથ નાંખવા માંડયા છે. કેટલો હરામખોર! કેવો સ્વાર્થી! જાણે દુનીઆ એને માટેજ સરજાઈ હોય. પણ બચ્ચાજી યાદ રાખજે! લાગ આવે હાથ બતાવીશ. દુષ્ટ! મ્હારે ને તારે પેલા ભવની એવી તે શી દુશ્મનાવટ હતી કે મ્હારા એકેક મનોરથ જમીનદોસ્ત કર્યા તેં? ભાસ્વતીને મ્હારા પંઝામાંથી છટકાવી. મેચમાંથી મ્હને બાતલ કર્યો અને શીલ્ડ જીતવાથી ભવિષ્યમાં મ્હને થવાના લાભ લઇ લીધા. આટલું જાણે બસ ન હોય તેમ પ્રિન્સપાલને પણ સાચું ખોટું ભરાવી આવ્યો છે. સાંભળ્યું છે કે પ્રિન્સિપાલ 'રસ્ટિકેટ' કરવાનો ઇરાદો રાખે છે. જો એમ થયું તો બારજ વાગી જવાના. આખી જીંદગાની ધૂળધાણી અને ફનાફાતીઆ થવાની. ધીરજરામ! પરમેશ્વર પણ તારાપર રૂઠયો છે કે શું? તારા જેવા અદ્વિતીય ખેલાર વિના કોલેજ શીલ્ડ જીતી, પેલી ભાસ્વતીએ દડા નાંખ્યા અને તારી રમતનું વિસ્મરણ કરાવી દીધું.—શું કરૂં? કેવી રીતે અભિલાષ સિદ્ધ કરૂં, વેર લઉં, ગએલી પ્રતિષ્ઠા મેળવું અને જગતમાં જેટલું સર્વોત્કૃષ્ટ, અપ્રતિમ હોય તેટલું ભોગવું?" કુદરતની ગોદમાં ફરતાં સાંત્વના થઇ અને સંક્ષુબ્ધ મન પ્રસન્ન થઈ શૃંખલાબદ્ધ વિચાર ગોઠવવા લાગ્યું. લાગણીઓના ગુંચવાયલા તંતુઓ નિરાળા થવા લાગ્યા. નિરાળા થતાંજ તેમનું જોર કમી થવા લાગ્યું.

દૂર દૂર ક્ષિતિજમાં આકાશમાં ભળી જતી નદી અને તે સંગમ નિરખતાં વૃક્ષો અને વાદળાંઓ તરફ લાંબી દૃષ્ટિ પ્રેરી, મનઃ-

સ્થિતિ આંખો વિશદ થવાથી ત્રાસ સરી પડયો હોય અને સ્વા-સ્થ્યનો ઉલ્લાસ આવ્યો હોય—અને તે ઉલ્લાસ અસ્પષ્ટ સ્વરદ્વારા મૂર્તિમંત થતો હોય તેમ તે ગણગણવા લાગ્યો—ઝીણી ઝીણી સી-સોટી વગાડવા લાગ્યો. આખરે ન રહેવાયાથી ઉંચે અવાજે ગાયન લલકારવા માંડયું. નદી વનસ્પતિ કે આકાશ સિવાય કોઇ જેમ એનો મીઠો બુલંદ કંઠ સાંભળે એમ નહોતું તેમ એ ગાયનમાં ગા-જતા વિકાર અને વિકારના આવેશમાં કરાતા સંકલ્પોનો પણ કોઇ સાક્ષી નહોતું. કેદ પુરાએલી વૃત્તિઓને ગાયન ગાવામાં વિસર્જન માર્ગ મળવાથી ધીરજરામ વિશેષ સ્વસ્થ અને પ્રસન્ન થયો.

'હા હા! કેવી મૂર્ખાઇ!' એવું મોટેથી બોલી તે ખડખડ હસ્યો. ગાયન, હાસ્ય વગેરે જોનાર હોત તો એને ઉન્મત્ત, ભ્રમિ-તજ કોઇ ધારત. વળી મનોદશા બદલાઇ. મ્હોડું ચડી ગયું. હસ-વાને બદલે અફસોસ કરવા લાગ્યો. 'અરર! કેવી મોટી ભૂલ, પ્હેલેથી સૂઝયું હોત તો આજે બધું હાથમાં આવી ગયું હોત. આ જમાનામાં સાવજ કરતાં પણ ગધેડાનું ચામડું ઓઢી કરનારો સાવજ વધારે ફાવે છે. સર્વે સાથે મીઠા સંબંધો રાખ્યા હોત—કેળવ્યા હોત અને પછી મદારી બુરકીથી ભરમાવી મનમાની મોઝ માણી શકત. બસ, ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. હમણાંજ જઇને સાહેબરામની ભા-સ્વતીની, પ્રિન્સિપાલની અને ભૈરવનાથ શેઠ સુદ્ધાંની ખોટી હૃદય દ્રાવકતાથી માફી માગું છું અને સાવધતાથી, કુનેહથી અને દૂરં-દેશીથી વર્તું કે ભવિષ્યમાં આવી મુશ્કેલીઓજ પેદા ન થાય. સાહેબરામ છે ભોળો; એને છેતરતાં વાર શી? સીધી વાતમાં એની સાથે ન ફવાય. 'રિગેટા'માં એની માફી માંગી, પસ્તાવો બતાવી ખુશામત કરી—ગમે તે રીતે સામીલ થઇશ અને ક્રિકેટમાં ખોયેલી કીર્તિ મેળવીશજ. પણ ભાસ્વતી હાથથી ગઇ. હાલમાં એને છંછે-

ડવામાં સાર નથી, પણ શિકાર વગર જીંદગીમાં લ્હેજત શી? ભાસ્વતીપર ક્યાં મેખ મારી છે? એ નહીં તો એની બ્હેન સેના! હા! ઠીક નજરમાં આવી. છે પણ વધારે રૂપાળી અને તંદુરસ્ત. અમરનાથની સાથે મ્હારે ઘણું સારૂં છે. એ વાંદરાને આજે મ્હેં સીડીએ ચડાવ્યો છે, પણ ઉતારતાં શી વાર? દોસ્તી વધારે ગાઢ કરીશ. ભૈરવનાથ શેઠની પણ પુષ્કળ ખુશામત તથા તહેનાત ઉઠાવીશ, મ્હારો ઉસ્તાદ કંઠ એમની લોકસેવામાં અર્પણ કરીશ. એમની જાહેર પ્રવૃત્તિઓ ઉપડશે એટલી ઉપાડી લઇશ અને સાહેબરામની સાથે મીઠાશ તથા સારપની હરિફાઈ કરી સેનાના વધારે ને વધારે પરિચયમાં આવીશ. કાળ છે, મ્હારી શક્તિ છે અને મ્હારા અભિલાષનું બળ છે—આ ત્રણેને શું અશક્ય છે? આ ફાંકડાથી કોણ નહીં મોહે? બસ, બસ, એજ રસ્તો. તાગ ન આવે એવા ઉંડા ન થઇએ તો ફાવીએ કેમ?'

વિષયવાસના એટલી પ્રબળ હતી કે બીજી બધી વૃત્તિઓ એમાં શમી ગઇ. આ બળથી પ્રેરાયલો પાછો બાઇસીકલ પર ચ્હડયો અને નદી કાંઠે કાંઠે થઇને ભૈરવનાથના 'સેનાનિકેતન' ભણી ગયો.

'મીલોના મજૂરોની સારવાર કરી ફરવા જતા ડૉ. છન્નુલાલનો રસ્તામાં ભેટો થયો. ખુશમીજાજ ડૉક્ટરે વાતમાંને વાતમાં મજાક કરવા માંડી. "અહ્યા ધીરૂ, બાયડીએ તારૂં નાક કાપ્યું. તારા જેવા મરદને ભૂલાવી દીધો. રીસાઇ બેઠો હતો તે ડુબી મર હવે ઢાંકણીમાં પાણી ભરીને."

સાંભળતાંજ એકદમ ઉછળ્યો. લુચ્ચાઇ વધારે સચોટ થાય માટે સાધુતાનો ધરવા ઇચ્છેલો સોંગ સરી જઇ એની ખરેખરી નગ્નતામાં પ્રગટ થવા જતો હતો ત્યાં અતિશય યત્ને મન કાબુમાં રાખ્યું અને મજાક કહો કે ટોણો કહો તે પી ગયો. ડાક્ટરની

મંજાકને પણ ભુલાવી દે એવી મજાકમાં ઉડયો અને ઉલટું પોતાનો યશ હાંસલ કરવા ડાકટરને પેચમાં લીધો અને સીસામાં ઉતાર્યો.

*　　*　　*　　*

ભાસ્વતીનો હર્ષ હૈયામાં માતો ન્હોતો: આજે જીંદગી સાર્થક થઇ હતી. નિંદા, ત્રાસ, અપમાનને સ્થાને ધન્યવાદ, મમતા, પ્રતિષ્ઠાની ધારા ચારે મેરથી વર્ષવા માંડી હતી. કોલેજનું નાક પોતાથી રહ્યું એવા અભિમાનથી ફુલાતી હતી. સાહેબરામે કરેલા ઉપકારના ઋણમાંથી મુક્ત થવાની નિશ્ચિંતતા અનુભવતી હતી. દુષ્ટ યાતુધાન ધીરજરામને કચરી સદંતર પાયમાલ કરવાની જોગવાઇ આવવાથી વેર લેવાયું એમ માની રાચતી હતી.

સોનાનો આનંદ છલકાઇ જતો હતો, પિતાના વિશ્વાસ અને આશાના આસ્પદ પોતાના સમવયસ્ક અને સમબુદ્ધિમંત સખા સાહેબરામનાં વિજય, નિપુણતા, પ્રયોજક શક્તિ, નાયકકલા આદિનું પ્રત્યક્ષ દર્શન કરી તે ખુશ ખુશ થઇ ગઇ હતી. પોતેજ કાંઈ વીરપરાક્રમ ન કર્યું હોય એવા ઉલ્લાસથી એનું લોહી ધબકતું હતું. બચપણની ગોઠિયણ ભાસ્વતીની વિજયસિદ્ધિથી પણ એટલોજ આનંદ એને થતો હતો. બીજાને આનંદે એ આનંદી બને સુખી થતી.

પોતાના સામંતના ગુણોએ બતાવેલા પાણીથી ભૈરવનાથ શેઠને ઓછી ખુશાલી ન્હોતી થઇ. જીંદગીમાં આવો પ્રસન્ન ઉત્સાહભર્યો ઉલ્લાસ એમણે માણ્યો ન્હોતો.

" સાહેબરામ ! સંકલ્પાએ કહેવડાવ્યું છે કે ત્હમે ખસુસ જીતવાના છો. મ્હારે ત્યાં ગાર્યું મ્હોં કરી તમારી વિજય સ્વારી ઘેર પધારશે તો તમારો પાડ જીંદગીભર નહીં ભૂલું. " આતો

સંદેશો બાલકરામે પ્હોંચાડયો અને સાહેબરામે સ્વીકાર્યો.

સાહેબરામને હજૂ મેમાનોની સરભરા કરવાની હોવાથી એ અને બાલકરામ રોકાયા. શેઠ અને રત્ના ભાસ્વતીને એના નિવાસે ઉતારતાં ગયાં.

ઘરમાં પ્રવેશતાંજ એનો ન્હાનો ભત્રીજો દોડતો આવ્યો. " ફોઇબા ! તમે તો જીત્યાં. તમે તો જીત્યાં " એમ બોલતો બોલતો વળગી પડયો. ભાસ્વતીએ તેને ઉંચકી તેના કપાળપર બોકી લીધી. છોકરો ફોઇને ગળે વળગી પડયો, ફોઇ ભત્રીજાએ એકમેકને ખુબ વ્હાલ કર્યું. હાથ છોડી કંઠેથી સરી પડયો. પણ એવામાં યાદ આવ્યું હોય તેમ પાછો ફરી વિનીત ભાવે બોલ્યો. " ફોઇબા ! તહમે પ્રાર્થના કરી ? "

" ના ભાઇ ! કોલેજમાંથી પરભારી ચાલી આવું છું. "

" તમે જીત્યાં માટે પ્રભુનો ઉપકાર માનવા પ્રાર્થના કયારે કરશો ? "

" હમણાંજ, ભાઇ. કપડાં બદલી હાથ પગ ધોઇ લેવા દે. "

ભાસ્વતી ભત્રીજાની આંગળી પકડી પોતાના ખંડમાં ગઇ અને બહારનો મેલ તથા થાક ઉતાર્યો. પછી ફોઇ ભત્રીજો પ્રાર્થના કરવા બેઠાં. પ્રાર્થના કરતાં ભાસ્વતીનો ઉલ્લાસ મરી ગયો. અનેક વૃત્તિઓ પાપમય લાગી. પાપનું ભાન થતાંજ શોધન કરી વિશુદ્ધ સાત્વિક વૃત્તિઓનુંજ સેવન કરવાનું અને અધમનો નાશ કરવાનું બળ પ્રાર્થ્યું. પ્રાર્થનામાં લગભગ પોણો કલાક વ્યતીત થઈ ગયો. પાંચેક મિનિટ પ્રાર્થના કર્યા પછી ફોઇ ઉંઘી ગયાં કે શું એવું લાગવાથી બાળક એના રમવાના ઘોડા પર ચ્હડી રમવા લાગ્યો.

વૃત્તિનો નિરોધ થયો અને શરીરની શાંતિ આવી એટલે

ભાસ્વતી ટટાર થઇ નિર્નિમેષને જોવા લાગી તો તે એની નિર્દોષ બાળચેષ્ટામાં મશગુલ હતો. પાપના ગર્તમાં પડતો પોતાને બચાવવા માટે તેના ભક્ત હ્રુદયનો પાઠ માનતી ઈંગ્લીશમાં પ્રશસ્તવન ગાતી ગાતી પોતાની માતા પાસે ગઇ.

રાત્રે સૂતાં સૂતાં આર્ત્યુ " પ્રભો ! ધીરજરામને સુબુદ્ધિ આપો. એને વિપથે જતો બચાવો. "

પ્રકરણ ૧૧ મું.

મેમાનો હારથી તદ્દન વિષાણ્ણ ન થઇ જાય માટે મેજબાની, જલસો આદિથી સરભરા કરવાની વ્યવસ્થા કરી સાહેબરામ બાલકરામની સાથે નીકળ્યો.

" બાલક ! આજના વિજયમાં ધીરજરામ ભાગીઓ થયો હોત તો કેવું સારૂં ! રમત સારી ખેલાઇ હતી પણ એની બાલીગનો બહાર જુદોજ હતો. "

" સાહેબરામ ! સ્વાભાવીક રીતે આપણને સૌને એનું દુર્ભાગ્ય સાલવું જોઇએ. પણ એની હરામખોરી માટે એને સજા ન્હોતી થવી જોઇતી ? ઇશ્વરની પણ ગહન ઘટના છે. ભાસ્વતીએ કેવો રંગ રાખ્યો ! સેના બ્હેન હોય નહીં અને ભાસ્વતીને પાનો ચડે નહીં. જંગમાં ઉતરવાને સેના બ્હેનના હાથ બહુ સળવળતા હતા. "

આમ આડી તેડી વાતો કરતા કરતા બાલકરામના આંગણામાં જઈ પહોંચ્યા. ગાડીનો ખખડાટ પોતાનાજ દ્વાર આગળ અટકવાથી સંકલ્પકિશોરી મેમાનોને ઓળખી ગઇ અને સ્વાગત માટે સામી ચાલી આવી. સાહેબરામના ગળામાં સુગંધિ ફુલોનો

હાર પ્હેરાવ્યો. સાથે બે જણ આવેલા છતાં સ્વાગત એકનુંજ થયું એ જોઇ સાહેબરામ બાલકરામના સ્વાગતની ચિંતામાં પડયો. ત્રણે જણ આગલા ખંડમાં ખુરશીઓ પર બેઠાં છતાં સંકલ્પકિશોરીએ બાલકરામનું સ્વાગત ન કર્યું ત્યારે તેને ઠપકો દેવા સાહેબરામ જતો હતો ત્યાં પતિ પત્નીની આંખોમાં અજબ પ્રકાશ જોઇ ખચકયો. વૃત્તિ પણ પલટાઇ ગઇ.

" સંકલ્પ ભાભી ! તમે જબરાં જાદુગર લાગો છો, બાલકરામની આંખમાં કેવા આંજણની ભૂરકી નાંખી કે આજ સારો દિવસ–એની કોલેજ ઢાલ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઇ ત્યારના મંગલ અને પુણ્ય પ્રસંગે પણ જે તેજ એની આંખમાં ન્હોતું તે તમને જોતાંજ પ્રગટી આવ્યું. "

આ સાંભળતાંજ સંકલ્પકિશોરી હસી પડી. " દંપતીજીવનનાં એ રહસ્યો અધિકાર પ્રાપ્ત થાય ત્યારે આપોઆપ સમજાય છે. "

" સાહેબરામ પણ અધિકારી છે એટલુંજ નહીં, ઋતંભરા પ્રજ્ઞાથી સંપન્ન છે એટલું વિસરી મા જતી. મેચના સવિસ્તર સમાચાર સાંભળ્યા ? "

" સ્વામી વિષય બદલે ત્યારે પતિવ્રતાએ પણ અનુકૂળ વર્તન કરવું જોઇએ; ફળીઆના છોકરાઓ પાસેથી ઘણી હકીકત સાંભળી છે. આજે સાહેબરામ તમારો ગર્વાનંદનો દિવસ છે તેવો અમારે પણ છે. "

" હોવોજ જોઇએ. ભાસ્વતી સ્ત્રી જાત છે ને પાછી તમારા પંથની. મશ્કરી નથી કરતો પણ ખરા દીલથી કહું છું કે આપણા ગુજરાતની સુન્દરીઓના ઉન્નતિક્રમણના ઇતિહાસમાં પહેલ વહેલાં આ મેચ સોનાના પટાથી અંકાશે. આપણા ઇલાકામાં ગુજરાતીઓ પહેલ વ્હેલા આ ઢાલ જીત્યા છે; ભાસ્વતી હોય નહીં ને આ

મેચ જીતાય નહિ. "

" પણ તમે ક્યાં કાચા રમનાર છો. ખરૂં પાણી તો તમે બતાવ્યું છે. જ્યાં ત્યાં તમારી તારીફ થતી સાંભળી છે. તમારી હિટો પર આખું શહેર કુરબાન થઇ ગયું છે. "

પહેલે દિવસે સામાવાળાની હિટો ક્યાં ઓછી હતી ? ભાસ્વતીની બોલિંગ વગર આપણું હારત, પણ કદાચ. "

" ના, ના, વિજયનાં મુખ્ય કારણ તમારો કોલેજનો કીર્તિ ધ્વજ ફરકાવવાની અભિલાષાનો જુસ્સો, અને દુષ્ટ ધીરજરામને બતાવી આપવા—"

" અન્યાય કરો માં ભાભી ! ધીરજરામની દુષ્ટતા માટે મ્હેં એને રમવા ન લીધો બાકી કોઇ પણ જાતની સરસાઇ વૈર વૃત્તિથી બતાવવા ક્ષણ પણ વિકાર ઉઠયો નથી. "

" કેવું કુંળું અને સાત્વિક હૃદય છે " એવી લાગણી દંપતીને થઇ.

" ચૂકી, ખરેખર ચૂકી. તમારો સ્વભાવ જાણતી હોવા છતાં કેમ ચૂકી ? સ્વગત બોલતી હોય તેમ અસ્ફુટ શબ્દ ઉદ્દગારતી સંકલ્પકિશોરી અફસોસ કરવા લાગી.

" ભાભી ! આ વર્ષે ઢાલ જીતવાની પૂરેપૂરી ખાતરીજ હતી. આ વર્ષે ન જીતાય તો બીજે કયે વર્ષે જીતાય ? કેટલા મહિનાથી અમે તૈયારી કરી રાખી હતી ? પણ છેવટે ધીરમજરામ વગેરે કુશળ ક્રીડાકારો ખરી પડયા અને સુઘટિત સંકલના તુટી ગઇ. "

" પણ એવા આફતોથી મુઝાઓ એવા ક્યાં છો ? તમે એક ફેરા સંકલ્પ કર્યો તે પાર પાડવાનાજ. "

જ્યારે જ્યારે સાહેબરામ અને સંકલ્પકિશોરી મળતાં ત્યારે ત્યારે બાલકૃષ્ણ શાંત શ્રોતા થઇ જતો. સાહેબરામનું હૃદય

પારખવામાં પોતાની પત્નીની નિપુણતા જોતાં તેને અજાયબીનો આનંદ થતો. નિકટ સહવાસ છતાં જે વસ્તુસ્થિતિ પોતે પામી ન શકતો તે સંકલ્પકિશોરીને સહજોપલબ્ધ થતી જોઇ તેનો ગર્વાનંદ છલકાઇ જતો.

" અલબત્ત ! ધાર્યું સિદ્ધ કરવાનોજ. રમનારાઓ જતા રહેવાથી નહિં પણ આવી રમતમાં તેઓ સામીલ ન થઇ શકયા માટે મારૂં દીલ બળતું હતું. બીજી પાસથી ભાસ્વતી માથે ગુજરેલા સીતમથી મન વિહ્વળ થઈ ગયું હતું. જંગમાં લડાઇનો પાનો ચડતો, ચડતો અને ઓસરી જતો. કારણ એકાગ્રતા ન્હોતી. પણ ભાસ્વતી રમવા આવી એટલે અલૌકિક શૂરાતન છૂટયું. મનની વિહ્વળતા શમી ગઇ અને એના શાલાભિમાને મ્હારા અભિમાનને સતેજ રાખ્યું.

જેટલા વ્હાલથી, ઉમળકાથી, મગરૂરીથી બહેન ભાઇની વાત સાંભળે તેવીજ રીતે સંકલ્પકિશોરી સાહેબરામની આત્મકથા સાંભળતી હતી. બન્નેને વિનોદની ગમ્મત માણવાની જબરી ટેવ હતી. ગંભીર વાતમાં ટીખળ કરવું એ ટેવ તૈયાર થઇ.

" તમે ત સાધુ કે દંભી ? અંગ્રેજીમાં મગરનાં આંસુ સારવાનું કહે છે તેવું કરો છો. "

" હા, ભાભી. તમારો સવાલ ખોટો નથી. પણ મ્હારા હૃદયમાં જે તુમુલ તુફાન જામ્યું હતું–જામેલું છે કારણ કે હજૂ પણ તદ્દન શાંત નથી પડયું તેનો સાક્ષી ઇશ્વર છે. આપણા સંભાવટીઆ, કૉલેજની કીર્તિ ઝળહળવામાં પોતાનું સર્વસ્વ આપનારાઓ આવા વિકટ જંગ અને તેના ફલ વિજયના સહભોગમાંથી નિષ્કાસિત થએલા જોવાથી વ્યથિત થતું ગાંડાઆપણું અને બીજી તરફ એક સ્ત્રીને દુષ્ટ રીતે હેરાન કરવાની અધમતાને શાસન કરવાની

નીતિન્યાયવૃત્તિ—એ બન્ને વચ્ચે એવી રસાકસી ચાલી છે કે અનુભવ વગર સમજાય એવું નથી. ”

હૃદયમાં થતી વ્યથા ઉદ્‌ગારમાં, અંગોના સંચલનમાં પ્રતીત થવા છતાં સંકલ્પકિશોરીએ વધારે છંછેડાટ કરી. “ તમે કાંઇ ઇશ્વર છો કે દુષ્ટને શાસન કરવા પ્રવૃત્ત થયા ? ”

“ હું ઇશ્વર નહીં હોઉં તો પણ તેનો અંશ છું. શાસન કરવાનો અધિકાર છે. તેનો દુરુપયોગ કરીશ એટલે તરતજ મ્હારૂં ઇશ્વરત્વ ખંડિત થશે. ”

“ સવાર થશે તો પણ તમારી ચર્ચા પૂરી થશે નહીં. સંજીવની ભાભી જાણશે તો આપણને ઠપકો આપશે. માટે ગળ્યું મ્હોં કરાવવું હોય તો કરાવો. ”

પતિના શબ્દો સાંભળતાંજ સંકલ્પકિશોરી ઉઠી અને હસતે વદને બીજા ખંડમાં ગઈ. સંજીવનીનું નામ સાંભળતાં સાહેબરામને પોતાના અને મિત્ર જીવનનો અંતર સ્પષ્ટ થયો. એવામાં બાલકરામે શાંતિ ઉરાડી. “ ગળામાં ગુલાબ છે તે કઇ વાડીનાં છે ? ”

“ પોલીસ ખાતામાં નોકરી કરવી પડશે તો એ વિદ્યા શાખીશ. અત્યારે તો નથી આવડતી. ”

“ અમારી અગાસીમાંના રોપાનો જોયા છ કે નહીં ? ”

“ હમણાંજ પખવાડીઆ ઉપર આપણે ત્રણ જણાં પતંગ ઉરાડવા ચડયાં હતાં અને સંકલ્પકિશોરીએ તારો પતંગ કાપ્યો હતો તે વખતે તારી ફુલવાડી જોઇ હતી. ”

“ ત્યાર પછી આપણે ત્યાં નથીજ ગયા. સંકલ્પાનો બગીચો ફુલ્યો છે. કુંડામાં વાવેલા જાતજાતના ફુલના રોપથી મજાની ફુલવાડી બની છે. તમારા હારમાંનાં ગુલાબ એના ઉછેરેલા છોડનાં છે.”

એવામાં સંકલ્પકિશોરી ઉપાહાર લઇને આવી. ન્હાની ન્હાની

ટીપાઇપર તે ગોઠવ્યો અને તેનું આસ્વાદ લેવા પતિમિત્ર અને પતિને વિનંતિ કરી.

" ભાભી ! તમને કેટલી શાબાસી આપું ? જયારે જયારે તમારે ત્યાં આવ્યો છું-ઘણું ખરૂં હમેશ આવું છું-ત્યારે ત્યારે આખા ઘરની વ્યવસ્થા, સ્વચ્છતા, આરામ એવાં દીલપઝીર હોય છે, તમારી રસોઇ એવી સ્વાદિષ્ટ હોય છે કે શા શબ્દોમાં આ બધી આવડતનાં વખાણ કરૂં ? ઘણી ભણેલી સ્ત્રીઓનાં ઘર મ્હેં જોયાં છે. એમનું એદીપણું બતાવતી હોય તેમ જાજમ પર, ખુરશીપર અને ટેબલપર પડી પડી ધૂળે મ્હારાં કપડાં મેલાં કર્યાં છે. ઘણાં કહેવાતાં સુધરેલા કુટુમ્બોમાં ગયો છું પણ કપડાંની ટાપટીપ સિવાયની બીજી ગૃહ વ્યવસ્થા જોઇ નથી. મ્હેં તમારા જીવનનું બારીક નિરીક્ષણ કર્યું છે. નિયમિતતા, મહેનતુપણું અને હોંશનો આગ્રહ એ તમારા જીવનના મંત્ર છે."

" મારાં વખાણ સાંભળવા નોતર્યા નથી. પણ તમારા વિજયથી થએલા આનંદનો લ્હાવો લેવા. આ ઘરમાં તમને જેટલું રૂચતું હોય તેનું માન મ્હારા રામને ઘટે છે. શાબાશી આપવી હોય તો એમને આપો."

આમ વિનોદ આલાપ કરતાં ઉપાહાર લેવાયો. પ્રસન્ન ચિત્તે આભાર અને આનંદની લાગણી દર્શાવી સાહેબરામ ઘેર જવા ઉભો થયો.

" જેવી વિજયસિદ્ધિ આજે થઇ તેવી ભવિષ્યમાં ગુજરાતને દુનિઆમાં આગળ પાડવાની તમારી પ્રવૃત્તિને મળો."

" ભાભી ! તમારો આશીર્વાદ પ્રભુ સફળ કરે ! માતાઓના અભિલાષ અભિલાષ નથી રહેતા."

સાહેબરામના ગયા પછી બાલકરામે રસની સુકુમારતાથી

લડવૈયાના ઉત્સાહથી અને પરાક્રમના ઉન્માદથી સારા દિવસનો વૃત્તાંત અથેતિ વર્ણવ્યો.

શાલામાં નિયમિત ઉચ્ચ શિક્ષણ લેવાનો અવસર સંકલ્પકિશોરીને ન્હોતો મળ્યો છતાં વાંચનથી તેમજ પતિ અને તેના મિત્રો સાથે દરેક વાતમાં રસથી ભાગ લઇ તેણે પોતાનું જ્ઞાન વધાર્યું હતું. બાલકરામને એવી રસિક આદત હતી કે રાત્રે સૂતા અગાઉ પત્નિ પાસે આખા દિવસમાં બનેલા પ્રસંગો તપસીલવાર વર્ણવી જાય. આથી સંકલ્પકિશોરીની માહિતી વધી હતી, વર્તમાનપત્રો, ક્રમિકપત્રો અને પુસ્તકોના વાંચનથી આવી માહિતી તે વધારતી. બાલકરામના જેટલા ખાસ દોસ્તો આવતા તેટલા તેના એકલાનો નહીં પણ તેની સંસ્કારી પત્નીનો સહવાસ લઇ શકતા. આવા પ્રસંગોપર વિનય, વિવેક, સાહૃદયતા, માધુર્ય અને પ્રેરણાથી સંમેલનનું વાતાવરણ તે ભરી દેતી, ગમે તેવો પ્રચંડ બુદ્ધિવાળો દોસ્ત આવ્યો હોય—ગમે તેવી ગંભીર લાગણીવાળો આવ્યો હોય તો પણ તે સર્વેની વાતમાં એવો સરળ ભાગ લેતી કે;તેમને સ્હેજ પણ ક્ષોભ થતો નહીં અથવા તેમને એની ઉપેક્ષા કરવી પડતી નહિં. મેમાનોના ગયા પછી જે હકીકત ન સમજાઇ હોય તે પતિને પૂછી પોતાની ઉણપ પૂરી દેતી. સાહેબરામ ઘણું ખરૂં વાંચવા બાલકરામને ત્યાં આવતો. તેમને વાંચનનો થાક ચડયો હોય ત્યારે પોતાનું સીવવાનું કે ભરવાગુંથવાનું લઇ તેમની નિકટ જઇ બેસતી અને તેમના વાંચન વિષે ચર્ચા ચલાવી પોતાનું જ્ઞાન વધારતી અને તેમને તાજા બનાવતી. કેટલીકવાર પોતાનો મધુર કંઠ ખોલી તેમને અવનવી સૃષ્ટિમાં લઇ જતી.

આજકાલ જીંદગીનો લ્હાવો માણવાની ભાવના પલટાતી જાય છે. મલાજો કહાડી નાંખી સ્ત્રીપુરુષો અન્યોન્યના સહવાસમાં

વિશેષ ને વિશેષ આવવા ઉત્કંઠિત હોય છે. વ્યવહારના અને લાગણીના સાધારણ પ્રસંગોમાં મળતાં સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચે કોઇ જાતનું અંતર જણાતું નથી. પણ કેળવણી અને સંસ્કારિતાથી સ્ત્રીઓ પુરૂષ જેટલી સંપન્ન ન હોવાથી બુદ્ધિના અને બુદ્ધિથી રંગાયલા વ્યવહાર લાગણીના પ્રસંગે વાતચિતથી પુરુષોને સંતોષ આપી શકતી નથી. ઘણી વાર તો આલાપિત વિષયનું સ્વરૂપજ સમજાતું નથી, આવે વખતે શાંત રહેવાનું શાણપણ કેટલીક સ્ત્રીઓ બતાવે છે. જાતે મેળવેલી સ્વતંત્રતા કરતાં અન્યે મહાનુભાવથી આપેલી સ્વતંત્રતા અતંત્રતા થવાનો અનુભવ પતિના મિત્રોના સહવાસમાં આવેલી અસંસ્કારી સ્ત્રીઓ ઘણી વાર કરાવે છે. સાહેબરામને આવા કડવા અનુભવ ઘણા થયા હતા. પૂર ઉત્સાહમાં હોય ત્યારે એવી વક્રોક્તિ કે દોષારોપણનું ઉચ્ચારણ એકાદ સ્ત્રીનાથી થતું અને ઘણીવાર તેની ઉષ્મા થંડી પડી જતી. ઠોકર ખાતાં આવી સ્થિતિમાં સૌજન્ય સાચવી પોતાની લાગણીનું પૂર કેવું વ્હેવડાવવું અથવા બુદ્ધિની લીલા કેવી રીતે ખેલવી તે તે શીખ્યો હતો. સેના અને સંકલ્પકિશોરીના નિરંતરના સહવાસથી પોતાનાં સ્ત્રીમિત્રો પાસેથી જેવા પ્રકારની સંસ્કારિતાની તે અપેક્ષા રાખતો તેવી સર્વત્ર ન મળવાથી હજૂ પણ ઘણી વાર તે નિરુત્સાહ થઇ કચવાતો—બહુ કચવાતો ત્યારે કેટલીક વાર બાલકરામને ત્યાં ચાલ્યો જતો અને સંકલ્પકિશોરી સાથે વાતોથી, રમતથી અથવા સંગીતથી નિસ્તેજ થએલો તેજસ્વી થતો. બાલકરામ એટલો બધો સ્ત્રીવત્સલ હતો કે ઘણું ખરૂં ઘરમાંજ હોય અથવા બહાર ગયો હોય તો સાથે પત્નિને લઇને. સાહેબરામના આગ્રહથી કહો કે જોહુકમથી એણે થોડીક મરદાની રમતોમાં ભાગ લેવા માંડયો હતો. બાકી ઘરમાં રમાય એવી અનેક રમતોમાં એણે સારી

ઉસ્તાદી મેળવી હતી. મનની મોઝ આવે ત્યારે દંપતી પુષ્કળ વેળા અગાસીમાં ચઢી પતંગ ચડાવતાં, શેતરંજ ખેલતાં, ગંજીફાના તરેહ તરેહના દાવ ખેલતાં, ગાયનવાદન કરતાં અથવા નૃત્ય નાચતાં.

દિનચર્યાનો ઇતિહાસ સાંભળ્યા પછી પોતાના નગરમાં બનેલા અપૂર્વ બનાવથી સંકલ્પકિશોરીનાં રોમાંચ એટલાં બધાં હર્ષથી ઉભાં થઇ ગયાં કે પતિના ખોળામાંથી માથું ઉંચકી બેઠી થઇ. "વ્હાલા! લાગણીઓ એટલા જોશમાં ઉભરાય છે કે તેમને ગ્હેવા માર્ગ નહીં મળે તો મુંઝાઇશ."

"સિતાર લઇ ગાઓ બજાવો. લાગણીઓને ગ્હેવાનું એથી વધારે યોગ્ય સાધન કયું છે?"

"જેવી આપની ઇચ્છા કે આજ્ઞા કહું?" આંખમાં, હોઠપર અને સમગ્ર આનનમાં તોફાન કરતી ઉઠી અને પતિને પણ હાથ પકડી ઉભો કર્યો. હાથથી અન્યોન્યનો કંઠાશ્લેષ કરી દંપતી માળ પર ગયાં અને સંકલ્પકિશોરીએ સિતાર સજ્જ કરી વગાડવા માંડયું. બાલકરામે નરઘાં–તબલાંપર હાથ ફેરવવા માંડયો. બન્ને બરાબર તાનમાં આવી ગયાં.

"કેમ આજ કંઠની મીઠાશ બ્હાર કહાડવીજ નથીને?"

"વેશ્યામાં મ્હારે ખપવું નથી. પાડોસીઓ મને ફૂંપી ખાય."

"સુધારાવાળાઓમાં એટલું બધું આત્મબળ અને પ્રભુપરની શ્રદ્ધાથી વિપત્તિઓ સહન કરી લક્ષ્ય પ્રાપ્ત કરવાની ઉજમાળી આશા હોય છે કે તેઓ લોકનિંદા કે ત્રાસથી ડરતા નથી. તમારૂં નામજ સંકલ્પ તો પછી તમારા સંકલ્પની સિદ્ધિને અંતરાયથી અટકવાનું હોય?"

"કાયરને શુરાતન ચડાવે એવા વચનથી પાનો ચડે છે પણ હેત તેને ઉતારી દે છે. વ્હાલા! આજ તમે નહીં ગાઓ?"

“ સાહેબરામ કે ધીરજરામ જેવો હું સારો ગવૈયો નથી.”

“ ભલે નહીં હો ! આપણું જીવન સંગીતના સંવાદ જેવું હોય તો મ્હારા વાદનને અનુરૂપ તમારૂં ગાયન નીકળ્યા વિના રહેવાનુંજ નથી. ભલા ! આજ ગાઓ ! આ સખીના શુકન ખાતર.”

બાલકરામે ગાવા માંડયું. એ ત્રણ ચીજો ગવાતાં દંપતી એવા તાનમાં આવી ગયાં કે ઉભાં થઇ નૃત્ય કરવાં લાગ્યાં. ત્રણેક જાતના અંગ્રેજી નાચ નાચ્યાં.

બાલકરામને નાચનો બહુજ શોખ હતો. ન્હાનપણથી તેણે ઉસ્તાદ ગવૈયાની જેટલી મીજલસોમાં હાજરી આપી હશે તેથી વધારે હાજરી નાચમુજરામાં આપી હશે. પણ સંકલ્પકિશોરી જેવી સુધારિકા સાથે લગ્ન થવાથી એને ગણિકા નૃત્ય તરફ તિરસ્કાર થયો–તિરસ્કાર થયો પણ નૃત્યપરની પ્રીતિ લગીર પણ મોળી પડી નહિં. આથી એણે સતત મહેનત લઇ પત્નીને નૃત્ય શીખવ્યું. એટલા બધા નાચ જોયા હતા અને તેમની ચર્ચા–તપસીલથી અને સિદ્ધાંતથી કરી હતી કે ઘણા નાચો એને નાચતાં નહિં પણ શીખવવા જેટલા તો આવડતા હતા. શિક્ષણમાં વળી ઓર મજા પડી. એકલી સંકલ્પકિશોરી શા માટે નાચે ? બાલકરામ પણ નાચતાં શીખ્યો. દંપતીને સાથે નાચવા (દેશી ઉપરાંત) ઘણા વિદેશી નૃત્યો શીખવા પડયાં. જયારે જયારે આનંદના શિખરે પ્હોંચતાં ત્યારે ત્યારે તેઓ આ સંસ્કારી ક્રીડા ખેલતાં, ફક્ત એમના સિવાય એ ક્રીડા નિહાળવા સાહેબરામ એક વખત ભાગ્યશાળી થયો હતો.

બન્ને વિદગ્ધ, સંસ્કારી અને વ્યુત્પન્ન હોવાથી નૃત્યકલા ખીલવવા પ્રયાસ કરતાં દેશી નૃત્યનાં ખુબીદોષ જેવાં પારખતાં તેવાંજ યુરોપીય નૃત્યનાં પણ તપાસતાં. ખુબી વિશેષ કેમ દીપી નીકળે અને દોષ કેમ ઓછા થાય એવા હેતુથી અનેક અજમા-

પ્રયોગો પણ કરતાં. દેશવિદેશી નૃત્યની કલાને સંલગ્ન કરી નૃત્યનું કાંઇ અભિનવ રૂપ પ્રગટાવતાં. આ પ્રયોગમાં સિદ્ધિ મળતી તેમ પરાજય પણ થતો. કેટલીક વાર હાસ્યજનક સ્થિતિ પણ જન્મતી. આવે વખતે તેમની ખુશનુમા તબીયત ઓરજ લહેરમાં ઉડતી.

ગાયન કે વાદન વિના નૃત્ય વિસંવાદી લાગતું ત્યારે સંકલ્પ-કિશોરીના નૃત્યની સાથે બાલકરામનું વાદન સંવાદ જમાવતું. અંગોની લયબંધ ગતિથી ભાવને, ઉત્સાહને કે આતશી આવેશને સંકલ્પકિશોરી એવી મનોરંજન રીતે મૂર્તિમંત કરતી કે વાદ્યપર બાલકરામનો હાથ સ્તંભી અને સૌંદર્યના આવિર્ભાવને પીવામાં તે લીન થઇ જતો.

પૂરાયલી લાગણીઓનું પૂર હજૂ ઠલવાઇ રહ્યું ન્હોતું. સંક-લ્પકિશોરીએ એકલાં નૃત્ય કરવા માંડયું અને બાલકરામે વીણા લીધી. વિદ્યાવિલાસિની અને વિનેચટની હરીફાઇ જેવી સ્પર્ધા ચાલી.

પવનની મંદ સુરકી ફરકે ને પાંદડાં ભમરાની માફક દૂર ઉડે, પાછાં આવે, ઝાડનાં પાંદડાં સુરકીથી આછેરાં હાલે નમે, વહી જતી સુરકીના ગાનથી ખેતરની વનસ્પતિ નીચી વળી મૂર્છિત થાય, સમુદ્રના જલમાં ઉર્મિપરંપરા જાગે એવા પ્રકૃતિના રાસ જેવું લાસ્ય તેનાં અંગ નાચતાં. નાચમાં પગજ હાલતા નહિ પણ સર્પ જેવા ઉર્મિલ હાથ, લાલિત્યના સૌકુમાર્યથી સ્થિત સુંદર માથું, શુક્રને ઝાંખાં પાડે એવાં મધુર શીતલ નયનો, વીચિ જેવી ધબકતી સુઘટિત માંસલ છાતી તેના આત્મામાં આન્દોલિત થતા સંક્ષોભોથી સંક્ષુબ્ધ થઇ એવી ગતિમાં આવતાં કે ગતિનું કાંઇ અપૂર્વ કવિત્વ ખીલી નીકળતું. બાલકરામના વાદનના સહવાસમાં કવિત્વ જાજવલ્ય થતું અને કવિત્વનના સહવાસમાં વાદન જાજવલ્ય થતું.

આખું સાવિત્રી ચરિત્ર સંકલ્પકિશોરી નૃત્યથી અભિનીત કરતી. આજે એજ નૃત્ય અંગો નાચવા મંડયાં. યમ પાસેથી પતિનો આત્મા મેળવવા પ્રાર્થતી સાવિત્રી ગતિના કવિત્વે એવી અનુપમ રીતે ઈંદ્રિયગોચર કરી કે બાલકરામ સૌંદર્યદર્શનમાંથી સ્નેહના ઉમળકામાં સંક્રાન્ત થયો. વીણા મૂકી દીધી અને " યમસદનમાંથી આ પાછો આવ્યો તારો સત્યવાન, " કહી કાન્તાને આશ્લેષી પડયો. બન્નેની લાગણીનું પૂર આશ્લેષદ્વારા પરિવર્ત્યું. પણ કાન્ત કાન્તાના આશ્લેષમાત્રમાં કદી લાગણીઓ શાંત થઈ છે? જેનાં પ્રેર્યાં આલિંગનબદ્ધ થાય છે તે નરમ પડી નથી ત્યાં તો આશ્લેષથી નવી લાગણીઓ જન્મે છે. જૂનો અનુભવ આજ દંપતીને પાછો તાજો થયો. નિદ્રાએ પોતાની પાંખ પાથરી ત્યાં લગી એ અનુભવમાં મ્હાલ્યા કર્યું.

પ્રકરણ ૧૨ મું.

બાલકરામને ત્યાંથી ઘેર જતાં સાહેબરામને રસ્તામાં પ્રણયરાજ મળ્યો. તેણે શાબાશીથી અભિનંદ્યો અને પોતાની કવિતાઓ વંચાવવા આમંત્રણ કર્યું.

ઘર આગળ પ્હોંચ્યો ત્યાં આંગણામાં ગરબા ગવાતા સાંભળ્યા. જરા અજાયબ થયો. સંજીવની પડોસની કુમારિકાઓ પાસે રાસડો ઝીલાવતી હતી. શેરીનાં બાળગોપાળ સૌ ત્યાં એકઠાં થયાં હતાં અને પતાસાં ખાતાં હતાં કે સવારે ચહામાં ખાવા હાથમાં રાખી પરસેવાને ચાસણીદાર બનાવતાં હતાં.

મેડીપર જઇ કપડાં ઉતાર્યાં. સંજીવનીએ તેને જોયો હતો પણ આવામાં એટલી બધી લીન થઇ ગઇ હતી કે રાસડો પૂરો કર્યો

વિના ઘરમાં ગઇ નહીં. સાહેબરામ પત્નીની રાહ ન જોતાં નોકર પાસે પાણી કહડાવી નાહી રસોડામાં ગયો ; ત્યાં પત્ની આવી. બન્ને જમવા બેઠાં.

"તમારી જીતની વધામણીમાં મ્હેં ગરબા ગવડાવ્યા અને પતાસાં લાવ્યાં, જમવાનું પણ મિષ્ટાન્ન રાંધ્યું છે."

"આથી આજના મ્હારા આનંદમાં વધારે આનંદ ઉમેરાયો. તમારૂં રૂસણું ઉતરી ગયું એથી રૂડું શું ? કૉલેજમાં ઢાલ જીતવામાં ખરી ફતેહ નથી મળી પણ તમારૂં રૂસણું સરકાવવામાં મળી છે એમ મ્હારે માનવું પડશે."

"તમે જીતો ત્યારે અમને આનંદ ન થાય તો કોને થાય ? જયાં ને ત્યાં તમારી વાહવાહ બોલાતી સાંભળી હૈયાનો વેગ છાતીમાં માતો નથી. મ્હારી બા પણ એવી રાજી થઇ કે મંદિરે ભેટ મૂકી આવી."

"પછી તમારે જાત્રાએ જવાનું શું થયું ?"

"દસ પંદર દહાડામાં બધી તૈયારીઓ થશે. ચંચળ શેઠાણી પણ આવવાનાં છે. સેના ભાભી આવે તો છોકરા વહુને સાથે જાત્રા કરાવવાનો એમને કોડ છે. મ્હારી ગેરહાજરીમાં તમને કશી વાતની અડચણ ન પડે એવો ઘરમાં મ્હેં બંદાબસ્ત કરવા માંડયો છે."

રખેને જવાળામુખી ફાટશે અને અંદરથી બળતા પત્થર ઉડશે એવી દહેશતથી સાહેબરામ જરા કંપ્યો: પણ જવાળાઓ ફાટી નીકળી નહીં એટલે પ્રભુનો પાડ માન્યો.

જમી ઉપર જઇ સાહેબરામ નિત્યનિયમ પ્રમાણે પત્રો તથા રોજનીશી લખવા બેઠો. સંજીવની પરવારી આવી હીંચકે બેઠી. દોરાનો રૂમાલ ગૂંથતી જતી હતી અને શેરીના, નાતના, મંદિરના

અને વખતે શહેરના સમાચાર ખરા કે ગપગોળા વર્ણવી જતી હતી.

"મારી વાતમાં તમને બહુ રસ પડતો જણાતો નથી. લખ્યાજ જાઓ છો. સ્વસ્થ થઇને વાત કરવી છે?"

"રસથી સાંભળું છું. ફક્ત આ કામ હમ્મેશનું હોવા છતાં જરૂરી છે અને રોજ રાતે એ કર્યા વિના હું સૂતો નથી."

"અત્યારે તમારા દોસ્તદાર ભાઇબંધ આવ્યા હોત તો લખવા બેસત કે વાતો કરવા? મ્હને ઉંઘ હમણાં આવશે. પછી નિરાંતે સવારે સવાર લગી લખ્યા કરજો ને."

"ઓછું લગાડશોમાં. આજે આખા દિવસ એક પગે રહ્યો છું. વ્હેલા આરામ લેવા ઇચ્છા છે માટે જલ્દી આ પતાવી લેવું છે. સૂતાં સૂતાં તમારી વાતો સાંભળીશ અને એવા રસથી સાંભળીશ કે તમારી વાતો ખૂટશે પણ મ્હારો રસ નહીં ખૂટે." આમ બોલી પાછો લખવા મંડયો. એવામાં ઓટલાપરનું કમાડ ખખડયું. સંજીવનીએ બારીએ જઇ પૂછયું: "કોણ છે?" "સાહેબરામ છે! હું ધીરજરામ છું." અજાયબ થયો છતાં વિવેકમાં નિપુણ સાહેબરામ નીચે ગયો અને ધીરજરામને ઉપર તેડી લાગ્યો. સંજીવની શયન ખંડમાં ચાલી ગઇ.

"આજના ઉજવલ વિજય માટે તમને અને કોલેજને અંતઃકરણ પૂર્વક મ્હારો મુબારકબાદી છે. સાહેબરામ! હું તમારી માફ માગવા અને આભાર માનવા આવ્યો છું. તમારી સોબતમાં રહેવા છતાં મ્હારામાં કયાંથી પાપી વાસનાઓ આવી? પાપનો પસ્તાવો થાય છે. તમે મ્હને ડુબતો બચાવ્યો છે. અપરાધ માફ કરો."

"તમારો અહુરમઝદ આખરે ફાવ્યો. આજના આનંદ ઉત્સવના દિનની પૂર્ણાહુતિ આવા શુભ આનંદથી થવાનું નિર્માણ

ઓછું સુંદર નથી. ભવિષ્યના વર્તનથી પસ્તાવો સિદ્ધ થશે તો તમારી સાથે પૂર્વનો વ્યવહાર ચાલુ રાખવા લગીર પણ વાંધો નથી. ભાસ્વતીની તમારે લિખિત માફી માગવી પડશે. અંતરના સાચા પશ્ચાત્તાપ અને વર્તનના પરિવર્તન આગળ આવી માફી કશી વિસાતમાં નથી છતાં કાગળ લખ્યો હતો તો માફીપત્ર પણ લખશો. ”

“ તમે જે રસ્તો બતાવશો તે સ્વીકારીશ. ભૈરવનાથ શેઠ પાસે જઇ પસ્તાવો જાહેર કરી ખુલાસો લઇ આવ્યો છું. સાહેબ રામ ! આ મેચમાં તમે કાંઇ રમ્યા છો ! ”

“ ત્રણે દિવસ તમે મ્હને સાંભર્યા છો. આવાં સરસ મેચ-માંથી તમારા જેવા કુશળ રમનાર બાતલ રહે એ મ્હને અતિશય ખૂચતું હતું. ચાલો કાલે આપણે અમસ્થી મેચ ગોઠવીશું. લ્યો પાન સોપારી ખાઓ. ”

ધીરજરામ પછી ઉઠી ઘેર ગયો. સાહેબરામ લેખનકાર્ય પૂરૂં કરી શયન ખંડમાં ગયો તો પત્નિને ભરનિદ્રામાં દીઠી. સંકલ્પકિશોરીએ પ્હેરાવેલો હાર તેની છાતી પર હતો. આ જોતાંજ વ્હાલનો ઉમળકો આવ્યો અને યોગ્ય રૂપે મૂર્તિમંત થયો. કપોલ પર પ્રિયતમનો સ્પર્શ થવા છતાં સુન્દરીની નિદ્રા ભંશ પામી નહીં. ઇષ્ટ દેવતાનું નામસ્મરણ કરી સાહેબરામ સૂતો. શરીર થાકેલું હતું–આસાયેશની રાહ જોતું હતું. પણ શરીરનું માલિક મન આરામની પરવાનગી આપતું ન્હોતું. પોતાના જીવન વ્યવહાર વિશે સંબદ્ધ કે અસંબદ્ધ વિચાર પરંપરાથી મન ઉભરાવા લાગ્યું. ઉભા થઇ ખંડમાં આમ તેમ ફરવા માંડયું. બુદ્ધિના પ્રભાવથી વિચારો ક્રમબદ્ધ કરી તેમનું પૃથક્કરણ કરી વાસ્તવ સ્થિતિ નિરૂપી. પાછો સેજમાં પડયો. ‘ અંગ્રેજોએ અમને કેળવણી શા માટે

આપી હશે? અંગ્રેજી સાહિત્યનો સહવાસ શા માટે કરાવ્યો હશે? આ સ્નેહની રઢ તો ન લાગત અમને? કેટલાં જીવન ધૂળધાણી થાય છે?—ધૂળધાણી થતાં હશે તેમ કેટલાં બધાં જીવનનો ઉદ્ધાર, ઉત્કર્ષ પણ નથી થયો?—સ્નેહ એટલે શું? શું મળે તો સ્નેહ મળ્યો કહેવાય? અમારે ક્યારે સ્નેહ જોઇએ છીએ? લગ્ન પહેલાં? હિન્દુ સંસારની ચાલુ સ્થિતિમાં એ શક્ય છે? લગ્ન પછી? પરિણીત દંપતીમાં સ્નેહ ન ઉદ્ભવેતો? **વ્યતિષજતિપદાર્થાન્ આન્તરः कोऽपि हेतुः** નો સંભવ પરણ્યા પછી હમ્મેશ થાય તેનો શો ભરોસો? સ્નેહ ભાવથીજ સંતુષ્ટ થાય કે બુદ્ધિના વૈભવ, આચારની સંસ્કારિતા, જ્ઞાનનાં વૈવિધ્ય અને આવડતની સમૃદ્ધિ વિના નર્યા ભાવથી સંતોષ નથી પામતા? ગિરિ હૃદયમાં ગુપ્ત વ્હેતાં ઝરણાં જેવો સ્નેહ આદર પામે છે કે સૂર્ય પ્રકાશમાં ચળકાટ મારતા પૃથ્વીપર વ્હેતા વહેળા જેવો? સ્ત્રીને હૃદય છે–હિંદુ સ્ત્રીનું હૃદય ઓછું હેતાળ નથી પણ અમારાં હૃદયને જે ભાવસમૃદ્ધિ અને બુદ્ધિવૈભવની તૃષ્ણા છે તે એ છીપાવી શકશે? આ ઉપરાંત શૃંગાર, સંસ્કૃત સાહિત્યમાં પરિકીર્તિત છે એવો શૃંગાર ભોગવવાની લાલસા પણ ખરી ને?—એ લાલસાએ કેટલી સ્ત્રીઓને ભરજુવાનીમાં, અરે જુવાનીના મળસ્કામાં યમદ્વારે પાઠવી છે?—એક સમૂહ સ્નેહનો તરસ્યો છે, કામનો પણ તરસ્યો હોય છે. બીજી પાસ કામુકતા અવનવું જ પરિણામ લાવે છે. કામ વાસનાને કેટલાક સ્નેહથી ભિન્ન અનુભવીજ શકતા નથી. એ તૃપ્ત કરનાર પાત્રથી તેઓ એટલા બધા રાચે છે કે સ્નેહની પરાકાષ્ઠા તેમનામાં જુવે છે. હૃદયની સાધારણ સમૃદ્ધિ તેમની મજનુશાઇ આંખને દિવ્ય લાગે છે. હિંદુ પ્રજાનું મનોબંધારણ ધર્મના સંસ્કારથી એવું રંગાયલું છે કે વિદ્રોહ અને તુફાનને બદલે સંયમ

અને સમર્પણુની ભાવના પોષાય છે. કામને ભસ્મ કરી સ્નેહ પોષવા ઉપદેશ થાય છે; જીવનનું લક્ષ્ય વિલાસ કરતાં સેવા છે એવો બોધ દેવાય છે. શાંત હિન્દુઓ ' ખાટી દરાખ ' ના ન્યાય પ્રમાણે મન મનાવી લે છે અથવા વાસ્તવ ન ભોગવાણા ભોગ કલ્પનામાં ભોગવે છે. કેટલેક સ્થળે સ્નેહના અભાવે, ઉત્કટ લાગણીઓ સામેથી ઝીલાતી ન હોવાથી કેટલાં બધાં ઉદાત્ત, સમર્થ, ભાવસ્નિગ્ધ જીવનો હ્રાસ પામ્યાં છે, ખંડિત થઇ ગયાં છે?— **સાહેબરામ** ! તારી પોતાની શી સ્થિતિ છે ? **જેવા સ્નેહની અપેક્ષા છે તેવો સ્નેહ સંજીવની નથી આપતી.** જે મળે તેથી ચલાવી લઇશ ? ચલાવી લેવું જોઇએ પણ ચલાવી લેવાશે એની ખાતરી નથી. ત્યારે તું વ્યભિચાર નથી કરતો ? ભયંકર સવાલ છે. જેનાપર ભાવ રહે અને વધે એવો સંભવ ઓછો છતાં તેની સાથે તારો સંસાર ચલાવે એ નીતિયુક્ત છે ? શરીરની પાયમાલી સાથે તેના આત્માનો પણ ધ્વંસ નથી કરતો ? સંતતિદ્વારા ઉત્પન્ન થતી ભવિષ્યની પ્રજાને આવા વિષમ વ્યવહારથી તું કેવો નઠારો વારસો આપી જઇશ ? તારી બધી લાલસા છોડી દે અને પડ્યું પાનું **નિભાવી** નહિ, પણ **વધાવી** લે. લાલસાની પરિતૃપ્તિ ન હોવા છતાં રખાતો વ્યવહાર વ્યભિચાર ગણાય તો સંયમ અને ત્યાગના લેબાશમાં રખાતો વ્યવહાર પણ એવોજ ગણાવો જોઇએ ને ? તલાક અપાતી લેવાતી હોય તો કેમ ? પણ ભલા ! આ પ્રશ્નને બીજા દૃષ્ટિબિન્દુથી જો. પુરુષોની સ્થિતિમાં રહી જે જે મુંઝવણોથી તું ત્રાસે છે તેવીજ મુંઝવણોથી ત્રાસતી સ્ત્રીઓને કલ્પ. અથવા વિશ્વદર્શનની શક્તિ હોય તો એવી સ્ત્રીઓનાં જીવન નિહાળ. કેટલા બધા જબ્બર ત્યાગથી, કેવી સર્વવ્યાપિની આહુતિથી તેઓ પોતાનો સંસાર બીજાને માટે સુખી બનાવી જીંદગી

જે લ્હાવો આપે તે માણી લે છે ? બનાવો એમને તમારી ગુરૂ અને ચાલો તેમને પગલે. તમારે છુટવાની બારી છે. પત્ની ન ગમતી હોય તો સંસ્કારી મિત્રો કે મિત્રોની સગી સંસ્કારી સ્ત્રી-ઓનો સહવાસ મેળવશો પણ પતિના અને પોતાના જીવનમાં વિચાર લાગણીનું વિશાળું અંતર હોય એવી સ્ત્રીએ કેવી રીતે પોતાને અનુરૂપ પુરુષ સહવાસ મેળવી યોનિબુભુક્ષા (Sex hunger and not Sexual appetito) મટાડવી ? આ બધી ખરી વાતઃ પણ અમે માણસો છીએઃ મનુષ્ય સ્વભાવને સહજ એવી ન્યૂનતાઓ અમારામાં છે, વૈરાગ્ય કરતાં રાગ અને વિલાસ અમારે વધારે માણવાં છે. દુનીઆ અમે ઘડીએ તેવી થવી જોઇએ. અમને દુનીઆ ઘડે એવા અમારે થવું નથી. જીવનના એક પ્રદેશમાં નહિં પણ સર્વ પ્રદેશોમાં જેની સાથે મંગળ ફેરા ફર્યો હું તેથી સંતોષ ન થાય તો છુટાં પડવુંજ જોઇએ. **જે સ્ત્રી સખી નથી થઇ શકતી તેને દાસી અને રખાયત તરિકે ચલાવી લેવામાં પાપ છે.** છુટા થયા પછી એકાકી જીવન ગાળવું, મનુષ્યતાના અમુક પ્રવાહ વાળી લઇ કેદ પૂરવા નીતિબળ કેળવવું, કારણ કે ઇતર વ્યવહાર પાપમય હોય તો પણ પ્રચલિત સંસાર બગાડનાર તો નીવડેજ એવા ભયથી તેનો સ્વીકાર સંભવિતજ નથી."

આ વિચાર પરંપરા ચાલતી હતી તેવામાં ગુલાબના હારનો સ્પર્શ થવાથી તેનાં મધુર સૌરભ અને સુકુમાર અને કોમળ સ્પર્શ સાથે સાહેબરામ ખેલન ખેલતો હતો તે ખેલન વિચારની સમાપ્તિ સાથે પૂરૂં થયું. શય્યામાંથી ઉઠી જળથી આંખ મ્હો ધોયાં, જળ પીધું, એવામાં સંજીવની પણ જાગી.

"મ્હોં ધુવો છો તે મળસ્કું થયું ? ઉંઘમાં રાત ક્યાં ચાલી

ગઇ તે ખબરે ન પડી."

"હજુ તો મધરાત છે. સવાર પડવાને બહુ વાર છે; નિરાંતે સૂઇ જાઓ."

"ત્યારે તમે કેમ અત્યારમાં ઉઠયા? વાંચવું લખવું છે?"

"સૂતું છે કોણ કે ઉઠવાની વાત કરો છો? ઉલટો સૂવાની તૈયારી કરૂં છું."

"હેં! સૂતાજ નથી? ચાલો સૂઇ જાઓ. ઉજાગરો સારો નહીં."

"સંજીવની! ઉભી થઇ બારીમાંથી નજર તો નાંખ. આકાશમાં કેવાં વાદળાં ઘુમે છે અને તારાઓ તે નિરખે છે."

"હવે રહેવા દો વાદળાં ને તારા જોવા. ચાલો તમને સુવાડી દઉં."

યોગલીન કચે દેવયાનીની વિધુલક્ષ્મી જોવાની ઇચ્છા બર ન આણી તેને જેવી ઝાંખી કરી નાંખી હતી તેવો ઝાંખો સાહેબરામ થઇ ગયો. પત્ની બિચારી તેનું ઉડપન સમજી શકી નહીં. પણ વ્હાલથી તેને લઇ શયનમાં સુવાડયો અને ઉંઘાડવાના ઉપાય કરવા લાગી. પોતાના રસિક જીવનમાં જરાએ રસ ન લેતી પત્નીને બીજી જાતનો સ્નેહ અનુભવતાં સાહેબરામ અવનવાજ વમળોમ ગુંચવાતો ગુંચવાતા ઉંઘી ગયો. સ્વપ્નમાં સેના, ભાસ્વતી, સંકલ્પકિશોરી, સંજીવની જુજવી જુજવી રીતે તેની પાસે આવવ લાગી અને અનિદ્ર હાલતમાં આવેલા વિચારો સળકાવતી હોય મુશ્કેલીઓ ઉભી કરતી હોય કે ગુંચ ઉકેલતી હોય એવું લાગ માંડયું. આઘે આઘે એક શિખર પર બેઠેલા પ્રણયરાજને આ બધ લીલા નિહાળતો અને કવિતાબદ્ધ કરતો જોયો. દૂર દૂર શોક ભૈરવ નાથ ફરતા હતા; નિઃશ્વાસ નાંખતા હતા અને દિલાસા મા ફફડતા હતા,

પ્રાતઃકાળમાં ઉઠી પતિના મુખનું દર્શન કરતી પત્નીના શ્વાસથી તેની નિદ્રા ગઇ અને સાથે સ્વપ્નનું ગાંધર્વનગર પણ સૂર્ય પ્રકાશ આગળ ધુમ્મસ ઉડી જાય તેમ ઉડી ગયું. છતાં મીઠી નજરથી પત્ની સામે જોઇ રહ્યો અને પ્રાતઃકાળમાં તેના મુખનું દર્શન કર્યું. આમ પત્નીપર વ્હાલ ઢોળાતું તોપણ કાંઇક ઉણપ એવી ખુંચતી હતી કે પ્રકાશને મેઘાચ્છન્ન કરી દેતી.

પ્રકરણ ૧૩ મું.

ચારેક વાગ્યાને સુમારે સાહેબરામના ઘર આગળ સેનાની મોટર આવી ઉભી. અવાજ સાંભળતાંજ સંજીવનીએ હીંચકાપરથી ઉઠી બારણાં આગળ આવી જાળી ઉઘાડી. “ પધારો સેનાભાભી! તમારા ભાઇ હજૂ કોલેજથી આવ્યા નથી.”

“ ભલે ન આવ્યા હોય, ભાઇને નહીં પણ ભાભીને મળવા આવી છું. એમ બોલતી સેનાએ પરસાળમાં પ્રવેશ કર્યો.

સેના આજે તદ્દન હિંદુ પોષાકમાં હતી. સફેદ રેશમી સાડીથી તે શોભતી હતી. પોલકું તસતસતું પ્હેર્યું હતું. પગમાં આસમાની મખમલનાં સપાટ હતાં. સુવર્ણની જડાવ લછા ન્હાનીના ગૌરવર્ણપર ભાતભાતનાં કિરણો પ્રસરાવી રહ્યાં હતાં. હાથમાં શનિ અને પાનાની બંગડીઓ હતી. આંગળીપરની વીંટીનો હીરો અજબ ઝબકારા મારતો હતો. કંઠની મોતીમાળા પોલકાના ગુલાબી રંગમાં દીપી નીકળતી હતી. નાક અને કાનમાં પણ જડાવ આભરણ હતાં. રત્નખચિત અલંકારોથી નીસરતા પ્રકાશથી તેનું સૌંદર્ય અદ્દભુત ખીલ્યું હતું. સાહેબરામના અતિથિસત્કારખંડમાં એના

પ્રવેશથી જેવો અલંકારનો પ્રકાશ કિરણુવા લાગ્યો—એના શરીર અને વસ્ત્રમાંથી પરિમલ ફોરવા લાગી તેવાંજ અપાર્થિવ પ્રકાશ સૌરભ ખંડનાં અદૃશ્ય વાતાવરણુમાં પ્રગટયાં હોય એવું સંજીવીને મળવા આવેલી પલ્લવકુમારીને લાગ્યું. સેનાની પ્રતાપી વિભૂતિ જોઇ બન્ને સુન્દરીઓ એવી દંગ થઇ ગઇ કે તેને આસન પર બેસાડવાનો વિવેક કરવો રહી ગયો. પોતાનુંજ ઘર હોય એવા ઉમળકાથી સેના લેલીનવાળી અયેશદાર ખુરસીપર બેઠી.

"સંજીવની ભાભી! તમારાં બ્હેનપણી સાથે ઓળખાણ કરાવશો કે ?"

"કવિ પ્રણુયરાજનાં વહુ પલ્લવકુમારી, આજેજ મળવાં આવ્યાં છે. પલ્લવભાભી સેનાબ્હેનને તો ઓળખો છો ને?"

"એમની તારીફ અમારે ત્યાં રોજ થતી સાંભળી છે, આજે નજરે જોવા પામી."

પછી ત્રણે સ્ત્રીઓ સાધારણુ વાતોચિતો કરવા લાગી. સંજીવની તો સેનાથી અંજાઇજ ગઇ, પોતાનાં પીઅરના પડોસમાં સાંભળેલી હકીકતથી તદ્દન ઉલટોજ અનુભવ થયો. પૈસો, વિદ્યા કે શેઠાઇનો સ્હેજ પણુ છાક ન લાગ્યો. પોતાની બીજી સહીઅરો અને પડોસણુ કરતાં જરા પણુ ફરક ન લાગ્યો.

"સંજીવની ભાભી! મેચની છબીઓ લાવી છું. સાહેબરામને જોવામાં તમને રસ પડશે." છેલ્લા ત્રણુ દિવસમાં ખેલના જે જે આકર્ષક પ્રસંગો લાગેલા તેની છબીઓ—એમ બોલી—તેણે બતાવી.

"આ બાયડી રમે છે ને?" પલ્લવકુમારીએ આશ્ચર્યનું કુતુહલ પ્રગટ કર્યું.

"કોલેજમાં એ ભણે છે, એનું નામ ભાસ્વતી છે. એણે રમી આપણે સ્ત્રીઓ માટે જેવી તેવી નામના નથી મેળવી. મ્હારી

એ બાળપણની સખી છે, એના આ પરાક્રમનો ઉત્સવ પાળવા આપણી બ્હેનોને હું આમંત્રવાની છું. તમે આવશો ? આવશો તો મળાશે હળાશે."

"એમની આજ્ઞા હશે તો આવીશ." પલ્લવકુમારીએ જવાબ આપ્યો. સ્હામે ઘડીઆળપર નજર પડતાં પોતાને ઉઠવાનો વખત થયો લાગવાથી તેણે ઘેર જવાની રજા માગી. સેના અને સંજીવની તેને ઓટલાના પગથીઆ લગી વળાવી આવ્યાં. 'નથી વસ્ત્ર કે અલંકારની દીપ્તિ. નરી સરળતાનીજ મૂર્તિ છે, મ્હોંપર કેવું શિરીન નૂર છે! આંખોમાં મમતા કેટલી ઉંડી ભરી છે!' આવો વિચાર સેનાને આવ્યો.

"સંજીવની ભાભી! આ છબીઓ- તહમારે આ ખંડમાં ટાંગવી પડશે." એમ બોલતાં ઓરડાની ભીંતોપર નજર કરી તો તરેહ તરેહનાં ચિત્રો જોઇ આનંદાશ્ચર્ય પામી, ઉભી થઇ દરેક ચિત્ર નિહાળવા લાગી. રવિવર્માનાં 'શકુંતલા જન્મ', 'મોહિની', 'માલતી' 'તારાદેવી' 'શંકરાચાર્ય' 'રાધાકૃષ્ણ' આદિ ચિત્રો હતાં. ભગવદ્ ગીતાનું ધુરંધરે ચીતરેલું એક ચિત્ર, એક ઇંગ્લીશ મૂલર ચિત્રકારે ચીતરેલ 'ગંગાવતરણ' 'સાબરમતીપર સ્હવાર' 'નર્મદાનો સુરપાણેશ્વરના ધોધ હરણફાળ', 'બારતળાવ પરની સંધ્યા', 'સંધ્યાકાળે પૂલપરથી દેખાતી તાપી', 'ચોમાસામાં ઉછળતો ચોરવાડનો દરીઓ', 'ચરોતરની અમરાઇ' નામનાં ચિત્રો. બંગાળી ચિત્રકારોએ ચીતરેલ 'મહાભિનિષ્ક્રમણ', 'શાહજહાનનું મૃત્યુ', 'વાલ્મિકિ અને નિષાદ' આટલાં રૂચિર ચિત્રો હતાં. લેડી બટલર ચિત્રિત યુદ્ધો, હલ્લા, ઘેરા આદિનાં ચાર પાંચ ચિત્રો હતાં; 'જવનિકાનું છેદન', 'સૌમનસ્ય ગુફામાં', 'સરસ્વતિચંદ્ર અને ચંદ્રાવલી', 'બિન્દુમતી', 'ઘેલી મ્હારી કુસુમ', 'ઇન્દુ-

કુંમાર અને કાન્તિ' 'કચ અને દેવયાની' 'ભદ્રંભદ્ર' 'સિદ્ધરાજ અને રાણકદેવી', 'સુદામાની ઝુંપડી', 'નરસિંહ મેહતાનું મામેરૂં' 'નળ અને દમયંતી', 'નંદબત્રીસી', 'વિદ્યાવિલાસીની અને અને વિનેચટ', 'વ્રજવ્હાલું વૈકુંઠ નહિ આવું, ત્યાં મુજ નંદકુંવર ક્યાંથી લાવું' વગેરે ચિત્રો હતાં પણ તેમનું સૌંદર્ય, તેમની કારિગિરિમાં ઉંચા પ્રકારની કુશળ સિદ્ધિ સેનાને ન લાગી. ભેદવારે ફોટોગ્રાફી મારફત સર્જેલી 'ત્યાગમાળા' પણ આ સંગ્રહમાં હતી. ચિત્રો જોવામાં મશગુલ થએલી સેનાને સંજીવનીએ આલ્બમ આપ્યું. તેનાં પાનાં ઉથલાવતાં મનુષ્યોની અને સ્થળની દેખાવડી તસ્બીરો જોવામાં આવી. રાજા રામમોહન રાય, કેવશચંદ્ર સેન વિવેકાનંદ, બંકિમચંદ્ર, રવીંદ્રનાથ, રાનડે, તેલંગ, દાદાભાઇ, સર ફિરોઝશાહ, ગાંધી, રવીવર્મા, સુરેન્દ્રનાથ, આગાખાન, મદનમોહન માલવીયા, ગોવર્ધનરામ, શેકસપીઅર, વર્ડઝવર્થ, શેલી, ટેનીસન, એમર્સન, કાર્લાઇલ, ગેટી, કેન્ટ, હ્યુગો, ટોલ્સ્ટોઇ, રંબ્સન આદિની તસ્બીરો હતી. સ્થળોમાં મુંબાઇ, સુરત, અમદાવાદ, દીલ્હી, લાહોર, આગ્રા, કાશી, કલકત્તા, પુણા વગેરેનાં દ્રશ્યોની હતી. આ સર્વ જોતાં જોતાં સેનાને અપૂર્વ લાગણીઓ ઉભરાતી પણ સંજીવની તે બરાબર ઝીલી શકતી ન્હોતી. સાહેબરામની પ્રિયતમા એની સહચરી નથી એવો ઝાંખો ઝાંખો અનુભવ થયો.

"તમારા ભાઇને અતિશય ચિત્રોનો શોખ છે. બજારમાં કે પ્રદર્શનમાં સારૂં ચિત્ર જોયું કે ખરીદવાનાજ."–આ સાંભળી સેના ઉલ્લાસ પામી–"છબીઓ ટાંગવામાં કાંઇ સુખ છે? કરોળીઆ જાળાં જયાં ત્યાં બાંધવાના અને ધૂળ છબીની આસપાસ (બાઝી) ભેગી થવાની, એમાં માંકડ, મચ્છર, ભરાઇ ન રહે તો ભાગ્ય."

આ સાંભળતાંજ ઉલ્લાસ ઉડી ગયો. " આ શું સાહેબરામની પ્રેમપાત્ર રસિકા બોલે છે"? એવો સંદેહ ઉપજ્યો. પણ એકદમ સમાધાન કર્યું " ઉપયોગિતાનું દષ્ટિબિન્દુ અનાદર પાત્ર નથી."

" સાહેબરામના નિરંતર સહવાસથી સેનાને તેના પર અજબ મમતા થઇ હતી. તેના સંસ્કારી, ઉદાત્ત, અભિલાષી આત્માની ઘણી ગલીઓમાં તે પ્રવેશ કરી શકતી હતી. છતાં એનું ગૃહજીવન દાંપત્યજીવન નિહાળવા તે બહુ ઉત્સુક હતી. પોતાના પ્રેમ પાત્રનું સુખ જોઇ રાચવા ? એનાં જીવનને હલમલાવતાં બળોને તેમના પોષણ પ્રદેશમાં વિશેષ ઉત્તેજિત કરવા તે ઉત્સુક હતી ? જીવનના ઘણા માર્ગો પર તેઓએ સાથે ક્રમણ કરવા માંડયું હતું છતાં આ માર્ગો પર તે જઇ શકતી ન્હોતી–જવાની ઇચ્છા પણ થવી ન જોઇયે છતાં થતી તો દબાતી દબતી ન્હોતી એવી સ્થિતિ હોવાથી હતાશાથી કે અદેખાઇથી તે સાહેબરામનો સંસાર નિરીક્ષવા આવી હતી ? સેનાએ પોતાની વૃત્તિઓનું સમીક્ષણ કર્યું ન્હોતું એટલે આવા સવાલો ઉઠયા ન્હોતા. ઉઠયા હોત તો એની દશા કેવી થાત ? પણ મનમાં મુંઝાવા અકળાવા તો લાગી. એવામાં સંજીવની દ્વારા પોતાનાં વર અને સાસરાનાં સંસ્કાર વાંછના જાણવાની મુરાદ યાદ આવી. પણ વિશેષ પરિચય બંધાયા વિના–મમત્વ જામ્યા વિના,–સાહેબરામની પત્ની સંજીવની હોવાથી સેનાને તો તેના પર જેવું તેવું મમત્વ ન્હોતું; પણ તે સહાનુભૂત થયા વિના અંતરના આગળ ખોલવા હિમ્મત ચાલી નહીં. વૃત્તિઓ પર અંકુશ રાખી બન્નેને મજા આવે એવો વિષય વાત માટે શોધવા જતાં જાતરાનો જડયો.

" સંજીવની ભાભી ! કયારે યાત્રાએ જાઓ છો? સાંભળ્યું છે કે લાંબી મુસાફરી છે."

"હા! લગભગ છ મહિના થશે. દસ પંદર દહાડામાં સંઘ ઉપડશે, તમેયે આવશોને? તમારી સાસુને એટલો ઓરીઓ તો વીતાવશો?"

સાંભળતાંજ સેના ઝબકી પણ સાવધ રહી સંજીવનીને પોતાની વિષમ સ્થિતિ કળવા ન દીધી. "સાસુજીનો સંદેશો નથી આવ્યો. સંદેશો આવશે અને પિતાજી આજ્ઞા કરશે તો આવીશ." એવામાં જાળી ઉઘડી અને સાહેબરામ અમરનાથ સાથે અંદર આવ્યો. સાહેબરામને જોતાંજ નિરાંત થઇ કે વાત પતી પણ પતિને જોતાં વાત ખટકી.

"ઓહો આજે તો સેના બ્હેને અમારા નિવાસ પાવન કર્યાં છે ને! કેમ અમરનાથ ઉભા રહ્યા છો? લ્યો આ ખુરશી."

"સંજીવની ભાભી ન આવ્યાં ત્યારે હું આવી. આવી તો બેવડો લાભ થયો. પ્રણયરાજની પત્નીનું પણ ઓળખાણ થયું. પ્રણયરાજને ક્યારે બંગલે લાવો છો? પિતાજી કહેતા હતા કે આપણે મળવા જઇએ તો શું?"

"હમણાં ફુરસદજ મળતી નથી અને એને ત્યાં જવાતું નથી. જઇશ ત્યારે વખત નક્કી કરતો આવીશ. પણ આ છબીઓ શાની? હં, મેચની છબીઓ. જુઓ તો ખરા અમરનાથ" એમ બોલી છબીઓ એક પછી એક ઉઘાડી જોવા માંડી અને જોયેલી અમરનાથના હાથમાં મૂકવા માંડી. સાહેબરામના હાથમાંની છબીમાં નજર નાંખતી સેના સાહેબરામની રમતની નર્મ મશ્કરી માર્ફત તારીફ કરતી ખુબ હસતી અને કલોલતી. આ નિર્દોષ ગમ્મતની અસર અમરનાથ અને સંજીવની પર જૂદીજ થતી હતી.

"કેમ સંજીવની! અમરનાથ અને સેનાનો સત્કાર કરશોને? તમારાં પડોસીઓ અને મારાં મિત્રો—સોનું અને સુગંધ બેય છે

પછી ઉણુપ જરાએ રહેવી જોઇએ ?" તેના શબ્દો સાંભળતાંજ પત્ની રસોડા તરફ ગઇ.

"સાહેબરામ ! તમારી ફતેહ અને ફતેહ મેળવવા દાખવેલી કાબેલીયતથી પિતાજી ઘણાજ આફરીન થયા છે. આ ફુલની પાંખડીથી તમને મુબારકબાદી આપવાનો પેગામ પણ લેતી આવી છું." સેનાએ પોતાના ગજવામાંથી ઘડીઆળ કહાડી સાહેબરામ સમક્ષ ધર્યું.

"શેઠ સાહેબની કૃપા ઉવેખાતી નથી પણ મ્હેં એવો મોર નથી માર્યો કે આવા કિમ્મતી અનુગ્રહની જરૂર હોય."

"જરૂર તમારે જાણવાની નથી. હવે તમારી બ્હેન પાસેથી ફુલની પાંખડી નહિં પણ પરિમલ સ્વીકારશો? આ મુદ્રિકાને તમારી અંગુલિમાં પહેરાવી તમારા પરાક્રમનું સ્મારક બનાવશો ?

"શેઠ સાહેબની પાંખડી લેવી કે ન લેવી તેની ઘડભાંગ થતી હતી પણ તમારો પરિમલ સાનંદ સ્વીકારૂં છું. બ્હેનની ભેટ પાછી વાળવાના અવસર અનેક આવશે પણ તમારા પિતાશ્રીની મહેરબાનીનો શો બદલો વાળીશ ?"

"આ કાંઈ ઋણ નથી કરતા કે તેના શોધનની ચિંતામાં પડો છો. આ વૃત્તિ અનીતિમાન છે."

"અલબત્ત સ્નેહ વેપારીશાઈ વેવાર નથી છતાં નર્યો સ્વીકાર કોઇપણ પ્રકારના પ્રતિદાન વિના નીતિનો ઉત્કર્ષક નથી. પણ તમારી પિતાપુત્રીની ભેટો સ્નેહાદરથી લઉછું. કિમતી ભેટો કરતાં પણ અધિક મૂલ્યવાન્ તમારો સ્નેહ હોવાથી એ સ્નેહની ઉપેક્ષા કરી શકતો નથી." આંગળીમાંથી પોતાની વીંટી કહાડી સેનાની વીંટી પહેરે છે. ભૈરવનાથની ઘડીઆળ વેસ્ટના ગજવામાં મૂકે છે. આ જોઇ સેના પ્રસન્ન થાય છે.

"જરા બેસશો ? અમઘડી હું આવું છું."

"ભાભીને બતાવવા જતા હશો. સુખે જાઓ."

સાહેબરામ સ્મિત કરતો રસોડામાં ગયો. ભેટો પત્નીને બતાવી હર્ષ તથા ઉપકાર પ્રદર્શિત કર્યાં. મેમાનોના ફ઼ળાહાર માટે સૂચનાઓ કરી પાછો વળતો હતો ત્યાં સંજીવનીના પોષાક પર નજર પડી.

"છતે કપડે આવાં વાઘરણ જેવાં કોઇ મળવા આવે ત્યારે ન ફ઼રતાં હો તો ? અચ્છાં લુગડાં પહેરી મ્હને તમારા રૂપરંગનો બ્હાર નથી બતાવતાં તેની ફ઼રીયાદ નથી પણ સુશોભિત વસ્ત્ર-ધારણ પણ આગતાસ્વાગતાનું અંગ છે. હવે અતિથિખંડમાં આવો ત્યારે સજ્જ થઇ આવજો." કોમળતાથી ઠપકાવાળું ફ઼ર-માન ફ઼રમાવી તે પાછો વળ્યો.

અમરનાથ તો શાંત ખુરસી પર બેઠો બેઠો ચિત્રો જોતો હતો અથવા છતનાં પીઢીઆં ગણતો હતો તેવોજ સાહેબરામના જવા પાછી પણ બેસી રહ્યો. સેના ખુરશી પરથી ઉઠી હીંચકે બેઠી. પતિ સ્હામું જોયું. પતિ પત્નીને સંલાપ્ય વિષયની ખોટ હોય-ન હોય છતાં સેના વિષય શોધતી ચૂપ બેસી રહી. અમરનાથ વાત ઉપાડશે એવી આશા લગીર પણ બર આવી નહિ.

"હિંચકો કોણ દેશે રાજ !
કો મુજને ઝુલાવશે મહારાજ !"

આ ભયંકર પ્રશ્ન પાછો ઉઠયો. ઉઠયો તેવોજ દાબવા પ્રયત્ન કર્યો. હીંચકા ખાતાં ખાતાં રવિવર્માનાં 'રાધાકૃષ્ણ' પ્રત્યે પતિનું લક્ષ ખેંચ્યું. "જુઓ તો ખરા ચંદ્રમાનો પ્રકાશ કેવો ખીલતો અને પથરાતો લાગે છે ! જેમ હીંચકો આઘો જાય છે તેમ તેમ જમુનાપર ચાંદની રેલાતી દેખાય છે. આવો આમ ને જુવો તો ખરા."

શરમાતો શરમાતોપણ સ્હેજ ખુશ થતો અમરનાથ ઉઠયો. હીંચકા પર બેઠો. દંપતી હીંચકા ખાતાં જતાં યમુના પરની પૂર્ણિમા નિહાળવા લાગ્યાં. પાછળ આવતો સાહેબરામ આ જોઇ અચકયો. દંપતીને રસસાહચર્ય ભોગવતાં જોઈ આલ્હાદ પામ્યો અને પોતાને ત્યાં આ પ્રસંગ થવાથી કૃતકૃત્ય થયો. આ રસયોગમાં ભંગ પાડવાથી રખેને શાપિત થવાય એવી દહેસતથી તે પાછો ફર્યો પણ તેનાં સપાટે અવાજ કર્યો. સેનાનું ધ્યાન ખેંચાયું. દંપતી શરમાઇ ગયાં, સેના હીંચકેથી ઉતરી રસોડામાં ગઇ.

"સાહેબરામ! અમે પારકાં નથી કે અમારી સરભરા માટે સંજીવની ભાભીને રસોડાના કાળા પાણીએ મોકલ્યાં. ભાભી! ચાલો બહાર. નોકર ચહા કરી લાવશે."

"સેના ભાભી! તમે, અમરનાથ અને તમારા ભાઇ જાઓ બેસો અને હું આંખના પલકારામાં આવું છું. તમે આવો ત્યારે અમારે યોગ્ય સત્કાર કર્યા વિના ચાલે?" પત્નીનો ઉત્તર સાંભળી સાહેબરામની આતુર મુંઝવણ પડી ગઇ.

"તમારે રસોડામાંજ રહેવું હોય તો હું તમારી મદદે આવું છું" એમ બોલી પાટલો લઇ બેસી ગઇ. સાહેબરામ અને સંજીવનીની જીદી આનાકાની તદ્દન નહિં ગણકારતાં તે પૂરી વણવા લાગી અને તળવા મંડી. સંજીવની તો આ જોઇ આભીજ બની ગઇ. મ્હોટાઇ બીલકુલ મળેજ નહીં તેમ આવડત પણ કેવી મઝાની. પૂરી એવી વણાતી હતી કે ફૂલવાથી તેનો આકાર આંખ હરતો અને જીભનાં પાણી છોડાવતો. સાહેબરામ ચહા બનાવવા બેઠો. અમરનાથ ખુરસીપર પડયો પડયો ધીરજરામે આપેલી બાતમીઓ વિશે વાગોળતો હતો. બધું તૈયાર થતાં સૌ બહાર આવ્યાં અને ચારે જણાં આરોગવા બેઠાં.

" સાહેબરામ ! ઇલેક્શનનો સમય નિકટ આવતો જાય છે. પિતાજી કહેતા હતા કે સાઠમારી જબરી છે."

" અલબત કટાકટી છે પણ આખરે ફતેહ શેઠ સાહેબની છે. બીજું કોઇ ફાવે એમ નથી. ઇશ્વરદાસ બેલિફે સારી જેહમત ઉઠાવી આપણે માટે પુષ્કળ વોટ મેળવ્યા છે. આજે રાત્રે કાછીઆની વાડીમાં ગંજાવર સભા છે; શેઠ સાહેબ વતી બાલકરામ, શાસ્ત્રીજી અને હું ભાષણ કરવા જવાના છીએ. મગદૂર નથી કમલસીની કે શેઠ સાહેબનો પ્રભાવ ઝાંખો પાડે."

" બળ્યું ! આ તે શી ધમાધમી આખા ગામમાં થાય છે. ઇલેક્શન અને વોટની વાતો ઘેરેઘેર થાય છે. મ્હારી માશીને વોટ આપવો તે છે કે શું તે કેટલાએ જણા રોજ એને બારણે ધક્કા ખાય છે. બિચારી મુંઝાઇને મ્હારી બાની સલાહ લેવા આવી હતી." સંજીવની બોલી.

" સંજીવની ભાભી ! તમારાં માશી અકળાતાં મુંઝાતાં હોય તો વોટ આપવાનીજ ના કેમ નથી પાડતાં ?

" એ તો જુવોની સેનાભાભી ! મ્હારી માશી કહે કે વોટ આપવાથી ધરમાદો થાય છે.–"

" ધરમાદો થાય છે કેવી રીતે ? " સેનાના વિવેકી સંસ્કારોએ હાસ્યને જીજ્ઞાસામાં પલટાવી નાંખ્યું."

" સેનાબ્હેન તદ્દન અજ્ઞાત લાગે છે ઇલેક્શનના નાટકથી. તમે વોટ આપો તો તમે કહો તે––

(અપૂર્ણ.)

સહીઆરો.

પ્રકરણ ૧ લું.

“ કલબમાંથી સાહેબ હજૂ નથી પધાર્યા. ” લશ્કરી સલામ કરતાં, દરવાને પ્રશ્ન પ્હેલાં ઉત્તર આપ્યો.

“ તમારાં બાસાહેબ છે કે બ્હાર પધાર્યાં છે? ”

“ જી, સરોવર પર છે; સાથે મ્હારાં બ્હેન પણ છે. ” જવાબ સાંભળતાંજ સ્વાર ઘોડાપરથી ઉતરી પડયો, લગામ દરવાનના હાથમાં આપી હુકમ આપ્યો: “ મ્હારે બંગલે તાર કરી સાઇસને બોલાવી ઘોડો મોકલી દે. ”

વરંડાપર ચડી આયના સંમુખ ઉભા રહી સ્વાર કપડાં ઠીક કરતો હતો ત્યાં પટાવાળો પાણી તથા ટુવાલ લાવ્યો. હાથ મ્હોં ધોઇ મુખવાસ લઇ સરોવર તરફ તે ગયો.

તેનું શરીર મજબૂત, કદાવર અને કસાયલું હતું. કપાળ વિશાળ અને તેજસ્વી હતું. આંખો મોટી અને સંભેદક (piercing) હતી. મૂછનો ભરાવ સારો હતો. હડપચીનો ઘાટ કપાળની રેખા પેઠે તેનાં લક્ષણ પ્રકટ કરતો હતો. જોધપુરી બ્રીચીઝ અને હાફકોટ પ્હેર્યાં હતાં. માથે આસ્માની રંગનો સાફો બાંધ્યો હતો. ન્હાની સોટી ફેરવતો, વખતે સીસોટી વગાડતો અને વખતે બીડીના ધૂમાડા કહાડતો, ફુલોના ક્યારામાં થઇ, સરોવર ફરતી મેંદીની વાડ આગળ આવી ઉભો એટલામાં વાડનાં છિદ્રમાંથી પાણીમાં તરતી સુન્દરીપર

નજર પડી. પત્નીની મોઝમાં ભંગ ન પાડતાં, તટસ્થ દ્રષ્ટા થતો ત્યાંજ ઉભો રહ્યો. પ્રકૃતિ અને મનુષ્યના સમવાયી સૌંન્દર્યનું પાન કરવા લાગ્યો.

બંગલાથી થોડે દૂર વહેતી નદી, તેમાંથી નહેરવાટે સરોવરમાં આવતાં પાણી પર રમતાં અસ્તમિત સૂર્યનાં કિરણો આકાશમાં વાદળાં સાથે ખેલતાં તેવી લીલા ખેલતાં ખેલતાં તરતી સુન્દરીના શરીર પર ઘડીક તો ઘડીક તરવાથી હાલતી નાની વીચિપરંપરા પર દોડાદોડ કરી સુન્દરીનું સૌંન્દર્ય વિવિધ રીતે પ્રગટાવતાં હતાં. પ્રકાશ અને છાયાનું એવું અદ્ભુત સંયોજન થયા કરતું અને તરનારીનાં અંગેઅંગનું લાવણ્ય એવું ઝબકાવતું કે તેનો પતિ તે નિહાળી નિહાળી કૌતુકાનંદમાં નિમજ્જન પામ્યો જતા હતો.

સ્વર્ણસુન્દરીને જલ સાથે કેલિ કરતાં અવનવીજ લહેર આવતી. થોડીવાર ચત્તીપાટ તરતી તો થોડીવાર ડૂબકી મારતી. ડૂબકી મારી ઉપર આવી ચત્તી થતી ત્યારે સંક્ષુબ્ધ થયેલું પાણી તેના વક્ષઃસ્થલ પર અથડાતું; માથાપર ન્હાનાં મોજાંઓ ફરી વળી કાનમાંથી દવ ટપકતાં હોયને, એવા જલકણખેલ રચતાં, સૂર્યનાં કિરણો તેમાં રમતાં અને આભૂષણનાં નીલમમાણેક સાથે સ્પર્ધા કરવા જલબિંદુમાં રંગ લાવતાં.

એવામાં પવન છૂટયો. આઘે કોઇક સ્થળે વરસાદ પડવા માંડયો હોય તેથી થંડો થયેલો અને જલના સીકરથી ભરેલો પવન સરોવરનાં પાણીમાં ઉર્મિઓ નચાવવા લાગ્યો. પવનથી થયેલી થંડકથી સ્હેજ અને સ્હેજ પાણીની ગતિથી સુન્દરીના શરીરમાં કંપ થયો એટલે અરણિકુમારને લાગ્યું કે પાણીમાં ઉઠતી ઉર્મિ શરીરમાંજ ઉઠી ન હોય!

આનનપર રમતી કિરણાવલી કપાળનું તેજ ભભુકાવતી, આંખમાંથી ફુટતા અને આનનપર સર્વત્ર રમી રહેતા મુગ્ધ આનન્દને ખીલવતી હતી. પત્નીનું ગતિમાન સૌન્દર્ય નિરખતાં નિરખતાં અરણિકુમારને ભૂતકાળ સ્મરણમાં તરી આવ્યો. ચોમાસું રેલ્યું હતું, ગામની સીમનાં તળાવો એકાકાર થઇ દરીયા માફક જળથી ભરપૂર ગાજતાં હતાં. આ દરીયામાં ત્રાપો ફેરવી કાંઠેના રૂખડા સાથે નાંગરી ટેકરાપર ચડી સૂર્યાસ્તની લીલા અવલોકવા જતો હતો ત્યાં કેટલેક છેટે ચાર કન્યાઓને તરવા પડતી જોઇ. જલ સાથે પોતા જેવી લ્હેર ઉડાવતાં અન્યને જોતાં તારાને જેવી ગમ્મત પડે છે તે તેજ જાણે છે! એક તરફ સૂર્ય જલમાં ઉતરતા હતા, અને પવન જલ ઉછાળતો હતો તેમાં જીવનની નિર્દોષ અને લલિત લીલા ગામનું કૌમાર્ય ભોગવતું હતું. આનંદને પણ અવધિ છે શું? આનંદ શાશ્વતકાલ ભલે ન ટકે પણ ક્ષણજીવી શાને થતો હશે?

જલમાં છૂપાયલા રૂખડામાં એક કન્યાનો ચોટલો ભરાયો. તેમાંથી છૂટવા જતાં રૂખડાંના કાંટા તેને પીડવા લાગ્યા. પીડાથી સમતોલન નમ્યું અને કન્યા ડૂબવા લાગી. ઉઝરડાની વેદનાને બદલે મૃત્યુનો ભય આવી થરથરાવવા લાગ્યો. તરવાના નાદમાં મશગુલ ગોઠણોને ચીસ પાડી વ્હારે બોલાવવા લાગી ત્યાં તો અરણિએ જલમાં ઝંપલાવ્યું અને સ્વર્ણકુમારીને બન્ને વિપદ્‌માંથી ઉગારી.

આજે તે દૃશ્ય તાદૃશ સ્મરતાં હૃદય અવનવા ભાવોથી રેલવા લાગ્યું. 'કાળ! આટલાં વર્ષોમાં તે સુકુમાર કળીનું યૌવન તેં કેવું ખીલાવી દીધું છે! પવનની પીઠે ચડી ફુલનો પરાગ વાડીમાં ફરનારને ખુશમીજાજ કરે છે તેમ યૌવનનો પરાગ સમાગમમાં આવનારનાં હૃદયને રસભર નથી કરતો? અહા! આવા યૌવનનો, આવાં સૌંદર્યનો હું માલિક છું! કેટલો ભાગ્યશાળી! સ્વર્ણા!

તારો કુમાર આજ આટલો બધો તારામાં લીન છે એવું તું જાણે તો તારૂં હૈયું કેવું હુલતું હોય! મ્હારી કળી! ખીલ, ખીલાય તેટલું અને ભર, ભરાય તેટલો પરાગ મ્હારા જીવનમાં. સાથે રહી ભોગવાશે–'

ઝાડની ડાળ તૂટવાના જબરા અવાજે ધ્યાન ખેંચ્યું. સરોવર-ની રેતીમાં ડાળી ડાંખળાંમાંથી નીકળવા મથતી હિમાનીને જોઇ. સ્હેજ ખસી વાડ ઠેકી અરણિકુમાર હિમાની પાસે જઇ ઉભો ત્યાં સ્વર્ણસુન્દરી પણ ભીનેજ વસ્ત્રે ને છૂટા વાળે સહીયરની વ્હારે દોડતી આવી. અકસ્માતથી થયેલો ગભરાટ પતિને જોતાંજ સરી ગયો અને શરીરમાં કસરતથી આવેલી સ્ફુર્તિમાં પતિદર્શનનો ઉલ્લાસ અંગેઅંગ ઝબુકવા લાગ્યો.

" સ્વર્ણા! થંડો પવન વાય છે માટે વસ્ત્ર બદલી આવો. હિમાનીને હમણાં હું છૂટાં કરૂં છું," ઝાડનાં ડાળાં ડાખળાં તોડતાં અને દૂર ફેંકી દેતાં અરણિકુમારે કહ્યું. પતિની વ્હાલભરી ચિંતા દૂર કરવા પત્ની પાછી ફરી એવામાં કેદમાંથી નીકળી હિમાનીએ વસ્ત્ર સમાં કરતા કરતાં અરણિકુમારનું પ્રસન્ન હાસ્યથી સ્વાગત કર્યું.

" કેમ, ભાભીસાહેબ! તરવાની હેજત મૂકી કયાં દગાખોર હીંચકે ચડયાં? સખ્ત વાગ્યું તો નથી ને? ગંધરાજને અને દાક્તર-ને તેડવા મોકલું?"

" રેતીમાં પડી એટલે બહુ વાગ્યું નથી પણ શરીર છોલાયું છે તેમ કયાંક ઉઝરડાયું છે. રેતીપર થોડીવાર સૂઇશ એટલે આરામ થઇ જશે. તમે ક્યારે આવ્યા? ત્રણ ચાર દિવસ હજૂ રોકાવાના હતાને?"

" મૂળ ક્રમ એવો હતો પણ ધાર્યા કરતા ઇન્સ્પેક્શન વ્હેલું

પત્યું એટલે મારતે ઘોડે અહીં આવ્યો. હાથ દુખતો નથી? ઓસીકું મંગાવી આપું ?"

"લ્યો આ લોખંડની ખુરસીપર બેસો. મુસાફરીથી ચડયો હોય તેટલો થાક ઉતારો. હિમાનીની માવજત મ્હને સોંપી દો." સ્વર્ણસુન્દરીએ સજ્જ થઇ આવી કહ્યું. એવામાં હિમાનીની દાસી ઓસીકાં, શાલ, ઉઝરડા રૂઝવવાનું તેલ વગેરે લઇ આવી.

ખુરશીપર પડયો પડયો અરણિકુમાર ચીરૂટના ધૂમાડા કહાડવા લાગ્યો. મન થઇ આવે ત્યારે નીચો વળી રેતી હાથે વેરતો. વિક્ષિપ્ત થયેલું ચિત્ત સ્વસ્થ થતાં, તૂટેલી વિચાર પરંપરા આગળ ચાલી.

સ્વર્ણસુન્દરી અને દાસી હિમાનીની સારવાર કરતાં હતાં, છોલાયેલાં અંગ ચાંપતાં હતાં. જલમાં પત્નીના સૌંદર્યનો જે બ્હાર જોયો હતો તેથી અધિકતર બ્હાર તેના હૃદય સૌંદર્યનો નિહાળતાં-સ્ત્રી માત્રમાં નિગૂઢ રહેલું જનનીત્વ સખીશુશ્રૂષામાં પ્રગટ થતું જોઇને રસાનંદના સાગરમાં તે તરવા લાગ્યો. પત્નીપરજ નજર ઠેરવી રાખતાં ગભરાતો કે રખેને હિમાની મજાક કરે! ચારે દિશામાં દૃષ્ટિ દોડાવતો પણ ચિત્ત ચોંટયું હતું ત્યાંને ત્યાંજ તે વળતી. પણ જલ, પવન, પ્રકાશ, છાયા, ગતિ આદિની લીલામાંથી નિરાળું પડેલું સૌંદર્ય રફતે રફતે ઉણું લાગવા માંડયું.

સ્વર્ણસુન્દરી અને દાસી નળે હાથ ધોવા ગયાં ત્યારે નજર હિમાનીપર ઠરી. અવનવું જ દર્શન થયું. હિમાનીને ઘણીવાર જોઇ હતી. કોલેજમાં સાથે ભણતાં ત્યારથી થયેલો સંબંધ ગંધરાજ અને હિમાનીનાં લગ્નથી વધારે ગાઢ થયો હતો. હિમાનીનો સ્નેહ મેળવવા ગંધરાજનો તે પ્રતિસ્પર્ધી હતો તે વખતથીજ હિમાનીનાં અંગલાવણ્ય અને આત્મવિભૂતિનો પરિચય પામ્યો હતો.

અંધરાજ સ્પર્ધામાં વિજયવંત નીવડયો એટલે અરણિકુમારે પોતાના ઇશ્કને કજળાવી મૈત્રીમાં અંતરાય ન્હોતો આવવા દીધો. હિમાનીથીજ પસંદ થયેલી સ્વર્ણસુન્દરીપર આસક્ત થઇ જૂના સ્નેહને ભૂલી ગયો હતો.

દિવસે દિવસે સંબંધ વધતો જવાથી ચારે જણ એક લોહીનાં કુટુમ્બી જેવાં થઇ ગયાં હતાં. અતિશય છૂટથી હળતાં મળતાં છતાં હિમાનીનાં મુખે આજે જેવી અસર કરી તેવી કદી કરી ન્હોતી. શરીરમાં થતી વેદનાથી આસાયેશ મેળવવા, રેતીપર સૂતી સૂતી તે મથતી હતી ત્યારે વેદનાથી તેની મુખલક્ષ્મીનું તેજ અજબ કલાપ્યું હતું. ક્ષિતિજ નીચે સૂર્યનારાયણ સરી પડયા હતા. અંધારૂં ઝપાટાબંધ રેલાતું જતું. ઝળઝળીઆમાં એ મુખનું લાવણ્ય વીજની માફક ઝબક ઝબક થતું હતું. આંખો અનંત અવકાશ માપતી માપતી અંતરમાં વળતી હતી. કપાળપર ઉઝરડાની વેદના રગરગતી હતી છતાં પ્રસન્ન ઉજ્જવળતા ફુટી રહી હતી. દુઃખને ન ગણકારનાર સુખનું મોહક સ્મિત હોઠપર તરવરતું હતું. મનના નિગ્રહને તિરસ્કારતું હૃદય ઉછળતું હતું.

'હં! કયું સૌંદર્ય સરસ? ગતિમાન કે સ્વસ્થ? beauty in motion કે in repose? આનંદથી હીલોળતું કે વેદનાથી રુગ્ણ સૌંદર્ય?" અરણિકુમારના હૃદયમાં આ પ્રશ્ને મુંઝવણ ઉભી કરી. ઘડીકમાં હિમાનીને જુવે તો ઘડીકમાં સ્વર્ણસુન્દરીને. બન્ને શરીરલાવણ્યનો મુકાબલો કરતો જાય અને અંધક્ષણ એકને તો બીજી ક્ષણ ઇતરને અનુપમ સૌંદર્યવતી લેખે. હિમાનીપર વધારે દૃષ્ટિ ઠરતી તો સંકોચાતો–સ્વર્ણસુન્દરીપર ઠરતી તો મજાકથી ડરતો.

'શું શરીરમાંજ સૌંદર્ય રહ્યું છે કે શરીરથી પર તેનું કોઇ

આધાન છે? શરીરના સૌંદર્યમાં રસલીન થવાથી ભોગાપણાના ભયગર્તમાં તો ઉતરી નહિ પડાય!' પણ–આવા આવા પાંડિત્યથી, પ્રજ્વલિત થયેલો ઇશ્ક હોલવાય ખરો? કેવા પ્રખર નિગ્રહથી સ્નેહની આહુતિ આપી હતી! ઇર્ષ્યાને–ભગ્નાશની વૈરવૃત્તિને કેવાં સખ્યમાં રૂપાંતર પમાડયાં હતાં?

"સ્વર્ણા! તને તરતી જોવામાં તારા નાથને આજ એવી લહેજત પડી છે કે તેમાં ને તેમાં મશગુલ થઇ નથી ખબર પૂછતા તારી તો પછી મ્હારી તો વાતજ કયાં?" હિમાનીનાં વચન સાંભળતાંજ સ્વર્ણસુન્દરી શરમાતી મુંઝાતી–ઉંડા અંતરમાં હરખતી પતિ તરફ જોવા લાગી.

"હિચકતાં હિચકતાં તમે પણ ઠીક ધ્યાન રાખ્યું હતું! એ અનુચિત વ્યાપારમાંથી તમને ખસેડવાજ આડે ડાળ તોડી ન્હોતી ના? સ્વર્ણાને તરતાં જોતાં એના ન્હાનપણનો એક પ્રસંગ યાદ આવ્યો હતો. કેમ સ્વર્ણા યાદ છેને તળાવમાં ડૂબતી તને બચાવી હતી તે?"

પતિના વ્હાલથી ઉભળકાતી સ્વર્ણસુન્દરી કંઠનું માધુર્ય ગંહવડાવા જતી હતી ત્યાં ગંધરાજ ફલંગ મારતો આવી હિમાનીને શરીરે હાથ ફેરવવા લાગ્યો.

"કેમ છે હવે? કેટલું વાગ્યું છે? રેતીની થંડકમાં કેમ સૂઇ રહી છે? ચાલો બંગલામાં. અહો! અરણિ અને સ્વર્ણા પણ અહિંજ છો ને? તમે બન્ને છતાં મ્હારી હિમને કેમ પડવા દીધી?"

"હું થડ હોત અને સ્વર્ણા ડાળી હોત તો ન પડવા દેત. રાજ! સરપાવ સારો આપે છે. બન્નેને હવે કલ્લોલવા દો. ચાલો આપણે આપણે ઘેર સ્વર્ણા!"

પતિનો હાથ ઝાલી ઉભી થતી હિમાની શાલ ઠીક કરતાં કરતાં બોલીઃ—"એમ રીસાઇ મા જાવ, કુમારભાઇ! તમારૂં કલ્લોલ હજૂ રાજને કહેવું છે. આટલા દિવસ સ્વર્ણા અહિં રહ્યા પછી અમારા સૌભાગ્યોત્સવમાં સામીલ નહીં થાય? તમારે પણ અમારે ત્યાંજ જમવાનું છે."

"અહો! વિસરીજ ગયો. આજે તમારી લગ્નતિથિ છે. હૃદયની શુભેચ્છા છે કે આવી તિથિ શતવાર આવો." શબ્દો ઉચ્ચાર્યા પણ લગ્નતિથિ જાણવાની સાથેજ ભૂતકાળનો ભડકો હૃદયમાં પ્રજવળી ઉઠયો. આશાઓમાં છૂપાયલી નિરાશા ફુટી નીકળી.

"કુમારભાઇ! તમારી શુભેચ્છા તમને ફળો. અમારે અપંગ વાર્ધક્યનો લ્હાવો નથી જોઇતો." પતિના ખભાને અવલંબી ચાલતી હિમાનીએ કહ્યું.

અરણિકુમાર ક્યારે આવ્યો, ગામડામાં કેવી સ્થિતિ છે વગેરે સમાચાર ગંધરાજે ચાલતાં ચાલતાં પૂછ્યા. વચ્ચે વચ્ચે હિમાનીએ સરોવરમાં તરતી સ્વર્ણસુન્દરીને વાડ પાછળથી નિરખતા અરણિકુમારનો પ્રસંગ વર્ણવી ગમ્મત ઉપજાવી.

વરંડાપર ચડી ખુરસીપર સૌ બેસવા જતાં હતાં ત્યાં પટાવાળો તાર લાવ્યો. ગંધરાજે તે ફોડી વાંચ્યોઃ "કુંવર સાહેબ કાલે સાંઝે પધારે છે."

"ચાલો હવે રોજ નવી નવી ગમ્મતો ઉડશે." હિમાની બોલી. ટેબલપર પડેલી ટપાલમાંથી પોતાના કાગળ તારવી પતિના તેના હાથમાં મૂક્યા. એક કાગળ સ્વર્ણસુન્દરીના ખોળામાં નાંખી બોલી. "લે, કુમારભાઇનો કાગળ ઘેર જઇ નિરાંતે વાંચજે." પેલી બિચારીએ શરમાઈ કાગળ ગજવામાં મૂક્યો.-

આ જોઈ ગંધરાજને હસવું આવ્યું. "સ્વર્ણા! તું હિમાનીથી આટલી કેમ ડરે છે? અરણિ અહિં હોય એટલે એનો કાગળ નહીં વંચાય? શરમ લાગતી હોય તો બંગલાની અંદર જઇ વાંચ પણ આનંદનો લ્હાવો માણવાની તક ન જવા દે."

"રાજ! તારી શિખામણ વાજબી છે. સ્વર્ણા! મુંઝાતી હોય તો લાવ હું વાંચું. હિમાનીની માથાની ક્યારે થવાની તું?" વળી ઘા ઠોકાયું ભડકામાં, 'હિમાનીથી સ્વર્ણસુન્દરી કોઇજ રીતે સરસી નહીંજ!'

"જમવાને હજુ વાર છે. શું રમશું કુમારભાઇ? નૌકાવિગ્રહ?"

"ચાલો એક તરફ તમે અને ગંધરાજ અને સ્હામાં અમે બે–ચાલ, સ્વર્ણા તૈયાર થા, આજે હિમાનીને સખત શિકસ્ત આપવી છે."

"આપી શિકસ્ત હવે! હું અને મ્હારો રાજ જોતજોતામાં તમને મ્હાત કરીશું"

ખરેજ બન્નેએ મ્હાત કર્યો હતો. ઉંડો ઉંડો નિઃશ્વાસ નીકળ્યો. રમતના રસમાં તે અજ્ઞાત અવસાન પામ્યો. આગબોટો અને 'ટોરપિડો' દોડાદોડ કરવા લાગી. રમતની રસાકસી સાથે વાણીનો વિનોદ પણ ખીલતો.

"હાશ! હિમાનીની આગબોટ સપડાઇ! કુમાર! ઝપટમાંથી છટકવા ન દેશો."

"સ્વર્ણા! એમ હિમાનીને ડરાવીશ નહિં. અરણિની ટોરપિડો હમણાં હું વિખેરી નાંખું છું. હિમાની! ઘરમાંથી કહાડ પેલી ટોરપિડો અને ઉભી રહે આની પીઠે."

"ફગાડયા કરો ફગડાય તેટલી ટોરપિડો. જુઓ આ આમ ચાલી કે તમારો રસ્તો બંધ."

હિમાનીની સામે અરણિકુમાર અને સ્વર્ણસુન્દરીની સામે ગંધરાજ બેઠા હતા. રમતમાં સર્વ મશગુલ હતા તોપણ અરણિની નજર વારેવારે હિમાનીનાં મુખપર ઠરતી: સરોવર કાંઠે કરેલા સૌંદર્યદર્શન વિશે કુતુહલ વિશેષ અને વિશેષ ઉત્તેજાતું. ઘણી ઘડભાંગ કર્યા છતાં બે સૌંદર્યમાંથી કયું સરસ તેનો નિર્ણય નહોતો કરી શક્યો. એ નિર્ણય કરવા જતાં જૂનો સ્નેહ જાગૃત થવાથી જાગેલા તોફાનથી સંક્ષુબ્ધ હતો. ઉપરથી શાંત લાગતો પણ અંદર તોફાન ગાજી રહ્યું હતું. આથી રમતમાં ભૂલ થતી તેથી પત્નીનો ઠપકો અને મિત્રોની મશ્કરી સાંભળવાં પડતાં. ભાઇબ્હેનના સંબંધથી જૂદો વિકાર ન થવો જોઇએ છતાં હિમાનીની મુખશ્રીએ આજ કેર વર્તાવ્યો હતો.

હિમાનીની બે આગબોટો અને ગંધરાજની એક દુશ્મનને હાથ સપડાઇ. પતિની બેદરકારી ધ્યાનમાં લઇ સ્વર્ણ સુન્દરી એવી કુનેહથી રમતી હતી કે પોતાની કે અરણિકુમારની એકે આગબોટ હરીફના પંઝામાં જવા દીધી નહોતી. હારતી હોવાથી હિમાની હતાશ થઈ પણ ગમ્મતની રસીઆણને વિષાદ કદી ગોઠતો નહીં. વેણીમાંથી બટમોગરાનું ફુલ કહાડી પતિ સંમુખ ધરતાં બોલી:

"લ્યો ગંધરાજ! તમારૂં નામેરી ફુલ. પુષ્પનિવેદનનો વિધિ ઉજવવો રહી ગયો. લ્યો! કુમારભાઇ! તમે વળી વચકાશો. કૉલેજની આપણી ગમ્મતોનાં સંભારણાં માટે ચંપો."

ચંપો લીધો પણ તેની પીમળ વિષ જેવી લાગી. હિમાનીના શબ્દો ઝેરી બાણ જેમ હૃદય છિન્નભિન્ન કરતા હતા.

"જામરી છે હિમાની. હારવા બેઠી ત્યારે નવાઝ બુદ્ધ ઉડા વવા માંડયા. પણ જો ! મ્હારી ટોરપિડોએ તારી આગબોટ લીધી. આઠ 'પોઇન્ટ' તો થયાં. હવે જોતજોતામાં દશ કરી નાંખું છું. સ્વર્ણસુંદરી આત્મગુંજન જેવું બોલી.

"બાસાહેબ ! જમવાનો વખત થયો છે. નહાવા પાણી લાવું ?" દાસીની વિનંતિ સુણતાંજ હિમાની ઉભી થઈ અને સર્વેને માટે સ્નાનની વ્યવસ્થા કરવા વચ્ચી આપી. 'સ્વર્ણા'! ફરી વાર નહાવું છે ?"

"ના ! તું તારે નહાવા દોડ ! લે તારી ટોરપિડો સપડાઇ." રમત અધૂરી મૂકી સૌ નહાવા ગયાં. એકલી પડેલી સ્વર્ણસુંદરી જીત પર આવેલી બાજી આગળથી નીસાસા નાંખતી ઉઠી આરામખુરસીપર પડી વર્તમાનપત્ર વાંચવા લાગી.

સ્નાનક્રિયા સમાપ્ત થતાં સૌ ભોજનખંડમાં ગયાં. રૂપા અને કાચનાં વાસણોમાં ખાદ્યો પીરસેલાં હતાં.

"પુરૂપ અને પ્રકૃતિના પ્રતિનિધિ સ્વરૂપ ગંધરાજ અને હિમાનીનો સૌભાગ્યોત્સવ એમની સર્વે અભિલાષાઓનો સાધક નિવડો."

"હૃદય અને પ્રાણ જેવાં, આત્મા અને શરીર જેવાં, કવિ અને કવિતા જેવાં, અર્થ અને વાક્ જેવાંનો સંસાર સુખી નીવડો." પત્નીના પિયુરવમાં અરણિકુમારે પોતાનો કુહુરવ ભેળવ્યો.

દંપતીએ ઉંડા આભારથી શુભ વાંછનાઓ સત્કારી. રેશમી વસ્ત્રમાં સજ્જ થયેલી, સ્નાનથી સ્ફુર્તિમાં આવેલી હિમાનીના હાસ્યભર્યા હાવભાવ, પતિની કાળજી રાખતો સ્નેહ, હરેક હિલચાલમાં ફુટતો આનંદ, વાગ્વિનોદ, બુદ્ધિની: વિશાળ પ્રખરતા, અંગલાવણ્યમાં દીપી નીકળતી આત્મવિભૂતિ સર્વનો અનુભવ પા-

મતાં પામતાં અરણિકુમારનો હિમાની માટેનો ઇશ્ક ઉછળતો હતો. સ્વર્ણસુન્દરી પર વિશેષ લક્ષ આપવા-હૃદયનો સાગર તેના પર ઢોળવા જતો પણ તે આજે હિમાનીના ચુંબકત્વ (Magnetism) થી આકર્ષાઇ તેના તરફ રેલાતો.

"થાક્યો છું. આરામ લેવો છે.' એવું બહાનું કહાડી જમ્યા પછી ન રોકાતાં ગંધરાજની 'મોટર સાઇકલ' પર સ્વાર થઇ દંપતી સ્વનિવાસે ગયાં. રસ્તામાં પત્ની પૃછતી તે સવાલોના ટૂંકા ટચ જવાબ દેતો પણ હ્હેરથી હંમેશ ઉડાવતો તેવી ગમ્મત ન્હોતો ઉડાવતો. ક્યાંથી ઉડાવે? નિર્દોષ સ્નેહાળ પત્નીને ક્યાં ખબર હતી કે પોતાના દ્વિતીય હૃદયમાં કેવો દાવાનળ પ્રગટ્યો હતો?

રાત્રે સૂતો પણ નિદ્રા આવી નહિ. જ્યાં જુવે ત્યાં હિમાની!

પ્રકરણ ૨ જું.

સવારે ઘણાં વ્હેલાં ઉઠી ખાણ તપાસવા ગયો હતો. તપાસણી ખડે પગે કરી હતી અને મારતે ઘોડે લાંબી મજલ કાપી હતી. આટ આટલી મહેનતનો શ્રમ ક્યાંય ઉડી ગયો હતો અને શ્રમથી આવતી નિદ્રા પણ રીસાઇ બેઠી હતી.

શય્યામાં તડફડતો અરણિકુમાર પત્નીના તારૂણ્યથી પ્રફુલ્લ અને પરિમલપૂર્ણ દેહને નિર્દોષ શાંતિથી સૂતેલો જ્યારે જોતો વા સ્પર્શતો ત્યારે ત્યારે વધારે ને વધારે બળી ઉઠતો. થંડક આપનાર ચંદન વિરહિણીને દાહક નીવડે છે તેનો આજે એને અનુભવ થયો.

ઉઠી વાંચવા બેઠો પણ હિમાનીમાં પરોવાયલું ચિત્ત પુસ્તકમાં ચોંટયું નહિં. નકશા દોરવા બેઠો તો ત્યાં પણ એજ દશા. આખરે ઉઠી વાડીમાં ગયો અને એક બાંક ઉપર પડયો. પવન ન્હોતો છતાં થંડક હતી. કળીઓ ઉઘડી હતી અને સુરકી ફરફરતી ત્યારે પરાગ લ્હાતી.

હિમાની સાથેની દોસ્તી દશ વર્ષની થઈ ગઇ. સ્વર્ણસુન્દરી સાથે લગ્ન થયાંને પણ ચાર વર્ષ થઇ ગયાં. અંગનાં સૌષ્ઠવ અને લાવણ્યમાં સ્વર્ણસુન્દરી હિમાનીને આંખી પાડી દે છે. હૃદયની સમૃદ્ધિમાં કોઇ રીતે ઉતરતી નથીજ. હિમાની જેટલી કેળવણી પામેલી નથી તેથી એની બુદ્ધિ ઉંચા સંસ્કાર કે વિકાસ પામેલી નથી. અલબત્ત સહવાસથી અને અભ્યાસથી સ્વર્ણકુમારી પોતાની ન્યૂનતા દૂર કરવા મથે છે પણ સ્વભાવે બહુજ શાંત, મૃદુ, કંઇક થોડાબોલી અને શરમાળ વિશેષ છે. નથી એનામાં હિમાનીના તનમનાટ, ચાંચલ્ય, જાજવલ્ય કે ચાતુર્ય. નથી ઉજવલ અને પ્રખર બુદ્ધિનું આકર્ષણ તેમ નથી પુરૂષના હૃદયને મુગ્ધ કરતો પ્રભાવ.

“આજ શાને આ મુકાબલો કરવા માંડયો છે? ગમે તેવી પણ મ્હારી સ્વર્ણા છે. મ્હારી જીવનસહચારિણી છે. હિમાની પરકીયા–મિત્ર પત્ની–બ્હેન છે.

‘હિમાની વિના શી કમી છે મ્હારે? કુલસ્ત્રી અને ગૃહિણી તરિક સ્વર્ણ સુન્દરી મ્હારા કુટુમ્બમાં, નાતજાતમાં અને ગામમાં પ્રતિષ્ઠા પામેલી છે. મ્હારી સખી અને દાસી છે. માતાથી પણ વિશેષ મ્હારી સંભાળ રાખે છે ત્યારે શા માટે એથી હું અસંતુષ્ટ છું?–અસંતુષ્ટ છું? આજેજ આવો અનુભવ થયો.

‘ગંધરાજને વરી હિમાનીએ જયારે મ્હને હૃદયભંગ કર્યો

ત્યારે કેવા ઉચ્ચ ઉપદેશથી, કેવા પુનિત હૃદયકથનથી ભૈરવજાપ જપવા જતા મ્હારા જીવનને ઉદ્ધાર્યું હતું ? સ્વર્ણા પણ એજ મેળવી નથી આપી ? સાહાદરા જેવી સ્વર્ણાને કરી નથી દીધી એણે ? દેહના ઉપભોગ માટે તલસનારે તે દેહમાં વસતા હૃદય અને આત્માનાં કેવાં ભવ્ય દર્શન કર્યાં હતાં ? સાયન્સના અભ્યાસે પ્રચલિત ઇશ્વરભાવના મ્હારા ચિદાકાશમાંથી નિર્મૂળ કરેલી છતાં તે દિવસે મનુષ્યદ્વારા દિવ્ય સત્તાનું અસ્તિત્વ કેવું અનુભવાયું હતું ? તે પુણ્યદર્શનકાલે પ્રાપ્ત કરેલી શાંતિથીજ મ્હારા વિકારોને હું નિગ્રહમાં રાખી શક્યો છું. અમારા સૌના જીવનપ્રવાહ કેવા સાધુ, સરલ, રસિક, ઉન્નત વહ્યા છે ? અન્યને બાધક, ઉત્તેજક, ક્વચિત્ મત્સરોત્પાદક થયા નથી ?

'બે સૌંદર્ય સાથે ઘણીવાર નિરખ્યાં હતાં. છતાં આજે હિમાનીનું સૌંદર્ય સ્વર્ણાનાં સૌંદર્યને ઝાંખુ પાડી કેવી ગેબી ભુરકીમાં મ્હને ભરમાવી રહ્યું છે ! અગાઉ થતા મુકાબલા કરતાં આજનો મુકાબલો જુદો તો હતોજ. જંગલોમાં રખડી કંટાળી ઘરઘેલો થયેલો અહિ આવ્યો ત્યાં ઘરની મૂર્ત જીવન્ત પ્રતિમા દયિતાના અદ્વિતીય શરીર લાવણ્યનું મનોહર દર્શન થયું. આંખોમાં લાગણીઓનું નૂર વહ્યું. એ નૂરથી હિમાનીનું સૌંદર્ય જોયું. કેવું અદ્‌ભૂત દર્શન ! જીંદગીભરમાં આવો અનુભવ નથી થયો. ચંદ્રના આકર્ષણથી સમુદ્ર ઉછળતો હશે તેનાથી ય વિશેષ જોરથી મ્હારૂં હૃદય એ સુંદરીના દર્શનથી ઉછળે છે.

"પણ સ્વર્ણાના ગતિમાન સૌંદર્ય કરતાં વેદનાથી આર્ત હિમાનીના સૌંદર્યમાં શું અધિક જોયું ? પ્રકૃતિના અંકમાં વિહરતા સૌંદર્ય આગળ મનુષ્યની નિર્બળતા પ્રગટાવતું સૌંદર્ય વિશેષ આકર્ષક કેમ લાગ્યું ?

'બુદ્ધિ, તર્ક ! તમારા પ્રયત્નો નકામા છે. વિવેક, સંયમ ! તમારા અંકુશો નિર્બળ છે. થયું છે એ ચોક્કસ છે. શાથી થયું છે તે શોધવાની માથાકૂટ શી ?

'સૌંદર્યદર્શનથી નરી તૃપ્તિ નથી. સૌંદર્યની પ્રાપ્તિ અને ઉપભોગ માટેજ લાલસા છે. આ પ્રબળ લાગણીના પૂરમાં વિચાર, વિવેક, વિદ્વત્તા, અનુભવ, ડહાપણ–બધું તણાઇ જાય છે. ગમે તેમ થાઓ પણ હિમાની જોઇયે છે.

'પણ હિમાની મળશે ? તને સારી રીતે ઓળખે છે. તારા કે કોઇના મોહમાં ફસાય એવી છે ? એને ત્રાસ આપવા મથતા વિદ્યાર્થીઓપર પોતાના રૂઆબથી અને કરડી આંખથી કોલેજમાં કેવી એ કેર વર્તાવતી તે ભૂલી ગયો ? દ્રવ્યની અને તેથી મળતા વૈભવની એને ખોટ નથી–પરવા નથી. ગંધરાજનો સ્નેહ પાતાળ ધોધ જેવો છે પછી સ્નેહની પણ તરસી કયાંથી હોય ?

'પણ જે સ્નેહે આ બન્નેને ગૃહસ્થાશ્રમી બનાવ્યા તે અસલ રૂપમાંજ ટકયો હોય એવું નથી લાગતું મ્હને. ઝીણી વિષમતા પ્રવેશેલી લાગે છે. આટલો અમારો ગાઢ પરિચય હોવા છતાં મ્હને બન્નેમાંથી એકે પોતાનાં હૃદયકથન સંભળાવવાનું વિશ્વાસપાત્ર સ્થાન લેખ્યું નથી ! જીંદગીનો વેશ એવી નિપુણતાથી અને શાણપણથી ભજવ્યાં જાય છે કે સ્વપ્ને પણ અન્યને એ વિષમતાની ઝાંખી થાયજ નહી. સ્પષ્ટ અનુભવ યાદ કરી શકતા નથી તોપણ વિષમતા જન્મી છે એટલું નિઃસંશય છે. કાંઇ હરકત નહિં. શોધી કાઢતાં શી વાર ? વિષમતા થવાનું કારણ સમજાયું કે બન્ને વચ્ચેનું અંતર વધારતાં સારૂં આવડે છે. મ્હને.

'પણ સુખમાં મ્હાલતાં પંખીઓનું સુખ ઉડી જતાં અની-

ને માર્ગે પાછું સુખ મેળવવા તેઓ તત્પર થશે એની ખાતરી
ી? ખાતરી અને ખાતરી સ્ત્રી સ્વભાવમાં રહેલી છે. ભણીને
એમ. એ. થઇ તોપણ આખરે સ્ત્રી છે અને પુરૂષને આધીન થવા
સરજાયલી છે.

'પ્રભાત હમણાં થશે ઝાડમાં પંખીઓ પોતાનું કંઠમાધુર્ય રેલાવી રહ્યાં છે. પુષ્પોનો પરિપલ, પક્ષીકંઠનું માધુર્ય અને પ્રભાતની હવાનું ચેતન મ્હારી લાગણીઓને વધારે ને વધારે આવેશોત્કટ કરે છે. ઇંદ્રિય માત્રના વ્યાપાર સંકેલાઇ ગયા છે. હાથમાંથી છટકેલા ફુલનો પરિમલ ફરીથી ભોગવવાની તીવ્ર લાલસા હૃદયમને વગધગાવી રહી છે.

માળીએ પાણી છાંટવા માંડયું એટલે ઉઠી ઘરમાં ગયો. મિત્રદ્રોહ, પત્નીદ્રોહ, વિશ્વાસભંગની પાપી વાસનાઓ અરુણિકુમારને નરકમાં લઇ જતી હતી એટલું પણ તે ન જોઇ શકયો. દુષ્ટ વિકારને વશ થઇ પોતાનું સુખ નષ્ટ કરવા, કોમળ કળી જેવી સ્વર્ણસુન્દરીને દુઃખી કરવા, મિત્રનું દાંપત્ય સુખ નિર્મૂળ કરવા, પતિવ્રતા સ્ત્રીનું શીલ ખંડિત કરવા, સમાજ કલુષિત કરવા અને ઇશ્વરના નીતિનિયમોનું ઉલ્લંઘન કરવા તે પ્રવૃત્ત થયો.

શયનખંડમાં પ્રવેશી મ્હોં ધોતો હતો તેવામાં સ્વર્ણસુંદરીએ પ્રાતઃ સ્તોત્ર ઉચ્ચારતાં આંખ ઉઘાડી. પ્રભુના સ્મરણોચ્ચાર સાથે પૃથ્વીના પ્રભુ પતિનું મુખદર્શન ન થવાથી વિરહિણી દૃષ્ટિ ખંડમાં ફરવા લાગી. ઇષ્ટની પ્રાપ્તિથી ઉલ્લસિત થતી હાસ્ય વેરતી સુંદરી ઉઠી. તેના મધુર કંઠસ્વરથી ખંડ, ભકતે વગાડેલી ઘંટીથી ગાજતા દેવમંદિર જેવો લાગ્યો. દેવમંદિરને મલિન કરતો પિશાચ રાત્રિના ઉજાગરાથી અને દુષ્ટ વિકારના પ્રબળ વેગથી ભયાનક લાગતો હતો. સ્નેહ, વિશ્વાસ, નિર્દોષતા, તારૂણ્ય, વૈભવ વગેરેના રસમાં

નિમગ્ન દેવકન્યાને જોતાંજ અડદ છાંટવાથી ભૂત ભાગે તેમ અરણિકુમારના વિકારનો પ્રવાહ પાછો હઠયો. સૂતી હતી ત્યારે નિર્જન શૂન્ય લાગતા ખંડને પોતાની ગતિથી, સંગીતથી અને આંખોનાં નૂરથી, અખંડ રાસથી ચેતનવતા ગોલોકમાં ફેરવી નાંખ્યો ન હોય એવું અરણિકુમારને લાગવા માંડયું.

નિત્યનિયમ પ્રમાણે પ્રાતઃકાળના ક્રમથી પરવારી સ્વર્ણસુન્દરીએ ખંડે ખંડે વિરાજતી દેવમૂર્તિઓની કરમાયલી માળા કહાડી ફેંકી દીધી અને તાજી પહેરાવી. પોતાના પતિદેવતાના હૃદયમાં પેઠેલા રાક્ષસને દેવ કરવાનું ચૂકી ગઇ; પણ અજાણ્યાનો દોષ શો?—સર્વત્ર ધૂપ કર્યો. પોતાના જીવનનું સૌરભ જાણે ઓછું પડતું હોય તેમ પુષ્પ અને ધૂપથી ખંડ સુવાસિત કરી દીધો.

નિત્યના વ્યાપારમાં લીન થયેલીથી ખરો પતિવ્રતા ધર્મ ન સચવાયો. પતિનું દ્વિતીય હૃદય છતાં—પતિના જીવન પ્રવાહમાં પોતાનો જીવન પ્રવાહ ભેળવ્યા છતાં તે હૃદય પ્રવાહમાં આવેલા સર્પની ખબર એને ન પડી.

શીરામણ કરવાં બેઠાં ત્યાં પતિના વર્તનમાં સ્હેજ ફેર લાગ્યો. પણ હોય એવા ફેર તો રખડપટ્ટીની નોકરી અને વિવિધ કામ કરવાનાં એટલે સ્વભાવ નિરન્તર એકધારો ક્યાંથી રહે? તોપણ પતિની સ્વાભાવિક પ્રસન્નતા અને વિનોદશીલતા ઉત્તેજવા જતી હતી એવામાં રાણીસાહેબના કામદારની ચિઠ્ઠી લઇ સ્વાર આવ્યો. રાજમહેલમાં અત્યારે સ્હવારના પહોરમાં ઇજનેર સાહેબની ખાસ જરૂર પડી હતી. ઉતાવળે સીરાવી સજજ થઇ અરણિકુમાર નોકરીપર ચડયો. સ્વર્ણકુમારી ઘોડે ચડી હિમાની સાથે નદીકાંઠે ફરવા જવા ગઇ.

× × × ×

રસપટ્ટણની પશ્ચિમે વિશાળ ઘુઘવતી ખાડી છે. પશ્ચિમોત્તર કોણમાં સમુદ્રના જલથી પખાળાતી ધાર છે. અરણિકુમારની મોટર-સાઇકલ જેમ જેમ ગિરિપર ચડતી ગઇ તેમ તેમ રાજમહેલ અને પાછળ પથરાયેલો દરીઓ–તેમજ બન્ને ઉપર વિસ્તરેલું આકાશ દૃષ્ટિ પથે આવવા માંડયાં. અપરિચિત સ્થળે જતાં ક્રમે ક્રમે થતાં દર્શનથી આશ્ચર્યાનંદ અનુભવાય છે તેવો આનંદ અતિપરિચિત સ્થાનો નિરખતાં અરણિકુમારને થવાનો સંભવ ન્હોતો. કદાચ ચોમાસાથી મરકતમય થયેલી ભૂમિ અને નવલરસથી કિશોરાવસ્થાની મુગ્ધ નિર્દોષતામાં મ્હાલતી વનસ્પતિ કે આકાશમાં સૂર્ય અને વાદળીની થતી ક્રીડા અને સમુદ્રમાં તેથી પ્રભા અને છાયાથી રમાતી ક્રીડા કે શાંત સરોવર જેવી ખાડીમાં રાક્ષસ જેવી ઉભેલી એકલવાઇ આગબોટને નિહાળવાથી કુતૂહલ ઉદ્દીપન પામત પણ દૃષ્ટિ સ્વતંત્ર ન્હોતી; નિકટનો વ્યાપાર મંદ કરી, સ્થલકાલના અંતરાય ભેદી, ગઇ સંધ્યાના પ્રસંગ સ્મૃતિદ્વારા ઇશ્કના આતશથી પ્રેરાઇ હજીયે નિહાળતી હતી. કુદરતની લીલા માટે હૃદયમાં આવકાર ન્હોતો કારણકે તે હિમાનીથી ભરાઇ ગયેલું હતું.

સંત્રી, પટાવાળા, દાડીઆ વગેરેની સલામો ઝીલતો વિહંગ-મંદિર આગળ જઇ પ્હોંચ્યો ત્યાં રાણીસાહેબ ઉભાં હતાં. શોભન-પિચ્છ અને મધુરકંઠી પંખીઓને પોતાની જાતિ દેખરેખ નીચે રાતબ અપાવતાં હતાં. તેમની ખુરસીની આસપાસ ધોળાં હરણો ગેલ કરતાં હતાં; એક જબરો શિકારી કૂતરો સૂતા સૂતો થાક ઉતારતો હતો. ગલૂડીઆ જેટલો એક ન્હાનો કૂતરો એક ખવા-સણના હાથપર લાડતો હતો.

યૌવનની પૂર્ણિમામાં ગરાસણી સોળે કળાએ ખીલી રહી હતી.

શરીર કદાવર   કસાયલું હતું. આંખો તીક્ષ્ણ, મોટી, રૂઆબ છતાં ઇશ્કી હતી. ભમરની કમાન, નાકનું અણિયાળું ટેરવું હોઠની કમાન અને હડપચીનો સુઘટિત ઘાટ કંઇકંઇને વિહ્વળ બનાવી દે એવાં હતાં.

ફ્રેંચ રેશમનો ઘાઘરો અને પોલકાશાઇ કમખો પહેર્યા હતાં ઉપર કોઇમતૂરી આસમાની પછેડો ઓઢ્યો હતો. કાનમાં હીરા માણેકના કાપ હતા, કંઠમાં મોતીની ત્રણ ચાર અને પાનાની માળા હતી. હાથમાં હીરા નીલમની બંગડી, આંગળીએ હીરાની વીંટી અને પગમાં માણેક નીલમનાં જડાવ સોનેરી કડલાં મખમલની સપાટ ઉપર પહેરેલાં હતાં.

ઇજનેરે સ્વામીનીને નીચા નમી જે જે કર્યા. ડોક સહેજ નમાવી રાણીએ પ્રતિસત્કાર કર્યો. પ્રતિસત્કારમાં શિષ્ટાચારથી કંઇક અધિક અરણિકુમારને લાગ્યું. રાણીની આંખમાં તરવરતું તેજ અને હોઠપર રમી રહેલું સ્મિત અપૂર્વ લાગ્યાં. સ્વર્ણસુન્દરી કે હિમાનીના સૌંદર્યથી પણ વિશેષ આકર્ષક–મોહક–રાણીનું રૂપ લાગ્યું.

એક ક્ષણ બન્ને મૂગાં રહ્યાં. ચતુર સ્ત્રી સમજી ગઈ કે જાળમાં શિકાર સપડાયો છે. ધાર્યો પાસો સત્વર પડવાથી ઉલ્લાસ અને તેપણ ઇશ્કનો ઉલ્લાસ તેને અરણિની આંખમાં વિશેષ અને વિશેષ મોહક બનાવવા લાગ્યો. કંઠ, અંગની ગતિ અને તે બન્ને દ્વારા આવિર્ભાવ પામતા હાવભાવોથી રાણીએ અરણિકુમાર પર પડેલો પ્રભાવ સ્થાયી અને પ્રબળ કરવા બનતું કર્યું.

વિહંગમંદિર આગળથી રાણી, ઇજનેર અને વડારણ રાજમહેલમાં ગયાં. માર્ગમાં રાણીએ સ્વર્ણસુન્દરીની ખબર અંતર પૂછી પોતાની વાડીમાં બંધાતું મંદિર ક્યારે પૂરૂં થશે તે જાણવા ઉત્કંઠ

પ્રગટ કરી. વાત કરતાં દૃષ્ટિનાં, શબ્દનાં, શબ્દના ગર્ભમાં રહેલા ધ્વનિનાં અને સ્મિતનાં એવાં બાણ મારતી હતી કે અરણિકુમાર છિન્નભિન્ન થતો જતો હતો. ચિત્તની સ્વસ્થતા આવ્યો ત્યારે તો ચલિત હતી પણ હવે તો વિહ્વળ અને તોફાની થવા માંડી હતીઃ જે કામે બોલાવ્યો હતો તે જણાવે તો પતાવી આ 'ગુલબંકાવળી' થી દૂર ભાગી જાઉં એવું એને થયું. પણ રાણી મુદ્દાનો પ્રસંગ છેડવા કરતાં આડી અવળી વાતો કર્યા કરતી. રાજમહેલમાં પોતે નવી મંગાવેલી વસ્તુઓ બતાવતી, તેમની તારીફ કરતી અને અરણિકુમાર પાસે પ્રશંસાતિશયની અપેક્ષા રાખતી રાણી તેને સમુદ્ર કાંઠે પડતી બારી આગળ લઇ ગઈ. બન્ને એકલાંજ હતાં. જાણીજોઇને કે કામને લીધે વડારણ બીજા ખંડમાં ગઈ હતી.

"ઇજનેર સાહેબ, તમને વિશ્વાસુ ધારી ગુપ્ત કામ સોંપેલું છે." રાણીએ ગુફતેગો શરૂ કર્યો. શૃંગારી પ્રભાવમાં અવલંબન, વિશ્વાસની અધીરાઈ અને ઇંતેજારી અને કંઇક સંકોચ ભળ્યાં હતાં.

"નિરાંતે સોંપો. ઇચ્છા હશે તેમ કરવાં તૈયાર છું" અસ્વસ્થ અરણિકુમારે અર્ધસ્પષ્ટ–શિથિલ ઉત્તર વાળ્યો.

આસપાસ નજર કરી, ખંડની નિર્જનતાની ખાતરી કરી, રાણીએ ગુપ્ત કાર્ય સોંપ્યું. ઇજનેર દગો તો નહીં દે ને અને ધાર્યા પ્રમાણે કાર્ય સિદ્ધ કરી આપશેને એવા દિલમાં ઉઠતા સંશયોને સંતોષવા ઇજનેરના મ્હોપર સંભેદક (piercing) દૃષ્ટિ ભોંકી.

"તમારી મહેનતનો ઘણો સારો બદલો વાળીશ." રાણી રાણી મટી સ્ત્રી થતી જતી હતી. 'ઘણો સારો' શબ્દો બોલતાં કંઠ કંપ્યો હતો.

"આપનો હુકમ ઉઠાવવો એ મ્હારી ફરજ છે. નોકરને

ધનામ અકરામની લાલચ કરતાં સ્વામીનો વિશ્વાસ કર્તવ્યમાં પ્રેરવા બસ છે." વિકારના કેફમાંથી ખુંખારી અગ્નિકુમારે પોતાનું ખાસ તુખમ વિનયથી પ્રકાશ્યું.

"જો જો મહારાજા સાહેબ કે દીવાન સાહેબને પણ ખબર નહિં પડે, તમારાં વહુથીએ છાનું રાખજો." અતિશય આર્જવથી રાણીએ વિનવણી કરી.

અગ્નિકુમારે સ્ત્રી થયેલી રાણીને પુરૂષના પ્રભાવથી રહસ્ય ગુપ્ત રાખવાની સંપૂર્ણ ખાતરી આપી. બારીથી પાછા વળી ખંડદ્વારમાંથી બ્હાર નીકળતાં સામેના આયનામાં પોતાની પાછળ અનિમિષ નજરથી રાણી જોતી હોય એવું જણાયું. વિજળીના આચકાની પેઠે એની નજર પણ પાછી ફરી, રાણી પાછળજ ઉભેલી. ભાળી દૃષ્ટોદૃષ્ટ.

પ્રકરણ ૩ જું.

અગ્નિકુમાર અને સ્વર્ણસુન્દરી ગયાં એટલે ગંધરાજ 'ઑફિસ'માં જઇ ટપાલ વાંચવા બેઠો. હિમાની પાસેની ખુરશીપર બેસી સિતાર વગાડવા મંડી. આરામ, વિનોદ, સ્નાન, ભોજન અને સ્વજનની વ્હાલસોઇ માવજત અને સમાગમથી તેની રૂજ મટી ગઇ હતી. સ્હાંજે ઝાડેથી પડીજ ન હોય એવું એના ઉત્સાહ અને ઉલ્લાસથી લાગતું હતું. સ્વર્ણસુન્દરી નિજગૃહે ગઈ અને પતિ નિત્યવ્યવહારમાં રોકાયા હતા ત્યારે ઉત્સાહ અને ઉલ્લાસ કેવી રીતે ઝીલનાર વગર આવિર્ભાવ પામે ? સિતારના તારોમાંથી હૃદયમાં વસતા ભાવો જગવી સોબતની ગેરહાજરીથી લાગતી ન્યૂનતા નિવારી લેતી હતી.

હૃદયમાં ઉંડું ઉંડું એવું થતું કે પતિ અમલદારી કામમાંથી હમણાં પરવારશે અને પોતે માણતી રસિક મોઝમાં સામિલ થશે. ગંધરાજને હિમાનીનું વાદન હરકત ન કરતાં મંદમધુર વાતાવરણથી આવરી લેતું હતું અને હિમાનીના ઉલ્લાસને ઉત્તેજિત રાખતું હતું. ધીમે ધીમે વાદનમાંજ હિમાની તલ્લીન થઇ ગઇ. ભાવનું પૂર ઉભરાવા લાગ્યું. મસ્તીનો બ્હાર જામવા લાગ્યો. ગંધરાજ ખંડમાં છે તેનું જેમ ભાન ન રહ્યું તેમ આનંદના લ્હાવામાં સહભાગીની પણ અપેક્ષા જતી રહી. મંદિરમાં દેવ સમક્ષ ભક્તિમાં ગળી ગયેલી કન્યા, સંગીતદ્વારા ભજન કરતી, પ્રકૃતિ કે મનુષ્યસમૂહ—અરે દેવમૂર્તિ સુદ્ધાંને વિસરી પોતાનાજ તાનમાં ગુલતાન—એકરસ થઇ જાય, અંતરના વ્યાપારોમાં સર્વે બાહ્ય ઇંદ્રિય વ્યાપારો અસ્ત પામી જાય એવું હિમાનીને જોતાં ગંધરાજને લાગ્યું. હૃદયેશ્વરીના આવા અધ્યાત્મ સ્વરૂપથી ઉલ્લસિત કે પ્રસન્ન થવાને બદલે, કાગળો લખતાં લખતાં ગંધરાજે ઉંડો નિસાસો મૂક્યો. વસંતના કલ્હારમાં મદોન્મત્ત કૂજતી કોકિલાપર વિજળી પડે એવું હિમાનીને થયું. સિતાર હાથમાંથી પડી ગયો. સફાળી ખુરસીપરથી ઉઠી હૃદયનાથને કંઠાશ્લેષ કરતી, સ્નેહની ઉષ્માથી હુંફાળી કોમળ હથેલી પતિના મુખપર ફેરવતી આંખોમાંથી અજાખ સ્નેહ તે વરસાવી રહી. ઉલ્લાસ ઉડી ગયો. પણ વિક્ષેપ માટે ગુસ્સો કે ખીજવાટ જન્મ્યાંજ નહિં; ઉલટું ચિંતાતુર થઇ પતિના નિસાસાનું કારણ નિર્મૂળ કરવા તત્પર થઇ.

"મ્હારા રાજ! કઇ નવી ચિંતાથી વ્યાકુલ થયા છો?" છાતીમાં ગંધરાજને સમાવી દેતી હિમાનીએ વ્યગ્ર હૃદયે પ્રશ્ન કર્યો.

"ખેડૂતોની નિકૃષ્ટ દશા મ્હારૂં લોહી ઉકાળી મૂકે છે"—'આવી સ્નેહાળ દયિતાને તેના દોષ—ન્યૂનતા માટે અપરાધિની ઠેરવાય

ખરી ?' ઉત્તર આપતાં અગાઉ ગંધરાજના દિલમાં નિસાસાના પ્રાયશ્ચિતરૂપે સંશય ઉઠયો.

"રાજ ! ખેડુતોના પ્રશ્નથી તમે હમ્મેશ ચિન્તાક્રાંત છો પણ અત્યારે તે ચિન્તાથી નિસાસા મૂકવા જેટલા ભગ્નાશ કેમ થયા ? કંઇ નવું પ્રકરણ જાગ્યું છે ?" પતિના ખભાપરથી ગરદન નમાવી, પતિની આંખ સાથે પોતાની આંખનું તારામૈત્રક રચી, પતિના દુઃખથી દુઃખી થયેલી હિમાનીએ મધુર કંપતા સ્વરે પ્રશ્નો પૂછયા.

ગંધરાજના હૃદયને છિન્નભિન્ન કરતો વ્યાધિ દયિતાના સ્નેહની સુધાથી કંઇક દ્વસ્ત થતો લાગ્યો. માનવ દુઃખથી થતો ખેદ, તે દૂર કરવામાં નડતા અંતરાયોથી થતી હતાશા, સૂર્યપ્રકાશથી તિમિર અને થંડી નાશ પામે તેમ સ્નેહના અભિષેકથી ઘડીભર અલોપ થયાં. ગંધરાજ પરદુઃખથી દુખીયો થતો થતો હૃદયેશ્વરીના હૃદયમાં લીન થઇ ગયો. સંસારમાંથી સ્વર્ગમાં સરી ગયો. શરીરનાં બન્ધનો તોડી આત્મા સ્નેહપ્રેર્યા એકએકમાં સમાઇ જાય છે ત્યારે કાલ પણ થંભી નથી જતો ? સ્નેહની સમાધિ કેવા ભવ્ય અનુભવ કરાવે છે તે સ્નેહયોગી સિવાય કોણ કહી શકશે ?

મધ્યરાત્રિએ રોન ફરવા નીકળેલા સિપાઇઓ સાથે ચોકીદાર આલબેલના ધ્વનિ પ્રતિધ્વનિ જગાવવા લાગ્યા ત્યારેજ દંપતીને લાગ્યું કે સ્નેહને કાલની ગતિ રુદ્ધ થયેલી લાગતી હશે પણ વસ્તુતઃ તે અપ્રતિહત વહીજ જાય છે. સંસારમાં સ્થિતિ છે ત્યાં લગી તેનાં બન્ધનોને વશ થયા વિના છૂટકો ન હોવાથી દંપતી નિદ્રાધીન થયાં.

ગંધરાજને સૂતાંજ ઉંઘ આવી પણ તે કુદરતી ઉંઘ ન્હોતી.

થાકેલું શરીર બળવો કરી આરામ લેવા મથતું હતું. નિતાંત શાંતિ અને ક્ષોભશૂન્યતા જરૂરનાં છતાં મળતાં ન્હોતાં. મગજમાં પડેલી છાપો અન્યોન્યમાં ભેળસેળ થઇ એવું વિચિત્ર જગત્ ઉપજાવતી હતી કે સ્વસ્થતા પણ વિહ્વળ થઇ જાય. સ્તબ્ધ ઇંદ્રિયવ્યાપારોથી ગંધરાજ નિદ્રિત લાગતો પણ મગજમાં ભયંકર ભૂતાવળ ઘૂમતી હતી. વ્યાધિથી જન્મતી ભૂતાવળથી ત્રાસતો રોગી સ્વસ્થ થવા પછાડા મારે છે તેથી પણ વધારે મનોબળ વાપરી આકુલવ્યાકુલ કરતી ભૂતાવળને ભસ્મસાત કરવા ગંધરાજ પ્રયત્ન કરતા હતા. દેશજનની અવનતિથી થતો ઉદ્વેગ નિરન્તર ભડભડ બળી આકુલ-વ્યાકુલ કરતો પણ આજે તો કોઈ વિચિત્ર માયાવી સૃષ્ટિ પર-પોટા પેઠે પરંપરામાં ઉઠતી અને મુંઝવતી હતી.

કલાક દોઢકલાક આમ પડી રહ્યો પણ આખરે કાયો. પથા-રીમાંથી ઉઠયો. પત્ની ભરનિદ્રામાં હતી. મુખપર સ્ફુરી રહેલું તેજ ગંધરાજને અસૂયાક્રાંત કરતું હતું.

“મ્હારા સ્વાર્થ ખાતર હિમાની ! તને તારા ઉપવનમાંથી દારુણ અરણ્યમાં ખેંચી લાવવા શામાટે પ્રકાંક્ષુ છું ? તારૂં સરલ સાત્વિક સ્નેહાળ જીવન તને મુબારક રહો ! જગતનું દુઃખ ઓછું કરવા મ્હેં વ્રત લીધું છે તો આ સુખી સુન્દરીને દુઃખી કરવા કેમ તલસું છું ? ઉપભોગમાં સાથી જોઇએ—પણ યજ્ઞમાં તો જાતેજ હોમાવું જોઇએ ! ઇશ્વરની સૃષ્ટિ વિશેષ સુન્દર કરવા નિમિત્ત થવું છે—ઈશ્વરની ઇચ્છા સિવાય નિમિત્ત પણ થઇ શકાતું નથી તો પછી અન્યને પણ નિમિત્ત થયેલું જોવાની અસ્વાભાવિક ઉર્મિ કેમ ઉઠતી હશે ? મ્હારાં ધન્યભાગ્ય કે આવી સુશિક્ષિત અને સ્નેહાળ સખી મળી છે. મળેલા હીરાના અનુપમ તેજથી રાચવા કરતાં

તેમાં લાંછન આરોપી તેને સરાણે ચડાવવા કેમ ઉદ્યુક્ત થાઉં છું? વિદ્વત્તા, અનુભવ! ખુલાસો કરશો કે પ્રશ્ન અનુત્તરજ રાખશો?'

શયનખંડનાં દ્વાર ઉઘાડી વરંડાપર આવ્યો. ત્યાંથી ઉતરી બગીચામાં ફરવા લાગ્યો. ઉપર આકાશ અસંખ્ય તારાથી ખચિત હતું. વાડીમાં ઉઘડતી કળીઓ રાત્રિના શીત પવનને પરિમલમય કરતી હતી. વિશ્વની અનંતતા અને નિઃસીમતા (immensity) અનુભવતાં, ટેનિસનનું વિશાલતા (Vastness) નું કાવ્ય યાદ આવ્યું. ક્ષણજીવી મનુષ્યજંતુના ક્ષુલ્લક પ્રયાસો કેવા નિર્બળ અને નિરર્થક છે! અનંતતાના પ્રમાણમાં એ ખરૂં છે છતાં મનુષ્યે પોતાને ઇશ્વરથી મળેલી શક્તિઓનો સદુપયોગ કરી સૃષ્ટિમાં મહત્વના સુધારાવધારા કર્યા છે. ભલે વિશાલતામાં નિર્બળ અને નિરર્થક લાગે પણ અત્યારના નિકટવર્તિ સંકુચિત પ્રદેશમાં તો સર્વ શુભ પ્રવૃત્તિ સમર્થ અને સાર્થક છે. મનુષ્યમાં ઈશ્વરનો અંશ છે–ભલે વિશાળ વિશ્વમાં મનુષ્યનું સ્થાન અલ્પ હોય પણ દિવ્ય અગ્નિથી સળગતો એ સ્ફુલિંગ છે. ઇશ્વરી સંકેત સિદ્ધ કરવા ઇશ્વરેચ્છા પ્રમાણે એ સાધન થાય છે. મનુષ્ય જીવન નિરવધિ નથી–ક્ષણિક છે માટેજ સત્પ્રવૃત્તિલીન હોવું જોઇએ."

હૃદયના ધબકારા જેવાં પગલાં પાછળ આવતાં સંભળાયાં. પાછું વાળી જોતાં ઝડપથી આવતી હિમાની દેખાઇ.

"કેમ રાજ! તબીયત બગાડવી છે કે શું? મોડાં સૂતે છતે આટલા વ્હેલા ઉઠી બગીચામાં કેમ ફરવા માંડયું છે? વ્હાલા! શું થાય છે તમને?" ગંધરાજની બરાબર સામે ઉભી રહી તેના ખભાપર હાથ મૂકી હિમાની ચિંતાકુલ આંખ તેના ઉપર પાથરી રહી.

" કર્તવ્યની પ્રતીતિ થયા પછી કર્તવ્યવિમુખ રહેવું ધર્મ્ય

છે? દુઃખ, આધિ, અવનતિ ઘટાડવા જીવનની ક્ષણેક્ષણ વાપરવી જોઇએ ત્યારે નિદ્રા, આરામ, વિલાસ, વૈભવ તુચ્છકારવાંજ જોઇએ ને? પાણીના રેલા પેઠે વર્ષો વહી જાય છે—જીંદગીની અવધ ટૂંકાતી જાય છે."

"પણ તમારો કાર્યક્રમ વ્યવહારૂ કે તત્કાલમાં સિદ્ધ થાય એવો ન હોવાથી તમે પ્રવૃત્તિશૂન્ય છો એવું નથી લાગતું? પરિસ્થિતિથી તમારા આદર્શની સિદ્ધિ મર્યાદિત તો શું પણ કુંઠિત થાય છે એટલું સમજો તો તમારી પ્રવૃત્તિસ્તબ્ધતા તમને નહિ સાલે."

બન્ને સાથે ચાલતાં ચાલતાં વૃક્ષવીથિઓમાં હૃદયમાં નિવસતા ભાવોને ઉદ્‌ગાર આપવા લાગ્યાં. નિદ્રા ઉડી ગઈ. શરીર પણ મનને તાબે થઇ થાકથી શિથિલ થવાને બદલે અપાર્થિવ શક્તિથી પ્રસન્ન અને સબલ થઇ ગયું. દંપતી ગોષ્ઠિમાં એવાં મશગુલ થઇ ગયાં કે પ્રકૃતિનું સ્વાભાવિક કે મનુષ્યરચિત સૌંદર્ય તેમની ઇંદ્રિયો પર સહેજ પણ પ્રભાવ પાડી શકતું નહોતું. સ્પર્શ વિના બે શરીર સાથે ચાલતાં હતાં પણ મન અને અંતઃકરણ જેવા વિશ્વાસ અને અન્યોન્યાશ્રયથી જીવનનો મહાપ્રશ્ન ઉકેલવા મથતાં હતાં.

"હિમાની! પરિસ્થિતિનું એ બહાનું છે. પરિસ્થિતિને શરણ થવામાં નહિ પણ તેને અનુકૂળ કરી લક્ષ્ય પ્રાપ્ત કરવામાંજ મનુષ્યત્વ છે. કર્તવ્ય સાધવા આગ્રહી ઇચ્છાશક્તિ અને સુખોપભોગ ત્યજવાનું સંકલ્પબળ હોય તો પછી અસાધ્ય કશુંજ નથી"

"સામાન્ય રીતે આ સત્રો સાચાં છે પણ રાજ! તમારી જીવન ચર્યા અને કર્તવ્ય ક્ષેત્રની પરિસ્થિતિનું વિશાળ ગંભીર આલોચન કરતાં મહને હમારૂં લક્ષ્ય અનેકધા અપ્રાપ્ત રહેવાનો ભય રહે છે, ઉત્સાહથી ઉન્મત ન થાઓ પણ તમારા જીવનના નહાનામોટા

પ્રસંગો તપાસો. વીજળીના ચમકારા જેમ તમે અનેક કામો ઉપાડો છો. એક પાર ઉતર્યું નથી ત્યાં તમારો મોહ—

"મોહ ! હિમાની ! મ્હારા હૃદય ! તું પણ જગતની પેઠેજ મ્હારો ઇનસાફ કરશે ?

"મ્હારી પાસે ઇનસાફ કરવા કરતાં તમારાં અંતઃકરણ બુદ્ધિ અને હૃદય પાસે તમારા જીવનનો ન્યાય કરાવો. એમનો અને મ્હારો ચુકાદો જુદો નીવડે તો પછી આવી ફરિયાદ કરજો"

"હિમાની ! માફ કર મ્હારા અન્યાયી આક્ષેપને. મ્હારૂં દિલ તને પારદર્શક ન હોય તો કોને હોય ? દુર્યોધનની જાંઘ જેવું મ્હારા જીવનનું દૂષણ તેં પકડયું છે. પણ ભૂતકાળમાં સાથે આવીશ ? સ્નેહથી આપણાં જીવન અન્યોન્ય પ્રતિ આકર્ષાયા પછી મ્હેં તારા અને મ્હારાં લક્ષણોનો મુકાબલો કર્યો હતો. મ્હારી ઘણી ન્યૂનતાઓ તારાથી પૂરાતી જોઇ મ્હારી જાતને મ્હેં ભાગ્યશાળી લેખી હતી." બોલતો બોલતો ગંધરાજ મીઠી અનિમિષ દૃષ્ટિથી હિમાનીને નિહાળતો હતો. "મ્હારી ઇચ્છાશક્તિ નબળી છે, દૃઢ નથી, પણ તારી છે. મ્હારો ઉત્સાહ ઓસરે ત્યારે તારા આગ્રહથી અને કાર્યકુશળતાથી મ્હારા માર્ગમાં મ્હને તું ટકાવી રાખીશ એવો ભરોંસો મ્હને છે."

તરવારનો ઝાટકો વાગ્યો હોય એવું પતિના છેલ્લા શબ્દોથી હિમાનીને થયું. પોતાથી પણ દોષ [illegible] છે એવું ભાન થતાં પસ્તાઇ પણ દોષનો સ્વીકાર કરવો એ સ્હેલું નથી. તેનો નિષેધ કરવા અથવા પ્રતિદોષ આરોપવા એકદમ ઉર્મિ ઉઠે છે.

"રાજ ! સારો રસ્તો લીધો. પોતાનો વાંક બીજાપર ઢોળવાથી તમે પોતે મુક્ત નથી થતા."

"મ્હારા ગુન્હામાંથી હું છૂટકવા નથી માગતો પણ તે થ-

વાનું એક અંશીભૂત કારણ બતાવું છું. સૌએ પોતપોતાનીજ પાંખે ઉડવાનું છે—"

"તો રાજ! સ્ત્રી પુરૂષને પક્ષીની બે પાંખની કેમ ઉપમા આપી હશે?" ગંભીરતાના પ્રસંગે આ મોજીલી સુન્દરીને ટીખળ કરવાનું મન થયું.

તેના સ્વભાવથી પરિચિત ગંધરાજ ક્ષોભ ન પામતાં ખડખડ હસ્યો. વાતો કરતાં કરતાં લતાકુંજમાં એકાન્તમાં આવી પહોંચ્યાં હતાં. સ્નેહીઓનો સ્નેહ આવિર્ભાવ પામ્યો.

"ઘણી વાર સાલતો તારો વિનોદી સ્વભાવ અત્યારે મ્હને વિશેષ ઉત્તેજિત કરે છે. રાત્રે સિતારપરના તારાં રમ્ય વાદનથી તારૂં વિલાસનિમગ્ન જીવન નિહાળી મ્હેં નિસાસો મૂક્યો હતો."

"હો હો! આખરે કારણ ક્‌હાર આવ્યું ખરૂં! તમારા નિસાસાએ મ્હને અભરાવી દીધી હતી." હાસ્યમાં ગંભીરતા પ્રવેશતી હતી. વિચારમાં ધીમે ધીમે સંક્રાન્ત થતી બોલી: "ઇષ્ટપ્રાપ્તિ અશક્ય હોય ત્યારે કુંજરા જેવું મ્લાન નિસાસીલું જીવન ગાળવા કરતાં સંસારમાંથી મળે તેટલા સુખવિલાસ શા માટે ન માણવા?"

"એક ઇષ્ટપ્રાપ્તિ અશક્ય હોય તો શક્ય ઇષ્ટપ્રાપ્તિની સંખ્યાનો પણ સુમાર નથી."

"મૂળમાં રોગ હોય ત્યાં ડાંખળી પાંદડામાં વ્યાપેલો વ્યાધિ નષ્ટ કરવાનો મિથ્યા પ્રયત્ન મ્હારાથી નથી થતો. ગુજરાતના નકશામાં જ્યાં લગી સર્વત્ર લાલ રંગ નહી થાય-પીળો ભાગ માત્ર જતો નહી રહે ત્યાં લગી ગુજરાતનો ઉદ્ધાર નથી." સાચા આવેશથી બોલી. છાતી ધબક ધબક થતી હતી. આંખો આતશી નૂરથી સળગી રહી હતી.

"તત્કાલમાં સિદ્ધ ન થાય એવા અવ્યવહારૂ લક્ષ્ય પર તમે પણ નિશાન નથી માંડયું?"

"અવ્યવહારૂ? નિખિલ ભારતવર્ષ એક છત્ર નીચે આવી ધર્મ અને સમાજના જીવનમાં જેવું ઐકય સાધ્યું છે તેવુંજ એક રસ રાષ્ટ્રિય જીવન સાધે એ પ્રશ્નરનો સંકેત છે. પ્રસંગો (events) માત્રની ગતિ એજ લક્ષ્યપ્રતિ છે, એ ગતિને વેગ આપવામાં કે શુદ્ધ કરવામાં કર્તવ્ય પળાય છે?"

"દેશી રાજાઓને ઉન્નત કરવાથી એ ગતિ વેગવતીજ થવાની."

"ભારતવર્ષના રાષ્ટ્રીય ઐકયને દૃષ્ટિમર્યાદામાં રાખી એ ઉન્નતિ થાય એ શકયજ નથી. નાના વિધના સ્વાર્થો ઉન્નતિગામી પ્રયાસોને ઉગતાજ ખાળી નાંખશે. રાષ્ટ્રિય સેવા કરવી હોય તો ચાલો બ્રિટિશ રાજ્યમાં."

"ગુજરાતનો નકશો જયારે જયારે જોઉં છું ત્યારે ત્યારે પીળાશમાં ભાત પાડતો લાલ ગલનો રંગ સર્વત્ર પ્રસરે એવો સંભવ હાલની વસ્તુસ્થિતિ જોતાં ન હોવાથી દેશી રાજયોના ઉદ્ધારમાંજ ગુજરાતનો ઉદ્ધાર છે એવી મ્હને પ્રતીતિ થઇ છે. વળી રાષ્ટ્રીય જીવનની દરેકે દરેક પાંખડી ખીલવવી હોય તો દેશી રાજયો તરફથી જેટલાં આશ્રય, ઉત્તેજન અને સાહાય્ય મળશે તેટલાં બ્રિટિશ રાજયમાં મળવાનાં નથી."

"આ બધી મૃગતૃષ્ણા છે. રાજ! તમને તમારી વિદ્વત્તા કે ઈતિહાસ ફસાવે નહિં, તે સંભાળજો. 'દેશીરાજય' એ શબ્દો મોહક છે પણ વસ્તુતઃ નિરીક્ષણ કરતાં એમનાં અલ્પાધિક ક્ષેત્રફળો, વસ્તી, ઉપજ, સત્તા અને સંસ્કૃતિથી ઉભી થયેલી નાના પ્રકારની દિવાલો અને એ દિવાલોની અંદર મદોન્મત્ત મ્હાલતા એવા વાર-

આમાં મુળેલા હક્કોજ (Vested interests) દૃષ્ટિગોચર થાય છે. આ સ્થિતિ તમારાં સ્વપ્નાં તાદૃશ કરવા સમર્થ છે?" એકીટશે હિમાની ગંધરાજ તરફ જોઇ રહી.

"કાર્ય વિકટ હોય તેથી સિદ્ધ નહિં થશે એવું શા માટે માનવું? આ ચાર વર્ષમાં ભણતરને અનુભવનો પટ બેઠો છે. મહાપ્રાસાદ ન ચણાય માટે તે સારૂ એક ઈંટ પણ ન પકવવી? અવ્યવહારૂ ઉતાવળું (Rash) પગલું ન લેવાય એટલા ખાતર તો આટલાં વર્ષ વસ્તુસ્થિતિના અંશાંશથી વાકેફ થવામાં ગાળ્યાં. પુસ્તકગ્રથિત યોજનાઓને લોકગમ્ય કરવા જોઇતાં દૃષ્ટિબિન્દુ, અનુભવ, સુલ્લાહ અને સામગ્રી મેળવ્યાં. કહે હવે શરૂ કરવુંજ જોઇએ ને? રાહ કેટલી જોવી?"

"કેમ! હિમાની! આજ શાનું બન્નેએ જાગરણ ઉજવવા માંડયું છે?" લતાગૃહમાં સ્વર્ણસુન્દરીએ આવી પ્રશ્ન કર્યો. વાતમાં ને વાતમાં રાત વીતી ગઇ, સૂર્યોદય થયો તેની દંપતીને બીલકુલ ફામ રહી નહીં. સવારે ફરવા જવા સ્વર્ણસુન્દરી આવી ત્યારે પટાવાળા પાસેથી સહીયરને તેના પતિ સાથે બગીચામાં મધ્યરાત્રિથી ફરતી હોવાના સમાચાર જાણ્યા.

"આવ બ્હેન! તું ગઇ એટલે જાગરણ ઉજવવું પડયું."

"દહાડો ઘણો ચડી ગયો છે. હિમાની! ચાલો બંગલામાં. સ્નાન કરી લઇ ઉજાગરાનો થાક ન ચડવા દઇએ."

સ્વર્ણસુન્દરી દંપતીનાં મુખારવિંદ જોતાંજ અકલિત આનંદથી રોમાંચિત થઇ. લતાગૃહમાંની હવા પણ અપાર્થિવ લાગી. પ્રકૃતિના અનુપમ સૌંદર્યવતા મંદિરમાં જેવો ઇશ્વર સાક્ષાત્કાર થાય તેવો સાક્ષાત્કાર આ દંપતીની સંનિધિમાં આવતાં એને થયો.

સર્વે લતામંડપમાંથી નીરવ નીકળ્યાં. ગંધરાજના હૃદયમાં સળગતા અગ્નિહોત્રનાં દર્શનથી હિમાની હર્ષિત થઇ હતી; દર્શને એના હૃદયમાં પણ અજબ વિજળી પ્રેરી હતી.

બંગલાના 'પોર્ચ' માં ઉભેલી ગાડીમાંથી ઉતરતી યુવતીને જોઇ ત્રણે સાથે સંબોધન કરી ઉઠયાં: "કોણ? હિંદ–ઊનૂ–નિમ્રા? અચાનક કયાંથી?"

પ્રકરણ ૪ થું.

પ્રો. નરનારાયણ રંગે કાળા અને શરીરે એકવડા હતા. બહુ ઉંચા નહિં તેમ નીચા પણ નહોતા. પગમાં હરણની ચપળતા હતી. આંખમાં સાધુતા અને પરમાર્થનું મધુર તેજ ભર્યું હતું. કપાળ પરની રેખાઓ સંકલ્પબળ સૂચવતી હતી. દઢતા, આગ્રહ અને નિશ્ચય હોઠની કમાનોમાં વણાયલાં હતાં.

શરીરનો ઘાટ સાદો તેમ રહેણી કરણી પણ સાદી–તપસ્વીની હતી. વડવાઓનો અગ્નિહોત્ર કુટુમ્બમાંથી બુઝાયો હતો પણ ધર્મપરાયણતાનો પ્રખર અગ્નિહોત્ર પ્રોફેસરમાં નિરંતર સળગતો હતો.

ઓરડાનાં અંધકારમાં, ખાંચામાંથી આવતી દુર્ગંધમાં અને કૂળીઆમાં વાતો કરતી સ્ત્રીઓના તથા રમતાં છોકરાંઓના ઘોંઘાટમાં પ્રો. નરનારાયણ સંધ્યા કરતા હતા. ખંડમાં સર્વત્ર સ્વચ્છતા અને શાંતિ હતી.

એવામાં દાદરે દુહો લલકારાયો. માસ્તર હૃદયલાલનો પ્રોફેસરે આંખના પલકારાથી સત્કાર કર્યો. સંધ્યામાં ભંગ ન પડે માટે માસ્તરે લલકારવું બંધ કર્યું. ટેબલપર પડેલાં પુસ્તકો તપાસી

એક લઇ હિંચકાપર માસ્તર બેઠા, પણ વાંચવામાં ચિત્ત પરોવાયું નહિં. રૂસો અને પેઇનના અનન્ય ભક્ત માસ્તર હતા. બાયરૂનની કવિતામાં લીન રહેતા અને સ્વાતંત્ર્યના નિખાલસ હિમાયતી હતા. પ્રોફેસરની સંધ્યા જોતાં માસ્તરને હસવું આવ્યું. એ હૃદય દંભથી પરાઙ્મુખ અને પ્રમાણિક હોવાની સંપૂર્ણ ખાતરી હોવાથી તિરસ્કાર કે જુગુપ્સા થયાં નહીં.

" નરનારાયણનાં ઇચ્છાશક્તિ, બુદ્ધિ અને હૃદયને આવા બાલિશ કર્મકાંડનો નિરંતર શો ખપ પડતો હશે ? વિદ્યા અને અનુભવથી એમનો ઉજ્જવળ વિકાસ થયા છતાં સંધ્યા જ કેમ અદ્યાત્મ જીવન ગાળવા આવશ્યક લાગી છે ? પ્રોફેસર હજૂ રૂઢિની ઘરડમાંથી બ્હાર નીકળી શકતા નથી. રોજનો કેટલો વખત—"

" કેમ માસ્તર સાહેબ ! શા વિચારમાં પડી ગયા છો ? મ્હારા જેવો પ્રોફેસર હજૂ પણ આચમનીનું પાણી પીએ અને નાકનું ટેરવું પકડે એ તમને અજાયબી પમાડે છે ? " ભોળા, સરલ હૃદયના નરનારાયણે પૂછ્યું. " પ્રણાલિકા જૂની છે. બાકી અનુભવ પ્રચલિત રૂઢિથી ગમ્ય છે તેવો નથી. નિરંતર દિવસમાં બે વાર ઇશ્વર સાથે યોગ સાધું છું અને નવું ચેતન મેળવું છું. "

" પણ ભાઇ ! ઇશ્વર સન્નિધિમાં છે એવું અનુભવી કર્તવ્ય સાધ્યા જવું એજ સંધ્યા અને યોગ. આવા નિષ્પ્રયોજન કર્મપ્રસ્તાર વ્હેલાં નાશ પામે તો બહુ સારૂં. "

" આ નિષ્પ્રયોજન કર્મપ્રસ્તાર નથી પણ અત્યંત આવશ્યક વિધિ છે. આથી કર્તવ્યોનો હિસાબ પ્રભુ સાન્નિધ્યમાં કરૂં છું-

નવાં કર્તવ્યોની દિશા મેળવું છું અને કર્તવ્યો સિદ્ધ કરવાનું બળ જીવનમાં ભરાય છે."

"બીજું કોઈ કહેત તો આ બધું ગપાષ્ટક જ માનત. સંધ્યા પછી તમારા શરીરમાં ઓર જ ઉત્સાહ ઘણીવાર અનુભવ્યાં છે."

"કદાચ તમે ન માનો પણ આથીય વિશેષ અવર્ણનીય અનુભવ થાય છે. આત્મા અને પરમાત્માનો યોગ પાર્થિવ વાતાવરણને ભસ્મ કરી એવો આનંદમય મ્હને કરી દે છે કે અખંડિત યોગ સાધી રાખવા જ વૃત્તિ થયા કરે છે." પ્રોફેસરની આંખમાં યોગીનું નૂર ચમકતું હતું.

દાદર બારીમાંથી ડોકું કહાડી જપાએ કાગળ ફેંકયો. "ઓટલે પટાવાળો ઉભો છે." એટલું બોલી રાંધવા માટે તે નીચે ઉતરી પડી.

કાગળ વાંચી પ્રોફેસર બારીએ ગયા. "સલામ કહેજો સાહેબને" કહી પટાવાળાને વિદાય કીધો. બારીથી પાછા વળી કાગળ માસ્તરના હાથમાં મૂકયો.

"આપણા ભારતીમઠ માટે જે જગ્યા પસંદ કરી હતી તે ગરાસીઆ બોર્ડિંગને જોઇએ છે. આપણે બીજી શોધવી પડશે." પ્રોફેસર સચિંત બોલ્યા.

"એ રજપૂતો ત્યાં નડતા આવે છે. ચારણાઓનો સિતારો સિકન્દર છે."

"હોય જ. રાજયકર્તા છેને. મુસલમાનો સામે પોતાનું સર્વસ્વ હોમી દેશની જેવી તેવી સેવા એમણે નથી કરી."

"દેશ સેવા ?" માસ્તરનો પિત્તો ઉકળ્યો. "કુળ સેવા કરી છે ખરી. કુળાભિમાન જાળવવા મુસલમાન સામે તેઓ લડયા

હતા. હાલમાં જ્યાં ત્યાં રજપૂતોને દેશપ્રેમી વીરપુરૂષો ઠરાવી દેવામાં આવે છે પણ એ વાત સાવ ઇતિહાસ વિરૂદ્ધ છે. ”

“ તમારો મત મ્હારાથી નથી સ્વીકારાતો. ” પ્રોફેસર આગ્રહથી બોલ્યાઃ “ લગભગ પાંચસે વર્ષ લગી રણયજ્ઞમાં જોહરથી અને કેસરીઆંથી સ્ત્રી પુરૂષોનો સતત હોમ કોણે આપ્યો છે ? કુલાભિમાનથી કે દેશાભિમાનથી કે ધર્માભિમાનથી ગમે તે કારણથી એ હોમ અપાયો હોય પણ એ અવિરત આહુતિ પ્રશસ્ય નથી ? ગૌરવ પ્રદાયિની શા માટે ન લેખવી ? ”

“ મ્હારા કહેવાનું પારખું જોવું હોય તો હાલ મંડાયલા દેશોન્નતિના યજ્ઞમાં એઓ કેટલું બલિદાન આપે છે તે જ જુવોને ? ”

ભૂતકાળમાં અપાએલી આહુતિ જેવી આહુતિ નવા યજ્ઞમાં નકામી છે. અર્વાચીન કાળમાં જે બળો ઉત્પન્ન થયાં છે તેમના પ્રભાવથી રજપૂતો અજ્ઞાન, ખોટી મોટાઈ, દુરાચાર આદિને લીધે અંકાયા નથી એટલે દેશોન્નતિના યજ્ઞમાં આહુતિ થવાની વાત આઘે રહી પણ યજમાન કે ઋત્વિજ પણ તેઓ થતા નથી. ઉલટા રાક્ષસ થઈ યજ્ઞનો ધ્વંસ કરશે એવું મ્હારૂં તો માનવું છે. ”

“ હવે ઠેકાણે આવ્યા ! આપણા બન્નેના મતનું ફળ એક જ છે. ”

“ ના ઘણો ફેર છે. એમના ભૂતકાળના ઇતિહાસની તમે અવગણના કરો છો–હું નથી કરતો. એમના અવળા પ્રારબ્ધયોગે અર્વાચીન યુગમાં તેઓ આપણા આગેવાન નથી થઇ શકતા એ આપણી તેમ એમનાં દુર્ભાગ્યની વાત છે. જ્યારે એમનામાં જ્ઞાન ફેલાશે અને એમનું ખરૂં તુખમ પ્રજ્વલિત થઇ ઉઠશે ત્યારે રણ-

ક્ષેત્રમાં જેવા દેહોત્સર્ગ કર્યા હતા તેવા જ પ્રચંડ સ્વાર્થત્યાગ કરી ભારતવર્ષના રાષ્ટ્રિય જીવનને સબળ વેગ આપશે. ”

“ હવે આપ્યો ! તુમમ જ બળ્યું છેને ! ખરા રજપૂત છે ક્યાં ? હમણાં મ્હારા મ્હોંમાંથી બોલાવશો કાંઈ ! ”

“ એ પણ યુગ હતો ખરો; પણ વસ્તુસ્થિતિ સપાટાબંધ બદલાતી જાય છે. રાજકુમાર કોલેજ, ગરાસીઆ કોલેજ, કેડેટ કોર, રસાલા વગેરેમાં રજપૂતો એકત્ર નિવાસ કરે છે. નિવાસમાં જ્ઞાનનો પ્રકાશ પડતો હોય છે એટલે પોતાની સ્થિતિ સુધારવાની સહજ પ્રવૃત્તિ ઉદ્ભવે છે. આવી પ્રવૃત્તિ એમનું જાતિકલંક દૂર કરાવશે. ”

“ ગરાસણીઓ ભણશે નહિ ત્યાં લગી એ કલંક દૂર થવાનું નથી. મીયાંનાં પગને જૂતીયાં પ્હેરવાને હજૂ બહુ વાર છે. બાકી હમણાં ફાટયાં છે બહુ. જાણે તરવાર કે બંદુક પકડવાનો પરવાનો એમને જ પરમેશ્વરે આપ્યો હોય તેમ રસાલામાં રજપૂત સિવાયના હિંદુઓને દાખલ જ નથી કરતા. ”

“ એમાં એમને શા માટે દોષ દો છો ? તમારા બ્રાહ્મણો શું કરે છે ? ’

“ બ્રાહ્મણોએ ગમે તેટલો કેર વર્તાવ્યો હશે પણ આર્યોની વિદ્યા એમણે સચેતન રાખી છે. આજે એ વિદ્યા પૃથ્વીપટે પ્રસરે છે. કહો તમારા રજપૂતોએ કેટલો વીરોદ્રેક જાળવ્યો છે ? ” અંગ્રેજોના લશ્કરમાં કેટલા રજપૂત છે ? શીખ, ગુરખા અને ડોગરાનાં વીરત્વથી ઝળહળિત થતા વર્તમાન ઇતિહાસના પટપર બતાવશો તમારૂં સાતમે આસમાન ચડાવેલું રજપૂત વીરત્વ ? કાઠીઆવાડમાં ગયા જમાનામાં અમરજી દીવાનની તોલે આવે એવો થયો છે કોઈ રજપૂત ? તમારા કુંભોજી, સુલતાનજી અને

બખતસંધ એની હાકથી થરથરતા હતા. રબારી, કુંભાર અને આયર જેવી જાતોએ ઓછી બહાદૂરી અને વફાદારી બતાવી છે? રજપૂતોથી કઇ રીતે શૂરાતનમાં એઓ ઉતરે છે? પ્રસંગ આવ્યે બ્રાહ્મણ વાણીઆ પણ લડવૈયા થયા છે. પેશ્વાઓએ રજપૂતોને થોડી ત્રાહ્ય પોકરાવી છે? " હૃદયલાલના ઘાંટાથી જપા રસોડામાં ગભરાઈ. પતિ અને માસ્તર મારામારી પર તો નથી આવ્યાને તે જોવા મેડીપર આવી. પણ બન્નેને શાંત રીતે પોતાના સ્થાનો પર બેસી વાત કરતા જોઇ " કેટલા વાગ્યા "ની ખબર કહાડી ચાલી ગઈ.

" માણસ મુસલમાન થયો કે લડાયક થઈ જાય અને હિંદુ રહે તો બાયલો રહે એ ગણત્રી હાનિકારક છે. આધુનિક રાજ્યવિદ્યા સાર્વજનિક વિદ્યાપ્રસારણની જેટલી અગત્ય સ્વીકારે છે તેથી પણ વિશેષ અગત્ય પ્રજાના સર્વે અંગોને યુદ્ધકળાવિશારદ થવાની સ્વીકારે છે. યુરોપમાં અત્યારે શું થાય છે? દેશ માટે લડવા લશ્કરી તાલીમ દરેક દેશજનને લેવી પડે છે. આથી બીજો મોટો ફાયદો છે. લશ્કરી જીવનથી પ્રજાની શરીર સંપત્તિ મજબૂત અને કસાયલી થાય છે અને જીવનવ્યવહાર નિયમિત અને સરલ થાય છે. " પ્રોફેસરે પણ લાંબો ઉત્તર આપ્યો.

" ભારતીય મઠમાં વિદ્યાર્થીઓને ડ્રીલ કરાવવાનું નિયમિત ચાલુ છેને? "

" અલબત. કુમાર સાહેબના પધાર્યા પછી વિદ્યાર્થીઓનું કિશોર સૈન્ય (boy scouts) કરવાની સૂચના ગંધરાજે કરી છે. ભારતીય મઠને માટે જે જગ્યા આપણે પસંદ કરી હતી ત્યાં યુદ્ધકલાના સિદ્ધાન્તોનો પરિચય મેળવાય એવા સ્થળો (strategic positions) સારાં છે. પસંદગી કરવામાં આ પણ

લાભ ધ્યાનમાં લીધો હતો. પણ એ જ લાભથી ગરાસીઆઓની દાનત સળકી છે. ”

“ નરનારાયણ ! તમારા મઠ સામે રાજ્યમાં વિરોધ ખરું છે એ શું ?”

“ નરસાની પડોસમાં સારૂં થતું હોય—નરસાને જરાપણ કનડતું ન હોય છતાં તેને સારૂ પોતાની સજીવ અંગત ટીકા (living criticism) જેવું લાગે છે તેથી અને કેટલીકવાર (vested interests અને privileges) ને અમારી હિલચાલથી ધક્કો લાગ્યો છે તેથી વિરોધ જન્મ્યો છે પણ તે ઝાઝું ટકવાનો નથી.

“ કુમાર સાહેબ ગાદીનશીન થાય અને ગંધરાજ દીવાન થાય ત્યારે વિરોધ માત્ર નાશ પામશે, મ્હને તો લાગે છે કે ગંધરાજ અને તમે મળી શિક્ષણનો નવો યુગ પ્રવર્તાવશો. ”

“ એ વખત આવે ત્યારે જે થવાનું હશે તે થશે. મ્હને તો અત્યારે જે કર્તવ્ય સુઝયું છે તે કરૂં છું. ગંધરાજની હુંફ અને કુમક પૂરેપૂરાં છે. યોજના ઘડનાર એ છે.—અમલમાં મૂકવા હું પ્રયાસ કરૂં છું.”

ગંધરાજ તો ગંધરાજ જ છે. એના આવ્યા પછી ખેડુતો પર ગુજરતો જુલમ ઘણો ઓછો થયો છે. એકે ખેડુત એવો નહિ હોય જેને ગંધરાજ નામથી નહિં ઓળખતો હોય. દરેકની સ્થિતિથી વાકેફ થવા બનતો પ્રયત્ન કરે છે. જે જે ગામડામાં હું ગયો છું ત્યાં ત્યાં એની તારીફ સાંભળી છે. કેટલેક સ્થળે નજરે નજર ગંધરાજ અને હિમાનીને ખેડુતોના કુટુમ્બોમાં ભળતાં જોયાં છે. લોકો એની પછવાડે ગાંડા છે. મ્હારા જેવા એની પાસેથી ઘણી મોટી આશાઓ રાખે છે.”

"તમારી આશાઓ ફળીભૂત થશેજ. રૈયત ચેતનવંતી અને રાજ્ય આબાદ એના વડે થવાનાંજ. બાકી ઉંચ નીચના ભેદ જઇ તમારા રૂસોએ કલ્પેલી સ્થિતિ લાવવા એનાથી પ્રયત્ન થવાના નથી."

"ખરી વાત છે. દંપતી શોખીન અને વિલાસી છે. લોકસમૂહમાં ભળે છે પણ સમાન કરતાં શ્રેષ્ઠ રૂઆબથી."

"પણ એમની અભિજાત સંસ્કારિતા(aristocratic culture) એ રૂઆબ કોઇને સાલવા દેતી નથી."

"નાગરશાઈ તોર કે ખુમારી તો બીલકુલજ નથી. સાચે, આ ગરાસીઆમાં હવે વળી શુદ્ધ લોહીની ખુમારી આવતી જાય છે તે લક્ષમાં આવ્યું છે?"

"હા, કયારનુંએ. ખુમારી ન હોય તો જૂદી બોર્ડિંગ શા માટે સ્થાપત? આપણી ભેગાજ ભળતને-પણ એવી ખુમારી આવવી એ આ જમાનાની તાસીર છે."

"કેમ? સમાનતા, બંધુતા, અવશતા, સ્વતંત્રતાના મોક્ષ મંત્રોથી વાતાવરણ અનુરસિત છે. આવી અસમાનતા, વિદ્રેષ એમાં કેવી રીતે વાસી શકે? એક આભડછેટ નાબૂદ કરવા માગીએ છીએ ત્યાં વળી નવો આભડછેટ જાગ્યો?"

વિશ્વનિયંતાના નિયમો ગહન છે. વિરોધી તત્વોનાં સંઘટ્ટનથી સંસાર ચાલે છે. વળી તમામ મોક્ષમંત્રો અપૂર્ણ છે. બુદ્ધિની અસમાનતા જયાં લગી છે ત્યાં લગી નાના પ્રકારની વિષમતાઓ સંસારમાં રહેવાનીજ. વળી વસ્તુસ્થિતિનો વિચાર કરોને. આપણો આખો સંસાર આજન્મપ્રાપ્ત અસમાનતાથી રચાયો હતો પણ સુઘટિત વ્યવસ્થા એવી હતી કે એ અસમાનતા સાલતી ન્હોતી.

બુદ્ધિ, જ્ઞાન, દ્રવ્ય, સત્તા, વય, અનુભવ, ભક્તિ, તપની પ્રકૃષ્ટતા જયાં પ્રગટતી ત્યાં સર્વનું સન્માન મેળવતી.” પ્રોફેસરે ભાષ્ય કરવા માંડયું. “અંગ્રેજી રાજય થતાં કાયદા અને કેળવણીથી અસમાનતાની જૂની દીવાલો તૂટવા લાગી. પણ **राजा कालस्य कारणम्.** સમાનતાનો બોધ કરવા છતાં અંગ્રેજ અમલદારો બ્રાહ્મણોથી પણ વિશેષ અલગ રહેવા અને સર્વતઃ પોતાને શ્રેષ્ઠ લેખવા લાગ્યા. એમની અસર સ્વાભાવિક રીતે લોકસમૂહ પર થાય છે. કેળવણી ફેલાવાથી અને દેશમાં સર્વત્ર સુલેહશાંતિ હોવાથી અનેક માર્ગથી લક્ષ્મીના ન્હેણ ઉભરાવાથી અભિજાત લેખાવાનો પવન ફેલાય છે. યુગોથી બંધાયલા માનસ બંધારણને અનુકૂળ નવી સમાનતાની ભાવના તો ન્હોતીજ. સ્વાર્થ ખાતર સ્વીકારાઈ હતી. એટલે સંયોગ આવ્યે સર્વ કોઈ અલગ થઇ પોતપોતાની ઉત્કૃષ્ટતા સાધવા–ઉત્કૃષ્ટતાને પોતાના દીલથી બાધક લાગતાં આવરણોનું છેદન કરવા દોડાદોડ કરે છે. આટઆટલાં વર્ષ સાથે રહી હિન્દુઓના જેટલા સંસ્કાર પારસીઓ અને મુસલમાને મેળવ્યા હતા. એ સંસ્કારોને લીધે વિષમતાશૂન્ય એકતાનું સુખ સર્વે ભોગવતા હતા તે દૂર થયું છે. આ લોકશાસનના યુગમાં અભિજન્મનાં પોષણ અને નિરાળા હક માટે પ્રવૃતિ થાય છે એ હેતુપૂર્વકજ હશે. ઉત્કૃષ્ટ થવાની વૃત્તિ શા માટે ગર્હણીય ગણાવી જોઇએ? ઉત્કર્ષના થર પણ સરખી સપાટીના થશે તો સમાનતા સહજ રીતે આપશે.”

“મને તો એ બધું નુકશાનકારકજ લાગે છે. ગરીબોને રેંસી તેમનું લોહી પી દંભીઓને મોટા થવું છે. લાવવું ભૂલી ગયો, મ્હેં નવું કાવ્ય એ વિશે રચ્યું છે તે.”

"હવે આવો ત્યારે જરૂર લેતા આવજો. વારૂ, માસ્તર, ભારતીમઠ માટે પેલાં ગીતો રચ્યાં કે?"

"ના, ભાઇ, હજૂ નથી રચ્યાં. ઉપાધિઓ એવી મુઝવી દે છે મ્હને કે જોઇતી નિવૃત્તિ મળતી નથી. ગંધરાજે પણ એ ગીતો જલ્દી માગ્યાં છે."

"જમવાનું તૈયાર છે. આવો છો?" જપાએ મંદ કોમળ સ્વરે પૂછયું.

આ સાંભળતાંજ માસ્તર ઉભા થયા. પ્રોફેસર તદ્દન વૈરાગી હતા. પાનસોપારી ખાવાની ટેવ નહોતી. માસ્તરને બે ત્રણ એલચી આપી.

રસ્તામાં ચાલતાં માસ્તર વિચારવા લાગ્યા: "નરનારાયણ જન્મ્યો તે રાતે બીજાનો જન્મજ થયો નથી. ગરીબ કુટુમ્બનો માણસ ભણી હોદ્દેદાર થયો. પૈસે ટકે સુખી અને શ્રીમંત થવાનો પ્રસંગ આવ્યો; પણ ગરીબોની હાય એના દીલમાં વાગતી હતી. રૂપીયા ત્રણસોની નોકરી તરછોડી ભીખારી થઇ સંગીન કેળવણી આપવા ઉદ્યુક્ત થયો છે. એકલે હાથે મહાભારત કામ ઉપાડયું છે. ગંધરાજ સિવાય એકે અમલદારની સહાનુભૂતિ નથી. બધાં એને વેદીયું ઢોર ગણે છે. એની યોજના અવેવારૂ ગણે છે; પણ એનો આગ્રહ અને સંકલ્પબળ એવાં છે કે વિકટમાં વિકટ સંકટ ને એ પાર તરી જશે એવી મ્હારી પક્કી ખાતરી છે. બુદ્ધિ જેવી પ્રખર છે તેવી શક્તિ પણ છે. પોતાના કર્તવ્યમાં અનહદ શ્રદ્ધા છે."

આટલે લગી આવેલી વિચારમાળા રસ્તામાંના ગડબડાટથી તુટી. લોકોની મેદની જામી હતી. રસ્તે જતા ચિત્તાની થાપટથી

લોહીલુહાણ થયેલા બાળકાની દયાળુઓ સારવાર કરતા હતા. ચિત્તાના રખેવાળો હસતા હસતા આગળ ચાલ્યા જતા હતા. આ જોતાંજ માસ્તરનો પિત્તો ઉછળ્યો. રખેવાળોને ઉભા રહેવા હાકલ પાડી. રાજાના માનીતા મુસલ્લમાનો રસ્તે જતા વટેમાર્ગુના રૂઆબમાં અંજાય એવા ન્હોતા. માસ્તરનો અવાજ સાંભળ્યોજ ન હોય તેમ તેમણે આગળ ચાલવું અટકાવ્યું નહીં. આથી માસ્તરનો રોષ અત્યંત વધી ગયો. મ્હોટી ફલંગો ભરતા ભરતા માસ્તર ચિત્તાની સાથે થઇ ગયા. રખેવાળનું કાંડુ પકડી માસ્તરે તેને ખૂબ ખખડાવ્યો. "ખબરદાર, હવેથી ભર વસ્તીમાં આવા ક્રૂર પ્રાણીને લઇ નીકળ્યો તો? આજ તો ગધેડું છે પણ કાલે કોઇ માણસને–" એવામાં ચીસની સાથે પડવાનો અવાજ સંભળાયો. પાણી ભરી આવતી પનીઆરી તરફ ચિત્તો જરા વળ્યો તેથી ગભરાઇ તેણે ચીસ પાડી. બ્હીકની મારી ભાગવા જતાં ઠેસ વાગી એટલે જમીનસરસી ધબ દઇને પડી. માથાપરનું બેડું પણ ધબ દઇને પછડાયું.

હવે માસ્તરનો મીજાજ હાથમાં રહ્યો નહિ. હાથમાંની ડાંગ ફેરવી ચિત્તાના માથાપર એવા જોરથી મારી કે પ્રાણી તમ્મર ખાઇ ભોંય પર પડયું. રખેવાળો પણ ખીજવાયા. માસ્તર ને ગાળો દેતા દેતા, પોલિસ ને બૂમ પાડતા, ચિત્તાને પંપાળતા માસ્તર ને મારવાજતા હતા. પણ માસ્તરનું રૌદ્ર રૂપ જોઇ ઉભા હતા ત્યાંજ સજડ થઇ ગયા. આઘે ખુરસીપર બેઠો બેઠો બીડી ફુંકતો સિપાઇ ધીમે ધીમે મારામારીને સ્થળે આવ્યો. લોકો પણ ઉશ્કેરાયા હતા. રાજાથી બ્હીતા હોવા છતાં, રાજા અને તેની સર્વે વસ્તુ પ્રત્યે સન્માન રાખતા હોવા છતાં માસ્તરનાં આવાં 'વગર વિચારનાં અને ઉતાવળના' પ્રહારથી રાજકોપ કયાં અને કેવી રીતે ઉતરશે તે વિશે કયાસ

કરતા અને તેમાંથી જાતે છટકી જવાય એટલી સાવધતા રાખતા હોવા છતાં લોકોને માસ્તરનો આવેશ પ્રજવલિત કરતા હતા. "મહારાજ, ભીખ માગતાં માગતાં પટો બાંધ્યો છે ને ? કોટવાલીમાં જઇ સૂઇ જાઓ. આવામાં તમારો શો આશરો ?" આવાં આવાં તિરસ્કાર વચનથી પોલીસ વધાવાયો. પાડાની મંદ ચાલે આવતો સિપાઈ આથી ખીજવાયો. બે ચાર છોકરાને ચાબકો લગાવ્યો. આ દુષ્ટ વ્યાપાર પર માસ્તરની નજર પડતાંજ તેમણે પોલીસપર ડાંગ ઉગામી. ગભરાયલો પોલીસ લોકોને ધક્કા મારતો જીવ લઇને નાઠો.

ચિત્તા જેવા હિંસક પ્રાણીનું મૃત્યુ પણ હિંદુહૃદયને સાલતું. દયાળુઓએ આણેલું પાણી કેટલાક ખડતલો તમ્મર ખાઇ પડેલા પશુપર રેડતા હતા. પોતાના પેટના દીકરાનું મોત થયું હોય એવા શોકથી રડતા રખેવાળો તેની મૂર્છા વાળવા પ્રયત્ન કરતા હતા.

નાઠેલો પોલીસ જમાદાર, ફોઝદાર તથા દશબાર પોલીસને લઇ આવી પહોંચ્યો. કાળા અને ખાખી ડગલાની ફોજ આવતી જોઇ મેદની પાણીના રેલા પેઠે વીખરાઈ ગઇ. સ્હેજ પણ ડર્યો વિના માસ્તર ઉભો હતો ત્યાંજ રહ્યો. ફોઝદાર એને ઓળખતો હતો. અમલદારની રીતે નહીં પણ દોસ્તની મીઠાશથી તેણે માસ્તરને થંડો પાડી બે શીખામણના કડવા બોલ કહી ઘરભણી વિદાય કર્યો. ચિત્તાની કળ વળતાં તે પણ ઉભો થયો. રખેવાળોને નરમાશથી ઠપકો દઇ, વસ્તીમાંથી વહેલા જવાની તાકીદ આપી, ફોઝદાર બનેલા બનાવનો રીપોર્ટ ઉપરીને રોશન કરવા ગયો. જતાં જતાં માસ્તરનાપર નજર રાખવાનો હુકમ પણ આપતો ગયો.

પ્રકરણ ૫ મું.

" હાશ ! આજ કેટલે મહિને દેહે આવું સ્નાન કર્યું. " સંતોષના સુખનો આલ્હાદ ભર્યો ઉદ્દગાર કિશોરીના મુખમાંથી નીકળતાંજ દાસીએ પ્રશંસાનો અભિષેક કર્યોઃ " બા ! ન્હાવાથી કાંઇ તમારૂં રૂપ ખીલ્યું છે ! આયનામાં તો જુવો. પાંદડીની સુગંધ આખા શરીરમાંથી ફોરી રહી છે. મ્હોં કેવું તેજ મારે છે ! આંખની ભમર હવે કમાનના ઘાટમાં બરાબર આવી ગઇ."

દાસીના શબ્દો કર્ણવિવરે અથડાતા હતા. બાકી કિશોરી પ્રતિબિંબદ્વારા શરીરની સૌંદર્યવિભૂતિ નિહાળવામાં અને માણવામાં મશગુલ હતી. અનુપમ વિભૂતિના સ્વામીત્વથી થતો ઉલ્લાસ થનથનાટ કરી રહ્યો હતો. આંખોના ગોખી ઊંડાણમાં અનિમિષ નિહાળતી સુંદરી, હૃદયમાં વસતા પ્રિયતમ ઉપર તરી આવી દર્શન આપશે એવી ઉત્કંઠાથી જડ જેવી ઉભી હતી.

" બ્હેન ! કપડાં પ્હેરવાં નથી ? થંડી લાગશે. દુવાલો પાણીથી ભીંજાઇ ગયો છે. " દાસીએ, પ્રણયનાં નંદનમાં મ્હાલતી સુન્દરીને પૃથ્વીપર ખેંચી આણી સાથે સાથે અંતરમાં નીસાસો મૂકયો ' હવે આ ગુલાબ એકલું કયાં લગી ખીલશે ? '

" થંડી જરાએ લાગતી નથી. સંમર્દન અને સ્નાનથી ઉલટી ઉષ્મા શરીરનાં ગાત્રેગાત્રમાં આવી છે. ઠીક, લાવ કપડાં. અત્યારે તો દેશીજ પ્હેરવેશ પ્હેરીશ. " આરસાપરથી દષ્ટિ ફેરવી સુંદરી બોલી.

આંખને ઉડીને વળગે એવું ' વાયલ ' નું ગવન પ્હેર્યું. સાદી બાંયનો પોલકો પ્હેર્યો. ભીંજએલા કેશ કોરા કરી દાસીએ હોળ્યા.

ફુલની ગજરી માત્રથીજ કેશનું શૃંગાર પ્રસાધન કરી, કપાળમાં સુંદર અને મોહક ચાંદલો કરી સુંદરી પ્રસાધન શાળામાંથી વરંડાપર ગઇ.

" મોટી બ્હેન ક્યાં છે ? "

" મધપૂડા જોવા પધાર્યાં છે. " પટાવાળાએ ખાતમી આપી.

" મધપૂડા જોવા ? કઈ જગાએ ? વાડીમાં કે બ્હાર ? " ઉપરાઉપરી પ્રશ્નો પૂછયા.

" પધારો. આપને જગા બતાવું ? જોવા જેવું છે. બા સાહેબે ઘણી માખી પાળી છે. " પટાવાળો પણ વાતોડીઓ નીકળ્યો.

પગથીઆં ઉતરી સુંદરીએ ચાલવા માંડયું. પટાવાળો આગળ થઇ તેને હિમાની પાસે તેડી ગયો. ખાંડનું શરબત જેવું કરી મધમાખને હિમાની ખોરાક આપતી હતી. તેની સૂચનાઓ આવી અમલમાં મુકતો હતો. બ્હેનને જોતાંજ ઉમળકો આવ્યો. " ઠીક આવી પ્હોંચી. ન્હાઇ ? સારી પેઠે સ્નાન કર્યું ને ? "

" હા. ઘણી મઝા પડી. શરીરમાં આવેલા ઉત્સાહનું પૂર આત્મામાં પણ ઉભરાવા લાગ્યું છે. બ્હેન ! આ શોખ કેદાડનો જાગ્યો ? "

" શોખ ? ગંધરાજને ત્યાં કર્તવ્ય એટલાં બધાં કરવાનાં છે ત્યાં શોખ કેવા ? "

" ઠીક. ત્યારે આતો ગંધરાજના ખેડુતોને ઉપજનું નવું સાધન કરી આપવાની અજમાયશો ચાલતી હશે. દહેરાદુનથી કુમાર સાહેબે પણ મધમાખો મોકલી હતી નહીં ? " કિશોરીની આંખમાંથી અવનવું નૂર વહી મુખ પર હાસ્યની પ્રસન્નતા ચળકાવી રહ્યું.

" હા. જો આ રહી " હિમાનીએ બ્હેનને મધપૂડો બતાવ્યો. " નિસા ! આ મધમાખીઓ ઉછેરવામાં મ્હને અત્યંત રસ પડે છે. મનુષ્ય જાતિને અલ્પ કીટ પાસેથી ઘણું ઘણું શીખવાનું છે."

" પિતાજી સાથે મહાબળેશ્વર ગઈ હતી ત્યારે એમના એક દીવાન મિત્રના પુત્રે ઉછેરેલા મધપૂડા વારંવાર જોવાથી મધમાખના રૂઘોગી જીવન વ્યવહારનો સ્હેજસાજ પરિચય થયો હતો. પણ ત્યારે બાળક હતી એટલે પરિચય સ્થિર સ્થાયી ન્હોતો થયો. પણ તાજેતરમાં મ્હેં મેટલિંક (Mactalinck) નું મધમાખ વિશેનું રસિક વર્ણન વાંચ્યું–"

" તેં એ ગ્રંથ વાંચ્યો ? એ વાંચ્યા પછીજ ગંધરાજ પાસેથી આ માવજત મ્હેં લીધી."

" હા હં. મ્હને યાદ હવે આવ્યું. ત્હારા એક કાગળમાં ત્હમે બળાપો કાઢયો હતો કે ગંધરાજ રોજ નવી ને નવી ઉપાધિઓ વ્હોર્યા કરે છે, જાતે હેરાન થાય છે અને ત્હમને હેરાન કરે છે."

" બહુ મુંઝાઇ હઇશ ત્યારે લખ્યું હશે."

" પણ બ્હેન આવા કર્તવ્યોથી ત્હમારે તે વળી મુંઝાવાનું હોય ?" માળી પોતાના ઇતર નિત્ય વ્યવસાયમાં વાડીમાં દૂર ગૂંથાયલો હોવાથી બન્ને બહેનો ઝાડની છાયા નીચે એકલીજ હતી. બગીચાશાઇ લોખંડની ખુરશીઓ ઉપર બન્ને બેઠી હતી. ન્હાની બ્હેન ઉમ્મરે ન્હાની છતાં મોટી બ્હેનની ગુરૂ હોય એવા રૂઆબથી તેના પ્રત્યે નિહાળી રહી હતી.

" કર્તવ્યથી મુંઝાવાપણું નથી એ સિદ્ધાંત મોહક છે, પણ જીંદગીની ખરી જંજાળમાં પડીએ છીએ, સંસારના વિકટ અને ભયાનક ભમરાઓમાં ભરાઇ જઇએ છીએ ત્યારે મુંઝાઇએ નહીં

તો શું કરીએ ? બ્હેન એવો અનુભવ કોઈને ન થજો. પ્રભુ ત્હારૂં ઉછળતું લોહી સદા ઉછળતુંજ રાખજો !"

"ત્હમારૂં કહેવું વિશેષ સ્પષ્ટ કરશો ? ત્હમારી સ્થિતિ હજૂ પમાતી નથી મ્હારાથી." ગુરૂ મટી શિષ્યા થઇ વિનીત ભાવે ન્હાની બ્હેને પૃચ્છા કરી.

"વસન્તમાં વનસ્પતિસૃષ્ટિ નવા ચેતનથી ફુલી નીકળે છે તેમ યૌવનના મળસ્કામાં જીવન અનેક વાંછનાઓ–જાતે સુખી થવાની અને બીજાને સુખી કરવાની વાંછનાઓથી ઉભરાઇ જાય છે. પણ જયારે એ વાંછનાઓને વાંછનાઓ ન રાખતાં જીવનના વાસ્તવિક સ્વરૂપમાં સ્થાન આપવાના પ્રસંગો આવે છે ત્યારે ન કલ્પેલી એવી એવી મુશ્કેલીઓ આવે છે કે મુંઝાયા વિના રસ્તોજ નથી રહેતો."

"એવી તે કેવી મુશ્કેલીઓ હોય છે ?"

"વાંછના પ્રગટે છે ત્યારે વિષયના સમગ્ર, સર્વતોમુખી નિરીક્ષણમાંથી નથી પ્રગટતી. મનુષ્ય સ્વભાવ મહેચ્છાઓ સિદ્ધ કરવાના પ્રયત્નોને કેવી કેવી રીતે કનડશે, મૂળમાંજ ભસ્મ કરવા આકાશ પાતાળ એક કરશે ત્હેનો સંપૂર્ણ આબેહૂબ ખ્યાલ અનુભવીઓને પણ આવવો મુશ્કેલ છે તો મહેચ્છાથી પ્રેરાયલી જુવાનીની શી વિસાત ? મનુષ્ય સ્વભાવને ત્હમારી યોજના અનુકૂળ કરવાનું સ્હેલું નથી, સાધ્યની ખાતર સાધન ગમે તેવાં વાપરો એ નીતિ નથી છતાં ધારો કે વાપરો તો પણ યૌવને આંકેલી મહેચ્છાનો અંશાવતાર થવાનોયે સંભવ ઓછો હોય છે ત્યાં તેની સોળે કળા પ્રગટ થવાની તો આશાજ શી ?"

"પિતાજીએ જે સુંદર અને પવિત્ર ભવિષ્ય આપણી અંતશ્ચક્ષુને ગોચર કર્યું હતું તે સંસારના અનેક તંતુમય સંકુલ વ્યવ-

ભારને લીધે આપણાથી સાકાર નથી થતું–આદર્શની એકપણ કળા ખંડિત થતાં કે રૂપાંતર પામતાં સહેવાતું નથી એ તમારી મુઝવણનું કારણ છે ને? કે માથે લીધેલા કામને માટે શક્તિ, અનુભવ અને યોગ્યતાની ન્યૂનતા સાલે છે?"

"શક્તિ અને યોગ્યતા? પિતાજીના અને ગંધરાજના પ્રતાપે એની ઓછપ સાલતી નથી. વિદ્યા અને સોબતથી મળે એટલો અનુભવ છે, પણ એ બસ નથી. પારકો અનુભવ માર્ગસૂચક માત્ર છે. સંગ્રામમાં જેમ ઝૂઝતા જઇએ, વિકટમાં વિકટ હથીઆરબાજીમાં ઘૂમીએ તેમ તેમ અનુભવ મળવાનો. અનુભવનું ભાથું બાંધી સંસારની યાત્રાએ નીકળાતું નથી. શરીરના ગાત્રોની પેઠે, ચંદ્રની કળાની માફક દિનપરદિન એ વૃદ્ધિ પામે છે. અનુભવનું યૌવન સનાતન છે, નિરંતર વૃદ્ધિ છે, કુંઠિત થવાનો ભય નથી."

"ત્યારે તમારી મુંઝવણ શાથી છે? સ્તબ્ધતાની કે કાર્યના વેગને નડતા અંતરાયની?"

"દેશનું પ્રચલિત જીવન ફેરવી તેને સમર્થ, સુંદર, પવિત્ર સુખી કરવાનું વ્રત પિતાજીએ લેવડાવ્યું હતું તે વ્રતની સિદ્ધિ અતિશય વિકટ–વિકટતાથી ગભરાવાનું નથી પણ સિદ્ધિ અતિશય દૂર લાગતી હોવાથી સ્તબ્ધ થયો છે મ્હારો ઉલ્લાસ અને આગ્રહ. ઉદયની હેલિ જોઇએ ત્યાં સરવડાંનાં પણ સાંસા હોય ત્યાં ઉમંગ ક્યાંથી ટકે? વળી એક મોટું તુમુલ તુફાન મ્હારામાં મચી રહ્યું છે. મ્હારો દૃઢ મત છે કે વૈરાગ્યથી પ્રજાનો ઉદય કે તેની સંસ્કૃતિના પ્રફુલ્લ વિકાસનો બીલકુલ સંભવ નથી. ઇશ્વરદત્ત સર્વે માનુષી વૃત્તિઓને તૃપ્તિ મળે તોજ પ્રયત્નો મનુષ્યમાં રહેલી નિગૂઢ શક્તિઓને પૂરેપૂરી ખીલવી જગત્‌ની પ્રવૃદ્ધિ ધપાવી શકે."

" વૃત્તિ સાત્વિક હોવી જોઇએ: કોઇ પરમ ઉન્નતગામી ઉદ્દેશ્ય માટે પ્રેરાયલી હોવી જોઇએ નહીં ?"

" અલબત્ત. નહીંતર વિલાસ અને વિષયાસક્તિનાં દુઃખ, અવનતિ અને ધ્વંસ ઝઝુમતાં છે. મ્હારા જીવનનું સમગ્ર વલણ વૈરાગ્ય વિમુખ છે; આનંદ, ઉલ્લાસમાં રચીપચી સેવા શા માટે ન થઈ શકે ? યજ્ઞ વિના, ઉલ્લાસ વૈભવની આહુતિ આપ્યા વિના, પરહિતને માટે સ્વહિતથી તદ્દન વિરક્ત થયા સિવાય લક્ષ્યની પ્રાપ્તિ અશકય છે એવો ઉપદેશ હાલ ચારે તરફથી કરવામાં આવે છે."

" એ ઉપદેશ ત્હમને ગેરવાજબી લાગે છે ? સ્વ ને પરનો ભેદ ભૂલી જઇ બન્ને એકજ છે એવું અનુભવી અવ્યભિચારિણી ભક્તિથી વિશ્વહિત સાધવા તત્પર થવામાં શું અયોગ્ય કે હાનિકર લાગે છે ? ભેદ કાયમ રહેવા દ્યો તો ત્હમારી આસુરી સંપત્ સ્વહિત મેળવવામાં અને તેથી મળતા ભોગથી રાચવામાં ત્હમને એટલી મશગુલ કરી નાખશે કે પરહિત સાધવું છે એવું લક્ષ્ય ત્હમારા જીવનમાંથી અદૃષ્ટ થઇ જશે. આહુતિ વિના ઉન્નતિ મળવી સંભવિત નથી, મળે તો ચિરસ્થાયી, સાત્વિક કે સુંદર તો નહીંજ મળે."

मत्कर्म कृन्मत्परमो मद्‌भक्तः सङ्ग वर्जितः થઇ વિશ્વહિત સાધવાનું છે. આનંદ, ઉલ્લાસ, વૈભવ આદિ વિશ્વની પ્રગતિ માટે આવશ્યક છે ને ? એ મેળવવામાં પ્રભુનું કર્મ ન કરી શકાય ? કરી શકાય. પ્રભુ ભક્ત થઈ પ્રભુનું કર્મ કરીએ ત્યાં સઙ્ગાસક્તિ હોયજ શાની ? જેમ વૈરાગ્ય સાધન છે તેમ વૈભવ પણ છે. પાશ્ચાત્યો જે વૈભવને શિખરે પ્હોંચ્યા છે તે વૈભવ આપણા દેશમાં પણ આપણે માણવો છે તો નર્યા વૈરાગ્યથી એ પ્રાપ્તિ અને

એનું સુખ મળશે ? નહીંજ. વૈભવાભિમુખ જીવનપ્રવૃત્તિ ઘડાશે તોજ આ જમાનાના આર્થિક સંગ્રામમાં આપણો વિજયટંકાર વાગશે. મ્હારો આ અભિપ્રાય અને ગંધરાજના વૈરાગ્ય પ્રેરિત પ્રયત્નો વચ્ચે તુમુલ વિગ્રહ જામે છે. "

" ગંધરાજના પ્રયત્નો નર્યા વૈરાગ્યપ્રેરિત છે ? " સંકોચાતાં નિસાએ પ્રશ્ન પૂછ્યો.

" ના, ફેર છે. કર્તવ્ય સાધનામાં એમનું એટલું બધું નિમજ્જન છે કે વૈભવમાત્ર જરૂરી લેખે છે છતાં એમનો વ્યવહાર વિરકતજ થઈ જાય છે. વૈભવનાં વાતાવરણમાં વસે છે પણ જીવન સાધુનું ગાળે છે. એમની એક ક્ષણ એવી નહીં જતી હોય જેમાં દેશોન્નતિ માટે સંકલ્પો નહીં કરતા હોય. વિચાર અને આચારની સાઠમારી ચાલે છે કે કોણ શરતમાં જીતે છે ! "

" અધિકાર નથી છતાં પ્રશ્ન પૂછું ? આપણે બ્હેનોજ નહીં પણ સખીઓ પણ છીએ. એટલે સવાલ અનુચિત કે અસભ્ય તો નહીંજ લેખાય. ત્હમારાં રહસ્યો જાણવાની આતુરતા નથી. ત્હમે દુઃખી હો તો મ્હારૂં દીલ બળવાનું. ત્હમારે સુખે હું સુખી છું. કદાચ ત્હમારું દુઃખ દૂર નહીં કરી શકું પણ—"

" બ્હેન ! સંકોચાય છે શાને ? સ્વર્ણસુન્દરી સાથે મ્હારે એકવાર વાત થઇ હતી. એણે ત્હને મોઘમ લખ્યું પણ હતું ને ? ત્હારાથી પડદો છે નહીં. આચાર વિચારની ભાવના આમ ભિન્ન થતી જવાથી (અમારા સ્નેહસૌભાગ્યમાં) વિષમતાની પાતળી તસરો ઉપસવા લાગી છે. મ્હને તે સાલે છે. "

" ત્હમારો સંસાર કેવો સ્નેહપૂર્ણ અને સુખી છે તેનો મ્હને જાતી અનુભવ છે. જગત્‌માં તેથી ત્હમારી વાહવાહ જેટલી થાય છે તેટલીજ અદેખાઇ થાય છે. એમાં વિષમતા આવેજ શાને ?

એવું થવાનો વ્હેમ સરખોય પડે તો ત્હમારું જીવન શતધા વિશીર્ણ થયા વિના રહેવાનુંજ નહીં.”

“બ્હેન! પુષ્પની શય્યામાં સ્ફુલિંગ પ્રવેશી ચૂક્યો છે. મ્હારું થવાનું હશે તે થશે પણ મ્હારા રાજની આશાઓ વિફળ ન જાય તો સારૂં.”

“ત્હારા જેવી ધર્મસહચારિણી મળ્યા પછી ગંધરાજનાં સ્વપ્નાં તાદૃશ થયા વિના રહે શેનાં? શુભ સંયોગો નર્યા સુખના ઉપભોગ માટેજ મળતા નથી પણ કર્તવ્ય પાર પાડવા જોઇતું સામર્થ્ય અને સંકલ્પબળ કેળવવા મળે છે. ત્હમારામાં વિદ્યા છે, અનુભવ છે; પિતા અને પતિના ઉત્તમ સંસ્કારોનું સાહચર્ય છે; પદવિ છે, પ્રતિષ્ઠા છે, સંપત્તિ છે, સુખ સૌભાગ્ય છે; ત્હમારે શેની કમી છે બ્હેન! દેવો પણ ત્હમારે ત્યાં આવી નિવાસ કરે એવો ત્હમારો સંસાર છે. કર્તવ્યની સિદ્ધિ માટે પ્રયાસ કર્યા કરવો એ આપણો ધર્મ. ધારેલા ફળ માટે મિથ્યા આકાંક્ષા તજી દેવી. એક નિષ્ઠાથી નિમિત્ત ભાવથી કર્તવ્યલીન રહીએ તો ઇષ્ટ પરિણામ આવવાનુંજ. મગદૂર નથી એની કે દૂર રસળે. ત્હમારા વૈભવોમાં ભલે ત્હમે મ્હાલો પણ પિતાના અને પતિના અને ત્હમારા વ્રતની સિદ્ધિ માટે એ વૈભવો છે એ મહાભૂલમાં ત્હમારા સંકલ્પ બળને શિથિલ થવા દેશોમાં. યુદ્ધ કરવા તૈયાર થએલા સૈનિકો દારૂગોળાની ખાણ, ખાઇઓ, તોપોના બ્હાર કે “બેયોનેટ” ના મારથી જરા પણ ડર્યા વિના દુશ્મનોની છાવણીમાં રાક્ષસી બળથી ધસ્યા જાય છે એમ જવાનું છે. જાદુઇ ઇલ્મથી સંસાર ઘડાતો નથી. એનો વિકાસ સુઘટિત તેમ સુંદર અને સૂક્ષ્મ છે. સંકલ્પબળ મંદ અને નિઃસત્વ થશે તો ઈબ્સનના

પેલા કાવ્યના નાયક જેવી દશા થશે. યાદ છેને? ટેકરી ઉપર ઉભો ઉભો તે માણસ તળેટીમાં પોતાનું ગામ બળતું–તેમાંએ પોતાનું ઝૂંપડું બળતું અને તેમાંએ પોતાની માને બળતી જુવે છે પણ આગ ઓલવવા, માનું રક્ષણ કરવા જવા જેટલું એનું સંકલ્પબળ જોર કરતું નથી. ઇચ્છાશક્તિના પ્રેરક બળ વિના મૂઢ જેવો ઉભો રહે છે અને બધું ખાખ થઈ જવા દે છે. દેશમાં કેટલી અવનતિ છે–કેવી આગ સર્વત્ર સળગી રહી છે તે હોલવવા ત્હમે નહીં ધસો તો કોણ ધસશે? ત્હમારૂં વ્યક્તિત્વ નાબૂદ કરવા ગંધરાજે કદી સ્વપ્ને પણ ખ્યાલ નહીં આણ્યો હોત. ત્હમને ત્હમારા માર્ગ મુબારક છે. એની સહાનુભૂતિ અને મદદ ત્હમારી તહેનાતમાં હમ્મેશ તૈયાર છે."

"તૈયાર છે એ મ્હારૂં અહોભાગ્ય છે. પણ મ્હારે એના માર્ગે જવું છે. મ્હારો અને એનો માર્ગ જુજવો હોવોજ ન જોઇએ. અમારા આત્મા અદ્વૈત પામ્યા પછી દ્વૈધી ભાવ કેવો? તું અહીં રહીશ તે દરમ્યાન ત્હારા ઉત્સાહથી ઉત્તેજિત થઇ જોઉં કેટલું સાધી શકાય છે."

"બ્હેન! મ્હોં પર પણ આટલી બધી કરમાશ કેમ છે? કયાં ગયું ત્હારૂં સૌંદર્ય ને લજાવતું લાવણ્ય?"

"કાલે સાંઝે ઝાડપરથી પડી ગઇ હતી. મધરાતે ગંધરાજ ઉઠી વાડીમાં ફરતા હતા તે ચિંતાથી ઉઠી એમની પાછળ ગઇ અને હૃદયે હૃદયનાં મંથન મથ્યાં. અત્યારે આપણે પાછા એવીજ ગંભીર ગુફતેગો પર ચડી ગયાં. આથી મગજને થાક ચડયો છે. બપોરે થોડો આરામ લઇશ એટલે સુવાણુ થઇ જશે."

"ચાલો ચાલો ત્યારે બંગલામાં."

બન્ને બ્હેનો ઉઠી ચાલવા માંડી. થોડે જતાં તબેલાની હાર જણાઇ. ઢોરની ઓલાદ સુધારવા ગંધરાજે અહિં પ્રયોગો કરવા માંડયા હતા.

"બ્હેન! આ બધા ખરચ ત્હમારો કે રાજ્યનો?"

"અમારો, રાજ્યની વાતજ કરીશ નહીં?"

"ત્હમારો વારસો આમાં તણાઈ જતો નથીને?"

"મ્હારો વારસો હવે કેવો? સર્વે મીલ્કત ગંધરાજની અને મ્હારી છે. પિતાજીનું દ્રવ્ય એમને પ્રિય દેશોન્નતિમાં વપરાય એથી એમનું વધુ રૂડું શ્રાદ્ધ હું સારી શકું એમ નથી. આવો તે સવાલ હોય પૂછવાનો ત્હારે? પણ મ્હને પૂરેપૂરી નાણવી છે ને ત્હારે? દ્રવ્યમાંજ ઉછરી છું એટલે દ્રવ્યની બીલકુલ અપેક્ષા નથી.

વાત કરતાં બન્ને પ્રયોગશાળા પાસે આવ્યાં. ગંધરાજ બારી આગળ ઉભો ઉભો પ્રયોગ કરતો હતો, ખાતર વગેરેના સંબંધી રાસાયનિક પ્રયોગ કરવા, બીઆં નાણી જોવાં, અનાજને નુકશાન કરનાર જીવજંતુનો જીવનવ્યવહાર અભ્યસવા અને તેમનો ઉપદ્રવ નાબૂદ કરવાના ઉપાયો શોધવા જોઇતાં સાધનોથી પ્રયોગશાળા સંપન્ન હતી. ગંધરાજ, હિમાની, અરણિકુમાર અને સ્વર્ણસુન્દરી એમની ઘણી નવરાશો અહીં ગાળતાં. હમ્મેશ એક બે કલાક ગંધરાજના તો આંહી જવાનાજ.

પત્નીના મુખ પરથી ગંધરાજને ત્હેની તબીઅત માટે ધ્રાસ્કો પડયો. પ્રયોગનો સામાન ટેબલ પર મૂકી બારીમાંથી કૂદી પત્ની સમીપ જઇ ઉભો એવામાં હિમાનીને એક બે તમ્મર આવ્યાં. પડતી ગંધરાજે ત્હેને ઝીલી લીધી. પોતાના માંસલ અને કદાવર

બાહુમાં તેને ઉંચકી પોતાના ખભા ઉપર તેને સુવાડી શયનખંડ ભણી ચાલ્યો. તમ્મર ધ્વંસ પામતાં સાવધ થએલી હિમાની પતિના બાહુમાંથી મુક્ત થવા મથી પણ પતિના સ્નેહભર્યા આર્જવથી પતિના સ્નેહના આવિર્ભાવથી મળતા સુખનો લ્હાવો લઈ રહી.

(અપૂર્ણ.)

કાળીઘાટપર.

સનત્કુમાર (ન્હાતો ન્હાતો)—હર હર ગંગે ! ગ્રહણને દિવસે સ્નાનથી પુનિત થઇએ છીએ તેમ આજે ગંગાના પુણ્યોદકના પવિત્ર અને ઉત્સાહક સ્નાનથી સ્વદેશ સેવામાં ઉદ્યુક્ત થઇએ છીએ. જાહ્નવીના મંગળ સલીલથી સગરપુત્રોનો ઉદ્ધાર થયો હતો તેમ આજ પતિત બંગાળીઓનો થશે. યુગયુગાન્તરના મળ શરીરપરથી ધોવાય છે—આંખોના પડળ—જીવનના તિમિર જતાં રહે છે.—પગની બેડીઓ તૂટી જાય છે—આજ અમે નવું ચેતન મેળવીએ છીએ. કૈલાસનાથ મહાદેવની પેઠે મસ્તકમાં ગંગોદક સંચી અમારા પ્રજાજીવનના મહા હેતુ સિદ્ધ કરવા તૈયાર થઇએ છીએ. હે જીવનદાયિની માતે ! તિમિર વિદારી પ્રકાશ પ્રકટાવ ! આળસ ઉરાડી પ્રવૃત્તિ પ્રેર !

ફકીર (કીનારે ઉભેલો બોલી ઉઠે છે)—ભાઇ ! પ્રકાશ પ્રકટી ચૂક્યો છે. નવું ચેતન દેશમાં ફુંકાઇ રહ્યું છે ! જય બંગભૂમિ ! ત્હારા વિચ્છેદથી કાળ કાળાન્તરના ભેદભાવ ઓગળી ગયા છે. સ્વદેશ પ્રેમે ધર્મસહિષ્ણુતા આણી છે. હિન્દુ મુસલમાન સ્વદેશને માટે જૂનાં ઝનુની વૈર ભૂલી આજ એક થયા છે; દેશસેવાની દીક્ષા આજ સૌએ લીધી છે. બંધુબંધુ—હિન્દુમુસલમાન—સ્ત્રીપુરૂષ—બાળકવૃદ્ધ વગેરે સર્વેએ દીક્ષા રક્ષાબંધનનો ઉન્નત વિધી આચરી સાધે છે. દીન દીનની અને હરહર મહાદેવની હાકલ આજ વંદેમાતરમ્‌ના પોકારમાં વિલીન પામી છે.

એક તરૂણ—સાંઇમોલા વન્દેમાતરમ્ ! સ્નાન આટોપ્યું ? પધારો દેવીને મંદીરે

ફકીર—દેશસેવાની ઉગ્ર પ્રતિજ્ઞા લેવા કોણ નહિ આવે ?

(થોડે આઘે ઉગ્ર કાલિકાની પ્રતિમા સન્મુખ બીજા પૂજન કરતા બંગાળીઓમાં તેઓ જાય છે.)

સનત્કુમાર—બંગમાતર્ ! આજ અખિલ બંગાળે અપવાસ કર્યો છે. ઉપાનહ્ વિના ફકત ધોતીઆં અને સાડી સાથે ગંગાસ્નાને આવ્યાં છે. જીવનનાં જૂના અંક ભૂસી નવા અંક લખવા, દેવી ! ત્યાંથી ત્હારા મંદીરે પધારે છે. ! માવડી ! ખોળે હયો ! બાળકોપર મીઠી અમીની નજર ફેંકો. બંગવાસીઓમાં ત્હારી ઉગ્ર ભૈરવતા, નિર્દય આગ્રહ અને વાત્સલ વ્હાલ પ્રેર ! શોણિતપ્રિયે ! ત્હારૂં ખપ્પર લે ને નાચ ત્હારૂં લાસ્ય નૃત્ય ! સુશસ્યાશ્યામલા બંગભૂમિ માટે દરેક બંગવાસી પોતાનું રક્ત રેહેડાવવા તૈયાર છે ! પ્રસાદથી લોહીમાં ત્હારી શક્તિ જગાવ.

(દેવીના પાંદ આગળ પડેલા લોહીના વાસણમાંથી ચાંગળું લઈ આચમન કરે છે અને ધ્યાનસ્થ રહે છે.)

ફકીર—ત્હારી હજારો મૂર્ત્તિઓ ખંડન કરનાર, તને અપમાન આપનાર બૂતશિકસ્ત મુસલ્મીનોનો વંશજ દેવી ! આજ ત્હને નમન નમે છે. સ્વીકારો દેવી ! તોમારઇ પ્રતિમા ગડી મંદીરે મંદીરે ! કાત્યાયિની ! હૃદયે હૃદયે સ્વદેશ ભૂમિની પ્રતિમા સ્થપાઈ ! રામાયણના હનુમાનની માફક હૃદય ચીરતાં આવડતું હોત તો હે સ્વદેશીઓ અને વિદેશીઓ ત્હમને દાખવત કે માતૃભૂમિની સેવાના આગળ ધર્મનું ઝનુન કે ઇતિહાસના ઝગડા નિષ્પ્રભાવ થઇ જાય છે. (ઘુંટણીએ પડી) બંગભૂમિની મૂર્ત્તિમતી પ્રતિમે ! મેઝીની જેવી હવે ઉગ્ર પ્રતિજ્ઞા લઈએ છીએ ! અયેશ આરામ, ચૈન મૌઝ, ઔદાસીન્ય, ઇન્દ્રિય વૈભવ વગેરેનો ત્યાગ તમ સન્મુખ કરીએ છીએ. દેશનો ઉત્કર્ષ જયાં સુધી સાધીશું નહિ

ત્યાં સુધી એ સર્વ અમને વર્જ્ય છે ! સર્વ બંગાળીઓને શિવ-નિર્માલ્ય છે. દેશનું દારિદ્રય ફીટશે નહિ–દેશમાંથી દુષ્કાળ જશે નહિ–દેશમાં વસન્ત ઉગી નીકળશે નહિ ત્યાં સુધી અમે હિન્દુ મુસલમાને ફકીરી અખત્યાર કરી છે. મોહ રજનીનાં તિમિર ઉપટી ગયાં છે. પરદેશીઓએ બાંધેલી શૃંખલા તૂટશે તેટલી તોડશું. દેશમાંથી હનુમાનના ભૂસ્કા મારી ઘસડાતું દ્રવ્ય અહિં રાખવા ભગિરથ કે હાતમના જેવા પ્રયત્નો આદરીશું.

બીજો તરૂણ—જય બંગભૂમિનો જય ! સાંઈજી ફતેહ ફતેહ ! પૂર્વમાં નિહાળો સહસ્ત્રરશ્મિ સૂર્યરાજ ઝળહળે છે. એશિયાની લાંબી રાત વીતી ગઇ છેઃ પાસિફિકમાં જાપાન જાગ્યું છે, તેનું ચેતન આપણા જીવનમાં આવ્યું છે.

ફકીર—મ્હારી ભૂમિની આશા ! ભૈરવીની સન્મુખ લે પ્રતિજ્ઞા કે સ્વદેશની અહોનિશ સેવા કરીશ–સ્વદેશમાંજ બનતી ચીજો વાપરીશ–સ્વદેશમાં બનતી ચીજો વગર ચલાવી લઇશ પણ દેશને આર્થિક શૃંખલાથી જકડાવા દઇશ નહિં અને સ્વદેશીઓને અકિંચનતાથી ટળવળાવીશ નહિં.

બીજો તરૂણ–ચંડિકે ! સાંઇમૌલાના ઉપદેશનો સોમ પીઉં છું. પ્રતિજ્ઞાનો સંકલ્પ જળ રેડીને કરૂં છું. જીવનની કુહરે કુહરમાં એકજ ધ્વનિ નિનાદિત થાય છે. સાંઈજી રગેરગ દોડતું લોહી એકજ ધબકારો કરે છે ! આજ પંખીઓ પણ એકજ કિલકિલાટ કરે છે–દેવી ! શી તારી માયા ! જયાં ત્યાં સ્વદેશ સેવાનાજ ઘોષ ગણગણી રહ્યા છે. અંબે ! એ સેવા આ જીવન છે ત્યાં સુધી મ્હને પંચભૂતના વિલય પછી જયાં હોઉં ત્યાંથી પણ બંગભૂમિની સેવના કરૂં એવી શક્તિ પ્રેર !

(પગે પડે છે.)

પ્રસન્નરાય ચૌધરી—અહાહાહા !! શો સુભાગ્યનો મંગલ દિવસ ! મહા સમુદ્રમાં ભરતી આવી છે. બંગભૂમિનાં અણુઅણુમાં જીવન જાગ્યું છે–નવું ચેતન, નવો પ્રાણ, વિરલ ઉત્સાહ આજ સ્થળે સ્થળે પ્રવાહિત છે; મુર્શિદાબાદની મસ્નદને લાત મારી, બંગાળાનો ઉત્કર્ષ સાધવા, નવાબઝાદો ફકીરી લઇ ઉપદેશ ઠેર ઠેર આપે. પ્રતિમાભંજક ઇસ્લામનો અનુયાયી કાલિકાનું પૂજન આદરે અને ત્હેના મંદિરમાં ભીષ્મ પ્રતિજ્ઞા લે અને લેવડાવે, ગંગાતટે સ્વદેશસેવા સાધવા ઐક્ય આણવા રક્ષબંધન ઉચ્ચનીચ ગરીબ તવંગર, બાલક વૃદ્ધ, સ્ત્રી પુરૂષના ભેદ કહાડી નાંખી દરેક બંગાળીને અરજ કરે એનાથી વિશેષ પ્રોજ્વલ દિવસ કયો પ્રજાના ઇતિહાસમાં હશે ? પ્રકાશનાં પૂર ધમધમતાં આવે છે. જ્યાં જૂએ ત્યાં અલૌકિક ઉલ્લાસ, અદમનીય ઉત્સાહ અને વિરલ તેજ સ્ફુરી રહ્યાં છે. સ્વદેશ, સ્વદેશ, સ્વદેશના પોકારોથી દિશાઓ મુખરિત થઈ છે. ધનાઢ્યો, રાજાઓ, નવાબો, ઝમીનદારો પોતાનું દ્રવ્ય, માલમિલ્કત, જાગીર વજીફા બંગાલાના ઉદય અને ઉત્કર્ષ સારૂ બ્રહ્માર્પણ કરી ફકીર થાય છે. દેશની નિર્ધનતા–દ્રવ્યની, શરીરની અને હૃદયની ઉપટતી જવાના કલ્યાણકારી શુભ સંજોગો જ્યાં ત્યાં દગ્ગોચર થાય છે. યુગ યુગાન્તરની રૂઢીઓ, સિકન્દરે ગોર્ડીઅન ગાંઠ કાપી તેવી રીતે તોડી આબાલ વૃદ્ધ સ્ત્રી પુરૂષો હુન્નર ઉદ્યોગ શીખવા અને તેવા સ્વદેશમાં ઉગવવા પૃથ્વીના દેશ દેશ જવા લાગ્યા છે.

બીજો તરૂણ—ચૌધરી કાકા ! દેવીના મહંતે પણ વિદેશ જઈ ઉદ્યોગ કલાવિધાન શીખી આવવા આશિર્વાદ આપ્યો. પરદેશગમન અને સમુદ્રયાન માટે જગજ્જનનીની સંમતિ આપી.

પ્રસન્નરાય ચૌધરી—નવીન બંગાળાના આશાભર્યા અંગ !

ચીરંજીવ રહે! અલ્પ સમયમાં બંગાળ જાપાન થાઓ! પશ્ચિમનું ચેતન પૂર્વમાં આવો! વીસમી સદીનું આર્થિક બળ બંગાળીઓ મેળવો! દેવી! જીવિત ત્હને સમર્પ્યું છે–ત્હેની એક ઘડી પણ પુનિત પ્રોજવલ લાગતી હોય તો એટલા અભિલાષ સફળ કરજે.

(આરતિ થાય છે. 'વન્દેમાતરમ્'નું ગીત લલકારાય છે; બધાં વિસર્જન થાય છે.)

ફકીર––સ્વદેશ! સ્વદેશ! જૂના કપડાં ઉતારી! ભગવદ્ ગીતાના કહેવા પ્રમાણે નવાં પહેર્યાં! નવું જીવન પામ્યાં, વિદેશીઓના આર્થિક બંધનમાંથી છુટયાં–ચાલ બંગભૂમિમાં સર્વત્ર ઘૂમી જાગૃતિ વધારે સબળ જગાવું–સ્વદેશી વસ્તુઓ, સ્વદેશી બોધવો અને સ્વદેશની ભૂમિ સારૂ પ્રીતિ ઉપજાવુ–હિન્દુની હિન્દુતા વિસરાવું, મુસલમાનોનું મુસલમાનપણું વિસરાવું અને ઠેર ઠેર બંગાળીપણું ઉદ્‌ઘોષું–અમે બંગાળી એવું સગર્વ વચન દેશના વાયુએ વાયુમાં વહન થાય એવું પ્રચંડ રણશિંગુ રોજે કયામત ઇસ્રાફેલ ફુંકશે તેવું ફુંકું. શરદ પુનેમની રાતે કૃષ્ણની બંસીથી ભક્તિભાવમાં નિમગ્ન થયેલી ગોપીઓના જેવી દશા મ્હારી સ્વદેશની ઘોષણાથી કરૂં! સ્વદેશ! સ્વદેશ! સ્વદેશ! યા! માલિક! મુરાદ હાંસિલ કર!

(વન્દેમાતરમ્‌નો દિશા ચીરતો નિનાદ.)

અનુલેખઃ સુરતની કાયસ્થ સભાના વાર્ષિક ઉત્સવ માટે "જાગરણ"ના મરાઠી ભાષાન્તર પરથી ઉપજાવેલો પ્રસંગ ઉપર છાપ્યો છે.

મદારી.

(Anatole Franceની ફ્રેન્ચ વાર્તાના ઇંગ્લીશ ભાષાન્તરને આધારે.)

૧.

અગાઉ અમદાવાદમાં ધોળકાનો રહેવાશી તખો નામનો એક ગરીબ મદારી રહેતો હતો. તે ગામે ગામ પોતામાં કૌવત અને ચાલાકી હોવાથી જાતજાતના ખેલ કરતો ફરતો. મેળો કે ગુજરી ભરાઇ હોય ત્યારે બધાની નજરે પડે એવી જાહેર જગ્યામાં જૂની ફાટી તૂટી સાદડી પાથરતો. છોકરાંઓ અને બીજા રાહદારીઓને દીલપસંદ ખેલો કરી ત્હેમને પોતાની આસપાસ એકઠા કરતો. એક ઘરડા મદારી પાસે જે જે ખેલો એ શીખ્યો હતો, તેમાં સ્હેજ પણ ફેરફાર કર્યા વિના તે ખેલો તે કર્યા-કરતો; કુદરતી નહિ પરંતુ કૃત્રિમ ભાગે એવા ચાળા એનાથી થઈ જતા; તે નાકની દાંડીપર પતરૂં અદ્ધર રાખતો.

શરૂઆતમાં તો લોકો બેદરકારીથી ત્હેના સ્હામા ટગર્યા કરતા. પણ જયારે જયારે, હાથ ઉપર ઉભા રહીને માથું નીચે નાંખી, હવામાં ઉછળતો ને તડકામાં ચળકતા છ ત્રાંબાના દડા પગે ઉપાડતો ત્યારે; અથવા જયારે જયારે ગુલાંટ વળી એડીએ એવી રીતે ગરદન અડકાવતો કે એનું શરીર ખરેખરા પૈડા જેવું બની જતું ને એવી સ્થિતિમાં બાર છરાના હાથ ચાલાકીના ખેલો કરતો ત્યારે પાસે ઉભેલાઓમાંથી ‘વાહવાહ’ ‘શાબ્બાસ’ ના પોકાર ઉઠતા ને પૈ પૈસા સાદડીપર વરસતા.

છતાં પણ, બીજા બધા બુદ્ધિપ્રભાવથી રહેનારની માફક તેઓ પણ મહામુસીબતે જીંદગી કહાડતો હતો. પરસેવો ઉતારીને મરી જતો તોપણ એના દહાડા કપરાજ જતા.

પોતાની મરજી મુજબ તે ખેલ કરી શકતો નહિ. ફળફૂલ પેદા કરવા ઝાડને જેમ સૂર્યની ગરમી ને દિવસના પ્રકાશની જરૂર હોય છે તેમ પોતાના અજબ ઇલમ બતાવવા એને પણ હતું. ચોમાસામાં વર્ષાદને લીધે એનાથી ખેલો થઇ શકતા નહિ. ભોંય ભીની હોય, વર્ષાદ મૂશળધાર તૂટી પડતો હોય ત્યારે એના દહાડા વસમા જતા. રોજી મંદ પડવાથી ખોરાકના સાંસા પડતા. સરળ હૈયાનો હોવાથી તે આફતો ધીરજથી ખમતો.

તેણે દોલતની વહેંચણી કે ગરીબ તવંગર વચ્ચેના તફાવત સમ્બન્ધે વિચાર કર્યો નહતો. એ તો એમજ ધારતો કે જો આ દુનીયાં ખરાબ હોય તો સ્વર્ગને સારૂં હોયા વગર છુટકો જ નથી; અને આ આશાથી એ જીવતો. ભૂતપ્રેતના મંત્ર સાધી મેલી વિદ્યાથી ગરીબાઇ કહાડવા એણે કદી મહેનત કરી જ નહોતી. આથી એનો જીવ બચ્યો હતો ને અવગતીયા થવાની જરા પણ બ્હીક ન હોતી. પરમેશ્વરને કદી પણ શાપતો નહિ. પોતાના નસીબ આગળ પરમેશ્વરનો કાંઈ ઉપાય નથી માની પ્રમાણિકપણાથી તે રહેતો. પરણેલો ન હોતો છતાં પોતાની પડોસણ પર એની દાનત સળકી નહોતી, કારણ કે સ્રીચરિત્રની ઘણી વાતો એ જાણતો હતો.

ખરેખર એનામાં પાપવાસના બીલકુલ ન હતી. અને સ્રી કરતાં તુમડું તજવું એને ભારે થઈ પડતું. નીશાથી છેક અળગો રહેતો. ધાર્મિક પૂર્ણ અંશે હતો. પરમેશ્વરથી ડરતો ને ભવાની-માનો પરમ ભક્ત હતો.

જ્યારે જ્યારે મંદિરમાં જતો ત્યારે માતાજીની સન્મુખ પગે લાંબા પડવાનું ચૂકતો નહિં. મનમાં ને મનમાં હમેશ માગતો કે " માજી, મહાદેવની મ્હને ઉપાડી લેવાની મરજી થાય ત્યાં સુધી તમારે ખોળે મને રાખો. જ્યારે હું મરી જાઉં ત્યારે તમારા વાસમાં મ્હને લઇ લેજો. "

૨.

હવે એવું બન્યું કે વર્ષાદ પડયા પછી એક સ્હાંઝે, દીલગીર ને નીચું જોતો, ફાટેલી સાદડીમાં દડા ને છરા લપેટી બગલમાં ઝાલી, તે ચાલ્યો જતો હતો ને ભૂખ્યા સૂઈ રહેવા માટે ઝાડ કે ઓટલો ગોતતો હતો એવામાં તે જ તરફ જતા એક બાખીને એણે જોયો. જોયો એટલે નમનતાઇથી ' રામ રામ ' કર્યા. સાથે ચાલતા ચાલતા તેઓ વાતે વળગ્યા.

બાખીએ પૂછયું "ભાઈ ત્હેં આવા રંગબેરંગી ને ફાટા તૂટાં લૂગડાં કેમ પહેર્યાં છે? શું ભવાઈમાં રંગલાનો વેશ તું ભજવે છે? "

" ના મહારાજ " તબાએ જવાબ વાળ્યો. " ત્હમે મ્હને જૂઓ છો તેવો હું છું. મારૂં નામ તબો છે ને મ્હારો ધંધો મદારીનો છે. જો રોજી બરાબર મળે ને હમેશનો રોટલો ફૂટી કઢાય તો એના જેવો એકે ધંધો દૂનીયામાં નથી "

" તબાભાઈ " સાધુએ આગળ ચલાવ્યું કે "ત્હમે બોલો છો તે વિચારીને બોલો. બાખીની જીંદગી જેવું જગત્‌માં કંઇએ નથી. એ જીંદગીમાં પરમેશ્વર અને તેમના અસખ્ય અવતારો તેમજ માતાજીની સેવા થઇ શકે છે. સાધુનું જીવન તે પરમાત્માનું અવિરત સ્તોત્રજ છે. "

તબાએ ઉત્તર આપ્યોઃ " સાધુ મહારાજ, મૂર્ખની માફક

મ્હેં લવારો કર્યો તે માટે હું દીલગીર છું. આપણા ધંધા સરખાવી શકાયજ નહિં; જો કે નાચવા કૂદવામાં ને લાકડી પર ટેકાવેલા પૈસાને નાકની દાંડીપર રાખવામાં ખૂબી રહેલી છે છતાં ત્હમારી જીંદગીને તે પ્હોંચી શકે એમ નથી. મહારાજ, આપની પેઠે મ્હને ભજનો ગાવાનો વિચાર થાય છે. તેમાંએ ખસુસે બાજીની આખડી મ્હેં લીધી છે માટે ત્હેમનાં ભજન કીર્તનમાં મશગુલ બનવા મ્હારી મુરાદ છે. બાબી થવાને, ભુજથી મુંબાઇ લગી જે ધંધાથી હું જાણીતો થયો છું તે ધંધો હું રાજી ખુશીથી છોડી દેવા તૈયાર છું. ”

મદારીની સાદાઇ ને ભોળાઇની અસર બાબી ઉપર થઈ. વિવેકબુદ્ધિ ચપળ હોવાથી એને તરત એમ થયું કે ‘ તબો એક પરમેશ્વરનું માણસ છે. ’ આથીજ એણે જવાબ આપ્યો: “ તબાભાઈ મ્હારી સાથે ચાલો, હું ત્હમને અમારી જમાતમાં દાખલ કરાવીશ, મહન્તનો હું માનીતો ચેલો છું. આજ એમજ જાણજો કે મહાદેવે તમારા કલ્યાણને અર્થે મ્હારો ને તમારો ભેટો કરાવ્યો. ”

આવી રીતે તબો બાબી થયો. જમાતના મંદિરમાં શંકરની પાર્વતીની ને ગણપતિની એક એક પર સરસા થવા પોતાનાં જ્ઞાન અને હુશીઆરીનો બધો ઉપયોગ કરતા બાબીઓ સેવા પૂજા આચરતા.

મહન્ત અને ત્હેમના માનીતા ચેલાઓ પૌરાણિક રીત મુજબ મહાદેવ અને ત્હેમના પરિવાર સમ્બન્ધી ગ્રન્થો રચતા. ગંગાદાસજી સારા દસ્કતે આ ગ્રન્થો તાડપત્રોપર ઉતારતા. શત્રુઘનદાસજી લખાણની આસપાસ મઝાના દેખાવડા ચિત્રો કાઢતા.

આ ચિત્રોમાં કેટલાંક શેષશાયી ભગવાનનાં તો કેટલાંક કાલિકાનાં તો કેટલાંક શંકરપંચાયતનનાં હતાં. અપ્સરાઓના નાચ ને ઋષિઓ સાથે ત્હેમના વ્યવહારનાં પણ ચિત્રો ચિતરાતાં. એક પાને માજીની ભવ્ય અને તેજસ્વી છબી વાઘપર આલેખી હતી. પડખે મોર, ઉંદર ને નાગ પડયા હતા. ચમ્મર ઢોળતા ગણો પણ હતા. માજીના પગને અડકી બે માણસો ઘુંટણીએ બેઠા હતા, તેઓના આત્મા કર્મમાંથી છૂટવા માજીને વિનવતા હતા—અને મરે ત્યારે તેઓની મહેનત બરબાદ જાય એમ ન હતું—મહામાયાની અતુલ શક્તિ સર્વ કરવા સમર્થ હતી.

વળી બીજે પાને અનેક ભક્તો અને તેમના સંકટની વેળાએ ભગવાને કેવી તેમની વ્હાર કીધી ત્હેનાં ચિત્રો હતાં. કોઇ પાને વૈકુંઠ તો કોઇ પાને કૈલાસ તો કોઇપર અમરાવતી તો કોઇપર પાતાળ એવાં એવાં અનેક ચિત્રો હતાં.

ચંદનદાસજી હમ્મેશ સલાટું કર્યા કરતા. પાસેની ખાણમાંથી પહાણા લાવી અનેક મૂર્તિઓ ઘડયા કરતા. આથી હરરોજ તેમની દાઢી, પાંપણ, અને વાળ ધૂળને રજવાળા થઇ જતા, અને એમની આંખ સૂજેલી ને આંસુનીંગળ રહેતી. જીંદગીનો નમતો પહોર હોવા છતાં તેનામાં હજૂ પણ તાકાત હતી ને મ્હોંપર કરચલીઓ પડયા છતાં તે ખુશ મીજાજમાં રહેતા. મહામાયાને મહાદેવજી આ બૂઢ્ઢા બાબીને પોતાની સંભાળમાં રાખતા હોય નહિં એમ લાગતું હતું. ચંદનદાસજીએ અર્ધનારીશ્વરની એક ફક્કડ મૂર્તિ ઘડી કાઢી. મુખ અને આંખમાં અલૌકિક તેજ પૂર્યું હતું. પ્હાની ઉઘાડી ન રહે માટે પાટલીના વળ બરાબર પડે તે માટે ઘણીજ સંભાળ લીધી હતી.

કોઇ વેળા કાનજી મહારાજની અપૂર્વ બાલભાવ દર્શાવતી મૂર્તિ પણ તે ઘડતા. ભગવાનનું બાલસ્વરૂપ એવું યથાર્થ ખડું કરતા કે જોનારાઓ ભક્તિમાં તલ્લીન થઇ જતા.

નિર્મળદાસજી ને રઘુદાસજી અનેક ભજનો વ્રજભાષામાં બનાવતા. મન્દીર અને જમાતના અનેક બનાવોપર રાઘેદાસજી ગૂજરાતીમાં ભજનો જોડતા.

૩.

એક બીજા પર સરસા થવા ચાલતી સ્પર્ધા, આવી જબ્બર વિદ્વત્તા ને તેથી થતાં મહાભારત કામો જોઇ તબો તો દિઙ્મૂઢજ થઇ ગયો. પોતાના અજ્ઞાન ને માટે મ્હેને ઘણું લાગી આવ્યું. પીંપળાના ઝાડ નીચે બેસતાં બેસતાં નીસાસો નાંખ્યો “ અરે પરમેશ્વર ! જે માજીને મારૂં બધું અર્પણકરી ચૂકયો છું તેની મ્હારા ખાખી બીરાદરોની માફક જોઇએ તેવી મ્હારાથી સેવા થઈ શકતી નથી. હાય ! હાય ! માજી હું તો બુડથલ ને બબુચક છું. મ્હારાથી મ્હોટા ગ્રંથો લખી, મઝાનાં ચિત્રો ચીતરી કે મૂર્ત્તિ ઘડી કે ભજનો રચી આપની સેવા થઇ શકતી નથી. અરે ! માડી ! મ્હારાથી કંઇજ નહિ થાય ? ”

આમ નીસાસા નાંખતો ને હૈયું છોડી મૂકતો; આથી તે બહુજ ગમગીન બની ગયો. એક રાતે બધા ખાખીઓ પરવારી બેઠા હતા ત્યારે આડી અવળી વાતો કરતાં એક બાવાની વાત નીકળી. આ બાવાને ફકત ‘ ભોળા શમ્ભુ ’ શબ્દો શિવાય બીજું ભજન કે સ્તોત્ર આવડતુંજ ન હતું. તેના આવા અજ્ઞાન માટે તે હડધૂત થતો; પણ જયારે મરી ગયો ત્યારે એના મોઢામાંથી,

પાંચ અક્ષર બોલતાં આવડતા હતા માટે પાંચ કરેણનાં ફૂલ નીકળ્યાં. આથી તે ભગત હતો એવું પારખું સિદ્ધ થયું.

સાધનો ખોળ્યાં પણ મળ્યાં નહિં તેથી તે દહાડે દહાડે વધારે ગમગીન થતો ગયો. એક સવારે તે ઘણાજ આનન્દમાં ઉંઘમાંથી ઉઠયો ને મંદિરમાં દોડી ગયો. ત્યાં તે કલાક ઉપર રહ્યો. ને ઘણો તડકો ચડયો ત્યારે ત્યાંથી બહાર આવ્યો.

તે દિવસથી જયારે મંદિરમાં કોઇ ન હોય ત્યારે તે ત્યાં હમ્મેશ જતો. બીજા બાપીઓ ભણવા, વાંચવા, લખવા, ચીતરવા વગેરેમાં જે કાળ ગાળતા તે વખત એ મંદીરમાં કાઢવા લાગ્યો. હવે તે દીલગીર કદી રહેતો નહિં તેમજ નીસાસા પણ નાંખતો નહિં.

આવા ફેરફારથી સાધુઓને અજાયબી ઉપજી. આમ છાના-માના બપોરે એકલો કયાં જતો હશે તે જાણવા તેઓ ઉત્સુક થયા.

સાધુઓની હરેક પ્રકારની ચાલચલગત વિષે વાકેફ રહેવાની મહન્તની ફરજ હોવાથી તબો એકાંતવાસમાં શું કરે છે તે નિરખવા તેણે ગાંઠ વાળી. તેથી એક દહાડે હમેશ મુજબ મંદિરમાં તબો ભરાયો હતો ત્યારે અંદર શું શું થાય છે તે બારણાની તરડમાંથી જોવા બે માનીતા વૃદ્ધ ચેલા સાથે મહન્ત ત્યાં ગયા.

મહામાયાની સન્મુખ, માથું નીચે રાખી, પગ હવામાં ઉંચા રાખી છ ત્રાંબાના દડા તેમજ બારે છરાથી હાથચાલાકીના ખેલ કરતો તબાને એમણે જોયો. દુનીયામાં જે ખેલોથી એણે નામના કરી હતી તે ખેલો મહામાયાની સેવાર્થે તે ખેલતો હતો. માજીની સેવામાં આ સાદો માણસ પોતાનું જ્ઞાન ને બુદ્ધિ અર્પતો હતો. તે ન પામવાથી સાધુઓએ હોઠ કરડયા ને 'તોબાહ' 'તોબાહ' ફફડી ઉઠયા.

જે સાધુએ તખાને જમાતમાં આણ્યો હતો તે તેને નિર્દોષ ધારતો હતો છતાં આજ એને એમ લાગ્યું કે તખો ગાંડો થઇ ગયો છે. તખાને પકડી મંદીરમાંથી ઘસડી બ્હાર કાઢવા જતા હતા તેવામાં થાનકમાંથી ગહામાયા નીચે ઉતરી આવ્યાં ને મદારીના કપાળ પર મહેનતને લીધે પરસેવાનાં વળેલાં ટીપાં સાડીના અંચળે લૂછી નાંખ્યાં.

પથ્થરના ચોસલાં પર મ્હો રાખી લાંબા સૂઇ જઇ દંડવત્ કરતા મહન્ત બોલ્યા:

" વિશુદ્ધ હૃદયના માનવી ભાગ્યશાળી છે. કારણ કે માજી તેઓને પોતાના ખોળામાં રાખે છે. " જમીન પર ફરી દંડવત કરતા બીજા ચેલાઓ બોલી ઉઠયા:

' તથાસ્તુ ! '

હીરા.

નદી ખળખળ વહી જાય છે. કિનારા પરનાં ઝાડ પવનથી હાલે છે. છતાં કુદરત કંઇ શાન્ત છે. ફક્ત ઝાડોની ઘટામાંથી ધૂમાડો નીકળતો હતો.

આમલીની ઝાડીમાં ધૂણી ધખાવી, એકાન્તમાં, ચિન્તનશલ એક યોગી બેઠો હતો. ભસ્મ શરીરે ચોળેલી છતાં ત્હેનું ભવ્ય લલાટ, તેજસ્વી આંખો, સ્મિતભર્યા ઓઠ, ભરાવ છાતી ને કદાવર શરીર જોનારનું હૃદય આકર્ષતાં. ત્હેની મૂર્તિ એકવાર નયનપથે ચ્હડતી તો કદી ભૂલાતી નહિ. ગામનાં શ્રદ્ધાળુ માણસોને ત્હેની યોગનિમગ્ન, ધ્યાનતીવ્ર મુખાકૃતિની અસર એટલી બધી થઇ હતી કે સ્હાંજ સવાર યોગીનાં દર્શન કરવાં ચૂકતાં નહિ. પવિત્રતાનાં દર્શન, સાધુતાના સમાગમ, સન્તોનો સહવાસ આ સંસારમાં વિરલ હોવાથી જયાં જયાં તે મળતાં ત્યાં ત્યાં તે મેળાપનું સાર્થક્ય કરી લેવા દૈવી આત્માઓ હમ્મેશ તત્પર રહેતા. સાધુ સન્તના સ્વરૂપમાં પરમાત્મા આ હડહડતા કલિયુગમાં દર્શન દે છે એવી શ્રદ્ધા અનેકને યોગીનાં દર્શન તથા સેવા સારૂ પ્રેરતી. અબધૂત સંન્યાસીની સેવા અનેક સંકટ નિવારે છે-ગરીબને તવંગર બનાવે છે, વાંઝીઆમ્હેણું ટાળી પિતૃઓને અવગતીયા થતા અટકાવે છે, ભયંકર વ્યાધી, ફુંક, દોરા, ધાગા કે ચીઠ્ઠીથી ઘડીની છઠ્ઠી પળમાં દૂર કરે છે, સોકયનું સાલ ટાળી ધણીને કબજામાં લેવાના કામણ દુમણના પ્રયોગો કરી આપે છે, વિવિધ મનોવાચ્છનાની પરિતૃપ્તિ

થઇ શકે છે—એવા એવા વિચારોથી દોરાઈ હજારો સ્ત્રી પુરૂષો યોગીરાજના થાનકે પધારતાં.

બપોરનો વખત હતો. મહારાજની ખાસ ઇચ્છાથી એમને એકાન્ત સેવવા દેવામાં આવતું હતું. નહિંતર લોકોનો સ્વાર્થ મહારાજને ઘડી વ્હીલા મૂકે એમ ન હતું.

આસપાસ કોઇનો પગરવ નહતો. મહાત્માની અવકૃપા વ્હોરવા કોઇની ઇચ્છા હોય એમ જણાતું નહતું. એકલા નીચું નિહાળી, ઊંડા વિચારમાં ડૂબેલા મહારાજ બેઠા હતા. મ્હોપર પડતી રેખાથી એમ જણાતુ કે મન આજ હજારો તર્કવિતર્કમાં પડયું છે. રેખાઓ વિચારની દિશા સૂચવવા અસમર્થ હતી; રેખાપરમ્પરા વિચારની ગમ્ભીરતા પ્રદર્શિત કરતી હતી.

તડકા કુમળા થવા માંડયા. દૂર દૂર વેરાયલાં ઢોરને એકઠાં કરવાની ગોવાળની હાકલ પ્રશાન્ત ઘટાઓને વીંધવા લાગી. ઊંઘમાંથી ઉઠયું હોય તેમ વન અનેક પક્ષીઓના કિલકિલાટથી ગાજી ઉઠયું. ભકતોના પગસંચાર થવા માંડયા. યોગેશ્વરને સમાધિમાંથી જાગવું પડયું.

× × × ×

" ભાભી, ત્હમારા હાથમાં શું આવ્યું ? શું ત્હમે પ્રેમનો પ્યાલો કદી નથી પીધો ? ભાઇથી ત્હમને વિખૂટાં પાડવામાં આવે—આ જન્મમાં કદાચ ફરી મળવાનો પ્રસંગજ ન આવે તો ભાભી ત્હમારી શી હાલત થાય ! સ્ત્રીઓનાં હૈયાં, કુંળાં મૃદુ, આર્દ્ર અને વ્હાલભર્યાં હોય છે. સ્ત્રીઓજ ત્હેમની બ્હેનોનાં હૃદય સમજી નહિ શકે તો પુરૂષો શી રીત્યે સમજી શકે?......ભાભી ! મ્હારા ઉપર ત્હમારૂં કેટલું બધું હેત હતું ? એક બીજાની બેલડીએ બાઝી હમ્મેશ હીંચકા ખાતાં ત્યારે આપણાં હૈયાં પણ એક

થતાં નહોતાં ? પ્રેમ શું છે તેનું સ્વરૂપ કેવું છે તેનો કયાસ ફક્ત હું ત્હમારા જીવન ઉપરથી કરી શકી હતી. જયારે તે કયાસને તાદૃશ થવાનો વખત આવ્યો ત્યારે મ્હારાં વ્હાલસોયાં ભાભી ત્હમે કયાંથી નિષ્ઠુર થયાં ? શું પ્રેમ કે ત્હેનો પ્રભાવ ચિરંજીવ નહિ હોય ? એટલામાં ભાભી ધરાઈ ગયાંતાં કે શું ?...... ભાભી! ભાભી ! ત્હમે અત્યારે તમારા કૃત્ય માટે અનુતપતાં હશો, કદાચ દૂર પડેલી નણંદ સાંભરતી પણ નહિ હોય. તમારા હૈયામાં અરે-રાટ કે સ્હેજ પણ ફફડાટ નહિ થતો હોય પણ આ હૈયું તો ચીરેચીરા થઇ જાય છે, તેમાં ધખકતું રૂધિર ઉકળી જાય છે. આંસુ થઈ ઉભરાઇ જાય છે. મ્હારા વ્હાલા કવિ ! ત્હારાં વચનોનો સાક્ષાત્કાર હવેજ મ્હને પળે પળે થાય છે:

સ્પર્શ્યો જેને પ્રણયતણખો આમ તે ઝુરવાનું,
સર્વાંગે આ અનલભડકે આમ એ દાઝવાનું.

શું મ્હારે આમ નિરન્તર ભડભડ બળયાજ કરવું પડશે ? મ્હારો વ્હાલો આવી આગ નહિ બૂઝાવે ? ત્હેની મીટે સંદે-શ્યું હતું કે ‘ મળીશ ’ તે આશામાં આ દેહ ટકી રહી છે. રડી રડી હૈયું ખાલી થવા આવ્યું છે. હવે બાકી શું રહ્યું છે ? રડવું ને વ્હાલાના વચનમાં શ્રદ્ધા. આંસુ સારવામાં પણ સુખ થાય છે. ઉકળતું હૈયું કાંઇ ધીમું પડે છે. વ્હાલા હવે તો વ્હેલા આવી આ રીબાતી, ઝુરાતીને ઉદ્ધાર. આંસુ ખેરવી ખેરવી આંખના તારા પણ ફુટી ગયા છે. હું શું કરૂં ? કયાં જાઉં ? જીંદગી આવી કેમ નિર્માઇ હશે ? નીચે ખળખળતી નદી વહે છે. મધ્ય રાત્રીએ ઝુકાવી એ કડવાશનો અન્ત લાવું ? પણ—વ્હાલો પાછો આવે તો—તેની શી દશા થાય ? શું તે ખચિત આવશેજ ? દુઃખ મ્હારી

દઢ શ્રદ્ધાને વિચલિત કરે છે. હવે તો મ્હારાથી નથી રહેવાતું. નદીના હૈયામાં પેસી આ સર્વ દુઃખનો અન્ત લાવું. એજ નિશ્ચયની સિદ્ધિ વિના બીજો આરો નથી. પણ શું આ જીવનનો અહિંજ અન્ત આવતો હશે? પરજીવન નહિ હશે? અને હોય તો ત્યાં વ્હાલાંઓ મળતાં હશે? શું ત્યાં વિજોગ નહિ પડતો હોય? ખરે! હું બહુ મુઝાઉં છું. કોઈના ખોળામાં—છાતીમાં માથું ને હૃદય સમાવી દેવા મન તલસે છે. પ્રભુ! જગત્ તો અબલાનું નથી, પણ તું પ્રેમનિધાન છતાં—"

"ભાભી! દિવસેય શું મ્હારી બાઈ સાંકળ અડકાવી બેઠાં છો?"

સફાળી ગવનના એક છેડે આંખ લૂછતી એક ભરયૌવના બારણા આગળ ગઇ. સાંકળ ઉઘડી એટલે બારણું ધક્કો મારી ઉઘાડી એક યુવતી અને એક આધેડ સ્ત્રી ઓરડામાં આવ્યાં. યૌવનના મળસ્કામાં મહાલતી, સારો દિવસ મોજશોખ ને વિનોદમાં ગાળવામાં જીવનનું સર્વસ્વ માનતી યુવતી પોતાની ભાભીને બાઝી પડી, તેના લલાટમાં ચુમ્બન કર્યું.

"ભાભી, દિવસે ગોંધાઇ રહેવું ત્હમને શે ગમે છે?" તેણે પુનઃપ્રશ્ન પૂછયો."

"સ્હેજ આડા પડવાની વૃત્તિ થઇ એટલે સાંકળ અડકાવી હતી. ઉભાં કેમ રહ્યાં છો, આવોને આ કોચપર બેસો. વાલજીની વહુ! સાદડીપર બેસને ઉભા ઉભા ટાંટીયા દુખશે."

"ભાભી ત્હમે ઊંઘ્યાં હો એમ લાગતું નથી. છાનામાનાં રડતાં હો એમ તમારી આંખ સાક્ષી પૂરે છે. આમ આખો દિવસ પીયર સંભારી રોયા કરે પાર આવવાનો છે? આપણ બૈરાંને સાસરાં વિના છુટકો છે?"

" બ્હેન આડી પડી પણ ઉંઘ આવી નહિ. ગમવા નહિં લાગ્યું એટલે આ કવિતાનો ગ્રન્થ વાંચવા બેઠી. તે વાંચતાં આંખ ભરાઇ આવી. પીયર સંભારીને રોતી ન્હોતી બ્હેન ! અહિં શું ઓછું આવે એમ છે. ત્હમે ક્યાં મ્હને હાથમાં ને હાથમાં નથી રાખતાં કે પીયર વારે ઘડી સાંભરે ? જે ઘરમાં જીંદગીભર આ-યુષ્ય ક્હાડવાનું છે તે ઘરમાં બાલપણનાં સ્મરણ પળે પળે નથી થતાં હો બ્હેન. "

" ચાલો ભાભી, અમારો ક્યાસ ખોટો પડયો. પણ અરે ત્હમને આવી આવી કવિતા વાંચવી કેમ ગમે છે ? આપણને તો વાંચવાની કદી મરજી થતીજ નથી. બહુ થાય તો વડારણો એકઠી કરી મઝાના સૂરદાર રાસડા લઇએ કે દહાડો નીકળી જાય. પણ ભાભી ત્હમો વાંચો પણ ખરાં ને સાથે વાંચતાં વાંચતાં રડો એ તો બા આપણાથી નથી સમજાતું. ખોડો સરવણ કે નથુ ડોસી ઘણીએ દુઃખની વાતો કરે છે ત્યારે કામદાર કે બીજા મહેતાઓ-ની વહુઓ ગળગળાં ગઇ જાય પણ મ્હને તો કશું નથી થતું. હોય એ તો વાતમાં સંકટ, આફત પડે. તે ન હોય તો રસ ન પડે. બધી વાતમાં એવું હોય માટે શું તે સારૂ આંસુ સારીએ ? એમ જો ઘડીએ ને પળે રડવા બેસીએ તો કેની આંખની કીકી પણ કાણી થઇ જાય. "

"બ્હેન, એ તો સઉ સઉની પ્રકૃતિપર છે. આપ વીરકુટુ-મ્બમાં જન્મ્યાં છો તેથી આપનું હ્રુદય સખ્ત વીરપરાક્રમને યોગ્ય ઘડાયું છે. જરા જરામાં તે પીગળતું નથી. પણ બ્હેન આપણ સ્ત્રીઓનાં હૈયાં તો કોમળ અને નરમજ હોય છે. પારકાનું દુઃખ દેખીને આપણને લાગી આવે એ આપણો સ્વભાવ છે. હજુ ત્હમે બાળક છો, તડકા છાંયડા જોશો, સ્નેહ આપશો અને પીશો

ત્યારે અત્યારે પત્થર જેવું લાગતું હૃદય આર્દ્ર અને કોમળ થશે, સ્હેજ સ્હેજમાં લાગણીથી આન્દોલાશે. ”

“ હશે, ભાભી, તમારા જેવું જ્ઞાન અમારામાં નથી. આવશે ત્યારે થઇ રહેશે. હું તો એક મઝાની વાત કરવા આવી છુ. ”

“ શી વાત છે બ્હેન. ”

“ શું ત્હમને જાણવાની ઉત્કંઠા નથી થતી ? અત્યારમાં ઘડપણ આવી ગયું કે શું ? ઉત્સાહ, ઉલ્લાસ કે ઉલટ તો તમારામાં ભાભી મળેજ નહિ. કંઇ નહિ, મ્હારૂં નામ મોંઘી ત્યારેજ કે જયારે ત્હમને હું મ્હારા જેવાં કરૂં ત્યારે.”

“ તમારા ગુણો મ્હારામાં આવે એ તો મ્હારા પુનિત સુકૃત્યોનો પ્રભાવ હોય તો સ્તો. જે દહાડે હું તમારા જેવી થઇશ ત્યારે મ્હારો ભાગ્યોદય થયો માનીશ. પણ શી મઝાની ખબર લાવ્યાં છો ? કંઇ સહેલગાહે પધારવાની ? ”

“ જોયું વાલજીની વહુ, ભાભીની ગમગીની કેવી ઉરાડી દીધી. ભાભી ત્હમે પણ જબરાં; મ્હારી ખબર કળી ગયાં. ”

“ પણ કહો તો ખરાં શી ખબર લાવ્યાં છો ? આજ તો ટટળાવો છોને કાંઇ ?”

“ અધીરાં ન થાઓ. ઉતાવળે આંબા ન પાકે; ચાલો સ્હામી બારીએ. ”

ત્રણે ઉઠી બારી ભણી ગયાં. મોંઘી અને ત્હેની ભાભી બારીમાંથી ડોકીયાં કહાડી નદીપારની ઝાડીમાં નજર કરવા લાગ્યાં. વાલજીની વહુ ત્હેમની પછવાડે આઘે, નણંદ ભોજાઇથી ભરાયલી બારીમાં કંઇ રહી ગયલા ખુલ્લા ભાગમાંથી કંઇ વસ્તુપર નજર ફેરવવા મથતી ઉભી.

"જુઓ, ભાભી, પેલી આમલીઓની ઘટાપર શું દેખાય છે?"

"ઝાડપર તે શું દેખાવાનું હતું? ખુલ્લું આકાશ સૂર્યાસ્તથી રંગબેરંગી બને છે તે અથવા આઘે ઝાંખી લાગતી ડુંગરા—"

"ભાભી ત્હમે તો ડુંગરાને આકાશમાંજ ગાંડાં થવાનાં છો. એમ શું આકાશના તારા ગણ્યા કરો છો. જરા નજર ઠેરવી ઝાડપર જુઓ તો ખરાં. ધુમાડાની ઝીણી સેર નીકળે છે કે નહિ?"

"હા, એ તો ત્યાંથી રોજ નીકળે છે. ભરવાડ કે મારવાડી મઉનાં ઝુંપડાં હશે તેથી ધુમાડો નીકળતો હશે. હું શું જાણું કે ત્હમે ધુમ્રસામુદ્રિકની નવી વિદ્યા શોધી કાઢી છે ને તે મ્હને શીખવવા આવ્યાં છો. મ્હેં તો ત્હમારી સુરમ્ય સાંધ્યઆકાશ તરફ નજર દોરી."

"ભાભી, ત્હમે તો બહુ ચઢયાં તો. વાલજીની વહુ—"

"જી, બા સાહેબ,"

"જવાબ દીધા વગર સાંભળને. નાહકની બોલતાં વળી અટકાવે છે. હું તો કહું છું કે જો મ્હારા ગુણ ભાભીમાં કેવા આવતા જાય છે. જોયું કેવાં ટોળ કરી જાણે છે—"

"પણ વારૂ બ્હેન, ધુમાડા વીશે શું કહેવા માગો છો. કોઇ ગરીબનાં ઝુંપડાં બળીને ખાખ થઇ ગયાં છે કે શું? ત્હેને બે પૈસાની મદદ કરવા જવું છે?"

"ના, ના, ભાભી પરોપકારની વાત અહિં નથી. જાઓ, જાઓ, ત્હમે તો આડાં ઉતરી પડી મ્હારી મુદ્દાની વાત છેડવાજ દેતાં નથી. હું તો હવે થાકી ગઈ. વાલજીની વહુ, તું ભાભીને કહે."

" બ્હેન, ત્હમેંજ કહો. હું હવે વચ્ચે આડકથા નહિ કાઢું. છાનીમાની સાંભળીશ. આવાં વિનોદી છતાં ત્હમારાં ઉત્સાહ, ઉલ્લાસ એટલામાં મરી જાય તો અમ જેવાની શી દશા ?"

" એ તો, ભાભી, જરા સ્હેજ, વાલજીની વહુ બધું જોઇ આવી છે. માટે એનેજ કહેવા દો. ચાલ કહી નાંખતો. "

" બા સાહેબ, સ્હામેની ઝાડીમાં પાંચ છ દિવસ થયાં એક જટાધારી આવી રહ્યો છે. ત્હેની ધુણીનો ધુમાડો ઝાડમાંથી નીકળતો દેખાય છે. બાસાહેબ, બાવાનાપર આખું ગામ મોહી પડયું છે. હજારો લોક એનાં દર્શન કરવા જાય છે.

" બાવાના ચમત્કારની વાત કરને ? અમસ્તી બીજે નકામો લવારો કર્યાં કરતાં. "

" મોંઘીબા, એને ફાવે તેમ કહેવા દોને. નહિતર એને કહેવામાં રસ નહિ પડે. "

" વારૂ ત્યારે કહે છે તેમ કહે. :'

" બા સાહેબ, એ બાવાના ચમત્કારની તે શી વાત કહું. મ્હારી પડોસમાંના નારાયણરાવ ફોજદારની જડીને વીસ વરસ થયા છતાં સારો અવસર આવ્યો નહોતો, તે એની બા સાથે બાવાજીનાં દર્શન કરી આવી એટલે આશાનાં ચિહ્ન જણાયાં. હોઢીપરના આરબ જમાદારનો જમાલીઓ તાવે એટલો બધો ધીકતો હતો કે બધાએ એની આશા મૂકી હતી. પણ એવામાં બાવાજી ભીક્ષા લઇ એના ઘર આગળથી જતા હતા. ત્હેમને લખુજી જમાદાર બોલાવી લાવ્યો. બાવાજીએ હાથ મૂક્યો, એટલે તાવ કોણ જાણે કયાં જતો રહ્યો, જરાએ ખાતો નહોતો તે હવે રૂચિથી ખાય છે.—

" પણ પેલા રૂપીઆની વાત કરને ?

" ખા સાહેબ ગામમાં ઠેર ઠેર વાત ચાલે છે કે નારણજી-આ ભગતપર મહારાજની ઘણી મહેરબાની થઇ છે તેથી પૈસાના રૂપીઆ બનાવવાનો ઇલમ એને શીખવાડે છે. કહે છે કે મોડી રાતે મસાણમાં બન્ને જાય છે ને ત્યાં કાંઇ પ્રેત બેતની સાધના કરે છે. "

" વાલજીની વહુ, આ વાત કોઇએ નજરે જોયલી કહી કે ફક્ત ગામ ગપાટો છે ? "

" હું જાણુતી હતીજ કે ભાભી આવી વાત કદી માનવાનાં નથી. પણ ભાભી આ વાત તો આખા ગામમાં ચર્ચાય છે. વાલજીની વહુએ આ વાત રામજી પાસેથી સાંભળી હતી, કેમ ખરૂં કેની ? "

" હાજી, બાસાહેબ, રામજીભાઇ રાતે રોન ફરવા ગયલા ત્યારે નદીને કીનારે ચેહ સળગતી હતી અને બે જણાં ત્યાં કાંઇ કરતા હતા. "

" ભાભીસાહેબ, આ વાત સાંભળીને બાવાનાં દર્શન કરવાનું મન થઇ ગયું છે. "

" બ્હેન, વાલજીની વહુની વાત ખરી હોય તો એવા મેલી વિદ્યાવાળા પાસે આપણે સારા માણસે જવું ઉચિત છે ? "

" ભાભી, ત્હમે તો પૂરૂં બોલવા પણ નહિ દો કે શું ? જે માણસ આવા આવા ચમત્કાર કરી શકે ત્હેનાં દર્શન તો કરવાંજ જોઇએ. ન્હાનપણથી મ્હેં ઘણી ભૂતપ્રેતની વાતો સાંભળી છે તેમને જોવાને હમેશ ઉત્સુક રહું છું. જોઉં તો ખરી કે એ બધું શું છે ? ભાભી આ વાત સાંભળી ત્યારે મ્હને એમ થઇ ગયું કે રાતના એકલી મશાણ જાઉં ને તમાશો જોઉં. "

" બડી ત્હમારી હીમ્મત ! પણ બ્હેન હજુ ત્હમે ન્હાનાં છો; ત્હમારા અનુભવ થોડા છે; જગત્‌માં ઢોંગ ધતૂરા કેટલા ચાલે છે અને તેને લીધે કેટલા બધા ફસાય છે ત્હેનો તમને ખ્યાલ પણ નહિ હોય—

" હશે, ભાભી, ગમે તેમ હોય. આટલું મ્હારૂં કામ કરાવી આપવું પડશે ગમે તેમ કરી કાલે ત્યાં જવા ભાઇ પાસે રજા તેમજ બંદોબસ્ત કરાવી આપવો પડશે એટલુંજ નહિ પણ ત્હમારે સાથે આવવું પડશે. ત્હમારી લાડકી નણંદનો આ બોલ નહિ ઉથામાય. "

" બ્હેન હજુ ત્હમે નાદાન છો. એવા એવા જોગટાની પાછળ ભમવામાં આપણી શોભા નહિ. "

" ભાભી, અમારી નાદાની આ ફેરા ત્હમારે સંતોખવી પડશેજ. વચન આપો કે આજે ભાઇ પાસેથી બધી સગવડ કરાવી લેશો નહિ તો રૂસણાં લઇશ પછી જખમારીને ત્હમારે કરવું પડશે."

" ના, ના, બ્હેન એમ છેલ્લે પાટલે જઇ બેસવાની જરૂર નથી. હવે ત્હમે વયમાં આવતાં જાઓ છો માટે છોકરમત કાઢી નાંખો. આ ફેરા તો હું તમારે વાસ્તે રજા મેળવીશ.

" શાબાશ, ભાભી, એટલુંજ જોઇએ છે. અગાડીની વાત અગાડી પર છે જો આટલું કરી આપશો તો હું જન્મભર તમારૂં અહેસાન ભૂલીશ નહિ. "

" બા સાહેબ " એક ખવાસણ અંદર આવી ફૂર્નસ બજાવી બોલી " વખત થવા આવ્યો છે, ન્હાવાની તૈયારી કરૂં ?"

" ચાલો ત્યારે ભાભી તમે ન્હાવા સીધારો-ને અમે ફળીઆમાં જઇ હોલીઆપર બેસી ગપ્પાં મારીશું. "

(મોંઘી અને વાલજીની વહુ જાય છે. હીરા વિચારમાંજ રહે છે, ખવાસણ ઉભી છે.)

" કોણ જાણે અત્યારે મ્હને કંઇ ઠીક લાગે છે. સારો દિવસ ગમગીનીમાં જતો પણ અત્યારે તો મનપરથી ભાર જતો રહ્યો હોય એમ લાગે છે. આનન્દની વૃત્તિથી રોમાંચ ઉભાં થયાં છે. ડાબી આંખ પણ ફરકે છે. આ સર્વ શેનું સૂચન.—"

" બા સાહેબ, ન્હાવાની તૈયારી કરૂં " એ શબ્દોએ વિચારોમાં ભંગ પાડયો. ખવાસણ હજૂ સૂધી ત્યાં ઉભી રહી હતી તેની પોતાને કામ ન રહેવાથી વિચારમાં બેસી રહી તે ખોટું કર્યું એમ લાગ્યું. ન્હાવા તૈયારી કરવાનું કહી ઉઠી, ગવન ઠીકઠાક કરી પોતાની વસ્તુઓ છુટી છવાઇ બપોરથી પડેલી હતી તેમને તેમના યોગ્ય સ્થાને ગોઠવવામાં પડી.

૨.

આજ સ્હવારથી હીરા હમ્મેશ મુજબ ઉદ્વિગ્ન નથી. કંઈ અવનવી અકલિત મનોવૃત્તિએ ત્હેને ઉલ્લાસ અને વિનોદમાં પ્રેરી છે. મમરાની પોટલી બાંધી બારી આગળ ઉભી ઉભી મમરાની મઠી નાંખી માછલાંઓની રમત નીહાળતી તે ઉભી છે. આજ ઘણે દિવસે આ વિનોદ અનુભવે છે.

મમરા થઇ રહ્યા. માછલાં પાણીમાં ભરાઇ ગયાં. ખાલી રૂમાલ હાથમાં ઝાલી હીરા ઉભી. પાણીપરથી નજર ઉખેડી લેતાં સ્હામે પારની તરૂમાળાપર નજર પડી. ધૂમાડાની સેર નીકળતી હતી.

આજ વિનોદનો આવેશ એટલો પ્રબળ હતો કે ધુમાડાની ગતિ અનુસરવા વૃત્તિ થઇ. ધારી ધારી ધુમાડાના ગોટેગોટના ગૂંછળા ઉકેલવા લાગી; આમ ઉકેલવામાં ત્હેની વિનોદવૃત્તિ

ખીલતી ચાલી......વિનોદવૃત્તિ સરવા લાગી, ગંભીરતા પ્રસરવા માંડી. આત્મસ્મૃતિ ગુંજતી હતી. 'સ્મૃતિમાં સંતાતા' અમુક દિવસો બ્હાર ધસી આવ્યા. પાછલા સંસ્કાર પ્રદિપ્ત થયા. અંતરમાં વિલાસીવિનોદ કે વિચારશીલતાની પથરાતી સત્તા મુખપર પ્રસરતી ચાલી, ધુમ્રરેખાપર નજર બરાબર ઠેરવી. પોતાની ધારણા ખરી પડતી હોયની એમ મુખચ્છવિથી પ્રદર્શિત કર્યું, ઉદ્દ્ગાર નીકળી પડયાઃ આ ધૂમાડો 'હીરા' 'હીરા' જલખ્યા કરતો હોયને એમ ભાસે છે " પાછી વિચારમાં પડી, ધીમી ઉદ્દ્ગારધારા છૂટીઃ" શું ત્યારે મ્હને ભૂલી નથી ગયો. યોગીસ્વરૂપ લઇ મ્હારી સન્મુખ આવી ઉભો છે ને. શું આમ રોજ 'હીરા' 'હીરા' કરી આમ ચીસ નાંખતો હશે. પણ કદાચ આ ભ્રમણા હશે. મ્હારી મનઃસ્થિતિ હું ધુમાડા જેવી અવ્યવસ્થિત વસ્તુપર આરોપું છું. સત્ય કે ભ્રમણા? ઘડીમાં આશા ઘડીમાં નિરાશા, પળે પ્રફુલ્લ, પળે ઉદ્વિગ્ન એ કેવા ક્રૂર નિયમ! મનની આ કેવી અસ્થિરતા! શું છે ને શું નહિ? મુઝવણ કોણ મટાડશે?"—મનના થાકની સાથે શરીર પણ શ્રમિત થઇ ગયું. મુંઝાતી, અકળાતી કોચપર પડી.

× × × × ×

કાલના જેટલો વખત થયો છે. મોંઘી ભાભી પાસે આવી. " ભાભી કોની છબી પાડો છો? કાંઇ કળ ફેરવ્યાજ જાઓ છો જે? કેટલી છબી લ્યો છો?"

માથું હલાવી નણંદને બારી પાસે બોલાવી, ઇસારતે થોડીવાર જે થતું હતુ તે જોયા કરવાનું કહ્યું. પાંચેક મિનિટમાં છબી પાડવાનો વ્યાપાર બંધ પાડી કેમેરાને કાળા કપડામાં લપેટી અંધારા ખુણામાં મૂકી હીરા મોંઘી પાસે જઇ ઉભી. " બ્હેન, ગમતું નહોતું

એટલે મન થયું કે લાવ જે સામા કીનારાપરના ઝાડ, તે પર ઉડતાં પંખીઓની તસ્વીર લઉં, વિચાર થયો કે ક્ષણુંક્ષણુ તસ્વીર લેવાયાથી પવન કે પંખીઓની ગતિ માપી શકાય કે નહિ?"

"ત્હમે ત્હમારે એવી એવો માથાફૂટ કર્યા કરો. પણ કેમ કોણુ જાણે ત્યારે સાંભર્યું નહિ?"

"શું સાંભર્યું નહિ?"

"ભાભી, પેલા બાવાનું રૂપ જાયું? તેજની તો ધારા છુટતી હતી જોણે. કોઇ રાજવંશી લાગતો હતો. બધા વાત કરતા હતા કે આવો યોગી જન્મારામાં કોઇએ જોયો નહોતો."

"પણ ત્હમે શું વીસરી ગયાં'તાં?"

"સ્હવારે કેમેરા સાંભર્યોજ નહિ. બાવાની છબી પાડી લીધી હત તો કેમ?"

મનને આ વાત રૂચી—હૃદયને વ્હાલી લાગી પરંતુ વ્યવહારને અસંતોષ થયો, "બ્હેન, જે થયું તે ઠીકજ થયું, એવા ભમતા રામની છબી પાડી લેવી એ આપણે લજ્જાસ્પદ થવા જેવું છે."

"વારૂ, ભાભી, ત્હમને જે લાગે તે ખરૂં. પણ ભાભી, કાલે ત્હમે એ બાવાની તોછડાઇથી વાત કરતાં હતાં. અત્યારે પણ એમજ કરો છો. છતાં સ્હવારે તો એની ઘણી ખાતર બરદાસ્ત કરીને? કેવો સરસ ગુંથેલો હાર પહેરાવ્યો. હીરાની વીંટી દક્ષિણામાં આપવા તત્પર થયાં હતાં. જો કે એણે તે લીધી નહિ. આવી સરસ હીરાની વીંટી એણે પાછી વાળી એ જોઈ મ્હારા મનમાં તો એ બાવાને માટે અતિશય પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. ત્હમે કહો છો તેમ એ કોઈ ઢોંગી, રખડતો ભામટો નથી. કોઇ

તપસ્વી છે આ ભૂમીનું પ્રારબ્ધ જોર કરતું લાગે છે નહિ તે એનાં પગલાંઅહીં ક્યાંથી.'

" બ્હેન, અતિથિના આદર સત્કાર કરવો એ આર્ય ગૃહિણીનું પરમ કર્તવ્ય છે. તે શાસ્ત્ર આદેશ અનુસાર હું સ્હવારે વત છું. ઘણાએ ધૂતારા એવા પ્હોંચેલા હોય છે કે શરૂઆતમાં સદાચરણને સાધુતાથી સારી છાપ પાડી, સ્હામાને મોહમાં નાંખી અનેએવો હાથ બતાવી જાય છે કે જગત્‌માં સાધુતાના અસ્તિત્વ સંબધી સંદેહ ઉત્પન્ન થાય છે. એ તો " જુવો ભાઇ જગત્‌ના બાવા, ભેખ ધર્યો ધૂતી ખાવા. "

" ભાભી, અત્યારમાં ત્હમારા કેટલા અનુભવ થઈ ગયા કે આટલુ બધું નૈરાશ્ય આવી ગયું ને સૃષ્ટિમાં સદંશ વિનષ્ટ થયો હોયને એવી પ્રતિતિ કરી બેઠાં છો. વારૂ, ઠીક, એ બધું ત્હમારૂં પુસ્તકનું જ્ઞાન હશે. પણ અરે, ત્હમે પણ જબરાં ટીખળી ને વિનોદી થતાં જાઓ છો. બાવાજી આવ્યા ત્યારે ગ્રામોફોન વગાડવા બેસી ગયાતાં'ને કંઇ ?"

" એ તો બ્હેન કાગડાનું બેસવું ને તાડનું પડવું. વાલજીની વહુને ત્હમને બોલાવી લાવવા મોકલી એવામાં એનો જીવો બહુ રોવા લાગ્યો. ઘણુંયે છાનું રાખવા મથી પણ ત્હેનું રડવું રહેજ નહિ એટલે ગ્રામોફોન વગાડી તેને રોતો રાખવા ઉપાય યોજયો. એટલામાં ત્હમે આવ્યાં અને અભ્યાગતની પણ પધરામણી થઇ. એ ગડબડમાં ચાંપ દાબી બંગડી-ફરતી-ફરતી અટકાવવાનું ભૂલી ગઈ. (મનમાં) "દમ્ભ, અસત્ય જગત, તું અમને દામ્ભિક કેમ બનાવે છે? દ્વિધા જીવન ગાળવું એ શું મનુષ્યને ઉચિત છે ? "

" હા બરાબર, હું ઓસરીમાં પેઠી ત્યારે અવાજ નીકળતો હતો. ભાભી, આમ દર્શન કરવામાં કાંઇ મઝા નહિ આવી. એને થાનકે ગયાં હોત તો એના દેવ, ધૂણી વગેરે જોત. કોણ કોણ ત્યાં

આવે જાય છે, ત્યાં શું શું થાય છે ? વાલજીની વહુ જે કહેતી હતી તે પ્રત્યક્ષ જોવાનો પ્રસંગ મળત, પણ ભાભી, ત્હમારૂં પ્હેલેથીજ મન નહિ એટલે હમને ભાઇ પાસેથી રજા મેળવી. ”

“ કેટલી મ્હેનતે આટલી હા પડાવી તોયે અપવાદ તો રહ્યો. ત્હમારા ભાઇ તો નાની ના પાડતા હતા. ત્હમને વચન આપ્યું હતું એટલે ગમે તેમ કામ પાર પાડવું જોઇએ. છેવટે પછવાડી લાગીને આટલી હા પડાવી. જોગીને થાનકે જવાની ગાફ ના પાડી તો પાડી પણ ઉલટી મ્હને ધમકાવી. અતિશય કાલાવાલા કર્યા ત્યારે ઘેર બોલાવી આતિથ્ય સત્કાર કરવાની પરવાનગી આપી.”

ભાઇ, બહુ હઠીલા છે તો, એમને જટાભસ્મમાં કાંઇ શ્રદ્ધા નથી, પણ ભાભી, ત્હમારો બોલ ભાઇ પડયો નહિ રહેવા દે માટે ત્યાં જવાની પરવાનગી મેળવજો. જોઉં તો ખરી કે ભૂત કેમ કહાડે છે, દોરા મંત્રીને રોગ કેમ સાજા કરે છે, રાખની ચપટીથી–

“ મોંઘીબા સાહેબ, હીરામલ ખુબ પાંખો ફફડાવે છે, આખું પાંજરૂ હચમચાવી નાંખે છે. ઘણુંએ કર્યું છતાં શાન્ત પડતો નથી ”—આ શબ્દો એક વડારણ ગભરાતી, હાંફતી ઓરડામાં આવી બોલી. મોંઘી અડધું સાંભળતાં જ પોતાના વ્હાલા પોપટની સારવાર માટે એકદમ કૂદકા મારતી ગઇ. હીરા પણ પેલી વડારણ સાથે ત્યાં ગઇ.

× × × × ×

રાત પડી ગઇ છે. નિદ્રાનું સામ્રાજ્ય પ્રસરતું જાય છે; ફક્ત હીરાના શયનખંડમાં નિદ્રા આજ પ્રવેશ પામી શકતી નથી. એક મ્હોટા ટેબલ આગળ ચોતરફ રોશની રેલાવતો ગ્યાસ લેમ્પ છે. ટેબલપર એક મ્હોટા કાર્ડપર ટાંકણીથી મઢેલી છબીઓ છે. પોતાની સન્મુખ તે કાર્ડ ધરી, પૂરતો પ્રકાશ લાવી, મેગ્નીફાઇંગ

ગ્લાસમાંથી હીરા ધારી ધારીને જુવે છે. જોઇ ગ્લાસ ટેબલપર મૂકી, સ્વૉનપેનથી એક નોટબૂકમાં કાંઈ લખતી જાય છે. આમને આમ કેટલો વખત ગયો ત્હેની ખબર પડી નહિ. કેદખાનાની ઘડીયાળના બારના ટકોર થયા. પેન મૂકી દીધી, છબી ખાનામાં સેરવી દીધી, દીવો ઝીણો કર્યો, ગ્લાસને ઠેકાણે મૂક્યું. ગવનને છેડે પરસેવો લૂછતી પાસેની ઓરડીમાં ગઇ. નળ ઉઘાડી મ્હોં ધોયું. પાનની રકાબીમાંથી પાન મ્હોમાં મૂક્યું. વૉલસીટ સળગાવી એક ન્હાના ગોળ ટેબલપર મૂકી, તે ટેબલને બારી પાસે પડેલા આરામ ખુરશી નજીક લઇ જઇ, પેલી નોટબૂક લઇ તે ખુરશીપર પડી. નોટબૂક ઉઘાડી વાંચવા જતાં વંચાયું નહિં, આંખે ઝાંખ વળવા લાગી, " ત્રણેક કલાક લગી એક ટશે જોયા કરવાથી હવે નજર ઠરતી નથી, ગમે તેમ થાય પણ અત્યારે એ વાંચ્યા વિના મૂકનાર નથી. હજુર સાહેબે પણ આજ કૃપા કરી છે કે શિકારની સહેલગાહે નીકળી પડયા છે." આમ બોલી ઉઠી, નળ તળે આંખ પાછી ધોઇ, ગૂલાબજળનાં ટીપાં નાંખી, સ્હેજ વાર બારીએ ઉભાં રહી શીતળ હવા લઇ પાછી ખુરશીપર પડી. આંખ ઠેરવી વાંચવા માંડયું.

" હાર, વીંટી અને ગ્રામોફોને સંદેશો પ્હોંચાડયો છે. દર્શનની અભિલાષા રહી. શું હૃદય એટલું નિષ્ઠુર થયું છે? નહિ તો આજ આટલા દિવસ થયા ધૂણી ધખાવી ' લયલા ' ' લયલા 'નુંજ રટન કરે છે, પણ લયલાને કદર ક્યાં છે ? હીરા, હીરા, આ હૃદયની કહાણી તું કેમ સાંભળતી નથી. શું આપણો સમ્બન્ધ તૂટયો ? હા ! ક્રૂર, હૃદયહીન મેના, ત્હેં અમને વિખુટાં કર્યાં એટલુંજ નહિ પરંતુ હમેશને માટે છુટાં પાડયાં. હીરા, હીરા, બાહ્ય વિશ્લેષથી ત્હારૂં હૃદય મ્હારાથી અળગું તો નથી થયુંને ? " " વ્હાલા એવો પ્રશ્નજ શાને ?" એ શબ્દો હીરાના મુખમાંથી સરી પડ્યા. ત્હેના

મુખપર આવેશનું પ્રતિબિમ્બ પડતું હતું. ત્હેની છાતી ધબક ધબક થતી હતી. વાંચવાનું અગાડી ચલાવ્યું: "આ દુઃખી આત્માની કથા, હીરા, સાંભળીશ ? ત્હેને આશ્વાસન આપીશ ? એ આશ્વાસન માગવાનો હક્ક રાખ્યો છે કે નહિ? હારે અને ગ્રામોફોને ત્હારી કથા કહી. ત્હારી સ્થિતિ પણ મ્હારા જેવીજ છે. વ્હાલી, આ દુઃખનો અન્ત ક્યારે આવશે? અન્ત આવવાનો હો ત્યારે આવો પણ મ્હારી કથા કહી આજ હૈયું ખાલી કરીશ." આંસુથી નોટમાં ડાઘા પડયા. "ત્હારી ભાભીના નિષ્ઠુર, અમાનુષ આચરણથી હું મનની અનેક આધિયે વ્યથિત થયો. ગાંડા જેવો થઈ ગયો. જીવવું ભારે થઇ પડયું. ચિત્તભ્રમ, હૈયાસૂનો જંગલમાં ભટકવા લાગ્યો. ભૂખ કે તરસની દરકાર વગર 'હીરા' નો જીવ જપતો જયાં જવાય ત્યાં ચાલ્યો. મન અને શરીરના કષ્ટની અવધિ આવી પ્હોંચી. બેભાન થઇ પડયો. ભાન આવ્યું ત્યારે એક નેસડાના આંગણામાં પડયો હતો, શરીર અતિશય કળતું હતું. કમતાકાતી અને કળતરથી ઉઠવા ગયો પણ ઉઠાયું નહિ, ખાટલાપર પડી રહ્યો. છેટે મ્હોટું તાપણું સળગાવી બે ત્રણ ભરવાડ હુક્કો ગગડાવતા પડયા હતા. ત્હેમની વાતચિત કાને અથડાઇ. ગોરખનાથના અતુલિત પ્રભાવની વાત થતી હતી, પૂર્વે આવી વાતોમાં શ્રદ્ધા ન રાખનાર, આજ તે ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો. વાત પૂરી થઇ. એક વૃદ્ધ ભરવાડ મ્હારી કને આવ્યો. મ્હારામાં શુદ્ધિ આવેલી જોઈ ત્હેને હર્ષ પ્રાપ્ત થયો. ત્હેમના ગ્રામ્ય-આતિથ્યનો સત્કાર કરી કૌવત મેળવી થોડા દિવસમાં હરતો ફરતો થયો. દરમ્યાન ગોરખનાથ અને ત્હેમના સ્થાનક સંબન્ધી સર્વે હકીકત જાણી લીધી. એક રાતે નેસડો મેલી તે થાનકે ગયો. થઢથી થોડે દૂર એક શિલા પડી હતી તેપર બેસી શંખ ફૂંક્યો."

મીણબતી થઇ રહી, વાલસીટ હોલવાઇ ગયું. હીરાના હૈયામાં અનેક ઉથલપાથલ થતી હતી. આવેશની ભરતી ચડી જતી હતી. દીવો જતો રહ્યો; તોપણ થોડીવાર લગી ખુરશીપર તે પડી રહી. તેના શરીરમાં લોહી આજ ખૂબ જોશથી દોડતું હતું. "પ્રેમનિધાન પ્રભુએ એને સુખનો દિવસ આણ્યો ખરો." એટલું બોલી, ઉઠી, જોઇતી સામગ્રી મેળવી દીવો ફરીથી પ્રકટાવ્યો. આંખ લૂછી, પાણી પી, નોટબૂક હાથમાં લીધી. "મેઘાચ્છન્ન રાત્રી હતી. કાળા ભૂતાવળી સમા ડુંગરો બ્હીઆમણા ઉભા હતા. હૃદયમાં કાંઇ કાંઈ ગડમથલ થતી હતી. જયાં નજર પડતી ત્યાંથી ભયભીત થઇ પાછી આવતી. બાહ્ય સૃષ્ટિ સાથે સંબંધ ન રાખવાનો ઠરાવ કરી આંખ મીચી 'હીરા'નો નામોચ્ચાર કરતો શિલાપર બેઠો. પુનઃ શંખ ફુંક્યો. તે વખતની મારી સ્થિતિ વર્ણવી શકતો નથી. જીવન, મૃત્યુ, ધ્વંસ –શું પ્રિય, શું પ્રાપ્ય છે. હીરા સાથે મેળાપ થશે કે નહિ? ઇહ લોકમાં ફરી ન મળાય તો પરધામમાં કે પુનર્જન્મમાં થશે? ત્યાં પણ નહિ તો જીવન કે મૃત્યુ સરખાંજ છે. સંપૂર્ણ ધ્વંસ વિના બીજો કયો આરો? પણ તે શું શક્ય છે? આવા અનેક તર્કવિતર્કથી મુંઝાતો હું રડતો હતો. હું કયાં છું તે પણ સ્મરણમાંથી ખસી ગયું. આકાશમાં ગર્જના થઇ. વીજળીનો ચમકારો થયો. આંખ એની મેળે ઉઘડી ગઇ. ક્ષણિક પ્રકાશમાં એક જોગીની મૂર્તિ સમીપમાં ઉભેલી નીહાળી. મનોવૃત્તિના વિવિધ વ્યાપારથી શિથિલ થઈ ગયો હતો. શિલાપરથી ઉઠવાનું મન થયું પણ ત્યાંને ત્યાં જકડાઇ રહ્યો, 'કોણ છે? આવે વખતે શંખ ફુંકે છે?' બીજી ગર્જના થઈ. ગિરિમાળા અને વનગાજી ઉઠયું. દિગ્મૂઢ જેવો હું સ્તબ્ધજ રહ્યો. યોગીરાજે માથાપર હાથ મૂકયો ને ફરીથી પ્રશ્ન પૂછયા. ઘણો ઘણો પ્રયાસ કર્યો છતાં ઉત્તર ઓઠ બહાર નીકળી ન શકયો.

યોગીરાજને દયા આવી. હાથ પકડી ઉભો કર્યો ને મઠમાં દોરી ચાલ્યા. સ્વયંચલ પૂતળાની પેઠે અનાયાસે હું તેઓ લઇ ગયા ત્યાં ગયો. મઠના ફળીઆમાં ચોતરાપર મ્હને બેસાડયો. કમંડળમાંથી પાણી છાંટી, વાંસે હાથ ફેરવવા તેઓ મંડયા. આ ઉપચારોથી જીવ હેઠે બેઠો. સંસારથી વિરકત થઈ ભેખ લેવા આવ્યો છું એ ઈરાદો જણાવ્યો. પ્રસન્ન મુદ્રાએ યોગીએ દિક્ષા આપી. સંસારનાં વસ્ત્રો ઉતારી કફની, કમંડલ ને ચીપીઓ લીધાં. બે દિવસ મઠનો મેમાન થયો. યોગીની ધર્મશાળામાં વિરલ સુખ ભોગવ્યું. એક દિવસ ....મમતા........." હીરા સ્હેજ ખિન્ન થઇ. " કોણ જાણે કેમ શું થયું તે સ્હમજાતું નથી. કેમેરા હાલી ગયો, અજવાળું વત્તું ઓછું પડયું કે દવાની વધઘટ થઈ અથવા ત્યારે ધુમાડાની સેર બરાબર નીકળી નહિ. વ્હાલો અહિં કેવી રીત્યે, કયારે આવ્યો વગેરે હકીકત ઘણી મહેનત કર્યા છતાં ઉકેલાતી નથી. દહાડે ફરી મહેનત કરી જોઇશ." પાછી નોટબુકમાં નજર નાંખી. " આજ ધૂમાડાદ્વારા મ્હારી કથા કહું છું. હીરા, તે સાનુકંપ વધાવજે. સારી રીતે ત્હારી બારી ભણી દૃષ્ટિ ફેરવી બેસીશ. પ્હેલાંની પેઠે દીવા મારફત સંદેશા આવવાની રાહ જોઇશ. પ્રભુ મેળવશે ત્યારે તું જોઇ શકીશ કે આ હૈયું કેવી કેવી વ્યથાઓથી વ્યાકુલ છે. પ્રિય, વ્હાલી ! હીરા ! સ્નેહસ્મરણ."

નોટ હાથમાંજ રાખી, હીરા થોડો વખત ખુરશીપર પડી રહી. ત્યાંથી ઉઠી દીવો સળગાવી બારીમાં મૂકયો. થોડીવાર ઉભી રહી. નજર નાંખતાં ઝાડની ઘટામાં અગ્નિની પાતળી તસર જણાઇ. પાંચ સાત મિનિટ સૂધી દીવો ઝીણો મ્હોટો કર્યો. દીવો બારીમાં-જ રહેવા દઈ પાસેના ખંડમાં વૉલસીટ લઈ ગઇ. ત્યાંથી દોરડાની નીસરણી લઇ પાછી આવી. આવતાં એક મ્હોટી છબીપર દૃષ્ટિ

પડી. એકદમ અટકી "મોંઘી બ્હેન! આ પ્રસંગ આણનાર ત્હમે ત્હમારૂં ઋણ કયે જન્મ ફીટાડીશ?" વ્હાલભરી નજર નાંખી, બારી પાસે જઇ, નીસરણી જાળી સાથે બાંધી, જાળીનું તાળું કેડે ખોસેલા ઝુમખામાંની કૂંચીથી ઉઘાડી, જાળી નદીપર ક્હાડી બારી ખુલ્લી કરી. જાળી બ્હાર નીકળવાની સાથે નીસરણી પણ પાણીપર ટંગાઇ-પાણીમાં ઝબકોળાઇ. દીપ પલ્લવીનો કાંઇ ઉત્તર મળ્યો નહિ તેથી પુનઃ તે વ્યાપાર આરંભ્યો. સ્હામે કીનારે ઘડીમાં દેખાતી તો ઘડીમાં નહિ એવી અગ્નિની તસર વધતી ચાલી. મ્હોટું તાપણું થયું. થોડીવારે હોલવાઇ ગયું. કંઇ યાદ આવ્યું હોય એમ હીરા દીવો ઝીણો કરી ઓરડામાં પાછી ફરી. બારણાની સાંકળો તપાસવા ગઇ. નજર ઉંચી હોવાથી, પ્રિય મનોવૃત્તિનો ઉપભોગ લેતી હોવાથી, બારણાં પાસે સૂતેલા કૂતરાની ખબર રહી નહિ. ત્હેનાપર પગ પડતાંજ 'ઓ રે' ની બૂમ નીકળી ગઇ; પાસે પતિના બાવલાનું લોખંડી સ્ટેન્ડ ન હોત તો જમીનપર અફળાતજ. દબાયાથી કૂતરે પણ ચીસ પાડી. ઘોંઘાટ, બાવલું, કૂતરો વગેરેએ એને બ્હાવરી બનાવી દીધી. ગભરાતી ગભરાતી બારણે કાન માંડી ઉભી રહી. બ્હાર સળવળાટ કે પગરવ સંભળાયો નહિ. જીવ શાન્ત થયો. સાંકળ તપાસી, કૂતરાને ઉઠાડી પાસેની ઓરડીમાં પૂરી દીધો.

થોડીવાર પરનો આલ્હાદ ઉડી ગયો છે. બાવલાપર નજર પડતાંજ મનની સ્થિતિ પલટાઇ ગઇ છે. ગુન્હેગારની માફક નજર તે તરફ ન જાય માટે બીજે નાંખવા લાગી, ત્યાં તો રાજાજીની આખા કદની તસ્વીર દેખાઇ. દીવાનો પ્રકાશ ઝાંખો, ખંડ વિશાળ હોવાથી ભ્રમિત, વ્યાકુળ ચિત્તને એમજ ભાસ્યું કે સાક્ષાત પતિ ત્યાં આવી ઉભા છે. કરડી આંખે ત્હેનાં કૃત્યો નીરખે

છે. ઉભી હતી ત્યાં સજ્જડ થઇ ગઇ. "ક્યાં જાઉં ? શું કરૂં ?" શકુન્તલાએ જ્યારે યાચ્યું હતું કે **भगवति वसन्धरे, देहिमे विवरम्** તે વખતના જેવી સ્થિતિ હીરાની થઇ, જમીનમાં સમાઇ જવા ઇચ્છા થઇ. આવેગ શમ્યો. બ્હીતી, ધ્રુજતી, નીરવ પગલે છબી સમીપ ગઇ. ઘુંટણીએ પડી પતિના ચરણ સ્પર્શ કરવા ગઇ. ભાન થયું કે તસ્વીરથી તે ભડકી હતી. રાજાજી તો અત્યારે કોઇ અટલ, ગીચ જંગલમાં હતા. કંઇક ધબકારા ઓછા થયા, ચિત્તનો ઉદ્વેગ બેઠા. મુખપરથી વિષાદ, દીનતા, ભયની કરચલીઓ સરવા માંડી, પણ તે સાથે અંતરાત્માની ગંભીર, જીવનભેદતી ઘોષણા સંભળાઇ. વિવિધ મનોવૃત્તિનું તુમુલ યુદ્ધ મચ્યું. પોતાનાં કૃત્યો દોષાન્વિત, પાપી, અધમ જણાયાં. પણ પાછા પીયરમાં ગાળેલા વ્હાલભર્યા પ્રસંગો સાંભર્યા. કર્તવ્યની દિશા અનિશ્ચિત થતી ચાલી.

× × × × ×

બારી નીચેનાં પાણી ખળભળ્યાં પણ ત્હેની અસર ઉપર ઓરડામાં થઇ જણાઈ નહિ. જોતજોતામાં પાણીથી નીતરતો, થંડીથી ધ્રુજતો જટાધારી, રાજાજીની તસ્વીર સન્મુખ ઘુંટણીએ બેઠેલી રાણીને બાઝી પડયો. નદીના શીતળ જળથી ત્હાડા થયલા હાથપર ગરમ પાણીની ધારા પડી. "હીરા, મ્હારા પ્રાણ, રૂવે છે કેમ ?"

જટાધારીના હાથમાંજ હીરા બેભાન થઇ ગઈ.

૩.

રાજ્યકાર્ય પ્રસંગે રાજાજી પરદેશ ગયા છે.

આજ અમાંસ છે. 'અન્ધકાર શ્યામળ જયધ્વજ ફરકાવતો,

ઘનદળ ત્હેના ચરણમાં નર્તતું ' પ્રલયના મેઘ ઉલટયા હોય એમ વર્ષાદ મૂસળધાર પડે છે. સાથે વાવાઝોડું છે. નદી પૂરથી છલકાઇ ગઇ છે ત્હેનો કોપ માતો નથી; જન, જનાવર, મકાન, સામાન જે આવ્યું તેનું ભક્ષણ કરતી જાય છે. રૈયત ત્રાહિ ત્રાહિ પોકારી રહી છે.

હીરા અને મોંઘી રાજયમહેલની એક અગાસીમાં ઉભાં છે. પાછળ મહેતા મુત્સદ્દીઓની વહુઓ અને ખવાસણનું ટોળું છે. વર્ષાદમાં ભીંજાઇ સર્વ રસબોળ થઇ ગયાં છે. હીરા કીનારી નજીક ગઇ, મોંઘીના હાથમાંથી ચુંદડી, ખંગડી વગેરે લઇ નદીમાં નાંખ્યું, અગાશીમાં ' જે અમ્બે, જે અમ્બે ' ની ગર્જના થઇ રહી. હીરા શૂન્ય, દિઙ્મૂઢ ઉભી રહી. કામદારની વહુ જે પડખે ઉભી હતી તે બોલી ઉઠી, " માજી ત્હમારાં છૈયાં ત્હમારે ખોળે છે " પાછો ' જે અમ્બે 'નો પોકાર ગાજી ઉઠયો. ઘરડી ખવાસણો ગુસપુસ કરવા લાગી કે, " આ હડહડતા કળિયુગમાં પણ જોગમાયા જાગતાં જોધ છે. જોયું કેની કેવો હાથ કહાડી ચુંદડી ને બીજું બધું લીધું. રહેમ નજર રાખો. " સ્હવાર પેલાં પૂર ઉતરી જાય માટે અનેક બાધા રખાઇ. વર્ષોવર્ષનો કુળાચાર પતાવી ધ્રૂજતી હીરા અને બીજું મંડળ મહેલમાં પેઠું " ભાભી ત્હમે હાથ જોયો ? નથુ ડોસી ને રામબાઇ તો કહે છે કે ત્હેમણે જોયો. " " બ્હેન, મ્હેં કશું જોયું નથી " એટલું કહી ઝડપથી હીરા પોતાના શયનગૃહમાં પેસી ગઇ. આજ હીરાનો જીવ ઠેકાણે નથી. હમેશ મુજબ મોંઘી સાથે ઘડી વિનોદ કરવા પણ તે થોભી નહિ. જમવાની પણ રૂચિ દાખવી નહિ. ઓરડામાં પેસતાંજ, સાંકળ અડકાવી, રગ ઓઢી, પલંગ પર પડી. શરીરમાં ગરમી આવતાં હીરા ઉઠી આખા શરીરે શાલ વીંટી બારી પાસે આવી ઉભી. મહેલ બ્હાર કુદરત

પ્રચંડ તુફાન મચાવી રહી હતી. અંધકાર અભેદ્ય હતો, વરસાદ જોરથી ભીંતપર અને પાણીપર પછડાતો હતો. નદીનાં પાણી મ્હેલની ભીંતો સાથે અથડાતાં; ભયંકર જીવલેણ ઘોંઘાટ કર્યા જતાં હતાં.

હીરાને આજ ઘણી ઉથલપાથલ થાય છે. "શું કરૂં? આજ નહિ આવે તો કેનું? શી રીત્યે ખબર આપું? પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ નહિ કરે! જાણી બુઝીને મરણના મ્હોમાં ઝંપલાવશે? પણ કદાચ નીકળી ચૂકયા હોય એને......પણ જીવ એ અનિષ્ટનો વિચારજ શાને! જીવ ઝાલ્યો રહેતો નથી. આ કાળમુખી, જે મળે તે ઓહીયાં કરનારી નદી પાસે દયાની આશ કેવી! વ્હાલાની શી અવસ્થા હશે? આખી રાત કેમ કહાડશે! વરસાદ, ટ્હાડ ને વાવાઝોડામાં કયાં વીસામો લેશે! નદી બ્હેન! હમ્મેશ પેઠે ત્હેને તારી છાતીપર લઇ મ્હારી ગોદમાં નહિ મૂકી દે! નિષ્ઠુર, ક્રૂર નદી! પારકાનાં દુઃખે તું કદી દુઃખી થઇજ નથી! ત્હારો વિશ્વાસ શો! માછલાંઓ! રોજ મમરાઓ ખાઇ જાઓ છો. આજ વ્હાલાની ખબર નહિ લાવો! ત્હમારા વાસમાં તે આવ્યો હતો કે નહિ? કેમ કંઇ બોલતાં નથી? મા ત્હેવાં ફરજંદ? શું ત્હમે પણ નદી પેઠે સ્વાર્થી, સખત હૈયાનાં થયાંછો! પણ વારૂ, વ્હાલાની ખબર નહિ લાવો તો રહેવા દો. ત્હમારામાંથી પીઠપર બેસાડી કોઇ મ્હને તેની પાસે લઈ જશો!"......"હા, લઈ જશે" એટલા શબ્દો એવામાં ધીમા છુટા સંભળાયા. હીરા ચમકી. "નીસરણી નીસરણી કયાં છે?" હીરામાં એકદમ ચેતન સ્ફુર્યું. પાસેના ખંડમાં નીસરણી લેવા દોડી. "હીરા ઉતાવળ કર, તદ્દન થાકી ગયોછું. તાકીદે નીસરણી નાંખ નાંહ તો ઘડી બે ઘડીમાં હતો ન હતો. ......" જાળી ફડાક દેતી ઉઘડી ને નીસરણીના છેડા પાણીપર

અકળાયા. દોરડું પકડતાંને ઝડપ દેતો મોતીસિંહ અંદર આવ્યો. પાણીથી નીતરતો હતો. શરીર ત્હાડથી થરથર ધ્રૂજતું હતું; દાંત કડકડતા હતા. શરીરમાં આય રહી ન્હોતી. એક કોચપર થાકેલો પડયો. હીરાએ પલંગપરથી રગ લાવી ઓરાડયું ને કજળતી સગડીમાં ધગધગતો દેવતા કર્યો. શરીરમાં ગરમી આવવા લાગી.

"વ્હાલા! શું ત્હને ત્હારો જીવ જરાયે વ્હાલો નથી કે આવી રીતે તું આવ્યો ?"

"હીરા! ત્હને મળ્યા વિના આ દેહ ટકી રહે એમ ત્હને લાગે છે? ગોરખનાથનો હાથ છે ત્યાં લગી કશાની મ્હારે પરવા નથી. હીરામય મ્હારૂં જીવન છે. ભગવાન્ પુરૂષોત્તમ જાતે આવીને અટકાવશે તોપણ હીરાને મળ્યા વિના હું રહીશ નહિ. હીરા, ત્હને ખબર છે કે વિશાળ યમરાત્રિમાં ત્રણ કલાક સુધી હું પાણીમાં રહયો છું."

"શું, વ્હાલા, ત્રણ કલાક આ અભાગિયણને માટે એટલું સંકટ?"

"વ્હાલી, એવા શબ્દો કહાડ નહિ. ત્હારા જેવું સૌભાગ્ય જગત્માં કોનું છે? હીરા, ત્હેં ચુંદડી નદીમાં નાંખી હતી. તે જો આ રહી" એમ કહેતાંને કમરેથી છોડી આપી.

ચુંદડી જોતાં હીરા ચમકી શૂન્ય થઇ ઉભી રહી.

"હીરા, અગાસીમાં તું આવી ચુંદડી નાંખતી હતી ત્યારે હાથ સ્હેજ બ્હાર કાડી મ્હેં તે લઇ લીધી હતી."

"હેં શું ખરૂં કહો છો? ત્યારે હાથ નીકળ્યાની વાત ખરી?" કંઇક વિચારમાં પડી ગઇ. અનિષ્ટ અમંગળનું સૂચન થયું હોય તેમ ઇષ્ટ દેવનું સ્મરણ કરવા માંડી પડી વાતમાં ભંગ ન પડે માટે પૂછયુંઃ "ત્હમે ત્ય્હાં ક્યાંથી ?"

"ન્હાનપણમાં તરવાનો ઘણો જ શોખ હતો. સારાં નસીબે ઉસ્તાદ પણ હુશીયાર મળી ગયો. ત્રણ ચાર કલાક સુધી પાણીમાં રહેવાની, તેમાં આમથી તેમ ફરવાની કળા શીખવી છે. તરવાના અનેક પ્રકાર છે. મત્સ્ય અને મકર પ્રકારનો આજ ઉપયોગ કર્યો હતો."

"પણ ત્યારે ચુંદડી નાખ્યાને તો ઘણીવાર થઇ ને ત્હમે તો છેક અત્યારે આવ્યા છો."

"મહેલ પ્રશાન્ત થઇ જાય પછી આવવાનો નિશ્ચય હોવાથી એટલો વખત પાણીમાં રહ્યો. ક્યાં સુધી રાહ જોવી પડશે તે નક્કી નહોતું. પાણીમાં ને પાણીમાં રહેવાથી શરદી ચ્હડવા માંડી. થાક પણ ચ્હડવા લાગ્યો. અંતકાળ સમીપ આવ્યો એમ લાગ્યું એટલામાં તો ઓરડામાંથી પાણીપર પડતા પ્રકાશમાં ત્હારી છાયા જોઈ આશાનાં કિરણો ઉદય પામ્યાં. પામ્યાં પછીની હકીકત તો ત્હને માલુમ છે."

નીચું નિહાળી હીરાએ સાંભળ્યા કીધું. અનેક વૃત્તિઓ–લાગણીઓ ઉત્પન્ન થઈ, પરન્તુ તે શબ્દદ્વારા વ્યકત કરી નહે. નજર ઊંચી કરતાં પોતાના વ્હાલા કવિની તસ્વીર જોઇ. તે જોતાં ત્હેની કવિતા સાંભરી. બિલ્વમંગળનો પ્રસંગ સ્મૃતિયે તાદશ ખડો કર્યો. ઘડભાંગ ચાલી. બિલ્વમંગળની પ્રણયિનીનું આચરણ અનુપમ લાગ્યું; પરન્તુ તેમ આચરવા છાતી ચાલી નહિ. ત્હેનું હૈયું કમકોવત થઈ ગયું હતું. આંતર તુમુલ જંગ અખળા જીરવી શકતી નહોતી, એવામાં મોતીસિંહે ઉઠી છાતી સરસી દાબી. છટકવાનું મન થયું છતાં અચેતન રહી. ઓષ્ટેઓષ્ટ મળ્યા. આંખેઆંખના તેજ ભળ્યાં, આંખ પાછી ખેંચી લીધી. રાજાજીની છબીપર તે પડી. પણ આજે ત્હેનાપર ગલેફ ચ્હડાવેલો હોવાથી કંઇ અસર ઉપજી નહિ.

મોતીસિંહના ખોળામાં હીરા અચેતનશી પડી છે, ત્હેને તમ્મર આવ્યાં છે. મોતીસિંહ ત્હેની આ અવસ્થા જોઇ ગભરાયો, તોપણ હીંમત હારી નહિં બેઠો. વધારે પડખામાં લઇ શરીર અને હૃદયની હુંફ આપી ત્હેને સચેતન કરી. મોતીસિંહના ખોળામાં પડયાં પડયાં આંખ ઉઘાડી એકીટશે હીરા ત્હેના સ્હામું જોવા લાગી ત્હેના શરીરમાં લોહી અતિશય વેગથી દોડતું હતું. હીરાની આંખમાં આંખ પરોવતાં મોતીસિંહને પ્હેલાંના દિવસો સાંભર્યા. 'સ્મૃતિયે પોતાની તંત્રી છેડી.' ધીમી સીસોટી વગાડવા લાગ્યો. હીરાના સંસ્કાર જાગ્યા. ભાભીને લીધે પ્રણયીથી વિખુટાં પડી નવી સૃષ્ટિમાં વાસ લીધો છે તે ઘડીક વીસરી ગઇ. એ વાસ મેળવ્યા પ્હેલાંની આનંદભરી પ્રણયવાટિકામાં વિહરવા લાગી. પ્રીતમકંઠમાંથી નીકળતી સૂરમાળા, ત્હેમાં વ્હેતું પ્રિય તેમજ પરિચિત ભાવકથન—થી, જે ઘડભાંગ અત્યાર સૂધી થતી હતી તે સરી પડી.

ગેબી ગર્જનાઓ ગર્જના કરે,
 આંખ્યોમાં ત્હારી, બાલુડી!
કંઇ કંઇ ઊંડો મધુર નાદ સંભળાય,
 આંખ્યોમાં વ્હાલી બાળકી!
થાય સમુદ્રમાં તુફાન; અતિ મહાન,
 મેઘના ગર્જિત નાદથી;
થાય મનોર્ણવમાં તુફાન, ડોલે જીવવહાણ,
 ગર્જનાથી ત્હારી આંખ્યની.
રાત્રીસમયનું આકાશ, પવન વાય સુવાસ,
 વાદળથી છવાયું છે;
ધીમે ધીમે પડે મેઘના બુન્દ, આસુંનાવૃન્દ,

વીજળીથી ચમક છે.
તારી આંખોમાં આવું તેજ,
કાળી વાદળીઓનું તેજ,
ભરપુર ભરેલું છે.
નીકળે વિદ્યુતના ચમકાર, ઉછળતા પ્રેમના ઉભરાટ,
તારૂં મુખડું દીપે છે.

સાંભળવામાં હીરા એટલી લીન થઈ હતી કે સહેજ પણ સવાલ્યા વગર વ્હાલાના ખોળામાં સૂઇ રહી. ત્હેના મુખમાંથી અમીધારા વ્હેતી હોય ને ત્હેનું પોતે પાન કરતી હોય નહિં એવું ત્હેની મુખચ્છવિએ પ્રદર્શિત કર્યું. સૂરમાળાના રણકા શમ્યા. મોતીસિંહે હીરાને પુનઃ છાતીસરસી લીધી. કંઠાશ્લેષ કરી, હૃદય હૃદય ભેળવી દઇ પરમસુખનો અનુભવ કરતાં હીરા બોલીઃ "વ્હાલા હીરાની એક વિનંતી છે, તે સ્વીકારશે?"

મોતીસિંહે કહ્યું: "હીરાની વિનંતિ હોય? હુકમ જે હોય તે બજાવવા તૈયાર છું. વિક્રમ કે હાતમ કરતાં પણ લાખોગણાં મુશ્કેલ કામ કરવા તૈયાર છું. હીરાનો બોલ પડયો રહે તો ગોરખનાથની આણ છે."

ખુશી થતી તોપણ કંઈક બ્હીતી હીરા બોલીઃ "વ્હાલા, વ્હાલમાં 'હુકમ' શબ્દ ખુંચે છે. વિનંતિજ થઇ શકે."

"મ્હારા પ્રાણની જે ઇચ્છા તે મ્હારી ઈચ્છા"

વ્હાલા, આ હીરાને પરવાનગી આપો કે હવેથી એ ત્હમને હમ્મેશ આ વખતે મળવા આવે. અને ત્હમે આમ જીવજોખમમાં નાંખી આવો તેને બદલે હીરાજ ત્હમારી પાસે આવે" આટલું બોલી નીચું જોઈ રહી.

"હીરા, મ્હારા પ્રાણ, જરા વિચાર કર. તું કયાં, હું કયાં?

શામાટે જાણીબુજીને સંકટ વ્હોરી લેછે? ત્હારાથી નદી કેમ તરાશે? મોતીસિંહના દેહમાં જ્યાં લગી પ્રાણ છે ત્યાં સુધી હીરાને જોખમમાં નહિ ઉતરવા દે."

"વ્હાલા, મ્હારો બોલ ઉથામાય તો ગોરખનાથની દુવાઇ—એવા સોગન ત્હમે ખાધા છે. વ્હાલથી અસમાનતા વધે કે ઘટે? સમવૃત્તિ થાય તે શું ત્હમને પસંદ નથી? મ્હારૂં આટલું કહ્યું માન્ય રાખવું પડશેજ. તરવાનો શ્રમ નહિ જીરવી શકાશે તો હું મેળેજ આ ગોઠવણ ફેરવી હાલ પ્રમાણે કરીશું. બોલો ત્હમારી હા છે કે નહિં?"

હીરા હું નિરૂપાય છું."

× × × × ×

"કાં નથુ ડોસી, શું થાય છે?"

"કોણ વાલજીની વહુ?" હીરાના શયનખંડની નદીપર પડતી જાળી આગળ ઉભેલી એક ડોસીએ પાછા વળી પૂછયું.

"હા, માજી, એ તો હું. શું જુવોછો?"

"આમ આવ" થડકાતા શબ્દો નીકળ્યા. વાલજીની વહુ પાસે ગઇ. ત્હેના હાથપકડી જાળીમાંથી નદીપર લટકતી કંઇ ચીજ તરફ ત્હેની નજર દોરવી ડોસી બોલી; "જોયું કે?" "શું માજી. હું તો કંઇ સમજતી નથી. આ ચુંદડી લટકે છે, ફકત છેડો બીજાગરામાં ભરાયો છે."

"આજની પ્રજાજ એવી. કશું ખબર નહિ. અમે ડોસાં નહિ હઇશું ત્યારે તમારૂં શું થશે!" બળાપા કરતી ડોસી બોલી વાલજીની વહુ તો આભીજ બની ગઇ. શું બોલવું ને શું કરવું તે સૂઝયું નહિ. એવામાં કાંઇ વિચાર આવવાથી બોલી ઉઠી. "માજી, આ ચુંદડી તો રાતવાળી જેવીજ દેખાય છે. પણ તે અહિં

ક્યાંથી ? માતાજીએ હાથ કાઢી ખેંચી લીધી હતીને ?"

"હું હવે કંઇ સ્હમજી. આ રાતવાળીજ ચુંદડી છે. ઉભી રહે ત્હારી બરાબર ખાત્રી કરૂં." એમ કહી જાળીમાંથી હાથ કાઢી ચુંદડી ઉપર ખેંચી આણી. "જો કોર એજ છે. આ રહ્યા કંકુનાં છાંટા. માજીની જેવી ઇચ્છા. હજુ ઘડપણમાં પણ શી શી આફ્ત વેઠવાની હશે ?"

"કેમ આફ્ત શેની ?

"ત્હમને જુવાનીઆ વાજાંને કશી પ્હોંચજ નહિ મળે. કોઇ દહાડો ઘરડાંને મ્હોડે સાંભળ્યું નથી કે જો માતાજીને ચહડાવેલી ચુંદડી પાછી નીકળે તો રાજ્યપર કે રાજ કુટુમ્બપર મ્હોટી આફ્ત આવી પડે."

"હું, હવે સાંભર્યું. મ્હારાં સાસુજી કદી કદી વાત કરે છે કે હજુરસાહેબના દાદાના બાપે ચુંદડી હોરાડી પણ બીજે દિવસે અગાસી નીચે તરતી જણાઇ. થોડા દિવસમાં હમીર બંધપર ઉભા રહી પાણી જોતા હશે એવામાં બંધ તુટયો ને પોતે અંદર પડયા. માતાજીએ ભોગ લીધો." આટલું બોલતાં એને કંપારી છુટી.

"માતાજી જે કરે તે ખરૂં. બોડા સરવણ પાસે દાણા જોવડાવીશ. માજી ! માતાજી !"

"ડોસીમા, ચુંદડી લઇ જાઓ ને માવજી ભૂઆ તથા લાલીઆ ગરોડા પાસે મસાણમાં બળાવી મૂકો. મ્હારાં સાસુજી આવી ઘણી વાત રજવાડામાં બન્યાની કહેછે પણ જોજો બા-સાહેબને ખબર નહિ પડે."

"બાસાહેબને માજી ખેમકુશળ રાખે ! વાલજીની વહુ, એના જેવી અશરાફ રાણી આ ગાદીપર થઇ નથી. શું આ રાજ્યને

એ રતન નહિ શોભે ?" નથુ ડોસીની આંખમાંથી ડબડબ આંસુ પડવા લાગ્યાં.

× × × × ×

કાલી રાતને ત્રણ દિવસ થઈ ગયા છે. નથુ ડોશી હીરાનો સૂવાનો ઓરડો સાફસુફ કરે છે. માટીનો ઘડો લઇ વાલજીની વહુ એવામાં ત્યાં આવી "કેમ, ડોસીમા, સિંહ કે શિયાળ ?"

"બાઇ સિંહ પણ નથી ને શિયાળ પણ નથી. ખોડો હમ્મેશ દાણા જુવે છે પણ હાથમાં આવતુંજ નથી. બે ફેરા ધુણ્યો હતો તો પણ કંઇ પત્તો નહિ."

"પેલી ચુંદડીનું શું થયું ?"

"માવજી ને લાલીઓ બાળી આવ્યા. કહેતા હતા કે ભડકો રાતો ચટક હતો ને માંહેથી લોહીના છાંટા ઉડતા હતા. રાખ થયા પછી મંત્રી આપી છે. ઓસીકાં નીચે મૂકવા કહ્યું છે. જો આ રહી." ઓશિકું ઊંચું કરી રાખ બતાવી.

"ડોસીમા, ભરમમાં મ્હેં બધી વાત મ્હારાં સાસુજીને કરી હતી. ત્હેમણે કહ્યું કે ચુંદડી બળતાં લોહીના છાંટા ઉડશે તો જરૂર ભોગ માજી લેવાનાં. બાસાહેબની મ્હને ઘણી ફીકર થાય છે. ડોસીમા, એમને માહીત કરી જાવ કે બાધા આખડીનું કરાવીએ. શુકલજીને પણ પૂછી આવી હતી કે માજીનો કોપ શી રીતે ટળે ? તેમણે શતચંડી કરવાનું કહ્યું છે."

"અક્કલ વગરની ! બાસાહેબને શી રીત્યે કહેવાય ? પણ અલી મોંઘીબાને કહેજે, તે બાસાહેબને કહેશે"

"હા એ બરાબર છે. આપણી વાત માનશે નહિ પણ મોંઘીબાનું કહ્યું કર્યા વગર ચાલે એમ નથી."

"આજે રાતે એકલાં હોય ત્યારે જરૂર વાત કરજે. હમણાં ક્યાં જાયછે ?"

"અમી પાડવામાં કાચ ધોવાને આમલીઆરી કુંડનું પાણી જોઇએ છે તે ભરવા જાઉં છું."

"આવો કાચો ઘડો તો ફસાઇ જશે ત્રાંબાનો લેવો તો ને?"

બા સાહેબે આ ઘડો બતાવ્યો એટલે મેં લીધો" ઘડા તરફ નજર કરી "ડોસી મા, ત્હમારૂં કહેવું વાજબી છે. ઘડો તદ્દન કાચો છે. અમસ્થી ના કહી હશે. પાસે ઓરડામાં ત્રાંબાનો પડયો છે તેજ લઈ જાઉં છું."

પાસેના ઓરડામાં જઈ તે ઘડો લઇ, પોતાનો ઘડો ત્યાં મૂકી, વાલજીની વહુ પોતાને કામે ગઇ.

× × × × × ×

ઘનઘોર આકાશ છે. ઝીણો મેહ પડે છે. સ્હામેથી નદી પૂરથી ઉછળતી, 'રોતી' જાય છે. સર્વત્ર અંધકાર છે. નદી કીનારે જબરૂં વડનું ઝાડ છે. ત્હેનાપર યોગેશ્વર ચડી બેઠા છે. અંતરમાં વિચારો થયા જાયછે: "તે દિવસે હીરાની હઠને વશ થવામાં પાપ આચર્યું છે. ઘડાપર બેસી આવે છે: પણ [illegible] ભૂલમાં ત્રાંબાને બદલે માટીના ઘડાપર આવશે તો?" આકાશમાં મેઘાડો કડાકો થયો. નદીનો ઘર્ઘર અવાજ વિપુલ બન્યો. વર્ષાદ ખુબ જોશથી પડવા લાગ્યો "તે દિવસના જેવીજ દારુણ રાત્રી છે હીર આજ ન આવે તો સારૂં. મ્હને દારૂણ [illegible] ઝંપલાવશે! કુણ જાણે? [illegible] પણ છે. હું જાતેજ સ્હામો જાઉં તો [illegible] ને ગોરખનાથની મમતાને લીધે હું કદાચ આજ તરી જઇ શકીશ. આજની નદીમાં ઘડાના ભાર શા?"

વાદળની ફોજ જમા થવા માંડી. વરસાદ સ્હેજ ધીમો પડયો. અંધકાર તો બધેજ રહ્યો. નદીકાંઠે ' જયગુરૂ મછંદરનાથ!'

સંભળાયું. પણ એટલામાં દિશાઓ વીંધતી એક કારમી, હૃદયદ્રાવક ચીસ નદીની અંદરથી ઉઠી. "વ્હાલા, ધાઓ, ઘડો ફસાઇ ગયો છે." યોગેશ્વરના હૈયાનાં દોરડીઆં છિન્નભિન્ન થઇ ગયં. ઉન્મત્તની પેઠે નદીમાં ઝંપલાવી દીધું.

પુંમાં અસાધારણ શક્તિ આવી છે. વર્ષાદ અતિશય જોરથી પડેછે. પાણીનાં ઘોડાપર ઘોડા ઉછળતા જાય છે. કુદરતના પ્રચંડ ઘર્ઘરનાદમાં મરણોન્મુખ અબળાની આર્ત્તચીસ ત્હેના વ્હાલા સીવાય બીજા કોઇએ સાંભળી નહિ.

મ્હોટો ધડાકો થયો. વીજળી ચમકી ઘડીભર શ્વેતપ્રકાશ બધે પડયો. ભમરાઓમાંથી હીરાને કહાડવામાં મોતીસિંહ તદન થાકી ગયો છે. એક એકને વળગીને બન્ને નદી ગર્તમાં વિદેહ થયાં. ઇહ જીવનમાં ત્હેમના મરણોન્મુખ આશ્લેષપર પ્રકૃતિ દેવીએ પેલો શ્વેત પ્રકાશ નાંખ્યો.

પવન ફુંકાયો જતો હતો. ધોધો વરસાદ રેડાયો જતો હતો. નદીનું પૂર ચડયું જતું હતું. ભયંકર અવાજો ઉઠયા કરતા હતા.

× × × × ×

રાજમહેલમાં સર્વત્ર ગમગીની છે. મોંઘી, કામદાર અને બીજા મુત્સદ્દીઓની વહુઓ તથા ખવાસણો બેઠાં છે.

કામદારની વહુએ પૂછયુંઃ "બ્હેન, આ શો ગજબ!"

"રંકને ત્યાં રતન શોભ્યું નહિ" રડતાં રડતાં મોંઘી બોલી.

"માજીના કોપ" નથુડોસીએ નિઃશ્વાસ મૂકયો.

માતાજીનું નામ સાંભળતાં સર્વ ભયભીત તેમ ચૂપ થઇ ગયાં, બધાંની આંખમાંથી આંસુ પડતાં હતાં.

"જેવી મહામાયાની મરજી. માતાજીને ખોળે છીયે. માતાજી! માતાજી" કામદારની વહુ બોલ્યાં. "માતાજી, માતાજી" ગદ્દગદ્દ પડઘા પડયા.

(સંપૂર્ણ)

શ્રધ્ધા.

ઘડીઆળમાં નવના ટકોરા થયા. હીંચકા પરથી જયન્તીલાલે સળવળવા માંડયું. "આજ જયાને આટલી બધી વાર કેમ થઇ? એવા શબ્દોદ્ગારથી નબુમાએ પણ ધીરજ ખોઈ. અનેક તર્ક વિ-તર્કની ચિંતામાં ગમગીન થયેલી સુભદ્રા બોલી "કહાને ગઇ હોત તો પાછળ માણસ તેડવાપણમોકલત. જયંતિલાલ ભાઇ ત્હમારે બહુ ખોટી થવું પડયું. આટલી વાર થઇ તો સ્હેજ વધારે બેસો."

જયંતિલાલના ચ્હેરા પર પડતી નાના પ્રકારની રેખાઓ એના અંતરમાં થતી ગડમથલ સૂચવતી હતી. પોતાના અધિકાર, સ્વામિત્વ અને ગર્વનો તિરસ્કાર જયા કરતી ન હોય એમ લાગ્યું. યંત્ર માફક એના પગ હીંચકા ખાતા હતા પરંતુ એનો પિત્તો boiling point સુધી પહોંચ્યો હતો.

જયાના આજના આચરણથી જયંતિલાલ ગુસ્સે થઇ રીસાય અને સંબંધ તોડી નાંખે તો એના જેવા શ્રીમંત જમાઇને ખોવો પડે એવી દહેશતથી સુભદ્રા વ્યાકુળ હતી.

સાડા નવનો ટકોરો થયો. અત્યાર સુધી રહેલ શમશમાકાર નબુમાએ ભાંગ્યું. " ભદ્રા, પડોશમાંથી સંતોકને જયાની ગોઠણ ચંદ્રાને ત્યાં મોકલ. તેને પૂછી ભાળ કહાડે." સાસુનો હુકમ અમલમાં મૂકવા વહુ ઉઠી. " અરધી રાત થવા આવી તોએ બારણે રખડવાં શાં" એવું ડોશી ખીજવાઇને બબડી. એવામાં આગલુંબારણું ધકેલાયું અને જયા દાખલ થઈ. મા, દાદી કે કાન્ત તરફ જરાએ નજર ન કરતાં પોતાના ખંડમાં ગઇ. બન્ને સ્ત્રીઓના

ખોળીઆમાં તેના આવવાથી જીવ આવ્યો. પુત્રી અને જમાઇને મિત આલાપનો પ્રસંગ આપવા બન્ને ત્યાંથી ઉઠી મેડા ઉપર ગયાં. કપડા બદલી, પરસેવો ધોઇ નાંખી જેવી જયા ખંડ બહાર આવી કે તરતજ જયંતિલાલ તડૂકયોઃ "કેમ, જયા, અત્યાર લગી કયાં હતી? અહિં પડયો પડયો તારી વર્ષ ગાંઠની ગોડનો ગજરો પણ કરમાઇ ગયો, ને મ્હારે ત્રણ કલાક ખોટી થવું પડયું તે તો જુદું." જવાબ વાળયા વિના પોતાના રમણના ચહેરા પર જયા આંખ પાથરી રહી. ગુસ્સે થયેલા માણસને તેના પ્રશ્નોનો ઉત્તર ચૂપકિદિથી આપવામાં આવે તો તેનો પિત્તો પુષ્કળ ઉકળી જાયછે. હિંચકા ઉપરથી ઉભા થઈ જયંતિલાલે ગજરો જયા ઉપર ફેંકયો એને તેના મ્હોડાની સામા પોતાનું મ્હોડું સમાંતર સપાટીએ રાખી મીજાજ કર્યોઃ "પણ, તું, ગઇ, હતી કયાં? આટલી રાત લગી મને અહિં વા ખાતો બેસાડી તું કયાં ભટકતી હતી? બોલ, ચલ ઝટ જવાબદે, કેમ બોલતી નથી, તારી જીભ તો નથી કપાઇ ગઇને?

જયાની આંખ લાલચોળ થઇ ગઇ. છાતી ધબક ધબક થવા લાગી. તેનું ગૌર શરીર લાલલાલ થઈ ગયું. તેનું આત્મગૌરવ પ્રજવલી ઉઠયું. ગજરામાં ગૂંથેલા ગુલાબ મોગરા બકુલાદી ફુલ ચૂંથી નાખી મોરી તરફ ફેંકી દીધાં અને બોલી ઉઠીઃ "હું ગમે ત્યાં ગઈતી. આટલા બધા ઉકળી શા માટે જાઓ છો? જાન્ત." આ શબ્દો તોફાન શમવે એવા નહોતા. "પણ તું ગઇ તી કયાં? જવાબ દે. નથી કહેવું તો ભલે, આ હું ચાલ્યો. આપણી આ છેલ્લી મુલાકાત." એમ બોલતાં બોલતાંના પગથીઆ ઉપરથી તે સડકપર ઉતર્યો અને રસ્તે પડયો. જયાએ બારણાં

બંધ કરી પોતાના ખંડમાં જઈ દીવો સળગાવ્યો અને ગુંથવા બેઠી. પણ આજ સાંકળીઓમાં ખોટ બહુ આવતી હતી.

× × × × × ×

દિવસ ઢળતો હતો. મંદીરના વિશાળ ઓટલા ઉપર યોગ વાસિષ્ઠ વંચાતું હતું. વૃદ્ધો ને યોગસાધના સિદ્ધ ન થયેલી એટલે શ્રવણ એક ચિત્ત ન હતું. મંદીરની પાછળ સ્ત્રીઓની મેદની થતી હતી. સામે ગ્રન્થાલયમાં એક કબાટની પછવાડે રસ્તાપર પડતી બારી આગળ ચાર પાંચ જુવાનો વર્તમાન પત્ર વાંચવાને બદલે ગપ્પાં હાંકતા હતા. લગભગ આ ત્રણે મંડળોમાં એકજ વિષય ચર્ચાતો હતો.

ભાસ્કરરાવે અને કંચનરાયે પોતાનાં બાળકોનાં સ્નેહલગ્ન કરવાનો સંકલ્પ કરેલો. વેપારમાં ખોટ જવાથી કંચનરાયની સ્થિતિ નબળી થયલી છતાં ઉકત સંકલ્પ અમલમાં મૂકાયો હતો. જયા અને જયંતિલાલ ન્હાનપણથી સાથે રમેલાં, ભણેલાં અને સખ્ય અનુભવેલું. બન્નેની ઉમ્મરમાં ફકત બેજ વર્ષનો તફાવત હતો. આજે જયંતિલાલ ૨૩ વર્ષનો હતો.

વર્ષના સહવાસથી, વિનોદ, અભ્યાસ, અભિલાષાઓમાં અનુભવાયલાં મૈત્રી અને સહચારથી તેમનાં જીવન એક બીજામાં ભળી જવા ઉભરાયાં હતાં. બન્નેના પિતા તરફથી તેમનું લગ્ન કરવાની તૈયારી પણ થઈ હતી. ગોદાવરીના વર્ષને લીધેજ લગ્ન થતાં અટકયાં હતાં. દરમ્યાન મહિનાને અંતરે ભાસ્કર અને કંચન બન્ને જયાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા.

શોક અને અસંહસ્થ વર્ષ વીત્યે સ્નેહીઓ દંપતી થવાનાં હતાં. એવામાં જયાની સાલગિરીને દહાડેજ બન્નેનાં દીલ ઉંચાં થયાં અને લગ્નને તિલાંજલી અપાઇ.

મંદિર અને ગ્રંથાલયમાં આજ એ બાબત થર્ચાતી હતી. બે મિત્રોનાં સંતાનોના લગ્નના સંકેતની ભત્સર્ના અને ઉપહાસના થતી હતી. એટલું જ નહિં પરન્તુ ગઇ રાતના બનાવથી તેઓ રાચતા હતા. સમગ્ર જીવન ખટપટમાં ગાળનાર પુરૂષો નમતે પહોરે યોગવાસિષ્ઠ શ્રવણ કરે એટલે ઉજળા સંસ્કાર એમના જાગે એ ખપુષ્પવત્ છે. એમની દ્રષ્ટિ, સાંકડી, અનુદાર, સ્વાર્થી હતી. તેમ દ્રષ્ટી તેવી સૃષ્ટીની મ્હોટી મ્હોટી વાતો કરતા એટલે પરિણામ કલ્પવું મુશ્કિલ નથી. જયા અને જયન્તના સ્નેહ વિક્ષેપનો પ્રસંગ યથાર્થ સમજી તેમની વચ્ચે થયેલો અણુરાગ દૂર કરાવી તેમને સુખી કરવાની વૃત્તિ તો કયાંથી જ ઉઠે બલકે એ વિક્ષેપ વધી જયા રખડી મરે અને તવંગર જયંત પોતાના વગની કુમારી સાથે લગ્ન કરે એવીજ સર્વેને વાંછના હતી.

સ્ત્રીમંડળમાં સ્વાભાવિક રીત્યે જયન્તને માટે કન્યા નક્કી થતી હતી. સુભદ્રા અને જયાના દુઃખ તરફ દીલસોજી બતાવવા કરતાં તે દુઃખ કેમ વધે—આવડી મોટી છોકરી કરવા માટે સખ્તમાં સખ્ત સજા તેઓ કેમ ખમે તેનો જાણે વિચાર કરતાં હોય તેમ બૈરાંઓ એ વિષય ચર્ચતાં હતાં.

ગ્રંથાલયમાં નવા અને જૂના વિચારવાળા જુવાનીઆઓ હતા. પ્હોળી લાલ રેશમી કોરનાં ધોતીઆં તેઓએ પ્હેર્યાં હતાં; ટોપી કહાડી નાંખવાથી અરધું માથું છોલેલું અને લાંબી ચોટલીઓ હવામાં ફરફરતી જણાતી હતી. તપખીરની દાબડીમાંથી ચીપટીઓના સડાકા નાકમાં થયાજતા હતા. જયાની વર્તણુક કેટલાક તરફથી વખોડાતી હતી તો બીજાઓ જયન્તને ઠપકો દેતા હતા કોઇ પણ બન્નેના અણુરાગનું ખરૂં સ્વરૂપ પારખી શકયા નહોતા.

એક તાજા વરમાં વિધુર થયેલો જુવાનીઓ તો જયાનું પાણિગ્રહણ કરવા તત્પર થયો.

× × × × ×

સુભદ્રા અને નબુમા ઘણાં ખિન્ન અને વ્યાકુળ થયાં હતાં. પુત્રીને અનેક રીતે જયન્તની માફી માગવા સમજાવ્યું પણ તે એકની બે થઇ નહિ. તેની સહીયર ચંદ્રા રાત્રે મળવા આવી, સુભદ્રાને ગામ ગપાટા કહી જયા પાસે જઇ તેનું દીલ જાણુવા મથી પણ ફાવી નહિં.

બીજે દીવસે ખબર મળયા કે જયન્તિલાલ મુંબાઇ જાય છે. રાતે તે ગયો એટલે પોતાની કન્યા તેને ગળે પરોવવાની તક ઘણા માબાપોના હાથમાંથી સરીપડી.

તે મુંબાઇ ગયો તેને બીજે દિવસે સ્હાંજે વિધુર જવાન દિનકરની ફૈઇએ તેના તરફથી જયાનું માગું કર્યું પણ જયારે એની માએ એવાત છેડી ત્યારે જયા છંછેડાઇ ગઇ અને શારદાની માફક અખંડ કૌમારવ્રત પાળવાનો સંકલ્પ કર્યો. પતિનાસહ-ચારમાં જે જે સંસ્કારો સુભદ્રામાં પડયા હતા ત્હેમને પ્રતાપે તે વખત સ્હમજી ગઇ અને પુત્રીનું ભાગ્ય કાળને સોંપ્યું.

દિનકરનું માગું આવ્યું ત્યાર પાછી પોણા કરોડની મિલ્કતવાળા રતિલાલે રૂપિઆ એક લાખથી જયાને ખરીદવા આકાશ પાતાળ ઉચાં નીચાં કર્યાં. સાઠ વર્ષની ઉમ્મરે સંતાન પરિવાર પચાસ આસામીઓનો હોવા છતાં રતિલાલ ડોસાને પરણુવાની ઇચ્છા થઇ હતી.

માગાં પાછાં વળાયાં એટલે તો જયાના ભોગજ ફરી વળયા. તેને માથે વિવિધ જાતની પંસ્તાળ પડી. ભાત ભાતની અફવાઓએ

તેના નિષ્કલંક જીવનમાં દૂષણો આરોપ્યાં. અંત્યજ કે વેશ્યા કરતાં વધારે હાડેતૂત એને ખમવું પડયું.

× × × × ×

બે વર્ષ વીતી ગયાં. જયન્તિલાલ કાશ્મીરથી વતન આવ્યો. ખિન્ન હૃદયે આખા હિંદમાં મુસાફરી કરી પાછો ફર્યો. દરીઆ કાંઠે જમીન વેચાતી લઇ બંગલો બાંધવા માંડયો.

એક સ્હાંજે જયા ઝોલા ઉપર બેઠી હતી. નબુમા તબીયત ઠીક નહોવાથી હોડીને પાટ ઉપર પડયાં હતાં. સુભદ્રા ઝુલતી ખુરશી ઉપર ઝુલતી હતી. સુભદ્રાએ આસ્તેથી વાત ઉપાડી. કાશ્મીરના પ્રધાન સુન્દરલાલ નેહરૂની પુત્રી સાથે જયંતિલાલ પરણવાનો છે; ત્હેને માટે નવો બંગલો બાંધે છે. પરન્યાતની કન્યા લાવી વટલી ગયો છે વગેરે વગેરે પાનકોરને ત્યાં સાંભળેલી હકીકત કહી. જયાએ વાત સાંભળ્યા કરી; વાત થઇ રહ્યા પછી પોતાના ખંડમાં ચાલી ગઇ. આંખમાં આવતું એક આંસુ ખેરવી દઇ મનોબળ- દ્રઢ કર્યું. આયનામાં પોતાનો ચહેરો નિહાળયો. સ્હેજ કરમાશ લાગી. હૃદયની ઉંડામાં ઉંડી ગુહામાંથી ખેદનો નિશ્વાસ નિકળ્યો. જરાવાર દબાયેલું આત્મ ગૌરવ અને મનુષ્યત્વ ઉછાળો કરી ઉપર આવ્યાં અને ખેદને દબાવી દીધો.

અનેકવાર એની દાદીએ જયન્તિલાલનું દીલ દુભવવા માટે એને ઠપકો દીધેલો. તેની સાથેના વિવાહફોક થવાથી એણે શું શું ગુમાવ્યું. દોલત, વૈભવ, પ્રતિષ્ઠા હાથમાં આવેલાં જતાં રહ્યાં તેનું બ્યાન કરેલું પરન્તુ જયાએ તો એક શબ્દ કહાડયા વિના તે સાંભળ્યાજ કરેલું.

× × × × ×

આજ સવારીનો દિવસ હતો. મંદિર આગળ થઇને સવારી જવાની હતી એટલે બૈરાંઓ ત્યાં જોવા મળ્યાં હતાં. અખંડ કૌમારવ્રતની સાથે વૈરાગ્યનું પણ વ્રત લીધું હોય તેમ જયા આવા પ્રસંગોમાં રાચતી નહિં. મા તથા પિતામહી ગયાં એટલે બારણાં વાસી ઓટલા ઉપર બેઠી બેઠી પોતાના જીવન વિશે વિચારવા લાગી. બારણું ખખડયું. વિચારમાં લીન થયેલીએ સાંભળ્યું નહિં. ફરીથી ખખડયું. સફાળી ઉભી થઈ સાંકળ ઉઘાડી તો ઉમરા ઉપર જયન્તને જોઇ આભી થઇ. બારણાં દઈ જયન્ત અંદર આવ્યો અને યંત્ર સમાન ઉભેલી યુવતી તરફ દ્રષ્ટિ કરી બોલ્યો. "જયા માફ કર તું કયાં ગઇ હતી તે મ્હારે નથી જાણવું. સ્નેહમાં શ્રદ્ધા ઓતપ્રોત છે તે મ્હારા નિરંકુશ મિજાજથી હું ભૂલી ગયો. અપરાધનું પ્રાયશ્ચિત થયું હોય તો આ હૃદય પાછું સ્વીકાર." "કાશ્મીરી કન્યા માટે મહેલ બાંધો છો ને અહિં કયાંથી?" વિસ્મય, ભય, આનન્દ આદિથી નિશ્ચલ થયેલી જયા સ્ફૂર્તિમાં આવી બોલી.

"જો તું ત્હારા હૃદયમાં મ્હને પાછું સ્થાન આપે તો તે કાશ્મીરી કન્યા તુંજ છે અને ત્હારે માટેજ તે વિલાસ ચણાયછે. આજે મ્હને નિરાશ કરશે તો ભગવું પહેરી અમરનાથના ડુંગરોમાં બરફમાં દેહ ગાળી આવતે જન્મ ત્હારૂં હૃદય મેળવવા યોગ્ય થઇશ. વ્હાલી જયા, વ્હાલી કહુંને ? હવે કદી ત્હારા પર વ્હેમ નહિં લાવું. સ્નેહમાંથી અવિશ્વાસ નિરંતર દૂર રાખીશ. મ્હેં મ્હારા મિજાજની યાતના ભોગવી છે. આ નિશ્ચેતન જીવન ઉપર અમૃત છાંટ." એમ બોલી પગે પડવા જાયછે ત્યાં જયા એને પકડી લઈ ત્હેને ગળે વળગી પડે છે.

સમીસાંઝની સહેલગાહ.

સરોવરનાં સારો દિવસ પ્રશાંત રહેતાં જલ સંધ્યાકાળની સુરકીથી ધબક ધબક થતાં હતાં. ટેકરીઓ પછવાડે અસ્ત થતા સૂર્ય દેવના પ્રકાશથી પૃથ્વીના છેડાપર લટકતાં વાદળાંમાં સોનેરી ઉજજવલ રંગો ઝબકી રહ્યા હતા. સરોવરના બંધને ડાબે નાકે પગથીઆંને અડી પાણીની વેણીમાં હાલતી હોડી તરફ નજર કરતી તો ઘડીકવેળા બંધ પરના બગીચાને વીંધી જતા માર્ગ પર દૂર દૂર નજર ફેંકતી સુંદરી ઉભી હતી. સૂર્ય નારાયણ જેમ જેમ નીચે ઉતરતા હતા તેમ તેમ શીતળતા અને ઉત્સાહ વ્યાપતાં હતાં; તપેલી ભૂમિમાંથી મારતો બાફ પવનથી થંડો થઇ ગયો હતો. સુન્દરીના મુખનું સૌંદર્ય કુદરતથી ખીલતું હતું પણ સખીને વાર લાગવાથી મન કચવાતું હોવાથી અસુંદર રેખાઓ મુખપર પથરાતી. ખીલેલા સૌંદર્યને વિરુપ થતું સ્થૂલદષ્ટિ જોતી તો મનુજ જીવનની અંતર્યામિની દૃષ્ટિએ અસુંદરતાથી સૌંદર્ય લક્ષ્મીનો બ્હાર અધિકતર પ્રફુલ્લ થતો જોઇ પૂજાભાવથી વિનીત થતી અને અંતરમાં અલૌકિક અનુભવથી સાધુ આનંદ પામતી.

નીચે નમી ઈજનેર સાહેબનાં પત્નીને બોરસળીનો હાર ધરતા માળીથી અને આઘે આઘેથી સંભળાતા મોટરના અવાજથી ધ્યાનથી નિશ્ચલ ઉભેલી સુન્દરી હાલી અને હાર લઇ માળીને હોડી તૈયાર કરવાનો હુકમ આપી સખીનો આદર કરવા આગળ વધી. હલેસાં લઇ માળી ઉભો ત્યાં તો મોટર આવી પ્હોંચી અને સ્મિતમાં

છૂપાયલી પણ સખીને પ્રત્યક્ષ થતી દિલગીરી (regret) સાથે બીજી સુન્દરી ઉતરી.

" સ્વર્ણાબ્હેન, આવતાં મોડું થઇ ગયું પણ ત્હેનું નિમિત્ત જાણશો ત્યારે ઠપકો દેવા કરતાં ખુશ થશો. "

" વાર થાય માટે ઠપકો દેવાનો હોય નહિ. રાત પડી જવાના ભયથી સ્હેજ કચવાઇ હતી. ચાલો લ્યો હલેસું અને જઇએ ટેકરી પર "

બન્ને બ્હેનપણીઓ ન્હાના ડક્કા પરથી હોડીમાં બેઠાં. માળીએ દોરડું છોડયું. હોડી હલેસાંથી પાણીની છાતીપર સરવા લાગી. બંધ પાછળ પાછળ ખસવા લાગ્યો. ટેકરીઓની સાંકડી નેળમાંથી આગળ વધતી હોડીમાં બેસનારીઓ સમક્ષ વિશાળ થતાં સરોવરનો જલપટ, તે પર તેજ અંધારની થતી રમત, લીલોતરીથી ઝુકેલી ટેકરીઓનું મનોહર લાવણ્ય, અને એ બધાં સાથે ગેલ કરતો કે તોફાનનો પવન નૌકાવિહારિણીઓ પાસે હૃદયંગમ, અવનવું, ચેતક દર્શન અંતર્ અને બાહ્ય દૃષ્ટિથી કરાવતો.

જળકૂકડી અને બગલાનાં જૂથ તરતાં ત્યાં સુન્દરીઓ હલેસાં ખેંચી લઇ હોડીને મંદ મંદ ગતિએ તરવા દેતી. એ મંદ ગતિ સાથે જલ પંખીઓની જળપરે થતી ધીમી પણ માપબદ્ધ ચાલથી થયેલો લયબંધ કોઇક સ્થળે માછલું ભક્ષવા વડવાગળે મારેલી ડુબકીથી ભંગ પામતો.

કુંજગિરિ પાસે હોડી પ્હોંચી. માળીએ જમીનપર ઠેકડો મારી હોડી નાંગરી, હોડીમાંથી ઉતરી સુન્દરીઓ સીડીથી ચડવા કરતાં ટેકરીને ફરતી કેડીએથી કુંજ તરફ ચાલી. સંધ્યાકાળના શીતળ વાતાવરણમાં કસરતથી શરીરમાં વિશેષ સ્ફૂર્તિ અને શક્તિ આવ્યાં

હતાં. પ્રકૃતિ સૌંદર્ય વિશે ગુફ્તેગો કરતી ઘડીક તો ઘડીક મધુર કંઠે એવા સૌંદર્ય વર્ણવતાં ગાયન ગુંજતી અલબેલીઓ સાધુતાના યૌવનમાં આનંદભર મ્હાલતી કેડી કાપતી હતી.

કેડીથી ફંટાતા અને ન્હાનકડા અખાતપર થઇ જતાં પૂલ પાસે આવી પ્હોંચતાં પૂલને સ્હામે પારથી સાવજની ત્રાડ ગાજી ઉઠી; ગુંજન ગુફ્તેગોની ગંભીરતા ઉડી ગઇ અને સાવજ દર્શનનો પ્રતાપી વિલાસ કટેરા મારફત પૂલ ઓળાવતી સુન્દરીઓને સિંહના પાંજરા પાસે લઈ ગયો. પાંજરાનાં આંગણામાં ગગન વીંધતી જાળીની અંદર મ્હોટા પ્હાણા પર ચંદ્રપ્રકાશમાં સાવજ પડયો હતો. ઇ-જનેરવધૂ સ્વર્ણ સુન્દરીએ મધુર ધ્વનિપલ્લવી કરી. પરિચિત માયાળુ સ્વર સૂણતાંજ વનરાજ ધીમી પણ રાજવી ચાલે સળીઆ પાસે આવ્યો અને નારીદેહમાં વસતા હૃદયને નમી માથાપર હાથદ્વારા તે હૃદયનો સ્નેહાશીર્વાદ લીધો.

જંગલના બ્હાદુર બાદશાહને માણસની કરામતે કેદી બનાવ્યો છતાં ત્હેનું રાજહૃદય માનવી પ્રત્યે વિનયી અને હેતાળ રહેલું જોઇ વિલાસિનીઓ અજબ અનુભવ અનુભવતી નીરવ પાછી ફરી. કોઇ એવી ઊંડી મનોવૃત્તિમાં ઉતરી ગઈ હતી કે મ્હાવરાને લીધે ચાલતો દેહ ગિરિપરની સતી કુંજના મધ્યભાગમાં ચંદ્રકિરણ સાથે રમતા ફુવારા આગળ જઇ ઉભો અને સતીની આરસ મૂર્તિનો ધવલ પ્રકાશમાં ખીલતો પુનિત પ્રભાવ ચિંતનથી નિશ્ચેતન થયલા દેહ પર પડયો ત્યારે શાંતિ છૂટી પડી અને સ્વર્ણા હિમાનીને આલિંગી બોલી પડી;

" બ્હેન, હમ્મેશ થતા અનુભવોથી આજે ચેતનનું વિરલ પૂર જીવનમાં ઉભરાયું છે તેમ આત્માને હવે થાક લ્હેરયો છે.

સતીની સન્મુખ જલ અને પ્રકાશથી કેલિ નીરખતાં આવા બાંકડા પર બેસીએ. "

" જે અલૌકિક બનાવ વાંચવા રહેવાથી મ્હને મોડું થયું ત્હેની મ્હારાપર અસર થાય પણ ત્હમારા પર તેવીજ અસર થયલી જોતાં આશ્ચર્ય થાય છે. આપણા આત્મા પણ ઇશ્વરને હાથે વાગતી વીણાના સુસંવાદી તારા હશે.

" ઠીક સંભાર્યું. ચાલો ત્હમારા અનુભવની મ્હને ભાગીયણ કરો " એમ બોલતી સ્વર્ણ સુન્દરીએ હિમાનીને હાથ પકડી પોતાની સાથે બાંક પર બેસાડી.

" આજે આત્માને થાક ચ્હડયો છે ત્યારે એ અનુભવ લેવા રહેવા દે. થાક વધારે ચ્હડશે અને ઘેર જતાં મોડું થશે તો અરણિકુમાર ચિંતાતુર થશે. "

" થાક પણ થાકથી ઉતરે છે. આપણે સાથે છીએ એટલે ત્હારા ભાઇને ચિંતા રાખવી નહિ પડે. અત્યારેજ ત્હારો અનુભવ લેવા જેવી સ્થિતિ છે અને તે છટકવા દેવા બીલકુલ વૃત્તિ નથી. "

" ભલે ત્યારે. ખરી વાત છે કે આત્માના થાક અપાર્થિવ અનુભવથી નાશ પામે છે, ત્હને યાદ હશે કે એક લેખકે ' ભગિની સ્નેહનો વિશ્વક્રમમાં શો હેતુ છે ? એવો પ્રશ્ન એના એક પ્રસિદ્ધ થયલા પત્રના અંતિમ ભાગમાં પૂછયો છે. "

હા. સારી રીતે સ્મરણમાં છે. એ હેતુ શોધવા ત્હેં પૃથ્વીપર નાંમાંકિત થયલાં ભાઇ બ્હેનનાં જીવન ચરિત્ર વાંચવા માંડયાં હતાં તે પણ હું જાણું છું. શું આજે કોઇ અલૌકિક ભાઇબ્હેનનું જીવન વાંચવામાં આવ્યું ?"

"સ્વર્ણા, ત્હારી ધારણા સાચી છે. યુરોપના સુવિખ્યાત સંગીતકારનું નામ તો ત્હેં સાંભળ્યું છે ને? બન્ને ભાઇબ્હેનની સંગીત રચવાની પ્રતિભા જેવી અજબ હતી તેવોજ ત્હેનો સ્નેહ આત્મહારી હતો. ભેળાં રહેતાં કે છૂટાં તોપણ અન્યોન્ય પ્રત્યે બન્નેની ગાઢ પ્રીતિ હતી. ત્હેમના આત્મા એકજ વીણાના, ઇશ્વરને હાથે સૂરમાં લવાતા અને બજાતા તાર હતા. તેઓ સંગીતપલ્લવીથી સંલાપતાં, શબ્દ જેવાં પાર્થિવ સાધનદ્વારા આવિર્ભાવ પામી શકે નહિ એવી એમની મનોવૃત્તિઓ સૂક્ષ્મ અને ગંભીર હોવાથી સંગીતદ્વારાજ પ્રકટ કરાતી. પોતપોતાના વાદ્યસમીપ બેસી તેઓ કલાકોના કલાકો લગી અન્યોન્યથી ગ્રહણ થાય એવો —શાબ્દિક સંલાપ કરતાં અધિક મધુર અને સમર્થ સંલાપ ચલાવતાં. બુદ્ધિની સત્તા પામી ન શકે એવો એમના આત્માનો સંબંધ લાગણીભર્યો અને સકલ હતો. બુદ્ધિથી પર અને જીવનમાં ચમત્કારી લાગતી લાગણીના તારથી તેઓ પોતપોતામાં સંદેશા ચલાવી શકતા. જર્મનીમાં આવેલા ઘરમાં બ્હેન સ્વર્ગવાસી થઇ ત્યારે ઇંગ્લંડમાં રસિક મહેફિલમાં બેઠેલા ભાઇને કોઈ અચિંતિત ભયંકર આફતનો એકદમ ઝટાકો લાગ્યો અને પોતાનો આત્માનો ભૈરવ અવસાદ થતો અનુભવાયો ત્યારે પીયાના તરફ તે ધસી ગયો અને શીઘ્ર સંગીતદ્વારા પોતાના ઉદ્વેગનું પૂર રેલાવી દીધું. રૂદનભર્યા અપાર્થિવ સંગીતથી અશ્રુબદ્ધ થઈ રસિકો અભિમંત્રિત થયા. થોડા દિવસ વીતે, તેજ કલાકે થયલા બ્હેનના મૃત્યુના પત્રથી સમાચાર ત્હેને મળ્યા. દુઃખદ બીના વાંચતાં જ તેણે ચીસ પાડી અને એટલો બધો વ્યથિત થયો કે મગજ માંની એક રક્તવાહિની તૂટી ગઇ. આ ઘાથી ક્ષીણ થતા ત્હેના દેહનું જે વિદારણ થયું હતું તે રૂઝાવી શકે એવું જીંદગીમાં એકે સુખ રહ્યું ન્હોતું એટલે

ચીરાયલા તંતુઓમાંથી લોહી અદશ્ય રીતે દ્રવતું. જોતજોતામાં, એ ભાઇબ્હેનના સૂક્ષ્મસંવાદી આત્માઓને અનુકૂળ એવા લોકમાં પોતાની બ્હેન નિકટ વસવા તે પણ ચાલ્યો ગયો."

શાંત રહી એકચિત્તે સાંભળતી સ્વર્ણસુન્દરી સખીના મુખારવિંદપરથી પ્રસ્વેદ કણ લૂછતી બોલી: "પદ્મિનીએ જયદેવના ખોટા મૃત્યુસમાચાર સાંભળતાં જ દેહ પાડયો, બર્થેલોએ બીજા ખંડમાં મૃત્યુશય્યાએ સૂતેલી પત્નીના સ્વર્ગવાસના ખબર થતાંજ દેહ છોડયો તેવુજ આ બે ભાઇબ્હેનના પ્રસંગમાં બન્યું. પતિની ચેહમાં બળી મરવાથીજ સતી થવાતું નથી પણ સ્નેહની ચેહમાં ભસ્મીભૂત થવામાં જ ખરૂં સતીત્વ રહેલું છે."

"આ કથા મનુષ્યજીવનના એવા અલૌકિક પ્રસંગની બનેલી છે કે આપણે વધારે વાતચિત કે ચર્ચા કરવા કરતાં An attitude of reverent contemplation* (નમ્રતાભર્યું ભક્તિચિંતન) રાખવું ઉચિત છે." એટલું બોલી હિમાની ઉઠી અને બોરસળીની કુંજોમાંથી ફુટતી સુગંધના ફુવારામાં વિરાજતી સતીની મૂર્તિ આગળ પોતાના ગળાં અને વેણીના પુષ્પોની તથા વસ્ત્રોમાં મઘમઘતા સેન્ટ અત્તરાદિની સુગંધના અંતરપટમાં રાખી પોતાના આત્માની સુરભિ નૈવેદ્યરૂપે ધરતી હોય એમ ઘડી અધઘડી ઉભી. પવિત્રતાએ આપેલું ઓજસ ત્હેના મુખપરથી ચંદ્ર પ્રકાશને પણ વિશેષ પવિત્ર કરતું લાગતું હતું.

બન્ને સખીઓ ઘેર જવા પાછી ફરી. તળેટીએથી હોડીમાં બેઠી. સાંકડી નેળમાંથી જવાને બદલે ટેકરીની પ્રદક્ષિણા ફરી હોડી બંધભણી સરવા લાગી. ચંદ્ર પૂર બ્હારમાં ખીલતો હતો.

પ્રકાશનાં પૂર રેલી રહ્યાં હતાં. પાણીનાં ઉછળતાં મોજા સાથે કિરણો ગેલ કરતાં હતાં.

બંધે પ્હોંચતાં હોડીમાંથી ઉતરી મોટરમાં બેસી બન્ને સખીઓ પોતાને મુકામે જોતજોતામાં પ્હોંચી ગઈ, રસ્તામાં સ્વર્ણસુન્દરી મોટર હાંકતી હતી અને હિમાનીએ વર્ડ્ઝવર્થ, હર્શલ, રેનન આદિ ભાઇબ્હેનો વિશે સુરમ્ય વાતો કરી.

સુપર્ણા.

૧

બંગલાના પગથીઆ ઉપર સુપર્ણા ઉભી હતી. કમ્પાઉંડમાં લીમડાની ડાળે દોરડું બાંધી પશુપતિ હીંચકા ખાતો હતો. પતિના માંસલ અને મેદમય શરીરપર રમતાં આથમતાં કિરણો શ્યામ રંગને ભાતભાતના તેજથી ભભુકાવતાં અને કસરતનું તેજ મુખપર સ્ફુરતું તે જોતાં છતાં સુપર્ણા પ્રસન્ન નહોતી. તે અંતરમાં બળેલી હતી.

લીલા ઘાસથી રમ્ય લાગતા સામેના કમ્પાઉંડમાં પરેડ થતી હતી. 'રાઇટ–લેફ્ટ' નો ધ્વનિ અવિરત ઉઠતો હતો. યુરોપના રણસંગ્રામોમાં બ્રિટિશ પ્રજાનો વિજય કરાવા અને પોતાનું અમૂલ્ય લોહી રેડી હિંદીઓ અને અંગ્રેજોના સંબંધ વધારે ગાઢ મમતા વાળા કરવા અને એ રીતે ભારતવર્ષનો ઉદય સાધવા, અજ્ઞાત રીતે, જે હિંદીઓ લશ્કરમાં સિપાહી થવા ભાગ્યશાળી થયા હતા તેમનો તાલીમ જોવાથી રોમાંચિત થવાને બદલે સુપર્ણા હંમેશ નિઃશ્વાસ નાંખતી. પણ આજે તે નીસાસા નહોતા ઉઠતા. આજનો નીસાસો, આજની યંત્રણા વધારે મર્મભેદી હતાં. તેનું સુંદર તેજસ્વી મુખ મ્લાન અને નિસ્તેજ થયું હતું. એટલી બધી વેદનામાં તલ્લીન હતી કે સ્તબ્ધવ્યાપાર લાગતી હતી. સુપર્ણા પરેડ જોવામાં હંમેશના રીવાજ મુજબ મશગુલ છે એવું પશુપતિ

ધારતો હતો. પોતાના વિનોદમાં એવી મોઝ માણતો હતો કે પત્નીની કરમાશ એની નજરે ચડી જ નહોતી.

સુપર્ણાને એવી તે શી વેદના હતી? એનો સંસાર દુઃખી હતો? એને શેની કમીના હતી? લક્ષ્મીની પરમ કૃપા તેનાપર હતી. સત્તા હતી, વૈભવ હતો, યૌવન હતું, રૂપ હતું; સાસુસસરાના ચારે હાથ હતા; પતિ 'પ્રાણનાથ હતા. સૂર્યના કિરણોની પેઠે કુટુમ્બને તે અજવાળતી હતી. છતાં શેની ઉણપ હતી? વિપુલતાના ઓડકારથી તે હેરાન હતી?

કુટુંબમાં સર્વને ઉલ્લાસમાં રાખતી સુપર્ણા જાતે કેમ ખિન્ન હતી? જેનો પડગો બોલ વડિલો ઉપાડતા અને જેના નાના મોટા મનોરથો સંતોષતા તે કેમ વિષાદમાં હતી? ગર્વથી છકી જવાથી કોઈ નાની મોટી બાબતમાં એને ઓછું આવ્યું હતું? તેના હૃદયમાં શેની આગ બળતી હતી? "આમને આમ વખત ગુમાવે છે. ભણવામાં બીલકુલ લક્ષ નથી. શું થશે એમનું અને મારૂં?"

સુપર્ણાના હૈયામાં સળગતી હોળી જોઇ? પશુપતિ વિદ્યાવાન્ નહોતો તેમ વિદ્યા પ્રાપ્ત કરવાની સેજ પણ વૃત્તિ તેને નહોતી. સુપર્ણા કેળવાએલી હતી? કેટલો અભ્યાસ કર્યો હતો? ચાર ગુજરાતી ચોપડી શીખી કેટલાં વર્ષથી નિશાળેથી ઉઠી ગઇ હતી. આમ છતાં પતિને વિદ્વાન કરવા કેમ તલસતી હતી? પોતે સુશિક્ષિત હોત તો 'સમાન શીલવ્યસન' ના સાહચર્ય અર્થે પતિને વિદ્યાસંપન્ન કરવાની પિપાસા તીવ્ર જાગે એ સ્વાભાવિક છે. પશુપતિને ભણવાની જરૂર નહોતી. લખલૂટ ઉડાવે, માણવા હોય તેટલા વિલાસવૈભવો માણે તો એ ખૂટે નહીં એટલું દ્રવ્ય એના પિતાએ મેળવ્યું હતું. પિતાની અનુપમ પ્રતિષ્ઠા હતી. પિતાની

લક્ષ્મી સાથે પ્રતિષ્ઠા પણ વારસામાં મળશે એવી વખતે એની સમજણ પણ હશે. આટલું છતાં એ વિદ્યાનો ખપ પડશે તો ક્યાં વિદ્યાને નોકર રાખી નથી શકાતી? જેની પાસે પૈસા છે તેનું જગત ગુલામ છે.

જે સંસારમાં સુપર્ણા મ્હાલતી ત્યાં આવાં દૃષ્ટિબિન્દુ નિષ્કંટક રાજ્ય કરતાં હતાં. એને પોતાને પણ પૈસાનો, સત્તાનો, વૈભવનો, સૌંદર્યનો, યૌવનનો, હુશીઆરીનો, આવડતનો તોર હતો. જગત આખાને તુચ્છ લેખતી હતી. તો એ કેમ પતિને વિદ્યા પ્રાપ્ત કરવા ઉત્કંઠ હતી? સુપર્ણાને વિદ્યા પર પ્રેમ હતો? પોતે વિદ્યા મેળવવા પ્રયત્નો કરતી હતી? પતિમાં વિદ્યા નહોતી—પતિને વિદ્યા મેળવવાનો કંટાળો હતો તો સુપર્ણા જેવી સહધર્મચારિણીની ફરજ નહોતી કે પશુપતિની ન્યૂનતા પોતે પૂરવી? 'અન્યોન્યની ન્યૂનતા પૂરે દંપતી' એવું સ્નેહમુદ્રા કહે છે. આજન્મદાસી સુપર્ણા વિદ્યાસંપન્ન હોય તો પછી બીજી રીતે વિદ્યાને નોકર રાખવાની જરૂર જાગેજ શેની?

પણ—પણ પતિમાં વિદ્યા ન હોય ત્યારે પત્નીએ વિદ્યા મેળવવી જોઇએ ખરી? એથી જીવનમાં વિષમતા નહી આવે? પ્રભુસ્થાને પતિને રાખી શકાશે? સતીત્વ અખંડ રહી શકશે? સુપર્ણાનું જીવન કલંક નહિં પામે?

૨

સુપર્ણાના પિતા ગરીબ હતા અને ગામડામાં રહેતા. માત્ર રૂપને લીધે શ્રીમંતને ત્યાં એનું લગ્ન થયું હતું. પતિનો વર્ણ શ્યામ હતો પણ કુમારિકાઓ સ્વયંવરા થઈ શકતી નથી. સાસુએ એને પસંદ કરી અને માબાપને એ પસંદગી અનુકૂળ હતી. બાલિકા તો પોતાનું અહોભાગ્ય માનતી. સગાંવ્હાલાં તરફથી સંસ્કાર પણ

એવાજ પાડવામાં આવતા, મહેલોમાં રહેવાનું અને મોટરોમાં મહાલવાની વાત જેની તેની સાથે થતી. જયારે જયારે મુંબાઇ જતી ત્યારે પોતાના શ્રીમંત સગાંઓને ત્યાં ઉતરતી. સુપર્ણા હોંસિલી છોકરી હતી. શ્રીમંતાઇના પાઠ મુંબાઇમાં સમજતી. પિતા પાસે એટલો વૈભવ નહોતો. નહીતર પાઠ અનુભવમાં ઉતારત. પણ સાસરે અનુકૂળતા મળી.

"હારમોનીઅમ" વગાડતાં શીખી ભરતાં ગુંથતાં શીખી. ચિત્રો આંકતાં શીખી. ફેશનેબલ કપડાં પહેરતાં શીખી. 'સેન્ટ પોમેટમ' વાપરતાં શીખી. થોડુંક અંગ્રેજી શીખી. નોકરો પર રોફ કરતાં શીખી.

આટલું આટલું શીખ્યા છતાં દિલમાં ઘણી ઘણી ઉણપો રહેતી. દેશ અને નાતના રીવાજ એને સાલતા નહોતા. ઉલટા તે પાળવામાં તેને લ્હાવો હતો. છતાં નવી મોઝ માણવા તે આતુર હતી. પણ પતિ બહુ શરમાળા હતા "હારમોનિયમ અને પીઆનો" વગાડવાનું શીખતી તેમાં તે ઉત્તેજન નહીં આપતા. માત્ર સાસુનું ઉત્તેજન હતું. ગાવું બજાવવું કયાં? માત્ર સ્ત્રીઓમાં? પુરૂષો સમક્ષ એ કલાનું પ્રદર્શન કરવાની વૃત્તિને એના ઉછેરમાં અને વાતાવરણમાં સ્થાન નહોતું. પતિની સેવામાં એ કલા નિવેદિત કરતી પણ પતિ શરમાતા એટલે અંતરમાં બળતી.

યૌવનના મળસ્કામાં સુપર્ણા હતી. સૌંદર્ય હતું. સારૂં ખાનપાન હતું. પોષાક, અલંકાર અને પ્રસાધન તેનાં યૌવન અને સૌંદર્યને દીપવવા તેમની ખીજમતમાં હમેશ તૈયાર રહેતાં. પછી તેના બ્હારનું શું પૂછવું? પણ એ યૌવનના માલિકને તેની કદર નહોતી, મમત્વ નહોતું. સુપર્ણાની વિલાસવાંછના મનમાં

ઉઠી મનમાંજ શમતી. રૂપગર્વિતા સુપર્ણાની પ્રશંસા પશુપતિ શાને કરે? કઇ હિન્દુ સ્ત્રી પોતાના રૂપના વખાણની આશા રાખે છે? સાૈન્દર્યપ્રશંસા નિષિદ્ધ છે. પણ સુપર્ણાને નવા જમાનાના છાંટા ઉડયા હતા.

જુની સતીઓની માફક સુપર્ણાને પતિપૂજા કરવાની અને આરતી ઉતારવાની તીવ્ર હોંશ હતી પણ પતિ ન્હાસતા ફરતા. સુપર્ણાનું સુખી જીવન આમ દુઃખી હતું.

સુપર્ણાને સાવિત્રીચરિત્ર વાંચવું ગમતું. બહુ વાંચવાનો તો શોખ નહોતો. સાવિત્રી જેવી સતી થવા સુપર્ણાને એનાં સાસુ સદ્બોધ આપતાં. એમાંથી એને કોઇક કોઇક વાર એવું થતું કે સાવિત્રીએ પોતાનાં ઉભયકુળ તાર્યાં તેમ હું પણ તારૂં. સસરાને ત્યાં કુબેર અને ઇન્દ્ર તુષ્ટમાન હતા એટલે તારવા પણું રહ્યું નહોતું. પીએર સુખસંતોષ હતાં, માત્ર દ્રવ્ય નહોતું. પણ તેનો જોગ થઇ રહેશે. પતિમાં પ્રમાદ હતો, વિદ્યાનો અનુરાગ નહોતો, ઉચ્ચ અભિલાષ નહોતો. એમને ન તારૂં? એવી ઉર્મિ એક વાર ઉઠી. પણ સતી પતિથી તરે કે સતીથી પતિ તરે? મુંઝવણનો પ્રશ્ન કથાના પ્રસંગે સાસુજીને પૂછયો. તેમણે નિર્ણય આપ્યોઃ પતિ પ્રભુ છે; તે તારે તો સતી તરે; પણ સતી પતિને તારવાનું અભિમાન કરે તો વડવાગળી થાય. એ મનોરથ પણ ત્યાંજ અટકયો. પતિથી પોતે વધારે ભણે તોપણ સતીપણાને લાંછન લાગે, ભણવાનું મન થતું તે દાબી નાંખ્યું.

૩

મનુષ્યના નિશ્ચયો પૂર્વભવના કર્મોને આધીન છેઃ સુપર્ણા સ્વતંત્ર નહોતી. જે કર્મો એને દરિદ્રતામાંથી લક્ષ્મીના ખોળામાં લઈ આવ્યાં તેમણે નવો ઘાટ રચ્યો. સસરાનાં સત્તાવૈભવથી એને

નવી નવી સૃષ્ટિઓમાં વિહરવાના પ્રસંગો આવતા. "લેડીઝ ક્લબ," "કૉન્ફેરેશટ,"" "રિસેપશન," "પાર્ટીઓ"સભાઓ, અંગ્રેજી નાટકો અને 'સિનેમેટોગ્રાફ'માં વિદ્વાન, સંસ્કારી સંપન્ન, વિદગ્ધ સન્નારીઓના સમાગમમાં તે આવતી. અજ્ઞાનને લીધે, કેળવણીની ખામીને લીધે તે છોભીલી પડતી. સ્ત્રીઓના ભર્યા સમૂહમાં તે અટૂલી પડી જતી. કોઇ સાથે એને બેનપણાં બંધાતાં નહોતાં. એના રૂપનો ગર્વ ઉતરી ગયો હતો. એને ઝાંખી પાડે એવી અનેક રૂપસીઓ ત્યાં આવતી. એની સત્તા કે લક્ષ્મીથી વધે એવી સત્તા અને લક્ષ્મીવાળી ઘણીએ સન્નારીઓ જયાં હોય ત્યાં એનો પ્રભાવ કોના પર પડે? પોતાનાં સગાંવ્હાલાં અને આશ્રિતોમાં જે રાણી તરિકે વિરાજતી, દોર હકુમત ચલાવતી તેની સ્થિતિ એક હલકી દાસીથી પણ નખત્તર થઇ જતી. નહોતી એને કશી આવડત; નહોતી ખીલેલી એની વિચારશક્તિ.

એનો અહંકાર માત્ર ગળી ગયો. અલબત એકદમ નહી પણ ધીમે ધીમે. જેમ જેમ સંસારમાં પોતાની ખરી સ્થિતિ પામતી ગઇ તેમ તેમ.

સુપર્ણાને સત્તાનો અને દમામનો શોખ હતો. એ સાચવી રાખવાનું મનોબળ પણ તેજસ્વી હતું. પોતાની અપકીર્તિના કારણો વિચારવા માંડયાં. જેટલી ન્યૂનતા હોય તે પૂરી પોતાની સત્તા અને દમામ એ 'ભદ્ર' મંડળમાં ચલાવવા એણે સંકલ્પ કર્યો. અંગ્રેજી શીખવા માંડયું. વર્તમાનપત્રો વાંચવા માંડયાં. રાજજીવન અને પ્રજાજીવન આવિર્ભાવ કરનારી નાની મોટી સંસ્થાઓ અને ચળવળોમાં જવા લાગી. તેમનાં ઇતિહાસ, ઉદ્દેશ, કાર્યકર્તાઓનાં જીવન નિરીક્ષવા લાગી. અવનવો સંસાર ખુલતો લાગ્યો. મનના

મેલ ઉતરવા લાગ્યા. જીવનમાં નવાં જ હેતુ ઉભરાવા લાગ્યા. સુપર્ણા યૌવનમાં પ્રૌઢ થઈ; વિચારશીલ થઇ. આજ લગી જે ભાવનાઓ, જે મહેચ્છાઓ, જે વિલાસો, જે સંસ્કારોમાં તે ઉછરી હતી તે સર્વે ઊણા, અધૂરા અને વખતે વખતે વિપથે દોરી જનાર લાગ્યા.

જૂના સંસારમાં પતિ રસ નહોતા લેતા અને નવામાં તો લેજ શાના? એમનું ગજૂંજ નહોતું. પતિપત્ની વચ્ચે અંતર વધતું જતું હતું. ક્રીતદાસીની પેઠે સુપર્ણા પતિની સેવા ખડે પગે કરતી. તેના પડયા બોલ અમલમાં મૂકતી. તેની સુખ સગવડ સાચવતી પણ પત્નીની સુખસગવડ માટે પતિ બેદરકાર હતો. શારીરિક સગવડો કરી આપવાનું કાર્ય માના હાથમાં હતું એટલે વહુને માટે દીકરાને ફીકર રહે શાની? માનસિક અને અધ્યાત્મિક સાહચર્યને માટે તસ્દી શા માટે લેવી? એ બધી જંજાળમાં કોણ ફસાય? આવી સ્થિતિમાં સુપર્ણા ઉભી ને ઉભી બળી જતી. તેનું રૂપ તેનું યૌવન કરમાવા લાગ્યાં. પણ તેની પરવા કોને?

પતિને સુશિક્ષિત થવા અનેક રીતે ઉશ્કેરતી પણ એના બધા પાસા અવળા પડતા. ઉંચે લઇ જવાના ગમે તેટલા પ્રયત્નો કરે છતાં તે જમીન પર સરી પડતો. જ્યારે જ્યારે દૂરથી પતિને બીનજરૂરી વ્યવસાયોમાં નિમગ્ન જોતી ત્યારે ત્યારે એ બળીને ખાખ થઈ જતી, પતિવ્રતા સતીને બહુ સાલતું. પતિને ઉંચેથી કડવો સૂકન કહેવાય નહીં છતાં મર્મથી, રસથી, ધ્વનિથી, કટાક્ષથી જેટલું કહેવાય તેટલું કહેતી પણ બધું મિથ્યા હતું. તે ઓલવાએલો જવાળામુખી હતો.

૪

શિક્ષણકાલે સુપર્ણાને સુભાગ્યે એક દેશવત્સલ, અભિજાત, સંસ્કારી સન્નારીનો સમાગમ થયો. જીવનનું કેન્દ્ર એથી મેળવી શકી. માત્ર વૈભવ, શોખ, મોઝ ફેશન, સાહેબીનું જીવન ગાળવામાં મનુષ્યત્વ નથી. એક પુરૂષની સેવામાં ક્રીતદાસીની માફક પોતાનું સર્વસ્વ હોમતી હતી, દેહના દાનની સાથે મન અને આત્માના વિકાસ બંધ કરતી હતી તે કેટલું અન્યાય્ય, અપવિત્ર અને અધર્મ્ય હતું તેનું એને ભાન થયું. સ્ત્રી માત્ર પુરૂષની પત્ની નથી પણ વસ્તુતઃ ભવિષ્યની સંતતિની જનેતા છે. એ કર્તવ્યને લીધે જ એનું સાહચર્ય છે. સંતતિની ઉન્નતિ એનું લક્ષ્ય બની. જે દેશમાં તેઓ જન્મે તે સુંદર, પાવક, ઉન્નતિકારક, સમૃદ્ધ, સુખી, વીર્યશાળી, પ્રભાવી, પ્રતિષ્ઠાસંપન્ન, તેજસ્વી, ગૌરવશાળી ન હોય તો તેમાં તેમનો પ્રસવ કરવામાં પાપ છે એવી પ્રતીતિ થઈ. સંતતિ પરથી દેશની ચિંતા થઇ. દેશમાં હડહડતો કળિયુગ વ્યાપેલો જોયો. આધિ, વ્યાધિ, ઉપાધિ, સંકટ, ત્રાસ, સત્તાભિમાન શરીરનો અને આત્માનો ભૂખમરો, ભીરૂતા, સ્વાર્થ, વિલાસ, ખુશામત—પોતાની જાતની અને પારકાની, દેશદ્રોહ, મિત્રદ્રોહ, જાતિદ્રોહ, ધર્મદ્રોહ, અનુદારતા, વિવેકશૂન્યતા, અપ્રમાણિકતા, આચારશિથિલતા વગેરે વગેરેના અવનવા રંગ જોયા. સુપર્ણામાં પશુપતિના સંતાનોની સાથે દેશપ્રેમ, રાષ્ટ્રપ્રેમ અને મનુષ્ય પ્રેમ જન્મ્યાં. જીંદગી અવિરત યજ્ઞ છે અને તેમાં પોતાનાં સર્વસ્વની આહુતિ આપવાની છે એની એને પ્રતીતિ થઇ. સુપર્ણાનું જીવન પલટાઇ ગયું. એના વિલાસવૈભવો ઓછા થયા. વ્યવહાર પગલાં લીધા પહેલાં પોતાની જાતને અનેક રીતે સંપન્ન અને સમર્થ કરવા

લાગી. આયુની અવધો ટુંકી છે. કાળ ક્યારે આવી ભક્ષણ કરશે તેનો ભરોસો નથી. જે ક્ષણો મળે તે સાર્થક કરવી. સાસુ સસરા, પતિ, સંતાન—સર્વેની ખીજમત ઉઠાવતી, સસરાની સાહેબીની ફરજો અદા કરતી અને તેમાં મળતો અવકાશ આત્મોન્નતિમાં ગાળતી. આમ બે ચાર વર્ષ વીતી ગયાં. હવે જયાં જતી ત્યાં એનો પ્રભાવ પડતો, એનાં જ્ઞાન, સંસ્કારિતા, સૌજન્ય, છટા, દેશદાઝ, સેવાપરાયણતા, ઉદારતા, પવિત્રતા સૌને મુગ્ધ કરતાં. લક્ષ્મી અને સરસ્વતીની ગમે તેટલી કૃપાપાત્ર હોય, સૌંદર્ય અને સત્તા ગમે તેટલાં હોય તોપણ સર્વ સ્ત્રીઓમાં એજ રાણી તરિકે વિરાજતી.

આ સર્વે વ્યવસાયમાં સુપર્ણાના દિલમાં તુમુલ તુફાન જામતું. દરપળે પોતે આગળ વધતી હતી. પણ પતિ હતા ત્યાં ના ત્યાં. પૂર્વના સુકૃત્યના બળે બગડતા નહોતા એટલો સંતોષ હતો.

૫

જીવનની ભાવના બદલાઇ; વિચારો નવા નવા થવા લાગ્યા, અનુભવો નવા મળવા લાગ્યા. આવી સ્થિતિમાં કુમારાવસ્થાની જૂની પુરાણી ભાવનાઓ ઊણી અને ખોટી લાગવા માંડી. પતિ પ્રભુ છે એ પાખંડ મત લાગ્યો. દેશ માત્ર પ્રભુ છે પ્રભુનો પ્રતિનિધિ છે. કોઈ મનુષ્ય તે સ્થાન લેવા અધિકારી, યોગ્ય કે સમર્થ નથી તો પાછી પશુપતિ તો હોય જ શાનો? પ્રભુ એવા હોવા જોઇએ કે જેમની સેવાથી આપણું શ્રેય થાય, આપણો આ લોક ને પરલોક સુધરી જાય. પણ જેમના સમાગમથી ઉલટી અધોગતિ થતી હોય તેમને શી રીતે પ્રભુ તરિકે પૂજવા અને આરતી ઉતારવી? જૂની સતીઓમાં પોતે ન ગણાય તો ચિંતા નહિ પણ નવી સતીઓમાં પ્રતિષ્ઠા પામવાની તેને ાતરી હતી

જે ઉત્તમ, પવિત્ર, દેશવત્સલ, સંસ્કારી માતા છે, જે પોતાના દેશની ઉન્નતિ અને પ્રતિષ્ઠાપ્રતાપ વધારે એવાં છોકરાંની જનની છે તે જ ખરેખરી સતી છે. પ્રભુતા પતિમાં દેખાતી કે આરોપાતી બંધ થઈ અને જીવનસહચારમાં તેની મૈત્રીની અપેક્ષા જણાઈ. પણ સમાનોમાં મૈત્રી હોય. બન્ને વચ્ચે આસ્માનજમીનનાં અંતર હતાં. મૈત્રી ન થઇ તો સ્નેહ હતો ? ઘણો કાળ સુપર્ણા માનતી કે પોતાનું હૃદય પતિના હૃદયમાં જઇ વસ્યું છે. સ્નેહમાં મ્હાલતી હોય એવું માનતી પણ ધીમે ધીમે ફેરવાતા જીવનમાં એક દિવસ વીજળીનો પ્રકાશ પડયો. 'પ્રાણનાથ' તે માત્ર કાગળમાં સંબોધવાનાજ પ્રાણનાથ લાગ્યા. વસ્તુતઃ પ્રાણનાથ ન લાગ્યા. જેને સ્નેહ માનતી હતી તે મોહ અને કામ જણાયાં. પોતાના અભ્યાસમાં સ્નેહનું જે સ્વરૂપ તે સમજી શકી હતી તેની છાંટ પણ પોતાના જીવનમાં ન લાગી. આ વખતે એને ઘણું લાગી આવ્યું. જીંદગી શૂન્ય બની ગઇ અને ઘણા કાળલગી મૂઢ રહી પણ ભક્તિયોગના પ્રતાપે વિશુદ્ધ થઈ અને પરમાત્માએ એને પ્રકાશનો માર્ગ દેખાડયો. સુપર્ણાના હ્રદયમાં સ્નેહ હતો. તેનું પાત્ર પશુપતિ નહોતો તો સુપર્ણાના શરીરમાં જન્મેલાં બાળકો તેનાં પાત્ર હતાં અને તે સૌને વર્તવાનો સૌથી અધિક પવિત્ર, વિશુદ્ધ અને તેજસ્વી પાત્ર દેશ હતો.

સુપર્ણાનો આવો બ્રહ્મજન્મ થયો એટલે પતિના શિક્ષણની ચિંતા, દરકાર કે વાંછના નાશ પામ્યાં. પતિને સંસ્કારી અને સુશિક્ષિત થવું હોય તો થાઓ યા ન થાઓ પણ મારે તો મારા દેશને ખાતર એમની સાથે એમના જેવા રહેવાનું પાલવે એમ નથી. દેશ એના જીવનનું પરમ લક્ષ્ય થયું. એનાં આત્મા, બળ,

હ્રુદય અને શરીરની સર્વે સંપત્તિઓ દેશને ચરણે નિવેદિત કરી. લક્ષ્મી અને સત્તા પણ તે જ લક્ષ્યપ્રતિ વાળ્યાં. એને પોતાને એવા એવા પરચાઓ લાગવા માંડયાં કે જૂની સતીઓનાં વૃત્તાંતો એને એમની સરખામણીમાં નીરસ લાગ્યાં. કોઇક અકથિત, અવર્ણ્ય, અદ્દ્ભુત આનંદમાં તે વસતી અને જયાં જાય ત્યાં સૌને તેનો અભિષેક કરતી.

પોતાનો ધર્મ આખરે સમજી. કર્મસંયોગે બે જીવ એકઠા **થઇ પ**તિપત્ની થાય છે પણ આખરે સૌની યાત્રા નિરાળી અને એકાકી છે. પતિને પોતાના વિકાસનો જ માત્ર અધિકાર નથી પણ પત્નીને પણ છે. પતિ જેવો દેશનો સંતાન છે તેવીજ પત્ની પણ છે. દેશસેવા પુરૂષ કરતાં સ્ત્રીએ વધારે કરવાની છે. તે જનની છે.

પોતાના જીવનમાં પતિની યોગ્યતા પ્રમાણે સ્થાન આપ્યું. જીવનનો ઉદ્દેશ સમજાયો અને તેની પ્રાપ્તિ માટે જીવનનો પ્રવાહ વહેવા લાગ્યો પછી વૈષમ્ય, દુઃખ, ગ્લાનિ, યંત્રણા કયાંથી રહે? પોતાનું જીવન સાર્થક કરી નાંખ્યું. સુપર્ણા એકલી ઉડી અને પરમાત્માના અનુગ્રહની પાત્ર બની.

દોસ્ત.

૧.

"કેમ શિવલાલ! આજે બૈરાંઓમાં પીરસવા નથી ગયો? અત્યારમાં જ જમવા બેસી ગયો?" ગડબડે સવાલ કર્યો.

શિવલાલ નિરૂત્તર, નીરવ રહ્યો પણ સુરજલાલ એના વતી જવાબ આપતો હોય તેમ બોલ્યો "બહુ વર્ષ ફાંફાં માર્યા પણ માએ કરેલો વિવાહ ફોક થઈ નથી શકયો."

"બિચારાના મનસુબા પાર પડે એવું રહ્યું જ નથી" વચમાં માધુ બોલી ઉઠયો.

"કેમ બચ્ચા માધુ, તું પણ ફાટયો કે?" શિવલાલે પોતાનો રોષ દર્શાવ્યો. "તમને બધાંને હસવાની મઝા આવે છે પણ અહીં મારૂં તો કાળજું કપાઇ જાય છે. જો વધારે તમે તડપાંચ કરશો તો જોવા જેવું થશે."

"શું, બચ્ચાજી, મારામારી કરવી છે? તારા જેવા 'ફેશનેબલ જેન્ટલમેન' હાથ ઉગામશે? ધમાધમીમાં આ ત્હારા હોળેલાં પટીઆં વીખાઇ જશે, તારી નેકટાઇ છૂટી જશે અને કફમાં બોસેલો રૂમાલ ખોવાઇ જશે અને સફેદ ધોતીઆ જેવું બોટીયું ધુળમાં રગદોળાશે. અને હાડકાંપાંસળાં રંગાશે તે તો વધારામાં". ગડબડે એકદમ વાગ્ધારાથી શિવલાલને ડરાવી દેવાનો પ્રપંચ રચ્યો પણ એથી શિવલાલ વધારે ઉશ્કેરાયો. ગડબડને મારવા જતો હતો ત્યાં બાબુએ આવી એને પીરસવા ઉઠવા આગ્રહ કર્યો; હાથ પકડી રસોઇ આગળ ખેંચી ગયો અને

તેના હાથમાં જુલમ અને રૂઆબથી બીરંજની થાળી આપી; જૈરાંમાં પીરસવા જવા તાકીદ આપી.

બાબુની બ્હેન રૂપાળી હતી; નાતની 'ફેશનેબલ' કન્યાઓમાં તેનો દોરદમામ જૂદો જ હતો. તેની સાથે સગાઈ કરવા શિવલાલનું મન ઉછળતું, બાબુની સાથે તેથી જ સારપ રાખવાની જરૂર હતી. તેના સુકન શિવલાલ ઉથાપતો નહીં.

નાતમાં પ્રેસ એકટ કે ડિફેન્સ ઓફ ઇંડિયા એકટ નહોતો. સી. આઈ. ડી. પણ નહોતા. ટુંકાક્ષરી રીપોર્ટર ન્હોતા. પછી સ્ત્રીઓ વાણીનું સ્વાતંત્ર્ય પૂરેપૂરૂં વાપરે એમાં એમનો શો દોષ? પીરસનારાઓ ઘણું ખરૂં કિશોરો અને યુવાનો હતા. "ઉમેદવારો" હતા. પક્ષિણીથી સંવનિત થવા નરપક્ષીઓ જેમ પોતાનાં પિચ્છ સમારી કળા કરે છે, નૃત્ય કરે છે, કંઠ ખોલી સુમધુર સંગીત રેલાવે છે તેમ જ્ઞાતિની અવિવાહિતા કિશોરીઓ અને યુવતીઓ–તેમની માતાઓ અથવા સ્ત્રીસગીઓનું ધ્યાન ખેંચવા નાના પ્રકારના મોહાસ્ત્ર ફેંકતા હતા. તેમની ચાલવાની છટા, તેમની કપડાં પહેરવાની અને વાળ હોળવાની ફેશન, તેમનાં રંગ, રૂપ, ઘાટ, એ સર્વપરથી પ્રતીત થતી તેમની સમૃદ્ધિ "ઉમેદવારોની" કન્યાઓના ચિત્તમાં વિચારના વિષય બન્યા હતા. કંઇ કંઇ જુવાન હૃદયો વિવશ બનતાં હતાં. રૂપવંતી કે 'ફેશનેબલ' કન્યાઓની પાતળમાં અનેક વાનીઓ અસ્ખલિત પીરસાતી; તેમનો મીજાજ અને તજવીજ સાચવવા, તેમનો પડયો બોલ ઉપાડવા તીડનું ટોળું ખીજમતમાં હાજર હતું.

"આખી નાતમાં પ્રેમદા તે તો પ્રેમદાજ છે. સૌંદર્યનો અવતાર જ છે. નરી પારસણ જ હોય એવી છે. એની બેસવાની પણ ખુબી ઓર, એની જમવાની છટા પણ કેવી 'ઇસ્થેટિક્!' સ્થાન પસંદ કરવામાં

પણ એની ચતુરાઇ. કેવા આછા અજવાળામાં બેઠી છે પણ વીજળી જેવી ચમકે છે. ઘરેણાં અને કપડાંમાં રંગની એકતા પણ કેવી સાચવી છે? કેવી છાનીમાની મારા સામું જુવે છે? મારા હૈયાની હોળી તે જાણે છે. બાબુ પાસે જયારે જયારે જાઉં છું ત્યારે ત્યારે મારી સાથે વાત કર્યા વિના રહેતી જ નથી" આવા આવા વિચારો શિવલાલના ચિત્તમાં આવવા લાગ્યા. તે પીરસતો હતો પણ તે માત્ર યંત્રવત. પ્રેમદા બેઠી હતી એટલામાં જ તે થાળી લઇ ફરતો હતો.

"દોલત, તારા વરને કહેને બીરંજ પીરસી જાય. પેલી પ્રેમદાને બીરંજ ભાવતો નથી છતાં તેની તહેનાતમાં કેમ ઘૂમે છે. બળ્યું બ્હેન! તારાથી કેમ જોવાય છે? ભરી નાત વચ્ચે આ તમાસો!" ઇચ્છાએ અક્કલ વગર જે હોઠે આવ્યું તે બોલી દીધું.

"બ્હેન કંદર્પલીલા, ઊંઘ આવે છે? ચાલ ઘેર સૂવાડી આવું?"

દોલત શું જવાબ આપે? હિન્દુ બાલિકાની લજ્જા, વાત બ્હેનપણી આગળ કરવી કઠણ ત્યાં હૈયાના આગળ મોકળા કરવાનું તો બને જ કયાંથી? સમયસૂચકતા વાપરી તેણે પોતાની નાની બ્હેનને ઉચકી ઘર તરફ પ્રયાણ કર્યું. સાદી, વ્હાલસોઈ દોલતને જોતાં શિવલાલના હૈયાએ ઊંડો નીસાસો મૂકયો.

૨.

ઓરડો હતો વિશાળ છતાં જૂના વખતનો. ઝાંખું પડેલું, જાળા વાળું, બંધ પડેલું ઘડીઆળ એક ભીંતપર હતું ત્યારે બીજી ભીંતપર ન્હાનું સસ્તું 'ટાઇમપીસ' કાળની ગતિ

બતાવતું હતું. 'કેલેન્ડરો' પણ ત્રણ ચાર લટકતાં હતાં. જૂના કાળના 'કેલેન્ડરો' માંથી કાપી લીધેલી આલ્બર્ટ, વિક્ટોરીઆ, દાદાભાઇ, રોબર્ટ્સ, રીપન વગેરેની છબીઓ; રવિવર્માની મોહિની, 'ઓટોટાઇપ' કંપનીનાં એક બે ચિત્રો, કુટુંબની સ્ત્રીઓનાં કે છોકરાંઓના ફોટોગ્રાફો પણ ભીંત ઢાંકતાં હતાં. ખીંટીઓપર પુરૂષો અને સ્ત્રીઓનાં કપડાં લટકતાં હતાં. આખા ખંડમાં પુસ્તક બીલકુલ નહોતાં. ઓરડાની વચમાં ગોળ કાળું ટેબલ હતું. તેની આસપાસ આઠ દસ ખુરસીઓ જૂદા જૂદા લાકડાની, ઘાટની, રંગની, કાળની હતી.

ચહા પીતાં પીતાં ભાઇબંધોમાં રસથી અનેક વાતો થતી હતી.

"આખરે શિવલાલ અને દોલતનાં લગ્ન થયાં, ભાઇ ઘણાએ ઊંચા અને નીચા થયા પણ પરણવું પડયું."

"પેલી પ્રેમદાને પણ રૂપીઆ અપાયો?"

"હં! હં! કયારે? પેલા માંદા કૂતરા સાંથે એનો વિવાહ!"

"માંદો કહો, કૂતરા કહો જે કહેવું હો તે કહો પણ એના જેટલો પૈસો કયાં છે? શિવલાલને પરણી હત તો ઘરનું વૈતરૂં કરવામાં સામળી પડી જાત અને નવી નવી ફેશનનાં કપડાં કે ઘરેણાં પહેરવાનો ઓરીઓ વીતત ખરો કે? આ તો હુતો અને હુતી થવાની."

"અલ્યા સાંભળ્યું કે પેલા મહાદેવના વિવાહ ઓછંડાયા હતા તે પાછા એની એ જુગલ ાથે થયા."

"શું કહો છો? ત્યારે ઓછંડાયા શું અને પાછું નવું નાટક કર્યું શું?"

"એ તો 'લવ મેરેજ' છે. જુગલ કહે મારે તો એ જ

પતિ; પરણાવવી હોય તો પરણાવો નહોતર કુવારી રહીશ. એકબીજાના કાગળો માબાપના હાથમાં આવ્યા. પરણ્યા પહેલાં દંપતીધર્મનો લ્હાવો લીધાનો વ્હેમ ગયો, પછી શો રસ્તો ?"

"પણ આ શિવલાલનો જન્મારો કેમ જશે ?"

"બધાંના જાય છે તેમ એનો જશે- જવા દે થોડાં વર્ષ ને પછી એ બાયડી શ્વાસ અને પ્રાણ થઇ જશે. આપણી નાતમાં આવું ઘણું બન્યું છે."

૩.

"કાલે રાત્રે માયરામાં શિવાએ કેવું તોફન કર્યું. !"

"આ બધા સૌન્દર્ય અને વિલાસના કીડાઓમાં વિવેક, સંયમ, શાણપણ કયારે આવશે ?"

"આ બધી માત્ર છોકરવાદી છે, એમનું જ્ઞાન જેવું છીછલ્લું છે તેવું એમનું વર્તન પણ."

"માત્ર છોકરવાદી નથી; માત્ર છીછલ્લાપણું નથી." નદીપરથી થંડા પવનની સુરકી આવી. બોલનાર પરસેવાથી અને ઉકળાટથી મુંઝાતો હતો તે ઉભો થયો અને ખુરસી ઉપર ચડી અભરાઇપરથી ચારપાંચ પુસ્તકો નીચે ઉતાર્યાં. તેમની ધુળ ખંખેરતાં ખંખેરતાં તે બોલવા લાગ્યો, "દિવસે દિવસે આ સવાલ ગંભીર થતો જાય છે. અંગ્રેજી શિક્ષણથી આપણી જુવાનીમાં અનેક મહેચ્છાઓ થાય છે, આપણને પણ કયાં નહોતી ? અને હાલ કયાં બધી સમી ગઇ છે ? આપણા પર જે સંસ્કારો પડયા અને પડતા જાય છે તે આપણને વિપથે નથી જવા દેતા એ આપણું પરમ સૌભાગ્ય છે." પવન બંધ થવાથી પાછો બફારો થવા લાગ્યો. પંખો હાથમાં લઈ ગરમી ઓછી કરતો કરતો બોલ્યો.

"ઇંગ્લંડમાં "લવમેરેજ" થાય છે માટે આપણે ત્યાં થવાં જોઇએ. દરેક વિદ્યાર્થીને હવે "કોર્ટીંગ" કરવાની હોંસ છે. નાતો જમે છે ત્યારે, વરઘોડા નીકળે છે ત્યારે અને માયરામાં લગ્નવિધિ થાય છે ત્યારે શું થાય છે તે તમે ક્યાં નથી જાણતા?"

"ખરૂં. પણ આમની ભાવના તદ્દન વિપરીત લાગે છે. પોતાનું રૂપ, પોતાનો ઘાટ, પોતાની વિદ્યા, પોતાની પ્રતિષ્ઠા, પોતાની લક્ષ્મી ગમે તેવાં હોય છતાં દરેક યુવકને ગોરી, નમણી ફુટડી, ફેશનદાર, નાજુક, શ્રીમંત કન્યા જોઇએ છીએ."

"કોઇને ભણેલી કે ગુણવંતી કન્યા જોઇતી નથી. પોતાની સાથે હરીફરી શકે, ભભકાદાર કપડાં પહેરી શકે એવી ચંચલ પુતલીઓ જોઇએ છીએ. ખરા સંસ્કારી જીવન માટે આતુરતા નથી. યુવતીઓ માત્ર સહચરીઓ અને દાસીઓ રહેવાની નથી પણ માતાઓ થવાની છે એ ભૂલી જવાય છે. સંસાર વિકટ છે. વિભક્ત કુટુમ્બોમાં યુવાન સ્ત્રીપુરૂષોમાં વધારે આવડત, હોંશીઆરી, શાણપણ, બળ, ચારિત્ર્ય, નીતિ હશે તો જ તેઓ સુખી થશે. માત્ર રૂપ કે રંગ સુખી નથી કરતાં. રૂપ અને પૈસો નાશવંત છે. ચારિત્ર્ય જ માત્ર અમર છે. દેશની ઉન્નતિ કરે એવાં કુટુમ્બોની જ્યારે જરૂર છે ત્યારે આવા સંયમહીન વિલાસોમાં રચીપચી જીવન ગાળવાની ભાવના દેશને હાનીકારક છે."

"દેશને એમના જીવનમાં સ્થાન જ ક્યાં છે? યુવાન કન્યાઓ તો માત્ર એટલું જ સમજે છે કે હીરામોતીના દાગીના પહેરવા મળ્યા, રેશમી અને કસબી લુગડાં પહેરવાં મળ્યાં એટલે સ્વર્ગ મળી ગયું."

૪

"ભગવાન! ભણી એટલે કોણ જાણે કેવું એ પાતક કર્યું! સ્વામીને ન્હોતી ગમતી પણ સાસુજીએ પોતાનો બોલ જાળવવા વિવાહ તોડવા ન દીધો, પણ સાસરે આવ્યા પછી જૂદોજ અનુભવ થાય છે. પતિનો અનુરાગ નથી તેમ અણુરાગ–દ્વેષ પણ નથી, મારી પાછળ ગાંડા થઇ જતા નથી, મારામાં લુબ્ધ નથી થતા તેમ મારૂં અપમાન કરતા નથી, મને કનડતા નથી, મને મુંઝવતા નથી, મને સેઝ પણ ઓછું આવે એવું વર્તન રાખતા નથી. ઉલટું મને એમ લાગે છે કે એમના દિલમાં મારે માટે લાગણી જન્મતી જાય છે. મને મારામાં શ્રદ્ધા છે કે પતિની હું પ્રેમપાત્ર થઇશ, એમના સહવાસ વિના એમનાં લક્ષણો વિશે મ્હેં જે કલ્પના કરી હતી તે તદ્દન ખોટી નીવડી છે, મારો અને એમનો સંબંધ અંતરાય વિના મીઠો રહેશે તો અમારો સંસાર અવશ્ય સુખી થવાનો. પણ પરણીને સાસરે આવી ત્યારથી સાસુજીને શું એ ફૂંકું પડયું છે કે જેમાં ને તેમાં મ્હેણાંટુણાં માર્યા કરે છે, મારી વિદ્યાને વગોવે છે, મારાં માબાપને ગાળો દે છે. ઘરમાં હું દુહાગણ છું, અળખામણી છું, (રડે છે) પતિ સારો દિવસ ઘરમાં રહે છે છતાં અરધી રાતે જ હું એમની પાસે જઇ શકું. દિવસે જવાની સખ્ત મનાઇ. ચહાનો પ્યાલો પણ આપવા ન જવાય. ન્હાવા બેસે ત્યારે કપડાં કે સાબુ પણ ન મૂકાય. જમવા બેસે ત્યારે પીરસાય પણ નહીં. સાસુજી સાથે વાત કરે ત્યારે તે વાત સંભળાય નહીં. આખો દિવસ ઘરકામ કર્યા કરવું. શું સાસુજી દીકરાનો સંસાર આ રીતે સુખી કરવા માગે છે? હશે, મારે મનમાં ઓછું લાવવું નહીં. મારી વિદ્યા મને મુંઝાવા નહીં દે, મારાં બધાં સંકટ કાપશે અને મારા જીવનનું લક્ષ્ય સાધવા સમર્થ કરશે."

"વિદ્યા વધારવાની પણ અહિં સામગ્રી નથી. ન મળે પુસ્તકો, ન મળે ચોપાનીઆ કે ન મળે વર્તમાનપત્રો. આ કારાગારમાં ઊંચી રસિક વાતો કરવાની કે સાંભળવાની સ્વપ્ને પણ તક નહીં. ગામમાં સરખી સાહેલીઓ પણ નથી. છે તે ક્ષુદ્ર વિશ્વમાં મ્હાલનારી. હશે, એવો અફ્સોસ શા કામનો? જે ભાથું આજ લગીમાં મેળવ્યું છે તેનો જ ઉપયોગ કરીશ તો થોડો છે? વિચારો તો ઘણા દિવસ કર્યા. હવે જ તેમને આચારમાં ઉતારવાના વિકટ પ્રસંગો આવતા જાય છે, તેમાં વિજય મળે તો જ સાચી વિદ્યા પ્રાપ્ત કરી કહેવાય. મુંઝવણ થશે તો મારો ભગવાન કયાં દૂર છે?

પણ ભક્તિ કરવા કે વિચાર કરવા ફુરસદ કયાં છે? આ અસંસ્કારી સ્ત્રીઓમાં કૃત્રિમ–ગુલામગીરીનું જીવન ગાળવાનું છે. હૃદયમાં દાવાનળ ભડભડતો હોય છતાં મુખ ઉપર સૌમ્ય પ્રસન્નતા રાખવાની છે. સહુનો પડયો બોલ ઉપાડવાનો છે અને બધાની ખીજમતમાં ખડે પગે રહેવાનું છે."

૫

"આજ શિવલાલને ત્યાં જઇ આવ્યો. દિલ ખોલી એણે વાત કરી. મ્હેં ધાર્યું હતું તેમ જ નીવડયું. જે દોલતની રૂપહીનતા એને સાલતી હતી તે જ દોલતના ગુણોથી એનું જીવન ફરી ગયું છે."

"મેં પણ ઉડતી ઘણી વાત સાંભળી છે. આમ પણ એનામાં ઘણો ફેર પડી ગયો છે."

"કહે છે કે એના મંદવાડમાં દોલતે એની ચાકરી એવી સારી કરી કે એ દોલતનો ગુણપૂજક થઇ ગયો છે. મંદવાડમાં હું એક વાર ખબર પૂછવા ગયો હતો ત્યારે મેં નજરેનજર પરિચર્યા

જોઇ હતી. સુશિક્ષિત પરિચારિકા જેવી સારવાર કરે તેવી કરતી હતી અને વધારામાં પતિ માટે સ્નેહાળ હિન્દુ સુન્દરીનો જે ભાવ તે સારવારમાં ઓતપ્રોત હતો."

"એના બાપે છોકરીને કેળવણી તો સારી આપી છે."

"શિવલાલનો મિત્ર માણેકલાલ કહેતો હતો કે આવી સારવાર આપણી નાતમાં કોઇ પ્રૌઢા કરી શકે એમ નથી તો પછી યુવતીની તો વાત જ શી? આવી માંદગી શિવલાલને દર વર્ષે ભોગવવી પડે છે. મહીનો દોઢ મહીનો ખાટલાવશ રહેવું પડે છે અને શક્તિ પાછી બધી મેળવતાં બે ત્રણ મહિના જાય છે. પણ આ વખત તો આઠ દિવસમાં જ હરતો ફરતો થઇ ગયો. શક્તિ ક્ષીણુજ ન થઇ હોય એવું લાગ્યું'તું. બાયડીની સારવારનો જ એ પ્રતાપ હતો એવું એનું માનવું છે."

"પહેલાં તો પુસ્તકશાળા કે ભાષણોમાં જતો નહીં. હવે બધે જાય છે. ઉમંગથી બધામાં સામેલ થાય છે. નાતની અને ગામની સંસ્થાઓમાં ખરા દિલથી કામ કરે છે.

"એના પ્હેરવેશમાં ફેર પડી ગયો છે. અંગ્રેજશાઇ બધું જ હતું તે ઓછું થયું છે."

"સ્ત્રી કેળવણીનો મ્હોટો હિમાયતી થઇ પડયો છે. સ્ત્રીઓ સંબંધીના એના વિચારો પણ ફરી ગયા છે. લલિત કલાઓના પ્રદર્શનમાં ફેશનદાર રૂપવંતી યુવતીઓની સાથે ફરવામાં જે લ્હાવો એને મળતો હતો તે લ્હાવો હવે ગુણવંતી અને સંસ્કારી સ્ત્રીઓના સહવાસમાં તે શોધે છે. જેમના રૂપથી એ મોહ્યો હતો તેમનાં ચરિત્ર જાણી ખિન્ન થયો છે."

"પેલી પ્રેમદાના 'પરાક્રમો' જોયાં ને? સ્ત્રીનું ભૂષણ શીલ,

સત, ફેશન કે રૂપ નહીં; વૈભવ, મોઝ, અયેશઆરામ, તુમાખ નહીં. પવિત્રતા એ જ ખરૂં ભૂષણુ. એ જ હીરામોતીનો અલંકાર. આપણાં બાલકોને પૈસા અને વૈભવના વાતાવરણુમાં ઉછેરીએ છીએ; પવિત્રતા, શીલ, સાધુતાના વાતાવરણુમાં નહીં. છોકરીનું સાસરૂં શ્રીમંત શોધીએ છીએ–પવિત્ર અને સંસ્કારી નહીં."

શિવલાલ આવી રીતે અનેક મિત્રમંડળોમાં સંલાપનો વિષય બનતો.

૬.

"ઓરડામાં હવે કેવી વ્યવસ્થિતતા છે? કેવો આરામ છે? દોલતને આ બધું કરવાનો વખત કયાંથી મળે છે. મારી બાના રાજયમાં ઘરનું નાનુંમ્હોટું સર્વ કામ એને કરવું પડે છે. મારા ભાંડુઓની પ્રીતિપાત્ર બની રહી છે. સૌ ભાભી પાછળ ઘેલાં છે. અમારા સૌની ગુરૂ થઇ બેઠી છે. અમારા સંસ્કાર જાગૃત કરવા કે અમારામાં નવા સંસ્કાર પાડવા થઇ શકે તેટલું મીઠાશથી, વિવેકથી, સુશીલતાથી કરે છે. રૂપ નહીં પણુ ગુણુ જ જગતમાં અમર છે, સફલ છે, કીર્તિવંત છે એનું દોલતને ન પરણ્યો હોત તો મને કેવી રીતે ભાન થાત?......જે જે રૂપાળી કન્યાઓ માટે હું તલસતો હતો તે બધીના ભવેડા સાંભળી સાંભળી મારી જાતને ધન્યવાદ આપું છું. પૂર્વ જન્મનાં પુણ્ય કે એ નરકમાંથી બચ્યો. એકને રાંધવાનું આળસ છે, ધણીને પેટપુરૂં ખવાડતી નથી તો પછી સ્વાદિષ્ટ ભોજન રાંધવાનો સવાલ જ કયાં? એક રોજ માંદી રહે છે, ધણી પૈસે તેમ સુખે ખુવાર થઇ ગયો છે. એકને હસુવાવડજ થયા કરે છે; અને નવાં નવાં કપડાં પહેરવામાં દેવું કરી ધણીનાં બાપીકાં ઘર હરરાજ કરાવ્યાં છેઃ નવી નવી ફેશનના ઘરેણાં વારેવારે કરાવવામાં એકે પોતાનું પહલું અરધું કરી નાખ્યું

છે; શીળી નીકળવાથી એક રૂપ ખોઇ બેઠી છે; રૂપના તુમાખમાં એક શીલભ્રષ્ટ થઈ બેઠી છે; એક પરણુતાં જ વિધવા થઇ છે –રૂપના ગર્વમાં ન કેળવી આવડત, ન મેળવી વિદ્યા કે ન બાંધ્યું ચારિત્ર્ય એટલે અત્યારે હેરાન હેરાન થાય છે. મ્હેં બધી ચોકસાઈ રાખી છે. રૂપાળી ગઇ છે ત્યાં કોઈ સુખી નથી થયું. રૂપ એ જ એમનો ગુણ અને દુર્ગુણ પણ. ન મળે જૂની કે નવી સંસ્કારિતા. એમની વાત સાંભળો તો જુગુપ્સા આવે. વિચાર, લાગણી, ભાવના તદ્દન સામાન્ય. માત્ર ફેશનદાર કપડાં પહેરવામાં, માથાના વાળ હોળવામાં અને રસ્તામાં કેડમાંથી વાંકી વળી સર્પગતિએ સૂર્ય-કિરણોની ચાલે ચાલવામાં બધી હોંશીઆર. તબીઅત બધીની નાજુક અને બીમાર. ન મળે કોઈના શરીરપર લોહીની લાલી. સુખનાં જે જે સ્વપ્નાં મારા યુવાન મિત્રોએ કલ્પ્યાં હતાં તે બધાં દ્વવસ્ત થયાં છે. હા! ગામગપાટા હાંકવામાં સૌ કાબેલ છે, ભપકા-દાર પ્હેરવેશ કરી મહાલવામાં એક્કો છે. મારી પણ એ જ વલે થાત, દોલત ન મળી હોત તો. મારૂં તો ભવન જ ફરી ગયું. મારા વિચારો ફરી ગયા, મારી ભાવના પલટાઈ ગઇ. મારો જીવનક્રમ પણ ફેરવાઇ ગયો. મારૂં જીવન સફલ કરવાનો માર્ગ મને મળ્યો.

રૂપની સાથે જે જે સંસ્કારિતાની હું અપેક્ષા રાખતો હતો–રૂપમાં અને ફેશનમાં સર્વ રહેલી હોય છે એમ હું માનતો હતો તે રૂપની સાથે જોઇ શક્યો નથી પણ ગુણે તો મારી ભૂખ જૂદી જ રીતે મટાડી છે.

અમારે ત્યાં એક વખત છબીઓનું સ્નેહજીવન હતું. હજૂએ લુપ્ત નથી થયું. પત્નીની ત્રણ ચાર જાતની છબીઓ ઓરડામાં

ટાંગવામાં અથવા ટેબલપર મૂકવામાં જીંદગીનું પરમ સૌભાગ્ય હતું. કોચ ઉપર પતિ સૂવે અને પત્ની પગ આગળ નીચે બેસી ફીડલ વગાડતી હોય, પતિ ઉભા હોય અને પત્ની હારમોનિયમ વગાડતી હોય, પડદા ઉપર ચીતરેલી ઇંગ્લિશ ફુલવાડીમાં જાણે ફુવારા કાંઠે પત્ની બેઠી હોય એવી એવી વિવિધ ઢબમાં છબીઓ પડાવવામાં અનેરો લ્હાવો હતો. અમારી પત્નીઓ આવી રીતે અમારી દેવીઓ થતી. તેમને વાંચવાનો કંટાળો રહેતો. તેમનામાંથી સગપણના સ્નેહ ઉડી જતા, વિવેક, વિનય, સૌજન્ય તેમનામાંથી અદૃશ્ય થતાં; છતાં અમારી તે દેવીઓ હતી. એમના સહવાસમાં અમે અમારી જુવાનીના સ્વર્ગોમાંથી ધીમે ધીમે પૃથ્વીપર સરી પડતા હતા છતાં અમારી તે દેવીઓ હતી, આવું અમારૂં પૂર્વગ યુવાનોનું જીવન હતું. એમાંના એકે મને થોડા જ દિવસ ઉપર પૂછ્યું હતું: "વાર્તામાં અને કવિતામાં જેવા સ્નેહ વિષે વાંચીએ છીએ એવો સ્નેહ હિન્દુ સંસારમાં જોયો છે?"

પછી આવ્યો અમારો જમાનો. અમને જાગ્યો શોખ સંવનનનો. પૂર્વકાળનો એક બીજો વારસો અમારામાં સોળે કળા ઉતરી આવ્યો હતો. જુવાનો અને યુવતીઓને, બાલકો અને બાલિકાઓને 'ફેશનેબલ' કપડાંથી પોતાની નાગરિકતા અને રસિકતા માણવાની વિનાશક આદત પડી છે. અમને મન કે હૃદય શણગારવા કરતાં દેહ શણગારવો વધારે ગમે છે. એટલે શણગારના બ્હારમાં સ્ત્રીઓના દેહ અમને આકર્ષે છે. એ દેહો અને એમનું લાવણ્ય ખીલવવા વપરાતી નાના પ્રકારની યુક્તિઓ પ્રત્યક્ષ નીહાળવા, તૃપ્તી થાય ત્યાં લગી તેમનું પાન કરવા, એ દેહોના વધારે ને વધારે સહવાસમાં આવવા અને ગુણો કરતાં રૂપ અને છટાથી

એકબીજામાં લુબ્ધ થઇ અમારા સંસાર રચવાની મહેચ્છા પ્રવર્તે છે. છબીઓના સ્નેહજીવન પાછી શણગારનું સ્નેહજીવન આવ્યું છે."

૭.

"કેમ પ્રમિલા, આવને બેન બપોરે ક્યાં ચાલી? જો તારા કાકા બોલાવે."

"કાકી, ક્યારે આવ્યાં? કાકાજી, જેશ્રીકૃષ્ણ."

"આવ બ્હેન. હવે તો તું બહુ મ્હોટી થઇ ગઇ. તારા સસરાનું શરીર તો સારૂં છે ને."

"વાઘ જેવું હવે તો થયું છે. અખાડામાં બધાને કસરત રોજ કરાવે છે."

"હેં. આટલી ઉમ્મરે! મ્હેં સાંભળ્યું છે કે તમે બધાંએ હમણાં સારી સારી પ્રવૃત્તિઓ ઉપાડી છે. તમારૂં "અંબામંડળ" કેમ ચાલે છે?"

"અત્યારે ત્યાં જ હું જાઉં છું. ફુરસદે કાકી તમે પણ ત્યાં આવજો. બપોરે બાર કે એકથી સાંઝે ચાર પાંચ વાગ્યા લગી સૌ સૌની અનુકૂલતા પ્રમાણે મળીએ છીએ."

"તમે આ બધાં ભેગાં થઇને નાતજાતની કુથલી કરતાં હશો."

"ના, કાકી. ભણીએ છીએ, વાંચીએ છીએ, સીવતાં, વેતરતાં શીખીએ છીએ કથા સાંભળીએ છીએ. વિધિઓ, ઉત્સવો, પૂજા, વ્રત વગેરેનાં રહસ્ય જાણીએ છીએ. પરિચર્યા, વૈદ્યક વગેરે વિશે શીખાય તેટલું શીખીએ છીએ. સંગીત, ચિત્ર, ભરત, ગૂંથણની લલિત કળાઓ શીખીએ છીએ. ગૃહકળાઓ અને ગૃહવ્યવસ્થાનું જ્ઞાન વધારીએ છીએ. શરીર નીરોગી અને તાકાતવાળું કરીએ છીએ. અમારા બધાંના જીવનમાં નવો રસ આવ્યો છે. અમારામાં

નવું જોમ આવ્યું છે. સુખ પણ અજબ માણીએ છીએ."

"પણ, વારૂ, તમને એ બધું શીખવે છે કોણ અને એનું ખરચ શી રીતે કાઢો છો?"

"કાકા, અમારામાંથી ઘણી સ્ત્રીઓએ પોતાના અલંકાર વેચી દ્રવ્ય આપ્યું છે. માત્ર સૌભાગ્યનાં મંગલ ભૂષણો રાખ્યાંછે. ખરચમાં બને તેટલી કરકસર કરીએ છીએ. જૂદી જૂદી નાતમાં આવાં મંડળો છે તેમની સાથે જેટલું સહકાર્ય થઇ શકે તેટલું કરી ખરચ વ્હેંચી લઇએ છીએ અને વેરાયલી આવડત અને જ્ઞાન સંપત્તિનો લાભ લઇએ છીએ. બાકી અમારામાં દોલત બ્હેન એવાં તો હુશીઆર અને કાબેલ છે કે કોઇની અમને ગરજ પડતી નથી. બધે પ્હોંચી વળે એવાં છે. સાક્ષાત્ સરસ્વતીનો અવતાર."

"કોણ પેલી દોલત! શિવલાલની વહુ! હવે બેને કેમ બને છે બ્હેન?"

"ઘણુંજ સારૂં, કાકી! બન્ને ધણીધણીઆણીનો જેવો એકરાગ છે તેવો ક્યાંએ નહીં હોય, જ્ઞાતિમાં નવો રસ એ જ લાવ્યાં છે. વિલાસ, વૈભવને ઠેકાણે સેવાની ભાવના એમણે જ ફેલાવી છે. દોલત કહે છે કે માણસ સંસારમાં એકલો નથી પણ સર્વમાંનો એક છે. બધાંની સાથે એને નિસ્બત છે, લ્હેણાદેણી છે. પંડના સુખ, મોઝ કરતાં સર્વનાં સુખ, વૈભવ, આરામ માટે સૌ પ્રયત્ન કરે તો જ લાભ છે. અદેખાઇ, હરીફાઇ, પ્રપંચ, દગો, જૂઠાણું, છલકપટ, ટાપટીપ બધું નાશ પામે અને સૌનો આ ભવ અને પરભવ સુધરી જાય. તેમાંયે દરેક નાત પોતાના દેશને સુખી, સમૃદ્ધ, સબળ, સાધુ કરવા પોતે જ એવી બને તો કેવું સારૂં? નાતને લીધે આપણે જે સગવડો છે, જે સંબંધો છે, જે લાભ છે,

તે બધું આપણા દેશના ઉત્કર્ષ માટે આપણા પંડના વિકાસ માટે ઉપયોગમાં લેવાય તો કેવું સારૂં? આપણે ગુજરાતીઓ છીએ એવું લાગશે તો પછી ઘણાં મોટાં ગુમાન, ઘણું અજ્ઞાન, ઘણો હ્રાસ, ઘણો નિપાત આપણી નાતોમાંથી કમી થઇ જશે."

"પ્રભુ કલ્યાણ કરો એ છોકરીનું! સંસારસુધારાનું, દેશ-કલ્યાણનું એણે વ્યવહારૂ પગલું લીધું છે. પ્રભુએ એને નિમિત્ત બનાવી છે તો યશ પણ આપશે. **ગુજરાત હાલ કેવી અધમ દશામાં છે; કેટલો પાછળ છે તે જ્યારે આપણી નાતો સમજશે અને ગુજરાત માટે પોતાની નાત સુધારવા અને પ્રગતિમાન કરવા કેડ કસશે ત્યારે જ ગુજરાતનો સિતારો સિકન્દર થશે."**

"દોલત બ્હેનનું રોજ એ જ કહેવું છે. સર્વે નાતોએ ગુજરાતીપણાની લાગણી કેળવવી અને નાતોનું નાતપણું અલગ રાખી ભળાય તેટલું ભળવું એ વિચારની અસર થવા માંડી છે. અહિંની બધી સ્ત્રીઓ મળી વિદ્યાલય અને આર્તાલય ચલાવવા તજવીજ કરે છે. અમારી પ્રવૃત્તિઓ શરૂ થયા પછી ગામમાં જાદુઇ ચેતન આવ્યું છે. જયારે આમાં પડયા ત્યારે જ જણાયું કે ભવિષ્યનો આપણે ત્યાં બીલકુલ વિચાર નથી–પુનર્જન્મને માનીએ છીએ છતાં આવતા જન્મને માટે બીલકુલ દરકાર નથી પછી સંતતિને માટે તો હોય જ ક્યાંથી? આવી સ્થિતિમાં કેટલી બધી શક્તિ કટાઈ જાય છે, ક્ષીણ પામે છે, સ્તબ્ધ રહે છે કે ઉઘડતી જ નથી?"

"આ બધું અમને પણ જુવાનીમાં લાગ્યું હતું પણ અમા-રામાં વિચારના વેગ જેવું આચારબળ ન્હોતું, અમારામાં ત્યાગવૃત્તિ ન્હોતી, ભવિષ્યનો વિચાર ન્હોતો. અમને અમારા વિચારોમાં

શ્રદ્ધા ન્હોતી. અમારૂં વિચારજીવન એ પણ અમારા વિલાસી-જીવનનો એક વૈભવ-મોઝ હતી. પ્રભુ ! તમારા મનોરથ પૂરા પાડો."

૮.

ચાંદનીનો બહાર ધીમે ધીમે ખીલતો હતો. ચૈત્રની શીતલ અને મધુર રજની જેવી રજની હતી. અગાસીમાં દંપતિ વિનોદ કરતાં હતાં. દોલતના મ્હોં ઉપર ચંદ્રપ્રકાશ પડતો હતો. તેણે ચાંદની જેવાં જ સફેદ વસ્ત્ર પહેર્યાં હતાં. શરીરપર કાચની બંગડી અને કપાળમાં ચાંલ્લો એ જ માત્ર મંગળ આભૂષણ હતાં. તેના હાથમાં સિતાર હતું. તેની કોમળ આંગળી તારપર રમતી હતી. સિતારના સુર સાથે કંઠના સુરનો સંવાદ અદ્ભુત જામ્યો હતો. શિવલાલ સંગીતનું શ્રવણ કરતો હતો. દોલત રૂપ રૂપનો અંબાર ન્હોતી તેનું મ્હોં ઘાટીલું ન્હોતું. પણ તે કદરૂપી ન્હોતી ઘહુંવર્ણી હતી. તેના મ્હોં ઉપર તપસ્વીનું તેજ હતું. પવિત્ર ભાવનાનું ઓજસ્ હતું, તેની આંખોમાં એકાગ્રતાનું નૂર હતું. તેના કપાળ પર દઢ નિશ્ચય અને કાર્યસિદ્ધિની મુદ્રા હતી. આ સર્વ તેજમાં પ્રતાપ હતો પણ તે સ્નેહપૂર્વક હતો. રાજ્ઞી અને માતાનાં રૂઆબ અને વ્હાલ હતાં. કુદરતના પ્રકાશમાં, શીતલતામાં, શાંતિ, ગંભીરતામાં આ મૂર્તિ શિવલાલને કોઇ દિવસ ન લાગેલી એવી હૃદયહર લાગતી હતી. તેનું સંગીત તેના જીવનની પાંખડીએ પાંખડી ઉઘાડતું હતું.

આ સંગીત અનુપમ બન્યું છે. નાતોના ભેદપ્રભેદ ગુજરાતની સેવામાં, ગુજરાતની ઉન્નતિ સાધવાના પ્રયાસમાં-ભારતવર્ષને ચેતનવંતો કરવામાં ગુજરાતનો ધર્મ બજાવવામાં કેવી રીતે દૂર થઇ જાય છે, નાતોની પ્રત્યેકની સામાજિક વ્યવસ્થા અને ખાસિયતો કાયમ રહી, અન્યોન્યની અલગતા, અતડાપણું, દ્વેષ,

અસહકારિતા, સ્વાર્થપરાયણતા, રાષ્ટ્રવિમુખતા કેવી રીતે બલહીન, પ્રભાવશૂન્ય થઇ જાય છે તેનો આબેહૂબ ભાવ આ સંગીત ઉપજાવે છે.

જે હૃદયમાંથી આ સંગીત ઉપજ્યું છે તે હૃદયની સેવાઓ પણ જૂદે જૂદે સ્થળે જૂદે જૂદે રૂપે પ્રકટ થતી જાય છે એટલે છૂટા છૂટા સૂરે નહીં પણ સંવાદી સંગીત સર્વ સ્થળે ગાજી રહેશે"

"મને પોતને બે મ્હોટા સંતોષ થયા છે. તમારી સ્નેહપાત્ર થઇ શકી—"

"સ્નેહ એટલે શું તેનો અનુભવ તમે જેવો કરાવ્યો છે એવો અનુભવ મારા મૂર્ખ વિકારોમાં મને કદી થાત ખરો કે? હું કેવા ક્ષુદ્ર સ્નેહ માટે તલસતો હતો અને મને તમે કેવા માનુષ સ્નેહથી સુખી સુખી કરી દીધો છે! તમે મારાં સ્નેહપાત્ર ન થાઓ તો પછી કોણ થશે. પણ સુંદરી મને સંશય રહે છે–સંશય કરવો એ મહાપાતક છે છતાં તેને દબાવી શકતો નથી, કે તમારા હૃદયમાં મ્હને સ્થાન છે પણ હું તેનો અધીશ્વર–ચક્રવર્તી સમ્રાટ્ નથી. હું જાણું છું કે એ પદને માટે લાયક નથી છતાં મને ઓછું આવે છે."

"આપ લાયક છો. આપના ગુણો હું જાણું છું તેટલા કોણ જાણે છે. મારા હૃદયે આપને ઘણાં વર્ષો પૂર્વે પીછાન્યા હતા તેથી જ હું સંતપ્ત ન્હોતી, પણ નાથ! મ્હારા હૃદયનો અધીશ્વર મારો દેશ છે. આપનું સ્થાન માત્ર તેના પછી છે. દેશ અમર છે મનુષ્ય–પછી સ્નેહનું અદ્વિતીય પાત્ર મનુષ્ય પણ નશ્વર છે. એટલે હૃદયેશ્વર દેશ છે. હું નિરૂપાય છું. આપને સર્વશ્રેષ્ઠ પદવી નથી આપી શકાતી. મારાં પાતિવ્રત્યમાં એથી લાંછન લાગતું હશે. પણ દેશનો ઉદ્ધાર એ મહત્ત્વનો પ્રશ્ન છે. માનવીઓની ન્યૂનતા, માનવીઓનાં સ્ખલનો ક્યારે નથી થતાં? સંપૂર્ણ વિશુદ્ધિ, સંપૂર્ણ

નિર્દોષતા, સંપૂર્ણ પવિત્રતા માત્ર આદર્શ છે. હું આદર્શભ્રષ્ટ નથી પણ ત્યાં લગી પ્હોંચી શકી નથી. દેશની અને આપની સેવામાં મ્હારો વિકાસ થયોછે—પણ નાથ ! દેશ અને આપનાથી એ ઉંચું સ્થાન હૃદયમાં ઇશ્વરનું છે. તે નિરંતર સર્વત્ર વ્યાપેલો છે. છતાં હજૂ હું એનું આધિરાજ્ય અનુભવી શકી નથી. તેનો સંપૂર્ણ સાક્ષાત્કાર થયો નથી. ”

દોલતના હૃદયમાંથી ઉંડો નીસાસો નીકળ્યો.

“ આ તૃષ્ણા મૃત્યુ લગી અપૂર્ણ રહે છે. કોઈની તૃપ્ત થઇ છે ? જેમ જેમ સાક્ષાત્કાર વધતો જાય છે તેમ તેમ વિશેષ ને વિશેષ માટે વાંછના પણ વધતી જવી જોઇએ. તમને તમારી સેવાઓમાં કેટલી બધી વાર એવો વિષમ અનુભવ થયો છે ? તમારી સેવાઓથી તમને સંતોષ થયો છે? એક સેવાનો ઉપક્રમ થયો ત્યાં બીજી અનેક સેવાની જરૂર નથી લાગી ?

“ સૌથી મુંઝવણનો વિકટ પ્રશ્ન જનસેવા કે દેશોદ્ધાર નથી પણ વ્યક્તિમાત્રના આત્મવિકાસ અને પરના કલ્યાણ કાટે સ્વાર્થત્યાગ અને સમષ્ટિના હિત માટે શક્તિસંપન્નતાનો છે. એમાં નિરાશા ડગલે અને પગલે નિરૂત્સાહી કરે છે. માત્ર બીજાઓના સંબંધમાં જ નહીં પણ મારી પોતાની જાત પણ એ સ્ખલનોથી મુક્ત નથી. ”

“ કર્તવ્યની ગંભીર ભાવના હોય ત્યારે આવો અસંતોષ રહે જ. મનુષ્યની પરિમિત શક્તિઓ—તેમાંયે હિન્દુ સ્ત્રીઓની પ્રચલિત અવનત સ્થિતિમાંની શક્તિઓ અને તેમને ઉપયોગી થવાનાં ક્ષેત્રો અને સંજોગો અલ્પ અને વિકટ એ બધું ધ્યાનમાં લેતાં આટલાં વર્ષોમાં તમારાથી સિદ્ધ થએલું કામ ઓછું નથી.

કોઇ પણ દેશભક્તને નિરાશ કરે એવું નથી. તમે એકલાંએ મેટિ-ઝની, કેળ્વર અને ગેરિબલ્ડી; ઝેશેન્યી અને ક્રેટુક્ટીનું ભેગું કામ કર્યું છે. તમારી સાક્ષરસેવાએ ભાવના જાગૃત કરી છે, લોકોને નવું દૃષ્ટિબિન્દુ આપ્યું છે, પ્રસંગો અને ઉપક્રમો માટે તમારી જાતને તમે કેળવી છે, સંપન્ન કરી છે. તમે સંસ્થાઓ સ્થાપન કરી છે, ત્યાગ કર્યો છે, ભોગ, વૈભવ, વિલાસ ત્યજ્યા છે, તમે તમારૂં જીવન સાર્થક કર્યું છે."

"આત્મપ્રશંસા સાંભળવી અથવા વાંચવી એ દોષ છે તેમાંયે કાન્ત પાસે કાન્તાએ સાંભળવી એ સ્નેહનું ખંડન કરવા જેવું છે."

૯.

"લાડકી બ્હેન! રીપોર્ટ તૈયાર થઇ ગયો? ગુજરાતી સ્ત્રીઓની પરિષદની તારિખો નક્કી થઇ આવી છે. તે પહેલાં છપાવી પ્રકટ કરવાનો છે."

"તૈયાર છે, મુખ્ય મુખ્ય વિગત સાંભળશો, દોલત બ્હેન?"

"હા, જોઇ જઇએ."

"રોગ અને મૃત્યુની સામે ચલાવેલી લડતનો અહેવાલ છે. શરીરબળની વૃદ્ધિ માટે કરેલા પ્રયાસોનો વૃત્તાંત છે. જ્ઞાન પ્રસારણ માટે કરેલી વ્યવસ્થાનું વર્ણન છે. દારિદ્રય નિવારણ માટે લીધેલા ઉપાયોની હકીકત છે. ઉદરનિર્વાહ માટે સ્ત્રીઓને જૂદી જૂદી રીતે લાયક કરવા કરેલી તજવીજનો અહેવાલ છે. જીવનમાં રસ આણવા ઉપસ્થિત કરેલી યોજનાઓનું વર્ણન છે. આ બધી પ્રવૃત્તિઓથી ગુજરાતને પ્રાપ્ત થયેલી પ્રતિષ્ઠા, ગુજરાતમાં જાગેલા ઉત્સાહ અને તેમને લીધે ગુજરાતે હિન્દુસ્તાનની કરેલી

સેવા વિષે નિરૂપણ છે. લાગણીઓનો નહીં પણ સિદ્ધિઓનો વૃત્તાંત છે."

"બ્હેન! જૂદી જૂદી નાતો છતાં, જૂદા જૂદા સંસ્કારો છતાં, જૂદી જૂદી કેળવણી છતાં, જૂદા જૂદા ઉછેર છતાં, જૂદી જૂદી સંપત્તિ છતાં આપણે આટલું કરી શક્યાં એ પરમ સંતોષની અને ભવિષ્યની ઉત્સાહી આશાની વાત છે. ગુજરાત! તું અમારી જન્મભૂમિ છે. ત્હારા ઉત્કર્ષમાં અમારો ઉત્કર્ષ છે. ત્હારી પ્રતિષ્ટા એ અમારી પ્રતિષ્ટા છે. ત્હારી ઉપયોગિતા એ જ અમારી ઉપયોગિતા છે. ત્હારી શક્તિ અને સંપત્તિ ભારતવર્ષને માટે છે અને અમારી શક્તિ અને સંપત્તિ ત્હારે માટે છે. અમારૂં જીવન ત્હને સમર્પ્યું છે અને નિરંતર સમર્પેલું રહેશે. સમર્પણમાં અમે મુક્તિ મેળવી છે. અમે મુક્ત તો તું પણ મુક્ત. રહેજે હમ્મેશ એવો મુક્ત!"

મંગળા.

કાલે રાત્રે મંગળા અને મગનલાલનાં લગ્ન થવાનાં. મગનલાલે ઘણા ધમપછાડા માર્યા પણ વેસવાળ તૂટયું નહીં.

મંગળાને પરણવા મગનલાલ કેમ રાજી ન્હોતો ? મગનલાલ આ જમાનાનો " ફેશનેબલ જેન્ટલમેન " હતો. અંગ્રેજ અને પારસી સંસારનો ભકત હતો. નવલકથા, સચિત્ર ચોપાનીઆં અને " સિનેમા " પરથી એણે અંગ્રેજ સંસારનો પરિચય મેળવ્યો હતો. કોલેજમાં પારસી સહાધ્યાયીઓ સાથે વાતચિત કરી તેમના સંસારનો પરિચય મેળવવા પ્રયત્ન કર્યો હતો.

આ પરિચયથી હિન્દુઓના ઢીંગલા ઢીંગલીના લગ્ન તરફ એને જબરો તિરસ્કાર થયો હતો. સંવનન (Courtship) વગર લગ્ન કરવામાં મ્હોટું દુઃખ જણાતું.

સંવનન વિશેનો મગનલાલનો ખ્યાલ જોવા જેવો હતો. પક્ષીસૃષ્ટિમાં માદાને પરણવાની ઇચ્છા થાય છે ત્યારે નરપક્ષીઓથી એ ઇચ્છા સમજાય એવો અવાજ તે કાઢે છે. અવાજ સાંભળતાંજ સ્થળે સ્થળેથી નરપક્ષીઓ આવી માદાની આસપાસ ફરતા ફરતા પોતાનાં સૌંદર્યની વિધવિધ પ્રકારની ખુબીઓ બતાવી બતાવી, માદા પાસે પોતાની પસંદગી કરાવવા મહેનત કરે છે. આથી ઉલટો સ્વયંવર રચવાની " મહેચ્છા " મગનલાલની હતી. નાતની સુંદર કન્યાઓ ભેગી થાય અને તેમના સમાગમમાં પોતે આવે. પછી જે કન્યા પસંદ પડે તેને મગનલાલ વહુ બનાવે.

આ " મહેચ્છા " સફળ કરવામાં મગનલાલને બહુ મુશ્કેલી

લાગતી નહોતી. ઉમ્મરે પહોંચેલી સ્વરૂપવતી કન્યાઓ દેખાવડા કે પૈસાદાર કે ભણેલા યુવકોની નજરે આવે માટે કન્યાઓની માતાઓ અનેક પ્રકારનાં બ્હાને તેમને યુવકોને ઘેર મોકલતી એ. હકીકત એના લક્ષ બ્હાર નહોતી. નાત જમવા બેસે ત્યારે મગનલાલ ઐરાંઓમાં પીરસવા જતો અને કુંવારી કન્યાઓનાં રૂપ, રૂપ કરતાં પણ કપડાં, ઘરેણાં વગેરે પહેરવાની ફેશન બારીકાઇથી જોતો અને ભાઇબંધ દોસ્તદારો સાથે જમવા બેસતો ત્યારે સૌ પોતપોતાનાં અવલોકનોનો મુકાબલો કરી કોઇ કન્યાને વખાણતા તો કોઈની સખ્ત મશ્કરી કરતા.

લગનગાળામાં મોસાળાં કે વરઘોડા નીકળે ત્યારે મગનલાલ અને તેના મિત્રો સારો ઠાઠ કરી નીકળતા. સ્ત્રીઓ, યુવતીઓ અને કન્યાઓનાં રૂપ, પહેરવેશ, અલંકાર, પ્રસાધનનું બારીક નિરીક્ષણ:કરતા. નિરીક્ષણનું ફળ કોઇની પ્રશંસા તો કોઇની નિંદામાં પરિણામતું.

માયરામાં વર કન્યા પરણતાં હોય ત્યારે મગનલાલ અને તેના મિત્રો ત્યાં જઇ બેસતા અને માંડવામાં બેઠેલી સુંદરીઓ વિશે ફાવે તે પ્રકારની વાતો કરતા.

નાતની સુંદર કન્યાઓ જોવાના, તેમનાં લાવણ્યનું અનિમિષ નજરે પાન કરવાના મગનલાલને અનેક પ્રસંગો આવતા. એ પ્રસંગો જીંદગીના મ્હોટા લ્હાવા હોય તેમ તે માણતો. પણ આ લ્હાવામાં કેટલોક વાર એની છાતીમાં મિત્રોનાં મર્મ વાક્યોનાં બાણ વાગતાં. સુંદરીઓનાં સૌંદર્ય દર્શનકાળે મિત્રો પોતામાંથી જે પરણેલા કે વિવાહિત હોય તેમની પત્નીઓનાં રૂપરંગની પણ ચર્ચા કરતા. બિચારી સારી, ઘઉંવરણી મંગળામાં ભભક, કંઇનો

તનમનાટ, નાક અને મ્હોંના ઘાટિલા આકાર, ગોરો રંગ, ફેશનદાર કપડાં, પતંગીઆની માફક જમીનથી અધર ચાલતી સર્પ ગતિ જેવી ચાલ, કે યુવકોનું લક્ષ આકર્ષી પોતા પરત્વે સ્તબ્ધ કરે એવું વાતાવરણ ન હોવાથી મગનલાલના મિત્રો એને સારી પેઠે બનાવતા. એના શોખની માહિતી મિત્રોને સારી પેઠે હતી. એવા શોખીલાને માથે આવી "અસુંદર" વહુ મારવા માટે તેઓ એની માનાં "વખાણ" કરતા. બિચારો મગનલાલ અંદરથી બળીને ખાખ થઇ જતો. વેસવાળ તોડી નાંખવાનાં પણ વારંવાર લેતો પરંતુ એની માની આગળ લાચાર બની જતો.

એના સસરા અને એની વહુની બુરી દશાનો એને બિલકુલ ખ્યાલ નહોતો. છોકરી મ્હોટી થતી જતી હતી. છેક છેલ્લી ઘડીએ વેસવાળ તૂટી જાય તો કેવી ભયંકર આફત આવે.

પણ મગનલાલની ઉછેર, રહેણી કરણી, કેળવણી સ્વાર્થી હતાં. પોતાનું સુખ, અયેશઆરામ, મોઝ એજ જીંદગીનું અને સંસારનું સર્વસ્વ હતાં. વહુ પોતાને માટે સરજાએલી હતી. પોતે વહુ માટે સરજાએલા નહોતા. પોતાની જાતને સામાની સ્થિતિમાં મૂકી તેમનાં સુખ દુઃખની કલ્પના કરવાની એને કદી ટેવ નહોતી. પોતે કદરૂપો હોય અને કન્યા રૂપવંતી હોય અને પોતાને માટે કન્યાને સખ્ત અણગમો હોય તો કેવી વિષમ સ્થિતિ થાય તેનો એને સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો.

વધારે તો એને એ સાલતું કે એના કેટલાક સાદા મિત્રોને દેખાવડી અને "ફેશનેબલ" સ્ત્રીઓ મળી હતી. જેને સાદી સ્ત્રી રૂચતી નથી તે એમ પણ માને છે કે પોતાની માફક બીજાઓ પણ તેની અવગણના કરે છે. મંગળા જોડે પરણવુંજ પડે તો મંગળાને લઇ મિત્રો અને મિત્ર પત્નીઓમાં હરીફરી શી રીતે

શકાશે. મંગળાની સાદાઇની ટીકા થાય તો પોતાની કેવી ખરાબ ફજેતી થાય !

૯.

લગ્ન થઇ ગયાં. મંગળાનાં માતાપિતાને નિરાંત થઇ. છોકરીનો કુંવારાભવ મટયો.

બિચારા મગનલાલને ગળે નગમતી વહુ વળગી. જન્મારો તેની સાથે કેમ કઢાશે? માબાપની આમન્યા ઉથામી શકાય નહીં, એટલે પરણવું પડયું પણ સંસાર માંડવાની ફરજ તેઓ પાડી શકે નહીં. મંગળા જેવી સાદી યુવતીને પોતાની 'વાઇફ' કરવા કરતાં એકલી જીંદગી ગાળવી એ બહેતર છે. પોતાનો આ નિશ્ચય માને જણાવ્યો–મિત્રને જણાવ્યો.

લગ્ન માટે ના પાડનાર પરણ્યો. સંસાર માટે ના પાડનાર સંસાર માંડશે એવી માને ખાત્રી હતી.

લગ્ન વિત્યે બે મહિના થઇ ગયા. મંગળા સાસરે આવી ઘરકામમાં સાસુને મદદ કરવા લાગી.

મંગળા બિચારી કર્ણપરંપરાથી જાણતી હતી કે પતિને પોતે ગમતી નથી. પણ હિન્દુ રમણી તેથી મુંઝાતી નથી. પતિને પ્રિય થવામાંજ હિન્દુ રમણીનું જીવનસર્વસ્વ છે અને તે પ્રાપ્ત કરવા પોતાની બધી શક્તિ તે વાપરી શકે છે.

પતિના વિચારોના પડઘા પતિના મિત્રોની જે જે પત્નિઓ સાથે એને સહીપણાં હતાં તેમની દ્વારા એને કાને પડયા હતા. લગ્ન પહેલાં અવાર નવાર સાસરે જતી ત્યારે જીવનમાં પતિ એ વિચારો કેવી ઉતારતા તેનું પૂરેપૂરૂં દર્શન થતું નહીં પણ કાંઇક ઝાંખી તો થતી. પતિના ઓરડામાં જવાનો તે કાળે અધિકાર ન્હોતો તેમ પતિનો સ્નેહ ન્હોતો નહીતર કુમુદ સરસ્વતીચંદ્રના ખંડમાં ગઇ હતી તેમ પોતે પ્રખતે જાત. અગાસીમાં અનાજ

સૂકાવાને બ્હાને પતિ સાથે છૂપી વાત કરી લેત. સહીઅરોના પતિઓની મારફત કાગળપત્ર લખવાનો પણ અવકાશ ન્હોતો. મંગળા અભાગણી બાળા હતી. સહવાસમાં આવ્યા પહેલાં પતિએ તેનો તિરસ્કાર કર્યો હતો.

સાસરે જતાંજ ત્યાંના વાતાવરણમાં આ તિરસ્કાર ઓતપ્રોત લાગ્યો. પતિને જે અળખામણી છે તે સૌથી હડધૂત થાય છે. પતિને જે માનીતી છે તે સર્વથી પટ્ટરાણી જેવી પૂજાય છે.

મંગળાના પિતા સંસ્કારી હતા. મંગળાને ઉંચી કેળવણી આપી હતી. હાલની ફેશનો પ્રત્યે વિરોધ તેનામાં કેળવ્યો હતો. તેનાં મન અને હ્રુદયનો વિકાસ કરવા સારી મહેનત એમણે લીધી હતી. જમાઈ પુત્રીના ગુણથી મુગ્ધ થઇ પોતાનો અણગમો દૂર કરશે એવી એમને સ્વપ્ને પણ આશા ન્હોતી. છતાં કેળવાએલી કન્યા પોતાનું દુઃખ સુખમાં પલટાવી શકશે એવી એમને આશા તો હતી. વાંચવા લખવામાં તે પોતાનું દુઃખ વીસરી શકશે તો પોતાને એટલી ઓછી આધિ. ટુંકી નાત. જોઇએ તેવા વર મળે નહીં. પછી જે મળે તેથી સંતોષ માનવો.

સાસરાનું વાતાવરણ હિન્દુ સંસારમાં સર્વત્ર હોય છે એવું સાધારણ હતું. ઉજાસ, ઉત્સાહ કે પ્રેરણા ન્હોતાં. વ્યવસાય ઘણો હતો. એકજ ગામમાં સાસરૂં કે પીઅર ન્હોતાં. એટલે બપોરે પીઅર જવાનો અવકાશ પણ તેના ભાગ્યમાં ન્હોતો. જીવન ઉન્નત કરવાનાં પ્રસંગો મળતા ન્હોતા પણ જીવનમાં ભરેલી ભાવનાઓને વ્યવહારના ઉતારવાના અને એ રીતે એમની યોગ્યાયોગ્યતાના ખળાખળની કસોટી કાઢવાના પ્રસંગ ક્ષણે ક્ષણે આવતા.

સારૂં મુહૂર્ત આવ્યે મંગળા પતિભવનમાં ગઈ. થરથરતે હૈયે દાદર ચડતી હતી. ઘરમાં સૌ સૂઇ ગયાં હતાં. સર્વત્ર શમ-

શમાકાર હતું. પતિ જાગતા હતા. વર્તમાનપત્ર વાંચતા હતા. થરથરાટ ધીમો પડયો. કંઇક સંતોષ, કંઇક આનંદની લાલાશ મ્હોં પર આવી.

મગનલાલની મહેચ્છા ખોટી ન્હોતી. જેનો પરિચય નથી તેની સાથે જીંદગી શી રીતે ગાળી શકાય? હાલના અંગ્રેજી ભણેલાઓને આ સ્થિતિ વિષમ લાગે છે. હિન્દુ કન્યાઓ પીઅરના સ્વતંત્ર વાતાવરણમાંથી એકદમ સાસરાના કાયદાવાળા, અમલવાળા વાતાવરણમાં પોતાનો સમાસ શી રીતે કરતી હશે? અમારા ગ્રેજ્યુએટોને કોલેજના સ્વતંત્ર વાતાવરણમાંથી નીકળી નોકરી કરવા એકાદ ખાતામાં જોડાવું પડે છે ત્યારે એમને કેદખાનાની સજા થઇ હોય તેવું લાગે છે. એ કેદખાનામાંથી મરજીમાં આવે ત્યારે નીકળી જવાની ગ્રેજ્યુએટને છૂટ છે પણ હિન્દુ કન્યાને તો જન્મારો ત્યાં કાઢવાનો છે. ગ્રેજ્યુએટ કરતાં એનું હૃદયબળ મજબૂત હશે?

અવાજથી પતિ ચમકયા, વર્તમાનપત્ર હાથમાંથી પડી ગયું; બેઠા થઇ, શરમાતી અચકાતી આવતી પત્નિને પોતા સમીપ આવવા ઇશારત કરી. મંગળાના જીવને તાઢક વળી. પતિના વર્તનમાં અણગમો ન્હોતો તેમ ઉમળકો પણ ન્હોતો. પ્રથમ રાત્રિએ જીવનની સહચારિણી સત્કારવાને ઉત્સુકતા કે તૈયારી ન્હોતી; હમ્મેશ જેવીજ વ્યવસ્થા હતી. છતાં મંગળા ઉલ્લાસમાં આવી.

ખંડમાં નજર ફેરવી પતિની અનેક સ્થિતિની (Pose) છબીઓ ભરાવેલી હતી. વચ્ચે વચ્ચે ખીંટીઓ પર પહેરવાનાં જાત જાતનાં કપડાં ટાંગેલાં હતાં ખૂણામાં લાકડીઓ અને બૂટ ગોઠવેલાં હતાં. ટેબલપર પાનસોપારી, માથું ઓળવા તેલ, કાંસકી

બ્રશ વગેરે ઉપયોગી થઇ પડતી ચીજો, ખડીઓ, હોલ્ડર અને 'સ્ટેશનરી' હતાં. બે કંતાનની આરામ ખુરશી હતી. ત્રણ સાદી હાથ વગરની, 'બેન્ટવુડ' 'ચેર' હતી. એક ટીપાઇ હતી, તે પર દીવો હતો અને ઘડીઆળ ટકટક થતી પડી હતી. ટેબલની બાજુમાં હારમોનીયમ હતું. ઉપર ભીંતે ટેનીસનું રેકેટ લટકાવેલું હતું. પણ ખંડમાં કયાંય પુસ્તકો ન્હોતાં.

દ્વારમાંથી અંદર પેસતાંજ નજર બંધે ફરી વળી અને નિમિષમાં બધી વ્યવસ્થા જોઇ લીધી.

મંગળા પતિના નિમંત્રણને સત્કાર કરી પતિના પલંગ પાસેની ખુરસીપર જઈ બેઠી. પતિ પત્નિ બન્ને મૌન રહ્યાં. શું વાત કરવી ?

મગનલાલ મંગળા સામું અનિમિષ જોઈ રહ્યો. સૌન્દર્ય ન્હોતું પણ કાન્તિ અને પ્રતાપ નિહાળ્યાં. ફેશન ન્હોતી પણ સુઘડતા નિહાળી; આંખમાંથી અજબ તેજ મ્હોંપર પથરાતું હતું. કપાળપરને કંકુને ચાંદલો મ્હોંની ખુબસુરતી વધારતો લાગ્યો. સાદા અલંકાર, સાદું પ્રસાધન અને સાદા વસ્ત્રમાં સજજ થયેલો સાદો દેહ મોહક લાગ્યો. ઉન્મત્ત કરે એવો મોહ ન્હોતો. પણ પ્રતાપ પાડે એવો-વશ કરે અને અણગમો ઉઠાવી દે એવો પ્રતાપ હતો. પત્નિને નિરખતાં મગનલાલને સ્નેહનો ઉમળકો ન ઉઠયો પણ એનો અણગમો તો બળીજ ગયો.

ભણેલી કન્યાએ શરમ મૂકી. લડાઇના હાલ શા સમાચાર છે ? પતિને પ્રશ્ન પૂછયો. પત્નિ તે વળી આવા સવાલ પતિને પૂછે એ જોઇ મગનલાલ તો અજાયબ થયો-ભોંઠો પડયો. પણ ટટાર થઇ સમાચાર થડકતી ભાંગી તૂટી ભાષામાં કહ્યા. મૌન

તૂટયું અને વાત શરૂ થઈ. કુશળ પતિએ મળેલા વિજયનો પૂરે પૂરો લાભ લીધો. બંને વચ્ચેનો અંતરાય નાશ પામ્યો અને જૂના દોસ્તો બન્ને હોયની એવું તેમને લાગ્યું.

૩.

મંગળા અને મગનલાલના મેળાપ પછી દસ રાત્રિ વીતી ગઇ. મગનલાલને મંગળા ગમતી. રાત્રે તેના આવવાની રાહ જોતો. દિવસે પણ તેને ઉપર પોતાની પાસે આવવા આગ્રહ કરતો પણ ઘરનો રીવાજ એ છૂટ એકદમ આપે એમ ન્હોતું. મંગળા ઓરડામાં આવતી ત્યારથીજ વાતાવરણમાં એવો ફેરફાર થતો કે જેવો ફેરફાર એણે હજૂ લગી કોઇ પણ મિત્રના આગમનથી અનુભવ્યો ન્હોતો. છતાં મંગળા સુંદર ન્હોતી એ એને ઘણું સાલતું. એનો પહેરવેશ " અપટુડેટ " ફેશનનો ન્હોતો એ પણ એને રૂચતું ન્હોતું, પોતે કમાતો નહોતો નહીંતર પત્નીનાં પીયરથી આણેલાં કપડાંની હોળી સળગાવી નવાં ફેશનદાર કપડાં સીવડાવી તેને પહેરાવ્યા વિના વખતે રહેત નહીં.

આવામાં મગનલાલ માંદો પડયો. વહેમી સાસુએ મંદવાડનું કારણ વહુને લેખી. મંગળાને સાસુનાં મ્હેણાં સાંભળવાં પડયાં. પતિની માંદગીની ચિંતા એક તરફ અને બીજી તરફ સાસુનો ત્રાસ. કેળવાએલી મંગળાના સંસ્કારી હૃદયને એથી બહુ આઘાત લાગ્યો.

દિવસે પતિની શુશ્રુષા કરવા જઇ શકતી નહીં. રાત્રે જાય ત્યારે બને તેટલી સારવાર કરી પતિને રોગ ન હોય એવો અનુભવ કરાવતી. પત્નીની કેળવણી, આવડત, હુશીઆરી, લાગણી, બુદ્ધિ વગેરેનો અનુભવ મગનલાલને રોગને લીધે થયો.

પહેલાં પોતે અનેકવાર માંદો થએલો. આ વખતનો તાવ સખ્ત હતો છતાં પત્ની હાજર હોય ત્યારે એવો આરામ અને શાન્તિ અનુભવતો કે પત્ની વગરનું જીવન તદ્દન નિર્માલ્ય અને શુષ્ક હોવાની એને ખાત્રી થઇ. મિત્રો માંદા થતા ત્યારે તેમની ખબર અંતર પૂછવા, સારવાર કરવા તે ઘણીવાર જતો ત્યારે મિત્ર પત્નીઓની માવજત જોએલી પણ તેમની અને મંગળાની માવજતમાં આસ્માન જમીનનું અંતર લાગ્યું. એને જયારે તાવ આવતો ત્યારે વીસ પચીસ દિવસ લગી ઉતરતો નહીં અને ઉતરતો ત્યારે એને તદ્દન અશક્ત બનાવી દેતો. આ વખતનો રોગ સખ્ત હતો છતાં ચાર પાંચ દિવસમાં તદ્દન આરામ થઇ ગયો અને મંગળાની સંભાળભરી સારવારને લીધે માત્ર શક્તિ સ્હેજ ક્ષીણ થઇ. કેળવણીની એને કદર થઇ. માત્ર સુંદરતા પરનો એનો મોહ જરા કમી થયો. પત્નીપર સ્નેહનો ઉમળકો ઢળ્યો.

આથી મંગળા પોતાના સુભાગ્યની ઓશીંગણ થઇ. પણ હજૂ એને નિરાંત ન્હોતી. એનું જીવન એક દંડીઆ મહેલ જેવું નિરાધાર અદ્ધરું હતું. એની અનેક મહેચ્છાઓ પાર પાડવાના સંજોગો હજૂ એનાથી દૂર હતા. સ્નેહથી ઉછળતી બાળા પોતાના કાન્તના હૃદયમાં સમાવા જેવી ઉગ્રતઃ ઉત્સુક હોય છે તેવી તે પોતાની ભાવનાઓ સિદ્ધ કરવા ઉત્સુક હતી. પતિને એવી ભાવનાઓમાં રસ ન્હોતો પડતો. તેમ પત્નીને એના કોડ સંતોષવાની જોગવાઇ કરી આપવાની ધર્મબુદ્ધિ એમનામાં ન્હોતી.

પતિપત્ની વચ્ચેનો અણગમો દૂર થયો હતો પણ પત્નિનું હૃદય હજૂ પતિપાસે ખૂલ્યું ન્હોતું. પતિનું હૃદય તે સમજી શકી હતી અને તેમની ઇચ્છાઓ પ્રગટ થયા પહેલાં સમજીને સંતો-

ષતી. સવારમાં વહેલી ઉઠી પતિના બૂટ સાફ કરતી અને હજામત કરવાની ચીજો તૈયાર કરી ટેબલ પર મૂકતી. રાત્રે નીચેથી ઉપર આવતી ત્યારે પતિનાં કપડાં સમાં કરી ઘડી વાળી કબાટમાં મૂકતી. મેલાં થએલાં કપડાં ધોવા આપવા એક કંડીઆમાં એકઠાં કરતી અને નવાં કપડાં કબાટમાંથી કહાડી બટન વગેરે નાંખી તૈયાર કરતી. પતિનું માથું ઓળતી. રાત્રે કે સવારે જે વખત મળે તેટલામાં બને તેટલી તજવીજ કરી પતિને અનેક વ્યવસાયમાંથી મુક્ત કર્યાં હતા. પતિ આ સર્વ સેવા રાજીખુશીથી સ્વીકારતા. પત્નિનો ઉપકાર માનતા નહીં, કારણ કે સેવા ઉઠાવવી એ પત્નીની ફરજ છે. એમને મન એકજ ઉણપ રહી જતી—પત્ની એમને જમાડતી નહીં; ચા પાવા આવતી નહિં અને નવરાવતી નહીં એ જરા એમને સાલતું પણ માની આમન્યા કેમ તોડાય ?

અણગમતી વહુ જોડે પાનું પડયું કેમ નભાવે છે તે જાણવા એના મિત્રો ઉત્સુક હતા. પણ પત્નિ વિષે વાત તે કોઇ આગળ કરતો નહિ છતાં તેની વર્તણુક પરથી સૌ કળી ગયા હતા કે બાયડીએ એને વશ કર્યો હતો.

મંગળાને વાંચવાનું બહુ મન થતું. દિવસે ફુરસદ મળતી નહીં અને ફુરસદ મળતી તો સાસરામાં વહુઓને વાંચવા બેસવાનો રીવાજ ન્હોતો. રાત્રે મોડાં પતિના શયનખંડમાં જવાનું ત્યારે પતિ શૃંગાર વિનોદને માટે ઉત્સુક હોય એટલે વાંચવાનું બની શકે નહીં. આવી સ્થિતિમાં મંગળા હિમ્મત હારી નહીં. સવારમાં વહેલી ઉઠતી અને વાંચતી. જે ચોપડી અને ચોપાનીયાં પીઅરથી લાવી હતી તે વંચાઇ રહ્યાં, હવે શું વાંચવું ? પીઅ-

રથી નવી ચોપડીઓ મંગાવે તો વખતે સાસુનો ઠપકો સાંભળવો પડે. પતિને કહી મંગાવે પણ પતિ એમ પૈસા ખરચશે! અથવા એવા ખરચ માટે એમને હાથ ખરચી મળતી હશે? અને ન મળતી હોય તો પોતાની મોજશોખના ખરચ કમી કરી બચતમાંથી તેને માટે પુસ્તકો લાવી આપે? પુસ્તકોની વાત એક વેળા પતિ આગળ કહાડી પણ તેને તેથી કંટાળો આવ્યો. મનને કટાવા તો નજ દેવાય. વાંચવાનું ન મળે તો લખવું. સવારે ઉઠી લખવા માંડયું. એના આત્મસાગરમાં અનેક તરંગો ઉછળવા લાગ્યા. પોતાના લખાણોથી એ પણ અજાયબ થવા લાગી. આવા વિચાર, આવભાવ તેનામાં છે એ નવો અનુભવ થયો. આપણું સર્વ પ્રભુને સમપર્ણ કરીએ છીએ તો આપણા સારા વિચારો અને ભાવો પણ તેનેજ સમર્પણ કરવા જોઇએ. પ્રભુની પ્રતિકૃતિ મનુષ્ય જાતિના ઉદ્ધાર, આશ્વાસન કે વિનોદ માટે સમર્પણ કરવાથી પ્રભુ રાજી થાય છે અને આપણી મારફત પોતાનો પ્રવાહ મનુષ્યો અર્થે વહેવડાવે છે, આવું મંગળા માનતી.

કાળનો પ્રવાહ વહ્યો જતો હતો. મંગળા અને મગનલાલનો સંસાર પણ નવનવા સ્હવાર અને નવનવી રાત્રિ જોતો વહ્યો જતો હતો. સહવાસથી મંગળાને લાગ્યું કે મગનલાલમાં સારા સંસ્કારનાં બીજ છે. શક્તિ છે પણ ભાવના નથી. આખું જીવન જવલંત કરે એવો આદર્શ નથી. આદર્શના અભાવે આત્મસાક્ષાત્કાર (self realisation)ની તીવ્ર આકાંક્ષા નથી. આકાંક્ષા ન હોય તો આત્મવિકાસના પ્રયત્ન હોયજ શાના? પ્રયત્ન વિના સંકલ્પ બળ ખીલે કયાંથી અને સંકલ્પ વિના સાધારણ મનોબળ પણ સિદ્ધ કયાંથી થાય.

પત્ની પતિની માત્ર છાયા નથી-નિર્માલ્ય આવૃત્તિ નથી તેમ માત્ર શિષ્યા થવાજ સરજાએલી નથી. દંપતી થયાં પછી સુખે જીંદગી ગાળવાનો દરેક સ્ત્રી પુરૂષનો હક છે પણ મહેનત વગર હક ભોગવાતો નથી. પત્ની અભણ, અરસિક, અસંસ્કારી હોય તો તેને ભણેલી, રસિક, સંસ્કારી કરવાની અભિલાષા પતિને થાય તો એથી ઉલટી સ્થિતિમાં પત્નીને શા માટે ન થવી જોઇએ? પત્નીમાં શક્તિ હોય તો પતિને પોતાની માનસિક ઉચ્ચતાએ લાવવા તે પ્રયત્ન ન કરે તો તેની શક્તિ નકામી છે અને તેનું જીવતર રદ છે.

આવા ખ્યાલથી નાની નાની ચીજોમાં પતિના સંસ્કાર ખીલવવા મંગળાએ નાના પ્રકારની યોજનાઓ અમલમાં મુકવા માંડી. પતિને વર્તમાનપત્ર વાંચવાનો શોખ હતો. પોતાને પણ હતો, બન્નેના શોખ સરખા થયા એટલે વર્તમાનપત્રમાં પ્રકટ થએલાં પ્રસંગો, લેખો વગેરે સંબંધી એમને લાંબી વાતો થતી. મંગળાને વાતમાં મગનલાલ કરતાં પોતાની કેળવણી વધારે સંગીન અને સંસ્કારી હોવાની અનેકવાર ખાતરી થઈ હતી પણ કુનેહથી પોતાની ઉત્કૃષ્ટતા બ્હાર પડવા દેતી નહીં છતાં મગનલાલને તેની સાથે વાત કરવામાં અજબ રસ પડતો. નવા નવા દ્રષ્ટિબિન્દુઓ એને સૂજતાં. હમણાં હમણાં મિત્રોમાં એના જ્ઞાન અને અનુભવ માટે વધારે પૂજ્યભાવ થવા માંડયો છે. મનુષ્યજીવનના લગભગ દરેક પ્રદેશ વિશે અવારનવાર કાંઇ ને કાંઇ ઉલ્લેખ વર્તમાનપત્રોમાં હોય છે. વર્તમાનપત્રના વિષયો પરથી થતી વાતચિતમાં કુદરતી રીતે આ દરેક પ્રદેશ વિશે વાત થતી. એ પ્રદેશોનાં સ્વરૂપ અને મૂળતત્વો વિશેનું મંગળાનું જ્ઞાન મગનલાલને અજાયબ કરતું. સૌંદર્ય પ્રતિ મગનલાલને ઘણો પ્રેમ

હતો. એણે એના વિવિધ સ્વરૂપોનાં નિરીક્ષણ અને અભ્યાસ કર્યાં હતાં. પોશાક, પ્રસાધન, રહેણાક વગેરેમાં સૌંદર્યનો આવિર્ભાવ કેવી રીતે લાવી શકાય તેનો તે નિરંતર વિચાર કરતો અને સૂઝે તેટલું અમલમાં મૂકતો. સૌંદર્યના પ્રસંગોની વાતો હમ્મેશ એને અને મંગળાને થતી. એમાં પણ મંગળાની ભાવના અને દર્શન એને નવું નવું શીખવતાં. એનું સૌંદર્યદર્શન માત્ર સ્વાર્થી હતું એનું એને ભાન નહોતું. વિલાસનું બીજું રૂપ સૌંદર્ય હોય એવું એનું વર્તન હતું, છતાં એ સૌંદર્યપૂજાનું સ્વરૂપ મંગળા ધીમે ધીમે ફેરવવા લાવી.

ગામની પુસ્તકશાળાના સભાસદ થવાની એણે મગનલાલને પ્રેરણા કરી ત્યાંથી નવનવા, જાતજાતના ગ્રંથો, ચોપાનીઆ મંગાવવા માંડયાં. મંગળાના પ્રતાપથી અંજાઇ કે તેના ખરા ગુણોના આકર્ષણથી મગનલાલ મંગળા સાથે માનસિક વિહારમાં રાત્રિ ગાળતો. પુરૂષો પુરૂષોની મૈત્રિમાં જેટલો આવો વિહાર નભે તેટલો દંપતીની મૈત્રિમાં નભે નહી અને વખતે એનાં માઠાં પરિણામ પણ આવે એ મંગળા સારી પેઠે જાણતી હતી. મિત્રો સાથે જે માનસિક વિનોદ માણ્યા હોય તે પાછા પત્ની સાથે માણવા કોઇ યુવક તૈયાર નથી હતો. પુનરાવૃત્તિથી ઓડકાર અને અણગમો આવે છે, સ્ત્રી પુરૂષના સમાગમમાં રસ અને શૃંગારને સ્થાન હોય. પુરૂષો એનાજ ભૂખ્યા હોય છે. આમ હોવાથી ઘણા યુવકો પોતાની પત્નીઓની તીવ્ર ઇચ્છા હોવા છતાં તેમને કેળવી શકતા નથી. ગ્રંથ વાંચનથી અને અનુભવથી આ સમજતી હોવાથી મંગળા પત્નીપણું વિસરી જતી નહોતી પણ મગનલાલને રસના પણ એવા એવા પ્રસંગોનો અનુભવ કરાવતી કે એના વિકાસની આડે એની કુદરતી વૃતિઓ આવી શકતી નહીં.

૫.

બે ત્રણ મહિને મુંબઈ જઇ સહેલ કરી આવવાની મગનલાલને ટેવ હતી. આ વખત મંગળાને સાથે લઇ જવાની ઉમેં ઉઠી પણ માબાપ એવી છુટ આપે એવો સંભવ નહોતો એટલે મનનો મનોરથ મનમાં રહ્યો.

દસ દિવસ રહેવાનો વિચાર કરી મુંબાઇ ગયો હતો પણ પાંચ છ દિવસ વીત્યે પાછો આવ્યો. મંગળા વગર ત્યાં ગમ્યું નહી મિત્રો અને મિત્રપત્નીઓ જેમના સહવાસ માટે મુંબાઇ જતો તેઓ આ વખત તેને મંગળાથી ઘણાં ઉતરતાં, તદ્દન સામાન્ય લાગ્યાં. તેમની રીતભાત, વાતચિત તેને ઉણાં ઉણાં લાગ્યાં. મુંબાઇમાં વિલાસમોઝ ઉડાવવાનાં સ્થળોએ તેને મંગળાની ગેરહાજરી એટલી બધી સાલતી કે તે સ્હેજ પણ મોઝ આનંદ માણી શકયો નહીં. એ સ્થળો વિશે દંપતીએ અનેકવાર વાતો કરેલી એટલે એ મઝા ભોગવવા અને એમાંથી નવી નવી મઝા બતાવવા મંગળા સાથે નહોતી તેથી એનો રસ ઉડી ગયો. મંગળા કેવું રત્ન છે તેની તેને કાંઇક કદર થઇ. માત્ર ફેશનદાર કપડાં પહેરવામાં કે ઘાટિલા શરીર અને ગોરા રંગના માલિક થવામાંજ જીંદગીનો લ્હાવો નથી એવું એને ભાન થયું. આ વાત મિત્રોને એણે કરી. ખાટી દરાખની કથા તેઓએ સંભારી આપી.

(અપૂર્ણ.)

આમદ અને રૂપાંદે.

પ્રભાતનું રૂપેરી તેજ સર્વત્ર રમતું હતું. આમદ અને તેના ગોઠીયાઓ પરેડ જોતા હતા. રસાલાની તળાવડીને કાંઠે ઉગેલા બગીચામાંથી ગુલાબનું ફુલ તોડી ઝમકુ આવી. પ્રફુલ્લ ફુલની સુવાસે સહુને આકર્ષ્યાં. ફુલનું સૌંદર્ય નિરીક્ષવામાં બાળકો મશગુલ થયાં. શીખાઉ સીપાહીઓને ધમકાવતો, ગાળો દેતો, મારતો 'સારજંટ' પણ એક ક્ષણ સ્તબ્ધ થઇ બાળકોપર નજર પાથરી રહ્યો. એવામાં એક બાલિકા આવી. એનો રૂઆબ ઓરજ હતો; હાથમાં તીરકામઠું હતું. ફુલને જોતાંજ એને કોપ વ્યાપ્યો.

" આમદ ! મોસમનું પહેલું ફુલ કોણે તોડયું ? કોની રજાથી ? "

તેનો મધુર પણ પ્રતાપી સ્વર સાંભળી સૌ બાળકો નીરવ બ્હીતાં ઉભાં, પણ આમદે પોતાને સ્થાને ઉભાં ઉભાં મીઠા પ્રભાવથી ઉત્તર આપ્યો: " રૂપાં ! ઝમકુએ અજાણતાં ફુલ તોડયું છે. હજુર સાહેબના પધારવાની વાટ ન જોઇ પણ એને આપણે વાત થોડીજ કરી હતી ? "

બાલિકાનો રોષ નરમ પડયો. બાળકોની વચમાં જઇ ફુલ હાથમાં લીધું. બે સૌંદર્યનો સંગમ કોનું આકર્ષણ નથી કરતો ? કોને મુગ્ધ નથી કરતો ?

શિકારેથી પાછાં ફરેલાં મહારાજા અને મહારાણી, બાળકોને ટોળે વળી નિઃશબ્દ ઉભેલાં જોઇ તેમના તરફ આવ્યાં. એવે નીરવ પગલે આવ્યાં કે પરેડમાં મશગુલ સિપાહીઓને પણ

તેમની હાજરીની ખબર પડી નહી. બાળકોની વચમા રજપુત કન્યાને ગુલાબનું ફુલ હાથમાં પકડી ઉભેલી જોતાં મહારાણીને રમ્ય ચિત્રદર્શન થયું. એવામાં સિપાહીઓએ તેમને જોયાં. પરેડ શોભાવી સૌએ સલામ કરી. બાળકો પણ નિદ્રામાંથી જાગૃત થયાં. અદબસર ઉભાં રહી સૌએ સલામ વા દુઃખડાં લીધાં. બાળકો થોડોક ક્ષોભ પામ્યાં પણ રૂપાંદે રાજવી રૂઆબથી મહારાણી તરફ ગઇ અને ફુલ તેમને ધર્યું.

" રાણી સાહેબ ! અમારી વાડીનું પહેલું ગુલાબ સ્વીકારશો ? "

સ્વરમાં કેવું માધુર્ય, કેવો વિનય, કેવો વિવેક, કેવી સુજનતા, કેવી ભક્તિ ! પ્રસન્નવદને મહારાણીએ ઉપહારનો સ્વીકાર કર્યો. " રૂપાં ! તારા જેવી રૂપાળીને ગુલાબ શોભે. " આ સાંભળી બાલિકા શરમાઇ. મ્હોં લાલ થઇ ગયું. " ગુલાબી ચહેરા પર ગુલાબ હોય. " એમ કહી મહારાણીએ રૂપાંદેની ઓઢણી સરકાવી તેના ગુંથેલા અંબોડામાં ફૂલ ભેરવ્યું. અને આશીર્વાદ દીધો—" બેટા તારૂં અખંડ સૌભાગ્ય રહો. "

(૨)

પરેડની જમીનથી થોડે આઘે સાત ટેકરીઓ હતી. ટેકરીઓની સામે કૃત્રિમ વન હતું. મહારાજા અને મહારાણી મહેલ તરફ સીધાવ્યાં એટલે બાળકો ટેકરીઓ ભણી ગયાં. રસ્તામાં વહેળીઆં વહેતાં હતાં. તેમનું કલગાન, કોઈ સ્થળે તીણા તો કોઇ સ્થળે ઉંચા સૂરમાં હવાને મુખરિત કરતું હતું. રૂપાં જળનું ગાયન સાંભળવા ઉભી રહેતી અને ઉર્મિ ઉઠતી ત્યારે એ મધુરતાની સાથે પોતાના કંઠની મધુરતાનો સંવાદ રચતી. ચાલતાં

ચાલતાં પાળીઆના ચોતરા પાસે સૌ પ્હોંચ્યાં. વીર રજપુતોની બહાદુરીને સૌએ નમન કર્યાં. 'પોલો' રમતા સ્વારોને નિહાળતાં નિહાળતાં બાળકો ટેકરીઓની તળેટીમાં પહોંચ્યાં.

"ચાલો, આમદ, મારા પક્ષમાં આવવું છે કે દુશ્મન થવું છે?"

"આજે જૂદી રમત રમીએ. એક તરફ છોકરીઓ અને સામે છોકરાઓ." વચમાં રૂડકીએ સૂચવ્યું. સૌને એ વાત રૂચી. બે ભાગ પડી ગયા. "જાઓ ધાર પર ચડો" રૂપાંએ દુશ્મનોને હુકમ કર્યો. "આજે, તમને હરાવી બધી ધાર સર કરવી છે મારે." આમદે હુકમ માથે ચડાવ્યો અને સાતે ધાર પોતાના લશ્કરથી રોકી દીધી. પછી બાળકોનું યુદ્ધ જામ્યું. રૂપાંએ ચાર ધાર લીધી ત્યાં વળી બે ખોઈ. પાછી ત્રણ સર કરી ત્યાં જોતજોતામાં પાંચેમાંથી નીચે ઉતરવું પડયું. હિમ્મત કરી પાછું લડવા માંડયું. છોકરીઓએ છ ધાર ઉપર પોતાનો વાવટો ખોડયો. સાતમી ધાર ઉપર આમદે પોતાના ચુનંદા સુભટો ગોઠવ્યા હતા. છોકરીઓથી હારવાથી તેમનું ક્ષાત્ર લોહી તપી આવ્યું હતું. પાછી સાતે ધાર ન લેવાય તો મરવું પણ રણમાંથી પાછાં પગલાં ન કરવાનો સંકલ્પ તેમણે કીધો. રૂપાંદેએ પણ પોતાનો વ્યૂહ રચ્યો. પણ એવામાં બ્યુગલ સંભળાયું. સૌ ચમકયાં. સૂર્ય ઘણો ઉપર ચડી ગયો હતો. અવાજની દિશામાં સૌએ નજર નાંખી. તોપવાળી ધાર પાસે શિકારની તાલીમ માટે ચિત્તાઓને એકઠા થતા જોયા. સામે વનમાં હરણીઆં, રોઝ, સસલાં વગેરેમાં ગભરાટ ફેલાયો. વનકો એવામાં બોલ્યો: "આમદભાઇ! ચિત્તાઓ આંહિ આવશે. ચાલો ઘરે." લડાઇ લડાઇને ઠેકાણે રહી. ક્ષાત્ર જ્વાળા હોલ-વાઇ ગઇ. વિજય અને પરાક્રમનો આનંદ શાંત થયો. પરાજયનો

ડંખ ધ્વંસ પામ્યો. પાછાં હતાં તેમ સૌ સ્નેહાળ ગોઠીઆ અને ગોઠણો વાતો કરતાં, ગાતાં, મજાક કરતાં ઘેર ગયાં.

(૩)

તડકો વધારે ને વધારે કુમળો થતો જતો હતો. સાંઝની પરેડ થતી હતી. અખાડામાં કેટલાક સિપાહીઓ કસરત કરતા હતા. જેલના દરવાજા આગળ અમલદારો કામ કરતા હતા. છોકરાંઓ તોપવાળી ધાર ઉપર કે તળાવડીને કાંઠે રમતાં હતાં.

વડની લાંબી નીચી ડાળે રૂપાંદે અને આમદ ઝૂલતાં હતાં. એ બેને બહુ સારૂં બનતું. ચકવાક જેવાં બન્ને સાથેજ રહેતાં. મિલના તળાવમાં તરીને થોડીવાર ઉપરજ છોકરાંઓ આવ્યાં હતાં. સૌ આમતેમ ફાવે તેવા ખેલ ખેલવા વેરાયા અને આ દોસ્તો વડલા હેઠ ગયાં. રૂપાંદે ઝાડ પર ચડવામાં ઉસ્તાદ હતી.

ઝુલતાં ઝુલતાં આમદે પૂછ્યું: “ પછી બપોરે નિશાળમાંથી ક્યાં ગઇ’તી તેની તો વાતજ ન કરી ? ”

“ અરે બા ! એનું તો ઓસાણજ ન રહ્યું. રાણી સાહેબે તેડવા ગાડી મોકલી હતી તેમાં બેસી દરબારગઢ ગઇ’તી. ”

“ રાણી સાહેબે પોતે ? બીજું ગુલાબનું ફુલ લેવા ? ”

“ બીજું ફુલ લેવા ? ના, માડી, ના. રાણી સાહેબ કહે રૂપાં તું હવે અહીં ભણવા આવજે. ”

“ નિશાળ કરતાં ભણવાની ત્યાં મઝા પડશે ? કેદખાના જેવું નહીં લાગે ? આંહિ તો જયાં ફરવું હોય ત્યાં ફરીએ. ગોઠીઆ જોડે ગમ્મત કરીએ. ”

“ સાચી વાત છે તારી શરમે બહુ લાગે પણ ભણવાની તો મઝા છે. કેવું કેવું મઝેનું શીખવાનું ! ચીતરતાં, ભરતાં, ગૂંથતાં, સીવતાં, ગાતાં, સિતાર વગાડતાં, અંગ્રેજી સંસ્કૃત શીખતાં

ઘોડે બેસતાં, બાઇસિકલપર બેસતાં, મોટર હાંકતાં, કુંવરી સાહેબ શીખે છે તેમની સાથે બધું મારે શીખવાનું. રૂડકી, ઝમકુ, પોતી, રામબાઇ, અમીના, મરયમ, જુમેલા, મોંઘી, સશીથી હું વધારે ભણીશ. તારાથીએ વધારે ? તું કેટલું ભણીશ ? ”

“ મારે તો બી. એ. એલ. એલ. બી. થવું છે. તું ક્યાં મારી સાથે પોગવાની હતી ? ”

“ રાણી સાહેબ કહે રૂપાંને રાણી વિકટોરીઆ જેટલી હોંશીઆર બનાવવી છે. તું ભણવાનો છે તેથીએ વધારે રાણી વિકટોરીઆ ભણ્યાં હશે નહીં ? આપણાં રાણી સાહેબથી એ હોંશીઆર હશે. નહીં તો રૂપીઆપર, પૈસાપર એમની છબી ક્યાંથી આવે ? ”

“ તું તો હવે મહેલમાં રહેવાની. મારી સાથે રમશે કોણ ? તારા વિના શે સોરવશે ?” આમદની આંખમાં આંસુ આવી ગયાં. તેનો ગળગળો અવાજ સાંભળતાં રૂપાંદે પણ રડવા જેવી થઇ ગઇ. ડાળ પર ને ડાળપર તેની પડખે જઇ ઓઢણીના છેડાથી તેનાં આંસુ લૂછ્યાં. ‘ ભાઇ રો માં ! રાત આપણી ગઇ છે ? મહેલમાં તો સવારે અને બપોરે ભણવાનું. પછી રજા. મને ચીતરતાં આવડશે એટલે આપણી છબી ચીતરીશ, છબી હશે તો તારા વિના મને સોરવશે ને મારા વિના તને. ”

દરેક સ્ત્રીમાં જનનીનો અંશ છે. ગમે તેટલી તેની બાલ્યાવસ્થા હોય પણ માતાપણું હોય છેજ. ઢીંગલીને કેવી હેતથી છોકરીઓ રમાડે છે અને હુલાવે છે ! રૂપાંદે આમદની મા હોય તેમ વ્હાલથી તેની સાંત્વના કરવા લાગી. એવામાં એક કૂતરૂં રોયું એટલે અસંખ્ય રોવા લાગ્યાં. કર્કશ અને ભયાનક ધ્વનિએ વિક્ષેપ પાડયો.

" રાત પડશે. કુવામાંથી બાપુ માટે બેડું પાણી શીંચી જવું છે. " રૂપાં નીચે ઉતરી.

રાત વધતી જતી હતી. તારાઓનો ઝાંખો પ્રકાશ ચોગાનમાં પડતો હતો. જેમનો પહેરો નહોતો તે ખાટલા ઢાળી ફળીમાં પડયા હતા. જીવણસંગના ઢોલીઆ ઉપર રૂપાં અને આમદ બેઠાં હતાં. છોકરાંઓને વાર્તા સાંભળવાનો બહુ રસ હોય છે. જીવણસંગ રોજ રાતે મહાભારત, રામાયણ કે યુરોપના ઇતિહાસની એકાદ વાત કહેતા. રૂપાંદે એકાગ્ર ચિત્તે સાંભળતી અને જરૂર પડે ત્યારે પોતાની સહીયરોને પોતાના જ્ઞાનભંડારથી ચકિત કરતી. આમદનું લોહી શૂરાતનની વાતો સાંભળી ઉછળતું. વીરપરાક્રમો કરી કીર્તિ મેળવવા ઉત્સુક થતો. એના બાપને એને ગ્રેજ્યુએટ કરી હાઈકોર્ટમાં અથવા કારોબારી સભામાં (Executive Council) વિરાજતો જોવાની ઉત્કંઠ વાંછના હતી. પણ એને તો અર્જુન, ઉસ્માન, નેપોલીઅન, હેનિબલ થવાની હોંસ હતી.

રૂપાંનો બાપુ તે આમદનો બાપુ. આમદે પૂછયુંઃ "બાપુ! આપે લડાઇ લડી છે ? "

" ના, બેટા. બહારવટીઆના ધીંગાણામાં લડયો છું પણ હમણાં આફ્રિકામાં કે ચીનમાં જેવી લડાઇ ચાલતી હતી તેવી લડાઈમાં લડયો નથી. "

" કેમ બાપુ ! મહારાજ સાહેબ ત્યાં ન મોકલે ? "

" બાપુ મનેય લડાઇમાં જવાનું મન થાય છે. રાણીસાહેબે મારે માટે નાનકડી બંદુક કઢાડી છે. સવારે કુંવરી સાહેબ સાથે શિકારે જવાની છું. બાપુ ! રોજ શિકારે જઇશ એટલે તમારા જેવી બંદુક ફોડી શકીશ. નહી ? "

" હા બેટા, મોટી થશે ત્યારે તો તું બીજી આર્કની જોન થઇશ. આજ તો ધાર પર આમદને હરાવી દીધો હતો ને ? "

એટલામાં રૂડકી રાસડા ગાવા રૂપાંદેને તેડવા આવી. જીવણસંગ ને આમદ એકલા રહ્યા. છોકરીઓના હાથના તાલ અને પગના ધમધમાટ અને સૂરથી ધરતી ગાજી ઉઠતી લાગી. વિચારનિદ્રામાંથી જાગી જીવણસંગે પૂછ્યું: " આમદ, શું પૂછતો હતો ? હં, સાંભર્યું. લડાઇમાં મહારાજ સાહેબ કેમ મોકલતા નથી ?"

" હા બાપુ ? કેમ નથી મોકલતા ? મને મોકલે તો હું એ જાઉં. "

" બેટા ! પરદેશમાં લડાઇ ચાલે છે. આપણા દેશમાં ચાલતી હોય તો મોકલે. "

" આપણો દેશ અને પરદેશ જુદાં છે ? "

" હા, બેટા ! દુનીઆ તો વિશાળ છે. તું ભૂગોળમાં શીખ્યો છે ને ? તેના નાના મોટા ભાગ છે. જેને આપણાં ફળીઆમાં કમાન્ડન્ટ સાહેબનો બંગલો જૂદો, મેજર સાહેબનો જૂદો, રસાલદાર સાહેબનો જૂદો, મારો જૂદો, તારા બાપુનો જૂદો છે તેમ દુનીઆમાં જમીન વસ્તીઓછી જૂદા જૂદા લોકોને તાબે છે. લોકોના રંગ જૂદા હોય છે, ભાષા જૂદી હોય છે, પહેરવેશ જૂદા હોય છે, રહેણીકરણી જૂદી હોય છે, ધર્મ જૂદા હોય છે. સમજ પડે છે ને ? "

" હા, આ તો બધું ભૂગોળમાં શીખ્યો છું. પેલા મેળાવડામાં 'સિનેમેટોગ્રાફ' માં એનાં ચિત્રો પણ આપણે સાથે ન્હોતાં જોયાં ? "

" બસ ત્યારે તને ખબર છે. સૌ સૌના જૂદા જૂદા દેશ છે. જેમાં પોતે અને પોતાના લોક રહે તે સ્વદેશ અને તેથી

જૂદો પરદેશ. સ્વદેશમાં આપણો જન્મ થાય, આપણાં માબાપ રહેતાં હોય, ભાઇબહેનો રહેતાં હોય, આપણાં ભાઇબંધ દોસ્તદારો હોય. આપણે એક ભાષા બોલીએ. સૌના સુખે સુખી અને દુઃખે દુઃખી થઇએ છીએ. સ્વદેશ આપણને બહુ મીઠો લાગે છે. તેની મહોટાઇ હોય તો આપણી મહોટાઇ છે, તે સુખી હોય તો આપણે સુખી, તે બેઆબરૂ હોય તો આપણે બેઆબરૂ. જે દેશમાં જન્મ મળે તે આપણાથી લાભ મેળવે, દુનીઆમાં નામના મેળવે અને વધારે સુખી થાય તોજ જન્મવાનું સાર્થક. બાકી જમીનપર પત્થરના ઢગલા કયાં ઓછા પડયા છે ? ”

“ બાપુ ! આપણો સ્વદેશ તો ગુજરાતને ? ” રાસડા પૂરા કરી આવેલી રૂપાંએ પિતાનો ઉપદેશ સાંભળી પ્રશ્ન કર્યો.

“ હા બેટા ! આપણો દેશ ગુજરાત અને આપણે ગુજરાતીઓ. આમદ એ ગુજરાતી છે. અમદાવાદના બાદશાહના વખતમાં સોલંકી જેસંગ મુસલમાન થયેલા અને બાદશાહની ભાણેજને પરણેલા. તેમના વંશમાં આમદનો જન્મ છે. પાટણના અને અમદાવાદના રાજવંશમાં એનો જન્મ છે. બેટા ! તારી જવાબદારી મોટી છે. તેનો નિર્વાહ કરવા પ્રભુ ! તને સમર્થ કરો ! જાઓ, હવે સૂઇ જાઓ. મોડું થયું છે. સવારે શિકારે જવું છે ને ? ”

(૫)

કાળની ગતિ અપ્રતિહત ચાલતી હતી. બાળકો મહોટાં થતાં હતાં. રૂપાંદે અને આમદના જીવનપ્રવાહ નિરાળા થયા હતા. જીવણસંગ ગૂજરી ગયા હતા. રાણી સાહેબે રૂપાંને રાજમહેલમાં રાખી હતી. પોતાની ફોઇના દીકરા સાથે એને પરણાવવી હતી.

પણ તે હજૂ વિલાયતથી આવ્યો નહોતો. વિલાયતમાં દસ વર્ષ થયાં રહેવાથી અંગ્રેજશાઈ આચાર-વિચાર તેનામાં આવ્યા હોય તેથી ગમે તેવી કન્યા સાથે લગ્ન કરવાથી તેની જીંદગી દુઃખી ન નીવડે માટે તેને માટે ખાસ રાણીસાહેબ રૂપાંને કેળવતાં હતાં. પોતાના સગા ભાઇ જેવો આ ભાઈ વહાલો હતો. રૂપાં સકલકલા સંપન્ન થઇ હતી.

આમદના પિતા હાલ સેનાપતિ હતા. લશ્કરમાં તેમની સાથે રહેતો અને શહેરમાંની કોલેજમાં ભણતો. એનો અને રૂપાંનો ભાઇ બહેનનો સંબંધ કાયમ રહ્યો હતો. રાણીસાહેબની સમક્ષ દર રવિવારે તે બહેનને મળવા જતો. બાકી કાગળો લખવાની છૂટ હતી. રાણીસાહેબ બન્નેના કાગળો વાંચતાં.

સુશિક્ષિત અને સંસ્કારી થવા બન્ને વચ્ચે સાઠમારી ચાલતી. આમદને એમ લાગે કે રૂપાં આટલામાં ચડીઆતી છે તો તેટલામાં પ્રવીણ થવા મંડતો અને નિપુણતા પ્રાપ્ત કરતો ત્યારેજ જંપતો. કોલેજમાં ન જવાનું છતાં કન્યાશાળાની ગ્રેજયુએટ 'હેડમિસ્ટ્રેસ'ની મદદથી રૂપાં પણ કોલેજનો અભ્યાસ કરતી.

રોજ રાત્રે જીવણસંગે કહેલી વાતોમાં રહેલો ઉપદેશ બન્નેમાંથી એકેના હ્રદયમાંથી ભૂંસાયો નહોતો. સ્વદેશની ઉન્નતિ માટે જીવન છે એ લોહીના ટીપેટીપામાં વસી રહ્યું હતું. બધી તૈયારી તેને માટે હતી. બીજી કોઇ લાગણીને ત્યાં સ્થાન ન્હોતું. એથીજ બાળપણના આ સોબતીઓમાં પ્રણય જન્મ્યો નહોતો.

પત્રવ્યવહારમાં દેશના અનેક પ્રશ્નો ચર્ચતાં. તેની વિવિધ હકીકત મેળવતાં અને નિરાકરણો કલ્પતાં. દેશના ગૌરવ માટે ચોવીસે કલાક સ્વપ્નાં યોજતાં. સ્વપ્નાં તાદ્રશ કરવા તલસતાં

પણ સામર્થ્ય, પ્રસંગ અને સાધનસંપન્નતા વિના ઝંપલાવવા તૈયાર નહોતાં.

યૌવનના પ્રભાતમાં બન્ને કોઇ અવનવા સ્વર્ગમાં વિહરતાં.

(૬)

" બહેન ! હું વિલાયત જાઉં છું. શીખ માગવા આવ્યો છું. ' બી. એ. પાસ થયા પછી એક દિવસ રાણીસાહેબની પરવાનગીથી આમદ રૂપાંદેને મળવા આવ્યો. સમાચાર સાંભળતાંજ તે આભી થઇ. ' બેરિસ્ટર થવા જાઉં છું. મહારાજા સાહેબ વિલાયત મોકલે છે ' પછી તો બન્ને વાતોએ બેઠાં. એમની વાતો ખૂટેજ શાની ? છેવટે વિખૂટાં થવું પડયું. " વીરા ! ગુજરાતની કુખ દીપાવજે " એ શબ્દોથી રૂપાંદેએ આમદને રજા આપી.

આજે આ શું ? રૂપાં, રૂપાં, તને શું થાય છે ? આમદ રોજ મળતો અને વિખૂટો પડતો છતાં આજે આ શું થાય છે ? ત્રણ વર્ષ વિલાયત દૂર રહેશે. એટલે અનાથ બાળાને ભાઇનો વિયોગ સાલ્યો ? ના, આ લાગણી તો જૂદી લાગે છે. વિયોગ સાલે છે છતાં મારા હૃદયમાં તેની મૂર્તિ વિરાજી રહી છે. જોવા ધારૂં છું ત્યાં નજરે પડે છે. આજ દુનીઆ પણ અવનવી લાગે છે. રોજની દુનીઆ આજે કેમ ફરી હશે ? મારી સ્વસ્થતા કયાં ગઇ ? લાગણીઓનું પૂર કયાંથી અને શાને ઉભરાય છે ?

આમદને પણ વિયોગ સાલ્યો. પણ માત્ર મિત્રનો વિયોગ હોય એવો. જયારે પરદેશમાં સ્વદેશનો મહિમા વિચારતો અને રૂપાંને કાગળો લખતો ત્યારે કાળક્રમે એના હૃદયમા પણ પ્રણયનો સંચાર થયો. રૂપાંદે બીજાને માટે નિર્મિત છે તે જાણતો હતો. એ લાગણીનો નાશ કરવા જેમ પ્રયત્ન કરતો તેમ તે

વધતા. હૃદયની જ્વાળા હૃદયમાં દાબતો. રૂપાંદેને એની ગંધ પણ જણાવાય એવું નહોતું. છતાં આમદના કાગળોમાં વિચારોની સાથે ભાવનું અદ્ભુત મિશ્રણ થએલું રૂપાંને લાગતું અને રૂપાંના કાગળોમાં આમદને પણ એવુંજ લાગતું. હૃદય હૃદયનો સાક્ષી છે. બન્ને હૃદય સમજી ગયાં કે પ્રણયને આધીન થયાં છીએ પણ સ્પષ્ટ કથન કોઇ ન્હોતું કરતું.

બૅરિસ્ટરની પદવિ મળી એવામાં તુર્કસ્તાનમાં રાજ્યક્રાન્તિ થઇ, એટલે યુવાન તુર્ક સહાધ્યાયીઓ સાથે આમદ ત્યાં ગયો. વ્હાલો ગુજરાત એને ખારો લાગતો હતો. હૃદયમૂર્તિ રૂપાંદે એની થાય એમ નહોતું. રૂપાંદે વગરનું જીવન કેવું નીરસ નિરૂદ્દિષ્ટ !

તુર્કસ્તાનમાં એનાં શૌર્ય અને વિદ્યાને પ્રતાપે ઉંચી નોકરી મળી. એક પ્રભાવી, દેશવત્સલ, સંસ્કારી લોકનાયકની બ્હેન એની સાથે પરણવા તૈયાર થઇ પણ આમદનાં લગ્ન રૂપાંદે સાથે થયાં હતાં-ભલેને રૂપાંદે બીજાને પરણે પણ આમદની હૃદયેશ્વરી તે હતી. બીજી કોઇ સુન્દરી તે સ્થિતિ પ્રાપ્ત કરી શકે શી રીતે? નિરાશ આમદે રણસંગ્રામોમાં ઝંપલાવ્યું. નાનપણની પરાક્રમી થવાની હોંસ પૂરી પાડી પણ ક્યાંએ એને આરામ, સ્વસ્થતા ન્હોતાં. રૂપાંદે વિના સંસાર શૂન્ય હતો. સ્વદેશનું ગૌરવ વધારવા તે વ્રતનિષ્ટ હતો. જીવણસંગની મૃત્યુશય્યા આગળ સ્વદેશનું વ્રત લીધું હતું પણ સ્વદેશમાં રૂપાંદે હતી અને તે પારકાની હતી પછી એ ભૂમિમાં કેવી રીતે જવાય ?

રૂપાંદે એની રાહ જોતી. તુર્કસ્તાન ગયાના સમાચાર મળતાં મેળાપના દિવસો વધુને વધુ દૂર જતા દેખી વધારે સંતપ્ત થઇ પણ હૃદયેશ્વરને કેવી રીતે હૃદયની વ્યથા દેખાડે ?

જે સુંદરીનો હાથ આમદે સ્વીકાર્યો નહીં તે એનું હૃદય પામી ગઇ. પત્ની ન થઇ શકી ત્યારે આ વીરપુરૂષની સખી થવા તેણે પ્રયાસ કર્યો અને તેમાં ફાવી. વસ્તુસ્થિતિ જાણ્યા પછી તેનો માર્ગ કહાડયો. એક દિવસ વાતમાં ને વાતમાં કહ્યું: "સ્વદેશનું સ્થાન ધર્મથી પણ ઉપર છે. સ્વદેશ એ ઇશ્વર છે. સ્વદેશ પૂજા એજ ખરી ભક્તિ છે. જૂઓ અમે ખલીફને પદભ્રષ્ટ કર્યો. શાને ? સ્વદેશનો મહિમા મ્હોટો છે માટે. તમારે પણ તમારા સ્વદેશની સેવા કરવાની છે."

દેશ તેનો શ્વાસ અને પ્રાણ હતો. પોતાની દેશપ્રીતિના બળે આમદની સુપ્ત દેશપ્રીતિ જાગૃત કરી. સાથે સાથે માન્યું કે સ્વદેશ જશે તો એની હૃદયેશ્વરી હજૂ અવિવાહિતા હોવાથી એ મેળવી શકશે. તુર્કી બ્હેનની શીખામણ માન્ય રાખી તે સ્વદેશ જવા નીકળ્યો. રૂપાંદેને તાર મળ્યો. આમદ આવે છે એનો હર્ષ કેવો ઉછળ્યો હશે?

રાણી સાહેબનો ભાઇ વિલાયતમાં કોઇ મડમને પરણ્યો છે અને હિન્દુસ્તાન પાછો આવતો નથી એવા ખાતરીદાર બાતમી આવી. રાણીસાહેબની જીંદગીભરની આશાઓ અને સ્વપ્નાંઓ ધ્વસ્ત થયાં. જબરો આઘાત થયો. યૌવનારૂઢ રૂપાંનું શું કરવું? ચિંતાની જવાળાઓ ચોતરફથી ભભુકી ઉઠી.

(૭)

રાજ્યમાં રાણીસાહેબની સત્તા સર્વોપરિ હતી. રૂપાંદે ઉપર રાણીસાહેબના ચારે હાથ હતા. આમદ વિલાયત સિધાવ્યો એટલે રૂપાંદે એકલી પડી. વિરહની પીડા સાલ્તી. પણ એમાં દેશ સાંભર્યો. પિતાની છેવટની ઇચ્છા સાંભરી. ગુજરાતના ગૌરવની

ાપ્તિમાં રાજય મદદગાર થાય એવા માર્ગો રફતે રફતે રાણીસા-હેબને સૂચવવા માંડયા. પોતાની ચાલાકી, વિદ્યા અને અનુભવથી રાણીસાહેબને કારભાર ચલાવવામાં સહાય આપતી અને એમનો કારભાર દીપાવતી. રાજય ગુજરાતનું અંગ છે અને ગુજરાતની મહત્તા વધારવાનું કર્તવ્ય એનું પણ છે એવી ભાવના જાગૃત કરી. રાણીસાહેબ એનાં શિષ્યા થયાં.

આ અરસામાં આમદ સ્વદેશ આવ્યો. રૂપાંદેને શી રીતે મળવું? આખરે રાણીસાહેબથી છાનાં બન્ને એકલાં જંગલમાં મળ્યાં. પશુ, પક્ષી, વનસ્પતિ, આકાશની સમક્ષ હૃદયની વાત કરી. એક બીજાનો પ્રેમ સ્પષ્ટતઃસ્વીકાર્યો. અવારનવાર આમ મળતાં અને દેશના ગૌરવની વાતો યોજતાં પણ એકાકી જીવન ક્યાં લગી ગાળવું? "રૂપાં, હૃદય, મારી કયારે થઇશ?" "તારીજ છુંને." "મારીજ છે પણ જગતની આંખે મારી ક્યારે થઇશ?"

બન્નેના ધર્મો જૂદા હતા. રજપૂતાણી મુસલમાનને પરણી શકે છે. છતાં રૂપાંદે એવી રીતે પરણવા અનિચ્છુ હતી. પોતાનો હિંદુધર્મ—પોતાની હિન્દુ સંસ્કૃતિમાંથી ચ્યુત થવામાં તેને વ્યથા થતી. પણ આખરે મુંઝવણમાંથી રસ્તો કાઢવામાં આવ્યો. 'સિવિલ મેરેજ' થી બાળપણનાં ગોઠીઆં જીવનના સોબતી થયાં. દેશસેવા-થી જન્મેલી ઉદારતામાં બન્નેના ધર્મોને સ્થાન મળ્યું.

યુરોપમાં એવામાં મહાયુદ્ધ જાગ્યું. અંગ્રેજ સરકારની કુમકે ન્યાય, સ્વતંત્રતા અને દયાનો ઝુંડો ઉઠાવવા હિન્દુસ્તાનમાંથી દેશી લશ્કર યુરોપના સમરક્ષેત્રમાં ગયું. આમદ પણ પોતાના ગુજરાતી રજપુતોને લઇ ગયો. મરાઠા, ડોગરા, શીખ, રજપૂત

પઠાણ વગેરેની હારમાં તેમણે વીરત્વ પ્રકાશ્યું. આમદને 'વિક્ટોરીઆ ક્રોસ' મળ્યો.

(૮)

આજ કેટલાં વર્ષો થયાં ગુજરાતે રણભૂમિ જોઇ નહોતી. રજપુત, કોળી, કુંભાર, ભરવાડ, પાટીદાર, વાણીઆ, બ્રાહ્મણ, મુસલમાન, પારસી સૌને એક વાર પાનો ચડતો. ગુજરાતના ચાંચીઆઓએ એક વખત બગદાદના ખલીફાના મહેલો ઉપર આક્રમણ કર્યું હતું. પણ જૈન ધર્મના અને વૈષ્ણવ ધર્મના પ્રચારને લીધે ગુજરાતમાં વીરોદ્રેક કમી થઇ ગયો છે. સમૂળગો નાશ પામ્યા જેવું છે. જે રજપુતાણીઓ એક વખત પતિને કે પુત્રને રણમાં મોકલવામાં પ્રતિષ્ઠા અને કીર્તિ માનતી હતી તેમના વંશની ગરાસણીઓ યુરોપના કુરૂક્ષેત્રમાં રજપુતોને જતા જોઇ રોતી હતી. વીરમાતાઓને સ્થાને કંગાલ, બ્હીકણ, રણભીરૂ, જીવનલોભી પામર સ્ત્રીઓ થઇ ગઇ હતી. આ સર્વેને સાંત્વન આપી તેમનું દુઃખ કમી કરી દેશપ્રેમ અને ક્ષાત્રબળનો પાનો તેમનામાં ચડાવવાનું વિકટ કાર્ય રૂપાંદેએ કરવા માંડયું. ઇતિહાસની અભ્યાસી રૂપાંદે રણનીતિમાં પ્રવિણ હતી. આ વર્તમાન જાદવાસ્થળી કેવી ભયંકર થશે તેનો તેને આબેહુબ ખ્યાલ હતો. એમાંથી જીવતા પાછા કોઇ પણ આવશે એવી ખાતરી એની હૃદયગુહાના ગહનતમ ભાગમાં નહોતી. પણ લોહી રેડયા વિના પ્રતાપ, પ્રતિષ્ઠા, સત્તા મળતાં નથી. જગતમાં હિન્દુસ્તાનની પ્રતિષ્ઠા કાંઇજ નહીં અને હિન્દુસ્તાનમાં ગુજરાતની પ્રતિષ્ઠા નહીં એ વિચાર એને ઉભી ને ઉભી બાળી નાંખતો. આવા રાષ્ટ્રયજ્ઞમાં પુરૂષોએ હોમાવાનું છે તેથી વધારે સામર્થ્ય અને મનોબળથી

સ્ત્રીઓએ હોમાવાનું છે. પુરૂષોને પાનો ચડાવી, સ્ત્રીસંતતિની માયાથી વિરક્ત કરી, દેશપ્રેમની ખાતર રણમાં મોકલવા; હૃદય-પ્રધાન સુન્દરીઓની પોતાના પ્રિયતમ અને સૌભાગ્યના મુકુટોનો વિરહ વખતે જીવનપર્યંતનો વિરહ સહન કરવાની શક્તિ કેળવવી; ઇપ્સિત ફળ નથી પ્રાપ્ત થયું ત્યાં લગી આ દેશોષ્ટિમાં વીરપુરૂષો-નો હોમ ચાલુ રાખવા સ્થળે સ્થળે વીરત્વ જાગૃત કરવું, પ્રેરવું અથવા કેળવવું; અને પુરૂષોની ગેરહાજરીમાં ગૃહની વ્યવસ્થા ઉપરાંત સમાજની અને રાજયની વ્યવસ્થા અખંડ, સમર્થ અને પવિત્ર રાખવી. આ વીરાંગનાઓનાં કર્તવ્ય. ઝનુનમાં આવી સંગ્રા-મમાં વિજય કે પરાજય પામવા કરતાં આ સેવાઓ ઉંચા મનો-બળ અને ચારિત્ર્યની અપેક્ષા રાખે છે.

રૂપાંદે આ પ્રસંગ માટે તૈયાર હતી ? પિતાની અને રાણી-સાહેબની કેળવણી આજ પ્રસંગ માટે પ્રભુએ નિર્માણ કરી હતી. કસોટીના પ્રસંગોમાં તેણે અદ્‌ભુત વિજય મેળવ્યો. અજબ જાદુ-થી એણે ગુજરાતનું ક્ષાત્રતેજ પ્રજવલિત કર્યું. રણમાં ખપતા ગયા તે સુભટોનું સ્થાન નવાથી પૂરતી ગઇ. અનાથ, પીડિત અને અકિંચન કુટુંબોની આધિવ્યાધિ અને તેટલી રીતે દૂર કરતા. સંગ્રામની મૂર્તિમતી દેવી જેવી રૂપાંદે સર્વ સ્થળે ફરતી. એની પરાક્રમોત્તેજક કવિતાઓ ગુજરાતના ગામડે ગામડે ગવાવા લાગી. છિન્નભિન્ન ગુજરાતની એકતા આ સુન્દરીના હૃદયથી જન્મી. ગુજરાતમાં રાષ્ટ્રીય ચેતન પ્રસર્યું.

માસ્તર નંદનપ્રસાદ.

રવિવાર છે, નિશાળમાં રજા છે. માસ્તર નંદનપ્રસાદને આજે મગજમારી નથી. ૭ ૭ દિવસ થયાં લખવા વાંચવાના કરેલા મનસુબા આજે અમલમાં મૂકવાના છે. આજનો દિવસ વીતી જશે તો પછી પાછી આવતા રવિવારે વાત જવાની અને વચમાં વળી ૭ દિવસનો ગાળો વધવાનો. આવડી ભયંકર ચિંતા છતાં આજે કેમ કોણ જાણે માસ્તર સાહેબ સ્તબ્ધ જેવા છે. રાહ જ જોયાં કરે છે. વાંચવા માટે એકઠાં કરેલાં પુસ્તકો ટેબલપર ખડકાઇ પડયાં છે. પૂઠાં પરનાં નામો તેમનું ચિત્ત–તેમની દષ્ટિ માત્ર આકર્ષવા શણગારથી સજ્જ છે. રોજનીશીમાં લખેલી અથવા " ફાઇલ " કરેલી ટિપ્પણીઓ, નિબંધો કે વાર્તાઓ કે કાવ્યોમાં શરીરી થવા તલપાપડ થઇ રહી છે પણ વ્યગ્ર નંદન કોઇની પરવા કરતો નથી. તેના શેખચલ્લી મગજમાં આજે બુદ્બુદાઓ ઉઠતા નથી. તેની કલ્પના સ્વપ્નોની મનોહર સૃષ્ટિપરંપરા આજે રચતી નથી. તેની મહેચ્છાઓ આજે ભવિષ્યને વર્તમાન કરવા દોડતી નથી. તેની લાગણીઓ આજે કોઇ સુંદર કે પુણ્ય વસ્તુ માટે વહેતી નથી.

કયાં છે એના મુખ પર પથરાઈ રહેતી ગંભીરતા ? સુજનતા ? સંસ્કારિતા ? સૌમ્યતા ? મ્લાન તેજસ્વિતા ? આજ કયાંથી આવી છે વ્યગ્રતા ? કાલિમા ? નિસ્તેજતા ? નિરૂત્સાહિતા ? પિશાચતા ? માસ્તર સાહેબ શી ગડમથલમાં ગૂંચાયા છે ?

ખુરશી પરથી ઉઠી ગાદીતકીએ પડયા પણ ત્યાંએ ચહેન

નહીં, ત્યાંથી ઉઠી ટેલવા માંડયું. નદી પરથી આવતા થંડા પવનનો કંટાળો આવ્યો. પડયા બીછાનામાં. “ કાન્તના સહદેવ ! આપણી સરખી અવસ્થા છે ” એવું બબડયા. આમ તેમ આળોટયા. ઓસીકાં માથાં તળે મૂકયાં; ત્યાંથી લઇ પગ તળે મૂકયાં; વળી ઉંચકી છાતી પર રાખ્યાં, પડખે ગોઠવ્યાં પણ સ્વસ્થતાની વીજળી કયાંએથી શરીરમાં ન આવી. પગ પછાડયા; હાથ અફાળ્યા; રોવાનું મન કર્યું પણ આંસુ સૂકાઈ ગયાં હતાં. પથારીમાંથી સફાળા ઉડયા; “ બુકકેસ ” માંથી “ કાવ્યમાધુર્ય ” કહાડયું અનુક્રમણિકા પરથી “ અતિજ્ઞાન ” શોધી વાંચ્યું. “ સહદેવ ! કઇ સુરા હું પીઉં ? ”

(૨)

શહેરના કોટની રાંગે રાંગે નંદનપ્રસાદ ચાલ્યા જતા હતા. પગ ચાલતા હતા કે એમનું આખું શરીર ચાલતું હતું ? ગતિમાં નહોતો વેગ, નહોતી સ્વસ્થતા. લક્ષ્યહીન, નિરુદ્દિષ્ટ ગતિ હતી. ઉત્સાહ નહોતો; પણ હતાશ, યંત્રણા દરેક પગલાંમાં જણાતાં. માસ્તર સાહેબના નિઃશ્વાસમાંથી ઊંડી મર્મવેદના નીકળતી હતી. દુનીઆ પોતાના તાનમાં ગુલતાન હતી કે પોતાનું દુઃખ રોવામાં મશગુલ હતી. રસ્તાએ અને કોટે અનેક આસ્માની સુલતાની જોઇ હતી, પ્રણયગોષ્ટિ સાંભળી હતી, પ્રણયના વિલાસ જોયા હતા, દયાદાનના પ્રસંગો ઉજવ્યા હતા; વિયોગ, ચોરી, લૂંટ, મારફાડ, ધાડ, લડાઇ, હલ્લો, કાપાકાપી પણ અનુભવ્યાં હતાં. ધૂળ આખરે પત્થરની જ દિકરી. બધું પત્થરનું જ હતું. લાગણી કયાંથી હોય ? શા માટે નંદનપ્રસાદને આશ્વાસન આપે ?

એવામાં ખંડીએર મસીદ આવી. સ્વયંચલ પૂતળાની પેઠે

નંદન તેમાં ગયો. ત્યાંની મલીનતા, દુર્ગંધ; મુસલમાનોની દરિદ્રતા; ધર્મના વાતાવરણની ન્યૂનતા; કાળે વર્તાવેલો કેર; આદિએ તેને પાછો ધકેલ્યો. ચાલ્યો અસલના રસ્તા પર. ગરીઆ ફેરવતા કે ગિલ્લીદંડા રમતા કે દોડાદોડી કરતા કે અપશબ્દોની લ્હાણી કરતા છોકરાઓ તેની ગતિનો નિરોધ કરી શકયા નહીં. રસ્તે હજારો રાહદારી જતા. છોકરાંઓ હમેશ રમતાં. કોને કોની દરકાર હોય?

રોતા ભાઇને છાનો રાખવા એક છોકરી ઘડીમાં મંદિરનો ઘંટ વગાડતી તો ઘડીમાં પાંચીકા ઉછાળતી. ઘંટ વાગે એટલો વખત છાનો રહેતો છોકરો, બહેન રમતી એટલે જોરથી ભેંકડા કહાડતો. આ તમાસાથી માસ્તર સાહેબ મંદિરમાં ગયા. હનુમાનનાં દર્શન કરવા હાથ જોડવા ગયા પણ જાણે આંચકો લાગ્યો હોય તેમ એકદમ સ્તબ્ધ ઉભા. મનમાં ને મનમાં બબડવા લાગ્યા; “ જહાનમમાં જાઓ આ અંગ્રેજી ભણતર ! બધામાંથી ઉઠાડી મૂકી શ્રદ્ધા. આ મૂર્તિઓ પત્થરાથી વધારે ઉપયોગી મને ગમે તેટલો પ્રયાસ કરૂં છું છતાં, લાગતીજ નથી. જુગુપ્સા થાય છે એમને જોતાં. મંદિરોમાં નથી મળતી સ્વસ્થતા કે પ્રેરણા ! કયાં જઇ હૃદયની યાતના સમાવું ? મંદિરોની ક્રિયાઓ બાલિશ ક્રીડાઓ લાગે છે. અંગત અનુભવ નથી, જાત માહિતી નથી, છતાં મંદિરો દુરાચારના અખાડા છે એવુ વર્ષોથી માનું છું. મંદિરોમાં જતો નથી......મંદિરોના દેવો પડો ખાડમાં. ”

(૩)

આ તે કાંઇ ઓછી દુર્દશા છે ? કયાં અમારે ઇશ્વર સાથે યોગ સાધવો ? લાખો અને કરોડો મંદિરોમાં એક પણ અનુકૂલ નથી. ભટકું છું, ભટકું છું પણ કયાંએ મન કોળતું નથી. બધું

દષ્ટાંતર કેમ નથી થઈ જતું ? મંદિરો, બ્રાહ્મણો, બાવાઓ જમીનમાં સમાઇ કેમ નથી જતા ? ધરતીકંપનો એક આંચકો બધાંને પૃથ્વીના ઉદરમાં લઇ લે તો એમનાં કોયલા થશે તો ભવિષ્યમાં કોઇ સાહસિક પ્રજાનાં કારખાનાં ચાલશે—" ફોસિલ " થશે તો કોઇ વૈજ્ઞાનિકનો ઉદરનિર્વાહ કરાવશે. પણ મને કેમ સતાવે છે ? કેમ મને આશ્વાસન નથી દેતાં ? કેમ મને નિરાંતે ઠરવા નથી દેતાં ? કેમ મારૂં લોહી ઉકળતું નથી રાખતાં ?...બધું આ બ્રાહ્મણોનું કારસ્થાન છે. નથી અંગ્રેજી વિદ્યાનો વાંક. ધર્મનો રાખ્યો છે એમણે ઇજારો. મ્યુનિસિપાલીટી જેટલું અને જ્યારે પાણી આપવું હોય ત્યારે આપે છે. બ્રાહ્મણો પણ ધર્મ એવીજ રીતે આપે છે. ઘરાક પ્રમાણે દૂધમાં દૂધવાળો પાણી ઓછું વત્તું ઉમેરે છે તેમ બ્રાહ્મણ ખરી ખોટી ક્રિયા કરાવે છે. ન સંસ્કૃત આવડે એને કે ન આવડે અમને. બધી પુજામાં ગણેશ અને દેવીના સહસ્ત્ર વાર આવાહન અને વિસર્જન. એમાં અમારા ઘણા વિદ્વાનોને સૂઝે છે રહસ્ય; લાગે છે ઊંડું અધ્યાત્મચિંતન. હશે મને કાંઇ લાગતું નથી. ના કરીએ તો સમાજમાં હડેતૂત્ થઇએ. સગાંવ્હાલાંને ખોટું લાગે. સાચી, ઉંડી, અધ્યાત્મ રહસ્યવાળી ક્રિયાઓ કરનાર કોઇ મળે તો મનના મેલ ધોવાય. પણ તેવા કયાં છે ? જીંદગીમાં જે ભાવ, જે ઉર્મિ, જે મહેચ્છા, જે કલ્પના, પછી પુણ્ય કે પાપનાં ભર્યાં છે તે નિરાળાં અને ધર્મની ક્રિયાઓ નિરાળી. બન્ને વચ્ચે ન મળે સંવાદ કે એકરાગ. છતાં એવું નભાવી લેવું. કેવું દાસત્વ ! છૂટ, સ્વતંત્રતા, વ્યક્તિવિકાસ એ બધી ભ્રમણા છે. જયાં જુઓ ત્યાં બંધનો છે, દિવાલો છે, બેડીઓ છે, પાંજરાં છે."

(૪)

અંતરમાં ઉન્મત્ત જેવા, કેન્દ્રભ્રષ્ટ જેવા માસ્તર સાહેબ ચાલ્યા જતા હતા. ભાડભુંજાને ત્યાં ધાણી ફૂટે તેમ વિચારો ફુટતા હતા. સાબુવાળા પાણીમાં બરૂ મારફત ફુંક મારવાથી ઉડતા ફીણના પરપોટા જેવા વિચારો ઉઠતા હતા, એકબીજામાં ભળી જતાં ભાંગી જતા. વાંદરાની પેઠે વિચારો કૂદતા. વિષયોની જે ડાળો હાથ આવતી તે પર દોડાદોડ કરતા. એવામાં મુસલમાનોનું ચહાખાનું આવ્યું. દુકાન ઘરાકોથી છલોછલ ભરાઈ ગઇ હતી.

" ખુદા કહેત મુસલમાન થયો હોત તો, રહેત કશી ફીકર પછી ? ખાવા પીવાની પંચાત મુઝવત તો નહીં. મળે ત્યારે મીર અને નહીં ત્યારે ફકીર થઇ મઝા કરત. કાલની ચિંતાથી બળત નહીં. આજનો લહાવો આજે માણી લેત. જીંદગીની પૂરેપૂરી સહેલ એક દિવસ ભોગવી લેત હૈયામાં સળગતી હોળી નથી ભસ્મ કરતી કે નથી ભોગ ભોગવવા દેતી કે નથી ઓલવાતી. વોરો થયો હોત તો દિવાસળી વેચત, સ્લેટ પેન વેચત ખાલી ઘંસલેટના ડબ્બા એકઠા કરત. લોખંડની નકામી પડેલી ચીપો ટીપી-ટીપી કામની કરત, બૂટ વેચત, દીવા વેચત, કાગળ વેચત, ચોપડી વેચત, ખીલા વેચત, સિંગાપોરની સફર કરત, ઉજાણીએ જાત, નાટક જોત પણ માસ્તર તો ન થાત. અંગ્રેજી ભણત નહીં ને દુઃખી થાત નહીં.

જન્મતી વખત પસંદગી કેમ નથી કરવા દેવામાં આવતી ? જો હું બંગાળામાં જન્મ્યો હોત તો વધારે સુખી હોત. કવિતા, વાર્તા કે નાટક લખી અથવા વિજ્ઞાનના અન્વેષણો કરી નોબેલ પારિતોષક તો મેળવત; રાજા મહારાજા કહેવાત; બેરિસ્ટર થાત,

સમર્થ વકતા થાત, પ્રભાવશાળી તંત્રી થાત અને ભારતવર્ષ આખું ધ્રુજાવત, સિમલામાં કે લંડનમાં અંગ્રેજોને નિરાંતે ઊંઘવા દેત નહીં. હાઇકોર્ટનો જજ થાત, યુનિવર્સિટીનો વાઇસ ચાન્સેલર થાત, કૉંગ્રેસનો પ્રમુખ થાત, ધારાસભામાં જઇ બિરાજત, સિમલાના સેક્રેટરીએટમાં મ્હોટો અમલદાર થાત. એ બધું ન થાત તો C. I. D. માં અમલદાર થાત અને કોઇ anarchist ની ગોળીથી સ્વધામ જાત. ગ્રહ વાંકા હોત તો anarchist થાત, મોટરમાં જઇ ધાડ પાડત, ગામ ભાંગત, કોઇનું ખૂન કરત અને ફાંસીએ જાત. નવી બંગાળી પલટણમાં જાત. ફુટબોલની મેચ રમત. રંગભૂમિ પર નાટક કરત. રામકૃષ્ણ મઠનો સાધુ થઇ યુરોપ અને અમેરિકાને વેદાંતી બનાવત. મેદાનમાં ફરત, ટ્રામમાં બેસત કે મોટરમાં સહેલ કરત. કાંઇ નહીં તો આસામમાં ચાહના બગીચાનો ' કુલી ' થાત પણ આ નિર્જીવ ગુજરાતમાં માસ્તર તો ન થાત.

પંજાબમાં જન્મ્યો હોત તો લશ્કરમાં રહેત, યુદ્ધમાં ઉતરત, વિક્ટોરીઆ ક્રોસ મેળવત, રંગુનમાં કે હોંગકોંગમાં સિપાઇગિરિ કરત, બ્રિટિશ કોલંબીઆ જાત, આર્યસમાજી થાત, સનાતન ધર્મનો ઉચ્છેદ કરત, ગુરૂકૂળ સ્થાપત, નહેરોનાં સંસ્થાનોમાં ખેડુત થાત, કે તિબેટ જોડે વહેપાર કરત પણ માસ્તર તો ન થાત.

મહારાષ્ટ્રમાં જન્મ્યો હોત તો ટીળક મહારાજની જે બોલાવત, કેસરીની ઢબનું છાપું કહાડત, ફર્ગ્યુસન કૉલેજમાં પ્રોફેસર થાત, નિષ્કામ કર્મ મઠમાં કે ભારત સેવક સમાજમાં જાત. સ્વદેશી અને રાષ્ટ્ર વિષે ભાષણો કરત, નાટક લખત, વાર્તા, લખત, ગણપતિના મેળા માટે પદો રચત, રંગભૂમિ પર હૅમ્લેટ

કે પ્રુટસ થઇ અભિનય કરત, સંગીત શાળા કાઢત, સરકસ લઇ હિન્દુસ્તાનમાં ફરત, વનિતાવસ્ત્રભાંડારની દુકાન કહાડત, સુગંધિ સામાનનું મ્હોટું કારખાનું કહાડત, પૈસાફંડ ઉઘરાવત, લડાઇમાં જઇ મરાઠા લોકોનો જય બોલાવત, વડોદરા–ઇંદોર–ગ્વાલીઅરનો દીવાન થાત, માળી થઇ ફુલ ઉગાવત, નાશિકમાં કે પંઢરપુરમાં ગોર થાત, વિધવાશ્રમ કહાઢત; ઘાટી જન્મત તો મુંબાઈમાં ચાલોમાં નોકરી કરત, મિલમાં જાત, પોલીસ થાત, રામોસી થાત; મહાર જન્મત તો સિંદેની શિફારસથી લશ્કરમાં જાત, ઊજજડ જમીન ખેડી ખેડુત થાત, દરજી થાત, સુતાર થાત, બુકબાઇન્ડર થાત; કોળી જન્મ્યો હોત તો મુંબાઇમાં માછલાં લાવી વેચત, રોજ દરીઆમાં રખડત પણ ગુજરાતમાં માસ્તર તો ન થાત.

વિલાયતમાં જન્મ્યો હોત તો હિન્દુસ્તાનનો વાઇસરોય થાત, આમની સભાનો નાયક થાત, નૌકાસૈન્યનો અધિપતિ થાત, એમ્બેસેડર થાત, કયસર થઇ આખું યુરોપ કંપાવત, દારૂગોળા બનાવત, વીજળી અને વરાળની મદદથી લક્ષાધિપતિ થાત, સાહિત્યદ્વારા ધનાઢ્ય થાત–કીર્તિ પામત, ‘ મિશનરી ’ થઇ લાખો ખ્રીસ્તી કરત, ઉત્તરધ્રુવ ખોળત. અમેરિકામાં જન્મ્યો હોય તો લિંકન કે બુકર વૉશિંગ્ટન, એમર્સન કે થોરો થાત; મેક્ષીકોના કે દક્ષિણ અમેરિકાના કોઇ સંસ્થાનનો પ્રમુખ થાત; ફીલીપીનોને સ્વરાજ્ય માટે લાયક થવાની તાલિમ આપત; યુનિવર્સિટી સ્થાપત; વેદાંત, જૈન, ઝરથોસ્તી, ઇસ્લામ ધર્મોનું શ્રવણ મનન કરત; મોરમન થાત; કંઈ કંઇ થાત પણ ગુજરાતમાં માસ્તર તો ન થાત. પરમેશ્વરનો જુલ્મ ઓછો નથી. પૂછયા ગાછયા વિના ફેંકે છે જીવોને ગમે ત્યાં. ”

(૫)

ઉન્મત્ત પ્રલાપનો અંતજ આવત નહી. આવા તરંગના ઘોડાપર ઘોડા ઉછળ્યા જાત. મીયાં બહુ ખીલ્યા હતા. કમાન છટકી ગઇ હતી. શેખચલ્લીઓને કશાનું ભાન નથી હોતું. ચકરડી ઘુમરડી લીધી કે એ અને એમની દુનીઆ ભમવા લાગવાની. વિચારમાં ને વિચારમાં કેટલો રસ્તો કાપી નાંખ્યો તેની માસ્તર સાહેબને ફામ રહી નહીં. દરવાજે આવી પહોંચ્યો. ભાગોળની બજારમાં ધમાલ હતી અને નહીં હતી. નંદનપ્રસાદની નજર પડી ચોપડી વેચનાર ઉપર, ગયા તેની દુકાને ચોપડીઓ ઊથલાવવામાં કલાક ગાળ્યો. નાનાલાલ માસ્તરની ચંપાની વાર્તા, કેવડાની વાર્તા, હીરાની વાર્તા, માણેકની વાર્તા, એવી એવી ચોપડીઓ લીધી. ચાલ્યા ત્યાંથી પાછા વિચારના ઘોડા. " સાહિત્યસેવા નવરાનું કામ. અમારે માસ્તરોને ઓછી મગજમારી છે કે વળી સાહિત્યની મગજમારી કરીએ ? જોડણી સંભાળવી પડે નહીંતર " જાગતા જોધ ચર્ચાપત્રી " નરસિંહરાવ ખબર લેવા તત્પર જ છે. સંસ્કૃત શબ્દો બહુ વાપરીએ તો "સાહિત્ય"ના તંત્રી સખ્ત ઠપકો આપતાં ચૂકે એવા નથી. કવિતા લખીએ અને સંસ્કૃત કાવ્યશાસ્ત્ર પ્રમાણે તે નિર્દોષ ન હોય તો કમળાશંકર તેને નીરસ જોડકણું કહ્યાવિના છોડે એમ નથી અને તનસુખરામ તેમાંનું ' અનૌચિત્ય ' વિવેચી હેરાન કરવાના તે તો જૂદું. નવી ઢબની કવિતા હશે તો " ગુજરાતી " પત્રને ખૂંચશે અને જૂની ઢબની હશે તો રમણભાઇને એમાં રસ નહીં પડે. સંઘવી એમાં ધ્વનિ કે નીતિ અનીતિ શોધવા નીકળશે અને કેટલાંક માસિક તે છાપશે અને કેટલાંક નહીં છાપે. બંધન, બેડી, ત્રાસ, જ્યાં જુઓ ત્યાં, એક જમાનાની બુદ્ધિ તે સાચી બુદ્ધિ,

તેના જોહુકમ પ્રમાણે ચાલો. તમારી બુદ્ધિને ક્રીતદાસી રાખો, જરા ચીલો છોડયો કે સાહિત્યના પોલીસો બૂમાબૂમ કરી મૂકશે.

કવિતાના સ્વરૂપ માટે જેવી હાડમારી તેવીજ વિષય માટે. આજે બધાંને ટુંકાં કાવ્યો જોઇએ છીએ. લાંબાં કાવ્યો છાપવાની અનુકૂલતા માસિકોમાં નથી તેમ વાંચનારને ફુરસદ કે ધીરજ પણ નથી. ટુંકા કાવ્યો લખીએ તો પ્રો. ઠાકોર તેને લાગણીનો લલકાર કહી તુચ્છકારી કાઢે છે. ધીરા કે અખાની પેઠે વેદાંત પદ્યમાં લખીએ તો અંગ્રેજી ભણેલા તે નહીં વાંચે અને અંગ્રેજી નહીં ભણેલા કહે છે કે અમારે માટે અખો અને ધીરો બસ છે. હવે બીજાની જરૂર નથી.

બધા ગુજરાતીઓને એકદમ બહાદુર થવું છે. યાહોમ કરી કેસરીઆં કરવાં છે. ઇતિહાસમાં નામ અમર કરી જવું છે. વીરરસની કવિતા જોઇએ છીએ. અમે વીર નથી તો પછી વીરરસની કવિતા કયાંથી લખવી ? નથી પકડતાં આવડતી કટાર કે તલવાર કે બંદુક કે પિસ્તોલ. તોપનો ધડાકો સાંભળતાંજ શરીર થંડુંગાર થઇ જાય છે. જૈનોએ માંસાહાર તજાવ્યો છે. શિકાર કરવાનું નિષિદ્ધ ગણાવ્યું છે. અંગ્રેજી ભણતરે હોળીના તોફાનો જડમૂળ કહાડી નાંખ્યાં છે, અખાડા ઉજડ કર્યા છે. અમારી જાતનું રક્ષણ નથી કરી શકતા તો પછી બહાદૂરી બીજા માટે કયાંથી પ્રકટાવીએ ? અમારી વાણીઆમૂછ નીચી. બાપ થઇને નહીં પણ દીકરો થઇને ખાવાનું. ભૃગુ લાત મારે તો તેના પગ અમારે ચાંપવાના છે. સ્વતંત્રતા, સ્વાવલંબન, સામર્થ્ય બધું મૃગતૃષ્ણા છે. એ મેળવવા અમારે મથવાનું નથી. અમારા બાપદાદાના ગુલામ થઇ અમારે રહેવાનું છે. એમણે જે રીવાજ પાડયા છે તે મૂંગે

મ્હોંએ પાળવાના છે. ગુલામગિરિમાંથી છૂટવા પ્રયત્ન કરવો એ સંસારનું અપમાન કરવા જેવું છે, વડવાઓનો દ્રોહ કરવા જેવું છે.

આવું આવું છતાંએ અમારે વીરરસ જોઇએ છીએ. ઠીક. અંગ્રેજો અને હિંદીઓના યુદ્ધના પ્રસંગો લઇએ તો રાજદ્રોહી ગણાઇએ. હિંદુ મુસલમાનના લઇએ તો મુસલમાનો અને હિન્દુઓના રાષ્ટ્રીય ઐક્યમાં વિક્ષેપ આવે, ધર્મનાં ઝનુન જાગી ખૂનરેજી ચલાવી લોહીની નદી વહેવડાવે. હિન્દુ હિન્દુના પ્રસંગો લઈએ તો પ્રાંત પ્રાંત વચ્ચે વૈમનસ્ય થાય. પરદેશીઓના પ્રસંગો લઇએ તો પારકા ઇતિહાસમાં કોઇને રસ નહીં પડે; વિદેશી નામ, ભાવ, વિચિત્ર લાગે અને આકર્ષણ કરી નહીં શકે. આટલું આટલું છતાંએ વીરરસની કવિતા રચીએ છીએ. વિવેચકો તેને વિદ્યાર્થીઓના નિરંકુશ પ્રલાપ કહે છે. વખતે દાદાભાઇ જયંતીને દહાડે એમાંથી કોઇ ખંડ ગવાય છે. વખતે કોઇ નાટકવાળા એનું અવતરણ રંગભૂમિ પર કરે છે. વખતે લગ્નગાળામાં કે ગરબામાં કોઇ સુંદરી તે ગાઇ સાક્ષર કુટુમ્બ સાથેના સંબંધ પ્રકટ કરે છે. હાલરડાં તો હવે ગવાતાં બંધ થતાં જાય છે એટલે ઝોળીમાં વીરરસ બાળકને સાંભળવાની તક રહી નથી.

પણ અફસોસ એ છે કે લડાઇમાં જતી વખતે કે લડતી વખતે મરાઠા કે શીખ એ કવિતા સાંભળતા નથી. બધી મહેનત ધૂળધાણી થઇ જાય છે.

આખી ‘ સાક્ષર ’ આલમ સામી છે છતાં શૃંગારની કવિતા લખાય છે અને વંચાય છે. વધારામાં સુખ મ્હોટું એ છે કે આ બધા કવિઓની પત્નીઓ જુવાનીમાં સ્વર્ગે સંચરે છે. વિરહનાં કવન તેથી સારી રીતે રચી શકાય છે. બાકી આપણે માટે તો

એ પણ રસ્તો નથી. વહુ હોત તો તેને idealise કરી કાવ્યોનો ડુંગરો ઉભો કરત. છટ છટ, અસત્યનો આશ્રય કરવો. મૂળમાં ન હોય કાંઈ અને તેને idealise કરીએ પછી નીરસ જોડકણાં જ લખાય. જેના પરથી કવિતા રચીએ તેને તેમાં ગતાગમ નહીં; તેની ખબર પણ નહીં.

"પ્રેમ કર્યા વિના પરણવાનું. સંવનન નહીં પછી પ્રણય ગીતો કેવી રીતે ગવાય ? પરણ્યા પછી પ્રાપ્તિનો ઓડકાર–તલખ નહીં. પ્રણય નહીં પછી વિરહ શા ? અને મિલન શા ? કુંવારી 'યૌવના' ઓ પણ દેશમાં નહીં કે તેમનાથી મોહ પામી પ્રેમનું કવન કરીએ. પરણેલી સ્ત્રીઓની સાથે પ્રેમ થઇ શકે નહીં કારણ કે તે પાપ ગણાય. હવે પ્રેમ ક્યાં કરવો ? અને શૃંગારની કવિતા ક્યાંથી લખવી ? કલાપી રાજા હતો. એક પર બીજી પરણી શકતો હતો એટલે સ્નેહરાજ્ઞીના વિરહની કવિતા કરી શક્યો. પ્રેમ મેળવ્યા વિના–પ્રેમ મેળવવાના સાંસા હોવાથી અમારા સરસ્વતીચંદ્રો જીવન્મુક્ત- વાસનાહીન થઇ જાય છે; અમારા જયન્તો ' આત્મલગ્ન ' ની ઇન્દ્રજાળમાં લપાય છે. નીતિ, મર્યાદા, સંયમ, લાજ જયાં જોઇએ ત્યાં નડતાં ને નડતાં. મુસલમાન કે અંગ્રેજ જન્મ્યા હોત તો કંઇ કંઇ લાવણીઓ અને ગઝલો ઇશ્કની ગાત–બાયરન અને શેલેને પગલે ચાલત પણ, આ દાસત્વ, આ બંધન તો ન હોત. પાંખો કપાઇ તો નહી જાત. ફાવે ત્યાં ઉડી તો શકત. યા અલ્લા ! પરવરદિગાર ! ક્યારે તોડીશ બેડીઓ અને સાંકળો ? "

(૬)

માસ્તર સાહેબ ધૂનમાં ને ધૂનમાં ચાલ્યા જતા હતા. દારૂના પીઠાની દુર્ગંધથી વિચારમાં વિક્ષેપ પડયો. અંતરમાં વળેલાં ચક્ષુ

પાછાં બ્હાર જોવા લાગ્યાં. " વ્યસની હોત તોએ સુખી હોત, લ્હેર ઉડાવતા હોત. જેટલી વાર દારૂ પીધો તેટલી વાર સ્વર્ગના દેવ, પરમેશ્વરના એ પરમેશ્વર. કોણ જાણે ક્યાંથી નાનપણથી નીતિના સંગમાં ઉછર્યો ? ન પીવો દારૂ, ન પીવી ભાંગ, ન પીવી ચીરૂટ કે સિગાર, ન ખાવી તંબાકુ, ન સૂંઘવી તપખીર, ન ખાવું કોકીન, ન પીવું કોલન વૉટર, ન વાપરવી માજમ કે ન પીવો કસુંબો, ન ગગડાવવો હુક્કો. ઘોડાની ' રેસ ' માં જુગાર રમવા ન મળે પૈસા કે હિમ્મત. બિલીઅર્ડના જુગારખાનામાં જતાં થાય સંકોચ પછી ક્યાંથી હોય સ્વાસ્થ્ય, સ્ફુર્તિ, સ્વતંત્ર વિચારશક્તિ ? એમાંએ નીતિનું દાસત્વ. મગદૂર નહીં કે તોડાય એના કાયદાઓ.

અમારૂં વ્યસન વાંચવાનું. ચોપડીઓ વાંચીએ, વર્તમાનપત્રો વાંચોએ, માસિકો વાંચીએ, ઉઠતાં વાંચીએ, સૂતાં વાંચીએ, જાજરૂમાં વાંચીએ, ન્હાતાં વાંચીએ, ચાલતાં વાંચીએ, રજામાં મળવા જઇએ ત્યાં વાંચીએ, ફરવા જઇએ ત્યાં વાંચીએ, ટ્રેનમાં વાંચીએ, ટ્રામમાં વાંચીએ, મોટરમાં વાંચીએ, એરોપ્લેનમાં વાંચીએ; વાંચીએ નહીંતર નાટક જોઇએ. પણ આંખ માત્ર અમારો સોબતી; બધા લ્હાવો એનાથી માણવાનો. સંગીતમાં ગુજરાત એટલું બધું ઉસ્તાદ છે કે ન પૂછો વાત. સંગીતપ્રિય કર્ણ જ નહીં. એટલે એ બિચારો સ્વતંત્ર. દુકાળ ઓછા પડે છે કે ફૂલ થાય અને પરિમલથી ઘ્રાણેંદ્રિયને તૃપ્ત કરે ? " ઓટો મોહની, " હીરાનું કે ખસનું અત્તર, સેન્ટ કે અરગજા, ફુલની ખોટ પૂરવા ક્યાં તહેનાતમાં નથી ? અમારામાં સુગંધ નહિ, અમારા વસ્ત્રમાં નહીં, દેહમાં નહીં, ભૂમિમાં નહીં, વાતાવરણમાં નહીં એટલે સેન્ટ છાંટી પરિમલ ફેલાવીએ. હાય પરાધીનતા ! એમાં એ પાછું ' ટેસ્ટ ' પ્રમાણે. જે ' સોસાયટી ' માં ભમીએ તેના મીજાજ પ્રમાણે

સેન્ટ વાપરવું. એ નવી પરતંત્રતા. દુનીઆમાં સ્વતંત્રતાજ નથી; મુક્તિ નથી. ”

(૭)

એવામાં આવી પહોંચ્યું યુરોપીઅન જીમખાના. “ આ પોલીસ કોઈ દિવસ આપણને સલામ કરવાનો નહીં પણ આવવા દો ગોરી ચામડી. કયા પાપે કાળા જન્મ્યા ? રોજ સાંઝે ઑફીસમાં મડમ તેડવા આવત, જીમખાનામાં ટેનીસ રમત, બિલીઍર્ડ રમત, બૉલમાં નાચત, શિકારે જાત, જયાં જાત ત્યાં પહેલી હારમાં ખુરસી મેળવત, રેલ્વેના પ્લેટફોર્મપર વગર પાસે જાત, બધાની સલામો ઝીલત, અમલ ચલાવત, સલ્તનતનો બધો ભાર એક માથા ઉપર વહેત, રાજદ્રોહ શોધી કાડત, તુંદ મીજાજ રાખી સૌને ગાળો દેત, સ્થાનિક સ્વરાજય માટે હિંદીઓને નાલાયક ઠેરવત, મોટા મોટા દરબારો ભરી રૂઆબ બેસાડત, આ બધું થાત પણ એ દિન કયાં કે મીયાંના પાઉંમાં જૂતીઆ ?...મૅકોલે ! મૅકોલે ! તેં અંગ્રેજી વિદ્યા ન દાખલ કરી હોત તો અમે કેટલા સુખી હોત ? તમે પણ હતે. અમે અમારે પાણિનીનાં સૂત્રો, શાંકરભાષ્ય, ખંડનખાદ્ય, ચિત્સુખી, રઘુવંશ, શિશુપાલવધ, રસગંગાધર, અમરકોશ, ચરક, ભાગવત, મહાભારત, યોગદર્શન, માનવધર્મશાસ્ત્ર, વીરમિત્રોદય, અમરૂશતક, ભોજપ્રબન્ધ, કામન્દકીય નીતિ, ભર્તૃહરીનાં શતકો, બ્રહજ્જાતક, ગ્રહલાઘવ સાથે માથું કૂટયા કરત. સ્વરાજયની વાતો નહીં કરત, રાષ્ટ્રીય ભાવના કલ્પત નહીં. બાળલગ્ન અટકાવવાની, વિધવાવિવાહ કરવાની, નાતો તોડી એકાકાર કરવાની ચળવળ કરત નહીં. સ્વદેશીની હાકલો પાડત નહીં, ઈંગ્લંડ અને બીજા પરદેશોના માલ સામે જકાત નાંખવાની હિમાયત કરત નહીં, આફ્રિકામાં, ફિજીમાં, ગિયાનામાં,

કોલંબીઆમાં જેટલો જુલ્મ પડત તે સહેત-ન સહેવાત તો સમૂળગા નાશ પામત પણ "સત્યાગ્રહ" થી અમલદારોને પજવત તો નહીં."

(૮)

"આજે શું થયું છે મને? શો રોગ થયો છે? આ માસ્તરની જીંદગી તોબા છે. બી. એ એમ. એ. થઇ નાના પોટ્ટાઓને A. B. C. શીખવવી; હિન્દુસ્તાનનો ઇતિહાસ ગોખાવવો, ભૂગોળનાં નદીગામ નકશામાં બતાવવાં અને બજારમાં ખરીદી કરવા જાય ત્યાં ભાવ, માપ તોલના હિસાબ કરતાં ન આવડે એવી રીતે વ્યાજના, શેરના, રેલ્વેના દાખલા શીખવવા. રોજ પાંચ કલાક લેવાદેવા વિના માથું પકવવું. દશ વર્ષ વૈતરૂં કરીએ ત્યારે પાંચ કે દસનું પ્રમોશન મળે. રોજ બપોરનું વૈતરૂં ઓછું હોય તેમ સાંઝે ક્રીકેટ રમવા કે રમાડવા જવું, ડ્રીલ કરાવવી; સવારે ઘેર વળી એક્ષરસાઇઝો તપાસવી. ઉપરાંતમાં સમાજસેવાનું લફરૂં વળગ્યું હોય તે જૂદું. કયાંક ભાષણ કરવાનાં હોય, સાંભળવાનાં હોય, વ્યવસ્થાપક કમિટિમાં હાજર રહી વ્યવસ્થા કરવાની હોય, વર્તમાન પત્ર કે માસિકની ભેટની ચોપડી લખવાની હોય, ખાસ અંકને માટે લેખો લખવાના હોય, નાતના ચોપાનીઆ માટે વાર્તા લખવાની હોય, સનાતન ધર્મની કે સ્ત્રીશિક્ષણની કે સાહિત્ય પરિષદની પરીક્ષા લેવાની હોય, જે ન હોય તે ઓછું લડાઇના કારણોથી લોકોને વાકેફ કરવા ભાષણો કરવાનાં અને તરજૂમા કરવાના તે વળી જૂદું જ. લેડી વિલીંગ્ડનના ફંડ માટે કે બેલ્જીઅન બાળકો માટે ફંડ ઉઘરાવવાનું એમાં પાડ કોનો? "પ્રાઇઝ ડિસ્ટ્રિબ્યુશન" ના પ્રસંગ માટે "રેસિટેશન" તૈયાર કરવામાં અઠવાડીઆનાં અઠવાડીઆં ગાળવાં, હોલીકા સંમેલન, જુગાર

નિષેધક, નાતોની પરીષદ એ બધામાં ઘૂમવાનું, ભાષણો કરવાનાં એનાં દુઃખ વળી ક્યાં રોવાં?"

આટલું આટલું કરીએ તોએ અમારી ગણત્રી નહીં; અમને સુખ નહીં, વૈભવ નહીં, વિલાસ નહીં; પ્રતિષ્ઠા નહીં, કીર્તિ નહીં, માન નહીં, અકરામ નહીં; જીંદગીમાં મીઠાશ નહીં, હોંસ નહીં, ઉલટ નહીં, આગ્રહ નહીં, શ્રદ્ધા નહીં, પરોણો નહીં, અંકુશ નહીં, ઉત્તેજન નહીં, ઉલ્લાસ નહીં. હતાશા, કડવાશ, મુંઝવણ, યંત્રણા, સ્તબ્ધતા, પ્રવંચના, સભ્ય દોંગાઇ રેંસી નાંખે છે. જીવતા અમને શબ જેવા ફેરવે છે.

આમાં મારો તો પત્તાજ નથી ખાતો. Ennii ખાઇ જાય છે. Lotos eaters ના દ્વિપમાં જઇ વસવાની ઉમેદ શેખચલ્લીઓની ઉમેદ જેવી જન્મે છે તેવી જ નાશ પામે છે. Vanity છે. પ્રભુ! Vanitas Vanitatum.

આપઘાત કરી છૂટવામાં જ બહેતર છે. દેહનાં બન્ધન નહીં, સંસારનાં નહીં, દેશનાં નહીં, કાળનાં નહીં, રાજયનાં નહીં, સગાંનાં નહીં, વ્હાલાંનાં નહીં, જંજાળો નહીં, ઉપાધિ નહીં, આધિ નહીં, વ્યાધિ નહીં, આત્મા સંપૂર્ણ સ્વતંત્ર, છૂટો, મુક્ત. કોઇનું દાસત્વ તો નહીં જ. નરસિંહરાવ કહે છે કે આપઘાતી અસૂર્ય લોકમાં જાય છે. સારૂં, સૂર્યલોકોની બેરીઓ તો ત્યાં નથી એ ઓછું સુખ છે?

મારી મૃત્યુનોંધ કેવી લખાશે? નથી હું મહા કવિ, સેનાની, રાજ્યપુરુષ, ઉદ્યોગવાહક, વૈજ્ઞાનિક કે કલાવિશારદ. કોઇ નહીં લખે કે Ennii અને Vanity થી આપઘાત કર્યો? નોંધ જાતે તૈયાર કરી પછી મરવું. એ પણ જમાનાની તાસીર."

ખવાસણ.

"સ્વરાજ્ય માટે જ્યારે હાકલ વાગી રહી છે, ખેડુતો-ની સ્થિતિ સુધારવા પ્રયત્નો ચાલી રહ્યા છે, સ્ત્રીકેળવણી વધારવા ચળવળ ચાલી રહી છે, ગુજરાતનું ગૌરવ વધાર-વાનો પોપ ગાજી રહ્યો છે ત્યારે એક ખવાસણની મુંઝવણો સાંભળવા કોઇને ફુરસદ હશે ખરી ?"

"નાતોનાં ત્રિમાસિક નીકળે છે તેવું અમારૂં ચાકરનફરોનું ચોપાનીઉં નીકળતું હોત તો અમારી મુંઝવણો તેમાં પ્રગટ કરત. અમારી સ્થિતિનું કવન કરવા કોઇ કવિ તૈયાર હોત, નાટકમાં અમારો વૃત્તાંત વસ્તુ તરિકે ગૂંથવા નાટક કંપનીનો કોઇ "કવિ" તૈઆર હોત, અમારી 'ત્યાગમાળા' ની છબી પાડનાર કોઇ ભેદવાર હોત, અમને સુખી કરવા કોઇ સિન્દે કે જોશી હોત, અમારાં દુઃખ નિવારણ કરવા સી. આઇ. ડી. ની ખાસ પલટણ હોત, બાળકોનાં કે જાનવરોનાં રક્ષણ માટે જેવી મંડળીઓ છે એવી અમારે માટે મંડળીઓ હોત, અમારી તરફદારી કરનાર કોઇ લાભશંકર લક્ષ્મીશંકર હોત અમારા ઉદ્ધાર માટે મુક્તિફોજ પ્રયત્ન કરતી હોત, અમારો ખાસ પ્રતિનિધિ ધારાસભામાં વિરા-જતો હોત તો મારે જાતે મારી આપદાઓ પ્રકટ ન કરવી પડત."

"જન્મથી જ હું કમનસિબ છું. આમાંએ એવી જ નીવડી છું. પેલે ભવ કેવાં કેવાં ઘોર પાતક કર્યાં હશે તે આ ભવ આવા દુઃખમાં કહાડું છું. કોઇ શાસ્ત્રી, કોઇ પુરાણી, કોઇ સાધુ એ પાપો

બતાવશે? કે ફરીથી એવાં પાપ ન થાય તેની કાળજી તો રાખી શકું. મારે આવો ને આવો ભવ હવે નથી જોઇતો. ઓ મારા પ્રભુ! સાંભળીશ મારા હૈયાની ચીશ?"

"પણ વાંચનારા અધીરા થયા હશે. મારી વાતજ ચલાવું. મને તો અંગ્રેજી નથી આવડતું પણ ચિત્રો જોવાથી થોડી ઘણી હકીકત જાણું છું. એક સાહેબે પોતાના દેશી નોકરો વિષે પુસ્તક લખ્યું છે; તેમાં તેમની હાંસી કરી છે. હોય ભાઇ, નીચી ઓરડી શે ઉડે. પેલા સિંહ અને માણસની વાત. નોકરો ખરાબ અને શેઠ સારા. ગુજરાતી ભાષામાં કોઇ નોકરો તરફથી વકિલાત નહીં કરે? મારાથી કહેવાય તેવી મારીજ વાત કરવાદો. તેનીજ અસર થાય તો સોનાથી પીળું શું?"

"અમને ખવાસોને ઓળખતા હશો. રાજાના અમે વગર ખરીદાયલા ગુલામો. રાજકુંવરીની સાથે અમે પણ દાયજામાં જનારા. અમારે ન મળે વતન અશ્વત્થામાની પેઠે શાપિત હોઇએ તેમ અમે ભટકનારા છીએ. ન મળે અમારે કુટુંમ્બના પવિત્ર સંબંધો. ન મળે અમારામાં લોહીની શુદ્ધિ. રાજાઓ અમને પરણાવે છતાં પોતાની રખાયતો પણ બનાવે. અમારે છુટા છેડા કરવાની સદર પરવાનગી. અમારામાં બધી વર્ણોનો સમાસ થાય. મુસલમાન પણ અમારામાં રાજાના હુકમથી દાખલ થાય. રાજાઓ અમારાં કુટુમ્બો છિન્નભિન્ન કરે તેમ રાણીઓ પણ કરે. અમારા દિકરાઓ રાજા પણ થઇ બેસે."

"આવા લોકોમાં મારો જન્મ થયો હતો. ઘરનું સુખ અમારે નસિબે ઓછું હોય છે. ખવાસણો અનેક ઘર કરે એટલે બાપનું હેત અમે જાણતા નથી. માની છાયામાં અમારો ઉછેર. પેટ માટે

મા જયાં ચાકરી કરતી હોય ત્યાં અમારે પણ જવાનું. પેટીઊં આપે તેમાં થાય તેવું કામ કરવાનું અને માના શેઠનાં છોકરાંઓ સાથે તેઓ રમાડે ત્યાં–લગી રમવાનું. મા પરવારે ત્યાં લગી ઘેર જવાય નહીં. ઊંઘ આવે તો ગમે ત્યાં સૂવાનું પછી ત્હાડ હોય વરસાદ હોય કે રોગચાળો હોય. ભૂખ લાગે તોએ મ્હોં વિકાસી રહેવાનું અને પેટ પંપાળવાનું. ભૂખ ન હોય ત્યાર અક-રાતીઆની પેઠ ખાવાનું. નહાવા ધોવાનું તો માને ફુરસદ મળે ત્યારે. માંદી પડું તો કુદરતની દવાથી સારા થવાનું. શેઠનાં છોકરાંનાં જેવાં લુગડાં પહેરવાના કે તેમનાં રમકડાંથી રમવાના કે તેઓ ખાતા હોય તે ખાવાનું ખાવાના કોડ મનમાંજ રાખવાના. આવી હશે ગુલામગિરિ બીજે કયાં?"

"મહોટી થવા લાગી. હતી હું દેખાવડી. ગમે ત્યારે મળે છતાં શેઠને ત્યાંનું ભોજન! અમારા ગરીબોના છાસ રોટલાથી તો ચડીઆતું. શેઠને ત્યાં બંગલામાં રહેવાનું. સૂવા ફાટી ગોદડી કે ઓટલાપરનો ખૂણો હોય તોએ ખુલ્લી હવામાં રહેવાનું એટલે રૂપ ખીલે અને બધાની આંખને વળગે એ ખરૂં."

"પ્રભુ! તારા વિશ્વમાં અમારા જેવી કોઇની આબરૂ નહીં હશે. અમારામાં કોઇથી સતી થવાય નહીં એવો શું મનુમહારાજે કાયદો કર્યો છે? અમારી ઇચ્છા સતી રહેવાની હોય છતાં દુની-આ અમને તેવી ન રહેવા દે એ પણ અમારી ગુલામગિરિ. મારે વાસ્તે ઘણા ઘણા મનસુબા કરતા. શેઠ ઘડે તે જૂદા, શેઠના દિકરા કે ભાણેજ–શેડાણીના ભાઈ ઘડે તે જૂદા. અમારે ત્યાં આવતા મહેમાનો ઘડે તે જૂદા અને અમારો નોકરવર્ગ ઘડે તે જૂદા. બળયું એ રૂપ, બળી એ ખીલતી જુવાની, બળી એ શેઠની નોકરી.

શેરીમાં ઉછરતી પેલી બ્રાહ્મની ટપુડી કેવી ભાગ્યશાળી છે! છે એને આવા સંતાપ? એનું વેશવાળે થઇ ગયું છે અને વર્ષ બે વર્ષમાં પરણી સાસરે જશે. પણ મારે ક્યાં સાસરે જવાનું હતું? જે વહીતરૂં કરવામાં માએ આવરદા ગૂમાવ્યું તેમાંજ દીકરીને પડવાનું હતું. પરણીને પારકે પરદેશ ચાલી ન જાઉં માટે એક પટાવાળા સાથે મને પરણાવવાનું નક્કી થયું હતું. એવામાં અમારી નાતના એક બારિસ્ટરની બાયડી મરી ગઇ. તેને જોઈતીતી રૂપાળી બાયડી. મારૂં માગું આવ્યું. ત્રણસેં ચારસેં રૂપીઆ મારી માને આપવા તૈયાર થયો. હું હરખાઇ, મારી મા હરખાઈ. પણ શેઠાણીએ ઘસીને ના પાડી અને તેનું બીજે ચોકઠું બેસાડી આપ્યું. બીડેલું નસિબ તે ક્યાંથી ખુલ્લે? ટુંકું કર્મ ટુંકું રહેવાજ સરજેલું. ગયે જન્મ બીજાને ઠાર્યા હોય તોજ આ ભવમાં ઠરીએને?"

"જેની સાથે બેલા બંધાવાનાં હતાં તેની સાથે ફેરા ફરી. તેનું ઘર માંડવા શેઠાણીએ સુગમતા કરી આપી. પણ ત્યાંએ ક્યાં સુખ હતું? ધણી દારૂડીઓ હતો. કમાતો તે બધું પીઠામાં ઉરાડતો. મહિનો પુરો ન થાય તે પહેલાં તો તેનો ટુંકો પગાર ખરચાઇ જતો. ખાવાને દિવસોના દિવસ સાંસાં પડતાં. શ્રીમંતોને ત્યાં ઉછરેલી એટલે મને પથરો તાણવાનું આળસ. બીડી વાળતાં કે ચોપડીના ફરમા વાળતાં કે ટોપી ભરતાં આવડતું નહોતું. ઘર વહીતરામાંથી માણમાણ છૂટી હતી એટલે પાછું તે કરી સાલ્લા-કાપડા માટે બે ત્રણ રૂપીઆ કમાવાની પણ દાનત ન્હોતી. સાથે રૂપની પણ ચિંતા હતી. કોઇ અમલદારની નજરે તે પડયું તો પછી જોઇ લ્યો મ્હારી કમબખ્તી."

“ સુખેદુઃખે બે ત્રણ વર્ષ કહાડયાં. મારો સંસાર મારી માને ગમ્યો નહીં. તેણે છુટાછેડા કરાવ્યા પછી સારૂં ઠેકાણું જોઇ મને તેના ઘરમાં બેસાડી. પૂર્વ ભવમાં કાંઇ સુકૃત્ય કરેલાં, બ્રાહ્મણ જમાડેલા, મંદિરે દીવો ડોખલો કરેલો, વ્રતઉપવાસ કરેલા તે ત્રણ ચાર વર્ષ સુખમાં, નિરાંતમાં ગયાં. પણ પાછું ભાગ્યનું ચક્ર ફર્યું. ભાયડો કોઇના ફંદામાં ફસાયો. બધી કમાણી ત્યાં ખરચવા લાગ્યો. મારે નકોરડા અપવાસ કરવા પડયા. હું મરવા જેવી થઇ ગઇ. મરી હોત તો સારૂં પણ હજૂ શું શું વેઠવાનું હશે. કર્યાં કર્મ ભોગવ્યા વિના છે કાંઇ આરો ? ’,

“ આ દુખઃદ સ્થિતિમાં હતી તેવામાં મારી માનાં શેઠાણી અચાનક મારે ગામ આવી ચડયાં. મારી ખબર કહડાવી તો ભૂખમરાની દશા જોઇ. રહેમ લાવી મને પોતાને ત્યાં રાખી. મારો ટેક બધો ગળી ગયો, શેખચલ્લીશાઈ સંકલ્પો ઉડી ગયા. મારી માની માફક હું પણ, જેને વહીતરૂં ગણતી હતી તે, કામકાજ કરવા લાગી. દુનીઆ પોતાની જુવાનીનો લાવો માણે ત્યારે આ દુહાગણ ખવાસણ પારકાંના વહીતરામાં પોતાનું શરીર રોકતી હતી. પાંજરામાં પુરાએલા પંખીની જેમ રહેતી હતી. આજથી માણસપણાને તિલાંજલી આપી દેવા માંડી હતી. ચોવીસે કલાક ખડે પગે ચાકરી કરવાની હતી. અમારો મોટરવાળો ઘણીવાર કહે છે કે હિન્દુઓ કરતાં સાહેબોની નોકરી સારી. બધું વરધીસર નીમસર કામ. હિન્દુઓમાં તો કશો નિયમ જ નહીં. મનમાં તરંગ ઉઠયો ત્યારે કામ. બાકી સવારથી દિવસનું કશું નક્કી જ નહીં. નક્કી હોય તો અમારે ચોવીસે કલાક કામ શા માટે કરવું પડે ? નિરાંતે નિદ્રા મસાણમાં લેવાનું મુલતવી રાખ્યું હતું. આરામ,

વિનોદ, મઝાની આશા આવતા ભવ પર રાખી હતી. ચાકરી એકનો ન્હોતી કરવાની. પણ અનેકની. શેઠાણીની; શેઠની, શેઠાણીના દિકરાઓની, દિકરાની વહુઓની, શેઠાણીની દેરાણી જેઠાણીની, કાકી મામીની, બેન ભોજાઇની, મેમાનોની, વડારણોની. કોની ન્હોતી કરવાની ? સૌ દિલ્હીના બાદશાહ. મ્હોંમાંથી બોલ પડયો કે તરત કામ થવું જોઇએ. "સ્વીચ" પાડયો કે વિજળીની બત્તી થાય, પણ ઘાસલેટનો દીવો સળગાવતાં કેટલી બધી વાર લાગે ? "હેન્ડલ" ફેરવ્યો કે મોટર ચાલી પણ ઘોડાગાડી જોડી હાંકતાં કેટલી બધી વાર લાગે ? સંચાઓ જે કામ સપાટામાં કરી આપે તે માણસે એથી પણ વધારે ઝડપથી કરવું જોઇએ એવું ધારવામાં શેઠાઈ છે. હુકમ કરનારાં અસંખ્ય અને કામ કરનારી હું એકલી. ભૂલ કહાડવા સૌ તૈયાર પણ મદદ કરવા કે આસાયેશ આપવા કોઇ નહીં. બધાના મીજાજ જૂદા, રૉફ ઓર જે આવે તે મને ધુંદતું જ આવે; શેઠાણી પાસે મિનિટે મિનિટે મારે માટે ફરીયાદો થાય અને મારે હંમેશ ઠપકો સાંભળી રોવું પડે. રોઇ રોઈ કીકીઓ કાણી ન થઇ એટલું વળી પરમેશ્વરે મારા ગરીબ સામું જોયું છે. શરીર ઘસીને સૌનું કામ કરૂં. સૌની તહેનાતમાં હાજર હરઘડીએ રહું છતાં કદર નહીં. આટલું આટલું કર્યાં છતાં દિવસ ઉગે ત્યાથી મધરાત લગી હડહડે થવું પડે, મેણાંકાળજું વિંધી નાખે એવાં મેણાં સાંભળવાં પડે તો ઓછું આવે. કામ કરતાં જરા પણ મ્હોં પડી ગએલું જણાય કે વરસે ઠપકાનો વરસાદ. નોકર ઠરી એટલે દિલમાં દાવાનળ ભડભડતો હોય પણ મુખ ઉપર તો પ્રસન્નતા જ રાખવી જોઇએ. રખેને શેઠની લક્ષ્મી રીસાઈ જાય. માટે સેજ પણ ખિન્ન થવાનો અધિકાર નહીં, ઋષિઓ ગમે તેવું તપ

કરતા હતા પણ આવો સંયમ એમને પાળવાનો ન્હોતો. તેઓનાં કામ અને ક્રોધ તપ છતાં પ્રજવલિત રહેતો પણ અમારે તો અમારી બધી જવાળાઓ હોલવી નાંખવાની હતી. અમારી દુર્દશાની તે કાંઇ અવધિ હતી? પ્રભુએ માણસના મન જેવું ચંચળે કાંઇ બનાવ્યું નથી. મારે એવાં સત્તરપંદર ચંચળ મનની તબીયત સાચવવાની હતી. તેમાં અમારાં નાનાં બેનસાહેબથી તો તોબાહ પરમેશ્વર. એમને જરામાં વાંકુ પડતાં વાર નહીં. દૂધમાંથી પોરા કહાડવામાં એમનો પહેલો નંબર. કોઇનું વાટવામાંએમની આવડત અજબ. દિલમાં રહેમ કે દયા મળે જ નહીં. માત્ર વહીતરૂં કરવું એ. જાણે ઓછો સંતાપ હોય તેમ આટલું આટલું કર્યા છતાં કોઇનો વિશ્વાસ નહીં. ઘરમાં કાંઇ પણ વસ્તુ ન જડે કે તરત જ અમારાપર વહેમ આવ્યો જ છે. અમારી પછવાડે જાસુસો ફરતાં હોય. એકલી ક્યાંય ન ધીરે તે તો જાણે સમજ્યા. પણ શેઠાણીના જાસુસ જૂદા, ભાભીસાહેબના જૂદા, મામીસાહેબના જૂદા, કોના ગણાવું અને કોના ન ગણાવું? પ્રભુ! અમે નોકરો તે માણસો જ નહીં. મારી આગળ બધાંના લક્ષણ અપલક્ષણ ચોખ્ખાં જણાતાં. જગત્ આગળ ગમે તેટલું છુપાવે, પણ મારી પાસે કાંઇ છાનું રહેતું ન્હોતું. જગત્‌ને ગમે તેમ છેતરે પણ મને છેતરાય એમ ન્હોતું. હશે પ્રભુ! સૌનું કર્યું સૌ ભોગવશે.”

“શેઠાની જાસુસીથી વધારે જાસુસી તો અમારા નોકરોની મને વધારે સાલતી. અમારાં શેઠાણી હતાં કાનનાં કાચાં. નોકરમાત્રને એમના માનીતા થવાનો અભખરો હતો. એક બીજાનું કાપ્યાવિના માનીતા ન થવાય એ એમનો સિદ્ધાંત હતો. એથી કેટલું જુઠાણું ચાલતું. કેટલી ખટપટો ચાલતી. કેટલાનાં સુખ નાશ

પામતાં પણ સ્વાર્થના કીડાઓને છે દરકાર કશાની ? જો શેઠાણી પાસે કામકાજ કરવા હું એકલી પડી ગઇ તો તરત જ બીજી વડારણ ત્યાં ગમે તે બ્હાને આવવાની. રખેને હું શેઠાણીના કાન ભંભેરી તેનો પગ ટાળું."

" શેઠાણીના માનીતા થવામાં જાણે સ્વર્ગનું રાજ્ય મળી જવાનું હોય ને ? શેઠાણી બહુજ કુરબાન થાય ત્યારે એક બે કપડાં સીવડાવી આપે અથવા પોતાના એક બે સાલ્લા ઘાઘરા પ્હેરવા આપે. બહુ થાય તો ઠોળીઆં કરાવી આપે. પણ સૂવાની, બેસવાની, નહાવાની અલાહિદી મલાજવાડી તજવીજ થોડી જ કરી આપવાનાં હતાં ? ટાઢું, સડેલું, હલકું ખાવાનું તો કોઇ દિવસ થોડું જ ઓછું કરવાનાં હતાં ? લીલો કે સૂકો મેવો સડી જાય, મીઠાઇ ગંધાઇ જાય, ફરસાન ફુગાઇ જાય ત્યારે અમને ખાવા અપાય, જાણે પરમેશ્વરે અમારાં અને એમનાં શરીર જૂદાં ઘડયાં હોય ! એ માંદા પડે અને અમે ન પડીએ ! માંદા પડીએ ત્યારે ચાકરી પાછી દિલ દઈને કરે ખરાંને ? ઘોડો માંદો પડયો હોય ત્યારે તેની જેટલી સારવાર અને કાળજી રખાય તેવી અમારાં નોકરોની કોણ રાખે છે ? એક નોકર જશે તો બીજો આવશે પણ એક ઘોડો મરશે તો રૂપીઆ હઝારનું નુકશાન થવાનું. આના કરતાં તો ગુલામગિરિ સારી. ગુલામની કિમ્મત આપી હોય એટલે પોતાના પૈસાની ચિંતા તો હોય. અને માંદા પડીએ તે પણ મ્હોટો ફોઝદારી ગુન્હો કર્યો એમ લેખાય. શરૂઆતમાં ઢોંગ કર્યો છે એમ જ ગણાય. અમારા અવગુણો હરેક રીતે ગવાય, આખો દિવસ મહેનત કરીએ એટલે શરીર પોષણ માગે. સ્વાભાવિક રીતે વધારે ખાઇએ એટલે મંદવાડ વખતે અમારે

ખોરાક વગોવાય. કામકાજની આપદા પડે તો ચાંપીને દવા થાય. જરા હરતાં ફરતાં થયાં કે તરત જ કામપર ચડવું જોઇએ. આરામ, આસાયેશને માટે અમે સરજાયેલાં નથી. શરીર કહ્યું ન કરતું હોય, દાંતે દોરડી લઇ કામ કરવું પડતું હોય તો રજા માગીએ. પાછો થાય કચવાટ. પ્રસન્ન મને રજા કોણ આપે છે? હે અંગ્રેજ સરકાર! તમે સૌને રવિવારની રજા આપો છો, ઉનાળામાં બબ્બે મહિનાની રજા આપો છો, બીજા વાર તહેવારે રજા આપો છો, બજારમાં પણ અમાસની પાખી પળાય છે, મીલોમાં પણ રજા હોય છે. પટાવાળાને પણ વારાફરતી પ્હેરો ભરવાનું હોય છે. શેઠ કામ કરવા ત્રણ ચાર કલાક લાગલાગટ બેઠા હોય ત્યાં તો શેઠાણી દોડાદોડ કરી મૂકે અને તબીઅત બગડશે તબીયત બગડશે કરી ધમાલ મચાવી મૂકે. પણ અમને રજા નહીં, દિવસમાં આરામ નહીં, પણ શરીરના સ્વાસ્થ્ય માટે પણ, રજા નહીં. કારખાનાઓમાં કામ કરતાં મજુરો માટે સરકાર કાયદા ઘડે છે પણ અમારે માટે કયારે ઘડશે?"

"ન છૂટકે રજા મળી તો રજાપર રહીએ તેટલા દિવસનો પગાર કપાય. ચાકરીમાં અમારાં શરીર, મન અને આત્મા ઘસી નાંખીએ છતાં જુઓ બદલો. લક્ષાધિપતિઓ પોતાના મોઝ શોખમાં હજારો રૂપીઆ ઉડાવે પણ અમારા ગરીબની કકળતી આંતરડી નહીં ઠારે. જયાં અમારા શરીર માટે આવી દરકાર તો પછી અમારા મનનો વિકાસ કરવા કે આત્મા ખોલવા તો શેની જ દરકાર હોય. પારસમણિના સમાગમમાં આવવાથી લોહ સુવર્ણ થાય છે. પ્રભુની ભકિત કરવાથી ગમે તેવો પાપી સ્વર્ગે સંચરે છે પણ શેઠીઆઓની નોકરી કરવાથી અમારો ભવ સુધરતો નથી. બગડે નહીં—અમારાં પૂર્વ ભવનાં સુકૃત્ય હોય તો".

"કામની તાલિમ કોઇ આપે નહીં છતાં બધી જાતની આવડતની અપેક્ષા રખાય. વિલાયતના નોકરોની પ્રશંસા અવાનવાર કરવામાં આવે અને અમારા કામમાંથી પોરા કહડાય. વિલાયતના જઈ આવેલા પાસેથી ત્યાંના નોકરોવિશેની વાતો સાંભળી હું તો દંગ જ ગઇ થઈ હું. જેવી તેમની આવડત, હુશીઆરી, ખબરદારી અને નિયમિતતા તેવી જ તેમની સ્વતંત્રતા, તેટલી જ તેમને માટે સુખ, આસાયેશ, મોઝની સગવડ અને અનુકૂળતા. વખતસર કામ કરવું અને પછી કોઇના તાબેદાર નહી. સેવા કરવામાં જેટલી ત્યાંની ચાકરડીઓ નિપુણ તેટલી જ પોતાના હક જાળવવામાં પાવરધી અને ખબરદાર. તેમને ધર્મપરાયણ કરવા ખ્રિસ્તી ધર્મોનુયાયીઓ તરફથી જૂદી જૂદી રીતે કરાતી તજવીજો. કયાં મંદિરે જવાના કે કથા સાંભળવા જવાનાઆંહિના પ્રતિબંધ? પ્રતિબંધ અલબત ચોખ્ખા પ્રતિબંધ નહીં પણ કામમાંથી પરવાર મળે ત્યારે જ દેહનું સાર્થક કરાયને? વ્રત અપવાસ પણ ન થાય. શરીર એથી અશકત થાય તો વહી તરૂં પછી શી રીતે કરાય ? દાન પણ કયાંથી કરવું? અમારા પગાર પાછા બહુ મેહોટા કે તેમાંથી અમે પુણ્ય વ્હોરી શકીએ. રોજ ચહા પીવામાં કે તાર કરવામાં જેટલા રૂપીઆ આ શેઠીઆઓ વાપરે છે એથી પણ ઓછું અમારૂં માસિક વેતન. દયા કોના પરત્વે બતાવીએ? અમે પોતે જ જયાં દયાને પાત્ર છીએ ત્યાં?

"પ્રભુ! અમે નોકરો એટલે મનુષ્ય નહીં ? અમને આત્મા નથી? અમને મોક્ષ માટે વાંછનાં ન હોવી જોઇએ? અમને જગત્નો લ્હાવો માણવા હોંસ ન હોવી જોઇએ? અમારે શું પશુ જેવો જન્મારો કહાડવાનો? અમને શા માટે વૈભવમાં મૂકી તેના સુખથી વંચિતે રાખતો હઇશ?"

તોળલ અથવા તોળીરાણી.

(કલાપીનો " જેસળ અને તોળલ " વાળો સંવાદ વાંચવામાં આવ્યો ત્યારથીજ તોળલ વિશે જીજ્ઞાસા ઉત્પન્ન થઇ હતી અને તે તૃપ્ત કરવા મ્હારા કાઠીઆવાડી મિત્રો સમર્થ નીવડયા ન્હોતા. **વિભાવરી સ્વપ્ન, સ્વરૂપ પુષ્પાંજલિ, કલાપીનો વિરહ** આદિ કાવ્યોના કર્તા મહુવાના મસ્ત કવિ અને રાજવી કલાપીના મિત્ર ત્રિભુવન પ્રેમશંકર ત્રિવેદી પ્રો. ગજ્જરના દર્શનાર્થે મુંબાઇ આવેલા ત્યારે એમની મુલાકાત થઈ. એ પ્રસંગે તોળલ વિશે વાત કહાડતાં એમણે અદ્‌ભુત રસથી ભરેલા એ ભક્તાણીની જીવન કથાના કેટલાક પ્રસંગો કહ્યા. ત્યાર પછી બે ત્રણ ભજન સંગ્રહો મ્હારા વાંચવામાં આવ્યા. આ સંગ્રહોમાં તોળી રાણીનાં ભજનો ઉપરાંત એના વિશે લખાયલાં ભજનો હતાં. મસ્ત કવિએ વર્ણવેલા ઘણા ખરા પ્રસંગો વિશે ઉલ્લેખ આ બધાં ભજનોમાંથી મળ્યો છતાં વિશેષ અને ચોક્કસ જાણવાની ઈચ્છાથી **ગુજરાતી** પત્રમાં જેસળ અને તોળલના જીવન વિશે પ્રશ્નાવલિભર્યું ચર્ચાપત્ર લખ્યું પણ એ પ્રશ્નો આજ દિન લગી અનુત્તર રહ્યા. આ પરથી મ્હારા જાણવામાં આવેલી હકીકત પ્રગટ કરી વિશેષ શોધખોળ તરફ લક્ષ ખેંચવા વૃત્તિ થઇ છે.)

[ગયે વર્ષે **ગુજરાતી**ના દિવાળીના અંકમાં એક લેખકે તોળીરાણીનાં ભજનો છપાવ્યાં છે અને ભક્તાણીના જીવન વિશે કાંઇ જાણવામાં ન હોવાથી અફસોસ કર્યો છે.] કાઠીઆવાડની એક નાટક કંપની જામનગર રાજકોટમાં જેસલ તોળલનો ખેલ કરતી

હતી તે જોવા જનાર એક મિત્ર પાસેથી નાટકનાં ગાયન અને સારની ચોપડી મળી. મસ્તકવિએ વર્ણવેલા પ્રસંગો ઉપરાંત નાટકમાં ઘણા નવા પ્રસંગો હતા. પણ આ પ્રસંગો પરંપરાગત હતા કે નાટકના સંવિધાને ઉપજાવ્યા હતા તેનો ખુલાસો મેળવી શકાયો નથી. મ્હારી શોધ ખોળ ચાલતી હતી તે દરમ્યાન મસ્તકવિના કનીયસ ભ્રાતા, **શિવાજી અને ઝેબુન્નિસાના** કર્તા અને કાઠીઆવાડના કંઠસ્થ અદ્ભુત સાહિત્યનો સંગ્રહ કરનાર હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીનો સમાગમ થયો. પોતાના સંગ્રહમાંથી એમણે માર્ગીપંથની ત્રણ ભક્તાણીઓ–તોળલ, રૂપાંદે અને લીલમબાઈનાં ભજનો પ્રસિદ્ધિ માટે મ્હારે સ્વાધીન કર્યાં.

તોળીરાણી માર્ગીપંથની ભક્તાણી છે. આ પંથ કાઠીઆવાડમાં સારી રીતે જૂના વખતથી પ્રચલિત છે. જે જે હિન્દુ નાતો મુસલમાન પાદરીઓના ઉપદેશથી ઇસ્લામ સ્વીકારી ખોજા કોમ બની છે તે તે નાતો માર્ગીપંથી હતી એવું ખોજાઓમાં હજૂ લગી રહેલા કેટલાક રીવાજો પરથી પ્રતીત થાય છે. મર્હુમ સચેદીના નાનજીઆણી કૃત ખોજાઓના વૃત્તાંતમાં તેમજ ખોજાઓ વિશે છપાયલાં બીજાં પુસ્તકોમાં આ હકીકત સ્પષ્ટતઃ વર્ણવેલી છે. એ પંથનું મ્હોટું મંદીર વઢવાણ પાસે દૂધરેજમાં છે, તેમ કાઠીઆવાડનાં ઘણાં ન્હાનાં મ્હોટાં ગામોમાં એનાં મંદીર અને ભક્તો છે. એ સંપ્રદાયનાં ભજનો ગાનારાં બાવાઓ અને રામકીઓની મંડળી કાઠીઆવાડમાં પ્રવાસ કરનારાઓએ જોઇ હશે. વર્ષમાં અમુક અમુક તહેવારે અમુક અમુક સ્થળે એ પંથના ભક્તોનો મેળો ભરાય છે ત્યારે ભજનોની રમઝટ જબરી ચાલે છે અને ભક્તિમાં ગળી ગએલા ઘણા ભક્તો ત્યાં આવે છે. આપણાં પ્રાચી-

ન જીવનનું આ સ્વરૂપ જોવા હું ભાગ્યશાળી નથી થયો એટલે વિસ્તારથી તેનું આલેખન કરી શકતો નથી.

પોતાના પંથમાં તોળીરાણીની પ્રતિષ્ઠા ઉંચી છે. આદ્યશક્તિનો તે અવતાર લેખાય છે. તેનો જન્મ અદ્ભુત રીતે થએલો મનાય છે. કાઠી કુળમાં તે ઉછરી હતી. ઉમ્મરે આવતાં તેનાં લગ્ન સાસટીઆ કાઠી સાથે થયાં હતાં. દંતકથા એવી છે કે દેવી હોવાથી માનવી સાથે તેણે સંસાર ન્હોતો માંડયો. પોતાના પ્રભાવથી પોતાના વાસ્તવ સ્વરૂપની સાસટીઆને પીછાન કરાવી તેને પોતાને અનુકૂળ કર્યો હતો. માર્ગીપંથમાં એનો પ્રવેશ શાથી થયો? એના માબાપથી કે પતિથી! એનો ગુરૂ કોણ હતો?

પોતાના સંપ્રદાયમાં તોળલ એટલી બધી ગળી ગઇ હતી કે હમ્મેશ સાસટીઆને ત્યાં ભજન થતાં અને વરવહુ પૂરી મસ્તીથી તેમાં રમઝટ બોલાવતાં. સાસટીઓ પણ તોળલના સહવાસે ભગત બની ગયો હતો. ભજન સંગ્રહોમાં એનાં બનાવેલાં ભજનો છે.

કચ્છના અંજાર નગરમાં જેસળ નામનો જાડેજો રહેતો હતો. ભાઇઓ ભાઇને તકરાર થવાથી અથવા ગરાસ ન હોવાથી તે લુટવાને ધંધો કરતો. 'જેસળ જગનો ચોરટો' એવું વચન ભજનોમાં છે. 'લુંટી કુંવારી જાન, મોડબંધા વર માર્યો, પાણીઆરીની હારો લુંટી' વગેરે વગેરે આ લુંટારાનાં ત્રાસ દાયક પરાક્રમો (?) હતાં. કહેવાય છે કે એના જુલમથી હેરાન થયલા વટેમાર્ગુએ એને મ્હેણું માર્યું. "અશક્ત, નિરાધાર વટેમાર્ગુઓને લુંટી શું મ્હોટું પરાક્રમ કરે છે? સાસટીઆ કાઠીની તોળલ ઘોડી લાવે ત્યારે ખરો." વજ્રપાત થયો હોય તેમ જેસળ ચમકયો

અને વટેમાર્ગુઓને કનડવાનું તજી તોળલ લેવા કાઠીઆવાડને કીનારે ઉતર્યો.

ઘોડાં ઉછેરવામાં કુશળ કાઠીઓની પોતાના જાનવર પરની મમતા મશહુર છે, માથું જાય, ઘરબાર પાયમાલ થઇ જાય પણ કાઠી પોતાની ઘોડી કોઇને આપે નહિ. એ એનો સાસ ને પ્રાણ છે, '**કાઠીઆવાડના બ્હારવટીયા**' નામના પુસ્તકમાં મી. કીનકેડે ઘોડા વિશેના દુહાનું ઈંગ્લીશ ભાષાંતર આપ્યું છે તે પરથી એ વ્હાલ અને મમતાનો અનુભવ થશે.

લુટારા જેસળે ઘોડી ચોરી લેવાનો સંકલ્પ કર્યો. કાઠીને ગામ ગયો ત્યારે ખબર પડી કે ભજન મંડળી જામી છે. ગેક તારાની ધુન લાગી રહેલી અને તોળલ તથા સાસટીયાની સાથે ભક્તમંડળ ભજન ગાવામાં તલ્લીન થયલું. શ્રોતાઓ પણ ભજન સાથે એકતાન થઇ ચિત્રવત્ બેઠલા હતા. પાપી ચોરપર આ ભજનોની જરાએ અસર થઇ નહિ. ઉલટું પોતાનું કામ કાઢી લેવાની સંધી ઠીક હાથ આવી છે એમ માની વંડી ઠેકી ઘોડી બાંધી હતી ત્યાં ગયો અને દોરડું છોડતાં અગાઉ તેને પંપાળવા લાગ્યો. પણ વફાદાર ઘોડી ચેતી ગઇ. પોતાના માલીકને ચોરની હાજરી જણાવવા ખુંખારી તોફાન કરવા લાગી. તોફાન કરતાં ખીલો નીકળી ગયો. આથી જેસળ ગભરાયો; કારણ કે ઘોડીના તોફાનથી ભજનમાં પણ ભંગ પડયો હતો અને સાસટીઓ તોફાનનું કારણ તપાસવા ઉભો હતો. પકડાઈ જવાની દેહેશતે જેસળ ખડના ભારમાં સંતાઇ ગયો. સાસટીએ બ્હાર આવી જોયું તો કોઇ જણાયું નહિ પણ ઘોડી છૂટી ગએલી લાગી. ઉખડી ગએલો ખીલો મજબૂત દાટવા ખડની અંદર ખોડ્યો. આ સ્થળે

જેસળની હથેળી હતી અને તે સોંસરો ખીલો જમીનમાં દાટયો. હથેળી સોંસરો ખીલો જવાથી થએલી વેદના થઈજ ન હોય એવો જેસળ ખમીર થઇ સંતાઇ રહ્યો અને ભજનમાં લીન થએલાને પણ હથેળીને લીધે વધારે જોર કરવું પડયું કે ઘાસ લોહીઆળ થયું તેની ખબર પડી નહિં. કામથી પરવારી પાછો ભજનમાં સામીલ થઇ ગયો. ઘોડી અત્યારે હાથ આવે એમ નથી એવું જોઈ રાહ જોતો વેદના ખમતો જેસળ ઘાસમાંજ લપાઇ રહ્યો.

ભજન પૂરૂં થયું. આરતી થઇ. પ્રસાદ વ્હેંચાવા લાગ્યો. આખરે તોળી : થાળીમાં એક માણસને માટે પ્રસાદ વધ્યો.

"બધા ભગતોને પ્રસાદ વ્હેંચ્યા છતાં વધ્યો કેમ? આટલામાં કોઇ હોવું જોઇએ." તોળલ બોલી.

"ચાલો આપણે દીવો લઇ બ્હાર શોધીએ" સાસટીઆએ કહ્યું.

તપાસ કરતાં ખડમાંથી લોહીની નીક વ્હેતી લાગી એટલે ખડ ખસેડતાં છૂપાઇ રહેલો જેસળ જણાયો. તેની હથેળીમાંથી ખુંટો કહાડી તેને બ્હાર આણ્યો. તોળલે પાણીથી તેની હથેળી ધોઈ પછેડો ફાડી લાંબા ચીરાથી પાટો બાંધ્યો અને પ્રસાદ આરોગવા દીધો. લોહી જવાથી અધમુવો થયલો જાડેજો સારવારથી તાજો થયો એટલે સાસટીએ પૂછ્યું, "ભાઇ તમે કયાંથી આવ્યા છો? અને ખડમાં કેમ સંતાઇ રહ્યા હતા?

આગતા સ્વાગતાથી નરમ થયેલો નિર્ઘૃણ લુંટારો અવનવાજ અનુભવમાં ઉતરી ગયો હતો. મનુષ્યની નૈસર્ગિક સાધુતા એનામાં જાગૃત થઇ હતી એટલે પોતાના આગમનનું પ્રયોજન અને વંડીની

અંદર બનેલો બનાવ વગર સંકોચે કહી દીધાં. આ સાંભળી ઉદાર અને મહાનુભાવ તોળલે ઘોડી આપી દેવાનું પોતાના સ્વામીને કહ્યું. સાસટીઆએ તરતજ ઘોડીને પલાણ વગેરેથી સજ્જ કરી જેસળને સોંપી. જેસળ આ જોઇને દંગ થઇ ગયો. ઘોડી અપાવનાર કાઠીયાણી તરફ જોઇ રહ્યો. ઘોડીપર બેસી વંડી બ્હાર ગયો તોપણ તોળલ સામું જોયાજ કરે. આથી તોળલને વ્હેમ પડયો કે હજૂ એના મનમાં કાંઇ રહી ગયું છે. પતિ પાસે હાક મરાવી જેસળને પાછો બોલાવ્યો. પૂછયું કે "ભાઇ હજૂ શું જોઇએ છીયે?" જરા પણ લજ્જા કે સંકોચ વગર જેસળે માગણી કરી "કાઠી! ઘોડી અપાવનાર આ સાધ્વી બાઇ મ્હને આપ." સાંભળતાંજ કાઠીનાં રૂંવાડાં ઉભાં થયાં અને જેસળ સાથે જવા ઘોડીપર ચ્હડી.

માર્ગી પંથના અનુયાયીઓ હોવાથી સાસટીઆએ એને જવા દીધી? કે એને દેવી તરીકે માનતો હોવાથી? કે દેવી તરીકે જઈ પાપીનો ઉદ્ધાર કરે એવા હેતુથી?

કાઠીઆવાડમાં આને મળતી દુહાબદ્ધ એક વાત છે. રા. રા. હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીના સંગ્રહમાંથી એનો સાર આપું છું. એક બાઇનાં લગ્ન ઢોલરા નામના શખ્સ સાથે થયાં પણ ન્હાનપણથી દેવરા નામના શખ્સનાં ગુણ અને પરાક્રમ સાંભળેલાં હોવાથી એનું દીલ દેવરા પર લાગ્યું હતું. દેવરા સાથે નહિ પણ ઢોલરા સાથે લગ્ન થયાં અને સાસુ સાથે સાસરે જવા નીકળી. માર્ગમાં રાત પડી જવાથી વિસામો કરવો પડયો. ગામમાં મહેમાનગિરી કરનાર આબરૂદાર મશહુર ગૃહસ્થ દેવરો કરીને હતો. સાસુ વહુ તેને ત્યાં જઇ ઉતર્યાં. વહુના હ્રદયમાં વસનાર

દેવરાનાં તેને સાક્ષાત્ દર્શન થયાં એટલુંજ નહિ પણ સાંભળેલા ગુણ નજરે પ્રત્યક્ષ નિહાળ્યા. હૃદયમાં નિગૂઢ રહેલો સ્નેહ ઉભરાઇ ગયો પણ હૃદય દોરે ત્યાં જવા તે અશક્ત હતી. પ્હોફાટયે હૃદય ત્યાં મૂકી સાસુ સાથે દેહ લઈ તે ચાલી અને બીજે દી સવારે સાસરે પ્હોંચી. સાસુએ બેડું આપી પાદરેથી પાણી સીંચવા મોકલી. સવારની સાંઝ થઇ પણ વહુ આવી નહિ તેથી ગભરાએલી સાસુએ દીકરાને વહુની ભાળ કાઢવા મોકલ્યો. પાદરે જઇ જુવે છે તો એક દિશા તરફ નજરયોગ સાધી વહુ કુવા કાંઠે ઉભી છે, હાથમાં સીંચણીઉં છે, ઘડો વગર ભરાયે કુવાના પોલાણની હવામાં અધ્ધર તરે છે અને થાળાપર ખાલી હાંડો અને ઉઢણી હતાં. ચતુર ચેતી ગયો કે વહુને હજૂ પીઅર સાંભરે છે અને તેની વાટ ભણી તેની તરસી નજર વળી રહી છે, વ્હાલથી પાસે જઇ વહુને સમાધિમાંથી કુનેહથી જગાડી અને પાણી ભરાવી ઘેર તેડી આવ્યો. રાત્રે શયનખંડમાં પતિપત્ની ભેગાં થયાં ત્યારે

ઢોલા મ ઢાળય ઢોલીઓ, ઢોલે* મન ઢળે નૈ;
મઝાલ મારા કપડની કોર, દુઃખ માનશે દેવરો.

આલમ મશહૂર, પરોપકારી અને રસિક દેવરાનું નામ સાંભળતાંજ ઉચ્ચ તુખમ પ્રકાશી નીકળે છે. પરણીઅત પાસેથી કળથી તેના સ્નેહની કહાણી કઢાવે છે. પોતાને પ્રતીતિ થાય છે કે બાઇનું દીલ દેવરા સાથે લાગ્યું છે. જોરજુલમથી હવે એને પોતાની પત્ની કરવામાં સાર નથી પણ ઉલટું પાપ છે. બન્નેનો સંસાર કડવો અને દુઃખી નીવડવાનો માટે બહેતર છે કે પોતાનું ગમે

---

* ઢોલા તરફ.

તેમ થાય પણ બાઇને સુખી કરવી. તરતજ ગાડું જોડી બાઇને દેવરાને ગામ લઇ જાય છે અને બનેલી હકીકત કહી બાઇને તેના વલ્લભને સ્વાધીન કરે છે કૃતજ્ઞ દેવરો પોતાની બે બ્હેનો ઢાલરા સાથે પરણાવે છે અને ધામધૂમથી વિદાય કરે છે. આ વખતે દેવરાની મા પૂછે છે. " ઢાલરાએ તને એક બાયડી આપી અને તેં એને બે કેમ આપી ? "

દીકરીયું દેવાય, વનું દેવાય નૈ;
એક સાટે બે જાય, તોય ઢાળ* માગે ઢાલરો.

એજ સંગ્રહમાંથી બીજી વાતનો સારાંશ ઉતારીએ. હાટીના માળીઆનો પીઠો હાટી અને ભંડારીઆનો ભોજો કામળીઓ જબરા લુટારા હતા. બન્નેએ એક બીજાને જોયા ન્હોતા છતાં મરદામીનાં પરાક્રમથી દોસ્તી બન્ને વચ્ચે હતી. એક વખત કામળીઓ મારણ કરવા ગએલો અને ભંડારીઆ પાસેથી આઘેથી લૂટ કરી પાછો વળતો જતો હતો ત્યાં દોસ્ત સાંભર્યો એટલે ગામમાં પૂછતો મળવા જતો હતો ત્યાં પાદરે વાવડ મળ્યા કે ભોજો બ્હાર ગામ ગએલો છે. આ પરથી તે પોતાને રસ્તે પડયો. પણ તેના આવ્યાની ખબર ભોજાની વહુને વેજલને થતાંજ તેણે પીઠાને પાછો વાળી પોતાનો મેમાન કરી આગતાસ્વાગતા કરી. બે ત્રણ દિવસ રાહ જોઇ પણ ભોજો આવ્યો નહિ એટલે પીઠો પોતાને વતન ગયો. મારણ પરથી ભોજો ઘેર આવ્યો ત્યારે હલકા લોકોએ પીઠા અને વેજલ માટે તેના દીલમાં સંશય ઉપજાવ્યો. આથી ખીજવાઇ વેજલને ઘર બ્હાર કહાડી મૂકી અને મ્હેણે મ્હેણે તેને ખિન્ન કરી દીધી.

* વધારો

વેજલ પ્હેલાં તો ગભરાઇ પણ વિચાર કરી મુઝવણમાં અને એઆબરૂમાંથી રસ્તો કાઢયો. પીઠાની પરોણાચાકરી કરવામાં પોતે બદનામ થઇ તો હવે પીઠાનાજ ઘરમાં જઈ બેસવું અને ભોજાની સ્હામી આબરૂ લેવી એવો નિશ્ચય કરી તે માળીઆ ગઇ. પાદર પરથી બેઢું ભરી ચોરે પીઠો બેઠો હતો ત્યાં ગઇ અને

ઉજમમાંથી આવતી, મેં કાંઇ વાટે નથી કરી વેલ, *
હાટી તું ઉતારને હેલ, નૈં તો પગમાંથી નીકળ પીઠીઆ.

પીઠો વિમાસણમાં પડી જાય છે. શું કરવું ? હેલ ઉતારે કામળીઆ જેવા બહાદુર મર્દ સાથે નાહકનું વેર થાય છે. નથી ઉતારતો તો વેજલના પગમાંથી નીકળી જવાની ગેરઆબરૂ થાય છે. છેવટે ગામના આગેવાનોની સલાહથી હેલ ઉતારે છે. જયારે કામળીઆને આ ખબર પડે છે ત્યારે એનાં રૂંવેરૂંવાં ઉભાં થાય છે. અને પોતાના એક સગાને સાથે લઇ ખાવાનો વેશ લઇ માળીએ વેર લેવા આવે છે. પણ ત્યાં પીઠાના હ્રદયની ઉચ્ચતા, ઉદારતા, વીરતા મમતા જોઇ પોતાનું વેર ભૂલી જાય છે અને હતી તેથી વધારે જબરી વજ્રલેપવાળી દોસ્તી કરી પીઠાને ત્યાં જઇ વેજલના હાથથી બન્ને જમે છે.

આ કથા લંબાય છે છતાં બીજા બે પ્રસંગોનો સંક્ષેપમાં ઉલ્લેખ કરશું. હરણને સીંગડેથી રાંકા વાણીઆએ બાંધેલા વરસાદને છોડવી પાછા વળતાં વરસાદમાં મડું થઇ ગયેલા એભલવાળાની સારવાર કરવા માટે સાંઈપર એના ધણીએ હલકા લોકોની શીખવણીથી વ્હેમ ગયેલો ત્યારે પોતાનું સતીત્વ જણાવવા સાંઇએ

+ ગાડું.

પોતાનાપર આરોપ મૂકનારને પત નીકળવાનો શાપ દીધો. સતીનો શાપ ફળ્યો અને સાંઇનો ધણી પતીઅલ થયો. એભલવાળાના મ્હોટા કુંવરના લોહીથી સાંઈ એનો રોગ ટાળે છે. (જુઓ હરગોવિંદ પ્રેમશંકરનું કાવ્ય " એભલવાળો અને સાઇ. ")

બે જીવજાન દોસ્ત હતા. એક દોસ્ત બીજાને મળવા ગયો. ત્યાં દોસ્ત અને તેની વહુએ તેની સારી પરોણાચાકરી કરી. થોડા દીવસ રહી તે પોતાને વતન ગયો. વળાવી પાછાં આવ્યાં ને ધણીધણીઆણી સુઇ ગયાં. મિત્ર જવાથી પુરુષને ઉંઘ ન્હોતી આવતી ત્યાં સ્ત્રીને સ્વપ્નમાં લવતી સાંભળી અને લવારામાં મિત્રનું નામ સાંભળ્યું. પુરૂષના વ્હેમી દિલને લાગ્યું કે બાઇનું ચિત્ત મ્હારા મિત્ર પર આશક થયું છે માટે સવારે એને મિત્રને ગામ વળાવીશ તો સુખી થશે. બાઇ પતિવ્રતા હતી અને એના દીલમાં કશું ન્હોતું એટલે જવાની આનાકાની કરી. કૂતરાં તરીકે ઘરની આ-સપાસ ભટકવાની આજીજી કરી પણ પુરૂષે માન્યું નહિં અને બળાત્કારે મિત્રના ગામને પાદરે એને મૂકી આવ્યો. નિરૂપાયે પતિના મિત્રને શરણે જઈ બનેલી વીતક કહે છે. બ્હેન તરીકે તેને પોતાને ત્યાં નિવાસ આપે છે અને જ્યારે તેના પતિની ભૂલ ભાંગે છે ત્યારે વીર પસલી સાથે તેને પાછી સોંપે છે.

આ ભિન્નભિન્ન પ્રસંગોપરથી કાઠીઆવાડમાં સ્ત્રી પુરૂષનાં-પરણેલ સ્ત્રી પુરૂષનાં સંબંધોમાં થતા ફેરફારોનું દર્શન થશે. જેસલની સાથે તોળલ ગઇ તે એ માર્ગીય પંથનોજ પ્રતાપ ? કે આવી ભાવનાઓનો પણ ખરો ?

જેસલ અને તોળલે પલાણ કર્યું છે. કાઠીની ઘોડી પૂરપાટ જાય છે. જેસલના દીલમાં નાનાવિધની ઘડભાંગ થાય છે પણ

તોળલ સ્વસ્થ અને અંતિમ ઉદ્દેશની સાધના માટે તૈયાર છે. એક ગામ જઇ પહોચ્યાં ત્યાં ઉતારો કર્યો અને જેસલ વાણીઆની દુકાને સીધું લેવા ગયો. વાણીઆનું નામ સધીર હતું. જેસલ પાસે પાઇ પણ ન્હોતી એટલે સીધું ઉધાર માગ્યું. વાણીએ ઉધાર આપવા ચોકખી ના પાડી પણ તે રાતે તોળલને પોતાને ત્યાં મૂકી જાય તો સીધું આપવા કહ્યું. માથાનો ફરેલ જગનો ચોરટો જેસલ તોળલની સાથે ઘોડાપર આવવાથીજ બદલાઇ ગયો હતો નહિતર સધીરનું માથું એના ધડપર રહેત ખરૂં કે ? ઉતારે જઇ જેસલે તોળલને સધીરની દુષ્ટ કીમ્મત કહી સંભળાવી. પ્રસન્ન ચિત્તથી તોળલે રાત્રે જેસલની સાથે જવા હા પાડી. સીધું આવ્યું અને બન્ને જમ્યાં. રાતપડીને વચન પ્રમાણે જવાનો વખત થયો. પણ બ્હાર વરસાદ ધોધો વરસતો હતો અને રસ્તામાં કાદવ થઈ ગયો હતો. તોળલની પ્હાની ગંદી થવાની દહેસત થઇ પણ અનુરક્ત જેસળ ત્હેને પોતાને ખભે બેસાડી વાણીઆને હાટે તેડી ગયો. બુમ સાંભળી વાણીઆએ કમાડ ઉઘાડયાંને તોળલને જોઇ વિસ્મય પામ્યો. અંદર આવકાર આપતાં બોલ્યો “ ઉભાં રહો, પાણી લાવું પગ ધોવા નહીંતો ગારાથી ચાદર બગડશે.” તોળલે પોતાના પગ દીવાના પ્રકાશમાં ધરી ચોકખા બતાવ્યા. કારણ પૂછતાં જેસળને ખભે બેસી આવેલી જણાઇ. આ સાંભળતાં આખી આલમને લૂટનાર જેસળની ખાંધપર આવેલી તેજસ્વી પ્રતાપી સ્ત્રીને જોતાંજ વાણીઆનો વિકાર નાશ પામ્યો અને ઉચ્ચ જીવનનાં કોરણો ફૂટયાં. બન્નેને તે પગે લાગ્યો અને પોતાના નીચ હવશ માટે લળી લળી માફી માંગી. ઉદારતાથી તોળલે એનો દોષ માફ કર્યો. વાણીએ તેઓ તે ગામમાં રહે ત્યાં લગી પોતાના મેમાન થવા વિનતિ કરી.

ભજનો ગાય છે કે તોળલે ત્રણ નર તારીઆ, સાસટીઆ અને સધીરના ઉદ્ધારની કથા આવી ગઇ. હવે બાકી રહ્યો ઉદ્ધાર જેસળનો. સધીરની અનીતિ શહે ખાઈ નીતિ જયવંત નીવડી જોઇને જેસળમાં રહ્યું સહ્યું પાપ સરવા લાગ્યું. તોળલ તરફ પૂ-જયભાવ વધતો ગયો અને તેનો આજ્ઞાધીન સેવક જેવો થઈ ગયો. એના પાપનું પૂરેપુરું પ્રાયશ્ચિત થયું નથી એમ જાણી તોળલે એને પોતાનાં મેલાં લુગડાં ધોવા ગામને તળાવે મોકલ્યો. સારા સારા અંજારમાં રાડ પડાવનાર મરદ જાડેજો એક સ્ત્રીનાં કપડાં ધોવા ગામમાં થઇને ચાલ્યો. ગામમાં જેસળ અને તોળલના આગમનની ખબર પડી ગઇ હતી. જેના જેના ઘર આગળથી જાય તે તે આવું હલકું કામ કરવા માટે એને ફીટકાર દે. ફીટકાર સાંભળી એનું મન ડગમગતું તો પાછો સંકલ્પ દૃઢ કરી લોક વાયકાની દરકાર કર્યા વિના ચાલ્યો જતો. ગામને બીજે છેડે જતાં મોચી ઓળ આવી. ત્યાંના એક મોચીએ ઉદ્ગાર કહાડયો “ માળો જેસળ કેવો ભગત છે ! એનું હુંપણું તદ્દન મરી ગયું છે. નહીંતર બાયડીનાં કપડાં ધોવા ન જાય. ” આ સાંભળી જેસળ ફુલ્યો અને પોતાની કદર કરનાર દુનીઆમાં એક જીવ છે એવું જોઇ એ સંતોષ પામ્યો. તળાવને કાંઠે જઇ ગાંસડો છોડી જુવે તો લુગડાં ધોબીએ ધોયાં હોય એવાં નર્યાં ઉજળાં થઇ ગએલાં. એક લુગડા પર ફક્ત ડાઘ હતો. જેસળનો અવતાર આ જોઇ ફરી ગયો. પાપથી ભરેલું જૂનું વસ્ત્ર એના દેહપરથી સરી પડયું અને પુણ્યની ઉજ્વળ કાંતિ સ્ફુરી રહી. ગાંસડી ફરી બાંધી ઉતારે જઇ તોળલને પગે પડયો અને ભક્તાણીનો આશીર્વાદ લીધાં. કપડાં ઉજળાં થવાનું અને ડાઘ

રહેવાનું કારણ પૂછતાં નિન્દાથી ડાઘ અને મેલ જવાની અને ફુલાશથી ડાઘ રહેવાની સમજણ તોળલે પાડી. આ બનાવ વસ્તુતઃ બન્યો હશે ? કે આધ્યાત્મિક સત્યની પ્રતીતિ કરાવવા રૂપક કહેવાયલું ?

લુટારો હવે નૈષ્ટિક ભક્ત થયો. તોળલ અને એ ભજનો ગાતાં ગાતાં ગામે ગામ ફરવા લાગ્યાં. કપડાં ધોવાની હકીકત બની તે અગાઉ જેસળ તોળલને કચ્છનો અખાત હોડીમાં ઓળંગાવી અંજાર લઇ જતો હતો. દરીઆમાં તોફાન થયું અને હોડી ડુબવા લાગી તે વખતે તોળલે ઉપદેશ દઈ જેસળને અંધકારમાંથી જ્યોતિમાં આણ્યો. " બેડલી તારી બુડવા નહિ દઉં " એવું ભજનોમાં છે અને કલાપીનો સંવાદ આ પ્રસંગ પરજ રચાયલો છે. એટલે સધીરના ગામમાં નહિં પણ અંજારમાં કપડાં ધોવાયેલાં એ વૃતાંત વધારે સાચો લાગે છે અંજારમાં જેસળને સહુ કોઇ ઓળખતાં એટલે ફીટકાર પણ સખ્ત વરસેલો.

જેસળની ગમે તેવી દુષ્ટ દાનત હશે તે પવિત્ર સાધ્વી તોળલના પરતા આગળ જીવી શકી નહીં. દંતકથા કહે છે કે સાસટીઆ જોડે એણે સંસાર ન્હોતો માંડયો તેમ જેસળના મુવા પછી કબરમાંથી એનું પુનરૂત્થાન થયું ત્યારે જેસળ અને તોળલનાં લગ્ન થયાં હતાં છતાં એક ભજનમાં તોળલ ગર્ભવંતી હતી એવું કહેલું છે. ચોક્કસ માહીતીની ગેરહાજરીમાં નિર્ણય કરવો મુશ્કેલ છે. માર્ગીપંથમાં સ્વામીનો પાટ મંડાય છે અને અનુયાયીઓને ત્યારે એકત્ર થવાનું નિમંત્રણ હોય છે. ગુરૂએ પાટમાં આવવા બે નિમંત્રણ મોકલ્યાં જેસળ અને તોળલને. તોળલના ગર્ભમાં બાળક

હતું. એવી સ્થિતિમાં એ જાયતો બે આમંત્રણના બદલામાં ત્રણ જણ ગયાં ગણાય. આવી અજુગતી વાત સાધ્વીથી શી રીતે થઇ શકે? કટારી કહાડી પેટ ચીર્યું અને ગર્ભસ્થ બાળકને બ્હાર કહાડી પડોશણને ઉછેરવા સોંપ્યું.—એક દંતકથા એવી છે કે આ સાસટીઆ કાઠીનું બાળક હતું—પાટમાં હાજર રહેવા જતાં જતાં વગડામાં આવી પ્હોચ્યાં. ત્યાં વાંદરી પોતાનું બચ્ચું પેટે વળગાડી ડાળીએ ડાળીએ કુદતી હતી. રખેને આથી બચ્ચું પડી જાય એવી દહેશતથી તોળીએ વાંદરીને શીખામણ દીધી. વાંદરીને વાચા થઇ થઇ અને ઉલટું તેણે તોળીને પોતાનાં આત્મજનો ત્યાગ કરવા માટે સખ્ત ઠપકો આપ્યો અને ત્યાગ અઘટતો અને અધર્મી હતો એવી સમજ પાડી. તોળલને ભાન થયું. બાળક સાંભર્યું. સ્તનમાંથી દૂધની સેરો ફુટવા માંડી. કરેલા કર્મ માટે વિમાસણ કરતી પાછી વળી અને પડોશણ પાસેથી પોતાનું બાળક લીધું. અને વિશ્વક્રમનો સનાતન નિયમ ભકતોના સંબંધમાં પણ પ્રવર્તે છે એ સત્ય સિદ્ધ કર્યું.

તાર, ટપાલ કે આગગાડીના સાધન વિનાના જમાનામાં જાત્રા કરનારા સાધુઓ દેશના એક છેડાથી બીજા છેડા સુધી વર્તમાન પ્હોંચાડવાનું કામ કરતા હતા. એમના દ્વારા જેસળ અને તોળલની ભક્તિની કીર્તિ દેશ પ્રદેશમાં ફેલાતી ચાલી. મારવાડમાં માલદેવ (માલદંવ) અને તેની રાણી રૂપાંદેને કાને એ કીર્તિ પ્હોચી અને કચ્છ કાઠીઆવાડનાં ભકતોને મળવા મારવાડનાં ભકતો ઉત્કંઠ થયાં.

માલદે અને રૂપાંદે માર્ગીપંથી હતાં. એ પંથમાં પહેલી રૂપાંદે અનુષ્ઠિત થઇ હતી. મધરાતે મહેલ છોડી ગુરૂની આજ્ઞાથી સ્વામીના પાટમાં હાજર રહેવા તે જતી. જાગતા રહેલા રાજાએ તેને જતાં જોઇ એટલે તેને વહેમ પડયો અને તરવાર લઇ પાછળ પાછળ ગયો. પોતાના ધર્મના જોરથી રૂપાંદેએ રાજાને પરતો બતાવ્યો અને પંથમાં દાખલ કર્યો. એક ભજનમાં આ બનાવની સવિસ્તર વીગતો છે.

રૂપાંદેના રચેલાં ભજનોને ભજન સંગ્રહોમાં સ્થાન મળેલું છે. આ મારવાડણે ગુજરાતીમાં ભજનો લખ્યાં હશે? જામનગરની રાજસ્થાનમાં પરણેલી ગુજરાતી રાજકુંવરીની હિંદી–કવિતા મહિલા મૃદુ વાણીમાં સંઘરાઇ છે. તેમ મારવાડી ભાષા બોલનારી રાણી પોતાના પંથમાં મ્હોટા ક્ષેત્રમાં આવી કેટલાંક વર્ષો રહી હોય અને બીજા સાધુઓ અથવા તોળલના સંગથી ગુજરાતીમાં ભજન કર્યાં હોય. એનાં ભજનોમાં એના ગુરૂનું નામ ઉજમસી છે. આ ગુરૂ વિશે કાંઇ મ્હારા જાણવામાં આવ્યું નથી.

સ્વામીના પાટમાં જેસળ, તોળલ અને માલદે રૂપાંદે મળયાં અને અન્યોન્યની ભક્તિ જોઇ પ્રસન્ન થયાં. આ પ્રસંગથી તેઓ વચ્ચે જીવનજાન સખ્ય બંધાયું. પાટની મુદત વીત્યે સૌ સૌને પંથે પડયાં.

કેટલાંક વર્ષો સાથે ભજન કરતાં ફરતાં ફરતાં જેસળ અને તોળલ વિખૂટાં પડયાં. જેસળ અંજાર ગયો. ત્યાં અચાનક એનો દેહ પડયો. એના શબને દાટી તે પર કબર ચણવામાં આવી. કહે છે કે હજી આ કબર અંજારમાં મોજૂદ છે.

આ દુ:ખદાયક બનાવના ખબર તોળલને તેમજ માલદે રૂપાંદેને પડયા. સાંભળતાંજ હૈયાફાટ સૌ રોવા લાગ્યાં. તોળલ અંજાર ભણી ચાલી નીકળી. મારવાડથી માલદે અને રૂપાંદે પણ તોળલને આશ્વાસન આપવા અંજાર આવ્યાં. તોળલે એકતારો લઇ ભજન ગાઇ કબરમાંથી જેસળને સજીવન ઉભો કર્યો. આ ભજન ભજનસંગ્રહોમાં છે. માલદે અને રૂપાંદેએ જેસળ અને તોળલનાં લગ્ન કર્યાં. દંતકથા બે પ્રકારની છે. લગ્ન પછી કબરમાં દંપતી સમાઈ ગયાં અને બીજી એવી છે કે સંસાર ઘણાં વર્ષો લગી ચલાવ્યો.

અદ્‌ભુત ભકિતના રંગથી રંગેલા તોળલના જીવનની દંતકથા ચમત્કાર આદિ સંક્ષેપમાં લખ્યાં છે. ઐતિહાસિક સત્ય તારવી કાઢવું બની શકયું નથી તેમ એમનાં સ્થળ કાલનો નિર્ણય પણ થઈ શકયોનથી. માર્ગી પંથના લખેલા કે કંઠસ્થ દફતરોમાં આ ભકતાણીના જીવનના પ્રસંગો નોંધાયેલા હોય અને એમની સહાનુભૂતિ મેળવી કોઇ એ પ્રસંગો પ્રગટ કરી એમાં સમાયલા ચમત્કારનો નિરાસ કરે તો ગુજરાતી સાહિત્યની સેવા કરી ગણાશે.

મીરાંબાઇ આપણી આદ્ય અને શ્રેષ્ટ કવિયાણી છતાં તળ ગુજરાતની આગેવાન ભકતાણી તો તોળીરાણીજ. બન્નેનાં કવનમાં રહેલી ભકિત જૂદા પ્રકારની છે. મીરાં કૃષ્ણભકત હોઈ ગોપીભાવે ભજન ગાઇ રહી છે. તોળીરાણીના પદોમાં પાપીઓને ચાબખા છે. અને સંસારનું વાસ્તવ જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષને માર્ગે શારીતે વળવું તેનો ઉપદેશ છે. ગોપાગીતોની મદુતા અને મીઠાશ જેટલી મીરાંની કવિતામાં છે તેટલી તોળલની કવિતામાં નથી પણ સાટે ચાબખાનો મરદામી સૂર છે-પાપીના આત્માને હલમલાવી નાંખતી ગર્જના

છે. એ સાંભળવાનું ભાગ્ય કાઠીઆવાડ ભજન મંડળીમાં ગયા વિના પ્રાપ્ત નથી થતું છતાં' ગ્રામોફોનના રેકર્ડ ' મારફતે હવે ઘરે ઘર એ સાંભળવાનો સુયોગ આવેલો છે.

માર્ગીપંથની એ ભક્તાણી તોળીરાણી અને રૂપાંદે ઉપરાંત લીલમબાઇ(લીળલદે)નામની રહોડ કુળમાં થઇ ગઇ છે, તેના' સંબંધમાં કાંઈ મ્હારા જાણવામાં નથી આવ્યું. આ લેખના પરિશિષ્ટમાં રૂપાંદે અને લીળલદેનાં ભજનોની વાનગી આપવામાં આવી છે. પ્રાચીન કાવ્યમાળાને બૃહત્કાવ્યદોહનના પ્રકાશકો તથા રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળથી પ્રસિદ્ધિમાં આવેલી ગુર્જર કવિઆણીઓના વર્ગમાં તોળલ, રૂપાંદે અને લીળલદેને આ લેખથી સ્થાન મળશે તો કૃતકૃત્ય થઇશ

કર્ણ પરંપરાએ સાંભળેલી વાતોમાં દોષ પ્રવેશ પામ્યા હોય, પ્રસંગો ઉકેલવામાં ભુલ થઇ હોય તો સુજ્ઞો તે દૂર કરવા વિનંતિ છે.

તા. ક. લેખ લખતી વેળા એકે ભજનસંગ્રહ મ્હારી પાસે ન્હોતો તેમ તરતમાં મેળવી શકાય એવું ન્હોતું. એટલે ભજનોમાંથી નિદર્શક ઉતારા અપાયા નથી તેમ કેટલીક વાતો અધુરી અથવા ટુંકામાં પતાવવી પડી છે. આ લેખથી કોઇ બંધુમાં જીજ્ઞાસા જાગશે અને વાસ્તવ હકીકત મેળવવા તે પ્રવૃત્ત થશે તો આ પ્રયાસમાં રહેલી ખામીઓનું સાટું વળી જશે.

રૂપાંદેનાં ભજનો

૧.

રાઓળ માલા, આ દિલખોજો તો,
માયલાની વણજુ હોજી.

સાચાં મારાં બોલડાં હાં,
નિરધારો ધરમ પાળો હે જેગારામ સાધુ હોજી
રાઓળ માલા, કોઇ દિન દાતા ને કોઇ દિન ભોગતાઃ
એવા કોઇ દિન બાલુડે વેશરે......રાઓળ માલા૦
રાઓળ માલા તાંત વિનાનાં તુંબા કેમ કરી બોલે હોજી,
એવા કંઠરે વિનાનાં કેસાં ગાણાં રે... રાઓળ માલા૦
રાઓળ માલા પારકાં રૂપ દેખી તમે,
માયલાને મત રે ડગાવો હોજી,
તમે જીતીરે બાજી જાશો હારી હો ... રાઓળ માલા૦
રાઓળ માલા પારકા ખેતરમાં તમે,
બીજ મત વાવો હોજી,
તમે વાવ્યારે પછી તો પસ્તાશો...રાઓળ માલા૦
રાઓળ માલા ભખમ નારી વાંઝો સંગ મત કરનાં હોજી,
એને હાથરે જોડી અળગા રે' ના ...રાઓળ માલા૦
રાઓળ માલા જ્ઞાન હીણાને તમે ગુરૂ મત કરજો હોજી,
એવા સુરતા વિનાના કેવા ચેલાં... રાઓળ માલા૦
રાઓળ માલા ઉગમશીની ચેલી,
રાણી રૂપાદે બોલ્યાં હોજી,
મારાં સાધુડાં અમરાપુરમાં માલે ...રાઓળ માલા૦

૨.

નરરે નુગારાની સાથે નેડલો ન કરીએ જી,
મારા વિશ્વાસી નરને મા વેડો મારા રાજરે. નરરે૦
હંસલા ને બગલો બે એકજ વરણાં રે,
એ તો બેઠા સરોવરીઆની પાળ, મારા રાજરે,

હંસલાને જોઇએ સાચાં ગોતીડાંનો ચારોજી,
ઓલો બગલો બેઠા રે દુવાસ મારા રાજરે નરરે.

ધણીરે નામનો પાટ મંડાશે રેજી,
ઝળહળ જોત્યું વરતાશે મારા રાજરે......નરરે.

સાચખોટ બોલે ને ચાલે બજારમાંરે હોજી,
એ તો કુડીઆં મંદીરીઆમાં માણે મારારાજરે...નરરે.

રૂગમશીની ચેલી રૂપાંદે રાણી બોલીઆંરે હોજી,
મારા સાધુડાંતો અમરાપુરમાં માલે. મારા રાજરે..નરરે

લીળલદેનાં ભજનો.

૧.

એવા પુરાંરે મળેતો રંવા રેડીએ હોજી,
એવાં અધુરીઆંએ જાય આપણો તોલ. મારી બેનુંરે. એવાં

એતો ખાડા ખાબોચીઆની દેડકડી હોજી,
એ શું જાણે સમુદરીઆની લેર મારી બેનુંરે. એવાં

એવી કુવાની છાયા તો કુવામાં વીસમીજી,
એવી તસ્કરની મા ખુણે બેશી રૂએ. મારીબાયુંરે. એવાં.

એવા દુરિજન ને મોઢે શાહીયું ઢળે હોજી.
મારા હરિજનને મુખડે વરસે નૂર. મારી બાયુંરે. એવાં.

એવા દુરિજન આડા ડુંગર દવ જલે હોજી.
એવા હરિજનને વસીએ મુખોમુખ. મારી બાયુંરે. એવાં

એવા રાઠોડ કુળમાં લીળલદે બોલીયાં રે,
દેજો દેજો સાધુ ચરણુમાં વાસ. મારી બાયુંરે. એવાં.

૨.

હાં હાંરે ગુરૂજી સતની વેલડીએ,
આવાં રૂડાં દતફલરે લાગ્યાંરે હાં. સતની.
બીજ વરતી, બીજ જાણી, વાવીછે વિશ્વાસ વાણી.
કરણીના કયારા, વાયાં પ્રેમહુંદાં પાણી. ગુરૂજી.
ઉગી છે અમરવેલી, જેના મૂળ તો પીયાળે પેલી,
ફાલીને કાંઇ ફુલી નિજીયા ધરમની એ વેલી. ગુરૂજી.
પ્રથમ તો પ્રલાદે જાણી, હરિચંદ્ર ને તારા રાણી.
પાંચ પાંડવ દ્રોપદી, રાજા બળને ઓળખાણી. ગુરૂજી.
ભાઇલાનાં ભાગ્ય જાગ્યાં, વેલડીએ દતફલ લાગ્યાં,
મૂળનાં કાંઈ માલે, અમરાપરથી આઘાં ગુરૂજી.
ભાઈલા તમે ભાવ રાખો, ડાળ મેલી ફળ ચાખો,
બોલીયાં લીળલદે, ગુરૂ ચરણમાં રાખો. ગુરૂજી.

તેજસિંહ.

પાત્રો.

તેજસિંહ,	... ...	રાજા.
અબલા,	... ...	રાણી.
સાધના,	... ...	રાણીની મા.
વાચસ્પતિ,	... ...	રાજગુરુ.
દેવસેન, સ્કંદ, આદિત્ય,	...	સરદારો.
અણહિલ. હરિહર	...	...સૈનિક.

બે પહેરેગીર.

તેજસિંહ.

[દશ્ય રાજાના તંબુનો છે. પાછળના બારણાની કનાત ઉપર નાંખેલી હોવાથી સિપાહીઓની છાવણી સોનેરી શિખરોની ધાર તરફ અને આથમતા સૂર્યના પ્રકાશમાં ચળકતા દૂર સમુદ્ર પર આંખ પથરાય છે. ડાબી બાજુએ જેવું તેવું ઘડેલું રાજસિંહાસન છે. વચમાં બેસવાની પાટ છે. ચામડાં સીવીને બનાવેલો ખાટલો જમણી બાજુએ છે. ઉપર જૂદી જૂદી જાતનાં હથીઆરો લટકાવેલાં છે. જમણી અને ડાબી બાજુએ મશાલો.]

પ્રવેશ ૧ લો.

બે પહેરેગીર.

૧ લો પહેરેગીરઃ—અહ્યા ! ઉંઘી ગયો કે ?

૨ જોઃ—કેમ જાણ્યું કે ઉંઘી ગયો ?

૧ લોઃ—પીનાકની પેઠે કમાન થએલા ભાલાપર અઢેલી વળેલો ઉભોછે તેથી જાણ્યું.

૨ જોઃ—આમ વળેલો ઉભો છું એટલે ભૂખનું દુઃખ ઓછું લાગે છે.

૧ લોઃ—એ ખોટી વાત છે. એથી તારા કમ્મરબંધ જેટલી જ ગરજ સરે છે. ટટાર થતાં ઉલટી વધારે કકડીને ભૂખ લાગે છે.

૨ જોઃ—આમ ક્યાં લગી ચાલવાનું છે ?

૧ લો:—વહાણો આવે ત્યાં લગી—તદ્દન સમજાય એવું છે.

૨ જો:—ખરૂં, પણ વહાણો ક્યારે આવશે ?

૧ લો:—એની ખબર મને શી રીતે પડે ઉંચે ધાર તરફ નજર કર. ત્યાં ઉંચે જો ઇન્દ્રમંડપ પર ચોકીદાર ઉભો છે અને લાંબે દસ ગામે નજર ફેરવે છે. એને ખબર હોય તો હોય ! મઠીઆ ડુંગરાની પછાડી વહાણ આવતાં હશે

૨ જો:—પણ દુશ્મનો આવવા દેશે ત્યારે ને.

૧ લો:—દુશ્મનો પાસે વહાણો નથી.

૨ જો:—વાડની માફક આપણા આખા દેશને ફરી વળે એટલાં વહાણ એની પાસે છે. બે મહિના થયાં એ ગુલામ જેવો આપણને ઘેરી વળ્યો છે તેમ ફરી વળે એટલાં છે.

૧ લો પહેરેગીરઃ—બે મહિના !

૨ જો:—તને ખબર છે આજે બપોરે મને શું ખાવા મળ્યું હતું ? આઠ દિવસપર જે રોટલો કરડતાં દાંત કકડયા હતા તે જ રોટલાનું તળીઉં. સાચે, નખે નખે મેં તે પર ત્રણ સાથીઆ કહાડયા. અમે પણ ફરી ઠીક મળ્યા ! પણ આજે, તે જ રોટલો ઉલટથી ભચડાવી ગયો......રાજાના લગ્નના દિવસનું જુગતું જમણ !

૧ લો:—શું તું એમ માને છે કે હજુરસાહેબને વધારે હતું ?

૨ જો:—એમની કને વધારે હોત તો શું આપણે બધા આમ મરણીઆ થાત, આપણો કચરઘાણ

વળવા દેત, રણમાં આગળ ઝુકાવત, શરમ રાખત કે? કશાની ચોકી નથી કરવાની એવું જાણતા ન હોત તો આંહિ સાંકળે બાંધેલા કૂતરાની માફક પડી રહી પહેરો ભરત કે?

૧ લો:—સોનું જોઇએ એટલું છે.

૨ જો:—સોનું! હું, સોનું! સોનું મારી પાસે પણ પુષ્કળ છે. કેશવપુરમાં મારા ભોંયરામાં ધન દાટયું છે. હં!.........તે એ! શિવપુર પાછળ રહેલી બાયડીઓ કને ખાવાનું રહ્યું હશે.........ઢોર જીવતાં હશે તો દૂધ પણ.

૧ લો:—હા, બૈરાંઓને ત્યાં હહેર છે-તારી વહુ નથી. ખરૂં ને?

૨ જો:—એક દુશ્મને મારી વહુની લાજ લૂંટી ને મેં બન્નેના જાન લીધા! (અટકે છે) ઠીક! બાયડીઓને ખાવાનું જોઇએ; દૂધ પણ. પણ કેટલો વખત— (ધીમેથી પાસે આવતાં હથીઆરોનો ખડખડ અવાજ) જો લગન ખરેખર પુરૂં થયું છે.

૧ લો:—ચૂપ જો, બૂઢા અણહિલ આવે છે-હજૂરની ઢાલ સાથે (બીજો પહેરો ભરવા માંડે છે.)

પ્રવેશ ૨ જો.

[અણહિલ પ્રવેશે છે. ઢાલને એની જગ્યાએ ભેરવે છે, અને વીખરાએલાં હથીઆરો બાજુપર ગોઠવે છે.]

અણહિલ:—કેમ, કાંઇ ખબર આવ્યા?

૧ લો:—ના!

અણુહિલઃ—તમને ભૂખ લાગી છે ?

૨ જોઃ—હા.

અણુહિલઃ—ભૂખ બરાંને લાગે. ચિત્ત ઠેકાણે રાખો ! આપણી જુવાન રાણી આગળ આવાં કરમાએલાં મોં બતાવશો મા. લગ્ન દિવસે એવું શોભતું નથી.

પ્રવેશ ૩ જો.

[ઘોંઘાટ કરતા લોકોથી વીંટાળાએલાં તેજસિંહ અને અબળાના હાથ પકડી રાજગુરુ તંબુના આંગણામાં આવે છે. તેમની આગળ ધૂપદાની વીંઝતા બે બટુકો, પાછળ સાધના, દેવસેન, સ્કંદ, આદિત્ય, બીજા સામંતો અને સેનાનીઓ. તંબુના દરવાજાઓની કનાતો નીચી ઢાળેલી છે. પહેરેગીરો ચાલ્યા જાય છે.]

રાજગુરૂ રાજારાણીના હાથ મુકી દે છે, સાધના તરફ ફરે છે. તેજસિંહ ગમગીન અને વિચારગ્રસ્ત ઉભા રહે છે. અબલા આસપાસ લજ્જાલુ પૃચ્છક દૃષ્ટિ નાંખે છે. દુઃખદ શાંતિ.

અણુહિલ (આસ્તેથી):—રાજેંદ્ર, નવયૌવના રાણીનો સત્કાર વાણીથી કરવો જોઇએ.

તેજસિંહ (આસ્તેથી):—કરવો જોઇશે? (ધૂપદાનીવાળા છોકરાની ગરદન પકડી) છોકરા, એટલું બધું આકરૂં નહીં; ધૂમાડો અમારાં નસ્કોરામાં ઠેઠ ગરી જાય છે. ધૂપદાની ધરવાની ન હોય ત્યારે તું શું કરે છે?

બટુકઃ—મારી તરવાર ધરૂં છું, નામદાર!

તેજસિંહ:—બરાબર છે. જલ્દી તરવાર પકડ ને ફીતર પાછળ

પડી જઇશ. (ધીમેથી) અણહિલ, વહાણ દેખાતાં નથી ને?

અણહિલઃ—ના, હજુર પણ આપની નવોઢા રાણી સાથે બોલો તો ખરા.

તેજસિંહઃ—ઠીક.........ત્યારે હવે હું વહુવાળો થયો. કેમ ગુરુદેવ?

રાજગુરુઃ—આંહિ આપની રાણી ઉભાં છે, રાજેંદ્ર આપનો શબ્દ સાંભળવા તલસે છે.

તેજસિંહઃ—રાણીજી, બોલતો શબ્દ જડતો નથી માટે ક્ષમા કરો. રણક્ષેત્રોના ખોળામાં ઉછર્યો છું, માણસના નિવાસનાં બીજાં સ્થળોનો પરિચય નથી. મારી સાથે આવી જીંદગી ગાળવાનું તને ભારે પડશે.

અબળાઃ—રાજેશ્વર......મારી બાએ.........મને શીખવ્યું છે.........(અટકી પડે છે.)

તેજસિંહઃ—(હેતનો દેખાવ કરી) તારી બાએ શું શીખવ્યું છે?

અબળાઃ—પત્ની સ્વામીને આધીન છે—સંકટના સમયમાં તો ખાસ કરીને; મારી બાએ આટલું શીખવ્યું છે, પ્રભુ.

તેજસિંહઃ—તમારે સ્ત્રીઓ માટે એ તદ્દન વાસ્તવિક અને ધર્મ્ય હશે...પણ સંકટના સમયે પતિ પણ પત્નીને આધીન હોય તો? સાસુજી! પહેલે શકટપુરમાં પત્નીઓ પાસે હરણીઆં દોડાદોડ કરે છે. દિવસોના દિવસો થયાં મારા સિપાહીઓને ખાવાનું મળ્યું નથી. એ હરણીઆં એમને ખાવા આપો

એવી મારી સલાહ છે.

(સાધના માથું નમાવે છે)

રાજગુરૂઃ--મારા રાજેન્દ્ર!

તેજસિંહઃ—હે! ગુરૂદેવ, હમણુંાંજ રણભૂમિ પરના લગ્નમંડપમાં આપ સુભાષિત વાણી બોલ્યા છો. આટલી વારમાં ફરી ઉપદેશ આપવા વૃત્તિ થઇ છે?

રાજગુરૂઃ—કહેવા વૃત્તિ થઇ છે, દુઃખ આપનો આત્મા કોરી ખાય છે એટલે.

તેજસિંહઃ--ખરેજ? આપ શું એમ ધારો છો? ચાલો ત્યારે સાંભળીશ.

રાજગુરૂઃ--સાંભળ, ઇશ્વરી કોપની મૂર્તિ સરીખા તું અમારામાં ઉદય પામ્યો છે. જુવાન......પ્રજાએ તારાં વર્ષો નથી ગણ્યાં પણ તારાં પરાક્રમો, રાજીખુશીથી વૃદ્ધોએ તારી જુવાનીને નમન કર્યું છે. વિનમ્રતમ હોઇ તારે માટે સેવાના લાંબા વર્ષો હોવાથી, તું જોતજોતામાં અમારો શાસ્તા થયો. ઈશાદિત્યના સુવર્ણતામ્રપરથી--જે તામ્રપર એક વેળા દયા ઇન્સાફ આપતી હતી, જ્યાંથી હસતે મુખડે તિષ્ય-રાજ ક્ષમા આપતા હતા, ત્યાંથી તારા ખૂની શબ્દો ગાજી ઉઠયા......ને ઝેરી ઘા માફક આપત્તિ અમને હેરાન કરી રહી છે. વિશ્વકર્મા પહાડના ઉન્હા વાયરામાં અહિંથી તહિં હેરાન થતાં બૈરાં છોકરાં સાથે અમે છાવણી નાંખી પડયાં છીએ; અને દુશ્મનો, તેમના બાહુતી સિપાઇઓથી આપણને ઘેરી રહ્યાં છે.

તેજસિંહ:—બરાબર ઘેરી રહ્યાં છે. હા, હા! સાંસરા ઉંદર પણ આવી શકે નહીં.

રાજગુરૂ:—સમુદ્ર ભણી આપણી નજર આશાભેરી દોડે છે; ત્યાંથી ભોજન આવશે.

તેજસિંહ:—વહાણોના કાંઇજ વાવડ નથી?

અણહિલ (હળવેથી):—બીલકુલ નથી.

રાજગુરૂ:—દુ:ખથી નવા વિગ્રહ માટે અમે શસ્ત્રબદ્ધ થયા તે પહેલાં, સ્વતંત્ર મનુષ્યો તરિકે, અસલથી ચાલતા આવેલા રીવાજ મુજબ તારે માટે રાણી પસંદ કરવાનો અમે નિશ્ચય કીધો. પોતાના શરીરદ્વારા તું અનુભવી શકે કે ઇશ્વર શા માટે મૃત્યુ ચહાય છે તેટલા સારૂ અમે અસલી રીવાજ પાળ્યો છે.

તેજસિંહ:—તમારો રાજા જીંદગીને ઘણી વધારે ચહાય છે એવું તમને લાગ્યું?

રાજગુરૂ:—મારા રાજેન્દ્ર!

તેજસિંહ:—નહીંજ, એમ ધારવાની હિમ્મત તમારામાં નથી, કારણ કે આ જીવનની દરેક પળ તમને ખસીઆણા પાડશે...અસલના રીવાજ મુજબ જરૂર હોય છતાં, શા માટે આ બાળક વસ્તુ સાથે તમે મારાં લગ્ન કીધાં?—તે એટલી બાળક છે કે તમારી અને મારી આગળ બીકથી થરથરે છે. અને પોતાની માના છેડામાં સંતાય છે; અને ખાસ કરીને આવા યોગ્ય દિવસે, લગ્નના મંગલગીત ભૂખ ગાય છે ત્યારે...આમ ઉંચે જુઓ, રાણીજી,—અર્ધા કલાકથી

મળેલા ઇલ્કાબથી તને બોલાવવી જોઇએ; મારા નાથ! હજૂ તારૂં નામ પણ હું જાણતો નથી. વિનવું છું. મારા સામું જો! મને ઓળખે છે?

અબળાઃ—આપ રાજેશ્વર છો, નામદાર!

તેજસિંહઃ—ઠીક, પણ તારી નજરમાં હું મનુષ્ય હોવો જોઇએ, રાજા નહીં.........તારી આગળ કેવી જાતનો મનુષ્ય ઉભો છે તેની તને ખબર છે?......જો! અત્યાર લગી આ હાથો લોહીમાં બોળવામાં આવ્યા છે. મરદાની જંગમાં રેડાયલા માનવ લોહીમાં નહી—હું તેની વાત કરતો નથી. કારણ કે તેથી મનુષ્યની કીર્તિ વધે છે—પરંતુ અશસ્ત્રી રક્તહીન બાળકોનાં લોહીમાં,-(કંપે છે)—આવા હાથે તારા કંઠને આશ્લેષ કરવા આવું તો તું આનંદ પામીશ?.........સાચે, મારૂં કહેવું તું સાંભળે છે? મારો સ્વર લલિત, મધુર નથી? જરાક કર્કશ છે. ખૂન કરવા જોસથી આરડેલા હુકમથી તે થાકેલો છે. આવી મોહક કર્કશતામાંથી કોમળ સ્વરો તું સાંભળશે ત્યારે તારો આનંદ અવનવો થશે. હું આજન્મ સિદ્ધકાન્ત નથી એ આ શાણા પુરૂષો જાણતા હતા, એટલેજ એઓએ મને મારો ધંધો શીખવ્યો.........અથવા છાવણીમાં જીંદગી ગુજારવાથી થતા કંટાળાથી તમારા રાજાને છેતરવાનું તમારૂં કર્તવ્ય છે એમ માનો છો? સુવર્ણમય શતવપ્રમાં મહાન ન્યાય વર્ષે જેવી રીતે મોઝ માણી

અને રૈયતનો સંહાર કરવા પોતાના ખોજાઓને મોકલ્યા હતા તેમ? હા, હા, હા!

રાજગુરૂઃ—નામદાર, સંભાળજો નહીંતર પિત્તં ઉછળશે.

તેજસિંહઃ—ગુરૂવર્ય, ધ્યાન ખેંચવા માટે ઋણી છું પણ એ નિરર્થક છે. આ તો મારા લગનની ગમ્મત છે ......પણ હવે તમારી સાથે ખરા દિલથી બોલીશ ..... (આસન પર ઉંચે ચડે છે.) ઇશાદિત્યના સુવર્ણ આસન પર, જ્યાં દયા ઇન્સાફ આપતી હતી ત્યાં અફસોસ કે હું મારૂં સ્થાન મેળવી નહીં શકું. દુશ્મનોના પાટનગરમાં બળતણ માટે તેના કટકેકટકા થાય છે....તેમ તિષ્યરાજની પેઠે હસ્તે મુખડે હું માફ પણ કરી શકતો નથી, કારણ કે હવે કોઇને માફીની જરૂર નથી...દુશ્મનોની પ્રશસ્ત જાતિમાંથી ભૂખ્યા વાઘનું ટોળું જન્મ પામ્યું છે-એમને જેર કરવા પણ વાઘની જરૂર છે. આપે, ગુરૂદેવ, મને ઇશ્વરી કોપની મૂર્તિ કહી, પણ હું તે નથી...હું તો ફક્ત તમારી નિરાશાની મૂર્તિ છું. સારા જીવનમાં જેણે કશાની અભિલાષા નથી રાખી, કશાની અપેક્ષા નથી રાખી, એવો હું તમારી સૌની આગળ ઉભો રહું છું અને એવોજ તમારી સમક્ષ કામે આવીશ. તે તમે જાણો છો, તેથીજ ગુપ્ત રીતે મને ઠપકો આપવામાં તમે સૌ ભૂલ કરો છો. મને ખોટો ન પાડો!...તમારી નમેલી ભમરોની નીચેથી હું સ્પષ્ટ વાંચી શકું છું. આપણા

પાસા અવળા પડે છે માટે મને હોળીનું નાળીએર કરશો માં. એટલી તમને મારી સલાહ છે.

આદિત્ય:—દેવ, અમને ઘા ન મારો......અમારા લોહીનું છેલ્લામાં છેલ્લું ટીપું આપનું છે. આ ઘરડાઓ સાથે અમને કઢામાં ન નાંખો.

દેવસેન:—અમે ડોસાઓ બીજાઓની પેઠ લડીએ છીએ; અને જુવાન, તેમનીજ માફક ચાહીએ પણ છીએ.

તેજસિંહ:—ચાલો, એટલેથી પતાવો. સંકટમાં મિત્રો અંદર અંદર કેવા લડી પડે છે તે તમારી રાણી જલ્દીથી સારી રીતે શીખશે. તમે છાવણીમાં થઇને જાઓ ત્યારે સૈનીકોને કહો-એ એકજ વાત રાજાને આજે કચવે છે-આ આનંદના દિવસે કેમ ખરૂં ને-જોઇએ તેવું લગ્નનું જમણ જમાડવાની તાકાત મારામાં નથી......અથવા હજૂ કદાચ-અણહિલ !

અણહિલ:—(જમણી તરફ તરતજ આવેલા પહેરેગીર સાથે ગભરામણમાં ગૂપચૂપ વાત કરતો હતો): જી, હજુર.

તેજસિંહ:—આપણા કોઠારમાં હજુ શું છે? ડોસા?

અણહિલ:—(સંક્ષોભ અંકુશમાં રાખી) આપે આપનો સર્વ ખોરાક આપી દીધો છે.

તેજસિંહ:—પૂછું છું કે શું પડયું રહ્યું છે?

અણહિલ:—એક વટલોઇ ભરેલું બગડેલું દૂધ ને બે ફુગાએલા રોટલા.

તેજસિંહ:—હા, હા, હા! હવે જુઓ, રાણીજી! કેવો મુફલીસ ધણી તમને મળ્યો છે? લોકો કહે છે તેમ ત્યાં

વહાણો આવ્યાં હોય તો દરેકની લાયકાત મુજબ સર્વની બાદશાહી મેમાનગિરિ કરીશ—પણ તેમને એ જણાવશો નહીં, રખેને તેમનો આલ્હાદ કથળે. પણ કહેજો કે જો રણશીંગા સાંભળે તો તમારે માટે સારૂં સારૂં ભોજન પીરસાશે, એટલું બધું—(પોતા તરફ સરી આવતા અણહિલને) શું છે?

અણહિલઃ—(ધીમેથી) પહેરો ગયો. વહાણો નાશ પામ્યાં.

તેજસિંહઃ—(સ્હેજ પણ ચહેરો બદલ્યા વગર) નાશ પામ્યાં કેમ-કેવી રીતે?

અણહિલઃ—દ્રોહથી.

તેજસિંહઃ—હં, ઠીક! અંહ, સાથે બેસી સૌએ ખાધું હોત જમણ-સર્વને પીરસ્યું હોત, સ્ત્રીઓ માટે મેવા અને મીઠાઇ...(સિંહાસન પર ગબડતો પડે છે અને દૂર શૂન્ય દૃષ્ટિ નાંખે છે.)

માણસોઃ—રાજાને શું થયું? રાજાની સામે તો જુઓ!

અબલાઃ—ખરેખર ભૂખ્યા થયા છે, બા! (પાસે જાય છે, માણસો આઘા ખસે છે) મારા રાજા!

તેજસિંહઃ—સ્ત્રી, તું કોણ છે? શું કરવાની છે, સ્ત્રી!

અબલાઃ—સ્વામી, મદદ કરી શકું?

તેજસિંહઃ—હં! તમે રાણી છો. માફ કરો, તમે પણ સૌ દરગુજર કરો, ભાઇઓ.

રાજગુરૂઃ—આપનું બળ સમેટવું જોઇશે, રાજેન્દ્ર!

આદિત્યઃ—હા, હજુર, અમારી સૌની ખાતર.

માણસોઃ—અમારી સૌની ખાતર.

તેજસિંહઃ—વાજબી છે. તમારી ચેતવણી ખરે વખતે છે. સુંદરીઓ તમે સૌ તમારી છાવણીમાં જાઓ એટલી મારી વિનંતિ છે. અમારે મસલત કરવી છે. ગુરૂદેવ, આપ એમને સહીસલામત પહોંચાડો.

સાધનાઃ—(આસ્તેથી) બહેન, પ્રણામ કરી લે.

અબલાઃ—(,,) માડી, હવે મારી સાથે એ નહીં બોલે?

સાધનાઃ—પ્રણામ કરી લે ! (અબલા આજ્ઞા પ્રમાણે વર્તે છે.)

તેજસિંહઃ—તમારૂં સૌનું કલ્યાણ થાઓ !

(અબલા, સાધના, રાજગુરૂ જાય છે. બહાર પ્રશંસાધ્વનિ એમને વધાવે છે.)

પ્રવેશ ૪ થો.

તેજસિંહ, આદિત્ય, દેવસેન, અણુહિલ, પહેરેગીર, સામંતો.

તેજસિંહઃ—સ્ત્રીઓ અને બ્રાહ્મણને મોકલી દીધાં, હવે જે થવાનું છે તેની નિસ્બત આપણે લડવૈયાઓને છે. ક્યાં છે પહેરેગીર? ભાઇ, આગળ આવ.

માણસો (બબડતાં):—ધારપરનો પહેરેગીર ! પહેરેગીર !

તેજસિંહઃ—ભાઇઓ, સાંભળો વ્હાણ નાશ પામ્યાં છે.

[ઘોંઘાટ દુઃખની ચીચીઆરી.

શાંત પડો, શાંત, વીરો ! તારૂં નામ હરિહર છે?

પહેરેગીરઃ—જી હા, ગરીબ પરવર !

તેજસિંહઃ—ક્યારથી પહેરો ભરે છે ?

પહેરેગીરઃ—કાલ સવારથી, હજૂર.

તેજસિંહઃ—ક્યાં છે તારી જોડના બે સોબતી ?

પહેરેગીરઃ—તેઓ ધારપર છે, આપના હુકમ પ્રમાણે, નામદાર.

તેજસિંહઃ—ઠીક, તમે શું જોયું ?

પહેરેગીરઃ—ખુદાવિંદ, સમુદ્રપર મીનાક્ષીની ભૂશિરને વેલ્લીમેર, વિશ્વકર્માનો ધૂમાડો ઉતર્યો એટલે આજે સાંઝના છેલ્લા પહોર લગી અમારી નજરે કાંઇ આવ્યું નહીં. એવામાં એકદમ વ્હાણ દેખાયાં—સંખ્યા પાંચની હતી—કિનારાની તદ્દન નજીક—મૌર્યોના જમાનાનું અંડીએર નગર દટાએલું છે ત્યાં........ અમારામાંનો એક ઉતાવળે આવવા તૈયાર થયો, એવામાં—

તેજસિંહઃ—ઉભો રહે? વ્હાણો પર સંકેત શો હતો ?

પહેરેગીરઃ—આગળનું શઢ આડકતરૂં વીટાળેલું હતું અને—

તેજસિંહઃ—અને ?

પહેરેગીરઃ—તૂતક આગળ આસોપાલવનો ઝુમખો.

તેજસિંહઃ—આસોપાલવ તમે નજરે જોયો ?

પહેરેગીરઃ—આપ નામદારને નિહાળું છું તેવી જ રીતે.

તેજસિંહઃ—ઠીક પછી ?

પહેરેગીરઃ—પછી, દુશ્મનો ખારવાનાં જે વ્હાણોથી ખોરાક મેળવે છે તેમને પેલાં વ્હાણોની આસપાસ વીંટળાઇ વળતાં જોયાં, અને તરત જ.

તેજસિંહઃ—તરત જ શું ?

પહેરેગીરઃ—હજૂર, ક્ષોભ વિના સૌ દુશ્મનની છાવણી તરફ ચાલ્યાં ગયાં. ત્યાં તેમણે માલ ખાલી કર્યો.

[માણસો કપાળ કૂટે છે. પ્રગાઢ નીરવતા.

તેજસિંહ:—(એક પછી એક તરફ હસતી નજર નાંખતો).
ઠીક થયું...બહાર ત્યાં તું કોઇને આ વિશે કાંઈ
વાત કરીશ નહીં. હું એમને કહીશ.

[પહેરેગીર ચાલ્યો જાય છે.]

પ્રવેશ ૫ મો.

તેજસિંહ. આદિત્ય. દેવસેન. સ્કંદ. બીજાઓ. સામંતો.

તેજસિંહ:—બિરાદરો, તમારી સલાહ !

આદિત્ય:—પ્રભુ, સલાહ અમને સૂઝતી નથી.

તેજસિંહ:—દેવસેન, તું ! તારા અનુભવમાંથી કાંઇ ?

દેવસેન:—સ્વામી, મહાન યશાદિત્યની સેવા મેં કરી છે.
છતાં તે પણ કાંઇ આપી શકતી નથી.

તેજસિંહ:—ઠીક, ત્યારે, મને સુઝે છે......સરળતઃ અને સત્વર
સમજાય છે. મરી જાઓ ! આવા અવિશ્વાસની
નજર કેમ મારા તરફ કરો છો ? મારૂં કહેવું નથી
સમજતા? બીકણ દુશ્મનોની પેઠે શરીરે પછેડી લપેટી
પીઠમાં ઘા કરવાનું પડોસીને કહેવાનો રસ્તો બતાવું
છું એમ ધારો છો ? થંડા પડોઃ શરમથી હું
તમને બચાવીશ. કીર્તિની પ્રાપ્તિ પ્રત્યે દોરી નહીં
જઈ શકું ત્યારે તમારી લાજ નહીં જવા દઉં.
જયાં લગી ભાલો પકડવાની તાકાત આપણા ત્રીસ
જણમાં છે ત્યાં લગી આપણું આ સ્થાન લેવાની
કોઇની મગદુર નથી. પણ આખરે વખત આવશે
થોડીજ-વારમાં-ભૂખથી દુર્બળ થએલો હાથ આ-

ક્રમણ કરતા ખૂનીઓ પાસે રહેમત માગવા લાંબો થઇ શકે નહીં.

આદિત્યઃ—મહારાજ, કોઇ આભીર આવું કરતો નથી !

તેજસિંહઃ—તું જેવો છું તેની ખાતરી તું કરાવે, પણ તારૂં શું થશે તેની જામિનગિરિ તું મને નહીં આપી શકે; એટલે મારી સલાહ અને આજ્ઞા છે. છેલ્લા યુદ્ધ માટે સૌ સજ્જ થાઓ. પ્હરોડના ઝળઝળીઆમાં આપણે કોતરોમાંથી કૂદી પડશું અને ખુલ્લા મેદાનમાં દુશ્મનોની સામે આપણો વ્યૂહ માંડશું.

સર્વેઃ—મહારાજ, એ અશક્ય છે.

આદિત્યઃ—સ્વામી વિચાર કરો આપણા એકની સામે દુશ્મન સો છે.

તેજસિંહઃ—તારો અભિપ્રાય, દેવસેન ?

દેવસેનઃ—પ્રભુ, આપ અમને મૃત્યુના માર્ગે લઈ જાઓ છો.

તેજસિંહઃ—હા, બરાબર મેં બીજું કહ્યું છે ? શું તમે મને રણમાં એવો બીનપલોટાએલો માનો છો કે પરિણામ મારા લક્ષ બહાર હોય ? ત્યારે શા માટે ખચકાઓ છો ? જયારે તિબ્યરાજ આપણા સેનાની હતા ત્યારે આપણે લાખ હતા, અત્યારે આપણે માત્ર પાંચ છીએ—તે સર્વેને મરતાં આવડતું હતું. આપણે—એમનામાંથી રહેલા સહેલા કંગાળો શું તે વીસરી ગયા હઇશું ?

સર્વેઃ—ના, મહારાજ, ના !

દેવસેનઃ—પ્રભુ, તે ભયંકર પ્રસંગથી પરિચિત થવા જેટલો વખત આપો.

તેજસિંહ:—ભયંકર ? તમને શું ભયંકર લાગે છે ? મૃત્યુનો પરિચય મેળવવા સમય જોઇએ છીએ ? લીલથી છવાએલા જુના વ્હાણાની પેઠે જેની છાતી ઘાના ચાઠાથી અંકિત ન હોય એવો તમારામાં કોઇ નથી. આજ વીસ વર્ષ થયાં તમે મૃત્યુને ઉડાવ્યું છે પણ હવે તે સાક્ષાત્ આવ્યું છે ત્યારે આખીરે શું 'ભયંકર' એવો ઉદ્ગાર કહાડશે ? તમે શું કરશો ? ભૂખ્યા સૂઇ રહેશો ? એક બીજાને ખાઇ જશો ? સારૂં હું તમારી સાથે એમ વર્તીશ નહીં ! હું નહીં જ ! આવતી કાલે મારો ભાલો અને ઢાલ લઇ, તમારા દુખતા ભાગ્યનો નાયક મને બનાવ્યો ત્યારથી જે મૃત્યુની ચોરની પેઠે રાહ જોઈ રહ્યું છું તે મૃત્યુને મારી મેળે મળવા જઇશ—તું એકલો, મારા બુઢ્ઢા ગોઠીઆ, મારી સાથે આવે છે ને ?

અણહિલ (પગેપડીને):—ખુદાવિંદ, મમતા માથે ચડાવું છું. સાથે આવવાનો સવાલ જ હોય ?

સર્વે:—અમે પણ તૈઆર છીએ, રાજેન્દ્ર, અમે બધા.

આદિત્ય:—સુખનો માર્ગ બતાવવા માટે પ્રભુ, આપને ધન્યવાદ દેવો જોઇએ. એકદમ અમે આપની પાછળ સંગ્રામમાં ઉતરવા તૈઆર ન થયા માટે અમારા પર કોપ કરશો મા. હવે જ અમને આપના મહાન વિચારનું વિશદ દર્શન થાય છે. શોક, અણબનાવ અને હતાશામાંથી અમે ઉઠીએ છીએ, મૃત્યુ તરફ ઢળી પડતા નથી......દરેક જણ બીજાનાં મુડદા

ઉપર હસતાં ચાલશું એટલે તેની પેઠે જ રણુશ-
ય્યામાં હસતા સૂશું......હાશ! સુવર્ણ કલશમાંથી
અમૃતનું પાન થશે—ઉત્સાહપ્રદ ગમ્મતની મસ્તી
માણુશું. ખમ્મા, મારા નાથ. તારી ગાદીની કેટ-
લીએ વાર કાળજી કરી છે, પણ હવે તે બીલકુલ
રહી નથી.

તેજસિંહઃ—આદિત્ય, તારી કલ્પનામાં હશે તેથી નિરાળીજ ઘટના
ઘણુંકરીને થશે. છતાં આભીરોમાં આવો જુસ્સો
હજૂ વસેલો જોઇ રાજી થાઉં છું.

દેવસેનઃ—દેવ, સેવકનો એક શબ્દ સૂણુશો? મેં સોનેરી
દિવસો જોયા છે......આપ વીરશ્રેષ્ઠ છો એટલું
નહીં પણ સૌથી શાણા છો. જો હમણાં થાપ
ખાધી તો, બચાવ કર્યા વગર, ખુનીની સમશેરથી
આપણા પ્રાણ જવાના......આપણા જ નહીં પણ
રોગીઓના—અને બાળકોના—અને વહુઓના.

તેજસિંહઃ—અંહ, સાચે, વહુઓ! એમનો તો વિચાર જ
ન્હોતો આવ્યો?

દેવસેનઃ—પણ હવે આવતી કાલે આપણે જંગમાં ઉતરશું.
બીજા અને ત્રીજા દિવસે—એટલો વખત આપણે
ટકી શકીશું તો—એ ચમત્કારથી દુશ્મનો અને
એમની પાછળ ખેંચાઇ આવતા ભીલ વગેરેના
ટોળામાં આશ્ચર્ય અને ભય ફેલાશે.....એમનો
સદંતર નાશ આપણે નહી કરી શકીએ, પણ તેઓ
કાઇ જાય ત્યાં લગી આપણા લોહીથી તેમને હું-

ફાવશું......અને જયારે એમના પક્ષમાં ભાલો કે ધનુષ્ય પકડવાની શક્તિ કોઇનામાં નહીં રહે ત્યારે એ હીજડાઓને કહેવાનો વખત આવશે "સુલેહ-થી ચાલ્યા જાઓ." તે વખતે તમારામાંથી કેટલા બચ્યા હશે? મને દેહસત છે કે બહુ નહી !—

તેજસિંહ (હસતાં):—આપણે, ખાતરીથી નહીં !

સર્વે (ક્રૂર હાસ્ય કરતાં):—નહીં જ, અમે નહીં !

દેવસેન:—પછી આપણા ભાઇઓ બૈરાં છોકરાંઓ સાથે દુશ્મનની વચમાં જશે, અને માથું ઉંચું રાખી, ખુલ્લી તલવારે દુશ્મનની છાવણી સોંસરા નૂપુરવપ્ર પર રોટલાનો ટુકડો વેચાતો લેવા ઉતરી પડશે. સાચું માનજો, એમનો ધાક પડશે કે ભીલોનો કૂતરો પણ એમની સામે ભસવાની હિમ્મત નહીં કરે.

તેજસિંહ:—બૈરી અને છોકરાં! બૈરી અને છોકરાં! આપણે એમનું શું કામ છે!

સ્કંદ:—મહારાજ સાહેબ, આપ અમારાં વ્હાલાંમાં વ્હાલાંનો તિરસ્કાર કરો છો.

તેજસિંહ:—હશે! સવારે જયારે ખોરાક વ્હેંચવામાં આવ્યો ત્યારે ઘણાં પેટ ભરવાનાં હતાં એટલું મને માહિ-ત છે. નહીંતર આપણે ટકી રહેવા સમર્થ થયા હોત. તોપણ આટલી એક વાત તમને કહું છું—બહાર ઉભેલા માણસોને વીરપુરૂષો તરીકે વ્રતનિ-ષ્ઠ રહેનારાઓને આજ્ઞા કરૂં છું—આપણા નિશ્ચયની વાત કોઇ પણ સ્ત્રીને જણાવવી નહીં. સ્ત્રીઓનાં

આંસુ અને ચીસથી કોઈ પણ માણસ પોચો પડયો હું સાંખીશ નહી.

સ્કંદ:—પ્રભુ અમારી સહધર્મચારિણીઓ પાસેથી રજા ન લેવાનો હુકમ નિર્માનુષ છે.

તેજસિંહ:—મારી ઉપેક્ષા કરી તેમની રજા લેજો પણ લેતી વખતે મૂગા રહેજો. જેમને સ્ત્રીસંતતિ હોય તે શકટપુર જાય અને ખાવાપીવાનું લેતા આવે-થોડું પણ બચાવી રાખવામાં સ્ત્રીઓ મોઝ માણે છે. પછી વાંઢાઓ સાથે બિસ્મિલ્લાહ કરે અને બને તેટલી લહેર માણી લે.

દેવસેન:—નિશ્ચય જણાવવાની સખ્ત મના કરો છો તો પ્રભુ! એમાંણે એમની વહુઓને શું કહેવું?

તેજસિંહ:—એમ કહો, મારા લગ્ન નિમિત્તે મળવા આવ્યા છો! અથવા મનાય એવું લાગે તો કહેજો કે વ્હાણો આવ્યાં છે. ફાવે તે કહેજો. ફક્ત આટલી વાત તમારા મનમાં રાખજો.

આદિત્ય:—આપ નવોઢા રાણીને પણ નહીં મળો?

તેજસિંહ:—હેં? નહીં......સ્હેજ પણ વૃત્તિ થતી નથી. હવે લોકો સાથે વાત કરીશ. આદિત્ય, મારી વાણી તારા જેવી હોત તો કેવું સારૂં-સંદેશો ગુંચવે એવો છે, મારે ઉત્તેજક શબ્દો ઉચ્ચારવા છે પણ તે સ્ફુરતા નથી. ચાલો.

[સર્વે જાય છે, અણહિલ ધીમેથી પાછળ ચાલે છે.

પ્રવેશ ૬ ઠો.

ટુંક વખત રંગભૂમિ નિર્જન રહે છે. રાજાનો ઘાંટો સંભળાય છે. તેની વાણી જયઘોષથી વધાવાય છે. પછી થોડીક પળ વીત્યે, દુઃખનાં ગુંગળાતાં ડુસકાં.

અણુહિલ રંગભૂમિપર આવે છે અને પડદા નજીકના ઢુંઢાપર બેસે છે. પછી એ મશાલો સળગાવી કડામાં ભેરવે છે અને રાજાનાં હથીઆર સજ્જ કરે છે. જ્યારે ઉત્સાહનો નિનાદ ઉઠે છે, વળી પાછો ધીમો પડી જાય છે.

પ્રવેશ ૭ મો.

અણુહિલ, રાજગુરૂ વાચસ્પતિ (થાકથી ને આવેશથી લથડીઆં ખાતો.)

અણુહિલઃ—પૂજ્ય દેવ, આસને આપ નહીં બિરાજો ?

વાચસ્પતિઃ—મહારાજા શું બોલે છે તે સાંભળવા તું નથી જતો ?

અણુહિલઃ—એને અને મારે કાંઈ નિસ્બત નથી, ગુરૂદેવ. મહારાજા સાહેબ અને હું—ઘણા લાંબા કાળથી કામ કરવામાં એકમત છીએ.

વાચસ્પતિઃ—ખરે, યમના દૂત જેવા ત્યાં આગળ તેઓ ઉભા છે.

અણુહિલઃ—ફિરસ્તા હોય કે જીન હોય, મારે મન એક જ છે.

[ઉત્સાહનો ઘોષ નવેસરથી ઉઠે છે અને તંબુઓની નજીક આવે છે.]

પ્રવેશ ૮ મો.

એના એજ. રાજા (આંખોમાંથી આગના તણખા ઉડતા. ફીકકો છતાં સ્વસ્થ.)

તેજસિંહ:—ક્યાં આર સજા છે ?—અહો, આપ ક્યાંથી ગુરૂદેવ!

વાચસ્પતિઃ—મહારાજા, મારા મહારાજા !

તેજસિંહ:—સાચે, હવે આપને નવા યજમાન ગોતવા પડશે, ગુરૂદેવ. આપનો આશીર્વાદ આપવાના હો તો કૃપા કરી સત્વર આપો......આદિત્ય હમણાં આવશે.

વાચસ્પતિ:—દરેક મરતા જીવના થરથરાટથી તારી જાતને મુક્ત માને છે? તાત !

તેજસિંહ:—ગુરૂદેવ, આપણા સંપ્રદાયનો હું સાચો ભક્ત હતો. એક વેળા તિબ્યરાજે કર્યું તેમ હું એના મંદિર બંધાવી શક્યો નથી. પણ જે નાશ કરવાનું હતું તે એના શ્રેય અર્થે મેં નાશ કર્યું છે. આશીર્વાદ માટે દંડવત પડું ?

વાચસ્પતિ:—વત્સ, તારા કહેવાનો ભાવાર્થ મારાથી ગમાતો નથી

તેજસિંહ:—ગુરૂદેવ, નથી સમજાતો તો દિલગીર છું.

વાચસ્પતિ:—તેં રજા લીધી ?

તેજસિંહ:—રજા, કોની? ઉલટું મને તો 'સ્વાગત'નો ધ્વનિ કરવાનું મન થાય છે; પણ હજૂ ત્યાં કાંઈ નથી !

વાચસ્પતિ (ભમ્મર ચડાવી):—આપની રાણીની રજા, પ્રભુ.

તેજસિંહ:—અત્યારે, હું પુરૂષોનો સગો છું, ગુરૂદેવ. પત્ની સાથે કાંઇ લાગતું વળગતું નથી. સલામાલેકુમ.

[આદિત્ય અને અણહિલ પ્રવેશ કરે છે.

વાચસ્પતિ:—આલેકુમ સલામ—પ્રભુ, ત્હારા આત્મામાં પોતાનો પ્રસાદ ભરો !

તેજસિંહ:—ઋણી છું, ગુરૂદેવ...અહો તું આવ્યો, આદિત્ય.

[વાચસ્પતિ જાય છે.

પ્રવેશ ૯ મો.

તેજસિંહ, આદિત્ય, અણુહિલ (પછવાડાના ભાગમાં, રાજાનાં હથિયાર સજ્જ કરતો નિઃશબ્દ અંદર બહાર આવ જા કરે છે.)

તેજસિંહઃ—યોદ્ધાઓ શું કરે છે?

આદિત્યઃ—જેમની વહુઓ છે તે શકટપુર ગયા છે...જરૂર તેઓ ત્યાં ખાશે પીશે અને પોતાનાં બાળગોપાળ સાથે ખેલશે.

તેજસિંહઃ—તારી વહુ આંહિ છે!

આદિત્યઃ—હા પ્રભુ!

તેજસિંહઃ—તારાં છોકરાં?

આદિત્યઃ—બે પુત્રો, પ્રભુ!

તેજસિંહઃ—છતાં તું ગયો નથી?

આદિત્યઃ—પ્રભુ, આપની તહેનાતમાં હાજર રહ્યો છું.

તેજસિંહઃ—વખત કેટલો થયો છે?

આદિત્યઃ—નવ વાગ્યા છે.

તેજસિંહઃ—જેઓ સ્વતંત્ર–અવિવાહિત છે અને જેમની વહુઓ આંહિ નથી તેઓ શું કરે છે?

આદિત્યઃ—ધૂણી ધખાવી શાંત પડયા છે.

(અણુહિલ જાય છે.

તેજસિંહઃ—એમને માટે પણ કાંઇ ખાવાનું આવે તેવી જોગવાઇ કર. મેં ક્યારનો હુકમ કર્યો છે. શું તેઓ ઉંઘશે?

આદિત્યઃ—કોઇ ઉંઘશે નહીં.

તેજસિંહઃ—મધરાતે, મને તેડવા આવજે.

આદિત્યઃ—જી, જેવો હુકમ. (જવાનું કરે છે.)

તેજસિંહઃ—(ચિંતાના શેરડા પડે છે.) આદિત્ય, ઉભો રહે ! ...તું મારો હમ્મેશ પ્રતિસ્પર્ધી હતો.

આદિત્યઃ—હતો, પ્રભુ. પણ ઘણા લાંબા કાળથી પ્રતિસ્પર્ધી મટી ગયો છું.

તેજસિંહઃ—હાથ લંબાવીને); આવ !

(ગાઢ આશ્લેષથી બન્ને ભેટે છે, પછી હાથે હાથ મેળવે છે.) ખુશીથી તને આંહિ પકડી રાખત, પણ તારે તારી વહુને મળી આવવું જોઇએ.

(અણહિલ ફરી આવે છે.

ધુણીની તાપણી તાપતા સિપાહીઓ માટે ખાવાનું લાવવાનો બંદોબસ્ત વીસરતો નહિ. તેમનું ચિત્ત વ્યગ્ર રહેવું ન જોઇએ. આવે વખતે વિચાર કરવાથી લાભ નથી.

આદિત્યઃ—જી. હજુર.

(આદિત્ય જાય છે.

પ્રવેશ ૧૦ મો.

તેજસિંહ. અણહિલ.

તેજસિંહઃ—ચાલ, મારા ડોસા, પૃથ્વીપર હવે આપણે માટે કાંઇ કરવાનું રહેવું ન જોઇએ. વાતો કરશું ?

અણહિલઃ—ગરીબ પરવર, મારા પર મહેરબાની કરશો.

તેજસિંહઃ—હજૂ મહેરબાની, આવે વખતે ? જૂના દોસ્ત, મને લાગે છે કે તારે મને રડાવવો છે.

અણુહિલ:—પ્રભુ, હું બુઢ્ઢો થયો. આપની જીંદગીનું રક્ષણ કરવા જોઇતા વખતથી વ્હેલાં મારો હાથ ભાલો પકડી થાકી જશે. મારી તકસીરથી આપનો નાશ થવો ન જોઇએ, નાથ......કોઇ ઉંઘતું નથી છતાં બાકી રહેલા બે કલાક મને મારા ખાટલામાં સૂવા રજા આપો. મારે માટે બીજો વિચાર લાવશો માં !

તેજસિંહઃ—(ઉંડી ચિંતાનો નવો ખટકો ખમતાં): જા પણ બહુ દૂર નહીં.

અણુહિલ:—આપના તંબુ આગળ નિરંતર કૂતરાની માફક સૂઇ રહ્યો છું, પ્રભુ આ છેલ્લી રીતે એમાં બીલકુલ ફેર પડવાનો નથી...હુકમ છે હજુર !

તેજસિંહ:—સુખી થા !

(અણુહિલ જાય છે.

પ્રવેશ ૧૧ મો.

તેજસિંહ પછીથી અબલા.

(તેજસિંહ, એકલો પડવાથી, ખાટલા પર પડે છે. થાકેલું, કડવું સ્મિત ફરકાવતો તાકીને પોતાની બરાબર સામે જુએ છે. અબલા લજ્જાભરી આવે છે, એક હાથમાં મીઠાઇ ને મેવો ભરેલો કંડીઓ છે; બીજા હાથમાં દારૂથી ભરેલો સોનાનો પ્યાલો છે. પાટ તરફ થોડાંક પગલાં ભરે છે.)

તેજસિંહ (અર્ધો ઉઠીને):—કોણ છે ?

અબલા (બ્હીતી, ધ્રુજતે સ્હીને):—રાજેન્દ્ર, મને ઓળખતા નથી ?

તેજસિંહ—(ખાટલા પરથી ઉઠીને):—દીવા ઝાંખા બળે છે... તારો અવાજ અગાઉ સાંભળેલો છે...મારૂં શું કામ છે?

અબલાઃ—હું આપની રાણી છું, રાજેન્દ્ર.

તેજસિંહ—(થોડો વખત ચૂપ રહી):—તારે મારૂં શું કામ છે?

અબલા:—મારી બાએ મને મોકલી છે, આપને સારૂ હું મિષ્ટાન્ન અને સુરા લાવી છું. બીજાઓ ખાય પીએ છે એટલે મારી બાએ કહ્યું કે... (અટકી પડે છે.

તેજસિંહ:—તું અંદર કેવી રીતે આવી?...સંત્રીએ તને આવતાં રોકી નહીં?

અબલા—(ટટાર થઇ:)—પ્રભુ, હું રાણી છું.

તેજસિંહ—હં, બરાબર. પણ, અણુહીલે શું કહ્યું!

અબલા:—આપણો વૃદ્ધ ભાલેદાર પડયો પડયો ઉંઘે છે. હું એને ઓળંગી આવી, પ્રભુ.

તેજસિંહ:—અબલા, તારૂં કલ્યાણ થાઓ...મને ભૂખ નથી લાગી. તારૂં કલ્યાણ થાઓ.

(નિઃશબ્દતા. અબલા ઉભી ઉભી અશ્રુપૂર્ણ દષ્ટિ એનાપર નાંખે છે.

તેજસિંહ:—હજૂ પણ તારે કાંઇ અરજ કરવાની છે એવુ મને લાગે છે. વગર સંકોચે બોલ.

અબલા:—મારા નાથ, ભરેલો કંડીઓ લઇ ઘેર પાછી જઇશ તો બીજી સ્રીઓ મને ફીટકાર દેશે...અને પુરૂષો કહેશે કે—

તેજસિંહ—(સ્મિત કરતાં):—પુરૂષો શું કહેશે?

અબલાઃ—હું આપના જરાએ લેખામાં નથી. મારા હાથથી જમવાની પણ વૃત્તિ આપને નથી થતી.

તેજસિંહઃ—પુરૂષોને બીજી વાતોનો વિચાર કરવાનો છે. અબલા તેની ખાતરી મારા પંડના સોગન ખાઇ તને આપું છું—છતાં, તોપણ મારે લીધે તને બટ્ટો નહીં લાગવા દઉં. ત્હણે કંડીઓ મૂક...હજુ પણ તમારી પાસે આવી વસ્તુઓ છે?

અબલાઃ—પ્રભુ, આ બે સમાહ થયાં મારી બાએ, મેં અને બીજી સ્ત્રીઓએ અમારા ભાગમાંથી સારામાં સારૂં ઉંચું મુકી છાંડયું છે.—આજ દિન લગી માંસ માટે પશુપક્ષી માર્યા નથી.

તેજસિંહઃ—ત્યારે તો તમને સ્ત્રીઓને કકડીને ભૂખ લાગી હશે, નહીં વારૂ?

અબલાઃ—એથી અમે હેરાન નથી થયાં......એ મીજબાની માટે હતું.

તેજસિંહઃ—સાચે! આજે અમે મીજબાની આપશું એવું તમારૂં માનવું હતું.

અબલાઃ—ઠીક ત્યારે શું મીજબાની નથી, પ્રભુ?

તેજસિંહઃ—(છાનોમાનો અધર કરડે છે; ચોરી છુપીથી અબલાને તપાસે છે)—અબલા તું બેસશે નહીં?... અત્યારમાં તને પાછી ઘેર જવા નહિં દઉં! તેથી પણ તને કલંક લાગે, નહીં?

(અબલા મૌન રહે છે અને નીચું જુએ છે.)

તેજસિંહઃ—હું હુકમ કરૂં તો અહીં થોભવા તારી મરજી છે?

અબલાઃ—નાથ, પતિ સમીપ રહેવા પત્નિને શા માટે ઇચ્છા
ન થાય ?

તેજસિંહઃ—હું–તારો–પતિ છું, એવી લાગણી ત્યારે શું તારા
હૃદયમાં છે ?

અબલાઃ—અલબત્ત, એથી બીજું શું હોય ? ગુરૂદેવે આપણને
સંલગ્ન કર્યા છે.

તેજસિંહઃ—એમણે સંલગ્ન કર્યા ત્યારે તને આનંદ થયો હતો ?

અબલાઃ—હા...ના, ત્યારે આનંદ ન્હોતો થયો.

તેજસિંહઃ—શા માટે ન્હોતો થયો ?

અબલાઃ—કદાચ,...રખેને...વખતે, વખતે...પ્રભુ, હું બ્હીની
હતી, પ્રાર્થના કરતી હતી.

તેજસિંહઃ—શા માટે પ્રાર્થના કરતી હતી ?

અબલાઃ—આપને જેની જરૂર છે એવું અને મારાથી આપ
અપેક્ષા રાખો એવુ સુખ આપને આપવાની શક્તિ,
મ્હારા જેવી પરમેશ્વરની નમ્ર કિંકરીને પરમેશ્વર
આપે માટે.

તેજસિંહઃ—તારી પાસેથી જેની હું......એ વિશે પ્રાર્થના
કરતી હતી !

અબલાઃ—નાથ, આપને માટે પીરસું ? સુરા લાવુ ?

તેજસિંહઃ—ના, ના !...આમ જો, અબલાઃ બ્હાર, આપણી
તાપણી પાસે યોદ્ધાઓ છે—તેઓ ભૂખ્યા છે—
મને ભૂખ નથી લાગી.

અબલાઃ—નાથ, આપને ગમે તે તેમને આપો...તેમને બધું
આપી દો !

તેજસિંહઃ—તારૂં કલ્યાણ થાઓ, અખલા. (પડદો ઉપાડે છે.) અરે, પહેરેગીર, અંદર આવ, પણ જાળવીને, ડોસો ઉઠે નહીં...

[પહેરેગીર આવે છે.

લે, મીઠાઇ અને સુરાનો આ કંડીઓ; પ્રમાણિકતાથી વ્હેંચી લેજો;...કહે જો કે તમારી રાણીએ મોકલ્યું છે.

પહેરેગીરઃ—ખુદાવિંદ, રાણીસાહેબનો આભાર માનું ?

(તેજસિંહ ડોકું નમાવે છે. પહેરેગીર ઉલ્લાસથી રાણીને પગે પડી જાય છે.)

તેજસિંહઃ—જા—મારે માટે ખાવાનું લાવ !

અખલા(મુંઝાઇને):-નાથ-કેમ-મને-બનાવો છો ?

તેજસિંહઃ—ત્યારે મારૂં કહેવું સમજતી નથી ? જો મારી વહુ થવું હોય તો, તારે મને મારી મિલ્કત ધરવી જોઇએ, તારી નહીં !

અખલાઃ—મારી તે આપની જ મિલ્કત નથી, નાથ ?

તેજસિંહઃ—હું ! (મૌન. તેના હાથ પકડે છે.) મને નાથ નહીં કહે, રાજા પણ નહીં કહે...મારૂં નામ તું જાણતી નથી ?

અખલાઃ—આપનું નામ તેજસિંહ છે.

તેજસિંહઃ—ફરીથી કહે જોઇએ !

અખલા (હળવેથી, આડી ફરીને): તેજસિંહ !

તેજસિંહઃ—નામ વિચિત્ર તને લાગે છે ?

(અખલા ડોકું ધુણાવે છે.)

તેજસિંહઃ—ત્યારે આનાકાની કેમ કરે છે ?

અબલા:—વિચિત્ર લાગે છે માટે નહીં, નાથ જયારથી મેં જાણ્યું કે આપની પત્ની તરીકે આપની સેવા કરવાની છે ત્યારથી રાતે અને દિવસે વારંવાર આપનું નામ મેં લીધા કર્યું છે. ફક્ત મોટેથી નથી ઉચાર્યું.

તેજસિંહ:—તારી જાણમાં એ આવ્યું તે પહેલાં મારે માટે તારો શો વિચાર હતો?

અબલા:—નાથ, એમ શા માટે પૂછો છો?

તેજસિંહ:—શા માટે જવાબ નથી આપતી?

અબલા:—નાથ, આપની ક્રૂર આજ્ઞાઓ વિશે સાંભળતી અને બીજાઓ આપનાથી ડરતા–ત્યારે વારંવાર વિચાર આવતો: આભીરોનું પ્રારબ્ધ જેને આવાં કામો કરવાની ફરજ પાડે છે તે કેટલો દુઃખી હોવો જોઇએ!

તેજસિંહ:—એવો તને વિચાર આવ્યો? એવો તને—?

અબલા:—એવો વિચાર મને આવ્યો તે શું અનુચિત હતું?

તેજસિંહ:—તેં કદી મારો ચહેરો જોયો ન્હોતો છતાં તું મને સમજી શકી? મારી આસપાસ રહેનારા ડાહ્યા માણસો અને કસાએલા યોદ્ધાઓ મને સમજી શક્યા નહીં!...તું કોણ છે, સુંદરી મારૂં હૃદય વાંચતાં તને કોણે શીખવ્યું?–તને, સર્વેમાંથી એકલી તને?

અબલા:—નાથ, હું—

તેજસિંહ:—બધા મારાથી થરથરતા અને ખાણુમાં મારાથી સંતાઇ રખડતા પણ રસ્તો જોયો નહીં–સુભાગ્યે જે રસ્તે તેમનું રક્ષણ થયું હોત તે ખરો રસ્તો

તેમણે જોયા નહીં. જલ્લાદની છરી તેમની ગરદન પર ઉતરતી ત્યારે પણ બાંધછોડની કંઇક વાત કરતા. એટલામાં લુચ્ચા દુશ્મનો આવ્યા, તેમની સાથે લડયા અને એક પછી એક અમારો સંહાર થયો. આમ લાખ નાશ પામ્યાં. મેં શોક અને ક્રોધનાં વસ્ત્રો વીંટાળ્યાં—લોહીઆળ ચીંથરાની પેઠે આશાને મેં ફેંકી દીધી, ભંગાણમાં તિરસ્કાર અને હાસ્યભર્યો હું કૂદી પડયો. મારા પ્રત્યેના ત્રાસથી મારૂં હૃદય હલમલી રહ્યું હતું ત્યારે મારી આસપાસ મેં ત્રાસ વાવી દીધો. સર્વના લોહીથી એક વખત પણ હું મત્ત નથી થયો. મેં દુશ્મનને માર્યા, માર્યા, છતાં બધો વખત જાણતો હતો કે બધું ફોગટ છે!

(વેદનાથી પીડિત થઇ શય્યાપર પડે છે; પોતાની સમક્ષ સીધું તાકીને જુએ છે.)

અબલા (લજવાતી તેના પર વ્હાલનો હાથ ફેરવવાનો પ્રયત્ન કરે છે): મારા વ્હાલા, બિચારા મહારાજા! વ્હાલા તેજ!

તેજસિંહ (ડોકું ઉંચું કરી ગભરાએલો આજુબાજુ જુએ છે.): મારા પ્રભુ, આંહિ હું શું કરૂં છું?...તને શાને આ બધું કહું છું? આવો ભડભડીઓ છું માટે મને ધિક્કારતી નહીં...તેમ એમ પણ ન માનતી કે અનુતાપથી આ હકીકત કબૂલ કરવાની મને ફરજ પડી છે...કદાચ વર્ષોને માટે મારા હૃદયમાં

ઘૃણા થઇ છે, પણ મારૂં અંતઃકરણ એ સર્વેથી ઉંચે વિરાજે છે!...મારી મુફલેસ આભીર ગાદીથી ઘણું જ ઉંચું!...એમ મારા પર નજર કર...તારી આંખમાં એવું કાંઇક છે જેથી મારા અંતરના વિચારો તારી સમક્ષ પ્રગટ કરવાની મને ફરજ પડે છે......મારાપર આવું સામર્થ્ય મેળવવાની શક્તિથી તને કોણે સંપન્ન કરી છે?...જતી રહે! ...નહીં, ઉભી રહે...ઉભી રહે! હજૂ, મારે તને કાંઇ કહેવું છે, તદ્દન રહસ્યમાં તારા જતાં પ્હેલાં ...પણ મારે આમ રડવું ન જોઇએ, નહીં તો પહેરેગીર સાંભળી જશે...તારો કાન મારી તરફ નીચો ધર. હજૂ લગી કદી પણ કોઇ માણસ પાસે કબૂલ કર્યું નથી, તેમ કોઇ દિવસ કબૂલ કરીશ એવો સંભવ પણ માન્યો નથી. મારા અંતરમાં ઇર્ષ્યા છે, તે મારૂં કાળજું કોરી ખાય છે, જ્યારે જ્યારે વિચાર કરૂં છું ત્યારે–તને ખબર છે કોની? ...તિષ્યરાજની......અલબત્ત, મસાણમાં બાળેલા તિષ્યરાજના...લોકો તેને 'પ્રભાવી' તિષ્યરાજ કહેતા અને આજે પણ તેઓ તેને ચાહે છે...અદ્યાપિ જ્યારે તેનું નામ સાંભળે છે ત્યારે લોકોની આંખો ચમકે છે.

અબલાઃ—અહો, પ્રભુ! આપ કેવા ઉકળ્યા છો?

તેજસિંહઃ—તેં કદી તેને જોયો હતો?

અબલાઃ—કોઇ દિવસ નહીં.

તેજસિંહ—પાડ પ્રભુનો ! જે યુદ્ધમાં તે કામ આવ્યો તેની સવારે જેવો તેને મેં જોયો હતો તેવો તેં જોયો હોત...સોનેરી બખ્તરમાં સજ્જ થએલો...તેની નીચે સફેદ ઘોડો રવાલતો હતો, સૂર્યકિરણની પેઠે તેનાં ઝૂલફાં તેની આસપાસ ફરફરતાં હતાં. દુશ્મનની સામે જોઈ તે અટ્ટહાસ્ય કરતો. બાળકની પેઠે તે હસતો હતો ! આહ, તેની માફક હસતાં મરવાનું !

અબલાઃ—નાથ, તેનું ભાગ્ય સરળ હતું ! તે અહિંથી ગયા પણ વારસામાં આપને અર્ધું નષ્ટ થએલું રાજ્ય સોંપી ગયા ...પછી આપને કેવી રીતે હસવું આવત?

તેજસિંહ—(આતુરતાથી):—શું એમ નથી ?—શું એમ નથી ? –કેવી રીતે...હાશ, એથી ઠીક લાગે છે ! (આડો ફરે છે) હાશ ! તારાથી મને ઠીક લાગે છે !

અબલાઃ—દેવ, મારૂં હૈયું કેટલું દૂલાવો છો !

તેજસિંહઃ—પણ જો તેં તેને જોયો હોત અને મારી સાથે મુકાબલો કર્યો હોત તો, તું મારા પર થુંકત !

અબલા—(સ્નેહના આવેશથી): પ્રભુ, વ્હાલા, વ્હાલા નાથ ! આપનેજ ફક્ત હું જોત !

[તેજસિંહ ઉજ્જડ અને અવિશ્વાસભરી દૃષ્ટિ તેનાપર આડકતરી નાંખે છે; પછી ધીમેથી ડાબી બાજુએ ચાલી જાય છે, સિંહાસન આગળની બેઠકપર બેસી જાય છે અને સિંહાસનમાં મ્હોં દાબીને દારૂણ રૂદન કરે છે.]

અખલા—(શરમાતી તેની પાછળ જાય છે અને તેની જોડમાં ઘુંટણીએ પડે છે): તેજ, વ્હાલા, ક્ષમા કર, મેં તને દુભવ્યો હોય તો !

તેજસિંહ-(ઉભો થઇ તેનો હાથ પકડે છે): કોઇને કહીશ મા !

અખલા:—શું, પ્રભુ ?

તેજસિંહ:—તેં મને રડતાં જોયો છે તે ! સોગન ખા !

અખલા:—મને કહેવામાં આવ્યું છે કે હમણાં પણ હું તારા શરીરનો અંશ છું-તારા આત્માનો પણ !...તો પછી શા માટે સોગન ખાવા ?

તેજસિંહ:—મારા શરીરની કલા હોય, તો મારી સોડમાં ભરાવ, એટલે તે મારાં આંસુ નહીં જોઇ શકે.

અખલા:—તારે બદલે મને તે લુછવા દે ! જો, એટલા માટે તો હું આંહિ આવી છું.

તેજસિંહ:—હાશ, મને આરામ છે...આજ લગી કોઇ આભીર રોતો જણાયો નથી એટલે શરમનો માર્યો હું મરી જાત. તિબ્યરાજને ખાળ્યા ત્યારે પણ અમે રોયા ન્હોતા...છતાં હું શરમાતો નથી...એકદમ કેમ હું સ્વસ્થ થયો તે સમજાતું હોત !...અખલે, મારે તને કાંઇ કહેવું છે, પણ હસીને મારો તિરસ્કાર કરીશ મા.

અખલા:—કેવી રીતે તારા તરફ દાંત કાઢું, વ્હાલા !

તેજસિંહ:—મને ભૂખ લાગી છે.

અખલા:—(આશ્ચર્યથી ઉછળીને) અફસોસ, આપે તો બધું આપી દીધું છે !

તેજસિંહ:—ના, બીલકુલ નહી ! ફ્હણે જા, જઇશ ?

[અખલા જાય છે.

મારા ખાટલાની પછવાડે-ચૂલો જણાય છે!

અખલા:—આંહિ રાખ પડી છે ત્યાં?

તેજસિંહ:—ત્યાં પેટી છે?

અખલા:—હા.

તેજસિંહ:—ઢાંકણું ઉઘાડીશ?

અખલા:—ઓ બા! ભારે છે!

તેજસિંહ:—હવે અંદર હાથ નાંખ! ઠેઠ અંદર, ઠેઠ અંદર... ત્યાં બુઢ્ઢા કંજુસ અણહિલ-કેમ?

અખલા:—(આશાભંગ થઇને) રોટલાના બે ટુકડા; એટલુંજ છે, નાથ?

તેજસિંહ:—સાચે, એથી વિશેષ નથી.

અખલા:—તાકીદે શકટપુર જઇ આવવાની અનુજ્ઞા છે?... કદાચ હજૂ...

તેજસિંહ:—ના, ના...તેમને સૌને ટુકડાબુકલાની જરૂર છે...તે આંહિ લાવ! હમશરીખા તરીકે આપણે વ્હેંચી લઇશું-હું? બન્ને માટે એ પૂરતું છે. લાવીશ?

અખલા:—હાજી.

[તેની જોડમાં બેસે છે.

તેજસિંહ:—ચાલ, તે મને આપ! હાશ કેવું મઝેદાર! સ્વાદિષ્ટ છે ને? પણ હં, તારે પણ ખાવું પડશે.

અખલા:—મને ધાસ્તી છે કે આપને માટે પણ પૂરતું નથી.

તેજસિંહ:—નહીં કબૂલતની વિરૂદ્ધ...ઠીક...સ્વાદ સારો નથી?

અખલા:—આવી મીટાશ અર્ધી પણ કદી ચાખી નથી.

તેજસિંહ:—જરા, નજીક આવ...તારા ખોળામાંથી કકડા

ખાઈશ...પણ એકદમ મને ભૂખ કેમ લાગી ? જો અત્યારે આપણે લગ્નનો કંસાર ખાઇએ છીએ.

અખલા:—બ્હાર, સુરા અને અન્નથી જમનારાઓથી વધારે સારી મીજબાની ખરૂ ને ?

તેજસિંહ:—મેં તને જોતું કહ્યું ?...પણ તારૂં આસન બરાબર નથી.

અખલા:—ના, હું બરાબર બેઠી છું.

તેજસિંહ:—ચાલ ઉભી થા ! ઉભી થાય તો જોઉં.

અખલા:—(ઉઠીને) બોલો ?

તેજસિંહ:—લ્હણે ઉપર બેસ.

અખલા:—સિંહાસન ઉપર—પ્રભુની ખાતર—હું કેવી રીતે હિમ્મત કરૂં—?

તેજસિંહ:—તું રાણી નથી ?

અખલા:—(નિશ્ચયપૂર્વક) સાચેસાચું બેસવું જોઇશે ! પણ ગમ્મતમાં–નહીં !

તેજસિંહ:—હં, લાકડાના પાગલ ટુકડા !

[સિંહાસન ઉથલાવી પાડે છે.

છેવટે કાંઈક કામમાં તો આવવું જોઇએ...વારૂ, હવે એને અઢેલી ઉભી રહે.

અખલા:—વ્હાલા આપ વાજબી વર્તો છો ?

તેજસિંહ:—(ચમકીને) નહીં જ !

[સિંહાસન હતું તેમ ગોઠવે છે. તેના પગથીઆ પર અખલાને લઈ જાય છે અને ગાદીપર તેનું માથું રખાવે છે] બરાબર બેઠી–ખરૂં !... આના નજીના પદાર્થનો આરામ આપણે નથી

કરતા. રાજગુરૂએ આ જોયું હોત-એમણે, હા! હા! હા! થોભ, હું ફરીથી ખાઇશ.

અબલાઃ—લો, જમો!

તેજસિંહઃ—હજુ–તદ્દન હાલ્યા ચાલ્યા વિના રહીશ! હું જાતે લઇ આવીશ.

[પગથીઆં પર તેની પાસે ઘુંટણીએ પડે છે.

હવે તારી સાથે હું ઘુંટણીએ પડયો......એવું શું નથી જે આપણે શીખતા નથી?...તું રમણીય છે...મારી માનું મને જરાએ સ્મરણ નથી!

અબલાઃ—જરાએ નથી!

તેજસિંહઃ—બેન પણ ન્હોતી...કોઇ ન્હોતું...જીંદગીમાં કોઇ દિવસ રમ્યો ખેલ્યો પણ નથી...પણ હવે છેલ્લું છતાં ઓછું અગત્યનું નહીં એવું શીખી લઉં છું.

અબલાઃ—કેમ છેલ્લું છેલ્લું?

તેજસિંહઃ—પૂછ મા–નહીં? અહહ, તું, તું! હા, હા, હા, ખા તો ખરી. મારામાંથી કરડ–હું? આજ્ઞા પાળ, રાજગુરૂએ કહેલા મંત્રો યાદ છે ને?

અબલાઃ—(કરડે છે ને તરત જ ઉછળે છે) પણ આપ કાંઇ પીશો ખરા ને?

તેજસિંહઃ—અલબત! દૂધનો કટોરો માત્ર લાવ! દૂધનો કટોરો માત્ર લાવ! અબુદિલે કહેલી વટલોઇ તું ઓળખે છે?

અબલાઃ—(સામી તરફ જઇને) આજ કે!

તેજસિંહઃ—(ઉભા થઇને) એ જ. તારે પીવું પડશે.

અબલાઃ—એ યોગ્ય ગણાય ?

તેજસિંહઃ—મને માલુમ નથી પણ હોવું જોઇએ.

અબલાઃ—ઠીક ત્યારે થવા દો.

[પીએ છે અને હસવાથી હાલે છે.

હુહુ ! ગંધ મારે છે.

તેજસિંહઃ—મને આપ. [પીએ છે.] કાંઇ નહીં. (ફરીથી પીએ છે.) જા !...અન્નદેવતાનો આવો તું તિરસ્કાર કરે છે ?......ઠીક, ત્યારે તું કોણ છે ? આંહિ કેવી રીતે આવી ! કહે મારું શું કામ છે !

અબલાઃ—તને હું ચાહીશ.

તેજસિંહઃ—તું મારી સહધર્મચારિણી !—તું...

(હાથ પ્રસારી બન્ને દોડી આશ્લિષ્ટ થાય છે.

(હળવેથી) મને ચુમ્બન નહીં દે ?

તેજસિંહઃ—કહેને, કેમ નહીં ?

અબલાઃ—તારા કાનમાં કહીશ !

તેજસિંહઃ—વારૂ.

અબલાઃ—તારી દાઢી રૂક્ષ છે.

તેજસિંહઃ—(મ્હોં ગભરાટમાં લૂછે છે. પછી ખોટો ગુસ્સો ધારણ કરીને) મારી દાઢી કેવી છે ! હું કોણ છું તેની તને ખબર નથી ? તારા રાજાને આવું કહેવાની બેઅદબી તારામાં કયાંથી આવી !...કહે ફરી એકવાર ફરીથી કહે જોઇએ ! પછી હું જોઇશ

અબલાઃ—(હસતાં) રૂક્ષ-દાઢી-છે.

તેજસિંહઃ—(હસતાં) હવે, ઉભી રહે !

પ્રવેશ ૧૨ મો.

તેજસિંહ, અબલા, અણુહિલ.

[અબલા શરમાઇને માથું ધુણાવે છે.

અણુહિલઃ—હજુર, હાક મારી ?

[આશ્ચર્યથી જડ થઇ ઉભો રહે છે. છાનામાના જતા રહેવાની તૈયારીમાં છે.]

તેજસિંહઃ—(સપાટામાં સ્વસ્થ થાય છે. સ્વપ્નમાંથી જાગતો હોય એવો દેખાય છે. શરૂઆતમાં જેવી મ્લાન મંદતા એનામાં હતી તેનો અધીકાર તેની રીત-ભાત અને દેખાવમાં આવે છે.) ઉભો રહે, થોભ, બહાર શું થાય છે ?

અણુહિલઃ—શકટપુરથી યોદ્ધાઓ પાછા આવતા જાય છે. ઘણાની સાથે તેમની વહુઓ આવે છે.

તેજસિંહઃ—સામંતો ભેગા થયા ?

અણુહિલઃ—જી, હજૂર.

તેજસિંહઃ—એક ક્ષણ વધારે તેઓ ખામોશ રાખશે ?

અણુહિલઃ—જી, હજૂર.

તેજસિંહઃ—મારે ય વાર છે.

અણુહિલઃ—જી, છે, હજૂર.

[જાય છે.

પ્રવેશ ૧૩ મો.

તેજસિંહ. અબલા.

અબલા:—તેજ, વ્હાલા શું થાય છે?

તેજસિંહ (તેની સમક્ષ ઉભા રહી પોતાના હાથમાં તેનું માથું લીએ છે.):—સુખદુ:ખના સમગ્ર સંસારમાં થઇને હાથેહાથ મેળવી આપણે ગયાં હોઇએ એવો અનુભવ આ ક્ષણે મને થાય છે. તે અદશ્ય થાય છે—બધું અદશ્ય થાય છે. ફરીથી હું છું—હું હતો—ના, તે હું રહ્યો નથી—પણ તું સર્વ સ્ત્રીઓથી શ્રેષ્ઠ થા, રાણી...થઈશ?

અબલા:—દેવ, શા આજ્ઞા છે?

તેજસિંહ:—કાલાવાલા કે રૂદન નહીં કરે ને?

અબલા:—નહીં જ નાથ.

તેજસિંહ:—દિવસ જલ્દીથી ઉગશે, અમારી આગળ મૃત્યુ ઉભું છે.

અબલા:—નાથ આપ શું કહો છો તે સમજતી નથી. આપણા ઉપર કોઈ હુમલો કરી શકે એમ નથી, અને વ્હાણ આવે ત્યાં લગી—

તેજસિંહ:—હવે વ્હાણ કદી આવવાનાં નથી.

[અબલા કપાલ કૂટે છે ને પછી નિશ્ચલ ઉભી રહે છે.

તેજસિંહ:—પણ અમે મરદો કેસરીઆં કરી રણમાં ઉતરવાના છીએ.

અબલા:—તે તમે નહીં કરી શકો—તે ખચિત—અશક્ય છે.

તેજસિંહ:—અમારે ઉતરવું જોઇએ. તું રાણી છે, પછી જોઈ શકતી નથી કે અમારે ઉતરવું જોઇએ.

અબલા:—હા—હું—જો...ઈ...શ...કું...છું.

તેજસિંહઃ—રાજા મોખરે લડે છે. હવે આપણે જીવતાં મળી શકીશું નહીં...તેની તને ખબર છે ને?

અબલાઃ—હા ખબર છે!......

[શાન્તિ, બન્ને એકેકના સામું જુએ છે.

તેજસિંહઃ—રણસંગ્રામમાં તારી શુભેચ્છાઓ સાથે લઇશ.

[અબલાને પગે પડે છે. અબલા તેજસિંહના માથાપર હાથ મૂકે છે, તેના તરફ નીચી વળે છે અને ધ્રૂજતી ધ્રૂજતી તેના કપાળમાં ચુમ્બન કરે છે.]

તેજસિંહઃ—(કૂદી ઉભો થાય છે અને તંબુની કનાત ચીરી નાંખે છે): રાહ, જોતા હોય તે આવો.

પ્રવેશ ૧૪ મો.

(એનાં એજ. સાધના, દેવસેન, વાચસ્પતિ, સ્કંદ, આદિત્ય, બીજા સામંતો.)

સાધનાઃ—રાજેન્દ્ર, આપની પાસે મારી બાળકીને મોકલી હતી...તમે મરદો જંગમાં ઉતરવાના છો એવું સાંભળ્યું છે...તે મને પાછી સોંપો.

તેજસિંહઃ—લો, તમારી બાળકી!

સાધના અને અબલા જાય છે.)

પ્રવેશ ૧૫ મો.

અબલા અને સાધના સિવાય એના એજ.

તેજસિંહઃ—(તેમની પાછળ તાકી તાકીને જુએ છે; જાગ્રત

થાય છે ત્યાં રાજગુરૂને જુએ છે.): ગુરૂદેવ, કાલે સાંઝે મેં આપની અવગણના કરી હતી. માફ કરો. મારી કૃતજ્ઞતાની લાગણી સ્વીકારો. હું પણ સારી રીતે જાણું છું, આભીરોને મૃત્યુ શા માટે પ્રિય છે ?...(તરવાર પકડે છે). ચાલો તૈઆર છો ને ? છેલ્લી વિદાયગીરી લેવાઇ રહી ?

આદિત્યઃ—પ્રભુ ! આપની આજ્ઞા અમે તોડી છે. અમારી વહુઓમાંથી કોણે આગળ પડી અથવા અમારામાંથી કોણે વાત કહી દીધી તે જાણી શકતું નથી. સૌ તે જાણે છે એટલું નિઃસંશય છે.

તેજસિંહઃ—ત્યારે તો સૌએ કકળાટ અને રડારોળ કરી મૂક્યાં ને ?

આદિત્યઃ—પ્રભુ ! અમારી ભમ્મરોપર મૃત્યુના આશીર્વાદની નીરવ મુદ્રા તેમણે અંકિત કરી છે.

તેજસિંહ—(અર્ધો પોતાની સાથે ઉદ્ગાર કાઢે છે):—તેમણે પણ ! (મ્હોટેથી ખરે જ આપણે રાજવીઓની પ્રજા છીએ. એ આપણું કમભાગ્ય છે. ચાલો ત્યારે !

[પાછળ, ફલંગ ભરતો જાય છે. બીજાઓ તેને અનુસરે છે. રાજાને વધાવતી નિનાદભરી લોકવાણીપર પડદો પડે છે.*

---

* Sundermann નામના જર્મન લેખકના Teja નામના નાટકના ઇંગ્લીશ ભાષાન્તર ઉપરથી.

રિપુ.

પાત્રો.

ફતેહસિંહ.........	મણી...........
વૈદ્ય	ખવાસ.........

ભૂત......

દૃશ્ય ૧ લું.

(રાજમહેલનો ખંડ. એમાંનું રાચરચીલું લઇ જવામાં આવેલું છે. કબાટો, પટારા, પલંગો નીચેના લાકડાના ટેકાઓ માત્ર પડી રહ્યા છે. ભીંતે ઉપર ટાંગેલી વસ્તુઓના આંકા અને એમનાથી ઝાંખા થયા વિના રહેલા રંગનાં ધાબાં. માત્ર ભીંતો ઉપર ચીતરેલાં ફતેહસિંહના વડવાઓનાં ચિત્રો રહ્યાં છે. ફતેહ-સિંહ અને તેની વહુ બેઠાં છે. દીવો ઝાંખો બળે છે. સમય માઝમ રાત.)

ફતેહસિંહઃ—મણી ! રયાસત વગરનો ઓરડો, વંટોળીઆથી નાશ પામેલા પાંદડાં વિનાના વનની પેઠે મારા હૈયામાં સાલે છે. ચિત્રો, હથીઆરો–વર્ષોથી દુશ્મનના લોહીમાં તરબોળ થએલાં હથીઆરો, તીર્થયાત્રાની પવિત્ર વસ્તુઓ, વંશપરંપરા ઉતરી આવેલી વડિલોની યાદગિરિઓ,–સર્વ વેચાઇ ગઇ, ઉપાડી જવાઇ ! આપણા વંશની આબરૂ ચાલી ગઈ; પણ મારૂં હૃદય સૌથી વધારે

તારે માટે ચરચરે છે. વૈભવ અને આરામમાં વસ્તી હતી ત્યાં તારા જોબનમાં હું તને પરણ્યો, અને હવે જોબન પૂર બહારમાં ખીલવાની અણી ઉપર છે ત્યારે તને આવા લૂંટાએલા વેરાન ઘરમાં મેં ગોંધી છે.

(આવેશથી ઉઠી તે આમ તેમ ફરે છે ત્યારે દીવા પાસે જઈ મણી સંકોરે છે.)

એમાં મારો દોષ છે ? આ ખાનાખરાબી મેં કરી છે ? કરકસરથી હમ્મેશ રહેતો, અફીણ લેતો નહીં, જુગાર રમતો નહીં, છતાં દરરોજ, દર પળે કંઇ ને કંઇ નવી આફત મને જમીન સરસો વાંકો વાળી દે છે. કોઇ શત્રુ નિર્દયતાથી મારી પાછળ પડયો છે.

મણી:—શત્રુ ! ભૂતકાળમાં જાઓ, કોઇને હેરાન કર્યાનું યાદ છે ? આટલે બધે દિવસે વેર લેવા આવ્યો છે એવા કોઇને હેરાન કર્યો હતો ? સસરાજીના કોઇ દુશ્મન હતા ? વેર વાળ્યા વગર રહેલા દુશ્મન હતા ?

ફતેહસિંહ:—કોઇને કદી પણ દુઃખ દીધું હોય એવું સ્મરણમાં નથી.

મણી:—અજાણતાં, વખતે ?

ફતેહસિંહ:—વારસામાં ઉતરી આવેલા કોપની બાપુએ પણ મને ચેતવણી નથી આપી. આટલું હું પામ્યો છું—અમારા વંશમાં ઉતરી આવેલી જાગીરના ખેતરે ખેતર એક જણના હાથમાં ચાલ્યાં ગયાં છે અને તેનું નામ છૂપાવેલું છે. શરીર ઢાંકી તે મારી છાતીમાં ભોંકે છે. આ દુશ્મનને હું મિથ્યા ખોળું છું.

(પહો ફાટવાના પહેલાં ઝળઝળીઆં દેખાય છે એટલે એની વહુ ધ્રુજતી ઉભી થાય છે.)

મણી:—ઝળઝળીઆં થાય છે, ગગા પાસે જવું જોઇએ.

(અંદરના ઓરડામાં જાય છે.)

ફતેહસિંહ:—(પૂર્વજોનાં હથીઆરબંધ ચીત્રો તરફ વળીને.) મારા વંશના શસ્ત્રધારી પૂર્વજો, ઝાંખા ગરાસીઆઓ, વીતેલા યુગના જોદ્ધાઓ ! દૂર દૂર ઝાંખા ભૂતકાળમાં કંઇ વેર બંધાયું હતું ? આજે જેના ત્રાસદાયક ઝપાટામાં હું આવ્યો છું એવા જૂના વેર વિશે જાણો છો ? અહ, તું, બૂઢા પથુ ! તારૂં પાપી નામ સૌને સાંભરે છે, તારી લૂટફાટો, તારા બળાત્કારો, તારાં ખૂનોની, તારી ભયંકર વાતો અને દંતકથાઓ કહેવાય છે. કોઇ એવા દુષ્ટ પ્રસંગે તેં તો શાપ ઉત્પન્ન નથી કરાવ્યો ? એ શાપનો મારા જેવો નિર્દોષ તો ભોગ નથી થતો ? બોલો, પ્રભાતના તેજમાં ઝળઝળ થતાં ચીત્રોમાંથી એકાદ તો બોલો.

(હથીઆર સજજ આકૃતિઓ ઉપર તેજ પ્રસરે છે.)

બધા ચૂપ ! ફરીથી હું પૂછું છું, મરેલાંઓ પાસે ઉત્તર માંગું છું, બોલો. એવો કોણ છે, દુનીઆ આગળ કોણે મને લૂંટી લીધો છે, મારૂં બધું છીનવી લીધું છે, મને પૂરો દિગંબર કરી દીધો છે ?

ભૂત:—(બારીની જાળી આગળ આખું શરીર ઢાંકેલું.) હું. હું.

ફતેહસિંહ:—(મંદ ત્રાસથી.) તું ? તું કોણ છે ? શું તું જીવતી વસ્તુ છે ? કે ત્રાસેલા મગજમાંથી જન્મેલો ઓળો છે ? તારૂં મ્હોં ઢાંકેલું છે. કોણ છે ? બોલ !

(જેવો ફતેહસિંહ ધીમેથી તેની પાસે જાય છે એટલે તે અદશ્ય થઇ જાય છે.)

દશ્ય ૨ જું.

(એજ ઓરડો. મધ્યરાત્રિ. ઘડીઆળમાં બાર વાગે છે. જે સ્થળે ભૂત અલોપ થયું હતું ત્યાંજ ફતેહસિંહ ઉભો છે.)

ફતેહસિંહઃ—ભૂત, પગથી માથા લગી સંપૂર્ણ ઢંકાએલું ભૂત, પ્રભાતના ઝળઝળીઆમાં દેખાએલું ભૂત, પોતાને મ્હોંએ આ શાપનો દોષ વ્હોરનાર ભૂત–તેની પાસેથી જવાબ હું કઢાવી શક્યો નહીં. રફતેથી તેની પાસે જેવો હું ગયો તેવુંજ તે અદશ્ય થયું, જેવું નીરવ આવ્યું તેવુંજ ગયું.

(તે અંદરના ઓરડામાં જુવે છે.

ગગો ઉંઘે છે; પણ એની બા ! બાર વાગ્યા ! આટલું મોડું બહાર રહેવાની એને ટેવ નથી.

(ફાટાંતૂટાં ગંદાં કપડાં પહેરેલો બૂઢ્ઢો ખવાસ, હાથમાં કાગળ લઇ આવે છે.)

ખવાસઃ—બાપુ, મારાં બાએ આ કાગળ મને આપ્યો હતો. બાર વાગ્યા પહેલાં આપને ન આપવાનો હુકમ કર્યો હતો.

(ફતેહસિંહ કાગળ ઝુંટવી લે છે, ફોડી વાંચે છે.)

ફતેહસિંહઃ—(વાંચે છે) તમને અને ઘરને મ્હેં તજ્યાં છે. હવે હું પાછી નહીં આવું પણ હું કલંકિત નથી એની ખાતરી રાખજો. બીજા સાથે હું નાશી ગઇ નથી મારો દોષ ક્ષમા કરવાનું ગગાને પણ શીખવજો......મણી.

(ખવાસને જતા રહેવાની સૂચના ફતેહસિંહ કરે છે.)

ફતેહસિંહઃ—મારા ઘરની ખેદાનમેદાની શું ઓછી હતી કે તે મને રઝળતો નાંખી ચાલી ગઇ ? અને તેનું ક્હાંઇ કારણ પણ નહીં ? હૃદય કોરી ખાની પીડાણી, રોજને રોજ વધતી જતી

ચિંતાથી વૈભવમાં ઉછરેલીને સાલતી કંગાલીઅતથી આ છેલ્લો ઘા મારવા તે નિઃસંશય પ્રેરાઇ હશે.

(એકદમ ચમકે છે. ધીમેથી કમાડ ઉઘાડે છે અને ઓરડાની અંદર જુવે છે.)

પણ અમારૂં બચ્ચું કેવું નિરાંતે ઉંઘે છે. ગાલ ઉપરની સુરખી ન હોત તો આ ઉંઘ મૃત્યુની ઉંઘ જેવીજ લાગત. એનો પણ એણે ત્યાગ કર્યો. રાની પશુ મોતની ગંધ આવે ત્યારે પણ પોતાનાં બચ્ચાંને તજતું નથી. બીજા જોડે નાશી નથી ગઇ ત્યારે કયા ત્રાસથી, કઇ આપદાથી તે ભાગી ગઇ ? એને ધક્કો મારી કહાડી મૂકનાર કોણ ?

ભૂતઃ—(પૂર્વની માફક ફરીથી દેખાયું.) હું.

ફતેહસિંહઃ—વળી પાછું તું, એવું ને એવું ઢંકાએલું અને વીંટળાએલું ! ફરીથી તારાજ હોઠ બોલે છે કે આ બધું દુઃખ તેંજ કર્યું છે. તારૂં નામ ! તારી મગદૂર નથી કે હવે તારૂં નામ નહીં કહે ! [અટકે છે]

હજૂ પણ જવાબ નહીં ? માંસ અને લોહીનું બનેલું છે ? અથવા સ્મશાનમાંથી આવે છે ? મૃત્યુ થયા છતાં યમપુરીમાંથી આવી મારા પ્રત્યે દ્વેષ બતાવે છે ? શું તું બહુ કોપાએલું ભૂત છે ? થએલું નુકસાન વીસરાતું નથી ? કે કલાકે કલાકે મને ત્રાસ આપે છે અને મારો પીછો નથી છોડતું ? આ વેર માણસનું નથી લાગતું. ગમે તેમ થાઓ પણ તારાં ખરાં પારખાં કરીશ.

(જાણે પકડવા જતો હોય તેમ ભૂત તરફ ધસે છે; પણ તે પાછું અલોપ થઇ જાય છે.)

દશ્ય ૩ જું.

(એનો એજ વેરાન ઓરડો. માઝમ રાત. સંદેહની સ્થિતિમાં ફતેહસિંહ ઉભો છે. પાસેના ઓરડામાંથી સફેદ વાળવાળો વૈદ્ય મંદ અને નીરવ ગતિથી બહાર આવે છે.)

ફતેહસિંહઃ—(હાથ પ્રસારીને.) ગયો ? હજુ આશા છે ? બોલો.

(વૈદ્ય ઉત્તર આપતો નથી પણ ચૂપકીથી માથું નમાવે છે.)

મરી ગયો ?

(વૈદ તેની પાસે જાય છે અને બોલ્યા વગર તેને આશ્વાસન આપવાનો યત્ન કરે છે; એક ગાદી પાસે તેને લઈ જાય છે, ફત્તેહસિંહ તેના પર ઢગલો થઇ પડે છે.)

(આશ્વાસનની મહેનત નકામી લાગતાં વૈદ્ય જવાનું કરે છે એવામાં ફત્તેહસિંહ ઇસારતથી તેને થોભાવે છે.)

ફતેહસિંહ—વૈદ્યરાજ આ એકઠાં થયેલાં દુઃખો—તેમાંએ આ છેલ્લા અને સૌથી ભયંકર દુઃખે મારી બુદ્ધિ ભમાવી દીધી છે. મને લાગ્યું છે કે દરેક નવી પીડા પછી, આજ ઓરડામાં, પેલી બારી પાસે ઢંકાયેલું ભૂત દેખાય છે. આ જૂલમી કોપનાં કારણો ઇશ્વરને પૂછુ છું ત્યારે તે ભૂતે દરેક વખતે જવાબ દીધો છે "હું". એથી વધારે સ્પષ્ટ શબ્દ એની પાસેથી હું કહડાવી શકયો નથી. જયારે જયારે એની નજીક ગયો છું ત્યારે ત્યારે તરતજ તે અલોપ થઇ ગયું છે. તમારી નાડી ઠેકાણે છે, માટે કહો જોઇએ કે મુઝાએલા, ત્રાસેલા મગજમાં જન્મેલું, સ્વયં ઉત્પન્ન થયેલું ભૂત એ છે? અથવા જીવતું જાગતું વેર લેવાને આવે છે? હમણાં મારી સાથે રહી જુઓ અને મારા મગજને સ્વસ્થ કરો.

વૈદ્યઃ—આવાં ગાઢ દુઃખોથી ચીરાએલું મન આવેશમાં ભૂત ઉભાં કરે એમાં શી નવાઇ ? ઉંઘ લાવે એવી દવા, સવાર પડતાં પહેલાં આપને માટે મોકલી આપું છું.

(પ્રણામ કરી નિઃશબ્દતાથી તે ચાલ્યો જાય છે.

ફતેહસિંહઃ—હે ધર્મરાજા ! સર્વેને સજા કરો છો પણ ન્યાયવૃત્તિથી. મરણ પછી જેવો ન્યાય અમારો કરો છો તેવો ન્યાય આજે માગું છું, શા માટે આવો દુઃખી થાઉં છું અને ત્રાસ પામું છું, પહેલું મારૂં ઘર મેદાનખેદાન થયું, પછી સબબ વગર મારી વહુ ચાલી ગઇ અને હવે મારો એકનો એક દીકરો મરી ગયો. એવો કયો શાપ છે ? તેનું મૂળ કોણ છે ?

ભૂતઃ—(ફરીથી દર્શન દે છે.)

હું.

ફતેહસિંહઃ—પાછું તું આવ્યું, ત્રીજીવાર ! તું ભૂત નથી લાગતું; હું તને સ્પષ્ટ જોઇ શકું છું. તું મ્હારો દુશ્મન છે, તેં જાતેજ કબૂલ્યું છે, ત્રણ વખત તેં તારી જાતને મારા દુઃખનું કારણ કહ્યું છે, પૃથ્વી અને સમુદ્ર ઉપર તારો કેડો લઇશ, તારી પાછળ પડીશ, તને છૂપાવી રાખે એવું કોઇ જંગલ ગાઢ નથી, તને આશરો આપે એવી કોઇ ભીંત મજબૂત નથી, કોઇ તાળું જબરૂં નથી. જેમ તે, તેમ હું તારો પીછો ઠેઠ લગી મૂકવાનો નથી. હું એકલો છું, વહાલાંઓથી વિયુક્ત અને ધનવૈભવથી મુક્ત; હવે આમાંજ રચ્યોપચ્યો રહીશ, આ વેરાન ઓરડામાં, હજુ ગરમ રહેલા મારા દીકરાના પણ પડેલા શબના સમ ખાઉં છું કે તારી સાથે મારો હિસાબ પતવું નહીં ત્યાં લગી દુનીઆમાં ઉંઘ વગર તારી પછવાડે પડીશ.

(મારવા જતો હોય તેમ ભૂતપર ધસે છે પણ તે અલોપ થઇ જાય છે.)

દ્દશ્ય ૪ થું.

(સાંકડો ખાંચો. સમીસાંઝ. ખાંચાના ખૂણા તરફ ભૂત ફલંગ મારતું જાય છે. ફતેહસિંહ તેની પછવાડે દોડે છે. તેનો શ્વાસ માતો નથી. તે ચીંથરેહાલ અને ફીક્કો પૂણી જેવો છે.)

ફતેહસિંહ:—આખરે સપાટામાં આવ્યું. હવે નાઠાબારી નથી. હવે આંહી પાછા ફર્યા વિના છૂટકો નથી, આખરે તારૂં સ્વરૂપ બતાવ. તારો બુરખો દૂર કર નહી તો હું ચીરી નાંખીશ!

(તરવાર ખેંચે છે.)

ચાલ, જો તું લોહીમાંસનું જીવતું માણસ હોય તો હવે ખુલાસાની ના પાડવાની તારી મગદૂર નથી. ચાલ સજ્જ થા! પીઠમાં ઘા નહીં મારૂં.

(**ભૂતઃ**—ધીમેથી પાછું ફરે છે અને મ્હોં પરનો બુરખો સેરવી દે છે અને ફતેહસિંહની આકૃતિ બરાબર બતાવે છે.)

ફતેહસિંહ, નિરાંત વળી ?

(**ફતેહસિંહ:**—ચીસ પાડીને) હું પોતે !

(ભૂતના પગ આગળ પડી મરી જાય છે. તે શબ ઉપર ઉભું રહે રહે છે અને પછી અલોપ થઇ જાય છે.)[1]

સમાપ્ત.

---

૧ અંગ્રેજી ઉપરથી.

ગુજરાતી સાહિત્ય પરિષદ્

ભંડોળ કમિટિ.

પહેલો દાયકો.

સંવત ૧૯૭૬ સન ૧૯૨૦

અનુક્રમણિકા.

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ.

પહેલો દાયકો.

પ્રકરણ ૧ લું.

ટુંકો અહેવાલ.

૧ **નિવેદન**—ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ આજ દશ વર્ષથી ગુજરાતી સાહિત્યની ઉન્નતિને માટે જુદી જુદી દિશામાં યથાશક્તિ મચી રહી છે, એ કમિટિ આ ચોપડી× પ્રકટ કરે છે, તેથી અહીં એ કમિટિની ટુંકી હકીકત આપવામાં આવે છે. કમિટિના કામની કદર અને કમિટિ ત[illegible] [illegible]ાનુભૂતિ વધતી જશે તેમ તેમ કમિટિનાં સાધન વધતાં [illegible] અને તે પ્રમાણમાં એ પોતે ઉપાડેલું દેશસેવાના એક [illegible] અંગનું કર્તવ્ય વધારે મોટા પાયા ઉપર બજાવવા શ[illegible] થશે એ દેખીતું છે.

૨ **સ્થાપના**—રાજકોટમાં મળેલી ત્રીજી ગુજ[illegible]ની સાહિત્ય પરિષદે આ કમિટિ તા. ૩૦–૧૦–૧૯૦૯ ને રોજ સ્થાપન કરી, અને તેને ભંડોળ વધારવાની, તેની તમામ વ્યવસ્થા કરવાની, અને જરૂર પડતાં કમિટિમાં બીજા ગૃહસ્થોને ઉમેરવાની સત્તા આપી. (જુઓ પ્રકરણ ૨.)

× રા. રણછોડરામ વાવાભાઇ મહેતાનો કૃતિસંગ્રહ.

૩ ભંડોળ—(૧) કમિટિની સ્થાપના વખતે પરિષદે ને. ના. લીંબડી ઠાકોર સાહેબ અને ને. ના. રાજકોટ ઠાકોર સાહેબે કૃપાવન્ત થઇ આપેલા રૂ. ૨૨૫૦) કમિટિને સોંપ્યા. (૨) તે પછી કમિટિના ડેપ્યુટેશનોની વિનંતિ ઉપરથી ને. ના. જામ સાહેબ અને ને. ના. મોરબી ઠાકોર સાહેબે કૃપાવન્ત થઇને રૂ. ૩૫૦૦) ભંડોળમાં આપ્યા. (૩) પછી ત્રીજી પરિષદ્ માટેના કારોબારી મંડળે પોતે પરિષદ્ માટે ફાળામાંથી રૂ. ૧,૦૬૧) સિલક વધી તે અને ત્રીજી પરિષદ્‌ના અહેવાલ અને નિબંધ સંગ્રહના પુસ્તકની ૨૫૦ નકલ કમિટિને સોંપી દીધાં. (૪) અને કમિટિના તા. ૨૮-૧૨-૧૫ ની બેઠકમાં ભંડોળને વિશાળ અને પ્રજાકીય બનાવવાના હેતુથી સર પ્રભાશંકર પટ્ટણીની દરખાસ્ત ઉપરથી ઠરાવ કરવામાં આવ્યો કે આ કમિટિમાં લવાજમથી સભ્યો દાખલ કરવા અને લવાજમની રકમ પ્રમાણે તેઓના નીચે પ્રમાણે વર્ગ ગણવા. રૂ ૨૫૦૦) કે વધારે આપનાર સભ્ય ક વર્ગમાં, રૂ. ૫૦૦) કે વધારે આપનાર સભ્ય ખ વર્ગમાં, અને રૂ. ૧૦૦) કે વધારે આપનાર સભ્ય ગ વર્ગમાં તહાહયાત સભ્ય ગણાય અને વાર્ષિક રૂ. ૬) આપનાર સભ્ય ઘ વર્ગના વાર્ષિક સભ્ય ગણાય. (જુઓ પ્રકરણ ૨.) આ ઠરાવને અનુસરીને ૩૧ મી માર્ચ ૧૯૨૦ સુધીમાં કમિટિના જુના સભ્યોમાંથી દશ અને નવા ત્રેંશ સભ્યો× સાહિત્ય પ્રીત્યર્થ લવાજમો ભરીને જુદા જુદા વર્ગના સભ્યો થયેલા છે, અને એ રીતે ભંડોળમાં રૂ. ૩૨૫૫ ભર્યા છે. (૫) વળી, કમિટિએ પ્રકટ કરેલાં પુસ્તકોનાં વેચાણમાં આશરે રૂ. ૮૮૦) ની આવક થઇ છે. આ પ્રમાણેની આ પાંચ રકમોનો એકંદર સરવાળો રૂ. ૧૧૦૦૦ થવા જાય છે.

× આ નવામાંથી ત્રણ અત્યારે હયાત નથી.

૪ થાપણ—તા. ૧૩–૧૨–૧૯૦૯ થી ૩૧–૭–૧૯૧૪ સુધી કમિટિનું ભંડોળ ભાવનગર દરબારી બેન્કમાં (થોડો ભાગ એ બેન્કના સેવિંગ્સ બેન્ક ખાતામાં અને બાકીનો ભાગ બાંધી મુદતની અનામત રકમોના રૂપમાં એ પ્રમાણે) રાખવામાં આવ્યું હતું. તા. ૧–૮–૧૯૧૪ થી ભંડોળ ઓમ્બે ગવરમેંટ સેંટ્રલ કોઓપરેટિવ બેન્કમાં મુકવામાં આવ્યું, અને તા. ૨૧–૩–૧૯૧૫ ને રોજ તેમાંથી રૂ. ૬૦૦૦) ની થાપણ ચાર ટકાના ડિબેન્ચરના રૂપમાં રોકવામાં આવી. આ પછી તા. ૨૧–૧૦–૧૯૧૬ ની બેઠકમાં કમિટિએ ઠરાવ કર્યો કે કાયમ થાપણના રૂપમાં રોકેલી રકમ ચાલુ ઉપયોગમાં લેવા માટે વટાવવી કે ઉપાડવી હોય તો કમિટિના ઠરાવ વિના તેમ બની શકશે નહીં. (જુઓ પ્રકરણ ૨). આ ભંડોળ કમિટિની એક સ્થાયી અને થોડું ઘણું પણ ચલતુ કામ કરનારી સંસ્થા તરીકે શરૂવાત આ પ્રમાણે તા. ૧–૮–૧૯૧૫ થીજ થઇ શકી છે. અને તે પછી ઇ. સ. ૧૯૧૭ માં આ મૂલ થાપણમાં વધારો કરીને રૂ. ૧૫૦૦) ની ઇન્ડિયન વોરલોન સ્ક્રિપ ખરીદવામાં આવી છે. મતલબ કે ભંડોળ કમિટિની થાપણ અત્યારે રૂ. ૭,૫૦૦) ની છે.

૫ ખર્ચ—કલમ ૩ માં જણાવેલા આશરે રૂ. ૧૧,૦૦૦) માંથી આ થાપણ બાદ કરતાં રૂ. ૩,૫૦૦) રહ્યા. વળી તા. ૩૧–૩–૧૯૨૦ સુધીમાં કમિટિને વ્યાજની અને બીજી પરચુરણ આવક લગભગ રૂ. ૩,૪૦૦) થઇ છે. આ બે મળીને થતી રૂ. ૬,૯૦૦) ની રકમમાંથી તા. ૧–૪–૧૯૨૦ ને રોજ કમિટિ પાસે રૂ. ૯૫૨–૪–૩ ની રકમ સિલક રૂપે હતી. એટલે સ્પષ્ટ જણાય છે કે કમિટિ તેની દશ વર્ષની હયાતી દરમિયાન રૂ. ૬૦૦ ખર્ચ-

ટલી રકમ પણ સાહિત્ય પ્રીત્યર્થ ખર્ચી શકી નથી.+

૬ પુસ્તકો—આજ સુધીમાં કમિટિએ નીચેનાં પુસ્તકો પ્રકટ કર્યાં છે.

(૧) પ્રો૦ હરિલાલ માધવજી ભટ્ટ કૃત હિંદનું રાજ્યબંધારણું. કીં. રૂ. ૧.

આ વિષય ઉપર ગુજરાતી ભાષામાં એવું બીજું એક પણ પુસ્તક નથી. એમાંની વિગત જેટલી ભરોસાદાર છે તેટલીજ એની લખાવટ સરલ છે.

(૨) સ્વ. નવલરામ લક્ષ્મીરામ પંડ્યા કૃત ઇંગ્રેજ લોકોનો સંક્ષિપ્ત ઇતિહાસ. કીં. રૂ. ૧-૪-૦.

+ વિગતવાર હિસાબ માટે જુઓ નીચે પ્રમાણે:—

૧ બંકિમચંદ્ર કૃત રજનીનો તરજુમો કમિટિએ પ્રકટ કરેલો છે. તેને અંતે છાપેલા કમિટિના અહેવાલમાં કમિટિના આરંભથી તા. ૪-૯-૧૯૧૫ સુધીનો હિસાબ આપેલો છે.

૨ કમિટિની તા. ૨૧-૧૦-૧૯૧૬ ને રોજ મળેલી વાર્ષિક બેઠકનો અહેવાલ બુદ્ધિપ્રકાશ ૧૯૧૭ના એક અંકમાં તે અંકના વધારા તરીકે છાપેલો છે તેમાં ૫-૯-૧૯૧૫ થી તા. ૧૩-૧૦-૧૯૧૬ સુધીનો હિસાબ આપેલો છે.

૩ ફિરિસ્તામાંથી ગુજરાતના સુલતાનોના ઇતિહાસનો તરજુમો (રા. રા. આત્મારામ મોતીરામ દીવાનજી કૃત) અને 'મઢારી કુમળા અને બીજી વાતો' (રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી કૃત) એ બે ચોપડીઓ કમિટિએ પ્રકટ કરી છે તેને અંતે છાપેલા કમિટિના ટુંકા અહેવાલમાં તા. ૧૪-૧૦-૧૯૧૬ થી તા. ૩૧-૧૦-૧૯૧૭ સુધીનો હિસાબ આપેલો છે.

૪ અને તે પછીથી તા. ૩૧-૩-૨૦ સુધીનો હિસાબ આ પહેલા દાયકાના ટુંકા અહેવાલમાં આગળ પ્રકરણ ૩ માં આપેલો છે.

આ વિષય ઉપર ગુજરાતી ભાષામાં એવું બીજું એકે પુસ્તક નથી, એટલુંજ નહીં પણ સ્વ. નવલરામે એમના છેલ્લાં વર્ષોમાં પૂરા રસથી લખેલો આ ગ્રંથ એમની શૈલીનો ઉત્તમ નમૂનો છે; અને તે કમિટિએ પ્રકટ કર્યો ન હોત તો જે ગુજરાત શાળાપત્રના અંકોમાં એ કટકે કટકે વર્ષો સુધી છપાયા કરેલો તે પાછલા અંકોમાં એ દટાયેલોજ રહેત, અને પ્રજાના ઉપયોગ–ઉપભોગમાં આવતજ નહીં.

(૩) પ્રસિદ્ધ બંગાળી નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય કૃત રજનીનો ગુજરાતી તરજુમો, રા. રા. મોહનદાસ મકનદાસ મહેતા અને રા. રા. ભગવાનલાલ ગિરિજાશંકર ભટ્ટે લખેલો. કીં. રૂ. ૦–૧૨–૦.

ઘણાં બંગાળી પુસ્તકોના ગુજરાતી તરજુમા થાય છે, પણ બંકિમચંદ્રની રમતિયાળ હૃદયંગમ શૈલીનું તાદૃશ પ્રતિબિમ્બ ગુજરાતીમાં ઉતારવું એ કામ સહેલું નથી. આ રસીલી ચોપડી વાંચનાર કોઇ પણ કહી શકશે કે તરજુમાની વિકટ કલાનો આ એક વિજયી દાખલો છે.

(૪) ફિરિસ્તા કૃત ગુજરાતના સુલતાનોના ઇતિહાસનો રા. રા. આત્મારામ મોતીરામ દીવાનજી કૃત તરજુમો. કીં. રૂ. ૧.

ફિરિસ્તાના જાણીતા ઇતિહાસનો આ વિભાગ ગુજરાતના તે સમયના ઇતિહાસને માટે અમૂલ્ય છે અને રા. રા. દીવાનજીએ પોતાનો તરજુમો મૂલ ફારસી ઉપરથી કરેલો છે.

(૫) મેકમિલન કૃત સૃષ્ટિની ઉત્પત્તિનો રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોશી કૃત અનુવાદ. કીં. રૂ. ૦–૧૪–૦.

મેકમિલનની નહાની ચોપડી વિજ્ઞાનનાં મૂળતત્ત્વો બાળકોને પણ રસ પડે એવી સરળતાથી સમજાવે છે. મૂલ ઇંગ્રેજીની સરળતા રા. રા. જોશીના ગુજરાતીમાં એવી ને એવી જળવાઇ છે. આપણી ભાષાના વાઙ્મયમાં વિજ્ઞાનના પુસ્તકોનું ભરણું તરજુમિયા પુસ્તકો વડે કરવાથી કશો લાભ થવાનો નથી. ગ્રેન્ટ મેડિકલ કોલેજની સ્થાપના થઇ ત્યારથી આજ સુધીમાં એવાં ઘણાં પુસ્તકો ગુજરાતીમાં લખાયાં છે જેના સામે અત્યારે કોઇ જોતું પણ નથી. વિજ્ઞાનનું જીવતું સાહિત્ય વધશે અને વિજ્ઞાનનો શોખ પ્રજામાં પ્રસરશે તો તે આ પ્રમાણે અનુભવી અને લાયક લેખકો ક્રમે ક્રમે આગળ વધતા જશે તેમ તેમજ બની આવશે.

(૬) રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી કૃત મ્હારી કમળા અને બીજી વાર્તાઓ. કીં. રૂ. ૧-૪-૦

આ રસીલી સચોટ અને વિવિધ ચિત્તમય સાંસારિક નવલિકાઓ ઘણી લોકપ્રિય નીવડી છે અને કમિટિએ પ્રકટ કરેલી આવૃત્તિ આખી ખપી ગઇ છે.

(૭) સ્વ૦ રણજીતરામ વાવાભાઇ મહેતાનો કૃતિસંગ્રહ.

ઉપલી ચોપડીની માફક આમાં પણ ચાલતા સમયના પ્રશ્નો ચાલતા સમયનાં દષ્ટિબિન્દુઓ અને આ જમાનાની આપણી આછી ઘેરી ભાવનાઓ વિવિધ રૂપરંગમાં ચિત્રાઇ છે.

આ ઉપરાંત નીચેનું પુસ્તક પણ છપાઇ રહેવા આવ્યું છે અને થોડા સમયમાં બહાર પડશે.

(૮) ડૉ. મેકડોનેલ કૃત સંસ્કૃત વાઙ્મયનો ઇતિહાસ એ પુસ્તકનો રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે કૃત તરજુમો.

રા. રા. મોહનલાલની વિદ્વત્તા અને એમનાં ગુજરાતી લખાણનાં વિશુદ્ધિ અને સરલતા જાણીતાં છે અને ડૉ. મૅકડોનેલનો આ ગ્રંથ એ મહાવિષય ઉપરનો છેલ્લો પ્રમાણગ્રંથ છે.

આ સિવાય તા. ૨૧-૧૦-૧૯૧૬ ની બેઠકમાં ભંડોળ કમિટિએ નીચેનાં પુસ્તકો તે દરેકને માટે જણાવેલા કર્તાઓને સોંપ્યાં છે. ઉપલી અને હવે પાછીની આખી યાદી ઉપરથી જણાઇ આવશે કે પ્રજાની જુદી જુદી જરૂરીયાતો ધ્યાનમાં રાખીને અને સાહિત્યના જુદા જુદા અંગની સાથે લાગી ખીલવટ આવશ્યક ગણીને ભંડોળ કમિટી વિષયોની વિવિધતા પસંદ કરે છે; અને વળી ચોપડી તે તે વિષયને માટે ખાસ પસંદ કરે છે એટલુંજ નહીં પણ દરેક કામ એવા લેખકને સોંપે છે કે જેને એ કામમાં ખાસ રસ હોય અને જેની એવાં કામ માટેની યોગ્યતા તેના આજ સુધીના પ્રકટ થયેલા લખાણ ઉપરથી નિર્વિવાદ સાબીત થઇ હોય. ભંડોળ કમિટિને પ્રજા તરફથી નાણાંની રકમો મળ્યા કરવાની જરૂર છે એ ખરૂં, પણ જાણીતા લેખકો આ પ્રમાણે કમિટીને માટે કામ કરી આપવા મળ્યા કરે એની પણ કમિટીને ઓછી જરૂર નથી, કારણ કે કમિટિને હાથે પ્રકટ થતાં પુસ્તકોના ગુણદોષનો બધો આધાર તેને જાણીતા કસાયલા અને પોતાના કામમાં સ્થાયી રસ અને નિષ્ઠાવાળા લેખકોનો આશ્રય મળે છે કે તેને નવાસવા અજ્ઞાત લેખકો વડે નિર્વાહ કરવો પડે છે તેના ઉપરજ છે.

(૯) પ્લેટો કૃત ફીડ્રસનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટ.

(૧૦) મોલિયેર કૃત બે નાટકોનો અનુવાદ: રા. રા. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા કૃત.

આ બે પુસ્તકો છપાય છે.

(૧૧) સામળ કૃત સિંહાસન બત્રીશીની ગમાન બારોટવાળી અને એવીજ બીજી જૂની પ્રતો ઉપરથી સંશોધિત આવૃત્તિ: સંપાદક રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની.

(૧૨) સર રવીંદ્રનાથ ટાકુર કૃત જીવનસ્મૃતિનો મૂળ બંગાળીમાંથી તરજુમો: તરજુમો કરનાર રા. રા. મોહનદાસ મકનદાસ મહેતા અને રા. રા. ભગવાનલાલ ગિરજાશંકર ભટ્ટ.

(૧૩) ભાસ કૃત ચારુદત્ત અને બાલચરિત્ર એ નાટકોનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. મણિલાલ છબારામ ભટ્ટ.

(૧૪) સર ફ્રાન્સિસ યંગહસ્બન્ડ કૃત મ્યુચ્યુઅલ ઇન્ફ્લુઅન્સનો તરજુમો: તરજુમો કરનાર રા. ગ. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી.

(૧૫) સિસ્ટર નિવેદિતા કૃત ધિ માસ્ટર ઍસ આઇ સૉ હિમનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. કેસરીપ્રસાદ મણિલાલ ઠાકોર.

(૧૬) જે હૉલાન્ડરોઝ કૃત નેશનાલિટિ ઇન મોડર્ન હિસ્ટરીનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક.

(૧૭) મેકોલે કૃત હિસ્ટરી ઑફ ઇંગ્લાંડ પ્રકરણ ૧, ૨ અને ૩ નો તરજુમો: તરજુમો કરનાર રા. રા. દુર્ગાશંકર પ્રાણજીવન રાવળ.

(૧૮) લિસ્ટ કૃત નૅશનલ સિસ્ટમ ઑફ ઇકૉનોમીનો અનુવાદ: અનુવાદક રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી.

(૧૯) ટૉમસ એડિસન, એનું જીવનચરિત્ર, એની શોધો અને એની જનસેવા: કર્તા પ્રો. કાન્તિલાલ છગનલાલ પંડયા.

(૨૦) વિજ્ઞાનની ભૂમિકા: કર્તા રા. રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ.

(૨૧) ગૃહવ્યવસ્થા શાસ્ત્ર: લેખિકા અ. સૌ. શારદાગૌરી મહેતા.

૭ ચંદ્રક—આ પુસ્તકોની યોજના ક્રમે ક્રમેજ સિદ્ધ થાય અને તે સિદ્ધ થતાં વાર લાગે અને તેમાંની કેટલીક ચોપડીઓની બાબતમાં વિઘ્નો પણ આવે એ કુદરતી છે. દરમિયાન ઇ. સ. ૧૯૧૬ થી એક નહાની સેવા કરવાનું પણ ભંડોળ કમિટિએ માથે લીધું. ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્ વખતે કાઠિયાવાડના ઇંગ્રેજ અમલદારોએ ધિ ઓન. સર ક્લૉડ હિલની આગેવાનીને માન આપી ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિ તરફ પોતાની સહાનુભૂતિની નિશાની તરીકે એક નહાનો ફાળો ઉભો કરીને તે ભેટ આપ્યો હતો. એના ઉપયોગ માટે એમ ઠરાવવામાં આવેલું કે દર વર્ષે એક નિબન્ધનો વિષય જાહેર કરવો અને નિબન્ધો આવે તેમાંથી જે ઉત્તમ અને લાયક જણાય તેના કર્તાને રૂપાનો ગુજરાતી સાહિત્ય ચંદ્રક ઇનાયત કરવો. આ પ્રમાણે બે વાર વિષયો જાહેર કરવામાં આવ્યા હતા. જેને માટે આ ચંદ્રક ઉપરાંત નેક ના. ગોંડલ ઠાકોર સાહેબ તરફથી રૂ. ૨૦૦)નું પારિતોષિક આપવાનું પણ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ બહુજ થોડા નિબન્ધો આવ્યા અને તેમાંથી એકે લાયક ગણાય એવો ન હતો. આથી ભંડોળ કમિટીની તા. ૨૯-૧૨-૧૯૧૫ ની બેઠકમાં ઠરાવવામાં આવ્યું કે દર વર્ષે ઑગસ્ટ માસમાં મુંબાઇ યુનિવર્સિટીની કોલેજોમાં ભણતા ગુજરાતી બાનુનાર વિદ્યાર્થીઓની એક હરીફાઇની પરીક્ષા લે અને તેમાં જે ફતેહ જણાય તેને આ ચંદ્રક આપવો. હરીફાઇ માટેના પુસ્તકો કે વિષય દરેક કોલેજમાં ફેબ્રુઆરી માસથી જાહેર કરવામાં આવે છે ઇ. સ. ૧૯૧૬ ની હરીફાઇમાં છત્રીસ ઉમેદવારે ભાગ લીધો હતો અને તેમાંથી પુનાની એગ્રિકલ્ચર કૉલેજના હિંમતસિંહ જી બક્ષીભાઇ

સીસોદિયા ચંદ્રક જીતી ગયા હતા. ઇ. સ. ૧૯૧૭ માં એકત્રીસ ઉમેદવારોએ ભાગ લીધો અને તેમાંથી જૂનાગઢ બહાઉદ્દીન કોલેજના મુનિકુમાર મણિશંકર ભટ્ટ ચંદ્રક જીતી ગયા હતા. ઇ. સ. ૧૯૧૮ માં ઇન્ફ્લુએન્ઝાના ઉપદ્રવને લીધે આ હરીફાઇની પરીક્ષા લઇ શકાઇ ન હતી અને છેલ્લી ઈ. સ. ૧૯૧૯ ની હરીફાઇમાં અમદાવાદ ગુજરાત કોલેજના બિહારીલાલ પુરષોત્તમ શાસ્ત્રીએ આ ચંદ્રક મેળવ્યો છે.

૮ બેઠકો—ભંડોળ કમિટિની પહેલી બેઠક તેની સ્થાપનાને બીજે જ દિવસે રાજકોટમાં થઇ હતી. કમિટિની બીજી બેઠક ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્ મળી તે દિવસોમાં વડોદરામાં થઇ હતી; અને આ બીજી બેઠક પહેલાં અને પછી જરૂરી કામકાજ માટે સરક્યુલર કાગળોથી ઠરાવો કરવામાં આવ્યા હતા. પરંતુ ગુજરાતી સાહિત્ય પરિષદ્ ત્રણ ત્રણ વર્ષે પણ એક વાર ન મળે અને સરક્યુલર કાગળોથી ઠરાવ કરવાની પદ્ધતિ સંતોષકારક નહીં, એટલે ઈ સ. ૧૯૧૫ ની આખરે કમિટિની પહેલી વાર્ષિક બેઠક મુંબઇમાં મેળવવામાં આવી અને તે પછી ઇ. સ. ૧૯૧૬ ના અક્ટોબર માસમાં અમદાવાદમાં અને ઇ. સ. ૧૯૧૭ ના નવેમ્બરમાં ગોધરા મુકામે વાર્ષિક બેઠકો થઇ હતી. ઇ. સ. ૧૯૧૮ આખરમાં ઇન્ફ્લુએન્ઝાના ઉપદ્રવને લીધે વાર્ષિક બેઠક મેળવી ન હતી. પછી ઇ. સ. ૧૯૧૯ આખરમાં કમિટિની બેઠક અમદાવાદમાં મળનારી ગુજરાતી સાહિત્ય પરિષદ્ના છઠ્ઠા અધિવેશનના દિવસોમાં મળવાની હતી તે એ અધિવેશનની તારીખોજ આઘી ઠેલાતાં ઇ. સ. ૧૯૨૦ ના એપ્રિલ માસના આરંભમાં મળી હતી. આ બેઠક આગળ રજુ કરવામાં આવેલો અહેવાલ અને હિસાબ આગળ પ્રકરણ ૩ માં આપેલો છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ
પહેલો દાયકો.

પ્રકરણ ૨ જું.

કમિટિના બંધારણને લગતા ઠરાવો.

૯ બંધારણ—ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિનું બંધારણ જેમ જેમ જરૂર પડતી ગઇ તેમ તેમ કેવળ તે તે જરૂરને માટે આવશ્યક એટલો ઠરાવ થઇ એ પ્રમાણે ક્રમે ક્રમે ઘડાયું છે. કમિટિને લગતા અને કમિટિના ઠરાવોમાંથી એ કમિટિનું સ્વરૂપ ઘડનારા ઠરાવો સૌથી વધારે મહત્વના છે, તે અહીં ઉતારવામાં આવે છે.

૧૦ સ્થાપનાનો ઠરાવ—ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદે તા. ૩૦–૧૦–૧૯૦૯ ને રોજ કરેલો ઠરાવ ૯ મો: —

લીંબડીના ને. ના. ઠાકોર સાહેબ શ્રી દોલતસિંહજી તથા રાજકોટના ને. ના. ઠાકોર સાહેબ શ્રી લાખાજીરાજે કૃપાવંત થઇને પરિષદ્‌ના ભંડોળને માંટે (અનુક્રમે) એક સો ગિનિ અને પચાશ ગિનિની ઉદાર બક્ષીસ કરી છે તે આ પરિષદ્ હર્ષથી સ્વીકારીને તે માટે ખરા અંતઃકરણપૂર્વક આભાર માને છે અને આ રકમથી ભંડોળનો આરંભ કરી તે મોટું કરવાની તથા તેની વ્યવસ્થા કરવાની નીચેના ગૃહસ્થોની કમિટિને સત્તા આપે છે, તથા તેમને જરૂર પડે તો કમિટિમાં બીજા ગૃહસ્થોને ઉમેરવાની સત્તા આપે છે. (એ આરંભથી નીમાયલા સભ્યોના નામ માટે જુઓ પ્રકરણ ૪)

૧૧ સભ્યોના વર્ગ—ભંડોળને વિશાળ અને પ્રજાકીય બનાવવા માટે તા. ૨૯-૧૨-૧૯૧૫ ની બેઠકમાં ભંડોળ કમિટિએ કરેલો ઠરાવ ૬ ઠો:—

કમિટિના સભ્યોના વર્ગ:

ક—જે કોઇ ભંડોળમાં એક રકમે રૂ. ૨૫૦૦ પચીશસો અથવા વધારે ભરવા કૃપા કરશે, તેઓને ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના આશ્રયદાતા તથા આ કમિટિના જીવન પર્યંતના ઉપપ્રમુખ નીમવામાં આવશે.

ખ—જે કોઇ ભંડોળમાં એક રકમે રૂ. ૫૦૦ થી ૨૫૦૦ સુધી ભરવા કૃપા કરશે, તેઓને આ કમિટિના જીવન પર્યંતના ઉપપ્રમુખ નીમવામાં આવશે.

ગ—જે કોઇ ભંડોળમાં એક રકમે રૂ. ૧૦૦ થી ૫૦૦ સુધી ભરવા કૃપા કરશે, તેઓ આ કમિટિના જીવન પર્યંતના સભ્ય ગણાશે.

ઘ—જે કોઇ ભંડોળમાં જે વર્ષે રૂ. ૬ જ ભરશે તેઓ કમિટિના તે વર્ષ માટેના સભ્ય ગણાશે.

૧૨ સભ્યોને લાભ—સભ્યો ઉપર પ્રમાણે વર્ગોમાં વહેંચાઈ જતાં ભંડોળ કમિટિ પ્રકટ કરે તે પુસ્તકોનો સભ્યોને લાભ આપવા વિશે ઉપલીજ બેઠકનો ઠરાવ ૮ મો:—

ક—ઉપલા વર્ગ ક અને ખ ના સભ્યોને ભંડોળ કમિટિ તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાંથી દરેકની એક એક નકલ વિના મૂલ્યે મળી શકશે.

ખ—ઉપલા વર્ગ ગ અને ઘ ના સભ્યોને ભંડોળ કમિટિ તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાંથી રૂ. ૨ બે સુધીની કિંમતના દરેકની એક નકલ વિના મૂલ્યે અને તેથી વધારે કીંમતના દરેકની એક નકલ અર્ધ મૂલ્યે મળી શકશે; પણ કોઈ વર્ષમાં એકંદર રૂ. ૮ આઠથી વધારે કિંમતનાં પુસ્તકો

કમિટિ તરફથી બહાર પડશે; તો તેમાંથી દરેક સભ્ય પોતાની પસંદગી કરીને એકંદર રૂ. ૮ આઠની કીંમતનાં પુસ્તકોજ (રૂ. ર સુધીની કીંમતનાં વિના મૂલ્યે અને વધારે કીંમતનાં અર્ધ મૂલ્યે) સભ્ય તરીકે મેળવી શકશે.

૧૩. ભંડોળ વૃદ્ધિ માટે ડેપ્યુટેશનો—ઉપલી જ બેઠકનો ઠરાવ ૧૦ મો:—

ડેપ્યુટેશનો: ભંડોળની વૃદ્ધિને માટે જરૂર જણાય તેવા પ્રસંગોમાં બે ચાર સભ્યોના નહાનાં ડેપ્યુટેશનો નીમવાની સત્તા તીજોરર સાહેબને આપવામાં આવે છે.

૧૪ ભંડોળની રક્ષા—એકઠું થતું અને વધતું આવે છે તે ભંડોળ સુરક્ષિત રહે એવા ઉદ્દેશથી તા. ૨૧-૧૦-૧૯૧૬ ની બેઠકમાં કરવામાં આવેલો ઠરાવ ૫ મો:—

Resolved that, excepting what may be needed for miscellaneous purposes, the funds of the Committee be kept in current account with the Bank of India, Ld., Bombay, and that the Hon Treasurer and the Hon. Secretary be and are hereby authorized to operate on this Account for the purposes of this Committee, either jointly or severally.

But this Resolution shall not apply to Capital permanently invested, nor shall such investments be realized without a Resolution of the Committee.

તરજુમો.

આ ઉપરથી ઠગવવામાં આવે છે કે પરચુરણ કામ માટે જરૂર પડે તે સિવ.યનું કામટીનું ભંડોળ બેન્ક આફ ઇન્ડિયા, લિમિટેડ, મુંબાઇ, એ બેન્કમાં ચાલતું ખાતું (કરન્ટ એકાઉન્ટ) ઉઘાડીને તેમાં રાખવું અને આ ચાલતા ખાતાને લગતો કમિટિના

કામને માટે નાણું ઉપાડવા વગેરેનો બધો વહીવટ કમિટિના ઓનરરી ટ્રીઝેરર અને ઓનરરી મંત્રી એ બંને સાથે મળીને અથવા એમાંથી ગમે તે એક છૂટા છૂટા કરી શકે એવો તેમને અધિકાર આપવો; અને વળી આ ઠરાવથી એવો અધિકાર આપવામાં આવે છે.

પણ આ ઠરાવ કમિટિની કાયમને માટે રોકેલી મૂડી (ઇન્વેસ્ટેડ કેપિટલ) ને લાગુ પડશે નહી; તેમજ તે ઇન્વેસ્ટમેન્ટ કમિટિના ઠરાવ વિના ઉપાડી શકાશે નહીં.

નોંધઃ—કમિટિનો મૂળ ઠરાવ કયો ગણવો, ઇંગ્રેજી કે તરજુમો? એ સવાલ ઉત્પન્ન થવા ન પામે તે માટે ઠરાવવામાં આવે છે કે ઇંગ્રેજી ઠરાવનેજ કમિટિનો મૂળ ઠરાવ ગણવો.

૨૫ ભંડોળવૃદ્ધિ માટે હજી સુધી કમિટિનું એક ડેપ્યુટેશન એકે વાર નીમવામાં આવેલું નથી. તેમ ભંડોળ વૃદ્ધિને માટે તથા કમિટિના વગવસીલાને પ્રજામાં વધારવાને માટે સભ્યોની અને ખાસ કરીને તહાહયાત સભ્યોની સંખ્યામાં ઝડપથી વધારો થવો જોઇએ, પણ આ કાર્યોમાં એક બે જણથી જ ઇષ્ટ વેગ આવી શકે નહીં. આ કાર્ય કમિટિના ટ્રીઝેરર અને મંત્રી પોતાથી બને તેટલું કરે છે, પરંતુ બીજા સભ્યો તરફથી પણ એમાં એમને પુષ્કળ મદદ મળવી આવશ્યક છે. આ વિશે કમિટિના દરેક વાર્ષિક અહેવાલમાં લખવામાં આવે છે અને તે કમિટિની દરેક બેઠકમાં વંચાય છે ત્યારે સહાનુભૂતિ બતાવવામાં આવે છે અને એ.છોવત્તો ઉત્સાહ પણ જોવામાં આવે છે ખરો, પણ હજી સુધી એ સહાનુભૂતિ અને ઉત્સાહ કૃતિમાં મુકાવા મંડાયા નથી. વળી ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદે ભંડાળ સ્થાપ્યું અને તેને પોતાનો બધો વધારો આપી દઇ સંગીન મદદ કરી, પણ એ દાખલાનું તે પછીનાં પરિષદ્નાં અધિવેશનોએ અનુકરણ કરેલું નથી. આ હકીકત પણ ભંડોળ કમિટિના બલ કે કાર્યશક્તિને વધારનારી નથી.

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ:
પહેલો દાયકો.

પ્રકરણ ૩ જું.

છેલ્લી બેઠકમાં મંજૂર થયેલો અહેવાલ અને હિસાબ.

૧૬ **કમિટિની છેલ્લી બેઠક**—ગુજરાતી સાહિત્ય પરિષદ્ના છઠ્ઠા અધિવેશનના દિવસો દરમિયાન અમદાવાદમાં ઈ. સ. ૧૯૨૦ ના એપ્રિલ માસની તા. ૨ જી અને ૩ જી એ મળી હતી તેમાં નીચેનો અહેવાલ મંજૂર થયો હતો.

તા. ૧-૧૧-૧૯૧૭ થી તા. ૩૧-૩-૧૯૨૦ સુધીનો અહેવાલ.

૧ ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિની છેલ્લી બેઠક તા. ૪-૧૧-૧૭ રવિવારને રોજ ગોધરા મુકામે મળી હતી. ઇ. સ. ૧૯૧૮ ના છેલ્લા ત્રણ માસમાં મુંબાઇ અને ગુજરાતમાં ઇન્ફ્લુએન્ઝાનો ઉપદ્રવ એટલા જોરમાં ચાલતો હતો કે તે અરસામાં કમિટિની બેઠક મેળવવાનો વિચાર એકથી વધારે વાર કરેલો તે નાઇલાજે મુલતવી રાખવો પડયો હતો. ઇ. સ. ૧૯૧૯ માં ગુજરાતી સાહિત્ય પરિષદ્ની બેઠક અમદાવાદમાં મળવાનું જાહેર થયું હતું, એટલે ભંડોળ કમિટિની બેઠક પણ તેની સાથે મેળવવા ઠરાવ્યું હતું અને તે પ્રમાણે પરિષદ્નું પોતાનું અધિવેશન અહીં આગળ ઠેલાતાં ભંડોળ કમિટિની બેઠક પણ મુલતવી રહીને છેલ્લી બેઠક પછી આજે અઢારમા મહિને મળવા પામે છે.

૨ ચંદ્રકની હરીફાઇની પરીક્ષા પણ ઉપર જણાવેલા કારણને લીધે ઇ. સ. ૧૯૧૮ માં થઇ ન હતી. ઇ. સ. ૧૯૧૯ માં એ પરીક્ષા લેવાઇ હતી, તેનો લાભ બહુ ઓછા ઉમેદવારોએ લીધો હતો. એ સર્વમાં અમદાવાદ ગુજરાત કોલેજના વિદ્યાર્થી બિહારીલાલ પુરૂષોત્તમ શાસ્ત્રીના જવાબ ઉત્તમ હોવાથી પરીક્ષકો ઇ. સ. ૧૯૧૯ નો ચંદ્રક એ ઉમેદવારને આપવાનું ઠરાવે છે.

૩ છેલ્લી બેઠક પછી કમિટિએ નીચલાં ત્રણ પુસ્તકો પ્રગટ કર્યાં છેઃ—

(૧) રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી કૃત 'મ્હારી કમળા અને બીજી વાર્તાઓ.'

(૨) રા. રા. આત્મારામ મોતીરામ દિવાનજીનો 'ફિરસ્તા કૃત ગુજરાતના સુલતાનો' નો તરજુમો.

(૩) રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોશીનો 'મેકિમલનકૃત સૃષ્ટિની ઉત્પત્તિ' નો અનુવાદ.

આ ત્રણે ચોપડીઓ સારી ગણાઇ છે અને દરેકની નકલોનું વેચાણ પણ ઠીક ચાલે છે.

૪ કમિટિ તરફથી નીચેની ચાર ચોપડીઓ આ સાલ દરમિયાન પ્રકટ થશેઃ—

(૧) સ્વ. રણજીતરામ વાવાભાઇ મહેતાની કૃતિઓનો સંગ્રહ;

(૨) પ્રો. મેકડોનેલ કૃત 'સંસ્કૃત વાઙ્મયનો ઇતિહાસ,' એનો તરજુમો.

(૩) મોલયેરના બે નાટકોનો અનુવાદ.

(૪) પ્લેટોકૃત ફીડ્રસનો તરજુમો.

૫. કમિટિએ જુદા જુદા કર્તાઓને સોંપેલી બીજી ચોપડીઓ [illegible]ી પણ કેટલીક તૈયાર થવા આવી છે અને તેમાંથી [illegible]ણુ ચાર ઈ. સ. ૧૯૨૧-૨ દરમિયાન પ્રકટ થઇ શકશે એમ જણાય છે.

૬. આ અહેવાલના સમય દરમિયાનનો આવક ખર્ચનો તારીજ.

જમે		ઉધાર	
૧૨૭૧-૧૦-૦	તા. ૧-૧૧-૧૭ ને રોજ સિલક. થાપણ (રૂ. ૭૫૦૦) ઉપરાંતની.	૧૫૨૦-૮-૦	પુસ્તકોની છપામણી વગેરે અને કર્તાઓને પારિતોષિક.
૬૮૫-૧૫-૩	વ્યાજથી આવકઃ— ૪૮૦-૦-૦ ગવર્નમેન્ટ સેંટ્રલ કો-ઓપરેટીવ બેંકનાં ડીબેન્ચરો (રૂ. ૬૦૦૦) નું વ્યાજ ઇ. સ. ૧૯૧૮ અને ૧૯૧૯ માં આવેલું. ૧૫૦-૧૨-૩ વોર લોન (રૂ. ૧૫૦૦)નું	૪૧૮-૧૧-૦	કમિટીનાં પુસ્તકોની જાહેર ખબરો 'બુદ્ધિપ્રકાશ' 'ગુજરાતી' 'નવજીવન,' 'સ્ત્રીબોધ' અને 'ગુજરાત શાળાપત્ર' માં આપેલી.
		૪૬-૦-૦	ચંદ્રકની હરીફાઇ ખાતે, સવાલ પત્રકની છપામણી, ચંદ્રકની ઘડામણ અને ટપાલ વગેરે ખર્ચ.

વ્યાજ તા. ૩-૩-૨૦ સુધી આવેલું.	૫૨-૪-૦ પરચુરણ ખર્ચ.
૫૫-૩-૦ બેન્ક ઓફ ઇંડીયાએ ચાલુ ખાતાનું તા. ૨૫-૧૨-૧૯ સુધી આપેલું વ્યાજ.	૨૦૩૭-૩-૦
	૯૫૨-૪-૩ સિલક આગળ ખેંચવાની
૬૦૮-૪-૦ પુસ્તકોના વેચાણથી આવક.	
૪૧૮-૦-૦ સભ્યોના લવાજમથી આવક.	
૫-૧૦-૦ પરચુરણ આવક	
૨૯૮૯-૭-૩	૨૯૮૯-૭-૩

પુસ્તક વેચાણથી ઉપલા તારીજમાં નોંધી છે તે કરતાં વધારે આવક થયેલી છે. પણ તેમાંથી કમિટિના મુખ્ય એજંટો ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને મેસર્સ એન. એમ. ત્રિપાઠી અને કંપની તરફથી મંત્રી અને ટ્રીઝેરરને તા. ૩૧-૩-૧૯૨૦ સુધીમાં પ્હોંચી છે તેટલીજ ઉપર જમા આપેલી છે.

રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પોતાની ચોપડી માટે પારિતોષિક લીધું નથી તે માટે કમિટિ તેઓનો ઉપકાર માને છે.

૭ કમિટિનું ભંડોળ જેમ જેમ વધશે તેમ તેમજ તે ગુજરાતી પ્રજા અને ગુજરાતી વાઙ્મયની વધારે સેવા બજાવી શકશે એ દેખીતું છે. આ ભંડોળવૃદ્ધિનું આગત્યનું કાર્ય મંત્રી અને ટ્રીઝેરર પોતાથી બને તેટલું કરે છે, પરંતુ એમાં બીજા સભ્યોની ઉત્સાહપૂર્વક મદદની જરૂર છે.

૮ કમિટિને સહુથી વધારે જરૂર હવે બે મોટી બાબતની છે. આવી સંસ્થાને પોતાનું મકાન અને સ્થાયી રહેઠાણ હોય તો તેનાં કાર્યમાં ઘણો વેગ આવે એમ છે, પરંતુ રૂ. ૬નું વાર્ષિક લવાજમ અને રૂ. ૧૦૦૦ અને ૫૦૦) ના તહાહયાત સભ્ય થાય. તેમનાં એક રકમી લવાજમથી મકાન બાંધી શકાય એવી રકમ થોડા સમયમાં મળી જવી અશક્ય છે. આટલીજ મોટી બીજી જરૂર એક ઉત્સાહી સ્વયંસેવકની છે. કમિટિ હાલ જે કંઇ કામ બજાવે છે તેને પણ પહોંચી વળતાં મંત્રીને ફુરસદ ઓછી હોવાને લીધે વિલંબ થઈ જાય છે. એ કામને અંગે ઘણી બાબતો મંત્રીને બીજાઓને માથે નાખવી પડે છે અને અત્યાર સુધી આ પ્રમાણે જે જે ભાઇઓએ મંત્રીને મદદ કરીને તેનો બોજો હલકો કર્યો છે, તે સર્વનો કમિટિ તરફથી મંત્રી અંતઃકરણપૂર્વક ઉપકાર માનવાની રજા લે છે, પણ એ પ્રમાણે આવી જાહેર લોકોપયોગી સંસ્થાના કામકાજમાં જે ત્વરા અને સફાઈ જોઇએ તે એક સરખી જોવામાં ન આવે એ દેખીતું છે, અને વળી પોતાના ઉદ્દેશોને લગતાં પણ નવાં કામકાજ કમિટિ આરંભી ન શકે એ ઉઘાડું છે. કમિટિને પોતાનું મકાન હોય અને તેનો એક મંત્રી ત્યાંજ રહેતો હોય અને પોતાનો બધો વખત કમિટિના કામકાજનેજ

આપી શકતો હોય, તો (૧) પરિષદ પુસ્તકાલય ત્યાં સુ-રક્ષિત રહે અને યથેચ્છ વધારી શકાય, (૨) આ પુસ્તક પ્રસિદ્ધિ વેચાણ આદિનું કામ મોટે પાયે ઉપાડી શકાય, (૩) ગુજરાતી વાઙ્મયના એક કે વધારે ઉત્સાહી અભ્યા-સીઓ થોડા થોડા, વારાફરતી અને થોડો સમય ત્યાંજ ગાળી પોતપોતાના અભ્યાસ અને શોધખોળ ત્યાં આગળ કરે, જેનો લાભ આપણી પ્રજાને અને આપણા વાઙ્મયને મળે, (૪) જુના હસ્તલિખિત ગ્રંથોના સંગ્રહ અને પ્રતિકૃતિ-ઓ અને સંશોધિત શાસ્ત્રીય આવૃતિઓ થઈ શકે, અને (૫) ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિને અનેક રીતે પોષે એવું એક ત્રિમાસિક કે માસિક પત્ર પ્રકટ થઈ શકે, વગેરે વગેરે અનેક રીતે આપણા ઉદ્દેશોને લગતાં કર્તવ્યો પાછળ સળંગ ઉત્સાહ અને એકાગ્રતાથી વત્તાઓછા વિદ્વાનો મંડી શકે. કામ થતું આવે તેમ તેમ કમિટિનાં સાધનો પણ વધે. આથી ઉલટું કમિટિ અત્યારે જે સ્થિતિએ છે તેજ સ્થિ-તિમાં એ બીજાં થોડાં વર્ષ પડી રહે, તો તો આવા અનેક વિધ વિકાસને બદલે વિપરીતજ પરિણામ આવે એમ લાગે છે. માટે ગુજરાતી સાહિત્ય પરિષદને સારૂ અહીં આ પ્ર-સંગે એકઠા થયેલા ગુજરાતી સાહિત્ય અને વાઙ્મયનું હિત વાંછનારા વિદ્વાનોએ આ હકીકત ધ્યાનમાં લેવી ઘટે છે.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર,
મંત્રી,
ગુજ. સા. પ. બડોળ કમિટિ.

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ:
પહેલો દાયકો.
પ્રકરણ ૪ થું.

સભ્યોની યાદી.

---

૧૭ કમિટિની સ્થાપના વખતે ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદે નીમેલા સભ્યો:—

દિવાન બહાદૂર અંબાલાલ સાકરલાલ દેસાઇ×

૧ દિવાન બહાદૂર રણછોડભાઇ ઉદયરામજી

ખાન બહાદૂર બેજનજી મેરવાનજી ડમરી×

૨ રા. રા. મનુભાઇ નંદશંકર મહેતા

૩ મી. ગુલામમહમ્મદ બાવામીયાં મુનશી

૪ રા. રા. દેવચંદ ઉત્તમચંદ પારેખ

૫ રા. રા. અમૃતલાલ રણછોડદાસ બક્ષી

૬ રા. રા. રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી

૭ રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

૮ રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ

૯ રા. રા. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

૧૦ રા. રા. દલપતરામ ભગવાનજી શુકલ

૧૧ રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર

૧૨ સર પ્રભાશંકર દલપતરામ પટણી

ઉપરાંત કમિટિએ પોતાની પહેલી બેઠકમાંજ બે સભ્યો પોતામાં ઉમેર્યા હતા:—

૧૩ ધિ. ઓન. લલ્લુભાઇ સામળદાસ મહેતા
૧૪ રા. રા. હરજીવન ભવાનભાઇ કોટક

૧૮ ગુજરાતી સાહિત્ય પરિષદના ચોથા અધિવેશનમાં કમિટિની-ભલામણ ઉપરથી પરિષદે નીમેલા વધુ સભ્યોઃ—

શ્રીમંત સંપતરાવ ગાયકવાડ સાહેબ*
૧૫ શેઠ સાહેબ પુરૂષોત્તમ વિશ્રામ માવજી
૧૬ શેઠ સાહેબ નરોત્તમ મોરારજી ગોકુળદાસ
૧૭ રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા
૧૮ રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

૧૯ કમિટિની તા. ૨૯-૧૨-૧૯૧૫ ની બેઠકમાં થયેલા ઠરાવ પ્રમાણે વધેલા સભ્યો:—

તહાહયાત સભ્યો.

ઉપર ગણાવેલા સભ્યોમાંથી સર પ્રભાશંકર દલપતરામ પટણી અને શેઠ સાહેબ નરોત્તમ મોરારજી ગોકુળદાસ ખ વર્ગના તહાહયાત સભ્ય થયા છે, રા. રા. દેવચંદ ઉત્તમચંદ પારેખ, અમૃતલાલ રણછોડદાસ બક્ષી, રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી, દલપતરામ ભગવાનજી શુક્લ, બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, અને દિ. બા. રણછોડભાઇ ઉદયરામજી તથા ધિ ઓન. લલ્લુભાઇ સામળદાસ મહેતા ગ વર્ગના તહાહયાત સભ્ય થયા છે.

રા. રા. હરજીવન ભવાનભાઇ કોટક વાર્ષિક સભ્ય થયા છે.

---

* જે સભ્યો અત્યારે હયાત નથી તેમના નામ આગળ આંક મુક્યો નથી. જેમના નામ આગળનો આંક સ્થૂલ છાપ્યો છે તેમાંગે પાછળથી થયેલા ઠરાવ પ્રમાણેનાં લવાજમ ભંડોળમાં આપ્યાં છે.

લવાજમના ઠરાવ પ્રમાણે થયેલા નવા સભ્યો:—

૧૯	રા. રા. પ્રાણજીવન જગજીવન મહેતા	ખ વર્ગ
	રા. રા. સીતારામ નારાયણ પંડિત	ગ વર્ગ×
૨૦	રા. રા. હરિલાલ માધવજી ભટ્ટ	,,
૨૧	રા. રા. શંકરલાલ ઘેલાભાઇ બેન્કર	,,
૨૨	રા. રા. જુગતરામ શંકરપ્રસાદ વૈદ્ય	,,
૨૩	સર ચિમનલાલ હરિલાલ સેતલવાડ	,,
૨૪	રા. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેસાઇ	,,
૨૫	રા. બ. કેશવલાલ ગિરિધરલાલ ત્રિવેદી	,,
૨૬	રા. રા. મોરારજી આણંદજી ટણા	,,
૨૭	રા. રા. જયશંકર પીતાંબરદાસ ત્રિવેદી	,,
૨૮	રા. રા. હિંમતલાલ બાપુભાઇ પરીખ	,,

વાર્ષિક સભ્યો:—

રણજીતરામ વાવાભાઇ મહેતા×

પ્રભુલાલ પ્રભાશંકર શાસ્ત્રી×

૨૯ રા. બ. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા

૩૦ ખા. ખા. આદરજી મંચેરજી દલાલ

૩૧ રા. બા. અંબાશંકર ઉત્તમરામ મલજી

૩૨ રા. રા. ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક

૩૩ રા. રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા

૩૪ રા. રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ

૩૫ રા. રા. કાન્તીલાલ છગનલાલ પંડયા

૩૬ રા. રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર

૩૭ રા. રા. છગનલાલ ઠાકોરદાસ મોદી

૩૮ રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી

તા. ૩૧-૬-૧૯૨૦ પછી આજ સુધીમાં નીચેના નવા સભ્યો ભંડોળ કમિટીમાં જોડાયા છે.

૩૯ રા. રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય— ગ વર્ગ.
૪૦ રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ,,
૪૧ રા. રા. મગનલાલ હરગોવિંદદાસ કાંટાવાળા વાર્ષિક સભ્ય
૪૨ રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા ,,
૪૩ રા. રા. વિઠ્ઠલરાવ મહીપતરામ ઓઝા ,,
૪૪ રા. રા. મોતીલાલ કાનજી— ખ વર્ગ.

રા. રા. હરજીવન ભવાનભાઈ કોટક વાર્ષિક સભ્યના વર્ગમાંથી ગ વર્ગમાં આવ્યા છે.

તા. ૧-૯-૧૯૨૦

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર,
મંત્રી.
ગુજરાતી સાહિત્ય પરિષદ ભંડોળ કમિટિ,
નારાયણ પેંઠ, પુના સિટિ.

સોલ એજન્ટ

જીવનલાલ અમરશી મહેતા,

મેનેજર-પ્રિન્ટિંગવર્ક્સ એન્ડ બુક્સ એજન્સી

અમદાવાદ.